:: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૩૧ | ૩૫ | આર્દ્રકુમાર કોણ ? | ૨ |
| ૨. | ૩૧ | ૩૭ | અજ્ઞાનદશા અને સજ્ઞાનદશા | ૧૮ |
| ૩. | ૩૧ | ૩૯/૪૦ | તપના કષ્ટ શા માટે ? | ૨૮ |
| ૪. | ૩૧ | ૪૧/૪૨ | આર્દ્રકુમાર અનાર્ય દેશમાંથી ભાગે છે. | ૪૫ |
| ૫. | ૩૧ | ૪૧/૪૨ | અદ્‌ભુત વચનશક્તિ | ૫૩ |
| ૬. | ૩૧ | ૪૫ | શેઠે નોકરનો શ્રદ્ધાભેદ કેમ ન કર્યો ? | ૭૬ |
| ૭. | ૩૧ | ૪૭ | **ફણસાલ કેમ ઊંચે આવ્યો ?** | ૯૬ |
| ૮. | ૩૨ | ૧ | પ્રતિમાકારે મત્સ્ય જોઈ પોતાને પશ્ચાત્તાપ | ૧૦૮ |
| ૯. | ૩૨ | ૧ | બીજા બીજા આશયથી ધર્મ કરનારા અન્ય દૃષ્ટાન્ત | ૧૧૫ |
| ૧૦. | ૩૨ | ૪ | સૌમ્યતા કેમ આવે ? | ૧૨૯ |
| ૧૧. | ૩૨ | ૫ | **શશીપ્રભ-સુરપ્રભનું હૃદયદ્રાવક વૃત્તાંત** | ૧૩૯ |
| ૧૨. | ૩૨ | ૫ | માયારાત્રિ : કાળચોર : અંધકારનૃત્ય | ૧૪૧ |
| ૧૩. | ૩૨ | ૭ | સંયમના પ્રભાવે ગૃહસ્થો સેવામાં | ૧૫૩ |
| ૧૪. | ૩૨ | ૭ | **નંદીષેણની ધર્મસાધના** | ૧૬૭ |
| ૧૫. | ૩૨ | ૯ | આરોગ્ય એ ધર્મનું ફળ છે | ૧૭૬ |
| ૧૬. | ૩૨ | ૧૦ | આયંબિલથી સર્વ-સિદ્ધિ થાય. | ૧૮૫ |
| ૧૭. | ૩૨ | ૧૩/૧૪ | પત્નીને ભવ્ય ઉપદેશ - **આર્દ્રકુમારની દીક્ષા** | ૨૦૨ |
| ૧૮. | ૩૨ | ૧૫/૧૬ | ગોશાળા સાથે ચર્ચા | ૨૦૯ |
| ૧૯. | ૩૨ | ૧૫/૧૬ | આર્દ્રકુમાર મુનિનો પ્રત્યુત્તર | ૨૧૨ |
| ૨૦. | ૩૨ | ૧૭/૧૮ | બૌદ્ધ-સિદ્ધાન્તની બે યુક્તિ | ૨૩૧ |
| ૨૧. | ૩૨ | ૧૭/૧૮ | વેદવાદી બ્રાહ્મણોની ચર્ચા | ૨૪૩ |
| ૨૨. | ૩૨ | ૪૨ | હસ્તિતાપસ સાથે ચર્ચા | ૨૫૦ |
| ૨૩. | ૩૨ | ૪૨ | રાજકુમારનું સંકલ્પબળ | ૨૬૫ |
| ૨૪. | ૩૨ | ૪૮ | સાધનામાં ત્રિકરણનો ઉપયોગ | ૨૮૨ |
| ૨૫. | ૩૩ | ૨ | જગતનું જુઓ ને રુઓ. | ૨૯૬ |
| ૨૬. | ૩૩ | ૫ | વિનયનું મહત્ત્વ | ૩૧૯ |
| ૨૭. | ૩૩ | ૫ | ધ્યાન-આભ્યન્તર પમો તપ. | ૩૨૨ |
| ૨૮. | ૩૩ | ૬ | કાયોત્સર્ગ | ૩૨૩ |


# અનુક્રમણિકા (ભાગ-૫૩)

# પ્રભાવક-પૂર્વજોની યશોગાથા : રાજપુત્ર આર્દ્રકુમાર

**चिरसंचियपावपणासणीइ भवसयसहस्समहणिए ।**
**चउविसजिणविणिग्गयकहाइ वोलंतु मे दिअहा ॥**

ગણધર ભગવંતોએ રચેલ શ્રાવક-પ્રતિક્રમણ સૂત્રની આ ગાથામાં આ ઉત્તમ જીવનની મહાન સફળતાની કેવી સરળ ચાવી બતાવી !

ગાથા કહે છે "ચોવીસ તીર્થંકર ભગવાન થકી નીકળેલી ધર્મકથાઓ ચિરકાળના સંચિત પાપોનો નાશ કરે છે અને લાખો ભવોનો ઉચ્છેદ કરે છે. એ ધર્મ કથાઓ વડે મારા દિવસો પસાર થાઓ." શ્રાવકની આ ભાવના બતાવી.

**બસ, જીવનની મહાન સફળતા જોઈએ છે ? તો તમે એ ધર્મકથાઓ દ્વારા પ્રભાવક પૂર્વ પુરુષોની યશોગાથા ગાતા રહો.**

**એટલે તમને ધર્મકથાથી બે મોટા લાભ થશે.**

**(૧) અશુભ કર્મોનો નાશ. અને (૨) લાખો ભવોની પરંપરાનો ઉચ્છેદ.**

(૧) આમાં અશુભ કર્મોનો નાશ એ રીતે કે, એ કર્મો પૂર્વે અશુભ ભાવથી બાંધેલા હતા, એ હવે ધર્મકથાના વિવિધ પ્રસંગો સાંભળી શુભ ભાવ જાગે એથી સહેજે અશુભ કર્મ નાશ પામે.

(૨) લાખો ભવોની પરંપરાનો ઉચ્છેદ એ રીતે કે

ભવોની પરંપરા ચાલે છે દુર્બુદ્ધિ, અશુભ ભાવો, અને દુર્ધ્યાન ઉપર.

એ દુર્બુદ્ધિ કરાવનાર છે અશુભ અનુબંધો, અશુભ સંસ્કારો.

શુભાશુભ કર્મની સાથે શુભાશુભ અનુબંધો લાગેલા હોય છે. એમાં શુભાશુભ કર્મ એનું શુભ-અશુભ ફળ દેખાડે છે; ત્યારે

શુભ અનુબંધો સદ્બુદ્ધિ-સંમતિ શુભ ભાવો, શુભ ભાવના, સારી લેશ્યા,...વગેરે ઊભી કરે છે. એથી વિપરીત,

અશુભ અનુબંધો દુર્બુદ્ધિ, કુમતિ, મલિન અધ્યવસાયો, કાષાયિક ભાવો, અશુભ ભાવનાઓ દુર્ધ્યાન, ને પાપલેશ્યાઓ કરાવ્યા કરે છે.

**ધર્મકથાથી પ્રબળ શુભ ભાવો જાગવા દ્વારા આવા અશુભ અનુબંધો નાશ પામે છે.**

એનો લાભ કેટલો બધો ? એ પાપાનુબંધો જો ઊભા રહ્યા હોત તો એ દુર્બુદ્ધિઓ કરાવીને અઢળક દુષ્કૃત્યો પોષી પાપ વધારીને ભવના ફેરા વધારત ! તે ધર્મકથા દ્વારા અશુભ અનુબંધ તૂટી ગયા; તેથી સહેજે ભવોની પરંપરા તૂટે.



આ બતાવે છે કે જીવન અશુભ ભાવોમાં જીવવાનું બંધ કરી શુભ ભાવોમાં જીવવાનું રાખો; અને એ શુભ ભાવો જગાડનાર છે મહાપુરુષોના જીવન-પ્રસંગો, તો એ તમે વારેવારે સાંભળો, યાદ કરો, એનાથી દિલને ભાવિત કરો, એટલે અનેક શુભ ભાવો હૈયામાં રમતા થશે.

પ્રભાવક પૂર્વ પુરુષના યશોગાન ગાયાનું આ કેટલું બધું મહાન ફળ છે કે એ અશુભ ભાવોની અટકાયત કરે ! અને શુભ ભાવોલ્લાસ જગાડ્યા કરે ! અશુભ ભાવ અટકાવે એટલે અશુભ કર્મ-પાપકર્મ બંધાતા અટકે. શુભ ભાવો જાગે એટલે પુણ્ય બંધાયા કરે.

## આર્દ્રકુમાર કોણ ?

આજે આપણે આર્દ્રકુમારની યશોગાથા ગાવી છે. આર્દ્રકુમાર અનાર્ય દેશના રાજાના પાટવી કુંવર છે. ભગવાન મહાવીર સ્વામી અને શ્રેણિક રાજાના સમયમાં આ આર્દ્રકુમાર થયેલ છે. એક સમયમાં થયેલ હોવાથી એવું બને છે કે એકવાર આર્દ્રકુમારના પિતારાજા દૂર બેઠા મગધસમ્રાટ શ્રેણિક રાજાની સાથે મૈત્રી સંબંધ બાંધવા માટે શ્રેણિક રાજાને એક કિંમતી આકર્ષક વસ્તુ ભેટ મોકલે છે. એ જોઈને,

**આર્દ્રકુમારની અભયકુમારને ભેટ :-**

આર્દ્રકુમારને પણ મન થાય છે કે 'હું પણ શ્રેણિક રાજાના પાટવી કુંવર અભય કુમાર સાથે મૈત્રી સંબંધ બાંધવા કાંઈક ભેટ મોકલું.' એટલે એ પણ રાજાની ભેટ લઈ જનાર માણસો સાથે જ અભય કુમારને એક કિંમતી ચીજ ભેટ મોકલે છે.

માણસો અનાર્ય દેશમાંથી નીકળી દરિયો પાર કરી અહીં મગધ દેશમાં આવી લાગે છે, અને મગધ સમ્રાટ શ્રેણિક રાજા અને અભય કુમારને એમની એમની ભેટ અર્પણ કરે છે; અને રાજાને ભેટ આપતાં કહે છે. 'અમારા દેશના રાજા આપની સાથે મૈત્રી સંબંધ બાંધવા ઈચ્છે છે; તેથી આ ભેટ આપની સેવામાં રજુ કરે છે.' ત્યારે આર્દ્રકુમારની ભેટ અર્પતાં અભયકુમારને કહે છે, 'અમારા રાજાના પાટવી કુમાર આર્દ્રકુમાર આપની સેવામાં આ ભેટ રજુ કરતાં આપની સાથે મૈત્રી ઈચ્છે છે.'

**અભયકુમારની વિચારધારા :-**

અહીં અભયકુમાર વિચાર કરે છે કે 'અનાર્ય દેશનો રાજકુમાર મારી સાથે મૈત્રી ઈચ્છે છે, તો લાગે છે કે હું ભગવાન અરિહંત દેવનો સેવક, તે મારી સાથે મૈત્રી કરવા ઈચ્છનાર આ આર્દ્રકુમાર જરૂર કાંઈક યોગ્યતાવાળો હોવો જોઈએ, અને એ યોગ્યતા, સંભવ છે, એણે પૂર્વ જન્મની જૈનધર્મની આરાધના કરીને ઊભી કરી

હોય. અલબત પૂર્વે આરાધના તો કરી હશે, પરંતુ સાથે કાંઈક વિરાધના પણ કરી હશે, તેથી જ એને બિચારાને અનાર્ય દેશમાં અવતાર મળ્યો હોવો જોઈએ. એટલે હવે જ્યારે પિતારાજા શ્રેણિક એ અનાર્યદેશના રાજાને વળતી ભેટ મોકલે છે, તો હું પણ આર્દ્રકુમારને એક એવી ભેટ મોકલું કે એ જોઈને આર્દ્રકુમારને એથી કદાચ ચિંતન-ઉહાપોહ કરતાં પૂર્વજન્મ યાદ આવી જાય, અને જો એમ બને તો સંભવ છે કે પૂર્વનો જૈન ધર્મ યાદ આવતાં એ ફરીથી જૈનધર્મ પામી આરાધી જાય.''

અહીં અભયકુમારની આ વિચારધારા જોવા જેવી છે.

**અભયકુમારની બાળપણથી ધર્મશ્રદ્ધા :-**

અભયકુમાર પોતે મોસાળમાં જન્મ પામેલા, ને આઠ વરસની ઉંમર સુધી મોસાળમાં જ ઊછરેલા છે; અને મોસાળ જૈન ધર્મની શ્રદ્ધા અને આરાધનાવાળું; તેમ માતા નંદાદેવી પણ જૈન ધર્મની શ્રદ્ધા અને આરાધનાવાળી; એટલે જ એના સંસ્કરણ-શિક્ષણથી અભયકુમાર જૈન ધર્મની પાકી શ્રદ્ધાવાળા અને જૈન ધર્મની આરાધનાવાળા છે. પછી મોસાળમાંથી માતાની સાથે પિતાના ઘરે આવ્યા બાદ પણ જો કે પિતા રાજા શ્રેણિક જૈન ધર્મની શ્રદ્ધાવાળા નથી, છતાં અભયકુમાર પોતે જૈન ધર્મની જ્વલંત શ્રદ્ધા અને આરાધનાવાળા બન્યા રહ્યા છે. એ આરાધના પણ કોઈ જ દુન્યવી આશંસાથી નહિ, દુન્યવી પદાર્થની અભિલાષાથી નહિ, પણ માત્ર મોક્ષની જ આશંસાથી કરે છે; એટલે પોતાને લાગે છે કે 'આ મોક્ષની જ આશંસાથી જૈન ધર્મની આરાધના કરવાની સદ્‌બુદ્ધિ મને રહે છે એ સૂચવે છે કે મારે પૂર્વ જન્મમાં શુભ અનુબંધો (સંસ્કાર) ઊભા થયા હશે, તેથી અહીં મને જૈન ધર્મ આરાધવાની સદ્‌બુદ્ધિ સૂઝે છે. તો પૂર્વ જન્મમાં પણ એ શુભાનુબંધો ઊભા કરનાર જૈનધર્મ મેં શુદ્ધ બુદ્ધિથી આરાધ્યો હશે, તો જ શુભ અનુબંધો ઊભા થાય.'

ધર્મની આરાધનાથી જેમ શુભ કર્મ પુણ્યકર્મ ઊભાં થાય છે, એમ આરાધનામાં કોઈ દુન્યવી સ્વાર્થ બુદ્ધિ નહિ કે 'આ ધર્મ આરાધું ને મને દુન્યવી અમુક સુખ મળે,' કિન્તુ આત્મકલ્યાણની જ એક શુદ્ધ બુદ્ધિ રાખવાથી શુભ અનુબંધો ઊભા થાય છે, ને એ ભવાંતરે સદ્‌બુદ્ધિ સૂઝાડે છે. લખી રાખો,

**ધર્મસાધનાથી પુણ્ય ઊભું થાય; એમાં શુદ્ધ બુદ્ધિથી શુભાનુબંધો ઊભા થાય.**

**શુભાનુબંધથી સદ્‌બુદ્ધિ સૂઝે છે. સદ્‌બુદ્ધિથી સદ્‌ધર્મ અને સદ્‌ગુણો કેળવવાનું મન થાય છે.**

એથી ઊલટું, દુર્બુદ્ધિથી કુમતિથી અધર્મ, પાપો, અને ક્રોધાદિ કષાયના ઘરના દુર્ગુણો સેવવાનું મન થાય છે. એટલે સમજાશે કે એવી દુર્બુદ્ધિ એ પૂર્વના અશુભ અનુબંધોનું યાને પાપાનુબંધોનું ફળ છે.



એટલે આપણા જીવનમાં તપાસીએ કે આપણને હિંસામય આરંભ સમારંભો અને જુઠ-અનીતિ-અન્યાય વગેરેની બુદ્ધિ સૂઝે છે, તો સમજવાનું કે પૂર્વના અશુભ અનુબંધો લઈ આવ્યાનું એ ફળ છે. એમ જો ગુસ્સો-અભિમાન-ક્ષુદ્રતા, માયા-દ્રોહ, તેમજ લોભ-તૃષ્ણા-આસક્તિ વગેરે દુર્ગુણો સ્ફુરે છે, તો એ પણ અશુભાનુબંધોનું ફળ છે. માટે હવે સાવધાન થવાનું છે કે અહીં પાપો અને દુર્ગુણો સેવવા ઉપર પણ જો શાબાશી લેવાય છે, અને એ દુર્ગુણો દુર્ગુણ તરીકે લાગતા જ નથી, એટલે જ એ હોંશથી સેવાય છે, એ સેવવામાં કશું ખરાબ કર્યું લાગતું નથી, તો સમજી રાખવાનું કે એ રીતે સેવાતા એ દુર્ગુણો ભવાંતર માટે નવા અશુભ અનુબંધો ઊભા કરશે, ને પૂર્વના અશુભ અનુબંધોને પુષ્ટ કરશે. આ હિસાબ છે,

**દુષ્કૃત-દુર્ગુણો જો હોંશથી સેવો, નિર્ભયપણે સેવો, તો અશુભ અનુબંધો ઊભા થાય છે.**

એની સામે **દુષ્કૃત-દુર્ગુણની ગર્હા કરતા રહો, સંતાપ કરતા રહો, તો પૂર્વનાં અશુભ અનુબંધો તૂટતા આવે.**

**એમ સુકૃત-સદ્‌ગુણો હોંશથી સેવો, સેવ્યા પર અનુમોદના કરો, ખુશી અનુભવો એટલે શુભાનુબંધ ઊભા થાય છે. તમારા પોતાના કે બીજાના સુકૃત-સદ્‌ગુણની જેટલી વાર અનુમોદના કરો એટલી વાર નવું નવું પુણ્ય અને નવા શુભાનુબંધો ઊભા થતા રહે.**

શાલિભદ્ર, સુદર્શનશેઠ, સુવ્રતશેઠ, જંબૂકુમાર,...વગેરેએ પૂર્વભવમાં હોંશથી સુકૃત સેવન અનુમોદન કરેલ તેથી આ ભવમાં ઉચ્ચ સ્થિતિ પામ્યા. શાલિભદ્રે પૂર્વભવે વહાલામાં વહાલી અને પહેલી જ વાર મેળવેલી ખીરનું તપસ્વી સાધુને દાન કર્યું, પછી એનો આનંદ આનંદ માણ્યા કર્યો એની મર્યો ત્યાંસુધી અનુમોદના એવી કર્યે ગયો કે પછીથી મળેલી ખીર ખાવાનો કશો આનંદ જ ન માણ્યો. તેમ પેટમાં જીવલેણ દુખણું ઉપડ્યું તો ય એનું કશું દુઃખ ન માણ્યું, તો એવી વારંવારની અનુમોદનાથી લખલૂટ પુણ્ય અને શુભાનુબંધો ઊભા કરી દીધા !

અભયકુમાર આ વિચારી રહ્યા છે, 'પૂર્વભવે શુદ્ધબુદ્ધિએ મેં ધર્મ કર્યો હશે એમાં શુભાનુબંધ ઊભા થયેલા એથી અહીં સદ્‌બુદ્ધિ અને ધર્મશ્રદ્ધા સારી રહે છે તો મારી સાથે મૈત્રી-સ્નેહ સંબંધ ઈચ્છનાર આ આર્દ્રકુમાર જરૂર પૂર્વ ભવનો આરાધક જીવ હોવો જોઈએ. અભયકુમારને કેમ આ સૂઝે છે ? અભયકુમાર પૂર્વભવે સારી આરાધના કરીને આવેલ હોવાથી જબરદસ્ત ઔત્પાતિકી બુદ્ધિ પારિણામિકી બુદ્ધિ વગેરે ધરનારા હતા તેથી અને પોતાની ધર્મ શ્રદ્ધાના લીધે પોતાની સાથે મૈત્રી-સંબંધ ઈચ્છનાર આર્દ્રકુમાર માટે આ કલ્પના કરે છે કે હમણાં ભલે અનાર્યદેશમાં

જન્મી ગયો છતાં કોઈ યોગ્ય જીવ હોવો જોઈએ, પૂર્વભવે આરાધના કરી હશે પણ કાંઈક બિચારાથી વિરાધના થઈ હોય તેથી અનાર્યદેશમાં અવતરી ગયો હોય. હવે જો એને કોઈક એવી ભેટ મોકલું તો એથી સંભવ છે એના પર ઊહાપોહમાં પૂર્વ જન્મ એને યાદ આવી જાય તો ફરીથી એ જૈન ધર્મ પામી જાય. આમ જો બની જાય તો મારી મૈત્રી લેખે લાગી જાય.''

અભયકુમારને કેવો **આત્મવિશ્વાસ** છે કે ''હું વીતરાગ ધર્મને ચુસ્તપણે માનનારો, તે મારી સાથે સ્નેહ-સંબંધ કરવા આવનાર યોગ્યતાવાળો હોવો જોઈએ'' આ આત્મવિશ્વાસ શાના ઉપર છે ? પોતાની ધર્મચુસ્તતા ઉપર. વળી અભયકુમારનો **ધર્મસ્નેહ** કેવો ? કે સ્નેહમાં સામાને ધર્મ પમાડવો છે, અને તો જ સ્નેહ મૈત્રી લેખે લાગી સમજે છે.

**આપણને જો ધર્મ ગમે છે, તો તે બીજાને અને ખાસ કરીને સ્નેહી-સ્વજનને ધર્મ પમાડવાનું કે ધર્મની સગવડ કરી આપવાનું મન ન થાય ?**

મયણાસુંદરી પિતાના કહેવાથી કોઢિયા પતિ શ્રીપાલને વરી, પછી એણે શ્રીપાલકુમારને દેવદર્શન-ગુરુવંદન વગેરે ધર્મમાં જોડવાનું કર્યું. આગળ વધીને શ્રીનવપદની આરાધનામાં જોડવાનું કર્યું. એથી આગળ વધીને શ્રીપાલ હવે જ્યારે પરદેશ જવા તૈયાર થાય છે ત્યારે, ''પરદેશમાં ક્યાં ખાશો પીશો ? પરદેશથી શું મોકલશો ? કે શું લેતાં આવશો ?...'' વગેરે કશી ભાંજગડ ન કરી; પરંતુ એજ કહ્યું કે ''પરદેશમાં ગમે ત્યાં જાઓ-કરો, પરંતુ નવપદજીને ભૂલતા નહિ.''

**આપણા અંતરમાં ધર્મ કેવો ગમે છે, એનું માપ અહીં નીકળે છે કે સગા-સ્નેહીને ધર્મની ભલામણ અને સહાયતા કેવી કરતાં રહીએ છીએ.**

અભયકુમારના મનને થયું કે 'હું આર્દ્રકુમારને એવી ભેટ મોકલું કે જેથી એ જોતાં ઉહાપોહમાં ચઢી ધર્મ પામી જાય.' એ માટે એણે સ્ફટિક રત્નની નાની જિન પ્રતિમા પેટીમાં ગાદી વગેરે વચ્ચે પેક કરીને મોકલી. માણસોને કહ્યું. ''આર્દ્રકુમારને મારા સ્નેહ-કુશળ જણાવી કહેજો કે આ પેટી એકાંતમાં ખોલીને જુએ''

માણસો ભેટ લઈ ગયા, અને આર્દ્રકુમારને આપી અભયકુમારનો સંદેશો કહે છે. આર્દ્રકુમારને ભારે જિજ્ઞાસા થઈ કે 'આ નાનકડી પેટીમાં એવું તે શું હશે કે મને એ એકાંતમાં ખોલવાનો સંદેશો મોકલે છે ?' લઈ ગયો એ મહેલમાં પોતાના આવાસમાં, અને ઓરડો બંધ કરી જ્યાં એક પેક પેટી ખોલી રત્નની પ્રતિમા જુએ છે ત્યાં એ સ્તબ્ધ થઈ જાય છે !

**જીવનપ્રસંગોમાં દેવ-ગુરુ-ધર્મને ઠામઠામ ગોઠવાય તો સાચી શ્રદ્ધા :-**

આર્દ્રકુમાર બિચારો એવા અનાર્ય દેશમાં જનમ્યો છે કે જ્યાં ધર્મનું નામ



નથી. પછી ઈષ્ટ દેવ શું ? દેવની મૂર્તિ શી ? એની કશી જ ખબર નથી. ત્યારે તમે કેટલા ભાગ્યશાળી કે આર્યદેશ આર્યકુળમાં જનમવા માત્રથી ઈષ્ટ દેવ અને દેવની મૂર્તિની સમજ મળી છે ! આર્યકુળના જનમની કેવી બલિહારી કે આ જન્મમાત્રથી દેવ-ગુરુ-ધર્મ મળી ગયા ! તો એની કદર કેટલી કરો છો ? વાત વાતમાં મનને એમ થાય ખરું કે 'ભગવાનનો કેટલો ઉપકાર ?' પેલી વિલાયતની બાઈની જેમ વારે વારે મનને થાય ખરું કે 'પ્રભુ ! તમારો આભાર માનું છું કે મારે આ આ બની આવ્યું ?' રોજ દેવદર્શન, ઠાઠથી પૂજન, ત્રિકાળ દેવભક્તિ યાદ આવે ? એમ ગુરુ મળ્યાની કદરમાં, પ્રભાતે ઊઠતાં જ ઉપકારી પ્રભુનું સ્મરણ-નમસ્કારની જેમ ઉપકારી ગુરુનું સ્મરણ અને નમસ્કાર કરાય ? રોજ ગુરુને વંદના અને એમની વૈયાવચ્ચ કરાય ? એમના શ્રીમુખે ધર્મવાણી સંભળાય ? કૃત્યાકૃત્યમાં ગુરુ યાદ કરાય કે ગુરુમહારાજે આ કરવાનું, આ નહિ કરવાનું, કહ્યું છે ? એમ ધર્મની કદરમાં પોતાના ખાનપાન મોજની પહેલાં ધર્મખાતે ખરચવાનું યાદ આવે ? જીવન-પ્રસંગોમાં ઠામઠામ ધર્મભાવના અને ધર્મકરણી ગોઠવી દેવાય ?

આધુનિક જમાનાના પૂરમાં તણાયા જો સવારે ઊઠ્યા બરાબર ચાહપાણી, છાપા, રેડિયો સમાચાર...વગેરે તેમજ ધંધા-વેપાર, સ્નેહીમીલન, વગેરે વગેરે જ યાદ આવે છે, પણ દેવ-ગુરુ-ધર્મનું કશું યાદ નથી કરાતું, કશી એમની સેવા ઉપાસના નથી કરાતી, તો ઉચ્ચ માનવ જન્મ છતાં બિચારા અનાર્યદેશવાસી આર્દ્રકુમાર કરતાં શી વિશેષતા રહી ?

**આર્દ્રકુમારને પ્રતિમા જોતાં જાતિસ્મરણ :-**

આર્દ્રકુમાર રત્નની જિનપ્રતિમા જોઈ વિચારે છે કે 'આ કઈ જાતનો દાગીનો છે ? પોતે અરીસાની સામે રહી 'શું આ મસ્તકે લગાવવાનો દાગીનો છે ?' એમ વિચારી પ્રતિમાને પોતાના મસ્તકે રાખી અરીસામાં જુએ છે. એમાં બરાબર મેળ બેસતો નથી લાગતો, એટલે લલાટ આગળ રાખીને જુએ છે. ગળા પર રાખીને જુએ છે, ખભા પર રાખીને, હૃદય આગળ રાખીને જુએ છે, મનને કાંઈ સમજ નથી પડતી કે આ દાગીનો કે બીજું કાંઈ ? શરીરના જુદા જુદા સ્થાને રાખી જોતાં સમજાયું નહિ, એટલે સામે ઊંચા સ્થાને રાખી જોઈ વિચારે છે કે આ વસ્તુ શી ? એમ સામે રાખી જોવામાં પ્રતિમા પર ધ્યાન ખૂબ કેન્દ્રિત થયું, અને બીજી બાજુ ચિંતન ચાલુ છે કે આ શું ? એમ મૂર્તિ પર એકાગ્ર ચિંતન કરતાં કરતાં મનને એવો ભાસ થવા માંડ્યો કે આવું ક્યાંક જોયું છે ! એમાં ઊંડો ઉહાપોહ ચાલુ થઈ ગયો કે 'આવું ક્યાં જોયું ? ક્યાં જોયું ?' તે ઠેઠ બાળપણ સુધી પહોંચી ગયો કે એ વયમાં જોયું છે ખરું ? એ ય ન દેખાતાં ચિંતન આગળ વધ્યું કે 'ભલે બાળપણમાં

નહિ, પણ આવું જોયું છે એમ તો લાગે જ છે તો ક્યાં જોયું ?' એમ વિચારતાં દૃષ્ટિ ઉંડાણમાં ગઈ. ઉહાપોહ કરતાં કરતાં મતિજ્ઞાનાવરણનો પડદો તુટી ગયો; કર્મનો ક્ષયોપશમ થયો, અને દૃષ્ટિ પૂર્વજન્મ પર ગઈ, જાતિસ્મરણ જ્ઞાન થયું, પૂર્વજન્મનું સ્મરણ થયું !

ખૂબ **એકાગ્રતાવાળું ચિંતન આ જનમના પેલે પાર પૂર્વ જન્મ સુધી પહોંચી જાય છે.**

**આર્દ્રકુમારનું ચિંતન :-** આર્દ્રકુમારને પૂર્વજન્મ યાદ આવતાં ત્યાંના આર્ય માનવ જનમ અને એમાં કરેલા જિનપ્રતિમાનાં દર્શન એને યાદ આવી ગયા ! 'આ શું ?' તરત જ એ હબક ખાઈ જતાં બેભાન થઈ ગયો. પછી એના મનને થયું કે

'અહો ! પૂર્વે આવા જ જિનબિંબ મેં જોયેલા ! મેં જિનેશ્વર ભગવાન જોયેલા અને જૈનધર્મ મેં આરાધેલો ! અરે ! તો પછી ક્યાં હું અહીં અનાર્ય દેશમાં ધર્મવિહોણા અનાર્યકુળમાં આવી પડ્યો ?'

આ અનાર્ય દેશના રાજાનો પાટવી કુમાર આર્દ્રકુમારને ગજબનું આશ્ચર્ય થયું. એણે જોયું કે 'પૂર્વે આ જિનેશ્વર ભગવાનને મેં ભજેલા, એટલે અહીં મહાદુર્લભ માનવ અવતાર મળી ગયો ! અને તે પણ મોટા રાજવી કુળમાં રાજાના પાટવીકુંવર તરીકે માનવ અવતાર મળી ગયો ! પરંતુ જરાકશા મોહના અપરાધે અનાર્ય દેશ અનાર્ય કુળમાં અવતાર મળ્યો ! ધિક્કાર મારા મોહને કે જેથી જન્મથી જ જૈન ધર્મથી વંચિત રહ્યો. ન દેવાધિદેવ જિનેશ્વર ભગવાન મળ્યા, ન સુગુરુ સાધુ મહાત્મા મળ્યા ! હવે મારે શું કરવાનું ?' દેવ-ગુરુ-ધર્મ વિનાની ને એમની આરાધના વિનાની જિંદગી એટલે ઠમઠોક પાપસેવનની જિંદગી ! એનું પરિણામ ? અહીં માનવ અવતાર મળવા છતાં હવે પછી દુર્ગતિઓમાં હલકા અવતારોમાં દુઃખો અને પાપોમાં સબડ્યા કરવાનું ! તો શું માનવ-જન્મ પણ દુર્ગતિઓમાં ભટકવા માટે જ થવાનો ?'

અભયકુમારે જિનપ્રતિમા ભેટ તરીકે મોકલી એનો કેવો અદ્ભુત પ્રભાવ પડ્યો ! આર્દ્રકુમારના દિલમાં શુભ અધ્યવસાયો શુભ ભાવો વહેતા બની ગયા, ઊછળતા થઈ ગયા; તેમજ જોજો આગળ ઠેઠ ચારિત્ર લેવાના નિર્ધાર સુધીના શુભ અધ્યવસાય ઊભા થઈ જવાના છે ! આ શાનો પ્રતાપ ? જિનપ્રતિમાની ભેટ અભયકુમારે મોકલી એનો પ્રતાપ.

**ભેટ કેવીક અપાય ? :-** તમે ય બીજાને ભેટ આપો છો ને ? કેવીક ભેટો ? સામાને ત્યાગ, વૈરાગ્ય, જિનભક્તિ,...વગેરેનાં શુભ અધ્યવસાય જગાડે એવી ભેટો ? કે સામાને અને બીજાઓને અનેકાનેક વાર એ ભેટ પર રાગ આસક્તિ મમતા જગાડે છે ? તથા પોતાની પાસે રહેલ વસ્તુની અપેક્ષાએ હલકી વસ્તુ પર



દ્વેષ-અરુચિ, ઈતરાજી જગાડે એવી ભેટ ? આજે લગ્નના કરિયાવરમાં ભેટો મુકાય છે ને ? કેવી ભેટો ? રેડિયો, ટ્રાન્ઝીસ્ટર, ટી.વી. સેટ, કેમેરા એવી એવી જ ને ? એમ દિવાળી વગેરે પ્રસંગમાં ભેટો અપાય તે કેવી કેવી ? સરિયામ ભારે રાગ આસક્તિ આકર્ષણ મમતા પોષે એવી જ ભેટ ને ? એમાં સામા જીવને અધ્યવસાયો કેવા જાગતા રહે ? એના સગા-સ્નેહીને પણ એ જોઈ જોઈને કેવા અધ્યવસાય જાગવાના ? ત્યાગના ? વૈરાગ્યના ? જિનભક્તિના ? જીવદયાના ? ભગવાન ભગવાન કરો, દુન્યવી વસ્તુ પર આવા પ્રશસ્ત-શુભ અધ્યવસાયનું સ્વપ્નું ય ક્યાં પડ્યું છે ? તો પછી મોહક વસ્તુ ભેટ આપીને શો સાર કાઢ્યો ?

**આપણો આ જનમ આપણી જાતને અને બીજાઓને શુભ અધ્યવસાયોમાં ઝીલતા રાખવા માટે છે ? કે અશુભ ભાવોમાં ડૂબ્યા રાખવા માટે છે ?**

પણ જ્યાં પોતાની જ જાત માટે શુભ ભાવમાં ઝીલતા રહેવાની પડી ન હોય ત્યાં બીજાના માટે તો આ વિચાર આવે જ શાનો ? કે 'એને હું શુભ ભાવ કરાવું ? એને શુભભાવ થાય એવી ભેટ આપું ? એવા વચન બોલું ને એવી પ્રવૃત્તિ કરાવું ?' પોતાને માટે નહિ, તો બીજા માટે તો આ વિચાર આવે જ શાનો ?

ત્યારે ભૂલશો નહિ,

**માનવ અવતાર એ શુભ ભાવોમાં ઝીલતા રહેવા માટે શ્રેષ્ઠ અવતાર છે.**

**ત્યાં રોજના અશુભ ભાવ કેટલા ? સેંકડો.**

ઝાડપાન, કીડામંકોડા કે પશુ પંખીના જનમમાં હોત તો કયા શુભ ભાવ ચાહીને કરી શકવાના હતા ? ત્યાં ધર્મ-અધર્મનો વિવેક જ નથી, પછી શા શુભ ભાવ ત્યાં કરી શકાય ? કવિ કહે છે,

**"તિર્યંચતણા ભવ કીધા ઘણેરા, વિવેક નહિ ય લગાર;**
**નિશિ દિનનો વ્યવહાર ન જાણ્યો, કિમ ઉતરાયે પાર ?**
**હો જિનજી ! અબહું શરણે આયો."**

તો શું દેવના અવતારમાં શુભ ભાવ કરી શકતે ? અરે ! અહીં ઠીકરા જેવા વિષયો અને શકોરું ચાટવા જેવા સુખ મળ્યા છે, તો પણ સતત શુભ ભાવ નથી સાચવતા, તે શું દેવતાઈ વિષયો અને દેવતાઈ સુખ મળ્યા હોય ત્યાં શુભ ભાવમાં ઝીલતા રહેત ? ઠીકરા જોઈ જોઈ હરખાય, એ હીરા માણેક જોઈ જોઈ ન હરખાત ? એટલે દેવતાઈ અવતારમાં દિવ્ય શરીર-હીરા-માણેક-અપ્સરાઓ જોઈ જોઈ રાગ અને હરખનો પાર ન રહેતો હોય, ત્યાં એના અંશે પણ ત્યાગના શુભ ભાવ શુભ અધ્યવસાય તો જાગે જ શાના ? એ તો આ એકમાત્ર માનવ-જનમમાં દુન્યવી વસ્તુઓ પર વૈરાગ્યના શુભ ભાવ અને એના ત્યાગના શુભ ભાવ કરવા શક્ય છે.

ત્યાં દુન્યવી સારા સારા ગણાતા મોહક પદાર્થો જોઈ જોઈ અને મનમાં લાવી લાવી એકેક દિવસમાં કેટકેટલી વાર દિલના ભાવ બગાડવાના થતા હશે ? રોજના કેટલા સેંકડો અશુભ અધ્યવસાય કરાતા હશે ?

**થોડા જ અશુભ ભાવની આર્દ્રકુમારને કેવી સજા ? :-**

આર્દ્રકુમારના પૂર્વભવમાં આ જોવા મળશે કે કેવા થોડા જ અશુભ અધ્યવસાય કર્યા એમાં અનાર્ય દેશમાં દેશવટો મળ્યો ! જાતના અશુભ અધ્યવસાયના યાને અશુભ ભાવના કટુ ફળ પોતાને કેવાક ભોગવવા પડશે એની ગભરામણ થાય તો બીજાને અશુભ ભાવ જગાડવા પર અને અશુભ ભાવ જગાડનારી ભેટ આપવા પર ગભરામણ થાય. એમ બીજાને એવા મોહના બોલ, ક્રોધના બોલ, અભિમાનના બોલ,...કહેતાં પણ ગભરામણ થાય; સામાની દયા આવે કે 'આ બોલ સાંભળીને આને બિચારાને કેવા કામ-ક્રોધ-લોભના અશુભ ભાવ સળગશે ! એના એને પરલોકમાં દુર્ગતિઓમાં કેવા ભયંકર ફળ ભોગવવા પડશે !'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૩૬,તા.૧૧-૬-૧૯૮૩

**સામાને અશુભ ભાવ જગાડ્યા પર નીપજતા દુર્ગતિના કારમા દુઃખની આપણને ગભરામણ થાય તો સામાની દયા આવે; ને** તો અશુભ ભાવ જગાડનારી એવી મોહક ભેટો આપતાં કે એવા મોહક બોલ બોલતાં આંચકો આવે.

ઊલટું મનને એમ થાય કે 'ભેટ આપવી છે તો એવા સારા ધાર્મિક પુસ્તકની ભેટ કાં ન આપું ? એવી આધ્યાત્મિક ચીજની ભેટ કાં ન દઉં ? કે જેથી સામાને અને એના લાગતા વળગતાને આ પુસ્તક વાંચી યા આ આધ્યાત્મિક વસ્તુ જોઈ શુભ ભાવ જાગે ?

'એમ, બોલ પણ એવા સમતા ભાવના, નમ્રતાના, ધર્મના કાં ન બોલું કે જેથી સામાને શુભ ભાવ જાગે ? બોલ બોલવામાં શો ખર્ચ પડે છે ? 'રોફના બોલ બોલીએ તો સામા પર રુવાબ પડે' એવી લાલચ તુચ્છ છે. એમાં કયું મોટું માન મળી જાય છે ? કે કયું સોનાના પતરે અંકિત થઈ જાય છે કે એ માન અમર રહેવાનું છે ?

મૂળમાં દૃષ્ટિ વિશાળ કરવાની જરૂર છે કે આ ઉચ્ચ જનમમાંથી શું સારું કમાઈ લઈ જવું છે ? સારું કમાઈ લેવાની કેટલી શુભ સગવડ અહીં મળી છે ? સારા શબ્દમાં શો ખર્ચ પડે છે ? કે શી મહેનત પડે છે ? મનને આ ધગશ જોઈએ કે,

"મારા સંપર્કમાં આવનારને કેમ હું મારા એવા તન-મન-ધન-વચન પીરસું



કે જેથી એના દિલમાં એથી શુભ ભાવ ઊભા થાય ?

અભયકુમારે આર્દ્રકુમારને જિનપ્રતિમા ભેટ મોકલી તો જુઓ એ આર્દ્રકુમાર એ જોઈને કેવા શુભ ભાવમાં ઝીલી રહ્યો છે ! જાતિ-સ્મરણ જ્ઞાન પામીને એ હવે પૂર્વભવની જરાક ભૂલમાં અહીં અનાર્ય દેશમાં અવતરવું પડ્યું એ પરથી સંસાર પરથી ઊભગી જવાના શુભ ભાવમાં અર્થાત્ વૈરાગ્યના શુભ અધ્યવસાયમાં ચડી રહ્યો છે !

આર્દ્રકુમારને કેમ આટલા બધા શુભ ભાવ ઉલ્લસ્યા છે ? કારણ એ, કે એણે જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વના ભવમાં એવું જોયું છે. માટે તો જાતિસ્મરણ જ્ઞાનમાં પૂર્વભવની ઘટનાઓ યાદ આવી જતાં એ મૂર્છા ખાઈ ગયો હતો. વર્તમાન દુર્દશાની અપેક્ષાએ પૂર્વે કેટલું બધું અદ્ભુત મળેલું ! એ જોવા પર મગજ ઘુમરાહ ખાઈ ગયેલું.

ત્યારે હવે એ જોઈએ કે પૂર્વભવની એવી શી ઘટનાઓ હતી ?

આર્દ્રકુમાર પૂર્વભવમાં એક **સામયિક** નામે વણિક પુત્ર હતો. મોટો થતાં બાપે એને બન્ધુમતી નામની કન્યા પરણાવેલી. એકવાર સદ્ગુરુનો યોગ થતાં બોધ પામીને એણે સજોડે બારવ્રત લીધા ! સુંદર જિન-ભક્તિ સાધુ-સમાગમ વગેરે કરતાં કરતાં એની ધર્મભાવના વધતી ચાલી. જડભરતને સાધુ-સમાગમ શું કામ કરે છે ! જડ ભરતને પણ ધર્મ ચેતનવાળો બનાવી દે છે ! માટે જ ધર્મ-શ્રવણને યોગ્ય આ આર્ય માનવ-જન્મમાં સદ્ગુરુનો સમાગમ મહત્ત્વનો છે.

**એ સત્સંગ બહુવાર કરતા રહેવાથી એ સાધુ-પુરુષોના ત્યાગ-ધર્મની આપણી ઉપર છાયા પડે છે.**

આપણને પણ એમ થયા કરે કે 'હું ક્યારે આ સર્વ ત્યાગ કરું !' એ ન થાય ત્યાંસુધી પણ વિવિધ ત્યાગના વ્રત નિયમ લઉં.

આમ સત્સંગની છાયા પડવા ઉપરાંત સદ્ગુરુ પાસેથી ધર્મવાણી અને શાસ્ત્ર-વચનો સાંભળવા મળે એનો લાભ વળી ઓર છે.

**જિનવાણીના શ્રવણથી આપણા જુગજુના ભ્રમ દૂર થાય છે.**

જીવને અનંત અનંત કાળનો મોટો ભ્રમ આ છે કે એ દુન્યવી પદાર્થોમાં સુખ દેખે છે ! વિષયોમાં સુખ જ સુખ દેખવાના પાછળ લખલૂટ વાર રાગ-આસક્તિ-મમતા કરે છે, કામ-ક્રોધાદિ દુર્ગુણો સેવે છે, અને પાર વિનાના હિંસામય આરંભ-સમારંભો, જૂઠ-અનીતિ,...વગેરે પાપાચરણો કરે છે. મૂળ કારણ, વિષયોમાં સુખનો ભ્રમ છે, વિપર્યાસ છે. એ વિપર્યસ્ત મતિ છે...ભ્રાન્ત બુદ્ધિ. આ ભ્રમના મૂળ પાયા પર જ અનેક દોષ દુર્ગુણો અને પાપાચરણો ચાલે છે. તેથી જીવ કર્મોથી

ભારે લેપાઈ અનંત અનંત કાળથી આ સંસારની ચારે ગતિઓમાં અને ચોરાસી લાખ યોનિઓમાં ભટક્યા કરે છે ! મૂળ કારણ, દુઃખના સાધનોમાં સુખનો ભ્રમ વિપર્યાસ.

**આર્દ્રકુમાર પૂર્વભવે સામયિક શ્રાવક :-**

આર્દ્રકુમારનો જીવ પૂર્વભવે સામયિક નામનો વણિક શ્રાવક બનેલ છે. એની પત્ની બંધુમતી એકવાર બિમાર પડતાં વૈદ્યના ઉપચાર કરાવ્યા છતાં પણ એને ઠીક ન થયું. એટલે વણિક ચિંતામાં પડ્યો કે ‘હાય ! ત્યારે આને સારું નહિ થાય ? પત્ની પર એને પ્રેમ એટલો બધો છે કે પોતાના દુઃખે પત્ની જેટલી દુઃખી છે, એના કરતાં આ પત્નીના દુઃખથી વધારે દુઃખી છે. પત્ની પણ ધર્મ પામેલી છે એટલે આવા અસાધ્ય જેવા બની ગયેલા રોગમાં પણ શાંતિ ચેન અનુભવે છે; આકુળ વ્યાકુળ થતી નથી, ત્યારે આ એના પતિને પત્નીના રોગથી ચેન નથી, શાંતિ નથી, આકુળતા-વ્યાકુળતા થાય છે. એટલો બધો એ એના પર આસક્ત છે, મોહાંધ છે.

ત્યારે દુઃખ કયું મોટું ? રોગનું ? કે મોહનું ? કહો રોગનું દુઃખ મોટું નહિ. બંધુમતીને રોગ છે છતાં એટલી એ દુઃખી નથી; મોહનું દુઃખ મોટું છે, એના પતિને પોતાને એવો રોગ નથી છતાં મહાદુઃખી થઈ રહ્યો છે ! કેમકે પત્ની પર ભારે મોહ છે. આ બતાવે છે કે, **રોગના દુઃખ કરતાં મોહનું દુઃખ મોટું છે.**

તેમજ રોગી પોતે જ જો રોગ પર મોહથી આકુળ-વ્યાકુળ થાય, મન ઢીલું પાડી દે, તો વધારે દુઃખી થવાનો. **એના બદલે મન જો ધર્મચિંતક તો દુઃખ નહિ લાગે.’** અહીં જ જુઓ બંધુમતીને એવો મોહ નથી, વ્યાકુળતા નથી, તો પોતાને રોગ છતાં એવી દુઃખી નથી. એમ બતાવે છે કે

**મોહમૂઢતાથી દુઃખના ગુણાકાર થાય છે.**

**જ્ઞાનદશાથી દુઃખના ભાગાકાર થાય.**

શ્રીપાળકુમારને ધવલે દરિયામાં પાડ્યા હતા, પરંતુ નવપદના આલંબનથી સજ્ઞાન દશાવાળા હતા, તેથી ત્યારે દરિયામાં પતન પામતાં જ કશી હાયવોય કરતા નથી ! એ તો માત્ર **‘નમો નવપદાય’** નવપદનું સ્મરણ કરીને સ્વસ્થ રહે છે. શું કર્યું આ ? સજ્ઞાન દશાથી દુઃખના ભાગાકાર કરી નાખ્યા ! એટલે સમુદ્ર-પતન જેવા મહા દુઃખમાં પણ શ્રીપાળ દુખિયારા નથી બનતા. ત્યારે ધવળ શેઠ શ્રીપાળપરની ઈર્ષ્યાથી દુઃખી હતો. તે જેમ શ્રીપાળને સમૃદ્ધિ વધે એમ ધવળ વધારે બળતો, વધારે દુઃખી થતો ! એટલે આ પરથી જોઈએ તો દેખાય છે કે

**માણસ ખરેખર દુઃખી પોતાની મોહમૂઢતાથી થાય છે.**

ત્યારે સજ્ઞાનદશાથી સ્વસ્થ સુખી રહે છે. અલબત્ત એટલી વિશેષતા છે કે



આ સામયિક શ્રાવક પત્નીની ગાઢ બિમારીથી દુઃખી થઈ રહ્યો છે તે સ્વાર્થથી નહિ કે ‘હાય ! આ રોગી રહે એટલે મારું શું થાય ? એ મરી ગયે મારું શું થશે ?’ પરંતુ પત્ની પરની દયાથી કે ‘આ બિચારી ધર્માત્માને આવો રોગ ! શું આનો રોગ ન મટે ? આનું શું થશે ?’

સામયિકને સ્વાર્થ-માયા નથી, પરંતુ પત્ની પર લાગણી છે, દયા છે, એટલે એને વિચાર આવે છે કે ‘આમાં વૈદકીય દુન્યવી ઈલાજ કારગત થતા નથી, તો હવે કોઈ અધ્યાત્મિક ઈલાજ અજમાવવા દે.’

**શો અધ્યાત્મિક ઈલાજ કરવાનો ?**

પ્રભુનું નામસ્મરણ ? પ્રભુને પ્રાર્થના ? નવકાર સ્મરણ ? ના, એ તો જુએ છે કે ‘એ તો હું કરું જ છું. પરંતુ મારું એવું શ્રદ્ધાબળ નથી કે એ ઈલાજ કારગત થાય. જેમ વૈદ્યની દવા પણ શ્રદ્ધા હોય તો કામ કરે છે; ને એવી શ્રદ્ધા ન હોય તો સારી પણ દવા ફેઈલ જાય છે; એમ પ્રભુનું નામ એ દવા છે, છતાં એવું આપણું શ્રદ્ધાબળ ન હોય તો એ ન ફળે.

શ્રદ્ધાબળ મોટી ચીજ છે, માટે તો ‘કલ્યાણમંદિર’ સ્તોત્રમાં આવે છે ને કે

**‘पानीयमप्ययमृतमित्यनुचिंत्यमानं**

**किं नाम नो विषविकारमपाकरोति ?’**

અર્થાત્ પાણીને ભાવના આપવામાં આવે કે ‘આ અમૃત છે આ અમૃત છે,’ તો શું એ પાણીથી વિષનો વિકાર દૂર નથી થતો ? થાય જ છે. આમાં કોણે કામ કર્યું ? કહો ‘આ પાણી એ અમૃત છે,’ એવા શ્રદ્ધાબળે કામ કર્યું. માટે આધ્યાત્મિક ઉપાય પર શ્રદ્ધાબળ જોરદાર જોઈએ.

બંધુમતીના પતિએ એ જોયું કે કદાચ આધ્યાત્મિક એક ઉપાય પર એટલું શ્રદ્ધાબળ ન હોય તો એ કારગત ન થાય; પરંતુ જો બીજા આધ્યાત્મિક ઉપાય પર શ્રદ્ધાબળ હોય તો તો એ કામ કરી જાય. ત્યારે શાસ્ત્રોમાં મહાપુરુષોના જીવનમાં એ સાંભળ્યું છે કે એમને રોગ હતો પણ જ્યાં આ નિર્ધાર કર્યો કે જો રોગ મટી જાય તો મારે ચારિત્ર લઈ લેવું ને આશ્ચર્ય કે એ નિર્ધારથી એમનો રોગ મટી ગયો તેથી આ બંધુમતીમાં પણ કેમ એ ઈલાજ લાગુ ન થાય ?

**આર્દ્રકુમારની પૂર્વભવે ચારિત્ર-પ્રતિજ્ઞા :-**

બંધુમતીને એ કહે છે, ‘જો વૈદ્ય હાથ ખંખેરી જાય છે કે તારા રોગનો હવે કોઈ ઈલાજ નથી. તો શું હું તને મરતી જોઉં ? મારે તારો રોગ અને તારું મૃત્યુ જોવું અસહ્ય છે; એટલે હું સંકલ્પ પ્રતિજ્ઞા કરું છું કે જો તારો રોગ મટી જાય તો મારે ચારિત્ર લઈ લેવું. તારા પર મને લાગણી છે તો તારા આરોગ્ય ખાતર ભલે

હું આટલો ભોગ આપીશ. એમાં તુંય જીવી જશે અને હું કાંઈ મરી જવાનો નથી; હુંય ચારિત્ર જીવનમાં જીવતો જ રહેવાનો છું.''

આ કેવો પ્રેમ કેવી લાગણી છે ? સ્વાર્થની કે પરાર્થની ? આમાં દુન્યવી સ્વાર્થ તો કશો સરતો નથી ઊલટું પોતાને સંસાર સુખો જતા કરી ચારિત્રનાં કષ્ટ ઉપાડવાનાં આવે છે. આવો પ્રેમ એ સ્વાર્થનો પ્રેમ નહિ, પણ પરાર્થનો પ્રેમ છે, એ પ્રેમમાં વૈરાગ્ય ઝળહળે છે.

**પ્ર.- પરાર્થ પ્રેમમાં વૈરાગ્ય શી રીતે ?**

ઉ.- પરાર્થપ્રેમ આ રીતે છે કે જો આ મારો સ્નેહી જીવ મારા સંસાર-ત્યાગથી જીવતો રહેતો હોય, તો 'મારે સંસાર સુખ ખાડામાં પડો.' આમ સંસારસુખ પર નફરત એ વૈરાગ્ય.

**સંસારસુખ ટકાવવાની લાલસામાં સ્નેહીને મરતા જોવો પડે એવા સંસારસુખ ગોઝારા છે.**

આમ સંસારસુખ ગોઝારા લાગ્યા એજ વૈરાગ્ય. આવા વૈરાગ્યના મજબૂત પાયા નાખ્યા હોય એટલે આર્દ્રકુમારના ભવમાં એને જાતિસ્મરણ થતાં જ મહા વૈરાગ્ય થાય એ સ્વાભાવિક છે.

**ભવાંતરે વૈરાગ્યાદિ મહાગુણ ઝળહળાવવા છે ? તો અહીં એના મજબૂત પાયો નાખો.**

**પત્નીની પતિને નિયમની કેમ અટકાયત ? :-**

બંધુમતી પતિનો આ સંકલ્પ પતિની આ પ્રતિજ્ઞા સાંભળતાં જ કહે છે, ''જરા ઊભા રહો. આવી પ્રતિજ્ઞા ન કરો, કેમકે એથી સંભવ છે, મારો રોગ મટી જશે, હું જીવતી રહીશ; પરંતુ પછી તમે પ્રતિજ્ઞા નહિ પાળી શકો, ચારિત્ર નહિ લઈ શકો; કેમકે હું જાણું છું કે ''તમને મારા પર કેટલો બધો મોહ છે ? મને સાજી જોઈને મોહથી તમે ઢીલા પડી જશો. એમ પ્રતિજ્ઞા ભાંગવાનો અવસર આવે, અને એથી દુર્ગતિ થાય, એનાં કરતાં પ્રતિજ્ઞા ન કરો. ભલે મારો રોગ ન જાય ને મારે મરવાનું આવે. હું મરીશ તો ય ધર્મભાવનામાં મરીશ; તેથી મારી દુર્ગતિ નથી થવાની; એટલે મારા મરવામાં શું બગડી જવાનું છે ? પણ તમે જો પ્રતિજ્ઞા ભાંગો તો દુર્ગતિમાં જવું પડે ! એના કરતાં પ્રતિજ્ઞા ન લેવી સારી.''

પતિ કહે છે ''આ તું શું બોલે છે ? હું પ્રતિજ્ઞા ભાંગુ ?'

બંધુમતી કહે ''હા, હું તમારી નાડ તમારી નબળાઈ જાણું છું. મારા સાજા થયા પછી તમે મારા પરનો મોહ છોડી શકવાના નહિ, અને એથી જ સંસારત્યાગ નહિ કરી શકો.''



પતિ સામયિક કહે છે, ''આવી મિથ્યા કલ્પના રહેવા દે. જો તારો રોગ મટતો હોય, અને તું જીવતી રહેતી હોય, તો મારે સંસાર જહન્નમમાં ગયો. તું સાજી થતી હોય તો હું કેમ સંસાર ન છોડું ? તારા પર મને એટલી બધી લાગણી છે કે તારા આરોગ્ય ખાતર ગમે તેટલો ભોગ આપવો પડે તે આપવા તૈયાર છું.''

અહીં બંધુમતીની દૂરદર્શિતા જોવા જેવી છે. પતિ સાથે વરસો રહી છે, એટલે એ પતિની તાસીર જાણે છે. સંસારમાં સામાન્ય રીતે આ સ્થિતિ હોય છે એટલે પતિ ગમે તેટલી ડંફાસ ઠોકતો હોય પણ પત્ની એની નાડ જાણતી હોય છે, તેથી એની ઠાંસને મિથ્યાભિમાન તરીકે દેખે છે.

આપણી દશા પણ આવી સમજવાની છે. આપણે ગમે તેટલી ઠાંસ ઠોકીએ, બડાઈ મારીએ, પરંતુ કેવળજ્ઞાની આપણને નખશીખ ઓળખે છે; એટલે આપણી ઠાંસને મિથ્યાભિમાન તરીકે દેખે છે. જો એક પત્નીને પતિનું અંતર્ગત કશું છુપું નથી, તો અનંત જ્ઞાનીને આપણું શું અંતર્ગત છૂપું હોય ? જો છૂપું ન હોય તો આપણે આપણી નબળાઈઓને સમજી લઈ ઠાંસ ઠોકવી વ્યર્થ છે, બડાઈ હાંકવી નકામી છે. **બડાઈ હાંકવાનું મન થાય ત્યાં જ્ઞાનીદષ્ટ આપણી નબળાઈઓ જોવી.**

બંધુમતી પતિની નબળાઈ જાણે છે એટલે એને પ્રતિજ્ઞાથી રોકવા પ્રયત્ન કર્યો, પરંતુ પતિનો એના પરની લાગણીથી પક્કો નિર્ધાર છે કે 'આના આરોગ્ય ખાતર ભલે હું સંસાર-સુખોનો ભોગ આપીશ,' તેથી એણે પ્રતિજ્ઞા કરી કે ''પત્ની સાજી થઈ જાય તો મારે ચારિત્ર લઈ લેવું.'' કેવો ગજબ નિયમ !

અહીં જોવાની ખૂબી છે કે આ નિયમ પોતાની જાત ઉપર લીધો કિન્તુ પત્ની પર ન ઢોળ્યું કે તું આ પ્રતિજ્ઞા કર કે ''તું સાજી થઈ જાય તો તારે ચારિત્ર લેવું''. એટલે જ આ સવાલ છે કે

**પ્ર.- પત્નીને ચારિત્ર લેવરાવવાનું નક્કી ન કરાવતાં પોતે ચારિત્ર લેવાનું કેમ નક્કી કર્યું ?**

ઉ.- આનું એક કારણ એ વિચારી શકાય કે

(૧) ચારિત્રમાં સંસારનો ભોગ આપી કષ્ટ ઉપાડવાનાં છે. બંધુમતી પત્ની ઉપર શ્રાવક પતિ સામયિકને પ્રેમ છે.

**જેના પર પ્રેમ હોય એ કષ્ટ ઉપાડે એના કરતાં પોતે એની ખાતર ભોગ આપી કષ્ટ ઉપાડે એવું મન રહે.**

એ કારણે એણે પત્ની ચારિત્ર લે એ ન વિચારતાં પોતે જ સંસાર સુખોનો ભોગ આપી ચારિત્રના કષ્ટ ઉપાડવા એવો સંકલ્પ કર્યો.

વાત પણ સાચી છે, પોતે બીજા પર પોતાનો પ્રેમ હોવાનો દાવો રાખે,

પણ ભોગ આપવાની ને કષ્ટ ઉપાડવાની વાત આવી, તો કહે 'તું કષ્ટ ઉપાડ, હું આરામથી બેસીશ.' આમાં સાચો પ્રેમ શો રહ્યો ? સુશીલ પત્નીઓ ઘરકામના ઢગલો કષ્ટ કેમ ઉપાડે છે ? કહો,

**પતિ ઉપર પ્રેમ છે માટે, પતિ ખાતર પત્નીને ભોગ આપવાનું કષ્ટો ઉઠાવવાનું મન રહે છે.**

ત્યાં જો પોતે પતિ પાસે કષ્ટ ઉપડાવે અને પોતે કશો ભોગ ન આપતાં આરામથી બેસે તો એને પત્ની તરીકે પ્રેમ શો રહ્યો ? એ તો મોટી શેઠાણી બની બેઠી ! એમ જે શિષ્ય ગુરુ પાસે બધાં કામ કરાવે અને પોતે કશો ભોગ ન આપતાં આરામથી બેસે, તો એ શિષ્યને ગુરુ પર શો પ્રેમ રહ્યો ? એને પ્રેમ ગુરુ પર શાનો ? એને તો આરામીનો પ્રેમ રહ્યો ! ગુરુ પર પ્રેમ તો 'ગુરુને આરામથી બેસાડી રાખું અને પોતે ગુરુ ખાતર બધા કષ્ટ ઉપાડું; ગુરુ ખાતર ભારે ભોગ આપું,' એવું મન રહે.

એટલે જ શ્રાવક સામયિક પત્ની ખાતર પોતે ભોગ આપવા માટે ચારિત્રનાં કષ્ટ પોતે ઉપાડવાનો નિયમ કર્યો, પણ પત્નીને ચારિત્ર લેવા ન કહ્યું, એમાં આ એક કારણ કે પોતે પત્ની પર પ્રેમ ધરાવે છે, તો એની બિમારી મટવા માટે પોતે ઊઠીને ચારિત્રનાં કષ્ટ ઉપાડવા પોતે ભોગ આપવાનું નક્કી કર્યું. આ સમજી રાખવાનું કે

**દેવાધિદેવ અરિહંત ભગવાન પર આપણે જો પ્રેમ ધરાવીએ છીએ તો ભગવાન ખાતર આપણે ભોગ આપીએ.**

પ્રભુ આગળ ચૈત્યવંદન કરવાનું તે એની મુદ્રાએ કરવાનું, અર્થાત્ જમીન પર બે ઢીંચણ સ્થાપી એના પર અડધા ઊભા રહી કરવાનું મન કેમ નથી થતું ? અને આરામથી અડધી કે આખી પલાંઠી માંડીને કરવાનું મન કેમ થાય છે ? કહો, પ્રભુ ખાતર ભોગ આપવાનું; પ્રભુ ખાતર એટલું ય ઢીંચણ પર ઊભવાનું કષ્ટ કરવાનું મન નથી; માટે તો એવી આરામી ભોગવાય છે. તો પ્રભુ પર પ્રેમ કેવો ?

**જો પ્રેમી પ્રભુ ખાતર ભોગ આપવાનું મન હોય, તો પ્રભુની પૂજામાં ડિંડવાણું ચલાવાય ? પૂજા મંદિરના કે સંઘના દ્રવ્યોથી થાય ?**

જુઓ, ભાઈ પૂજા કરવા આવ્યા છે, શી રીતે પૂજા ? સુખડ મંદિરનું, દૂધ મંદિરનું, અંગલુંછણા મંદિરના, અગરબત્તી મંદિરની, દીવો મંદિરનો તો પછી તારું શું ? મારું મારા પૂજાનાં કપડાં એટલું જ ! આમાં પ્રભુ ખાતર શો ભોગ આપ્યો ? કશો ય નહિ; કેમ નહિ ? કેમકે પ્રભુ પર હૈયાનો પ્રેમ ક્યાં છે ?

**પ્રભુ પર પ્રેમ ખાતર પૂજામાં કયા કયા દ્રવ્યોનો ભોગ ? :-**



શાસ્ત્ર તો કહે છે ગરીબમાં ગરીબ માણસ હોય, રોટલો માંડ કાઢતો હોય, એવો પણ માણસ પોતે પોતાના ઘરના ટાંકાનું કે ચોક્ખા કૂવાનું ચોક્ખું લોટો પાણી પ્રભુ આગળ મૂકી આવે. ત્યારે આટલું ય જો જેને કરવાનું નથી, તો તો એ પેલા ગરીબ કરતાં ય અત્યંત ગરીબ ભૂખડી બારસ જેવા જ થયા ને ?

પોતાને ઘી-કેળાં ઉડાવવા મળે છે, મુલાયમ ચોક્ખાં કપડાં પહેરવા મળે છે, પત્ની પુત્રો પર પ્રેમ છે તો એમને ય ઘી કેળાં ધરવાનું અને કિંમતી વસ્ત્રો ઓઢાડવાનું આવડે છે, પણ પ્રભુનાં અંગલુંછણા ધરાર મેલાં અને જાડા દેખવા છતાં પોતાના ઘરનાં ઊજળા મુલાયમ અંગલુંછણા લાવીને મૂકવાનું નથી આવડતું ! અરે ! મંદિરના મેલાં અંગલુંછણા ઘરે લઈ જઈ ઊજળા બાફ બનાવી લાવવા જેટલું ય આવડતું નથી ! પ્રભુની પૂજામાં ઘરેથી એક સુખડનો ટૂકડો લઈ આવવાનું, ને ૧૦-૨૦ ગ્રામ પણ દૂધ લઈ આવવાનું, તથા બે ગ્રામ ઘીની એક બત્તી લઈ આવવાનું ય નથી આવડતું. ત્યાં પ્રભુ પ્રેમ શો રહ્યો ? પ્રેમ બૈરા-છોકરા પર જ ને ?

ભોગ આપવો નથી તો હૈયામાં પ્રેમ શો ? આ સૂત્ર સમજી રાખો કે

**જેના પર હૈયાનો ભારે પ્રેમ છે, એની ખાતર ભારે ભોગ આપવાનું કરાય છે; અને તે પણ નિરાશંસ ભાવે એટલે કે બદલાની આશા વિના કરવાનું.**

ગુરુ પ્રત્યે શિષ્યનું પણ આ કર્તવ્ય છે કે ગુરુ પર પ્રેમ છે તો ગુરુખાતર નિરાશંસ ભાવે ભારે ભોગ અપાય.

આર્દ્રકુમારના જીવ શ્રાવકે પત્ની બંધુમતી પરના પ્રેમથી એના આરોગ્ય ખાતર આટલો મોટો ચારિત્રનાં કષ્ટ ઉપાડી સંસાર-સુખોનો ભોગ આપવાનું નક્કી કર્યું. આ એક કારણ, કે ચારિત્ર પત્નીને લેવરાવાનું ન નક્કી કરાવ્યું પણ પોતે ચારિત્ર લેવાનું નક્કી કર્યું. વળી ખરી વાત તો એ છે કે

**જ્યાં પ્રેમ છે ત્યાં ભલે સામાથી કાર્ય થાય એવું હોય, તો પણ પોતે જ ભોગ આપી કાર્ય કરવાનું મન હંમેશા બન્યું રહે.**

### (૨) પત્નીને ચારિત્ર ન લેવરાવવાનું બીજું કારણ

એ વિચારી શકાય કે શ્રદ્ધા છે કે 'ભારે અસાધ્ય વ્યાધિ જીવલેણ વ્યાધિ દૂર કરવી છે, તો એની ભારે કિંમત ચૂકવવી જોઈએ,' ને તે શ્રદ્ધા સાથે ચારિત્ર લેવા રૂપી કિંમત ચૂકવવી છે. એમાં શ્રાવક એ જુએ છે કે મારા કહેવાથી પત્ની કદાચ એમ નક્કી કરે કે 'આ રોગ જાય તો મારે ચારિત્ર લેવું,' પરંતુ એને જો શ્રદ્ધા ન હોય, શંકા હોય, કે 'આ સંકલ્પથી રોગ જાય કે કેમ કોને ખબર ?' તો સંકલ્પ કરવા છતાં કાર્યસિદ્ધિ ન થાય. શંકાએ કાર્ય સિદ્ધ ન થાય. કાર્યસિદ્ધિ તો કરવી જ છે, અને પોતાને પાકી શ્રદ્ધા છે કે 'પોતે ચારિત્ર લેવાનું નક્કી કરે, તો પત્નીનો

રોગ જાય,'

**આમ પોતાની શ્રદ્ધાથી કાર્યસિદ્ધિ દેખે એટલે પણ ચારિત્ર લેવાનું શ્રાવકે પોતે જ પોતાના માથે રાખ્યું,**

પણ પત્નીના માથે ન મૂક્યું. આમાં એ તો વસ્તુ છે જ કે પત્ની પરના પ્રેમથી પોતે જાતે ભોગ આપવાનું કરવું.

આટલા માટે તો શાણા પુત્રો માબાપનાં કાર્ય ભાઈઓને ન ભળાવતાં જાતે કરે છે; કેમકે સમજે છે કે "એ કાર્ય ભાઈઓ કરી તો આવે, પરંતુ કદાચ માબાપ પ્રત્યે એટલી ઊછળતી ભક્તિ અને ભારે શ્રદ્ધાથી ન કરે; અને પોતાને માતાપિતા પર અત્યંત બહુમાન અને શ્રદ્ધા છે, તેથી પોતે ભક્તિભાવથી એમનાં કાર્ય બજાવી શકે." આમ માબાપ પર પ્રેમ છે માટે એમના કાર્યમાં શાણો દીકરો જાતે ભોગ આપે છે.

આમ અહીં પણ શ્રાવકને શ્રદ્ધા છે કે 'પોતે ચારિત્ર લેવાના નિર્ધાર કરે તો પત્ની બંધુમતીનો અસાધ્ય પણ રોગ મટી જાય.' એવી શ્રદ્ધા કદાચ પત્નીને ન હોય તો કાર્ય સિદ્ધિ ન થાય એટલે પણ ચારિત્ર લેવાનું પોતાના માથે રાખ્યું. પૂછો,

**પ્ર.**- તો શું ચારિત્ર લેવાના નિર્ધારથી એવા જાલિમ રોગ મટે ?

ઉ.- હા, જુઓ અનાથી મુનિએ એવો નિર્ધાર કર્યો,

**અનાથી મુનિ અને નમિ રાજર્ષિને ચારિત્રનિર્ણયથી અસાધ્યરોગનાશ :-**

**"રોગ જાયે જો આજની રાત, તો સંયમ લેઉં પ્રભાત.**
**ભંભસારે વનમાં ભમતાં, ઋષિ દીઠો રયવાડી રમતાં."**

અને ખરેખર એજ રાતે અનાથીનો જાલિમ અને અનેક કિંમતી દવાઓથી પણ નહિ મટેલો દાહજ્વરનો રોગ મટી ગયો !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૧,અંક-૩૭,તા.૧૮-૬-૧૯૮૩**

નમિરાજર્ષિને પણ એમ બનેલું. એમને પણ દાહજ્વર હતો. દવા કાંઈ કામ કરતી નહોતી. રાણીઓ ચંદન લસોટી લસોટી રાજાના શરીરે વિલેપન લગાડી લગાડી વિલેપન ભીનાં ભીનાં રાખતી. છતાં રાજાને દાહ મટ્યો નહિ. તેથી રાજા આંખ મીંચીને પડી રહેતા. એમાં રાણીઓના ચંદન ઘસવામાં કંકણના થતાં ઘર્ષણના અવાજને નમિરાજા પીડાવશ સહન ન કરી શકવાથી મીંચેલી આંખે પૂછે છે,

'આ કોલાહલ શાનો છે ?'

રાણીઓ કહે 'મહારાજા ! એ ચંદન વાટતાં કંકણ અરસપરસ અફળાય છે,



એના થતાં ઘર્ષણનો અવાજ છે.'

અહીં રાણીઓ સમજી ગઈ કે 'મહારાજને આ અવાજ સહન થઈ શકતો નથી, તો અવાજ બંધ કરવો જોઈએ' એટલે એમણે સૌભાગ્યનું એક કંકણ રાખી બાકી બીજાં કંકણ હાથ પરથી ઉતારી નાખ્યા. ઘર્ષણ-અવાજ બંધ થઈ ગયો. એક કંકણ કોની સાથે ઘર્ષણમાં આવે ? શાંતિ થઈ ગઈ.

થોડીવારે રાજા પૂછે 'હવે કેમ કોલાહલ બંધ થઈ ગયો ?'

રાણીઓ કહે, 'મહારાજા ! પહેલાં હાથ પર અનેક કંકણ હતા તેથી એના પરસ્પર સંઘર્ષથી અવાજ થતો. હવે સૌભાગ્યનું એક જ કંકણ રાખ્યું છે તેથી એકલું કોની સાથે સંઘર્ષ કરે ?

**એટલે એકલામાં સંઘર્ષ ક્યાં થાય ? અને અવાજ શાનો થાય ?'**

નમિરાજા આના પર વિચારમાં ચડી ગયા કે અહો ! આ રાણીઓ કહે છે એકલામાં સંઘર્ષ ક્યાંથી થાય ? એ સાચું જ કહે છે. હું આ એકલો ને બદલે અનેક બની બેઠો છું. હું ને મારું રાજ્ય, હું ને મારું લશ્કર, હું ને મારો ખજાનો; હું ને મારો પરિવાર; અરે ! હું ને મારી કાયા !...આમ અનેકના ઘેરાવામાં જ સંઘર્ષ છે; ને એ સંઘર્ષથી રાગ-દ્વેષ વગેરે કોલાહલ છે. જો એકલો થઈ જાઉં તો બધો સંઘર્ષ ને બધો કોલાહલ મટી જાય. એટલે નમિ રાજાએ નક્કી કર્યું કે જો આ રોગ મટી જાય તો ચારિત્ર લઈ એકલો બની જાઉં." કેમ વારું ?

**સંસારમાં અનેકના ઘેરાવો એ સંઘર્ષ છે.**

**એમાંથી રાગદ્વેષ-હર્ષખેદ આદિ કોલાહલ જન્મે છે.**

તેથી નમિ રાજાએ શું વિચાર્યું ? આ જ કે રોગ મટી જાય તો ચારિત્ર લઈ લઉં !

## અજ્ઞાનદશા અને સજ્ઞાનદશા

આમાં ખાસ આ જોવાનું છે કે રોગની પીડા સહન નથી થતી માટે પીડા મિટાડવા ચારિત્ર લેવાનો નિર્ણય નથી કરતા. રાજાને સોદાબાજી કરવી નથી કે 'હું ચારિત્રનો નિર્ધાર કરું તો મારો રોગ મટે.' ના, ચારિત્ર નિર્ણય રોગ મટાડવા નહિ-કિન્તુ

**ચારિત્ર સાંસારિક અનેકના ઘેરાવારૂપ સંઘર્ષ તથા આત્મામાંથી રાગ-દ્વેષ રતિ-અરતિ, કામ-ક્રોધ, મદ-માયા વગેરે વગેરેના કોલાહલ શાંત કરે છે.**

માટે એ લેવાનો નિર્ધાર કરવો છે, માત્ર એ ચારિત્ર લેવામાં દાહજ્વરની જાલિમ પીડા આડે આવે છે તેથી ઈચ્છ્યું કે 'રોગ જાય એટલે તરત ચારિત્ર લઉં.'

ધ્યાન રાખો,

**ચારિત્રનો નિર્ધાર માત્ર શારીરિક રોગ-પીડા મટાડવા માટે, એ અજ્ઞાનદશા છે.**

**રોગ મટીને ચારિત્રનો નિર્ધાર એ અનેકતામાં સંઘર્ષ અને રાગાદિના કોલાહલ મિટાડવા માટે, એ સજ્ઞાનદશા છે.**

આ ભેદ સમજવા જેવો છે, જેથી વિવેકથી થતી ધર્મક્રિયા પર અધર્મનો ખોટો સિક્કો ન મારી બેસાય.

ચારિત્ર તો ઊંચો ધર્મ છે; પરંતુ એની નીચેના ધર્મો માટે પણ આ હિસાબ છે કે, દા.ત.

માથે દેવું ચડી ગયું હોય, લેણિયાતો તંગ કરતા હોય, ત્યાં જો એમ નિર્ધાર કરે કે જો આ દેવું ફીટી જાય તો ત્યાગ-તપ વગેરે ખૂબ ધર્મ કરું' આમાં ધર્મના નિશ્ચયથી દેવામાંથી છૂટકારો મળે એટલો જ ઉદ્દેશ હોય, તો એ અજ્ઞાન દશા છે. પરંતુ ત્યાગ-તપ વગેરે ધર્મ કરવો છે, પરંતુ દેવાનો ભાર મનને વ્યાકુળ રાખી સમાધિપૂર્વક ધર્મ સાધવાની આડે આવે છે, એટલા માટે વિચારે કે 'આમ દેવાની પીડામાં મારે ત્યાગ-તપ વગેરે અમૂલ્ય ધર્મ સાધવાનું ગુમાવાય છે,' તેથી નિર્ધાર કરે કે "જો દેવું પતે તો ત્યાગ-તપ વગેરે ધર્મની આરાધના સારી કરું," તો એ સજ્ઞાન દશા છેઃ કેમકે

**મુખ્ય ઉદ્દેશ દેવું પતાવવાનો નહિ, પરંતુ ત્યાગ-તપ વગેરે ધર્મદ્વારા આત્માનું સુધારી લેવાનો હોય એ સજ્ઞાનદશા છે.**

માત્ર દેવાના કારણે ઊભી થયેલી તંગદશાથી ચિત્ત અસમાધિમાં રહેતું હોવાને લીધે ત્યાગ-તપની ઉજમાળતા નથી થતી. કેમકે દેવાની અસમાધિ ત્યાગ-તપ વગેરે ધર્મની આડે આવે છે, માટે સમાધિપૂર્વક ધર્મ-સાધના થાય એ ઉદ્દેશથી દેવાની એ આડ દૂર કરવાની માગણી હોય તો એ સજ્ઞાનદશા છે.

આમાં સ્પષ્ટ છે કે ધર્મ કરવાનો નિર્ધાર દેવું ફિટાવવા માટે નથી, પરંતુ ધર્મનો નિર્ધાર તો આ જનમ ધર્મ વિના બરબાદ જાય છે તે બરબાદી અટકાવવા ને જનમ સુધારી લેવા માટે છે આ સજ્ઞાનદશા છે. સારાંશ,

**જન્મ ધન-લોભ-વિષય-રાગ અને શરીર-સુખાકારિતામાં બરબાદ થતો અટકાવી, ત્યાગ-તપ-જિનભક્તિ વગેરે ધર્મથી સુધારી લેવાના ઉદ્દેશથી ધર્મનો નિર્ધાર એ સજ્ઞાનદશા છે.**

**એથી ઊલટું, ધનમાલ, વિષયરંગ અને શરીર-સુખાકારિતાના ઉદ્દેશથી ધર્મનો નિર્ધાર એ અજ્ઞાનદશા છે !**

**સુલસા શ્રાવિકાએ પુત્રાર્થે ધર્મ વધાર્યો ? :-**



હવે જુઓ સુલસા શ્રાવિકાનો દાખલો. એ જુએ છે કે

"પતિને ઘણું સમજાવવા છતાં એમને પુત્ર ન હોવાનું માનસિક ભારે દુઃખ-ઉદ્વેગ-અસમાધિ મટતા નથી. તેથી આમ જો અસમાધિ જ રહ્યા કરે, તો એમની ધર્મસાધના સ્વસ્થતા સ્થિરતા અને ઉલ્લાસથી થાય નહિ; અને પુત્ર નહિ હોય તો એમની અસમાધિ મટશે નહિ; માટે હું ધર્મનો જ આશ્રય લઉં. આ જગતમાં ધર્મ માતા છે, પિતા છે, ભાઈ છે, મિત્ર છે, ધર્મ એ કલ્પવૃક્ષથી અધિક છે. કલ્પવૃક્ષ માત્ર બાહ્ય સંપત્તિ આપે, ધર્મ આભ્યંતર પણ સંપત્તિ અને સદ્‌ગતિ આપે છે. ધર્મથી શું સિદ્ધ નથી થતું ? તેથી ધર્મ જ મારે શરણ્ય છે."

એમ કરી એણે ધર્મનું જોસ વધાર્યું. આમ તો એ ધર્માત્મા શ્રાવિકા હતી પરંતુ ત્યાગ તપ નિયમ વગેરે ધર્મમાં વૃદ્ધિ કરી, અને જિનભક્તિ આવશ્યક વગેરે જે ધર્મ નિયમિત કરતી હતી તેમાં વેગ-જોમ-વીર્યોલ્લાસ અને ભાવોલ્લાસ વધાર્યો. તે પણ દઢ મનથી, એટલે કે કદાચ શરીરને કષ્ટ પડવા માંડ્યું, કે સંસારમાં બીજી અગવડ નડવા માંડી, યા સંસારના કાર્ય સીદાવા માંડ્યા, કે કોઈ ઉપદ્રવ આવ્યો, તો પણ વધારેલા ધર્મ અને ધર્મપરિણતિમાંથી ચસકવાની વાત નહિ.

આ એની જે ધર્મમાં દઢતા સ્થિરતા અને સ્થિતપ્રજ્ઞતા બની, તેના ઉપર દેવલોકમાં ઈન્દ્રે ગુણ ગાયા ! વિચારો ઈન્દ્ર ક્યારે ગુણ ગાય ! કેવા ધર્મના ગુણ ગાય ? શુદ્ધ ધર્મના ? કે પૌદ્‌ગલિક આશંસાવાળા મલિન ધર્મના ? સમજી રાખજો કે ઈન્દ્ર મહાન સમકિતધારી છે, અને અવધિજ્ઞાની છે; એ જેવા તેવા મલિન ધર્મના ગુણ ગાય નહિ.

સુલસાએ ધર્મ વધાર્યો તે શુ પુત્ર લેવા ધર્મ નથી વધાર્યો ? પુત્ર તો એને જોઈએ છે, એટલે ઉપર ઉપરથી એમ લાગે કે 'ધર્મ પુત્ર લેવાના ઉદ્દેશથી વધાર્યો,' પરંતુ વાસ્તવમાં પતિને અસમાધિ રહેતી ને એમાં આર્તધ્યાન થાય તેમજ દેવદર્શનાદિ ધર્મ સાધનાઓ સ્થિરતા અને ઉલ્લાસ-પ્રસન્નતાથી નહોતી થતી; એ અસમાધિ આદિ અટકાવવા.

**પતિની અસમાધિ આદિ અટકાવવા, અને સમાધિ-શુભધ્યાન તથા સ્થિરતા-ઉલ્લાસ-પ્રસન્નતા લાવવા તથા એ પૂર્વકની ધર્મ આરાધનાનું સંપાદન કરાવવાના ઉદ્દેશથી ધર્મ વધાર્યો. આ શુભ ઉદ્દેશ છે.**

શુભ ઉદ્દેશના હિસાબે સુલસાની ધર્મવૃદ્ધિ એ પ્રશસ્ત છે, નિર્મલ ધર્મક્રિયા છે, મલિન ધર્મક્રિયા નહિ. માટે જ ઈન્દ્રે એની ધર્મસ્થિરતા-ધર્મસત્ત્વની પ્રશંસા કરેલી.

એજ આર્દ્રકુમારના જીવનાં પૂર્વભવે શ્રાવકપણાના અવતારમાં 'પત્ની સાજી થઈ જાય તો હું ચારિત્ર લઉં," એ નિર્ણયમાં પણ માત્ર પત્નીના આરોગ્યનો ઉદ્દેશ

નથી, પરંતુ પત્ની એક ધર્માત્મા અને સ્નેહી છે, તો એના આરોગ્ય ખાતર ભોગ આપવો એ નિર્મળ ઉદ્દેશ છે.

**પત્ની સાજી થયા પછી પતિની સુસ્તી :-**

હવે એવું બને છે કે આ પ્રતિજ્ઞાનો કેવોક પ્રભાવ પડ્યો કે એ પછી પત્ની બંધુમતીનો રોગ મટી ગયો ! અને એ સાજી સારી થઈ ગઈ ! પરંતુ એ હવે જુએ છે કે 'પતિ ચારિત્ર લેવાની તત્પરતા બતાવતા નથી' એટલે એ પતિને કહે છે,

''તમે હવે કેમ બેસી રહ્યા છો ? તમારી પ્રતિજ્ઞા પ્રમાણે મારો રોગ મટી જાય તો તમે ચારિત્ર લેવાનો નિર્ધાર કરેલો છે તો હવે મારો રોગ તો મટી ગયો છે, તો ચારિત્ર લેવામાં કેમ વિલંબ ?''

પતિ આ સાંભળી રહે છે, કશું બોલતો નથી; ત્યારે પત્ની બંધુમતી પૂછે છે, ''કેમ શો વિચાર કરો છો ?''

ત્યારે પતિ શ્રાવક કહે ''બીજો કશો વિચાર નહિ. આ માત્ર મને તારો વિચાર આવે છે કે તું માંડ સારી થઈ, તો હવે તને એકલી કેમ મૂકાય ?''

**બંધુમતીની પતિને ઉમદા પ્રેરણા**

બંધુમતી કહે ''હવે તમારે મારો વિચાર શાનો કરવાનો હોય ? પ્રતિજ્ઞા કરતી વખતે એ સમજીને જ પ્રતિજ્ઞા કરી હતી કે હું સાજી થઉં ત્યારે મને એકલી મૂકીને જ તમારે દીક્ષા લેવાની છે. આ જ જો સમજ હતી, તો હવે બીજો વિચાર કેમ કરાય ?

''પરંતુ મને લાગે છે કે તમને મારા વિચાર કરતા તમારો પોતાનો વિચાર નડે છે કે આવી પ્રેમાળ પત્નીને કેમ મારાથી છોડાય ? તમને મારા પરનો મોહ નડે છે.

''પરંતુ હવે તમારાથી મોહ કેમ રખાય ? હું તો તમને તે વખતે પ્રતિજ્ઞા કરતાં જ રોકતી હતી કે પ્રતિજ્ઞા ન કરો, તમને મને સાજી જોઈને મારા પર મોહ નડશે, અને તમે પ્રતિજ્ઞા નહિ પાળી શકો, છતાં તમે પ્રતિજ્ઞા કરી, તો ખેર, પણ હવે તમારાથી મારા પર મોહ રાખી શકાય જ નહિ. માટે ઊઠો, ચારિત્ર લેવા ઊભા થાઓ,

''ક્ષત્રિય બચ્ચા લડાઈમાં જવાનું થાય ત્યારે કેવા મોહ મૂકીને જાય છે ? ત્યારે જ તો એ જીવલેણ યુદ્ધ ખેલી શકે છે. મોહ હોય તો તો મન ડગમગ રહે કે 'મારાથી મરાય કેમ ? પેલીનું શું થાય ?' પરંતુ મોહ મૂકીને જાય છે માટે જ ખૂનખાર જંગ ખેલી શકે છે. ત્યારે, એ મોહ મૂકે છે ત્યાં તો સામે મૃત્યુનો સંભવ છે, છતાં મોહ મૂકે છે ! તો અહીં તો તમે મારો મોહ મૂકી દો એમાં તો કાંઈ મરવાની વાત નથી, જીવતા રહીને ચારિત્ર લેવાની વાત છે કે જે ચારિત્રમાં



આત્માનાં અનંત કલ્યાણ સંધાય છે ! પછી મારો મોહ મૂકી દેવામાં સંકોચ શો ?''

આ કેવીક કલ્યાણ પત્ની ! પોતે કાંઈ પતિને પ્રતિજ્ઞાથી પાડતી નથી, પાડવા ઈચ્છતી નથી. એ તો પતિ સ્વયં પડવાનું કરે છે અને તે પણ પત્ની પરના અથાગ રાગના લીધે. એટલે તો એ જો ચારિત્ર ન લે અને સંસારમાં રહે, તો પત્નીને દુન્યવી દૃષ્ટિએ ઘી-કેળાં થાય એવું છે. છતાં એનું બન્ધુમતીને લેશ પણ પ્રલોભન લાગતું નથી. એમાં બે મુખ્ય કારણ છે,

**પતિ ઘરે રહેવામાં બંધુમતી કેમ ન લલચાઈ ?**

આનાં આ કારણો વિચારી શકાય,

(૧) એક તો પોતે જીવલેણ રોગમાંથી બચી જીવતી રહી એનો માથે ભાર છે.

(૨) બીજું એ, કે પતિ (૧) પ્રતિજ્ઞા તોડે અને (૨) સંસાર ભોગવે એ બે જાલિમ પાપની એમને પરલોકે દુર્ગતિમાં ભયંકર સજા ભોગવવી પડે ! એની પતિ પર ભારોભાર દયા આવી જાય છે.

આમાં પહેલી વાતમાં, પોતે જીવતી રહી એ પતિના ચારિત્ર નિર્ધારના પ્રતાપે; તેથી એ ચારિત્રના ઉપકારનો ભાર માથે રાખી સમજે છે કે એના ઉપકારના બદલામાં પતિને ચારિત્ર આવવું જ જોઈએ; પછી એને આઘું મૂકી પોતાને મળતાં સાંસારિક સુખમાં એ શાની લોભાય ?

આજે આપણે કોઈ જીવલેણ અકસ્માત્ કે રોગથી બચી ગયા હોઈએ તો એ આપણા પુણ્યનો પ્રભાવ છે, એટલે કે એ પુણ્ય ઊભું કરી આપનાર પૂર્વના ધર્મનો પ્રભાવ છે, તો હવે ધર્મ સુરક્ષિત રાખવાનો ભાર માથે ખરો ?

**પૂર્વના ધર્મથી અહીં રક્ષણ મળ્યું તો હવે ધર્મને સુરક્ષિત રાખવાનો.**

આ રીતે જો વિચારાય તો આજના રીક્ષા-સ્કૂટર-મોટર હાંકનારની બેફામ હાંકવાની રીતરસમમાં આપણે આપણા પુણ્યથી જ કેટલીય વાર બચી ગયા દેખાશે; એટલે એ પુણ્યની પાછળના ધર્મનો આપણા પર કેટકેટલી વાર જીવતદાનનો ઉપકાર વરસ્યો ગણાય ? એ ઉપકારોનો ભાર માથે ખરો ? જો એ ભાર માથે હોય તો કૃતજ્ઞતાની રૂએ પણ ધર્મમાં કેટલું લાગવું જોઈએ ? તો શું એમ માનો છો કે અહીં સારી સ્થિતિ પૂર્વના પાપથી મળી છે ? ના,

**જો પૂર્વના ધર્મથી મળી છે, તો હવે આગળ સારી સ્થિતિ શું અહીંના પાપથી મળશે ?**

(૨) બંધુમતીની બીજી વાત, કે પતિ પ્રતિજ્ઞા ભાંગીને દુર્ગતિમાં ન પડે એની દયા ખાઈ રહી છે. એના પરથી આ બોધ લો છો ખરા કે કુટુંબમાંથી કોઈ વૈરાગી થયું હોય તો 'હવે આપણા અંતરાયથી એનો વૈરાગ્ય તૂટી સંસાર ખેડતાં

અંતે એ દુર્ગતિમાં ન પડે' એની દયા આવે ખરી ? માનો કે પત્ની કે પુત્રાદિને એટલો મોહ ન હોય, તો એને એવા મોહક અને રાગવર્ધક બોલ બોલીને પિક્ચરો દેખાડીને એનો મોહ વધારવામાં આવે, તો એ એને દુર્ગતિમાં પાડે ! ત્યાં એની કેવી ભયંકર દુર્દશા થાય ! એની દયા આવે ખરી ?

**કુટુંબીને મોહ વધારી એને દુર્ગતિ થાય, એની દયા કેમ નથી આવતી ?**

વાત આ છે, કે મૂળ પાયામાં આટલો ઊંચો માનવજન્મ અને જૈનશાસન મળ્યાની કદર નથી, કિંમત નથી, અને એટલે જ જીવનમાં જેવી સંસારવૃત્તિ મુખ્ય છે એના બદલે એવી ધર્મવૃત્તિ મુખ્ય નથી. એટલે જ અનાર્યના, વસવાયાના કે નાસ્તિકના ખેલ ખેલાય છે.

**પતિ ચારિત્ર લે છે : પત્ની પણ :-**

બંધુમતીએ ઉપકારના અને દયાના બંનેના ભાર માથે રાખ્યા છે. તેથી પતિને પ્રતિજ્ઞા-ભંગનું પાપ ન કરવા દેવા અનેક રીતે સમજાવીને ચારિત્ર માટે ઉત્સાહિત કરે છે, અને અંતે પતિ ચારિત્ર લે છે; પછી તો બંધુમતી પણ શું કામ ઘરમાં બેસી રહે ? એય ચારિત્ર લઈ લે છે. સવાલ આ છે,

**બંધુમતી કેમ ચારિત્ર લે છે ?**

'હવે પતિ ઘરમાં છે નહિ, મારે એકલા રહીને શું કરવાનું ?' તેથી ચારિત્ર લે છે એમ સમજતા નહિ. એ તો એમ સમજે છે કે 'પોતે અસાધ્ય રોગમાં મરી ગઈ હોત તો માનવજન્મનો એકમાત્ર અર્ક સાર ચારિત્ર, એ બીજે ક્યાં પામવાની હતી ! પણ હવે જો જીવતી રહી છું અને પતિનું બંધન હવે રહ્યું નથી, તો

**શા માટે માનવજન્મનો સાર ચારિત્ર પામ્યા વિના જનમ એળે ગુમાવવો ?**

**મહાપાગલ કોણ ? :-** આ જો સમજો તો સંયોગ અનુકૂળ બનાવી ચારિત્ર પામવાની ભારે તાલાવેલી રહે. બોલો, આ ચારિત્ર લેવાની તાલાવેલી છે ને ? અરે ! ચારિત્ર નથી લઈ શકાતું તો પણ

**માનવ જનમનો સાર ધર્મની ભરપૂર કમાણી,**

એ ભરપૂર ધર્મકમાણી કરી લેવાની રાત ને દિવસ તાલાવેલી રહે છે ખરી ?

કોઈ પાગલ બની ગયેલાને પહેલેથી બીડી પીવાની આદત હોય ને રસ્તા પરના કાગળિયાં લઈ લઈ એમાં ઘાસ ભરી ભરી, કે બીજાં કાગળિયાં ભરી ભરી બીડી વાળીને સળગાવી ફુંકવાનું કરતો હોય, હવે એના હાથમાં દસ લાખ રૂપિયાની પ્રોમીસરી નોટ આવે, તો એ પાગલ શું કરે ? કહો, એની માંહી પણ એ ઘાસ ભરી બીડી બનાવીને ફુંકી જ મારે ને ? કારણ ? એ પાગલ છે એને નોટની કિંમત નથી.'જેવા બીજાં કાગળિયાં, એવી આ નોટનું કાગળિયું,' એમ એને લાગે છે. એમ,



**અહીં ઉચ્ચ ધર્મ-સામગ્રીરૂપે આર્ય જૈન માનવદેહ વગેરે પુણ્યાઈ મળી, તો એનો પાપસામગ્રીની જેમ પાપમાં જ ઉપયોગ કરાય એ પાગલના ખેલ કે બીજું કાંઈ ?**

પેલા પાગલને મળેલી દસ લાખની પ્રોમીસરી નોટનો ઉપયોગ એ વટાવીને દસ લાખ રૂપિયા કરી લેવાનો નહિ, કિન્તુ બીજા કાગળિયાની જેમ બીડી બનાવી ફુંકી મારવાનો ઉપયોગ ! એમ આ પાગલને મળેલ આર્ય જૈન માનવદેહ વગેરેનો ઉપયોગ ભરપૂર ધર્મ કમાણી કરી લેવાનો નહિ, કિન્તુ બીજા પશુના કે અનાર્ય માનવના દેહની જેમ એકલા પાપાચરણ અને પાપકમાણી કરવાનો જ ઉપયોગ ને ?

**બેમા કયો પાગલ ચડી જાય ?**

દસ લાખની પ્રોમીસરી નોટનો બીડી બનાવી ફૂંકી મારનારો ? કે આર્યજૈન માનવદેહનો અનાર્ય માનવની જેમ પાપાચરણમાં ઉપયોગ કરનારો ? બેમાં મહા પાગલ કોણ ?

બંધુમતી જીવલેણ રોગથી બચી ગઈ છે એટલે એ જુએ છે કે

**મોતથી બચી ગઈ જીવતી રહી છું તે પાપ પોષવા માટે નહિ; કિન્તુ પૂર્વનાં પાપોને તપથી શોષી નાખવા માટે અને નવા પાપો ચારિત્રથી બંધ કરવા માટે જીવતી રહી છું.**

અને પતિનો અંતરાય હવે દૂર થઈ ગયો છે તો હવે ચારિત્ર જ લઈ લઉં.'

આમ બંધુમતી ચારિત્ર લઈ સાધ્વી થઈ. આર્દ્રકુમારનો જીવ એનો પતિ તે સાધુ થઈને ગુરુ મહારાજની સાથે વિચરે છે, ગુરુસેવા, ચારિત્રની ચર્યાઓ, જ્ઞાન-ધ્યાન, ત્યાગ-તપ વગેરેમાં ઉજમાળ રહે છે. પરંતુ એકવાર એવું બની આવે છે કે પોતે એક નગરમાં ગુરુ સાથે આવ્યા છે, ત્યાં પત્ની બંધુમતી સાધ્વી પણ પોતાની ગુરુણી સાથે આવી છે. એ અહીં આચાર્ય મહારાજને વંદન કરવા આવે છે, ને એ પતિ મુનિની નજરે ચડી જાય છે. બસ, ખલાસ ! મુનિ વિહ્વળ બને છે.

નિમિત્ત કેવું ખતરનાક કામ કરે છે !

મુનિ એ પત્ની સાધ્વીને જોતાં મોહમુગ્ધ બને છે. મનમાં એના પ્રત્યેનો પૂર્વરાગ જાગતો થઈ જાય છે ! **સૂડી વચ્ચે સોપારી.** સોપારીથી આ બાજુ ય ન ખસાય, ને બીજી બાજુ ય ન ખસાય; એવી દશા મુનિની થઈ,

ચારિત્ર મુકાય એવું નથી, અને પત્ની પરનો રાગ ભૂલાતો નથી,

તેથી રાગમાં દૂબળા પડતા જાય છે, શરીર શોષાતું જાય છે, ફિક્કું પડતું જાય છે. કામની દશા વિટંબણા શાસ્ત્ર કહે છે. એમાં પરાકાષ્ઠાએ મોત છે. મોત ન થાય ત્યાં સુધી શરીરે ઘસારો પડે છે, શરીરે ફિકાશ આવતી જાય છે.

**પતિમુનિ-પત્નીસાધ્વીનો સંવાદ :-**

કેટલાક દિવસ પસાર થયા પછી પતિ-મુનિની આ દશા જોઈ એ બંધુમતી સાધ્વી મુનિને પૂછે છે કે

'તમે કેમ દિન પ્રતિદિન દૂબળા પડતા લાગો છો ? કેમ કાંઈ વ્યાધિ છે ?'

મુનિ કહે 'ના રે ના, બીજી વ્યાધિ તો કશી નથી; માત્ર તમારા પરના રાગની વ્યાધિ છે'

સાધ્વી પૂછે 'તો ચારિત્ર હોંશથી નહિ લીધેલું ? ચારિત્ર લઈને આ રાગને જ સાચવવાનું કામ રાખ્યું છે ?''

મુનિ કહે, ''ના, એવું કશું નથી. ચારિત્ર હોંશથી જ લીધું છે, હોંશથી પાળું છું, અને તમને યાદ પણ નથી કરતો, પછી ચારિત્રમાં તમારા પર રાગ પોષવાની વાતે ય શી ? આ તો માત્ર હમણાં જ તમને જોયા એટલે તમારા પર રાગ ઊભરાયો છે, અને એ કેમેય શમતો નથી.''

સાધ્વી કહે ''પણ એટલો વિચાર તો કરો કે આ રાગ રાખીને શું વળવાનું ? રાગ ક્યાં સુધી રાખી શકશો ? બહુ તો આ જીવનના અંત પર્યંત. પછી તો મૂકવો જ પડશે ને ? તો બહેતર છે કે રાગ અત્યારે જ કાં ન મૂકી દેવો ? અને જુઓ તો ખરા કે વીતરાગ પર રાગ ક્યાં ઓછો કરવાનો છે ? પૂરો રાગ કરવાનો છે.

**વીતરાગ પર પૂરો રાગ કર્યો પછી રાગ બાકી જ ક્યાં રહે છે કે બીજે એ પાથરી શકાય ?**

માટે વીતરાગ પર રાગ વધારી દો, વીતરાગ પરના રાગને અનન્ય રાગ બનાવી દો, તો આ રાગ છૂટી જશે.

મુનિ કહે ''બધું સમજું છું, પણ જ્ઞાનીઓ કહે છે ને ? કે **विचित्रा खलु मोहपरिणतिः** મનને સમજાવ્યા છતાં આ રાગ ખસતો નથી.''

છેવટે સાધ્વીજી કહે છે ''છતાં હજી પ્રયત્ન કરો, અપ્રશસ્ત રાગ તોડનાર પૂર્વ પુરુષોને યાદ કરો, રાગ છૂટી જશે.''

સાધ્વી કહીને તો ગઈ, અને મુનિના મનને ગડમથલ પણ ચાલુ છે, છતાં રાગ ખસતો નથી એટલે વધુ ફિક્કા બનતા જાય છે. હવે સાધ્વી જુએ છે કે 'મુનિને રાગ ઘટતો નથી, ને દૂબળા પડતા જાય છે, તો આમાં હવે શું કરવું જોઈએ ? જ્ઞાનીઓની વાણી સાચી છે કે આત્મામાં ઊઠતી મોહની પરિણતિ વિચિત્ર હોય છે. કેમકે



**વિચિત્ર મોહની પરિણતિ પછી પુરુષ, જાત, ઉંમર, બોધ, ધર્મ,...વગેરે કશાને ગણકારતી નથી.**

**નંદીષેણ મહામુનિ** મહાલોખંડી સાધુ-પુરુષ હતા. દેવીએ ચોક્ખું કહેલું કે 'તમારે નિકાચિત ભોગાવલિ કર્મ બાકી છે માટે હમણાં દીક્ષા ન લો; નહિતર દીક્ષાથી પડશો.' ત્યારે મુનિ ગભરાયા નહિ ને પાછા ન પડ્યા, પણ દેવીને સંભળાવી દીધેલું કે

**''કર્મ મને મારા ચારિત્રને શું તોડી શકવાના હતા ? ભગવાને કહેલા ત્યાગ-તપથી કર્મોને હું તોડી નાખીશ''**

એમ કહીને નંદીષેણે દીક્ષા લઈ લીધેલી; પણ પછીથી મોહનો ઉદય જાગવા માંડ્યો, મનમાં વિચારો ને વિકારો જાગવા માંડ્યા, અહીં પૂછવાનું મન થાય કે,

**પ્ર.-** મુનિનું મન તો જ્ઞાન-ધ્યાનમાં લીન હોય પછી એમાં મોહના વિચાર કરવાને જગા જ ક્યાં હોય ? વળી તપસ્યાઓ કરે એમાં તો વાસના-વિકારો શાંત પડતા જાય, એટલે પણ મોહના ઉદય શું કરી શકે ?

**ઉ.-** માટે તો કહેવાય છે કે 'મોહની પરિણતિ વિચિત્ર છે.' વિચિત્ર એટલે આરાધક પુરુષને અને એની આરાધનાને હિસાબમાં ન લેખે, અને આત્મા પર ચડી બેસે ! પુરુષ ગમે તેવો લોખંડી મનનો દૃઢ નિશ્ચયવાળો પ્રાણના ભોગે પણ કર્તવ્યને નહિ છોડવાનાં નિર્ધારવાળો, છતાં એવાના પણ ચિત્તને ચલવિચલ કરી નાખે એવી આ મોહની વિચિત્ર પરિણતિ છે ! એ એની ઊંચી આરાધનાને પણ વિસાતમાં નથી લેખતી ! નહિતર આરાધના તો એટલી બધી ઊંચી છે કે એમાં બીજા આત્માઓ ઘણા ઘણા ઊંચે ચડી ગયા છે. દા.ત. અહીં જ જુઓ,

નંદીષેણ મુનિ મોહનો ઉદય જાગવા માંડ્યો રાગાદિ વિકારો ફરકવા માંડ્યા, એટલે એમણે તપસ્યાનું જોર વધારી દીધું, અને પારણે ત્યાગનું જોર વધારી દીધું. છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ વગેરે તપસ્યાઓ આદરી; પારણે પણ વિગઈઓના લુખ્ખું સૂક્કું વાપરવાનું રાખ્યું; કેમકે નિર્ધાર હતો કે 'તોડી નાખીશ કર્મોને ! આવી કઠોર તપસ્યાઓ અને ત્યાગની આગળ મોહ શું કરી શકે ?'

**તીર્થંકર ભગવાન પણ રાગાદિના ફૂરચા ઉડાડવા ત્યાગ અને તપ આદરે છે !**

**ત્યાગ-તપથી તો મોહના ને કર્મોના ફુરચા ઊડે છે.**

માટે તો તીર્થંકર ભગવાન જેવા સંસાર ત્યાગ કરી સંયમ સાથે ઘોર તપની આરાધના કરે છે. એ કરીને એમને કશી દેવતાઈ વિષયસુખો લેવાની કે અહીં મોટા ખાનપાન લેવાની આકાંક્ષા નથી. એમને તો માત્ર રાગાદિ મોહના અને કર્મોના ફૂરચા ઉરાડવાની જ તમન્ના તત્પરતા છે; અને ખરેખર એ કાર્ય એમને

સિદ્ધ થાય છે. પૂછો,

**ત્યાગ-તપથી મોહના ફુરચા શી રીતે ઊડે ?**

ત્યાગમાં રસોના ત્યાગ કર્યા અને લુખ્ખું વાપરવા લીધું એટલે રસના રાગ પર પ્રહાર પડ્યો. એવું લાંબા વખત સુધી ચાલ્યું એટલે રાગ પર પ્રહારો પડતા જ જવાથી રાગ જર્જરિત થઈ જાય એમાં નવાઈ નથી.

**ઈષ્ટ વસ્તુ મળે છે છતાં લેવી નથી એટલે એના રાગને ઘા પડ્યો જ.**

એટલે જ આ ધ્યાનમાં રાખવાનું છે કે તપ તો સારો કર્યો પરંતુ પછી જો પારણે ઈષ્ટ રસ ઉડાડ્યા, તો તપ વખતે તો રસના રાગને પોષાવાનું ન મળ્યું પરંતુ પારણા વખતે રાગને રસની ઉજાણી મળી ! એટલે સમજો કે રસનો રાગ વિગઈઓનો રાગ પગભર થઈ ગયો. માટે જ આ ધ્યાનમાં રાખવાનું છે કે

**તપમાં ભલેને વર્ધમાન આંબેલ તપ કરી લુખ્ખા ખાધાં, પરંતુ જો પારણે ઘી-કેળા ઉડાવ્યા, લગભગ બધી ય જાતના રસ ઉડાવવાના લહાવા લીધા, તો સમજી રાખો કે રસના મોહરૂપી દુશ્મનને સાલિયાણા મળ્યા !**

રસ જીવનો દુશ્મન છે. દુશ્મનને સાલિયાણાં મળે એટલે દુશ્મનના ટાંટિયા મજબૂત થાય. આ હિસાબે આયંબિલ ઓળીમાં ભલે લુખ્ખાં ખાધાં, પરંતુ પારણે રસની જાહોજલાલી કરી, તો રસના મોહના ફુરચા ન ઉડ્યા, પરંતુ મોહની બોલબાલા થઈ. આ હિસાબ છે,

**તપસ્યા પર પારણે ત્યાગ નહિ, તો આ દુશ્મનને એક ઠેકાણે તો ફાવવા ન દીધો, પરંતુ બીજે ઠેકાણે એને માથે બેસાડ્યો.**

**ત્યાગના આંતરામાં પણ ભોગ ભયંકર :-**

ઓળી વખતે રસના મોહને ફાવવા ન દીધો પરંતુ પારણા વખતે રસનો મોહ માથે ચડાવ્યો ! રાગ અને મોહ ચીજ એવી છે કે એમાં આંતરા પાડવા છતાં જો આંતરા પછી રાગ-મોહ અને મોહક વિષયો સાથે દોસ્તી કરી એનો સારો સમાગમ કર્યો, તો તે દૂબળા પડવાનું રહ્યું નહિ. ત્યાગના આંતરામાં પણ ભોગ ભયંકર છે.

બાકી જો 'તપના પારણે પણ રસની ઉજાણી નહિ ઉડાવવી' એ ધ્યાનમાં રહે તો રસના રાગના ફુરચા ઊડે. ત્યાગમાં જેમ મોહનો ક્ષય છે, એમ કર્મનો પણ ક્ષય થતો આવે છે.

ત્યારે તપથી પણ કર્મક્ષય અને મોહક્ષય થતો આવે છે, અલબત તપ કરવાનો તે શરીરને જરાય કષ્ટ ન પડે એ ધ્યાન રાખીને નહિ કરવાનો, નહિતર

**કાયાને કષ્ટ ન પડવાનું ધ્યાન રાખી તપ કરવા છતાં કાયાનો રાગ અકબંધ રહેવાનો.**

**નિરાશંસભાવના તપ આવા હોય કે એમાં જેમ દુન્યવી પદાર્થો અને માનપાનની આશંસા નહિ, એમ કાયાની પણ લષ્ટ-પુષ્ટતા સાચવવાની ઈચ્છા નહિ, કાયાને કષ્ટ ન પડવાની ઈચ્છા નહિ**

એટલે તપ કરતી વખતે કાયાને કષ્ટ પડે છે એની પરવા નહિ કરવાની; કિન્તુ કષ્ટ વધાવી લેવાની તમન્ના રાખવાની, કાયકષ્ટ વધાવવા દ્વારા કાયિકસુખનો રાગ પણ તોડવાની તમન્ના રાખવાની, આ એટલા માટે કે

**તપથી જેમ કર્મક્ષય કરવો છે એમ કાયાના મોહનો પણ ક્ષય કરવો છે.**

**બાહુબલમુનિ કેમ વર્ષભર કાઉસ્સગ્ગધ્યાને ? કર્મક્ષય-મોહક્ષય બંને માટે :-**

બાહુબલજી યુદ્ધભૂમિ પર સાધુ બની બાર મહિના સુધી અનશન એટલે કે આહાર-પાણીના ત્યાગ કરી કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા છે ! કાયાને કષ્ટ નહિ પડ્યા હોય ? કહો, જાલિમ કષ્ટ અનુભવ્યા છે; એટલે જ એમના એ નિરાશંસભાવના તપમાં કાયાના મોહના ફુરચા ઊડ્યા છે. હા, 'ચાલો ઉપવાસ તો કરીએ પરંતુ આખો દિવસ બેઠા બેઠા કે સૂતાં સૂતાં ઉપવાસ પૂરો કરશું' એવી ગણતરી રાખી હોય તો એવા ઉપવાસથી કર્મક્ષય તો થાય, પરંતુ કાયાનો રાગ ઘવાય નહિ, રાગ એમજ પોષાયો રહે, બાહુબળજીને વીતરાગ કેવળજ્ઞાની થવું છે, અને એ જુએ છે કે,

**'સૌથી મોટું રાગ-પાત્ર કાયા છે,**

**'એ કાયા પરના રાગ કાયાને કષ્ટ આપવાથી જ મોળો પડે;'**

ને તે એક બાજુ કષ્ટમય તપ આદરવાથી કાયાનો રાગ મરતો આવે, ને બીજી બાજુ કાયાને કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભી ને ઊભી રાખવાથી કાયાનો રાગ મરતો આવે. એટલે જ

**જો જો, તપ કરવા છતાં કાયાનો રાગ અકબંધ ઊભો તો નથી રહેતો ને ?**

**કદાચ કહેશો.**

**પ્ર.**- તપનું કષ્ટ ઉપાડ્યું એટલે એટલો કાયાનો રાગ તો દબાવ્યો જ ને ?

ઉ.- ના, તપ કર્યો એમાં આહારનો રાગ તો દબાવ્યો પણ

**તપ સુખપૂર્વક કરવો છે એટલે કાયાનો રાગ અકબંધ રાખ્યો**

**ધર્મ કરો તે આંતર નિરીક્ષણ સાથે કરો, કે હું એક રાગ દબાવીને બીજા રાગને પોષી તો નથી રહ્યો ?**

નહિતર, ખૂબી એ થાય છે કે માણસ તપ વિનાના દિવસોમાં સાંસારિક ઘણા કાર્યો કષ્ટથી કર્યે જાય છે, ત્યાં આરામીની ઈચ્છા નથી થતી, અને એક

ઉપવાસનો તપ કરે ત્યાં આરામીની કેમ ઇચ્છા થાય છે ?

**શું સંસારના કામો આરામી વિના કષ્ટ વેઠીને કરવાના ? ને ઉપવાસનો ધર્મ કષ્ટ વેઠ્યા વિના આરામીથી કરવાનો ?**

તપ કરવાની સાથોસાથ આ ખ્યાલ રાખવાનો છે કે જેમ સંસારમાં આરામી નહિ પણ કષ્ટ ઉપાડાય છે, તેમ ધર્મમાં પણ આરામી નહિ, કિન્તુ કષ્ટ ઉપાડવાનાં છે. એટલે તપ કરતાં આ ખ્યાલ રહે અને સ્વાધ્યાય કાયોત્સર્ગ વગેરેથી કષ્ટ વધાવી લેવાય, એટલા જ માટે તપમાં 'કદી ને મદી મિંયા ચાલ્યા નદી' જેવું નહિ, એક ઉપવાસ કરી પછી દિવસો કે મહિનાઓ સુધી તપને તાળું નહિ, કિન્તુ ઉપરાપર તપ કરતા રહેવું જોઈએ; તો જ કાયાને કષ્ટ પડવાથી કાયાનો રાગ ઘસાતો આવે. એટલે સમજો કે

**વારે વારે તપનાં કષ્ટ શા માટે ઉપાડ્યા ? તો કે કુટિલ કાયાના રાગને તોડતા રહેવા માટે.**

એટલે, જેમ વિગઈરસ-ત્યાગ રસના મોહના ફુરચા ઊડે એમ કષ્ટમય તપથી કાયાના મોહના ફુરચા ઊડતા આવે.

નંદીષેણ આવા કઠોર ત્યાગ-તપ આચરી રહ્યા છે હવે એમને મોહ નડે ? પરંતુ મોહની પરિણતિ વિચિત્ર છે, તે એટલું કરવા છતાં એમને મોહના વિકારો જાગે છે !

(૧) વિચિત્ર મોહની પરિણતિ લોખંડી પુરુષને ય ન ગણકારે ને એની ઉગ્ર આરાધનાને ય ન ગણકારે. એમ,

**(૨) મોહની વિચિત્ર પરિણતિ જાતિ-કુળને પણ નથી ગણકારતી.**

ઉત્તમ જાતિ ઉત્તમ કુળમાં જન્મેલા પણ કેટલાક વેશ્યાગામી બને છે. ત્યાં એના મનને એમ નથી થતું કે હું કેવી ઉત્તમ આર્યજાતિમાં આર્યકુળમાં જન્મેલો ? મારે તે વળી વેશ્યાગમન હોય ?'

અરે ! જો ઉત્તમ કુળનું હૈયે ગૌરવ હોય તો પરસ્ત્રી સામે આંખ પણ ન નખાય.

મનને થાય કે 'હલકા કુળના માણસો પરસ્ત્રીઓ જોયા કરે એમ ઉત્તમ કુળવાન હું ય પરસ્ત્રીઓ જોયા કરું ? તો તો પછી

અધમ-ઉત્તમ કુળમાં જનમવાનો શો ફરક પડ્યો ?

**અધમ કુળના ઢેડભંગી પણ પરસ્ત્રીદર્શનનું અધમ કામ કરે એમ શું ઉત્તમ કુળવાળા પણ પરસ્ત્રીદર્શનનું અધમ કામ કરે ?**

ના, છતાં કરતા દેખાય છે. એ મોહની વિચિત્ર પરિણતિ છે.



**(૩) વિચિત્ર મોહની પરિણતિ વયને પણ ગણતી નથી.**

પાકી ઉંમર થઈ ગઈ અને વરસોના વરસો મોહના ખેલ ખેલી લીધા, છતાં એમને કહો 'હવે ચતુર્થવ્રત બ્રહ્મચર્યવ્રતમાં આવી જાઓ' તો કહેશે 'સાહેબ માફ કરો એ બાબતમાં મારી નબળાઈ છે.'

નબળાઈની હદ ખરી કે પરસ્ત્રીઓ જોવાનું ય મુકાતું નથી ? આ આશ્ચર્ય નથી ? ''અલ્યા ! તેં આ જનમમાં પણ અત્યાર સુધીમાં કેટલી હજાર વાર પરસ્ત્રીઓ સામે આંખ મારી ? તો હજી ધરાયો નથી તે આ પાકટ ઉંમરે પણ એજ કામ ચાલુ રાખ્યું છે ? કોઈના દીકરા પરણે ત્યાં પણ 'આને કન્યા સારી રૂપાળી મળી' એવું મનમાં લાવે છે ?'' પરંતુ એ બિચારા શું કરે ? મોહની પરિણતિ વિચિત્ર છે. એ વયને પણ નથી ગણકારતી. આગળ વધીને

**(૪) વિચિત્ર મોહ-પરિણતિ ધર્મને ય નથી ગણકારતી.**

'હું જૈન ધર્મ પામ્યો છું. મારાથી આવાં આવાં અધમ કાર્ય ન કરાય; અસત્ય-અનીતિ-વિશ્વાસઘાત અને અધમ ધંધા અધમ ચેષ્ટાઓ મારાથી ન કરાય' એ વાત મન પર નથી આવતી. એનું કારણ પણ આ વિચિત્ર મોહની પરિણતિ છે.

એમ 'ધર્મ' એટલે કે દાન-શીલ-તપ, જિનભક્તિ, સાધુસેવા, જીવદયા વગેરે ધર્મ એ કોઈક જીવ સારી રીતે સાધતો હોય, છતાં એ ક્યારેક કોઈક અપકૃત્યમાં કેમ પડેલા દેખાય છે ? કારણ આ જ કે મોહની વિચિત્ર પરિણતિ છે. એ બળવાન પુરુષને ય ન ગણકારે ! ઉત્તમ જાતિ-કુળને ય ગણે નહિ ! વયને ય ન ગણે ! અને ધર્મને ય ગણકારે નહિ ! એવી વિચિત્ર હોય છે મોહની પરિણતિ !

**નંદિષેણ મુનિનો** સંયમ ધર્મ અને તપધર્મ કેટલો બધો જોરદાર હતો ? છતાં અજાણ્યે વેશ્યાના આંગણે ગોચરી ભિક્ષાર્થે જઈ ચડ્યા, ને ત્યાં ધર્મલાભ બોલે છે, ત્યારે,

વેશ્યા કહે છે ''મહારાજ ! ધર્મલાભને અમે શું કરીએ ? અમે તો વેશ્યા, અમારે તો અર્થલાભ જોઈએ. તમને એ ન આવડે એટલે ધર્મલાભ જ કહો'' અહીં જુઓ નંદીષેણ મુનિને મોહની વિચિત્ર પરિણતિ કેવી કે જાગી કે વેશ્યા સામે આ મુનિને અભિમાન બતાવવાનું મન થઈ આવ્યું ! તે વેશ્યાને કહે

''એટલે શું તું એમ સમજે છે કે સાધુ અર્થ લાભ કરાવી શકવાનું જાણતા નથી માટે 'ધર્મલાભ' 'ધર્મલાભ' બોલે છે ? લે જો...''

એમ કહી ત્યાં જમીન પરથી કે બાજુમાંથી એક તણખલું ઉપાડી લઈ એને આંખનો મેલ અડાડી આકાશમાં નાખ્યું ! ત્યાં આકાશમાંથી સાડાબાર ક્રોડ સોનૈયા વરસાવ્યા !

આ શું થયું ? મુનિને મોહની પરિણતિ નડી, અભિમાનની. અભિમાન એ મોહની પરિણતિ છે. એટલી બધી ઘોર તપસ્યા અને ઉચ્ચ કષ્ટમય સંયમનું પાલન કરનારા, તે પણ બીજી કોઈ લાલસાથી નહિ, કિન્તુ માત્ર કર્મોનો નાશ કરવા માટે. એમના કષાયો કેટલા બધા શાંત થઈ ગયા હોય ? કોઈ લાકડી ઠોકે તો એના પર રોષ ન કરે; કોઈ ગાળો દઈ જાય તો ય મનમાં અભિમાન ન લાવે કે 'હેં? તું મને ગાળો દે છે ?' એટલા બધા ક્ષમા-સમતા-લઘુતા-નમ્રતામાં ઝીલનારા ! એમને વળી અહીં અભિમાન આવ્યું ! કહો,

**મોહની પરિણતિ એવી વિચિત્ર છે કે એ ક્યારે જાગીને માણસને ન ફસાવે એનું કાંઈ કહેવાય નહિ.**

**માટે જ જીવે સદા સાવધાન રહેવા જેવું છે કે મોહની કષાયની પરિણતિ જાગે એવું જરા પણ નિમિત્ત ન આપવું.**

અહીં જુઓ, નંદીષેણ મહાત્માએ, વેશ્યાના કહેવાથી 'ઘર વેશ્યાનું છે' એમ જાણ્યું છતાં, તરત ત્યાંથી નીકળી જવું જોઈતું હતું. એમાંય વળી પેલી જ્યારે કહે છે કે 'અમે ધર્મલાભને શું કરીએ અમારે તો અર્થલાભનો ખપ;' ત્યારે જવાબ આપ્યા વિના જ પાછા નીકળી જવું જોઈતું હતું. એના બદલે જવાબ આપવા ઊભા રહ્યા કે 'અમે અર્થલાભ કરાવવાનું જાણીએ છીએ. પરંતુ આમેય દુનિયા અર્થ-કામની લાલસાની આગમાં સળગી તો રહી છે, એમાં વળી અમે અર્થલાભ કરાવી આગમાં ઘાસતેલ કાં હોમીએ ? બાકી તું સમજતી નહિ કે અમને અર્થલાભ કરાવવાનું નથી આવડતું માટે અમે ધર્મલાભ બોલીએ છીએ.'

આ બધું ભાષણ કોની આગળ ?

અર્થને જ ઈચ્છનારી વેશ્યા આગળ જ ને ? તેથી ભાષણથી શું સાધુનું ગૌરવ વધત ? અથવા શું વેશ્યા ધર્મ પામી જાત ? ને એ અર્થનો પૈસાનો મોહ છોડી દેત ? યા ઓછો કરી નાખત ?

અરે ! અમે તમને આ કહીએ છીએ કે 'શું કામ એકલા અર્થ-કામની પૂંઠે પડ્યા છો ?

**અર્થકામ તો આગ છે આગ ! એમાં સદ્‌ભાવનાઓ સળગીને સાફ થઈ જાય છે.**

આવું અમે તમને કહીએ એટલે તમે અર્થનો મોહ ઘટાડી નાખ્યો ? અથવા 'ક્યારે આ ગોઝારા અર્થની લક્ષ્મીની બલા છૂટે ?' શું એવી ભાવના થઈ ? ત્યારે જો તમારે આટલા ઉપદેશથી અર્થ-લાલસા છૂટવી સહેલી ન હોય, તો ઉપદેશથી વેશ્યાને છૂટવી સહેલી ? છતાં મુનિ એ ઉપદેશ આપવા ઊભા રહ્યા ! પાછું માત્ર



બોલીને ન પતાવ્યું પરંતુ સોનૈયાનો વરસાદ વરસાવી બતાવ્યો ! આ બધું શું ? મોહની વિચિત્ર પરિણતિ. ખૂબી જુઓ,

આંખના મેલથી સાડાબાર કરોડ સોનૈયા વરસાવ્યા એ આત્મલબ્ધિથી વરસાવી શક્યા. આ લબ્ધિ એમણે સાધેલ ત્યાગ તપ અને સંયમના બળે ઊભી થયેલી. ત્યારે એ ત્યાગ એ તપસ્યા કેટલા પ્રચંડ હશે ? અને તે તપ સંયમ પણ નિરાશંસ ભાવે સાધેલા આટલા બધા પ્રચંડ ત્યાગ તપ કરનારા, છતાં એમને અભિમાન નડ્યું કેમ ? કહો, મોહની પરિણતિ વિચિત્ર છે.

હજી આગળ જુઓ, વિચિત્ર મોહ-પરિણતિ કેવા પાડે છે ! પણ એટલું જોજો,

**જીવ ખોટાં નિમિત્ત સેવે છે તો જ એ મોહ માથે ચડી બેસે છે.**

અહીં વેશ્યાએ જોયું કે 'આ તો આપણને બહુ કામના માણસ છે. તેથી આમને અહીં જ જીવનભર માટે બેસાડી દેવા છે.' એટલે હવે જ્યારે મુનિ કહે છે,

''લે, ખબર પડીને કે સાધુ અર્થલાભ કરાવી તો શકે છે ? પરંતુ

**બળતામાં ઘી ન હોમવું માટે મુનિ અર્થલાભ નથી કહેતા નથી કરાવતા; અને બળતામાં પાણી છાંટવા રૂપ ધર્મલાભ કહે છે.**

લે બસ, ધર્મલાભ.'' એમ કહીને ચાલવા જાય છે, ત્યારે

**વેશ્યાની કુનેહબાજી :-**

વેશ્યા આડી ઊભી રહી કહે છે 'તે એમ ન જવાય, આ તમારો સોનૈયાનો ઢગલો લઈ જાઓ. અમે વેશ્યા ખરી, પરંતુ આર્ય દેશની, એટલે પ્રામાણિક, તે માલ આપ્યા વિના હરામના નાણાં ન ઉપાડીએ'

જુઓ, અહીં હવે મુનિએ ઊભા રહેવાની જરૂર નહોતી, કેમકે વેશ્યાનો કહેવાનો ભાવ એ હતો કે, 'અમારો માલ લો અર્થાત્ અમારી સાથે વિષયસુખ ભોગવો, પછી અમે નાણાં લઈએ; આવી જ્યાં રજૂઆત કરે ત્યાં હવે મુનિએ વાદવિવાદમાં ઊતરાય ? ના, પણ મુનિ એને સમજાવવા થોભ્યા, તે કહે છે ''તને શું ખબર નથી કે અમે સાધુ છીએ ? અમે તો પૈસાને અડીએ પણ નહિ; પછી લેવા-રાખવાની શી વાત ?'

ત્યાં તરત વેશ્યા આંખના મોંના ને અંગોના હાવભાવ સાથે વાત લંબાવે છે, ''પણ તો પછી એમ તો અમે પણ પ્રામાણિક વેશ્યા છીએ, તે માલ આપ્યા વિના પૈસાને અડીયે નહિ.' કહો, વેશ્યા કેવી ? તાલંબાજ વેશ્યા છે ને ? શું એને પૈસા નથી જોઈતા ? શું એ એમ ને એમ કોઈ ભેટ આપે તો ન લે ? લે જ, તો કેમ આમ બોલી રહી છે ? કહો, મુનિને સંયમમાંથી પાડી પોતાને ઘરે કાયમ માટે બેસાડી દેવા છે તેથી આમ બનાવટી બોલી રહી છે.

અહીં બ્રહ્મચર્યના મહાન ખપી મુનિએ જરાય જવાબ દેવાની કે ઊભા રહેવાની જરૂર હોય ? ના, છતાં મુનિ હસતાં હસતાં કહે "તારું પ્રામાણિકપણું રાખ તારી પાસે, અમે તો કંચન-કામિની બંનેના ત્યાગી; અમારે તો તું ય ન ખપે, ને પૈસા ય ન ખપે, ચાલ ખસ વચમાંથી, જવા દે મને."

**વેશ્યા પાડે છે :-** આ વેશ્યા એમ જવા દે ? એ ય હસતી ને હાવભાવ કરતી પડી મુનિના પગમાં; મુનિના બે પગ ઝાલી કાલાવાલા કરે છે, દયા કરો, હવે ક્યાં આ કષ્ટમય જોગ પાળશો ? રહો અહીં, હું તમારી જિંદગીભર સેવા કરીશ.'

મુનિને આમેય વિકાર જાગતા હતા, એમાં વેશ્યાના મુલાયમ બોલ, અંગના હાવભાવ, હાથના સુંવાળા સ્પર્શ, એ મળ્યા, પછી મોહ જોરદાર વિફરે એમાં નવાઈ છે ? મુનિ વિચારે છે કે "ત્યાગ-તપની વર્ષોની કાળી મહેનત છતાં મોહના વિકારો સતાવે છે, એટલે દેવીની વાણી અફર લાગે છે કે 'કર્મ ભોગવ્યા વિના નહિ ખસે."

**મુનિની વેશ્યાને ત્યાં રહેવામાં શરત :-**

એટલે વેશ્યાને મુનિ કહે, 'જો હું અહીં રહું તો ખરો, પરંતુ એક શરતે, રોજ દસ જણને ધર્મનો પ્રતિબોધ કરીને પછી જ ભોજન લઈશ.' મુનિએ કેમ આ શરત મૂકી ? કહો, એટલા માટે કે 'રોજ દસને પ્રતિબોધ કરવામાં એટલા વૈરાગ્ય ધર્મના બોલ બોલવાના થશે તો મારે જાગૃતિ તો રહેશે ?' ત્યારે એમના અંતરમાં સંયમ માટે ભાવ કેટલા ઝગમગતા હશે ? પ્રતિબોધ કરવાનો એટલે ? ધર્મની માત્ર શ્રદ્ધા કરાવવાની કે સામાન્ય ધર્મ પકડાવવાની વાત નહિ, કિન્તુ સંસારમાંથી ઊભો કરી દઈ સીધો દીક્ષા માટે નીકળી પડે એવો તૈયાર કરવાનો !

**નંદીષેણનો આત્મવિશ્વાસ કેવો જબ્બર ઊંચો ? :-**

વેશ્યાને ત્યાં આવનારા કેવા હોય ? સારા સદાચારી શાહુકાર ? કે એવા લફંગા માણસો ? એમને ઉપદેશથી દીક્ષા માટે ઊભા કરવાના ! ત્યારે પોતાની વાણી ઉપર અને પોતાના આત્મા પર કેવી શ્રદ્ધા કેવો આત્મવિશ્વાસ હશે કે 'આવાને પણ દીક્ષા માટે જરૂર ઊભા કરી દઈશ.'

આ આત્મ-વિશ્વાસ એટલા માટે કે પોતે જુએ છે કે "ભગવાનના શાસનનો પોતાને ચોળમજીઠનો રંગ લાગ્યો છે. 'જગતમાં સાર હોય તો પ્રભુની વાણી જ સારભૂત છે, વાણીએ કહેલ અહિંસા-સંયમ-તપ-દર્શન-જ્ઞાન-ચારિત્ર એજ સારભુત છે.' એવું પોતાને હાડોહાડ લાગી ગયું છે, રગ રગમાં પ્રસરી ગયું છે, રોમેરોમ વસી ગયું છે. એટલે આ આત્મવિશ્વાસ છે કે 'હું સામાને જરૂર ભગવાનની વાણી અને ભગવાને કહેલા દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ સામાને ગળે ઉતારી દઈશ." આવો



આત્મવિશ્વાસ એમ ને એમ નથી આવતો.

**જિનવચન અને જિનોક્ત-ધર્મ પોતાના અંતરમાં આરપાર ઊતરી ગયા હોય, શરીરના રોમે રોમ એનાથી ભાવિત થઈ ગયા હોય, રંગાઈ ગયા હોય, ત્યારે જ આ સામાને પમાડવાનો વિશ્વાસ આવે છે.**

**જિનવચન-ભાવિતતા જિનવચનના અમલથી આવે :-**

નંદિષેણ મહાત્માએ આ જિનવચનથી ભાવિતતા શી રીતે ઊભી કરી ? માત્ર હૈયાની શ્રદ્ધાથી નહિ, કિન્તુ જિનવચન-ભાવિતતા જીવનમાં રમતી કરીને, એનો અમલ કરીને કરી. એમણે ઓછા ત્યાગ તપ કર્યા છે ? ભયંકર ત્યાગ અને તપ આચર્યા છે ! એવા જોરદાર ત્યાગ અને તપસ્યાઓ ! કે જેના પ્રભાવે અંતરાય કર્મોનો ક્ષયોપશમ ઊભો થઈને અદ્ભુત લબ્ધિઓ ઊભી થઈ છે ! એમાંની એક લબ્ધિ આ વચન-લબ્ધિ છે, કે જેના પ્રતાપે, વેશ્યાને ત્યાં પતિત થઈને પોતે બેઠા છતાં, રોજના દસ જણને ઉપદેશ દઈને વિરાગી બનાવી સાધુ દીક્ષા લેવા મોકલે છે !! આ કલ્પનામાં નહિ આવે. પરંતુ આ મહાચમત્કારિક લબ્ધિઓ જિનવચનથી ભાવિત હૃદયે કરાતી સમ્યગદર્શનાદિની આરાધનાથી ઊભી થાય છે. તેથી એ આરાધનાઓનું મહા ફળ સમજી એ આરાધનામાં લાગી પડવું જોઈએ. એટલે આવા જબરદસ્ત ત્યાગ અને તપ કરનારા તથા એથી અદ્ભુત લબ્ધિઓ ઊભી કરી શકનારા ! એમને પણ મોહ નડી જાય ? અને તે પણ એમને વેશ્યાને ત્યાં બેસાડી દે એટલો બધો મોહ નડી જાય ? હા, માટે તો કહો, મોહની પરિણતિ વિચિત્ર છે,

એજ વિચિત્ર મોહપરિણતિ આર્દ્રકુમારનો જીવ જે પૂર્વભવે સાધુ, એના પર પોતાનો પ્રભાવ પાડી રહી છે !

**મહાપુરુષના પતનમાંથી પતનની સમજ ન લેવાય :-**

આ ઉપરથી એમ નથી સમજવાનું કે "આવા મોટા નંદીષેણ-મહાત્મા જે ઘોર ત્યાગ-તપસ્યા કરનારા છતાં, જો એમના જેવાને પણ મોહ-પરિણતિ પાડી દે, તો અમારા જેવાના શા ગજા ? પછી અમે પણ ગમે તેટલા ત્યાગ કરીએ તપસ્યાઓ કરીએ, કિન્તુ કોને ખબર એ અમને પણ ક્યારેક પાડી દે ? એટલે પછી એ ત્યાગ અને તપસ્યાઓ કરીને શું વળ્યું ? માટે આઘા જઈને પાછા પડવું એના કરતાં બહુ ત્યાગ અને તપસ્યામાં ન પડવું; ને સીધું સીધું ગાડું ચાલે એટલું કરવું સારું ને ?' આવી પડવાની સમજ નહિ લેવાની.

આ સમજ ખોટી છે. જોયું છે આપણે કે પહેલું તો

**નંદીષેણ પડ્યા તો ય એમણે પૂર્વે કરેલું નકામું ગયું જ નથી.**

એમણે તો કેઈ જનમના કર્મો અને અશુભ અનુબંધો તોડી નાખ્યા છે. ત્યારે

તો એમને અદ્‌ભુત લબ્ધિઓ ઊભી થઈ ગઈ છે, જેના પરિણામે વેશ્યાને ત્યાં બેઠા રોજ ૧૦-૧૦ જણને સંસારમાંથી ઊભા કરી દે છે. આ જેવી તેવી સિદ્ધિ છે ? પડવા પૂર્વેની સાધના આ નકામી ગઈ ? કે મહાફળદાયી બની ? એટલે એકવાર પડ્યા માટે પૂર્વે કરેલી ઘોર તપસ્યાઓ નકામી ગઈ કે પાળેલું સંયમ નિષ્ફળ ગયું, એવું ક્યાં છે ? આટલું નિશ્ચિત સમજી રાખવાનું,

**નિરાશંસભાવે કરેલ ત્યાગ-તપસ્યા-દાન, પરોપકાર, જિનભક્તિ સાધુસેવા અને વ્રત નિયમો નિષ્ફળ જતા જ નથી.**

**ક્રોધથી ક્રોડ પૂર્વના સંયમનું ફળ કેમ નાશ પામે છે ? :-**

**પ્ર.**- તો પછી એમ કેમ કહેવાય છે કે ક્રોધે ક્રોડ પૂરવતણું સંજમ ફળ જાય ? એમાં તો પૂર્વનું સંયમમાં કરેલું નકામું જ ગયું ને ?

ઉ.- ના, એ કહેવાનો અર્થ એ છે કે શુદ્ધ સંયમધર્મ પાળ્યા પછી એવો ક્રોધ કરે કે જેમાં પૂર્વે પાળેલા સંયમને પોતાના મનથી કિંમત વિનાનું બનાવી દે, ક્રોધના આવેગમાં સંયમની અનુમોદના ખોઈ નાખે; અને કોઈ કહે 'અરે ! તમે આટલું બધું સંયમ પાળનારા, આવો ગુસ્સો કરો છો ?' ત્યારે બોલે, 'સંયમ પાળ્યું એટલે શું ગુનો કરી નાખ્યો તે આવા હરામીનું સાંભળી લેવાનું ?' આમાં કેવો હલકો ભાવ છુપાયો છે ! 'સંયમ પાળ્યું એ કાંઈ બીજાથી દબાઈ જવા માટે નથી પાળ્યું. બીજા ચડીને આવે તો એને દબાવી દેવા માટે પાળ્યું છે;' આવો મલિનભાવ એમાં છુપાયો છે. આમાં સંયમ કરતાં ક્રોધનો ભાવ કિંમતી અને જરૂરી લાગ્યો છે.

**અગ્નિશર્મા** તાપસને શું થયું હતું ? આ જ કે લાખો પૂર્વોના માસખમણો પછી રાજા ગુણસેને પારણાનું આમંત્રણ આપ્યું, પરંતુ પારણાના દિવસે જ રાજાને સખ્ત શિરશૂળ ઊપડ્યું...પારણું ચુકાઈ ગયું...બીજું માસખમણ શરૂ થઈ ગયું, એનું ય પારણું પણ રાજાને દુશ્મન રાજા પર એકાએક ચડાઈ કરવાની તૈયારીમાં ચૂકાઈ ગયું ! હવે તાપસની ધીરજ ખૂટી રાજા પર ગુસ્સો ચડ્યો અને નિયાણું કર્યું. કે 'આ રાજાને ભવોભવ મારું !' આમાં ગુરુએ ગુસ્સો ન કરવા ખૂબ શિખામણ આપી; પરંતુ તાપસે ક્ષમા ન કરી, અને અબજોના અબજો માસખમણોનું ફળ બાળી નાખ્યું. કારણ ?

**ગુસ્સાના આવેગમાં પૂર્વના માસખમણો વખતની સમતા તથા તપની અનુમોદના વગેરે શુભ ભાવો જાણીને નષ્ટ કરી નાખ્યા.**

**'ક્રોધે ક્રોડ પૂરવ તણું સંજમ ફળ જાય.'**

કહ્યું તે આ હિસાબે કે ક્રોધ કરવા જતાં એનો આવેગ વધી જવાથી સંયમ વખતના સમતા-ક્ષમા-વૈરાગ્ય વગેરે શુભ ભાવો જાણીને નષ્ટ કરી નાખવામાં આવે



છે, પછી સંયમનું ફળ શી રીતે ઊભું રહે ? અરે ! તપની અનુમોદના ય નષ્ટ થાય છે; કેમકે હવે તપ પરથી લક્ષ ઊઠીને વૈર વાળવા પર જાય છે.

ત્યારે નંદીષેણ મહાત્મા પડ્યા ને વેશ્યાને ત્યાં, સંયમ મૂકીને રહી ગયા ! ત્યાં એમણે સંયમ-તપ પ્રત્યેનો આદર એટલો જ ઊભો રાખ્યો હતો; માટે તો રોજ દસને પ્રતિબોધ કરતા હતા, ને પછી જ ભોજન લેતા હતા. એમાંય મોકો આવ્યો કે તરત વેશ્યાને ત્યાંથી પોતે ઊભા થઈ ગયા ! એકવાર નવ બૂઝી ગયા છે, ને દસમો બૂઝતો નથી, તો વેશ્યા મશ્કરીમાં બોલે છે, 'દસમા તમે,' તો તરત ઊભા થઈ, રજોહરણ સાધુવેશ લઈ લીધો, ને સંયમ લેવા ગુરુ પાસે નીકળી પડ્યા ! આવા જંગે બહાદૂર નંદીષેણ પણ એકવાર પડ્યા હતા એ મોહની વિચિત્ર પરિણતિ કહેવાય. પરંતુ એમાં આ ખાસ જોવાનું છે કે એમણે ખોટું નિમિત્ત પકડ્યું હતું તો જ પડ્યા હતા. વેશ્યાનું ઘર જાણ્યા પછી તરત ત્યાંથી નીકળી જવું જોઈતું હતું, પરંતુ વેશ્યાના 'ધર્મલાભ નહિ અર્થલાભ જોઈએ' 'ના બોલનો જવાબ આપવા ઊભા રહ્યા, વળી ૧૨ાા ક્રોડ સોનૈયા વરસાવ્યા પછી પણ તરત ચાલી નીકળવું જોઈતું હતું, પરંતુ વેશ્યાને સમજાવવા થોભ્યા કે 'અમે તો સાધુ પૈસાને અડીએય નહિ.' વેશ્યા જેવી સ્ત્રી આગળ આ બધી સમજૂતીની પણ વાતચીત ખોટી. એમાં વળી એ નખરા કરે, હાવભાવ કરે, ત્યાં ઊભા રહેવું એ પતનનું પ્રબળ નિમિત્ત ગણાય; અને ખરેખર એથી જ મુનિના સંયમના ભાવ પડી ગયા.

માટે જ આ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે **ખોટા નિમિત્ત સેવવા અને મન બગડે ત્યાં માનવું કે મારે મોહની વિચિત્ર પરિણતિ છે એ ખોટું.**

**વાસ્તવમાં ખોટાં નિમિત્તથી જ આઘા રહેવું જોઈએ** મહાત્મા નંદીષેણને નિકાચિત કર્મના ઉદયે મોહના વિકાર જાગતા હતા, પરંતુ ખોટું નિમિત્ત સેવતા નહિ ત્યાં સુધી મોહના ઉદયે પડ્યા નહોતા. પણ વેશ્યાને ત્યાં ખોટાં નિમિત્ત સેવતાં પડ્યા.

**સાધ્વીનું અનશન :-** અસ્તુ. આર્દ્રકુમારનો જીવ પૂર્વ ભવે સાધુ, તે પત્ની બંધુમતી-સાધ્વીજીને જોઈ રાગના ઉદયવાળા બન્યા. હવે દિન પ્રતિદિન ફિક્કા પડતા જાય છે, ત્યાં સાધ્વીએ જોયું કે, 'આ સમજાવ્યા સમજતા નથી, તેથી મારું અસ્તિત્વ જ નકામું છે, એટલે જો હું અનશનથી દેહ પાડી નાખું, તો પછી એમનો આ કાયા પરનો રાગ ઓસરી જશે.' એમ વિચારી એણે અનશન આદર્યું. સાધ્વીની સાધુના આત્મહિતની કેટલી બધી કાળજી ! પોતાના નિમિત્તે સાધુને રાગ થાય છે તો પોતે ખત્મ થઈ જવું સહી, પણ સાધુને રાગથી બચાવી લેવા, આ સાધ્વીની સાધુ પર ભાવદયા હતી, અને ખરેખર સાધ્વી અનશનમાં કાળ કરી ગઈ !

આવા કલ્યાણસ્નેહી કેટલાને મળે ? આર્દ્રકુમારના જીવ સાધુને આ ખબર પડી કે 'સાધ્વીએ મારી ખાતર અનશન કરી પ્રાણ ગુમાવ્યા !' પોતાને ભારે પસ્તાવો થયો.

અહીં આર્દ્રકુમાર અભયકુમારે મોકલેલી જિનપ્રતિમા જોઈ ઉહાપોહમાં ચડ્યા છે ને જાતિસ્મરણ જ્ઞાન પામ્યા છે, એમાં આ જુએ છે કે પૂર્વે સંયમમાં પત્ની સાધ્વી પર રાગ કરી સંયમની વિરાધના કરી, તેથી હું દેવલોકના જન્મ પછી અનાર્ય દેશમાં પટકાયો ! નહિતર રૂડું સંયમ પાળ્યા પછી તો આર્યદેશ-આર્યકુળમાં જન્મ મળે, ને જૈન ધર્મ મળે. ખેર, વિરાધનાથી અનાર્ય દેશમાં જન્મી પડ્યો પરંતુ ભાગ્યોદયે જાતિસ્મરણ જ્ઞાનથી જૈન ધર્મ અને સંયમની ખબર પડી, તો હવે મારે શું કરવાનું ?

**જૈન ધર્મને જાણ્યા પછી હવે કોઈ અનાર્ય દેશના બહાને પુરુષાર્થહીન બની બેસી રહેવાય નહિ, હવે તો ધર્મનો પુરુષાર્થ જ ફોરવવાનો.**

સંયમ યાદ આવ્યું એટલે સંયમનો સ્વાદ યાદ આવ્યો, સંયમનું મહત્ત્વ યાદ આવ્યું. મનને થયું કે,

**'જ્યારે સંયમ વિના મોક્ષ નથી, ને જન્મ-મરણના ફેરા મટે નહિ, તેમજ જ્યારે માનવભવ સિવાય બીજે સંયમ મળવાની શક્યતા જ નથી, તો પછી અહીં જો માનવભવ હાથમાં છે તો શા માટે મારે સંયમનો જ પુરુષાર્થ ન કરવો ?**

ભલે હું અહીં રાજાનો પાટવી કુમાર છું એટલે રાજ્ય મળે એમ છે, પરંતુ રાજ્યપાટથી મારા આત્માનું શું ભલું થવાનું હતું ? મોટું રાજ્ય ને ખજાના તથા રાણીઓ વગેરે તો મારે મૃત્યુ આવતાં મૂકી જ દેવા પડવાના, અને મારા આત્માને અહીંથી ચાલ્યા જ જવું પડવાનું, એટલે રાજ્યપાટ વગેરે મોહ-માયામાં પડી રહીને શું કરવાનું ? સંયમ સાધવાનું રહી જાય. માટે હવે એના માટે જ પ્રયત્ન કરવાનો.

આર્દ્રકુમારનો વૈરાગ્ય જળહળી ઊઠ્યો ! કેટલામાં ? દેખાઈ ગયું છે કે 'સંયમ સાધવાના પ્રતાપે દેવભવ અને પછી આ મનુષ્યભવ મળ્યો છે, તો હવે અહીં એ સાધ્યા વિના લાખેણો મનુષ્યભવ એળે કેમ જવા દેવાય ?'

આ સાંભળીને તમને મનમાં શું થાય છે ? કહેતા નહિ કે 'અમને પણ જો આવું જાતિસ્મરણ જ્ઞાન થઈ જાય, પૂર્વ ભવ યાદ આવી જાય તો અમને ય સંસાર અકારો લાગી સંયમ લેવાની ભાવના થઈ જાય,' આ ગણતરી જ ખોટી છે; કેમકે ભલે જાતિસ્મરણ જ્ઞાન નથી થયું, પરંતુ જ્ઞાનીનાં વચન પર શ્રદ્ધા તો છે ને ? તો જ્ઞાનીઓ સંયમને જ મનુષ્ય જનમનો સાર કહે છે.

**'મનુષ્ય જન્મ સંયમ માટે જ છે'**



આ વચન પર શ્રદ્ધા તો ખરી ને ? પછી જાતિસ્મરણ જ્ઞાનની રાહ જોવાની શી રહે ? તમે એ પણ વસ્તુ છે કે સંસારમાં શું સારભૂત દેખાય છે ? માલ-મિલકત ? દુનિયાનાં માનપાન ? સારું સારું ખાવાનું ? પત્ની પુત્રાદિ પરિવાર ? આમાનું શું સારભૂત લાગે છે ? ભૂલશો નહિ એક દિવસ બધું ઊડી જવાનું છે, અને એ રહે

**દુન્યવી માલ રહે ત્યાં સુધી પણ હૈયામાં કેટલા રાગ-દ્વેષના સંક્લેશ કરાવે છે ? એકે એક સંક્લેશની પાછળ તિર્યંચગતિનાં પાપ ઠમઠોક બંધાય છે, તેમજ એના અશુભ સંસ્કારોનો આત્મા પર ઢેર ચડતો જાય છે.**

આ જો ગંભીરતાથી મન પર લો, તો હમણાં સંસાર ભારે અકારો લાગીને એમાંથી ઊભા થઈ જવાનું મન થાય. આર્દ્રકુમારને જાતિસ્મરણ જ્ઞાનથી સંયમની મઝા યાદ આવી ગઈ, સંસારમાંથી ઊભા થઈ જવાનું મન થયું. એટલે એને વિચાર આવે છે કે 'પરંતુ સવાલ એટલો જ છે કે હવે અહીંથી છૂટવું શી રીતે ? હા, એક રસ્તો છે.'

**આર્દ્રકુમારની માગણી અને બાપનો નિષેધ :-**

આર્દ્રકુમાર આમ વિચારીને પિતાને કહે છે "બાપુજી ! મારે અભયકુમારને મળવા જવું છે, જેથી અમારે મૈત્રી ગાઢ બને. હું ત્યાં જાઉં એટલે એ પણ પછીથી અહીં આવે. આમ દોસ્તદારી મજબૂત બને, તો પછી અવસરે અન્યોન્યને ઉપયોગી થઈએ."

આર્દ્રકુમારના પિતા અનાર્ય દેશના તે આનું આર્યદેશમાં જવાનું કેમ સહન કરી શકે ? એ સમજે છે કે 'છોકરો જો આર્ય દેશમાં ગયો તો ત્યાંના આકર્ષણ એવાં છે કે એનાથી પ્રભાવિત થઈ જાય, તો તો ત્યાંથી પાછો અહીં આવે જ નહિ ?'

ભારતની સંસ્કૃતિની ખ્યાતિ પશ્ચિમના દેશોમાં ફેલાયેલી હતી; તેમજ આવા મિત્રાચારીના સંબંધમાં આર્ય દેશમાંથી માણસો સંદેશો લઈ જાય, એ પાછો ત્યાં સંદેશો કહેવા સાથે આર્ય દેશના ગૌરવ ગાય, એટલે પણ અનાર્ય દેશવાળાને લાગે કે 'ખરેખર આર્યદેશમાં જાહોજલાલી અદ્‌ભુત !' આ હિસાબે રાજાને ભય લાગ્યો કે 'દીકરો આર્ય દેશમાં જાય તો પાછો ન આવે તો ?' એટલે દીકરા આર્દ્રકુમારને પ્રેમથી કહે છે,

'ભાઈ ! ત્યાં આપણે જવાની જરૂર નહિ, અહીં બેઠા ભેટો મોકલાય, સંદેશા મોકલાય, એનાથી અભયકુમાર સાથે મૈત્રી-સંબંધ રહી શકશે. માટે ત્યાં જવાની વાત ન કરીશ'

આર્દ્રકુમાર સાંભળીને ઉદ્વિગ્ન થઈ જાય છે, અને બાપના નહિ મોકલવાના

નિર્ધારને સમજી જઈ મૌન પકડે છે. હવે જવાનો આગ્રહ દેખાડતો નથી, પરંતુ એના દિલને ચેન નથી. એ જુએ છે કે,

**આર્દ્રકુમારને ધર્મચિંતા :-**

'ક્યાં જૈનધર્મ અને એનું સૂક્ષ્મ અહિંસામય સંયમ જીવન ? અને ક્યાં આ ધર્મ-વિહોણો અનાર્ય દેશ ? જો મારે અહીં જ રહેવાનું હોય, તો તો અહીં તો જૈનધર્મની સામાન્ય આરાધના પણ ન થાય; કેમકે અહીં મંદિર નહિ, સાધુ નહિ, સાધર્મિક નહિ, કુટુંબમાં કે બહાર જૈનધર્મના કશા આચાર નહિ વિચાર નહિ, ત્યાં સામાન્ય ધર્મનું ય પાલન શું થાય ? પછી સંયમ-ધર્મની તો વાતે ય ક્યાં રહી ? તો હવે મારું શું થાય ?''

આર્દ્રકુમારને પૂર્વ ભવનો જૈન ધર્મ અને સંયમ-સાધના યાદ આવી જવાથી એને સ્પષ્ટ દેખાય છે કે **જૈન ધર્મની સાધના વિના માનવઅવતાર એ જનાવરનો જ અવતાર છે,** અને ઉત્તમ માનવભવ એળે જાય છે. એમાંય સંયમ-ધર્મની સાધના વિના લાખેણો મનુષ્ય-જન્મ વિષયોના નાદાન ખેલમાં ગુમાવવો, એ જેમાંથી ક્રોડો ઊપજે એવા આ ઉત્તમ ભવને એક ફૂટી કોડી ખાતર વેડફી નાખવાનું થાય છે.

એને હાડોહાડ લાગી ગયું છે કે

**માનવ જનમનું સંયમ-સાધના વિના બીજું કર્તવ્ય જ નથી.**

જેમ, દા.ત. મહામુશ્કેલીએ મળેલ સુવર્ણરસનું સોનું બનાવી લેવા સિવાય બીજું કર્તવ્ય જ ન હોય. ત્યાં એ સુવર્ણ રસને હાથપગ ધોવા અને વાસણ માંજી સાફ કરવામાં ઉપયોગ ન જ કરાય. એમ માનવ જનમનો ઉપયોગ પરિગ્રહ, આરંભસમારંભ અને વિષય-સેવનમાં ન જ કરાય.

મોટા મેઘકુમાર, ધન્યકુમાર, શાલિભદ્ર, ગજસુકુમાર, સગરચક્રવર્તી, સનત્કુમાર ચક્રવર્તી, વગેરે મહાસુખી પણ સંસારમાંથી કેમ એકાએક ઊભા થઈ ગયેલા ? આ જ હિસાબ પર કે **માનવ-જનમરૂપી સુવર્ણરસનો ઉપયોગ આરંભ-પરિગ્રહ વિષયસેવન રૂપી પાદ-ધોવણમાં ન જ કરાય.**

**બાપનો પેંતરો :-** આર્દ્રકુમાર ખિન્ન થઈને રહે છે. બાપ જુએ છે કે 'કુમારને ભારત-દેશમાં જવાની ના પાડી ત્યારથી એનો સીનો ફરી ગયો છે; એ ઉદાસ ઉદાસ થઈને રહે છે; તેથી કદાચ આ ખિન્નતામાં ક્યારેક અહીંથી ભાગી ન જાય ! માટે એને આનંદ મંગલમાં રાખવો જોઈએ.' એમ વિચારી રાજા કુમારની સેવામાં રાખવા ૫૦૦ સેવકોને બોલાવી કહે છે,

'જુઓ તમે હમણાં અહીં આપણે ત્યાંજ રહો અને કુમારને વાતોચીતો રમતગમત તથા સારાં ખાનપાન, મિજબાની, હરવું-ફરવું વગેરેથી ખુશી આનંદમાં



રાખો સાથે એટલું ધ્યાનમાં રાખજો કે ક્યારે ય પણ એને એકલો પડવા દેતા નહિ, તેમ બહાર ફરવા જાઓ ત્યારે પણ એને એકલો મૂકતા નહિ. તમારામાંના થોડા ઘણાય એની સાથે જ રહેજો.

''એનું કારણ એ છે કે એને ભારત દેશમાં જવાનું મન છે, ને મેં ના પાડી ત્યારથી એ ખિન્ન અને ઉદાસ રહે છે. તેથી જો તમે એને ક્યારેય પણ એકલો મૂકો તો સંભવ છે કે એ ખાનગી રીતે ભારત દેશમાં ચાલી જાય''

રાજાએ આર્દ્રકુમારની સેવામાં મૂકેલ માણસોને કારણ બતાવવા સાથે સમજ આપી દીધી; એટલે હવે એ સેવકોને અંતરમાં એ સમજી રાખીને આર્દ્રકુમારને મીઠી મીઠી વાતોચીતો ને રમતગમતો વગેરે વગેરેથી આનંદ મંગળમાં રાખવા પ્રયત્ન કરે છે.

કેવી મુશીબત છે ? આર્દ્રકુમારને સંસારથી છૂટવું છે, ને બાપને એને સંસારની લીલા-લહેરમાં જકડી રાખવો છે !

**આ જગતમાં ધર્મની ભાવના થવા છતાં પણ ધર્મ સાધવાનું કેટલું મોંઘું છે ?**

**ધર્મ સાધવાનું મોંઘું કેમ ?**

એટલા જ માટે કે સંસારના દલાલો એમાં આડખીલી કરવા માટે અંતરાય કરવા માટે સદા સજ્જ હોય છે. પાપનાં કામમાં કોઈ અંતરાય નહિ નાખે; 'બસ, તમારે ધર્મ કરવો છે ? અમે તમને નહિ કરવા દઈએ,' આ છે સંસારી કુટુંબીઓની સહજવૃત્તિ. એમાં પછી ધર્મમાં અંતરાય કરવામાં પોતાને કશો લાભ ન પણ હોય, છતાં જાણે ધર્મ પ્રત્યે કુદરતી સૂગ !

**આપણને ધર્મ પ્રત્યે સૂગ નથી ?**

આપણને ધર્મ તરફ સૂગ નથી એમ આપણને લાગે છે. પરંતુ તપાસવાનું એ છે કે પ્રસંગવિશેષમાં આપણને શું ધર્મ તરફ સૂગ નથી થતી ? દા.ત. આપણને ગેસની બિમારી લાગી છે, ખાવાની ભૂખ લાગતી નથી, ખાધેલું પચતું નથી, ગેસ થઈ જાય છે. ત્યાં આપણને કોઈ કદાચ એમ કહે કે

''ભાગ્યશાળી ! જુઓ તમારે આ બિમારી કેટલા ય વખતથી ચાલ્યા કરે છે. દવાઓ પણ લો છો. એની પાછળ પૈસા ય સારા ખરચાય છે. કિન્તુ હજી સારું થતું નથી. તો પછી વિચાર કરવા જેવો નથી લાગતો ? મને તો લાગે છે કે હવે તમે ત્યાગ-ધર્મ અને જિનભક્તિ સાધુ-સેવા તથા સામાયિકાદિ ધર્મરૂપી દવાનો ઉપયોગ કરો ને ?

**ધર્મથી દ્રવ્યરોગ ભાવરોગ બંને જાય.**

**'પૂર્વ ભવમાં ત્યાગ-તપ-જિનભક્તિની જ ખામી રાખી હોય તેથી અહીં આફત આવે છે. માટે ધર્મની દવા કરો'**

આમ તો આ સાંભળીને આપણને શું થાય ? શું ધર્મની વાત સાંભળીને આનંદ થાય કે 'વાત સાચી છે. પૂર્વ ભવે એવો ત્યાગ ધર્મ નથી કર્યો; ને અહીં પણ પહેલા જે તે જે તે ખાઈ ખાઈને પેટ બગાડ્યું છે, તો હવે એની દવા ત્યાગ ધર્મ જ હોય. વળી દવા-દારૂમાં પૈસા ઘણા ય બગાડ્યા, એના કરતાં ભગવાનની ભક્તિમાં હવે પૈસા લગાવવા દે,'

આમ સામેથી ધર્મની સલાહ આવે તો ત્યાં શું એના પર મન પ્રસન્ન થાય? કે એના બદલે મનને એમ થાય કે અહીં બિમારીથી મરી તો રહ્યા છીએ. એ વખતે ધર્મ કરવાની વાત લાવે છે? શરીર સારું થશે તો શું ધર્મથી થશે ? કે દવા દારૂથી ?'

જો આવો વિચાર આવે તો એમાં શું દવા દારૂ પર શ્રદ્ધા અને ધર્મ પર અરુચિ સૂગ નથી ? ભલે બધી વાતે ધર્મ પર સૂગ ન કરી એટલે આખા નાસ્તિક નહિ, પણ આવા કોક આફતના પ્રસંગમાં ધર્મ પર સૂગ આવી, તો અંશે નાસ્તિક ખરા કે નહિ ?

**આર્દ્રકુમારને ચિંતા :-**

આર્દ્રકુમાર આ વિચારી રહ્યો છે કે પિતાજીને ધર્મ પર આસ્થા નથી, એમને તો 'મારો દીકરો ખોવાઈ જવો ન જોઈએ.' એટલી જ ચિંતા છે, પછી 'આ દીકરાનું ધર્મ વિના પરલોકે શું થશે ? અહીંથી મરીને કેવી કેવી દુર્ગતિમાં ભટકશે ?' એની કશી ચિંતા નથી. એટલે એમને ચિંતા ન હોય, પરંતુ મારે તો મારી ચિંતા કરવી જ જોઈએ; અને એમણે હું ભાગી ન જાઉં એ માટે સેવકમંડળનો ચોવીસે કલાકનો પહેરો મૂક્યો છે. મને કહ્યું છે જો, આ સેવકો તારી સેવામાં રાખ્યા છે,' પરંતુ સેવામાં કેમ રાખ્યા છે એ હું સમજી ગયો છું. એ મારા માટે ફાંસલો છે. એટલે હવે મારે કુનેહથી મારો માર્ગ કાઢવો પડશે. એ માટે, અલબત જો કે સેવકમંડળ સાથે ગોષ્ટી વિનોદમાં કે એમની સાથે બહાર હરવા ફરવામાં મને રસ નથી, છતાં મારે એમાં ઉપરથી રસ દેખાડવો પડશે અને એમનો વિશ્વાસ સંપાદન કરવો પડશે કે આ તો આપણી સાથે ખૂબ હળી ગયો છે, બહુ રસથી આપણી સાથે વાર્તા વિનોદ કરે છે રસથી સાથે હરે છે ફરે છે, એટલે આ કાંઈ ભાગી જાય એવો નથી. આવો એમનો વિશ્વાસ બેઠા પછી, એમાં એમને ભરોસામાં રાખી પલાયન કરી જઈશ.'

**આર્દ્રકુમાર બહારથી શું કરે છે ? ને એને અંતરમાં શું છે ? :-**

બસ, એણે એ પ્રમાણે શરૂ કર્યું; સેવકમંડળ સાથે વાતોચીતો હસીને કરે છે, સાથે રમતગમત કરે છે, સાથે બહાર હરવા-ફરવા જાય છે. શું આર્દ્રકુમાર આ



બધું હૈયાના રસથી ને મનની હોંશથી કરી રહ્યો છે ? ના, હૈયામાં એક આંકડાનો રસ નથી, કે મનમાં લેશમાત્ર હોંશ નથી પણ દેખાય કેવું ? પૂરો રસ અને પૂરી હોંશ છતાં તે ઉપર ઉપરનો રસ અને હોંશ ! બાકી ખરેખર તો હૈયે એનો ઉદ્વેગ છે, મનને સુસ્તી છે, કેમકે આ બધી પ્રવૃત્તિમાં એ પાંજરે પૂરાયા પંખેરાના જેવો ફાંસલો સમજે છે.

સમકિતી જીવની સંસારમાં આ દશા હોય છે, એ ઘરવાસને ફાંસલો સમજે છે. જો એમાંજ જીવન પૂરું થઈ જાય તો આગળ દુર્ગતિના ભવોની મોટી જેલો દેખે છે.

**ત્યારે સંસારની લીલા-લહેરો શું છે ?**

**દુર્ગતિના ભવોની જેલોમાં પૂરાઈ જવાના ગુના જ છે.**

**આમ ઘરવાસને ફાંસલો સમજે, પછી એમાં મીઠાં મીઠા ખાનપાન કે ધીકતી કમાઈવાળા પણ ધંધા-ધાપામાં હૈયાનો રસ અને મનની હોંશ હોય ?**

**ધર્મી-અધર્મી વચ્ચે ફરક :-**

બસ, ધર્મી આત્મા અને અધર્મી આત્મા વચ્ચે આ ફરક હોય છે કે ધર્મી જીવને દુનિયાદારીમાં હૈયે રસ હોતો નથી મનને હોંશ નથી હોતી, એને તો રસ અને હોંશ ધર્મમાં જ હોય છે, ત્યારે ધર્મહીન માણસને દુનિયાદારીમાં જ રસ રહે છે હોંશ રહે છે. આ એક ફરક.

ધર્મી-અધર્મી વચ્ચે બીજો ફરક આ કે ધર્મી જીવને જ્યારે ખાનપાન-ધંધાધાપા વગેરેમાં એવો રસ નથી, હોંશ નથી, એટલે એની પાછળ, એ બેફામ હિંસા-જૂઠ આદિ પાપો નથી કરતો, અને બેફામ ક્રોધાદિ કષાયો નથી કરતો; ત્યારે અધર્મી જીવને એ ખાનપાનાદિ મોજ ધંધાધાપા-માલમિલકત વગેરેમાં જ રસ અને હોંશ રહે છે. એટલે એની ખાતર બેફામ પાપો અને બેફામ કષાયો કરે છે. એટલે જ

જ્યારે જ્યારે આપણને રૂડાં ખાનપાન ધંધાધાપા વગેરેમાં હોંશ આવે અને રસ રહે ત્યારે ત્યારે મનને કહેવાનું કે 'જો આ હોંશ અને રસ રાખીશ તો નાસ્તિક અધર્મી જીવો કરતાં મારામાં શો ફરક રહ્યો ?' વળી એ પણ વસ્તુ છે કે

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૧,અંક-૪૧/૪૨,તા.૧૬-૭-૧૯૮૩**

**અધર્મીને સારાં ખાનપાન-વિષયવિલાસ અને પરિગ્રહના ઢેર તથા સત્તા-સન્માનમાં જીવનની જાહોજલાલી દેખાય છે; ત્યારે ધર્માત્માને એમાં જીવનની બરબાદી અને ત્યાગ-તપ દાન-શીલ વગેરે ધર્મમાં જાહોજલાલી દેખાય છે, આ પરથી જાત માપો.**

આર્દ્રકુમારને પોતાના પિતા રાજામાં કશું ધર્મીપણું દેખાતું નથી એટલે જુએ છે કે 'પિતાજી રૂડાં ખાનપાન, સત્તા-ઠકરાઈ વગેરેમાં જ જીવનની જાહોજલાલી માને છે' પણ મારે કાંઈ આ પોષાય એવું નથી તેથી રસ્તો કાઢીશ.'

સેવકમંડળ સાથે મારી વાતોચીતો હરવું-ફરવું, મોજ-મજાહ વગેરે કરે છે પણ હૈયાના રસ વિના જ કરે છે. માત્ર માણસોને વિશ્વાસમાં લેવા હૈયાથી નહિ પણ બહારથી હોંશ અને રસ દેખાડે છે. એમાં જ્યારે બહાર ફરવા જાય છે ત્યારે ઘોડેસવારી પણ કરે છે, અને દૂર જઈ થોડીવારમાં પાછો આવી જાય છે. વળી બધાની સાથે બેસી વાર્તા-વિનોદ, ચોપાટબાજીની રમત, વગેરે કરે છે.

**આર્દ્રકુમારનો કિમિયો : પ્રભાતે ઘોડેસવારી :-**

અહીં આર્દ્રકુમાર વિચારે છે કે 'આ પ્રભાતે ઘોડેસવારીનો કાર્યક્રમ મારે અનુકૂળ છે ! કેમકે આમાં જ આ બધાને એવા ભરોસામાં લઉં કે એમને મારા ગુપ્તપણે ભાગી જવાના અવસરે એની એમને જરાય ગંધ જ ન આવે, અને એવા જ કોઈક મોકે હું ભારત જવા માટે પલાયન થઈ જાઉં.'

એટલે હવે એ રાજાએ મૂકેલા સેવકોની સાથે જ્યારે પ્રભાતે બહાર ફરવા જાય છે, ત્યાં આર્દ્રકુમાર પોતે ઘોડેસવારી કરતાં એ માણસોને છોડીને આગળ નીકળી અદશ્ય થઈ જાય છે; ત્યારે અહીં માણસોને શરૂ શરૂમાં તો શંકા પડે છે કે 'હેં ? આ કુમારસાહેબ ભાગી તો નહિ ગયા હોય ?' એટલે તપાસ કરવાની તૈયારી કરે છે, પરંતુ એટલામાં તો આર્દ્રકુમાર પાછો ઘોડા પર ચાલ્યો આવતો દેખાય છે, તેથી માણસોને ધરપત વળે છે. કે 'ના, ના, એ તો મોજમાં આગળ નીકળી ગયા હશે, તે મોજમાં ફરીને પાછા આવી ગયા. હાશ ! ચાલો નિરાંત.'

**'મોડું થવામાં આર્દ્રકુમારના બહાના :-**

આર્દ્રકુમાર પણ આવીને બોલે છે, 'આ જરા કુદરતી સુંદર અને ઠંડા પવનની લહેરીના વાતાવરણમાં ઘોડેસવારીની મજા આવી ! એટલે આગળ નીકળી ગયો. પરંતુ તમો લોકોને ચિંતા ન થાય એટલે જલદી પાછા વળવું પડ્યું. બાકી તો મજા કોઈ એવી ઓર હતી કે હજી પણ એથી આગળ ઘોડો દોડાવવામાં ભાન ન રહેત કે કેટલે આગળ નીકળી જવાયું,'

બસ, ચાલ્યું...આવું બીજે દિવસે, ત્રીજે દિવસે...અને આર્દ્રકુમાર હોશિયાર, તે રોજ રોજ આગળ નીકળી જઈ પાછો આવે પણ ૧૦ મિનિટ ૧૫ મિનિટ ૨૦ મિનિટ, એમ થોડા થોડો સમય વધારી પાછો આવે, ને આવીને જુદી જુદી તરેહના બહાનાં કાઢે છે ! જેમકે કહે,

**બહાનું બીજું :-** 'જો જો હોં કાંઈ બીજી ચિંતા કરતા નહિ. આ તો મારો



ઘોડો જરા તેજીલો અને સારો કેળવાયેલો છે, તે એની ગતિ જ કુદરતી વેગબંધ છે. એટલે પાછો વાળવા લગામ ખેંચતા-ખેંચતામાં ય કેટલો ય આગળ નીકળી જાય છે. એટલે પાછો વળવામાં જરા સમય લાગી ગયો.'

**બહાનું ત્રીજું :-** અથવા કહે, 'અરે યુવાનો ! આજ તો જ્યાં ઘોડાએ વેગ પકડ્યો ત્યાં આગળ એણે એક હરણિયું દોડતું દેખી એની પૂંઠ પકડી, એટલે મારે જોરથી લગામ ખેંચ ખેંચ કરવી પડી, ત્યારે આ ભાઈસાહેબ માંડ પાછા વળ્યા !'

**ઘોડેસવારીમાં બધાને સાથે :-**

અથવા કેટલીક વાર તો બધાને ઘોડેસવારીમાં સાથે લે, અને કહે 'દોડાવો દોડાવો ઘોડાઓને, આમ ઢીલા શું પડો છો ?' પણ પેલા બિચારા શું કરે ? કેમકે આર્દ્રકુમારનો ઘોડો તો જાત્યશ્વ, પાણીદાર અશ્વરત્ન, તે તો પવનના વેગે દોડ્યો જાય; ત્યારે પેલાઓના ઘોડા સામાન્ય અશ્વ, એ ક્યાંથી પેલાની સરસાઈ કરી શકે ? એમાં આર્દ્રકુમારનો ઘોડો બહુ આગળ નીકળી જાય, પરંતુ પછીથી આર્દ્રકુમાર પાછો આવી જઈ કહે, 'હું તો માનતો જ રહ્યો કે 'તમે બધા મારી પાછળ પાછળ ચાલ્યા જ આવો છો;' પણ પછી સહેજ પાછું વળીને જોયું તો ચમક્યો કે 'અરે ! આ તો હું એકલો પડ્યો ! ક્યાં છે પાછળવાળા ? આ તો હું ભ્રમણામાં જ કુટાયો !' પણ હવે તમને લોકોને ખોટી ચિંતા ન થાય એટલે ઝટપટ પાછો વળી આવ્યો."

**વિશ્વાસમાં લેવા ભેટની ચતુરાઈ :-**

આમ માણસોને વિશ્વાસમાં રાખીને આર્દ્રકુમાર થોડું થોડું વધારે આગળ નીકળી વધુ વિલંબે પાછો આવે છે. કુમાર પાછો એવો એ ચતુર છે કે માણસોને અલબત રાજા તરફથી તો મહેનતાણું મળે જ છે, પરંતુ વધારામાં આર્દ્રકુમાર પોતે પોતાના તરફથી અવારનવાર વિશેષ વસ્ત્ર ધાન્ય વગેરેની ભેટ કરે છે. એટલે પણ માણસો આર્દ્રકુમાર પર ખૂબ સદ્ભાવ અને બહુમાનવાળા બની રહી કુમાર પર પાકો વિશ્વાસ ધરનારા બનતા જાય છે.

જોજો અહીં આર્દ્રકુમારને આ મોજમજાહ અને વૈષયિક આનંદ-મંગળમાં કશો રસ નથી, એને તો રસ છે ભાગી જવામાં ! એટલે એક બાજુ માણસોને આંધળા વિશ્વાસમાં ચડાવી દે છે, અને બીજી બાજુ ખાનગી રીતે ભારતથી આવતા પ્રવાસીઓને ભારતની રીતભાત પૂછે છે, ભારતના રાજ્યો વિષે ને એના રસ્તાઓ વગેરે વિષે પૂછે છે એમ ભારતની જાણકારી વધારતો જાય છે. હવે જ્યારે એ જુએ છે કે માણસોને વિશ્વાસ જામી ગયો છે, એટલે ખાનગીમાં પોતાના અંગત માણસો પાસે દરિયાકાંઠે એક સારા વહાણની તૈયારી કરાવે છે. વહાણના ખલાસી તરીકે પણ બહુ હોશિયારને નક્કી કરાવે છે.

**આર્દ્રકુમાર ભાગે છે :-**

હવે જ્યાં આર્દ્રકુમારે જોયું કે પિતા રાજાએ પોતાની સેવામાં મૂકેલા માણસો પૂરા વિશ્વાસમાં આવી ગયા છે. ઘોડેસવારી કરતાં પોતે કલાક બે કલાક મોડો પાછો આવે તો ય માણસો તપાસ કરવા નીકળ્યા નથી હોતા, એટલા બધા એ કુમાર પ્રત્યેના વિશ્વાસમાં બેસી રહ્યા છે, એટલે હવે આર્દ્રકુમાર એક દિવસ ઘોડેસવારીએ નીકળેલો તે મારતે ઘોડે સીધો સમુદ્રતટ પર પહોંચી ગયો. સાથે પેલી પ્રતિમા અને કિંમતી ઝવેરાત રાખ્યું છે, સમુદ્ર-કિનારે અગાઉથી સૂચના કરી તૈયાર રખાયેલ વહાણમાં એ બેસી ગયો ! અને ખલાસીએ સંકેત મુજબ જોરમાં વહાણ હંકારી મૂક્યું ! અહીં આર્દ્રકુમારે છુટકારાનો દમ ખેંચ્યો કે 'હાશ ! અધર્મી અનાર્યદેશમાંથી છૂટ્યો ! હવે સંસારમાંથી છૂટવાનું સરળ થઈ જશે.' એના દિલને પારાવાર આનંદ છે. એવો આનંદ અત્યારસુધીમાં રાજાશાહી સમૃદ્ધિ અને સુખો તથા માતાપિતાના લાડકોડમાં નહિ અનુભવેલા. કારણ ?

પાંજરામાં પૂરાયેલ પંખેરાને ભલે મનગમતા ફળફળાદિ ખાવા મળતા હોય, સંગીત-વાજિંત્રના મધુર નાદ સાંભળવા મળતા હોય, પણ એને જો પાંજરામાંથી છુટકારો મળે અને આકાશમાં ઊડી જવાનું મળે, તો એને કેવોક આનંદ થાય ?

કહો, પારાવાર આનંદ ! પૂર્વના મજેનાં ખાનપાનાદિના આનંદને ટપી જાય એવો પૂર્વ કરતાં કેઈ ગુણો આનંદ થાય. કેમકે આ છુટકારામાં પાંજરાની કેદના બધા ભય અને બધી ગુલામીનો અંત આવે છે ને આકાશમાં હવે મુક્ત વિહાર કરવાનું મળે છે.

**પંખેરાને પાંજરામાંથી ઊડી જવાનો ખરો આનંદ, એમ સમકિતીને ઘરવાસમાંથી નીકળી જવાનો :-**

બસ, આ જ રીતે આર્દ્રકુમાર આ જુએ છે કે અનાર્ય દેશ મારે પાંજરા જેવો જેલખાના જેવો હતો, એમાં કેટલીય જાતના ભય વિટંબણા અને પાપોની ગુલામી હતી. ન ઈચ્છું તોય આ સંસારવાસ કાનપટ્ટી ઝાલીને મારી પાસે પાપો કરાવે. હવે છૂટ્યો એટલે જતે દહાડે સંયમ-જીવનમાં મુક્ત વિહાર મળશે ! તત્ત્વજ્ઞાનના અને ઉમદા અહિંસા-સંયમ-તપના ભાવોના આસમાનમાં જેટલું ઉડવું હોય એટલું ઊડવાનું મેદાન મળી જશે ! ચાલો, સોનેરી તક મળી ગઈ. હવે ખરેખરા આનંદનો પાર નહિ રહે.'

**સંસારમાં સાચો આનંદ કેમ નહિ ? :-**

વાત પણ સાચી છે કે ખાનપાન અને મનગમતી વિષય-સામગ્રીના ભોગવટામાં શા આનંદ છે ? ખાનપાનાદિ બધું મર્યાદિત જ મળે, ને મર્યાદિત જ ભોગવાય.



એનાં આનંદ પણ મર્યાદિત જ હોય. વળી એ આનંદ પણ કેવો ? ક્ષણિક જ, ક્ષણવાર આનંદ આવી ગયો એટલું જ, બાકી તો પૈસા અને વિષયોને લાવવા-વધારવા-સાચવવા વગેરેની ચિંતાની હોળી જ સળગતી હોય ! તટસ્થ રહીને જીવન તપાસો તો આ જ અનુભવ દેખાશે. સંસારી જીવન એટલે આધિ અને ઉપાધિની આગોનું જીવન. પૂછો,

**પ્ર.**- શું આધિ ઉપાધિ એ આગ છે ?

ઉ.- હા, કેમકે એ હૃદયને સતાવ્યા કરે છે, બાળ્યા કરે છે, ઉચાટ કરાવે છે. મહેલ-મહેલાત-પરિવાર વગેરે એ ઉપાધિ છે. એ રાખી બેઠેલા કોને એની ચિંતા નથી રહેતી ? આ ચિંતા એ શું શાંતિ છે ? કે અશાંતિ ? એ સચિંતતા છે, નિશ્ચિન્તતા નહિ. શાંતિમાં તો નિશ્ચિન્તતા હોય અહીં એ નથી એટલે સચિંતતા છે. વળી એ ઉપાધિમાં ભયો છે, એમ અનેક પ્રકારની માનસિક વ્યથાઓ-ચિંતાઓ છે.

માનસિક પીડાઓ એ આધિ કહેવાય. એમાં ભય આવે, શોક આવે, દીનતા આવે, રોદણાં આવે, ઈર્ષ્યા-વેર-ઝેર વગેરે આવે, એથી પણ મનને સ્વસ્થતા નથી, કલેજે ઠંડક નથી, તાપ-સંતાપ છે, ઉકળાટ છે એટલે આધિ પણ ચિત્તને બાળનારી છે.

આમ ચિત્તને આધિ-વ્યાધિ-ઉપાધિના તાપ લગાડનાર સંસાર પર આર્દ્રકુમારને અભાવ થઈ ગયો છે; અને હવે એ છોડવો છે, ને તે અનાર્ય દેશમાં કાંઈ બને નહિ, તેમજ એના પિતા રાજાએ અનાર્ય દેશમાંથી ન જવા દેવાનો પાકો બંદોબસ્ત કર્યો છે, એટલે આર્દ્રકુમારને માયા કરવી પડી. આ માયા દોષરૂપ નથી. કેમકે, ધર્મ માટે આ કરવી પડે છે. શાસ્ત્ર કહે છે,

**'धम्मे माया नो माया'** અર્થાત્ ધર્મના વિષયમાં એટલે કે

**ધર્મની પ્રાપ્તિ-વૃદ્ધિ-સંરક્ષણ માટે કરાતી માયા એ માયા નથી.**

જુઓ, કસાઈ દોડતો આવી કોઈ માણસને પૂછે 'અહીંથી ગાય ક્યાં ગઈ ?' હવે એ માણસે ગાય જોઈ તો હોય કે ગાય ડાબી બાજુ ગઈ છે, પરંતુ કસાઈને શું કહે ? આવું જ કાંક 'ગાય ? હા, હા, જા જા સીધો દોડતો જા નહિતર ગાય આગળ નીકળી જશે,'

આ કહેવામાં ચોક્ખી માયા જ છે ને ? માયા કરાય ? હા, કસાઈથી ગાયને બચાવી લેવા અર્થાત્ અહિંસાધર્મ માટે માયા કરે એ માયા દોષરૂપ નથી.

બસ, એ જ પ્રમાણે પોતાના આત્માને સંસારના બેસુમાર પાપોથી અને પારાવાર હિંસાથી બચાવી લઈ દુર્ગતિ-ગમનથી બચાવી લેવા માટે માયા કરાય એ દોષરૂપ માયા નથી. એટલે આર્દ્રકુમારે માયા કરીને ભાગવાનું કર્યું, એ દોષરૂપ માયા નથી.

**આર્દ્રકુમાર આર્યદેશમાં :-** આર્દ્રકુમાર વહાણમાં બેસીને સમુદ્ર ઓળંગી આવ્યો આર્યદેશમાં. ત્યાં લક્ષ્મીપુર નગરમાં જાય છે, અને સાધુની તપાસ કરે છે. ભાગ્યયોગે ત્યાં શ્રી પુણ્યનંદન નામના આચાર્ય મહારાજ સાધુપરિવાર સાથે પધાર્યા છે, એટલે આર્દ્રકુમાર એમની દેશના સાંભળવા ગયો. આચાર્ય મહારાજ દેશનામાં ફરમાવે છે કે,

**ધર્મદેશના :-**

(૧) ભાગ્યવાનો ! 'આ જગતમાં ધર્મનો મહિમા જુઓ. મોટું છ ખંડનું સમ્રાટ ચક્રવર્તીપણું મળે છે તે ધર્મથી જ મળે છે, વાસુદેવપણું મળે તે ય ધર્મથી જ મળે, અને રાજવીપણું મળે તે પણ ધર્મનો જ પ્રભાવ છે. ધર્મ નવ નવા મનુષ્યાવતાર આપે છે. વધારે બોલવાથી શું ? ધર્મ થોડા દિવસમાં જ તીર્થંકરપણાનાં ઐશ્વર્ય સુધીનો વૈભવ આપે છે.

(૨) આવો જ્યારે ધર્મનો મહામહિમા છે તો હે બુદ્ધિમાનો ! જીવનમાં કરવા જેવું હોય તો આ છે કે પરલોક સુંદર સર્જવાની લાલસાથી ધર્મનાં અનુષ્ઠાનો આચરતા રહી જીવનને ધન્ય બનાવો, અને વિષમય વિષયોના સંગ બંધ કરી દો. મન એમાં લલચાવા જાય તે પહેલાં સંતોષની મજબૂત દોસ્તી જમાવી દો, અને લક્ષ્મીને સુપાત્રોમાં સ્થાપી દો.

(૩) આવા ઉત્તમ ધર્મને આચરનારા અમાપ લાભને પામે છે, પછી ભલે એ ધર્મ લજ્જાથી કરતા હોય, યા ભયથી કરતા હોય, કે પોતાની કલ્પનાની વિધિથી કરતા હોય, અથવા કોઈના પરની ઈર્ષ્યાથી યા સ્નેહથી કે લોભથી યા હઠથી અથવા અભિમાનના વિષયથી કરતા હોય કે સુખવિલાસ યા કીર્તિની બુદ્ધિથી કરતા હોય, અથવા દુઃખના માર્યા, કે કૌતકથી વિસ્મયથી યા વ્યવહારથી કરતા હોય યા વૈરાગ્યથી કરતા હોય પણ ધર્મનાં ફળનો આંકડો ન માંડી શકાય.

(૪) માટે પોતાના જીવને કહો 'હે પાપી જીવ ! તું જો, કે જીવતર સંધ્યાના રંગ જેવું સહેજમાં ઉડી જનારું છે, પાણીના પરપોટા જેવું ક્ષણભંગુર છે, પાણીનાં ટીપાં જેવું ચંચળ છે, અને નદીના વેગની માફક ત્વરિત વહી જનારું છે. તો તું આ જોઈને કેમ બોધ નથી પામતો ?

(૫) હે ભવી જીવો ! આ માયારાત્રિ મોહની ચેષ્ટાઓથી બહુ જ અંધકારવાળી છે, તેથી જ્ઞાનનો પ્રકાશ કરી ડહાપણપૂર્વક જલદી જાગ્રત થઈ જાઓ; કેમકે કાળચોર જીવોની માલમિલકતો અને જીવતર સુદ્ધાં સંહરી લેવા માટે આ જગતમાં ઘરેઘર ભમે છે !

(૬) ધર્મનું ભાતું જેની પાસે છે, એને એથી નરેન્દ્ર-દેવેન્દ્ર-વિદ્યાધરેન્દ્ર અને નાગેન્દ્રના સુખ મળે છે, તેમજ અહીં અને પરલોકમાં હંમેશા ચંદ્રના જેવો નિર્મળ



યશ અને સત્કાર-સન્માન વગેરે મળે છે. ત્યારે (એથી ઊલટું) પાપથી દુર્ગતિનાં દુઃખ, અત્યંત ખરાબ નરકાદિ અને નિંદા-અપકીર્તિના પોટલાં મળે છે માટે હે બન્ધુ ધર્મ અને પાપ બેમાંથી જે પસંદ હોય તે કર.''

આચાર્ય મહારાજનો આ ઉપદેશ કેટલો બધો સચોટ છે !

(૧) પહેલાં ધર્મનો અદ્‌ભુત મહિમા બતાવ્યો. અને પછી

(૨) ધર્મ કરવાનું અને પાપ કરાવનાર વિષયોનો સંગ છોડવાનું બતાવ્યું.

(૩) એમાં પ્રારંભમાં ધર્મનો, કદાચ સ્વતઃરુચિથી, ઉત્સાહ ન જાગતો હોય, તો ય કુળ લજ્જા વગેરે ગમે તે કારણે ધર્મ કરવાનું થાય તો ય એનું અમાપ ફળ છે, એ બતાવ્યું. એ પછી

(૪) ધર્મના બોધ માટે સંધ્યાદિ દૃષ્ટાંતોથી જીવનની ભારે ચંચળતા બતાવી.

(૫) મોહ-ચેષ્ટાકારી મોહ-નિદ્રામાંથી જાગવા માટે કાળચોરની ભયંકરતા બતાવી. અને

(૬) ધર્મ અને પાપના પરિણામ દેખાડી ઈષ્ટ માર્ગ લેવાનું ફરમાવ્યું.

આર્દ્રકુમારને આ સાંભળતાં જાણે ઘી કેળાં મળ્યા ! મન સંસાર પરથી ઊભગ્યું તો છે જ, અને ધર્મ કરવા ઈચ્છા તો થઈ જ છે, એમાં અહીં સંસારની ભયાનકતા અને ધર્મની હિતકારીતા સાંભળવા મળે એટલે સોનામાં સુગંધ ભળ્યા જેવું કેમ ન થાય ?

**આર્દ્રકુમારની વૈરાગ્ય વિચારણા**

આર્દ્રકુમારના મનને થયું, 'વાહ ! કેવી સુંદર દેશના ! કેવાં અદ્‌ભુત તત્ત્વો ! ગુરુમહારાજે ઠીક જ કહ્યું કે મોટું ચક્રવર્તીપણું વગેરે ધર્મથી જ મળે છે, જો પાપાચરણોથી એ મળતું હોત, તો તો દુનિયામાં પાપાચરણો કરનારા ઘણા છે એટલે ચક્રવર્તીપણું વગેરે ઘણાને મળવું જોઈતું હતું. પરંતુ ઘણાને નથી મળ્યું એ સૂચવે છે કે બધી જાતના સુખ ધર્મથી જ મળે, પાપાચરણોથી નહિ. હવે સુખ તો જીવોને જોઈએ જ છે, છતાં પાપાચરણો મૂકવા નથી એ કેવું આશ્ચર્ય !

જીવોની કેવી મૂઢ અજ્ઞાન અને કંગાળ દશા ! અલ્યા ! અહીં **પૈસા મળ્યા તે પૂર્વે કરેલ દાન ધર્મથી મળ્યા, ને હવે અહીં દાનમાં અખાડા કરવા છે ?**

**ધર્મનો આપેલા પૈસા ધર્મના ખોળે જાય ? કે સંસારના ખોળે ?**

રાંકડો જીવ ધર્મે પૈસા આપ્યા તે હવે પૈસામાં જ અટકી જાય છે ! એના મૂળભૂત ધર્મ ઉપર દૃષ્ટિ ય લઈ જતો નથી, કેવી મૂઢ અને પામર દશા !

ભરત ચક્રવર્તીના દીકરા મરીચિએ દાદા ઋષભદેવ ભગવાનનું સમવસરણ જોતાં સમવસરણની મહાસમૃદ્ધિ પર આ વિચાર કર્યો, કે 'આ સમૃદ્ધિ એ દાદા

ભગવાને કરેલા ધર્મનું ફળ છે,

**ધર્મ એ મૂળ છે. એના પર અંતિમ ફળ મોક્ષ છે, ને આ સમૃદ્ધિ એ તો ડાળ-પાંખરા છે.**

મારા પિતાની ચક્રવર્તીપણાની સમૃદ્ધિ એ પણ પિતાએ પૂર્વભવે સાધેલા ધર્મ-મૂળનાં ડાળ પાંખરા સ્વરૂપ છે. તો હવે મારે વિચાર કરવાનો છે કે મારે આ દુન્યવી સમૃદ્ધિને વળગી બેસી રહેવું ?

**સમૃદ્ધિને વળગી બેસી રહેવું એ તો ધર્મ-મૂળને બદલે ડાળ-પાંખળાને વળગી બેસી રહેવા જેવું છે.**

એના બદલે ધર્મને વળગવું એ મૂળને વળગવા જેવું છે. તો મારે મૂળને વળગવું કે ડાળ પાંખળાને વળગી બેસી રહેવું ? જો અહીં સમૃદ્ધિને વળગી બેઠો રહું, તો તો જિંદગી પૂરી થઈ જાય અને ડાળ પાંખળા ઊડી જાય અને મૂળભૂત ધર્મને સાધવાનું રહી જાય. પછી ભવાંતરે ડાળ પાંખળા ય જોવા ન મળે, અને ધર્મ સાધવાની સામગ્રી રૂપ મનુષ્યભવ પણ ન મળે. તો સંસારની ૮૪ લાખ યોનિમય નરકાદિ ચાર ગતિમાં રખડી જ પડું. માટે હવે તો મારે ચક્રવર્તી પિતાના ઘરની સમૃદ્ધિનો મોહ મૂકી ચારિત્ર ધર્મને જ વળગવાનું.' બસ, મરીચિએ એટલો વિચાર કરી લઈ સમવસરણ પર ચડીને સીધું પ્રભુ પાસે ચારિત્ર જ લઈ લીધું !

આ હિસાબ છે, મુખ્યપણે ધર્મનો જ મહિમા છે. ધર્મથી જ ચક્રવર્તીપણું વાસુદેવપણું વગેરેની ય મહાસમૃદ્ધિ ઊભી થાય છે. આ જગતમાં ધર્મની જ બોલબાલા છે. એટલા જ માટે આચાર્ય મહારાજ કહે છે, આ જગત પર જો મહિમા ધર્મનો જ છે, તો હે ભાગ્યવાનો ! કરવા જેવો ધર્મ જ છે. પરંતુ એ ધર્મ ખરેખરો અને દિલથી ક્યારે થાય કે દુન્યવી વિષયોના સંગ જતા કરાય. ભસવું ને લોટ ફાકવો બે સાથે ન બને. 'હું ને મારું કુટુંબ ટેસથી ખાનપાનના જલસા ઉડાવીએ' આ વૃત્તિવાળાને સાધર્મિક-ભક્તિનો ધર્મ ન સૂઝે કે 'લાવ, ૫-૧૫ સાધર્મિકોને લાવી એમની ભક્તિ કરું. મારા અહોભાગ્ય ક્યાંથી કે મારા આંગણે સાધર્મિકોના પાવન પગલાં થાય, અને એમના પલ્લે પડી મારી પાપલક્ષ્મી પવિત્ર થાય.' આવું કોને સૂઝે ? પોતાના વિષયોના રંગરાગ થોડા ય જતા કરવા હોય, એને એ સૂઝે.

એમ બ્રહ્મચર્ય-ધર્મ સાધવો હોય અને પોતાના વિષયસંગ અકબંધ રાખવા હોય, એ ન બને. તારા વિષયસંગને છોડ, તો બ્રહ્મચર્ય ધર્મ સાધ, એમ 'જીવતા છીએ તે ખાઈ પી મોજ કરવા માટે,' આ જ હિસાબ રાખ્યો હોય એ શું કરવા તપ કરી ભૂખે મરવાનું કરે ? તપ ધર્મ આચરવો છે ? તો આહાર-સંજ્ઞાને દબાવવી જ જોઈશે. **અને આહારાદિ સંજ્ઞાઓનું કામ એવું છે કે એને વધારીએ તો વધે, ને**



**ઘટાડીએ તો ઘટે.**

એક વાર ઉપદેશમાં કહ્યું 'આપણા મનને પૂછો કે રોજ કેટલા ટંક ખાવા મળે તો તને ધરપત ?' ઝટ કહેશો 'બે ટંકથી ધરપત,' ના, સવારે ચા પાણી કરો એ પણ ટંક છે. પછી નાસ્તો કરી ઊઠ્યા, હવે મોંમાં સોપારી મમરાવવાનું કર્યું, એ પણ ટંક છે. કોઈને ત્યાં મળવા ગયા, ને રકાબી ચા પીધી, એ ય ટંક છે. આવા કેટલા ટંકથી ધરપત ? પાણીના ટંક નહિ ગણતા, ચાખવાના ટંક નહિ ગણતા, દવાના ટંક નહિ ગણતા. બોલો હવે ૪ ટંક, ૫ ટંક, ૭ ટંક, કેટલા ટંકથી ધરપત ? શું નિયમ રાખવો છે કે વધુમાં વધુ ૭ ટંકથી વધુ નહિ ? ના, મન આનાકાની કરે છે કે 'કદાચ ક્યારેક વધુ ટંક આવી પડે તો ?' આવો ભય લાગે છે એટલે ? આ ક્યારેક ૨-૩ ટંક આવી પડે એની ખાતર કશો નિયમ નથી રાખવો, એનો અર્થ મનમાં અપેક્ષા રાખવી છે કે જેટલા ટંક મળે એટલા ટંક ખપે...

**આ અપેક્ષા રાખી મૂકવી એ છૂટ રાખવી એ આસક્તિ છે, અવિરતિ છે.**

આ સાંભળતાં અનેકોએ ટંકના નિયમ કર્યા, એમાં એક ભાઈ ૪ ટંકનો નિયમ કરીને ગયા પછી પાછળથી જ્યારે મળ્યા ત્યારે કહે 'સાહેબ ! હું તો છૂટક કાપડનો વેપારી, દિવસમાં કેટલી ય વાર એવા ઘરાકને ચા પીવરાવતાં હું પણ ચા પીનારો, હવે ૪ ટંકના નિયમથી બહુ સુખ થઈ ગયું. મન વખત થાય ને ચા માગે. એ ન મળે તો મન વ્યાકુળ થઈ જાય. તે હવે બંધ. મનની ભીખ અને વ્યાકુળતા જ બંધ થઈ ગઈ ! પછી તો એ ભાઈ ઉપધાન કરી શક્યા અને પછીથી રોજ ઓછામાં ઓછું બેસણું, એમ બેસણા ચાલ્યા અને શ્રાવકના બીજા કેટલાય વ્રત નિયમો લઈ લીધા...

**ખાવાના ટંકના નિયમની બલિહારી છે.**

વાતવાતમાં જે ને તે આચડકુચડ મોંમાં નાખવાની કુટેવ પર કાબૂ આવી જાય છે. પર્વ-તિથિના દિવસે તપ કરવાના ભાવ થાય છે. ટંક નિયમ ન હોય તો કાં તો પર્વતિથિ=અને બીજી તિથિ બધી ય સરખી ! પર્વતિથિએ પણ નિષ્ઠુર હૃદયે ખાનપાન હોંશથી ચાલશે ! અથવા તો આગલા દિવસથી નીસાસો પડશે કે 'કાલે પર્વતિથિ આવી, કાંક એકાસણું-બેસણું કરવું પડશે.' આના બદલે જો ટંકનો નિયમ હોય તો મન પર એક સવાલ છે કે 'ખાવું ખોટું, માટે એનું નિયમન સારું. ચાર ટંક રાખ્યા છે, પરંતુ બેથી પતે તો ત્રીજો ટંક નથી કરવો.' મન પર વિરતિની પ્રસન્નતા રહે છે. જેને ટંકનો નિયમ નથી, એ નિયમ કેમ નથી કરતો ? મનને એમ છે કે 'કોને ખબર ક્યારે કેટલા ટંક કરવાના આવે ? એટલે નિયમ ન હોય એ સારું'' આમાં જુઓ, જીવની કેવી કંગાલ દશા છે કે જો ૭-૮ ટંકનો નિયમ

કરવા જતાં કદાચ કોઈક વાર ૨-૩ ટંક વધારે ચાટવાનું મળે તો તે ચાટવાનું રહી ન જાય એટલા માટે નિયમ નથી કરવો. એનો અર્થ એ કે ઉપરના સેંકડો ટંક ખાવાની અવિરતિનું મહાપાપ માથે રાખવું છે ! એટલા ટંક ખાવાનું મળવાનું નથી ને મળતું હોય તો ય ખાઈ શકવાનો નથી, છતાં એના ત્યાગનો નિયમ નથી એટલે એની અવિરતિનું પાપ માથે ઊભું રહે છે ! ને એ પ્રત્યેક સમયે અઢળક કર્મ બંધાવે છે ! જૈન શાસનનું આ વિરતિ એક ખાસ મહત્ત્વ છે.

**પાપ કરતા નથી, છતાં પાપ-ત્યાગની પ્રતિજ્ઞા નથી, પાપની વિરતિ નથી, અવિરતિ છે, તો એ પણ કર્મ-બંધનું એક કારણ છે.**

ધર્મ કરવો છે, તો પાપ છોડો, પાપના દરવાજા બંધ કરો. એ માટે પ્રતિજ્ઞા રાખી વિષયના સંગ વિષયની આસક્તિ ગુલામીનો ત્યાગ કરો. વિષયો એટલે દુનિયાના પદાર્થો એનો જીવને રસ બહુ. એટલે એની વાતોચીતો ગમે, એની વિચારણા ગમે, એનાં આયોજન બહુ ગમે. સારું સારું ખાવું પીવું ગમે, સારું સારું જોવું ગમે, સાંભળવું ગમે, સાંભળવું ગમે, સ્પર્શવું ગમે; એમાં જે જોવું ગમે એમાં પૈસા, માલ-મિલકત, સ્ત્રી-પરિવાર, બંગલા બગીચા, દર-દાગીના-મોટર, સોનું ચાંદી વગેરે વગેરે કેટલું ય જોવું ગમે. એમ વિષયોના સંગ ગમે એટલે એના પર મમતા ભારે કરાય છે. એવી મમતા-લાગણી-પ્રેમ કે જે દેવ ગુરુ અને ધર્મની વસ્તુ મંદિર ઉપાશ્રય વગેરે પર ન હોય.

આ વિષયસંગમાં તરબોળ જીવને ધર્મ શે ગમે ? એટલે અહીં આચાર્ય મહારાજ ધર્મ કરવાની જેમ વિષયસંગ છોડવાનું ફરમાવે છે. ઘણાની ફરિયાદ છે કે ધર્મમાં જોઈએ તેવું મન લાગતું નથી પરંતુ ક્યાંથી લાગે ? મન પર વિષયોના આકર્ષણ-આસક્તિના ભાર હોય, વિષયોમાં ટકાવારી કરવાની હોય, એને મહત્ત્વ આપવાના હોય, ત્યાં મન એમાં તલ્લીન ! તે શી રીતે ધર્મમાં તલ્લીન બની શકે ? એટલે ખરું કરવા જેવું આ છે કે

**દુન્યવી વિષયોને વિષ સરખા સમજી એમાં આકર્ષણ ઓછાં કરાય, એમાં ટકાવારી ન મૂકાય, એના મહત્ત્વ ઓછા કરાય.**

આચાર્ય શ્રી પુણ્યનંદન સૂરિજી, આર્દ્રકુમાર વગેરેની સભા આગળ આ જ કહી રહ્યા છે કે ધર્મ કરો અને વિષયસંગ છોડો

**(१) विधेहि धम्मं, (२) पिधेहि विषयं,**
**(३) संधेहि संतोषं, (४) निधेहि लच्छिं ।'**

(૧) ધર્મ આચરો, (૨) વિષયસંગ ઓછા કરો,
(૩) સંતોષ સાધો, અને (૪) લક્ષ્મી પાત્રે સ્થાપો.



દા.ત. (૧) જિનભક્તિ ધર્મ ખૂબ આરાધો.

(૨) આરંભ-વિષય-પરિગ્રહના પાપ પર કાપ મૂકો, તથા કૂથલી-હાસ્ય-વિનોદ વગેરે પાપો બંધ કરો,

(૩) દિલમાં સંતોષ સાધો; જેથી અસંતોષ યાને લોભના લીધે થતી પાપ વિચારધારણાઓ બંધ થાય; ને

(૪) લક્ષ્મીને સંઘરી ન રાખતાં કે આડે અવળે ન ઉડાવતાં સાત ક્ષેત્રમાં સ્થાપતા ચાલો.

આમાં ત્રીજી વાત સંતોષની કહી, એય મહત્ત્વની વાત છે. જીવને સંતોષ નથી, એટલે જ અધિક લાવવા-સાચવવાના પાપવિચાર આવે છે. મનને જો સંતોષ વળી જાય પછી એ શું કામ વધારેની ચિંતા જ કરે ?

**કેટલાય પાપવિચારો અસંતોષના લીધે જ આવે છે.**

નિયમ લઈ નક્કી કર્યું કે અમુક માપથી અધિક જોઈતું જ નથી પછી અધિક પાપના વિચાર શું કામ કરે ?

આ સંતોષ માત્ર પૈસા અંગે નથી, વેપાર અંગે પણ સંતોષ કરવાનો છે. 'બજારમાં જવું પડે છે પણ અમુક કલાકથી વધુ બજારમાં રહેવું નહિ,' આ સંતોષ. એમ ખાનપાનના ટંક અંગે સંતોષ કે 'આટલાથી વધુ ટંક નહિ.' ખાનપાનની ચીજો (દ્રવ્યો) અંગે પણ સંતોષ કે 'આટલાથી વધુ ચીજ નહિ લઉં.' પહેરવા ઓઢવા અંગે પણ સંતોષ કરવાનો છે,...યાવત્ વાતોચીતો અંગે પણ સંતોષ કરવાનો. દા.ત. દિવસમાં 'ચાર વારથી વધુ મફતિયા વાતચીત કરવી નહિ.' જો સાધુને પણ આ અંકુશ નથી, તો એ પણ વાતચીતના સંતોષ વિનાનો દિવસમાં ફાવે એટલી વાર વાતો કરશે ! ને એવા સાધુઓનો સમૂહ હશે તો ત્યાં આખા દિવસ કોલાહલ ચાલશે !

અરે ! વ્યાખ્યાન સભામાં શ્રોતાઓની કઈ સ્થિતિ હોય છે ? જ્યાં કોઈક પ્રસંગ આવ્યો ને ૨-૩ મિનિટ વ્યાખ્યાન બંધ પડ્યું ત્યાં કોલાહલ શરૂ થઈ જાય છે ! કેમકે શ્રોતાઓને ત્યાં વ્યાખ્યાન વખતે પણ વાતોચીતોનો સંતોષ નથી, અંકુશ નથી, કે અહીં મફતિયા વાતચીત કરવી નહિ.

**આ સંતોષ વિનાનાને ખબર નથી કે સંતોષ નહિ અને બધી છૂટ રાખીને તું તારા સત્ત્વને હણી રહ્યો છે.**

**વ્યાખ્યાન વખતે વાતો, એમાં સત્ત્વનાશ છે :-**

મહા અહોભાગ્ય કે રુડી જિનવાણી સાંભળવામાં બેસવાનું મળ્યું ! ત્યાં પણ મૌન નથી રાખવું, ને મોકો મળ્યે યથેચ્છ વાતો કરવી છે. એ નિઃસત્ત્વતાનો ધંધો

છે. મૌનનું સત્ત્વ ન જાળવતાં વાતોચીતો એ જિનવાણીનો અને ગુરુનો વિનય સાચવવાના સત્ત્વને હણી નાખવાનો એ ધંધો છે. સામે પાટ પર જિનવાણી સંભળાવનાર ગુરુ બેઠા છે, તો એમનો આ વિનય છે, અદબ છે, કે એ ૨-૫ મિનિટ બોલતા બંધ થયા ત્યાં શ્રોતાથી વાતોચીતો થાય નહિ. જિનવાણીનો પણ આ વિનય કે જિનવાણીની વાંચનામાં બેઠા વાતોચીતો ન થાય. પરંતુ એટલો ય માથે ભાર નથી, સંતોષ નથી, અંકુશ નથી, એ અસંતોષ વાતો કરાવી વાણી અને ગુરુ બંનેનો અવિનય કરાવે છે.

દિલનો સંતોષ મોટી ચીજ છે. **સંતોષ સત્ત્વને સુરક્ષિત રાખે છે નિઃસત્ત્વ નથી બનવા દેતો. અસંતોષ અને લોભ જીવને નિઃસત્ત્વ બનાવે છે.**

આચાર્ય મહારાજે ચોથી વાત લક્ષ્મીને પાત્રમાં સ્થાપવાની કહી એ પણ મહત્ત્વની વાત છે. એમાં લક્ષ્મીનો સુયોગ્ય વિનિયોગ છે.

લક્ષ્મી જ શું, આપણી કોઈ પણ વસ્તુનો યોગ્ય પાત્રમાં વિનિયોગ કરવો એ મહાન વિવેક છે. **પુણ્યના ઘરની ચીજ યોગ્ય પાત્રમાં સ્થાપવાનું અહોભાગ્ય ક્યાંથી ?**

**વિવેકીનો ઉદ્ધાર છે, અવિવેકીનો સંસાર છે.**

**અદ્‌ભુત વચનશક્તિ :-**

આપણને દા.ત. વચનશક્તિ મળી છે. એ જે-તે બાબત અંગે કે જેવા તેવા વિષયમૂઢ જીવ સાથે બોલવામાં વાપરવી એ અસત્ વિનિયોગ છે, એ અવિવેક છે. વચનશક્તિનો સરાસર દુરુપયોગ છે. સુવર્ણરસને એંઠા વાસણ ધોવામાં વાપરવા જેવું છે ! કેટલી બધી મૂઢતા ? ભેંસને આ વચનશક્તિ નથી મળી, મોટા હાથીને ય નથી મળી ! કીડા મંકોડાદિ કે એકેન્દ્રિયને તો મળવાની વાતે ય શી ? એવી અદ્‌ભુત વચનશક્તિ, એનો ઉપયોગ ફજૂલ વાતો, પાપકાર્યોની વાતો, અભિમાનની વાતો, મોહની વાતો, વિષયોની વાતો...વગેરેમાં કરી, એ વચનશક્તિને વેડફી નાખવાની ? એમ વેડફાઈ જાય એ કેટલી મોટી નુકશાની ? જ્યારે વચનશક્તિનો ઉપયોગ (૧) અરિહંત ભગવાનના સ્તોત્રો બોલવામાં. (૨) શાસ્ત્રની ગાથાઓ રટવા-ગુણવામાં કરી લેવાનો. તથા (૩) મહાપુરુષોના સુકૃતો-સાધનાઓ અને આત્મપરાક્રમોના ગુણાનુવાદ કરવાનો સોનેરી અવસર મળ્યો છે. એને ન ઓળખી એ સોનેરી તકવાળા આ જીવતરને પાપવચનોમાં વેડફી નાખવું એ કેટલી મોટી મૂર્ખાઈ છે !

એટલે જ આચાર્ય મહારાજ કહે છે, 'આ જીવતર સંધ્યાના રંગ જેવું ચંચળ છે, ચલિત થઈ જાય એવું છે. સંધ્યાના રંગ હમણાં તો સુંદર ખીલેલા જોયા, અને જોતજોતામાં એ કાળા ધબ પડી જાય છે. એમ આ જીવન હમણાં તો કુમાર-યુવાન



અવસ્થાનું જોયું, ને જોતજોતામાં ઘડપણ આવી જઈ મૃત્યુ સુધી પહોંચી જાય છે ! પાણીનો પરપોટો ફૂટતા કેટલી વાર ? એમ આ જન્મ નષ્ટ થઈ જતાં વાર નહિ, નદીનો વેગ આવ્યો કે ગયો, એમ જીવન આવ્યું કે ગયું !

આવા ચંચળ જીવનમાં રાધાવેધ સાધી લેવાનો છે, અંધારે વીજળી ઝબૂકે મોતી પરોવી લેવાના છે. ત્યાં એ કરવાને બદલે ધૂળ જેવી વિષય વાતોમાં કિંમતી જીવન પસાર કરી દેવું એ મોટી મૂડી લઈ પરદેશ જઈ એનાથી કોઈ સારા વેપાર કરી લેવાને બદલે હોટેલ-વેશ્યા-જુગાર વગેરે અમનચમન કરી લેવા જેવું છે. એ મહા મૂર્ખાઈ છે.

**ચંચળ આર્ય મનુષ્યજન્મ આખો ય ધર્મસાધના સાધી લેવા માટે છે.**

આ સમજીને જ મોટા માંધાતા તીર્થંકર ભગવાન અને ચક્રવર્તી રાજા-મહારાજાઓ તથા શેઠ-શાહુકારો જેવા પણ સંસારમાંથી ઊભા થઈ ગયેલા ! અને ચારિત્ર ધર્મની સાધના કરવા નીકળી પડેલા ! જીવન ચંચળ સમજી જ્યાં સુધી એ હાથમાં છે ત્યાં સુધી ધર્મ જ કરી લેવા જેવો છે.

એટલે જ આચાર્ય મહારાજ કહે છે, 'જોજો જીવનના ભરોસે બેસી રહેતા નહિ કે 'હજી તો શું વહી ગયું છે ? ઘણું ઘણું જીવવાનું છે,' આવા વિશ્વાસે રહેતા નહિ; કેમકે

**કાળ નામનો ચોર આ જગત ઉપર ફરતો જ રહે છે અને કેઈક જીવોના પ્રાણ-ધન લૂંટતો ચાલે છે.**

મોટા ઈન્દ્ર એને હિસાબમાં નથી ! એમના પણ પ્રાણ ઉપાડી કાળચોર ચાલતો થઈ જાય છે ! તમે અને અમે શા લેખામાં ? એટલે આવો કાળચોર કોઈ અણધારી પળે આપણા પ્રાણ ઉઠાવી ન જાય તેથી સાધના કરી લેવા દે.

મૃત્યુ પર વિચાર કરો તો દેખાશે કે કાળચોર કોને કોને ? ક્યારે ક્યારે ? અને કેવા કેવા સંયોગમાં ઉપાડે છે ! એ બધું ઢંગધડા વિનાનું વિચિત્ર છે.

**(૧) લક્ષ્મણજીને** રામ પર કેવા પ્રેમ છે એ પરખવા દેવતાએ આવી લક્ષ્મણજીની આગળ રાણીઓને રોતી-કુટતી દેખાડી.

લક્ષ્મણજી પૂછે 'આ શું છે ?'

રાણીઓ કહે 'તમને ખબર નથી ? રામચંદ્રજી મરી ગયા.'

બસ, આ સાંભળતાં જ લક્ષ્મણજી આઘાત લાગવાથી ખત્મ ! આટલામાં મૃત્યુ ? પ્રાણનાશ ? હા, કાળચોરને જીવોના પ્રાણ ચોરવામાં કોઈ ઢંગધડો નથી કે એ ક્યાં ક્યારે ને કેવા સંયોગમાં ચોરાય.

(૨) **રાજા ચંદ્રાવતસંક** પરોઢિયે વહેલા જાગી 'પેલો દીવો બળે ત્યાં સુધી આટલી જ જગામાં ધ્યાનમાં રહેવું.' એમ દેશાવકાશિક વ્રત-પ્રતિજ્ઞા લઈ ધ્યાનમાં બેઠેલા. એમાં દાસી તપાસ કરવા આવી કે 'મહારાજા સાહેબ જાગ્યા છે ?' ખેર આવી તો આવી, પણ દીવામાં તેલ પૂરી ગઈ ! આમ કરવાની એટલી બધી શી જરૂર હતી ? અને રાજાને તો એટલી જગા બહારનું બધું વોસિરે છે, બહારની વસ્તુ સાથે કશો સંબંધ નહિ; એટલે દાસીને તેલ પૂરતી અટકાવવા એક હુંકારો પણ ન કરાય. બસ, દીવો વધુ બળતો રહ્યો અને રાજાનું શરીર એટલો બધો સમય ધ્યાનમાં ટકી શક્યું નહિ, માથાની નસ તૂટી, કાળ કરી ગયા. હેં આટલામાં પ્રાણનાશ ? હા, ઢંગધડા વિનાનો કાળચોર ભમતો હોય, એને વળી પ્રાણ ચોરવાનો ઢંગ શો ? ને ધડો શો ? એ તો અહીંય આ સંયોગમાં રાજાનાં પ્રાણ ઉઠાવી ગયો.

(૩) **સગરચક્રવર્તીના ૬૦ હજાર પુત્રોના** પ્રાણ કાળચોરે અષ્ટાપદ તીર્થની રક્ષા વખતે એકી કલમે ઉપાડ્યા ! આમાં કેટલા ઉપાડવા એનો ક્યાં હિસાબ રહ્યો ? તેમ 'ક્યારે'નો અને 'કેવા સંજોગમાં' એનો ય હિસાબ ક્યાં રહ્યો ?

(૪) **રાવણ** રામ-લક્ષ્મણની સામે લડવા આવ્યો હતો તે લડ્યો પરંતુ એનું છેલ્લું શસ્ત્ર સુદર્શન ચક્ર લક્ષ્મણનું ગળું કાપી નાખવા મૂકેલું, તે સીધું ગળું કાપવાને બદલે લક્ષ્મણના હાથમાં જ પકડાય એમ આવીને ઊભું !

હવે લક્ષ્મણ કહે છે, "જો રાવણ ! તારું જ ચક્ર હવે મારા હાથમાં છે. છતાં મારે તને એનાથી મારી નથી નાખવો. તું સીતાજીને પાછા સોંપી દે તો તારા ગુના માફ; જા સુખેથી તારું રાજ્ય ભોગવ" કેવી ઉદારતા !

જુઓ અહીં લડાઈ પૂરી થઈ ગઈ છે. રાવણ મર્યા વિના ક્ષેમકુશળ ઊભો છે, અને લક્ષ્મણ એનો ગુનો, જો સીતાને પાછી સોંપી દે તો માફ કરી દેવા તૈયાર છે. એટલે હવે રાવણને મોતથી બચવાનું મળે છે. કાળચોર એના પ્રાણ લૂંટી શકે નહિ. પરંતુ કાળચોર ઢંગધડા વિનાનો માથે ભમી રહ્યો છે એટલે રાવણ ભાન ભૂલે છે, વિશ્વાસે રહે છે, કે 'સુદર્શન ચક્ર મારું જ છે ને ! મેં એને ઘણા દિવસ હાથમાં રમાડ્યું છે, તે મને હવે શું કરવાનું હતું ? કદાચ નથી ને લક્ષ્મણ મારા પર ફેંકશે તો મારી પાસે આવતાં જ એને હું હાથમાં પકડી લઈશ.'

પરંતુ કાળચોર પાસે જ ઊભો છે, તે આ રાવણને ખોટા વિશ્વાસમાં રાખી એની પાસે અભિમાન કરાવે છે. રાવણ લક્ષ્મણને કહે છે 'હું મારા હાથે સીતાને સોંપી દઉં ? સોંપીશ, તમને હરાવીને પછી દયાદાન તરીકે સોંપીશ. ફેંક ફેંક ચક્ર, પછી બતાવું છું તને ?' રાવણ શું બતાવે ? ચક્ર સરરર કરતું આવ્યું, ને રાવણનું



ગળું કાપી ચાલતું થઈ ગયું ! કાળચોરે રાવણના પ્રાણ લૂંટી લીધા ! કાળચોરનો હિસાબ કેવો ? ઘરડાના જ પ્રાણ લૂંટવા ? બિમારના જ લૂંટવા ? ના, કશો ઢંગ નહિ, ધડો નહિ.

આજે કુટુંબ સાથે ફરવા નીકળેલા કે કોઈની જાનમાં જોડાયેલા અકસ્માત્ થતાં કચડાઈ કપાઈ મરે છે ને ? કવિ કહે છે,

**"જિમ કોઈક નર જાન લઈને આવ્યો કન્યા રાગે;**
**સરસ આહાર નિદ્રાભર પોઢ્યો કરડ્યો વિષયી (વિષમય) નાગે.**
**જીવડા ! વિષમ વિષયની હેવા, હજી કાંઈ જાગે ?"**

આનો ભાવાર્થ કથાથી જુઓ.

**જાન લઈ પરણવા ગયો, પણ :-**

એક માણસ જાન લઈને પરણવા ગયો. **સસરાએ** વરરાજા તથા જાનૈયાને નગર બહાર દરબારી ઉતારામાં ઉતાર્યા. સારા સારા માદક પદાર્થોભર્યું જમણ આપ્યું. જમી રહ્યા પછી સસરો જાનૈયાને કહે 'હવે અહીં બપોરે આરામ કરો, પરંતુ એક ચીજ ધ્યાનમાં રાખજો, અહીં નીચે ખૂણામાં બગીચા તરફની ઓરડી છે, એ ખોલતા નહિ, એમાં ક્યારેક સાપ નીકળે છે.'

**વરરાજાનું મોત :-**

સસરો તો કહીને ગયો અને જાનૈયા પણ સાવધાન બની ત્યાં ન ગયા; પરંતુ વરરાજા પોતે આખો દરબારી ઉતારો જોવા નીકળ્યો. તે ફરતો ફરતો નીચે પેલી ઓરડી પાસે પહોંચી ગયો. બારણાની તરાડમાંથી સુગંધિદાર ઠંડા પવનની લહેર આવતી મીઠી લાગી; કૌતુક થયું કે 'ત્યારે ઓરડીમાં કેટલી બધી પવનની લહેર આવતી હશે ? લાવ જોઉં; અને એટલામાં સાપ શાનો આવી જાય છે ?'

**કૌતુક યાને નવીન વસ્તુની આતુરતા કેટલી જોખમી છે !** છતાં મૂઢ માણસને કૌતુક થાય છે. વરરાજાએ લાકડીથી બારણું ખોલ્યું, ઓરડીમાં કશો સાપ દેખ્યો નહિ, એટલે ભાઈ અંદર પેઠા અને એક ખાટલા પર બેઠા.

બગીચાની સુગંધિદાર પવન લહેરો વાઈ રહી હતી. ભાઈ તો ખુશખુશાલ થઈ ગયા મનને નસીબદાર માને છે કે હું બીજા કરતાં કેવો નસીબદાર કે આવી મજેની ઠંડા સુગંધિદાર પવનની લહેરો માણવા મળી !

બસ, લહેર અનુભવતા હતા, અને એમાં ભીંતને અઢલીને બેઠેલા, વળી હમણાં જ માદક પદાર્થો આરોગ્યા છે તે મીઠું ઝોકું આવી ગયું. એમાં પાછળથી સાપ ફરવા નીકળેલો તે આવીને આ વરરાજાને કરડી ગયો ! ભાઈ મરી ગયા.

કાળચોર પ્રાણ લૂંટી ગયો.

કહો, કાળચોર ક્યારે પ્રાણ લૂંટી જાય ? એનો કશો હિસાબ ? કેવો કરુણ પ્રસંગ ! આવ્યો હતો એ કન્યા પરણવા, ને પરણીને કન્યાને પોતાના ઘરે લઈ જવા; પરંતુ કન્યા કન્યાને ઘરે રહી, અને ભાઈ ઠેકાણે પડી ગયા ! તે પોતાના ઘરે ય ન જવા પામ્યા ! પ્રાણ ગુમાવી બેઠા.

**'સરસ આહાર, નિદ્રાભર પોઢ્યો કરડ્યો વિષયી નાગે'**

કવિ આ દૃષ્ટાંત લખીને સૂચવે છે કે 'જોજો,'

**કવિનો ઉપનય :-**

તમે આ મનુષ્ય-અવતારમાં શિવસુંદરીને પરણવા આવ્યા છો, પરંતુ સરસ ખાનપાન, બાગ-વાહન, પત્ની-પરિવાર...વગેરે દુનિયાના વિષયો મેળવી મોહની નિદ્રામાં પોઢ્યા તો એ વિષયોની લગન રૂપી વિષધર કરડી ખાશે, શિવસુંદરી એને ત્યાં રહેશે, અને તમે એ ઝેરી વિષયોથી ડસાયેલા તે એક મોત નહિ, પણ મોતની પરંપરા પામશો ! કદાચ વિષયોની મૂર્ચ્છામાં એકેન્દ્રિય નિગોદના અવતારમાં પટકાયા તો ત્યાં અનંતા જન્મ-મરણ પામશો !

આર્દ્રકુમાર અને સભાની આગળ પુણ્યનંદન આચાર્ય મહારાજ ઠીક જ કહી રહ્યા છે કે "વિષયોની લગન છોડો, વિષયોનો સંગ છોડો.

'પુણ્યે સુખ મળ્યાં છે તો ભોગવી લઈએ એમાં શો વાંધો ?' એમ કહેતા નહિ, આ ભવમાં મોક્ષ-શિવસુંદરી પરણવા આવેલા તમારે આ ભવમાંથી વિષય-લગન ને વિષય-સંગના પાપે ભવના ફેરા વધી જશે ! તે ય ભવોમાં રખડવાનું ક્યાં ? હલકા તિર્યંચગતિના એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-પંચેન્દ્રિય તિર્યંચના હજારો લાખો અવતારોમાં રખડવાનું ! ત્યાં ધર્મબુદ્ધિ જ ન મળે ! પાપ પાપ ને પાપ મળે ! પછી શે ઊંચા અવાય ? માટે જો એકલી વિષય-લગન મનુષ્યના અવતારમાં હૈયે મહાલતી રાખી, તો જનમ વેડફાઈ જવાનો. અહીં ધર્મ કરવાના સોનેરી અવસરે ધર્મ ન કર્યો, પછી હલકા અવતારોમાં કથિરના અવસરે ધર્મ દેખાવાનો જ ક્યાં ? કે ધર્મ આરાધવા મળે ?

'ના, ઘડપણે ધર્મ કરશું' એવા વાયદાના વેપાર રાખતા નહિ, કેમકે જગત પર કાળચોર ભમી રહ્યો છે એ ક્યારે આપણા પ્રાણ ઉઠાવી જાય એનો શો ભરોસો ? અને એ વખતે જીવનભર હૈયે પત્ની-પુત્ર-પૈસા વસાવેલા, તે હૃદયનો કબજો કેમ છોડશે ? એમાં ય જીવનભર વહાલી કરેલી સેવાકારી પત્નીની માયા તો છૂટે જ શાની ? ત્યારે કહો,





**હૈયામાં ભગવાન રાખીને પરલોક જવાનું થાય તો સદ્ગતિ મળે ? કે હૈયામાં ભાર્યા રાખીને પરલોક જવાનું થાય તો સદ્ગતિ મળે ?**

કહો, હૈયામાં ભાર્યા રાખીને પરલોક જવાનું થાય તો તો સદ્ગતિ નહિ, દુર્ગતિ મળે.

આચાર્ય મહારાજ કહે છે કાળચોરને કાંઈ હિસાબ ધડો નથી કે કોના પ્રાણ લૂંટાય ? કેવા સંયોગમાં લૂંટાય ? એ મોટાના ય પ્રાણ લૂંટે ને નાના ય લૂંટે ! અરે ! હમણાં જન્મેલાના ય લૂંટે ! ને બુઢ્ઢાના ય પ્રાણ લૂંટે ! ને યુવાનના ય લૂંટે ! માંદાના ય લૂંટે ! ને સાજાના ય લૂંટે ! વળી દિવાનખાનામાંય પ્રાણ લૂંટે ! ને કદાચ પાયખાનામાંય લૂંટે ! ઘરમાં ય લૂંટે ! ને બહારે ય લૂંટે ! ભૂખ્યાના ય લૂંટે, ને જમી ઊઠેલાના ય લૂંટે !

કાળચોરને કોઈ સમય કોઈ સ્થાન કોઈ પ્રસંગનો ઢંગ નહિ, ધડો નહિ કે એમાં પ્રાણ લૂંટાય ન લૂંટાય.

એટલા માટે તો અભયકુમારે ચારિત્ર લેવાનું વાયદે ન રાખ્યું "કોને ખબર પ્રાણ ક્યારે જતા રહે ? 'દીક્ષા તો લેવી છે, પણ હમણાં નહિ, કિન્તુ પાછળથી લઈશ,' એમ ધારી રાખું અને વચમાં જ પ્રાણ નીકળી ગયા તો દીક્ષા વિના મરું ! ઉચ્ચ માનવ ભવમાં દીક્ષા આરાધ્યા વિના ન મરાય; કેમકે

**"દીક્ષાને અવકાશ માત્ર માનવ ભવમાં જ છે."**

અભયકુમારને આમ તો દીક્ષા હમણાં ને હમણાં જ નહોતી લેવી; પરંતુ જ્યારે પિતા રાજા શ્રેણિક કહે છે, 'હવે મારી ઉંમર થઈ, તેથી તું રાજ્ય સંભાળી લે,' ત્યારે અભયકુમાર કહે છે, 'જરા ઊભા રહો, પ્રભુને પૂછી આવું.'

ત્યાં શ્રેણિકે એમ ન કહ્યું કે 'રાજ્ય લેવું એ સાંસારિક કામ છે એમાં પ્રભુને શું પૂછવું હતું !' આમ ન કહેવાનું કારણ, શ્રેણિક પ્રભુના દિલથી ભક્ત હતા, દિલથી પ્રભુના સેવક હતા; એટલે કોઈ વાત કોઈ સ્વામીને પૂછવાનું કરે એમાં આડે ન અવાય. નહિતર પોતે સ્વામીનો સેવક શાનો ? ત્યારે અભયકુમારે પ્રભુને એમ ન પૂછ્યું કે 'પ્રભુ ! હું રાજ્ય લઉં કે નહિ ? એ ગાંડિયો સવાલ છે; કેમકે

**રાજ્ય એ મહાપરિગ્રહ છે. સાથે એમાં મહા આરંભ સમારંભો કરવા પડે છે.**

પ્રભુ તો કહે છે જ કે "મહા આરંભ મહાપરિગ્રહ એ મહાપાપ છે, ને નરકના દ્વાર હોવાથી છોડવા જેવા છે." આવો ઉપદેશ કરનાર પ્રભુને શું એમ પૂછાય કે 'પ્રભુ ! હું રાજ્ય લઉં કે નહિ ? ના, એ તો ઉપદેશ નહિ સમજ્યાનો

પ્રશ્ન છેઃ એટલે અભયકુમારે તો એ પૂછ્યું 'પ્રભુ ! આપના શાસનમાં છેલ્લા રાજર્ષિ કોણ ?' અર્થાત્ રાજા થઈને દીક્ષા લેશે એવા છેલ્લામાં છેલ્લા કયા રાજા થવાના ?

પ્રભુએ જવાબ આપ્યો 'છેલ્લા રાજર્ષિ જો આ ઉદાયન રાજર્ષિ બેઠા છે તે છે.'

અભયકુમારને સમજાઈ ગયું કે 'હવે જો હું રાજા થાઉં તો મને દીક્ષા ન મળે;' એટલે પિતા શ્રેણિક પાસે પાછા આવી પ્રભુનો જવાબ કહી કહે છે, 'પ્રભુના ભક્ત તમે, તમારો દીકરો રાજ્ય લઈ નરકે જાય એવું ઇચ્છો છો ? ના જ ઇચ્છો, તો હવે મને મુક્ત કરો, મને દીક્ષાની રજા આપો, એટલે હું હમણાં જ ચારિત્ર લેવા ચાલ્યો જાઉં.'

**કેમ હમણાં ને હમણાં જ ચારિત્ર ?** કહો,

**(૧) કાળચોરને ત્યાં કોઈ હિસાબ નથી કે ક્યારે પ્રાણ લૂંટાય ?**

અહીં એક પ્રશ્ન થાય,

**પ્ર.-** પ્રભુને તો ખબર છે, તો પ્રભુને પૂછી ન લેવાય કે 'મારું આયુષ્ય કેટલું ? એ જો આયુષ્ય લાંબું બતાવે, તો હમણાં નહિ પણ પછીથી દીક્ષા લઈ શકાય ને ?

**ઉ.-** ના, એક તો જો સોપક્રમ આયુષ્ય હોય તો સંભવ છે ઉપક્રમ લાગતાં આયુષ્ય વહેલું તૂટી જાય, એટલે કે આયુષ્ય-કર્મના બાકીના દળિયા બધાં જ એકી સાથે ભોગવાઈ જાય ! તો વહેલા મરવાનું થાય, અને વાયદે રાખેલ દીક્ષા લેવાની રહી જાય.

(૨) બીજી વાત એ છે કે આવો સવાલ જ્ઞાનીને પૂછવા પાછળ આશય એ છે કે 'જ્ઞાની જો લાંબું આયુષ્ય કહે, તો તો પાછળથી દીક્ષા લઈશું; અર્થાત્ હમણાં ને હમણાં ચારિત્ર લેવાની શી ઉતાવળ કરવી ?' આનો અર્થ એ કે,

(૩) હમણાં ને હમણાં ચારિત્ર લેવાની ભૂખ નથી; ને

(૪) સંસારના પાપોની 'પાપ મહા ખરાબ' એવી ઘૃણા નથી; તેમજ

(૫) એવો ભય નથી કે 'આ સંસારના સમય સમયના જંગી પાપોથી પરલોકમાં મારું શું થાય ?'

(૬) આમ દીક્ષાની ઉતાવળ ન હોય તો પાપઘૃણા-પાપભયના અભાવે પાપનિર્ભીક્તા રાખતાં કદાચ સમ્યક્ત્વના વાંધા પડે.

તેમ, માનો કે પાછળથી દીક્ષા લે, પરંતુ

**પહેલેથી પોષેલી આ પાપ-નિર્ભીક્તા ચારિત્ર-જીવનમાં જોરદાર ચારિત્ર ન પાળવા દે.**



પાપ-નિર્ભીક્તાના સંસ્કારથી નાનાં નાનાં પાપની ઘૃણા ન થાય

**જો પાપની જોરદાર ઘૃણા છે, પાપનો જોરદાર ભય છે, તો ચારિત્રની ઉતાવળ હોવી જ જોઈએ.**

એટલે પ્રભુ પાસેથી આયુષ્ય જાણી લેવાની વૃત્તિમાં ચારિત્ર વિલંબમાં નાખવાની વૃત્તિ છે, એ કનિષ્ઠ વૃત્તિ છે, હલકી વૃત્તિ છે. જો ચારિત્રની તીવ્ર ભૂખ અને ઉતાવળ છે, તો એવી કનિષ્ઠ વૃત્તિ પોષી શકાય નહિ. માટે પ્રભુ પાસેથી કે જ્યોતિષી પાસેથી આયુષ્ય જાણી લેવાનો અખતરો જ ખોટો છે. અભયકુમારને ચારિત્રની તીવ્ર ભૂખ જાગી છે, અને કાળચોર ક્યારે પ્રાણ લૂંટી જાય એનો ચોક્કસ હિસાબ નથી, માટે ચારિત્ર હમણાં ને હમણાં જ લઈ લેવું એવો હિસાબ અભયકુમારે રાખ્યો, અને પિતાને સંમત કરી તરત જ ચારિત્ર લઈ લીધું !

આચાર્ય પુણ્યનંદન સૂરિજી મહારાજ કહે છે કાળચોર જગત પર યથેચ્છ ફરે છે, ને ઉંમર વગેરેના હિસાબ વિના જીવોના પ્રાણ લૂંટે છે. આમ જીવતરનો ભરોસો નથી, તેથી ધર્મ તરત સાધી લેવો જોઈએ કેમકે **ધર્મનું અમેય ફળ છે, અમાપ ફળ છે.** એટલે જ આચાર્ય મહારાજ કહે છે, ધર્મ શરૂ શરૂમાં લજ્જાથી ભયથી જે રીતે થાય, એ રીતે કરી લો; કેમકે ધર્મનું અમાપ ફળ છે, એનો આ શ્લોક છે.

**लज्जातो भयतो वितर्कविधितो मात्सर्यतः स्नेहतो,**
**लोभादेव हठाभिमानविषयाच्छूङ्गार-कीर्त्यादितः ।**
**दुःखात् कौतुक-विस्मय-व्यवहृतेर्भावात्कुलाचारतो**
**वैराग्याच्च भजन्ति धर्मममलं तेषाममेयं फलम् ॥**

અર્થાત્ (જે લોકો) લજ્જાથી, ભયથી, સ્વકલ્પિત વિધિથી, ઈર્ષ્યાથી, સ્નેહથી, લોભથી, હઠના વિષયથી, અભિમાનના વિષયથી, વિલાસ-કીર્તિ આદિના કારણે, દુઃખથી, કૌતુકથી, વિસ્મયથી, વ્યવહારથી, ભાવથી, કુળાચારથી અને વૈરાગ્યથી નિર્મળ ધર્મને ભજે છે, તેઓને અમાપ ફળ મળે છે.

આમાં કેટકેટલી રીતે ધર્મ કરાય છે એ બતાવ્યું, અને એ રીતે ધર્મ કરનારને અમાપ ફળ બતાવ્યું. એને જરા દાખલાથી જોઈએ.

**(૧) લજ્જાથી ધર્મ કરે એને એનું અમાપ ફળ.**

ધર્મ લજ્જાથી આ રીતે કે હજી ધર્મની સ્વતઃ તમન્ના નથી થતી, પરંતુ કુળની કે વડીલની લજ્જાથી ધર્મ કરાય છે.

દા.ત. 'આવા ઊંચા કુળમાં જન્મેલો હું રાત્રિભોજન કરું, અભક્ષ્ય ખાઉં, તો મને શરમ લાગે, મારે લજવાવું પડે; માટે રાત્રિભોજન-ત્યાગ, અભક્ષ્ય-ત્યાગનો

ધર્મ પાળું,' આમ લજ્જાથી ધર્મ કરે તો પણ એનું અમાપ ફળ છે.

ક્ષુલ્લક મુનિએ માતા સાધ્વી, એમના ગુરુણી, પોતાના ઉપાધ્યાય અને આચાર્ય મહારાજના માત્ર દાક્ષિણ્યથી ૧૨-૧૨ વર્ષ ચારિત્રમાં ટકી જવાનું કર્યું, તો અંતે એ સ્વતઃ ચારિત્ર-રુચિમાં આવી ગયા.

માનો કે માણસને સત્ય-ધર્મની સ્વતઃ તમન્ના થતી નથી કે 'ભલે ભૂખે મરવું પડે તે હા, પરંતુ જૂઠ તો ન જ બોલું;' આવી સત્યની સ્વતઃ રુચિ ન હોય, છતાં કુળ-લાજ પિતૃ-લાજ કે ગુરુ-લજ્જાથી અસત્ય ન બોલે, સત્ય ધર્મ જ પાળે, તો તે શું ખોટું છે ? શું ખરાબ છે ? ત્યાં જો એમ આગ્રહ રાખીએ કે 'મોક્ષની ઈચ્છાથી ધર્મ કરે છે ? ના, તો તારો ધર્મ ખોટો, ખરાબ, સંસારવર્ધક,' તો એ આગ્રહ કેટલો વાજબી ? આ આગ્રહ રાખવા જતાં તો માત્ર લજ્જાથી સત્ય-ધર્મ પળાય એને ખોટો કહેવો પડે. જ્યારે, અહીં આચાર્ય મહારાજ કહે છે 'લજ્જાથી પણ ધર્મ કરે એ ધર્મ અમાપ ફળને આપનારો છે.' હજી આગળ જુઓ,

**(૨) ધર્મ ભયથી પણ થાય તો ય તે અમાપ ફળને આપનારો છે.**

દા.ત. છોકરા માતાની બીકથી પ્રભુદર્શને જાય છે, પ્રભુપૂજા કરે છે. ભય છે એને કે દર્શન પૂજા નહિ કરું તો મા વઢશે. અહીં એના દર્શન-પૂજા મોક્ષની ઈચ્છાથી નહિ પણ માતાના ભયથી કરાય છે, તો તે શું ખોટા ? ખરાબ ? શું સંસારવર્ધક ? ના, એ ધર્મ પણ અમાપ ફળદાયી છે; કેમકે એમ ભયથી પણ કરતાં કરતાં ધર્મ કરવાની એક સારી ટેવ પડે છે. પછી એ ચાલુ રહે, તો સ્વતઃ ધર્મરુચિ આવે છે.

માત્ર બાળક જ નહિ, મોટો હોય અને એ પણ ભયથી ધર્મ કરે એવું બને. દા.ત. પતિ ધાર્મિક હોય અને એણે ઘરમાં કહી દીધું હોય કે 'આપણે રોજ ભગવાનની પૂજા કરવાની.' હવે જો પત્ની પૂજા ન કરે તો પતિ વઢે એમ ભય હોય, તેથી પતિના ઠપકાના ભયથી પત્ની પૂજા કરે એવું બને. આ ભયથી પત્ની વડે કરાતા પૂજા-ધર્મનું પણ ફળ એને અમાપ મળેઃ એમ અહીં આચાર્ય મહારાજ કહે છે.

આના પર વિચારવા જેવું છે કે અહીં પત્ની પૂજા કરવા જાય છે તેમાં પત્નીનો આશય મોક્ષ મેળવવાનો નથી, પણ પતિના ઠપકાથી બચવાનો છે. તો એનો એ પૂજા-ધર્મ, મોક્ષનો આશય નહિ હોવાથી, ભવવર્ધક ખરો ? ના, જ્યારે જ્ઞાની ભગવંત પણ ધર્મનું અમાપ ફળ કહે છે, એટલે એ નિષ્ફળ-નકામો નહિ, તો પછી એ ધર્મને ભવવર્ધક કહેવાય જ શી રીતે ?

**પ્ર.**- ભયથી કરાતા ધર્મમાં મોક્ષનો આશય તો છે નહિ, પછી એ ધર્મ કેમ અમાપ ફળવાળો ?

**ઉ.**- અહીં જ્ઞાનીઓ જુએ છે કે વિષય-રસિયા જીવને વિષયો આરંભ-



સમારંભ અને પરિગ્રહ પર જ દૃષ્ટિ છે, ને ચોવીસે કલાક એની ધૂમ પ્રવૃત્તિ કરે છે; પણ ધર્મ તરફ દૃષ્ટિ જ નથી, એટલે ધર્મપ્રવૃત્તિનું દેવાળું છે. હજી પાડોશી સાથે નકામા ગામ-તડાકા ઠોકશે, પણ ભગવાનની પૂજા નહિ કરે, કે એક નવકારવાળી પણ નહિ ગણે. પછી તો

**જેવી પ્રવૃત્તિ તેવો સંસ્કાર,** એટલે વિષયો વગેરેની પ્રવૃત્તિથી એના જ સંસ્કાર પડવાના, પણ ધર્મના નહિ. ત્યારે જો ભયથી પણ પૂજા કરે છે, માળા ગણે છે, પર્વ-તિથિએ છૂટા ન રહેતાં વડીલના ભયથી બેસણાં જેવો પણ તપ કરે છે, તો તો એ ધર્મ-પ્રવૃત્તિથી ધર્મના સંસ્કાર પડશે.

શ્રી સિદ્ધર્ષિગણી મહારાજ ઉપદેશમાળાની **'લદ્ધિલ્લિયં ચ બોહિં'**... વાળી ગાથાની ટીકામાં લખે છે કે

અહીં શાસ્ત્રકારે જે કહ્યું કે

**વર્તમાનમાં થયેલી 'બોધિ' યાને જૈનધર્મની પ્રાપ્તિને જો તું સદ્‌અનુષ્ઠાનથી સફળ નથી કરતો અને પરભવ માટે બોધિની અર્થાત્ જૈનધર્મ-પ્રાપ્તિની માગણી કરી રહ્યો છે, તો તે કયા મૂલ્ય પર તને મળશે ?**

અર્થાત્ 'સદ્‌અનુષ્ઠાનોથી દેવદર્શન-જિનપૂજા-સાધુસેવા-જિનવાણીશ્રવણ, સાત ક્ષેત્રમાં દાન, તપસ્યા, સામાયિક વગેરેથી બોધિને યાને જૈનધર્મપ્રાપ્તિને સફળ કરે, તો એ સદ્‌અનુષ્ઠાનનાં નાણાં ઉપર ભવાંતરે બોધિ મળે.' આમ જે શાસ્ત્રકારે કહ્યું તેના પર આ પ્રશ્ન થાય,

**પ્ર.**- સદ્‌અનુષ્ઠાનો તો અહીં કર્યા ત્યારે કર્યા, પછી નષ્ટ થઈ ગયા, એ હવે ભવાંતરે ક્યાં સાથે ચાલવાના છે તે ત્યાં નાણું બને ?

**ઉ.**- સદ્‌અનુષ્ઠાનો ભલે નષ્ટ થઈ ગયા, પરંતુ એના શુભ સંસ્કાર આત્મામાં ઊભા થયેલા, તે પરભવે સાથે ચાલે છે, ને પરભવે બોધિ મળવા માટે હાજર મૂલ્ય બને છે."

આમ કહીને અવધિજ્ઞાની ધર્મદાસગણી મહારાજે એ સૂચવ્યું કે અહીં જૈનધર્મ મળ્યાનો ખાલી સંતોષ રાખ્યે કામ નહિ ચાલે, પરંતુ ધર્મ-પ્રવૃત્તિ કરો તો જ એના શુભ સંસ્કાર ઊભા થશે.

હવે એ ધર્મ-પ્રવૃત્તિ સ્વતઃ આપ મેળે કરવાની સૂઝ નથી પડતી, પરંતુ ભયના માર્યા કરાય છે, તો ય ખોટું નથી; ધર્મ-પ્રવૃત્તિથી એના શુભ સંસ્કાર ઊભા થશે. બાકી જો જીવનમાં ધર્મપ્રવૃત્તિ વિના એકલી વિષય-આરંભ-પરિગ્રહની જ પ્રવૃત્તિઓ છે, તો સંસ્કાર એના જ પડવાના; ધર્મ-પ્રવૃત્તિના શુભ સંસ્કાર ક્યાંથી પડવાના ?

**ધર્મ-પ્રવૃત્તિના શુભ સંસ્કારોનું જ્ઞાનીઓને મન મોટું મૂલ્ય છે.**

કેમકે એ ધર્મસંસ્કારો જીવને આગળ આગળ ધર્મપ્રવૃત્તિમાં પ્રેરે છે. તેથી કહ્યું 'ભયથી પણ કરાતા ધર્મનું અમાપ ફળ છે.' માટે અહીં 'શું માર વગેરેનો ભય છે ? તો એ ભાવ પવિત્ર નથી, મલિન છે, મલિન ભાવથી કરેલી એ ધર્મ-પ્રવૃત્તિ ધર્મ નહિ, એ નિષ્ફળ છે ભવવર્ધક છે' એમ ભ્રમણામાં તણાવાનું નહિ.

**(૩) વિતર્કવિધિથી ધર્મ કરે તેનું અમાપ ફળ :-**

ધર્મ લજ્જાથી કરે, ભયથી કરે, એમ વિતર્કવિધિથી પણ કોઈ કરતો હોય અર્થાત્ પોતાના વિતર્ક યાને સ્વતઃ કલ્પેલી વિધિથી ધર્મ કરતો હોય, તો જ્યાં સુધી એ શાસ્ત્રોક્ત વિધિ ન પામે ત્યાંસુધી એને એમ પણ ધર્મ કરવા દો. એનું ય એને અમાપ ફળ છે. કેમકે ભલે એને વિધિ નથી સમજાઈ, પરંતુ ધર્મનું મહત્ત્વ સમજાયું છે. ધ્યાન રાખવાનું કે એ ધર્મનું મહત્ત્વ સમજે છે માટે તો, ભલે સ્વ-કલ્પિત વિધિથી, પણ ધર્મ કરી રહ્યો છે, પાપ નહિ. પાપરૂપ સાંસારિક પ્રવૃત્તિ છોડીને ધર્મ-પ્રવૃત્તિ કરે છે એ ધર્મને સારો માનીને કરી રહ્યો છે.

**પાપ-પ્રવૃત્તિઓના આ ખારપાટ સંસારમાં ધર્મ-પ્રવૃત્તિ રુચવી એ નાની સૂની વસ્તુ નથી.**

અલબત શાસ્ત્રોક્ત વિધિ પ્રત્યે એને ઘૃણા કે ઉપેક્ષા અવગણના ન હોવી જોઈએ. પરંતુ ગામડામાં રહેલો ભદ્રક જીવ શાસ્ત્રોક્ત વિધિની ખબર નથી અને મનઘડંત વિધિથી ધર્મ-પ્રવૃત્તિ કરે છે, તો શું એટલી એણે સાંસારિક પ્રવૃત્તિ છોડી એનું, અને ધર્મ-બુદ્ધિથી ધર્મ-પ્રવૃત્તિ કરી એનું એને કશું ફળ નહિ ? અહીં આચાર્ય મહારાજ કહે છે 'એને એનું અમાપ ફળ છે.' એમ તો જોવા જઈએ તો શહેરોમાં પણ ધર્મ-પ્રવૃત્તિ કરનારા બધા જ જણ શાસ્ત્રોક્ત વિધિથી જ ધર્મ કરે છે ? ના, તો શું એ બધાની ધર્મ-પ્રવૃત્તિ નિષ્ફળ ? નકામી જવાની ? ના, અહીં એનું અમાપ ફળ કહે છે.

આગળ વધીને આચાર્ય મહારાજ કહે છે,

**(૪) માત્સર્યથી-ઈર્ષ્યાથી ધર્મ કરતો હોય તો ય એને એ ધર્મનું અમાપ ફળ છે.**

આ કથન જરા વિચિત્ર લાગશે, પરંતુ આ કથનમાં શાસ્ત્રકારોની કેટલી ઊંડી અને દીર્ઘદૃષ્ટિ છે, એ જોવા જેવું છે. દા.ત. આમ તો ધર્મની શુદ્ધ ઇચ્છા ન થઈ, પરંતુ પર્યુષણામાં ચડસાચડસીથી ધર્મની બોલી બોલતો હોય, તો એ ઈર્ષ્યાથી ધર્મ કરી રહ્યો છે; ને આજે પર્યુષણામાં કે બીજા અવસરે કેટલાકો આ રીતે બોલી બોલતા હોય છે. એમને શું 'આ તો તમે મલિન ભાવથી ધર્મ કરો છો એ ખોટું છે' એમ કહી એ ધર્મપ્રવૃત્તિ બંધ કરાવાય ? અરે ! તપમાં ય શું છે ? પર્યુષણામાં



પાડોશી અઠ્ઠાઈ કરે છે, તો મનને ઈર્ષ્યા આવી કે શું એ અઠ્ઠાઈ કરે છે ? તો એની જ પાસે અઠ્ઠાઈની શક્તિ છે ? મારી પાસે નથી ? લાવ હું અઠ્ઠાઈ નહિ, દશ ઉપવાસ કરી બતાવું.' આમ ૧૦ ઉપવાસ કર્યા, પણ ઈર્ષ્યાથી કર્યા. આ ધર્મથી એનું ભલું થાય કે ભૂંડું ? ભૂંડું કહેતા નહિ, કેમ કે આ સવાલ આવશે કે 'પર્યુષણામાં એક જણ કશો તપ ન કરે, ને રોજના ૩-૪ ટંક ખાય, એનું ય ભૂંડું થાય ? અને આ દશ ઉપવાસ કરે એનું ય ભૂંડું થાય ? ના, બંનેમાં ફરક છે. અલબત ધર્મનું ઉત્થાન ઈર્ષ્યામાંથી થયું, પરંતુ પ્રવૃત્તિ ધર્મની થઈ; અને આમાં જ્ઞાનીઓ જુએ છે કે 'આવા જીવમાં ઈર્ષ્યાનો અવગુણ છે, પરંતુ એમ તો બીજા ય અનેકાનેક અવગુણ છે, અને ઈર્ષ્યાથી દુન્યવી કેટલાય ખોટાં કામ કરે છે; પરંતુ એ બધાની વચમાં ભલે ઈર્ષ્યા-હરિફાઈથી પણ હવે ખોટાં કામ મૂકી ધર્મ-પ્રવૃત્તિ તરફ વળ્યો તો એટલું સારું તત્ત્વ થયું. એમાંથી આગળ જતાં ઈર્ષ્યા છૂટી જશે ને ધર્મ-પ્રવૃત્તિ મંડાશે. આમ તો ચારે બાજુ જુઓને, જીવોમાં ધર્મ-પ્રવૃત્તિ કેટલી દેખાય ? જીવોને એ ગમે છે જ ક્યાં ? એ તો પાપપ્રવૃત્તિ જ ગમવાથી એમાં જ રચ્યા પચ્યા રહે છે. એટલે જ જો કોઈ જીવ ધર્મ-પ્રવૃત્તિ તરફ વળતો હોય, તો શું ખોટું કર્યું ? પૂછો,

**પ્ર.-** પણ એ તો ધર્મ તરફ ઈર્ષ્યાના અવગુણથી વળ્યો ને ?

**ઉ.-** આમ પૂછીને શું એમ કહેવું છે કે

ઈર્ષ્યાથી ધર્મ તરફ વળ્યો એ ખોટું કર્યું ? ને એના કરતાં વગર ઈર્ષ્યાએ ધૂમધામ હિંસામય આરંભસમારંભ-જૂઠ-અનીતિ-દુરાચાર વગેરે પાપ પ્રવૃત્તિઓ અને વિષય-વિલાસોમાં લાગ્યો રહ્યો હોત તો સારું હતું ? અગર ઈર્ષ્યાથી ખાનપાન-ધંધાધાપા-મકાનનિર્માણ વગેરે પાપપ્રવૃત્તિ કરી હોત તો સારું હતું ?

**જગતના જીવોની દયા ખાવા જેવી છે કે એ બિચારા ધૂમધામ ચોવીસે કલાક પાપ-પ્રવૃત્તિમાં પડેલા છે !**

જ્યાં મૂળમાં એમનામાં ધર્મપ્રવૃત્તિ જ નથી; કદાચ દેવદર્શનની પ્રવૃત્તિ હોય તો તે માત્ર મન મનાવવા જેવી કે 'હું રોજ દર્શન કરું છું,' બાકી દર્શન કરતાં સહેજ પણ પ્રભુને વિનંતી નથી કે 'પ્રભુ ! તું અનંત ગુણ-સંપન્ન, ને હું અનંતા દોષોથી ભરેલો ? મારા પર કરુણા કર, મારા દોષ ટળે; મારા દોષ થોડા પણ મોળા પડે,' આટલીય જેણે માગણી કરવી નથી, તો એ દર્શન-ધર્મની પ્રવૃત્તિ આત્માને શી અસર કરે ? છતાં કુળલાજે કે દુર્ગતિના ભયથી એટલીય દર્શન પ્રવૃત્તિ હશે, તો એમાંથી ક્યારે ય આગળ વધી સ્વતઃરુચિથી ધર્મપ્રવૃત્તિ કરતો થશે. તાત્પર્ય, જગતના જીવોની આ દયાપાત્ર સ્થિતિ છે કે એમનામાં મામૂલી દેવદર્શન વિના રોજિંદી ધર્મપ્રવૃત્તિ ખાસ છે નહિ, ત્યાં એમને કહ્યા કરીએ કે 'જોજો મોક્ષના

જ આશય વિના બીજા ત્રીજા આશયથી ધર્મ કરશો તો મરશો, એ વિષક્રિયા થશે, અને એથી ભવના ફેરા વધશે,' તો આમ કહ્યા કરવામાં એને ધર્મક્રિયા ખૂબ કરવાની પ્રેરણા શી રીતે થાય ? સંસારક્રિયા થોડી ય ઓછી કરી, આ પ્રમાદ ઓછો કરી, ધર્મપ્રવૃત્તિ ખાસ કરવાની ઉર્મિ શી રીતે જાગે ?

પૂછીએ, 'પર્યુષણામાં ય ધર્મ કરો છો ? હા, પણ મોક્ષનો આશય છે ? ત્યાં 'ના, આ તો લોકલજ્જાથી ધર્મ કરીએ છીએ' એમ કહે, તો એવી ધર્મ-પ્રવૃત્તિ પર જો ચોકડો મારી દઈએ, કહીએ,'તમારી ધર્મ-પ્રવૃત્તિ ધર્મરૂપ નથી,' તો એ સાંભળીને શું સામાને ધર્મ-પ્રવૃત્તિમાં ઉત્તેજન મળે ? કે પીછે હટ ? પછી

(૧) આ શાસ્ત્ર જે કહે છે 'લજ્જાથી ધર્મ કરતો હોય, ભયથી ધર્મ કરતો હોય, અરે ! માત્સર્યથી ધર્મ કરતો હોય, તો એ ધર્મનું અમાપ ફળ મળે છે,' એ આ શાસ્ત્રને ક્યાં મૂકી આવવાનું ? તેમજ

(૨) આજના વધી ગયેલા વિષય-રંગમાં અને વિષય-સંગની પ્રવૃત્તિઓમાં ગળાબૂડ ખૂંચી ગયેલાને ધર્મ-પ્રવૃત્તિમાં લાવવાના શી રીતે ? અને

(૩) ધર્મ-પ્રવૃત્તિમાં આવ્યા વિના પાપ-પ્રવૃત્તિઓમાં ખૂંચ્યા રહી શું આશય સુધરે ?

આચાર્ય પુણ્યનંદનસૂરિ મહારાજ આગળ કહે છે,

**(૪) સ્નેહથી પણ ધર્મ કરે એને એનું અમાપ ફળ છે.'**

આમ કહીને આવા જીવોને પણ ધર્મમાં આવકારવા છે કે 'એમેય તમે ધર્મમાં આવો,' કિન્તુ કાઢી મૂકવા નથી કે 'શું તમારી પોતાની રુચિ અને શ્રદ્ધાથી ધર્મ નથી કરવો ? માત્ર સ્નેહી પરના સ્નેહને લીધે ધર્મ કરવો છે ? જાઓ ભાગી જાઓ, તમારા ભાવ મેલા છે, મેલા ભાવથી ધર્મ થાય નહિ, ધર્મીમાં તમારો નંબર કહેવાય જ નહિ,' આમ કાઢી મૂકવા નથી, જ્ઞાનીઓને જો આવા જીવોને ધર્મમાંથી કાઢી મૂકવા હોત, તો એમની ધર્મ-પ્રવૃત્તિનું અમાપ ફળ કેમ કહેત ? આવી ધર્મ-પ્રવૃત્તિને અમાપ નુકસાન કરનારી જ કહેત ને ?

જ્ઞાનીઓ તો જુએ છે કે 'જીવ આમ આપમેળે તો ધર્મ કરતો નથી, પરંતુ શું સ્નેહીના સ્નેહને વશ થઈ ધર્મ કરે છે ? તો કરવા દો. જો એવાને ધર્મમાંથી કાઢી મૂકશો, તો સંસારની ભરચક પાપ પ્રવૃત્તિમાં ખૂંચેલો રહેશે; ને તેથી પાપબુદ્ધિમાં જ રમતો રહેશે.

**સ્નેહથી ધર્મ-પ્રવૃત્તિ કેવી રીતે ?** સ્નાત્ર ભણાવો, એમાં બોલો છો ને કે **'આતમભક્તે મળ્યા કેઈ દેવા, કેતા મિત્તાનુજાઈ, નારી પ્રેર્યા વળી કુલ વટ...'** અર્થાત્ કેટલાક દેવતા પ્રભુના મેરુપર જન્માભિષેકના અવસરે આત્મ-ભક્તિથી



આવી મળે છે, તો કેટલાક મિત્રના અનુયાયી બનીને આવે છે, તો કેટલાક દેવીની પ્રેરણાથી આવે છે. આમાં મિત્રાનુયાયી મિત્રના સ્નેહથી પ્રભુ ભક્તિનો ધર્મ કરવા જાય છે. એના એ ધર્મ ઉપર ચોકડી મારવી ?

જો ચોકડી મારો તો શું થાય ? આજના કાળના દાખલા છે કે ભાઈ જરાય ધર્મ ન કરતા હોય, પરંતુ પત્ની ઉપરના સ્નેહથી પત્ની સારી શ્રાવિકા હોઈ એનો ધર્મ જોઈ જોઈને પતિ ધર્મ કરતો થયો. શું આ ધર્મ-પ્રવૃત્તિ પોતાની રુચિથી કરી ? ના, પત્ની ઉપરના સ્નેહથી. એનું જોઈ જોઈને ધર્મ-પ્રવૃત્તિ કરી, યા પત્ની ઉપર સ્નેહ છે તેથી એની પ્રેરણા મળતાં ધર્મ-પ્રવૃત્તિ શરૂ કરી. પછી તો એના સ્નેહથી ધર્મ કરતાં કરતાં પોતાને ગુરુઓનો ઉપદેશ સાંભળવા મળે એમાં સહજ ભાવે ધર્મ ગમવા માંડ્યો તે પછીથી પોતાની આત્મ-રુચિથી ધર્મપ્રવૃત્તિ કરતા થઈ ગયા... આવા દાખલા અનેક મળે.

હવે અહીં વિચારો, કે જ્યારે પત્ની પરના સ્નેહથી ધર્મ કરવા માંડ્યો, ત્યારે એને જો પૂછ્યું હોત કે 'તું ધર્મ મોક્ષના આશયથી કરે છે ? તો એ કહેત 'ના, હું તો પત્ની પરના સ્નેહથી ધર્મ કરું છું. એ બિચારી વિગઈ-ત્યાગ રાખે અને હું વિગઈ ખાઉં ? એ દિલને જચે નહિ, તેથી હું ય વિગઈ ત્યાગ રાખું છું. મને યાત્રાનો રસ નહિ, પરંતુ એને યાત્રાનો પ્રેમ તેથી સ્નેહથી એને યાત્રાએ લઈ જાઉં, ત્યાં મારે જે યાત્રા થાય છે એ એના સ્નેહથી થાય છે. આમ તો મને દાનની રુચિ નહિ, પરંતુ પત્ની કહે છે 'આ સારા કામમાં હજાર રૂપિયા આપી દો,' તો હું એના સ્નેહની ખાતર હજારનું દાન કરી દઉં છું.'

હવે શું આ વિગઈ-ત્યાગને, યાત્રાને, દાનને ધર્મ નહિ કહેવો ? 'એનું કશું ફળ નહિ' એમ કહી એને નિષ્ફળ કહેવા ? યા 'આ તો મોક્ષના આશય વિનાની અને પત્નીને રાજી કરવાના આશયવાળી ધર્મ-પ્રવૃત્તિ, માટે એને સંસારવર્ધક ધર્મ-પ્રવૃત્તિ' એમ કહેવું ? જોજો કહેતા નહિ, અહીં આચાર્ય મહારાજ ધર્મ-પ્રવૃત્તિમાં હેતુભૂત અનેક કારણો પૈકી આ સ્નેહને પણ એક કારણ તરીકે કહે છે, અને સ્નેહથી પણ ધર્મપ્રવૃત્તિ કરે એને અમાપ ફળ હોવાનું કહે છે; એનો ઈન્કાર કરી એથી વિરુદ્ધ કહીએ કે'એ અમાપ ફળવાળી નહિ પણ ભવવર્ધક, ભવમાં રખડાવનારી ધર્મ-પ્રવૃત્તિ છે, એમ કહીએ તો શું એ શાસ્ત્ર-વિરુદ્ધ સૂત્ર-વિરુદ્ધ ઉત્સૂત્ર ભાષણ જેવું ન થાય ?'

અહીં તો આગળ વધીને કહે છે,

**(૬) લોભથી ધર્મપ્રવૃત્તિ થાય એ પણ અમાપ ફળદાયિની બને.**

**દા.ત. સતી સુભદ્રાને** પરણનાર યુવાન મૂળ બૌદ્ધ ધર્મી કુટુંબનો યુવાન

હતો, ને પરદેશ ગયેલો ત્યાં સુભદ્રાના બાપે એને એક પરદેશી અજાણ્યા અતિથિ તરીકે પોતાને ત્યાં ઉદારતાથી ઉતાર્યો. એણે સુભદ્રાને જોઈ એનાં રૂપ ગુણ વગેરેથી એના તરફ આવર્જિત બન્યો, રાગવાળો બન્યો. પરંતુ એણે જોયું કે 'આ શ્રાવક એવો છે કે ઇતર-ધર્મીને પોતાની કન્યા કાંઈ આપે નહિ, એ તો શ્રાવકને જ આપે,' તેથી એણે કપટ શ્રાવક બનવા માટે જૈનધર્મની દેવદર્શન-પૂજા આદિ ધર્મ-પ્રવૃત્તિ કરવા માંડી. વળી જૈન સાધુ પાસે જઈ જૈનધર્મ શીખવા માંડ્યો, અને એને શક્ય અમલમાં ઉતારતો ચાલ્યો.

પરંતુ આ બધો ધર્મ શા માટે કરે છે ? કેવળ સુભદ્રા મેળવવાના લોભથી. પરંતુ ધર્મ તો ત્યાગ-તપસ્યા-જિનભક્તિ...વગેરે એટલો બધો કરવા માંડ્યો કે સુભદ્રાનો બાપ એનાથી અંજાઈ ગયો. એને વિશ્વાસ પડી ગયો કે 'આ ઉત્તમ શ્રાવક બન્યો છે, સુભદ્રાને માટે યોગ્ય પતિ છે,' તે એણે સુભદ્રાને એની સાથે પરણાવી પણ દીધી...

હવે વિચારો, આ લોભથી ધર્મ કર્યો એ ત્યાજ્ય ? કે ઉપાદેય ? નિષ્ફળ ? કે અમાપ ફળવાળો ? ભૂલતા નહિ, અહીં જ્ઞાની લોભથી થતા ધર્મને નિષ્ફળ નહિ, અમાપ ફળવાળો કહે છે. અમાપ શી રીતે, એ આ સુભદ્રાના પ્રસંગમાં જુઓ,

પેલા યુવાનને સુભદ્રા મળ્યા પછી તો દિલ જ પલટાઈ ગયું, તે લોભને બદલે પહેલાં સુભદ્રા ઉપરના સ્નેહથી, અને પછીથી હવે સ્વતઃ રુચિથી જૈનધર્મ પાળે છે ! અને એના દેશમાં ઘરે સુભદ્રાને લઈ ગયા પછી ઘર તો બૌદ્ધ-ધર્મી, ને ત્યાં સુભદ્રા તો જૈન સાધુનો સત્કાર કરે છે, પરંતુ બૌદ્ધ સાધુનો નહિ, તેથી સાસુ એને તડકાવે છે. ત્યારે સુભદ્રાનો પતિ સુભદ્રાના પક્ષમાં રહે છે. એમાં સાસુનો રોષ વધતાં, સાસુ સુભદ્રાને મેડી ઉપર જુદી કાઢે છે, તો પતિ પણ એની સાથે જ રહે છે. જોવાનું છે કે આ મૂળમાં ધર્મ શી રીતે થયેલ ? અને કેવું પરિણામ આવ્યું ?' પતિએ લોભથી અને સ્નેહથી જૈનધર્મની આરાધના કરવા માંડેલી; એમાંથી સહજ રુચિથી ધર્મ-સેવનમાં આવી ગયો. એ ફળ કેટલું મોટું ? એનું માપ મંડાય ? ના, અમાપ ફળ જ કહેવું પડે. એ સહજ રુચિનો ધર્મ કોણ લઈ આવ્યું ? એના હૈયે જૈનધર્મની સ્પર્શના કોણે કરાવી ? કહો લોભ-સ્નેહથી પણ ધર્મપ્રવૃત્તિ કરી હતી, એણે.

**જીવનમાં જૈન ધર્મ સ્પર્શી જાય એ નાનું સૂનું કે જેવું તેવું ફળ નથી.**

અહીં એક પ્રશ્ન થાય,

**પ્ર.**- માનો કે સુભદ્રાને પરણીને ઘરે લઈ ગયા પછી યુવાને જૈન ધર્મ મૂકી દીધો હોત તો એની પૂર્વે સુભદ્રા મેળવવાના લોભથી કરેલો ધર્મ તો નિષ્ફળ જાત ને ?



ઉ.- ધ્યાન રાખજો અહીં જ્ઞાની જે કહે છે કે 'લોભથી-સ્નેહથી કરેલ ધર્મ અમાપ ફળ આપે છે,' ત્યાં એમ નથી કહેતા કે 'એ ધર્મ પછી લોભ વિના કરતો થાય તો જ અમાપ ફળ; ને લોભ સર્યા પછી ધર્મ કરવો મૂકી દે, તો અમાપ ફળ નહિ,' જ્ઞાની એવું નથી કહેતા. એ તો સામાન્યથી જ કહે છે 'લજ્જા, ભય માસ્તર્ય સ્નેહ કે લોભથી ધર્મ કરાય તે અમાપ ફળ દેનારો છે.' એમ કહેવાનું કારણ ? કારણ આ જ છે કે જ્ઞાની જુએ છે કે એ રીતે પણ એને જૈન ધર્મની આરાધના કરવા દો, કેમકે (૧) એ ધર્મ-પ્રવૃત્તિથી એનામાં ધર્મના સંસ્કાર પડે છે, અને (૨) ધર્મ-પ્રવૃત્તિ દરમિયાન વિષય-વિલાસ, આરંભ-સમારંભ, અને પરિગ્રહની પ્રવૃત્તિથી બચે છે. અહીં એક સવાલ થાય,

**અનંતી દ્રવ્યક્રિયા નિષ્ફળ કેમ કહી ? :-**

**પ્ર.**- તો પછી શાસ્ત્રે એમ કેમ કહ્યું કે 'પૌદ્ગલિક સુખના લોભથી કરેલી ધર્મની અનંતી દ્રવ્ય-ક્રિયા નિષ્ફળ ગઈ ?' કેમ એને અમાપ ફળવાળી ન કહી ?

ઉ.- એનું કારણ સ્પષ્ટ છે કે એ ક્રિયાઓ ભવાભિનંદીપણાના જોર ઉપર કરેલી, એટલે ત્યાં મોક્ષ ઉપર દ્વેષ હતો, મોક્ષની વાત જરાય ગમતી નહોતી. વળી મિથ્યાત્વ ગાઢ હતાં, વિષયરાગ ગાઢ હતો, માટે એ દ્રવ્ય-ક્રિયાઓને નિષ્ફળ ગયેલી કહી...

ત્યારે અહીં મોક્ષના દ્વેષની વાત નથી. અહીં એવો નિર્ધાર નથી કે 'મારે મોક્ષ તો જોઈએ જ નહિ,' તેમ અહીં એવા ગાઢ મિથ્યાત્વની ય કલ્પના કરવાની જરૂર નથી, તેમ એવો આંધળો ગાઢ વિષયરાગ નથી, નહિતર લજ્જાથી કે ભય વગેરેથી ધર્મ-પ્રવૃત્તિ કરવા શું કામ જાત ?

**એનું હૈયું તપાસવા જેવું છે,** ભલે લજ્જાથી, ભયથી, સ્નેહથી, લોભથી, ધર્મ કરવા જાય છે, એ લજ્જા-ભય-સ્નેહ-લોભ એવા જોરદાર નથી કે 'ધર્મ પ્રત્યેની લાગણી જ ઉડાવી દે, ધર્મ પ્રત્યે તદ્દન શુષ્કતા લાવે, વેઠનો હિસાબ મંડાવે.' એટલું જરૂર છે કે ધર્મમાં પ્રેરાય છે તે લજ્જાથી, લોભથી, સ્નેહથી...પણ ધર્મરુચિથી ધર્મ કરવાનો સહજભાવે ઉમળકો નથી. પરંતુ એમ તો બચ્ચાને અને મોટા પણ બાળ જીવને પહેલ-પહેલાં વડીલ કે ગુરુના ચિંધ્યા વિના એમ તો સહજ ભાવે ધર્મ સાધવાનો ઉમળકો ક્યાં થાય છે ? એ તો વડીલ કે ગુરુ ચીંધે એટલે ધર્મ કરવા પ્રેરાય છે, તો શું એ રીતે ધર્મ કરવા પ્રેરાયો એ ખોટું થયું ? એની કશી કિંમત નથી ? 'મોક્ષનો અહીં આશય નથી માટે આ ધર્મસાધના નિષ્ફળ,' એમ કહેવાય ? જો એમ કહેવા જઈએ તો શું જ્ઞાનીઓની, આ ધર્મ-સાધકોની અને આ ધર્મ-સાધનાની અવગણના આશાતના કરનારા થઈએ એવું નથી લાગતું ?

અહીં જોવાનું આ છે, કે વડીલે યા ગુરુએ ચિંધવાથી જ ધર્મ કરવા જે પ્રેરાય છે એ પણ ધર્મ-સાધના વખતે ધર્મ પ્રત્યે તદ્દન શુષ્ક હૈયાવાળો નથી, યા ધર્મને નકરી વેઠ નથી સમજતો. એટલે તો બચ્ચા કે મોટા બાળ જીવો એમ ધર્મ કરતાં કરતાં આગળ પર ધર્મ ઉપર જે સહજ ભાવે પ્રીતવાળા બને છે, ત્યાં માનવું પડે કે પ્રારંભમાં ભલે લજ્જાથી, ભયથી કે સ્નેહથી પ્રેરાઈને ધર્મ કર્યો, પરંતુ તે કાંઈક પણ ભીના હૈયે ધર્મ કર્યો; કિન્તુ માત્ર વેઠ સમજીને ધર્મ નથી કર્યો. નહિતર,

**ધર્મ-સાધનાને જો એકલી વેઠ જ સમજતો રહે તો એ વર્ષો કરવા છતાં ય ધર્મ પર પ્રીતિવાળો ન થાય. માટે ધર્મ કરનારનું હૈયું તપાસો.**

એટલે જ કહીએ છીએ કે જ્યારે અહીં પુણ્યનંદન આચાર્ય મહારાજ કહી રહ્યા છે કે 'લજ્જાથી ભયથી સ્નેહથી વગેરેથી ધર્મ કરનારાને અમાપ ફળ મળે છે ત્યારે એ રીતે ધર્મ કરનારા અને એનું અમાપ ફળ મેળવનારાનું હૈયું તપાસવા જેવું છે કે **એમાં એકલી લજ્જા વગેરેના જ ટકા છે ? કે ધર્મના કોઈ ટકા છે ?**

આ તપાસ્યા વિના સીધા જજમેન્ટ ન ફાડતા કે 'એ તો મોક્ષનો આશય નથી માટે વિષક્રિયા, પાપક્રિયા, ભવવર્ધક ધર્મક્રિયા,' નહિતર 'લજ્જાથી ભયથી સ્નેહથી...વગેરેથી ધર્મ કરનારને અમાપ ફળ થાય છે' એમ કહેનાર શાસ્ત્રને, જ્ઞાનીને અને જિનવાણીને અન્યાય કરવાનું થશે.

હજી આગળ જુઓ કે ધર્મ કેવી કેવી રીતે થાય છે, છતાં એનું અમાપ ફળ મળે છે !

**(૭) હઠથી ધર્મ અમાપ ફળ આપે : સિદ્ધર્ષિ**

આર્દ્રકુમાર વગેરે સભા આગળ આચાર્ય મહારાજ કહે છે કે 'હઠાભિમાન-વિષયાત્' અર્થાત્ હઠના વિષયથી યા અભિમાનના વિષયથી ધર્મ કરે. અર્થાત્ આમ તો ધર્મ કરવાની એવી સહજ રુચિ ન હોય, પરંતુ કોઈ પ્રસંગમાં એવી હઠ પકડાઈ જાય અને ધર્મ કરવા લાગે, એ હઠના વિષયથી ધર્મ થયો કહેવાય દા.ત. સિદ્ધર્ષિને તેમ બન્યું.

સિદ્ધર્ષિ ગણી મહારાજ જેમણે **'શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથા'** નામનો દુનિયામાં અજોડ રૂપક ગ્રંથ રચ્યો, એ સિદ્ધર્ષિ મૂળ વણિક-પુત્ર, યુવાવસ્થામાં આવ્યા, પિતાએ સારા ખાનદાનની રૂપાળી કન્યા પરણાવી. હવે સિદ્ધર્ષિને જુગારનું વ્યસન લાગ્યું તે રોજ રાતે જુગાર રમીને મોડા ઘરે આવે. પત્ની સમજાવે કે 'આ તમે આવા સારા કુળમાં જન્મેલા, તમને આ રાત્રે મોડા આવવું શોભતું નથી,' પરંતુ સિદ્ધર્ષિ એ ધ્યાનમાં લે નહિ, તેથી પત્નીને ચિંતા રહ્યા કરે કે 'આમનું ભવિષ્યમાં શું થશે ?' એ ચિંતામાં ને ચિંતામાં બિચારી દૂબળી પડતી ગઈ. એક



દહાડો સાસુ પૂછે છે, 'તું કેમ ઉદાસ અને દૂબળી પડતી દેખાય છે ?'

વહુએ પહેલાં તો કહ્યું 'કાંઈ નથી.' સાસુ સમજે છે કે ''વહુ ચોક્ખી ઉદાસ દેખાય છે, અને એનું શરીર ક્ષીણ થતું દેખાય છે, એટલે કાંક છે ખરું; તો

**મારા ઘરમાં આવેલી એ પારકાની કન્યા શા માટે દુઃખિત રહેવી જોઈએ ? મારા માથે એની જવાબદારી છે.**

તેથી મારે એના દુઃખનું કારણ જાણીને કારણ અટકાવી એનું દુઃખ ટાળવું જ જોઈએ. નહિતર મારું વડીલપણું શું કામનું ?''

આ હતી પૂર્વના કાળના વડીલોની મનોદશા, 'અમારા આશ્રયે આવેલાનાં દુઃખ શક્ય પ્રયત્ને ટાળવા જ જોઈએ.' ત્યારે આવા વડીલોની છાયામાં રહેલા એ દુઃખી શાના થાય ? દુઃખી થયા હોય તો દુઃખ કેમ ન ટળે ?

**વડીલો આશ્રિતો અંગેની પોતાની જવાબદારી સમજતા હોય, અને અદા કરતા હોય, એ એમની વડાઈ છે. ત્યાં આશ્રિતોને લીલાલહેર હોય.**

**પત્નીની વડાઈ : દુઃખકારી પતિનું ઘસાતું નહિ બોલવું :-**

ત્યારે વહુ પણ જુઓ કેવી ખાનદાન છે કે ચાલે ત્યાંસુધી પતિનું ઘસાતું નથી બોલવું તે નથી જ બોલવું. 'પોતાને ગમે તેટલું દુઃખ હોય તો પણ તે સહી લેવાનું, પણ પતિનું હલકું નહિ જ બોલવાનું.' જુઓ સીતાજીને રામચંદ્રજીએ જંગલમાં કાઢી મૂક્યા હતા પણ પછી તો એમને એક રાજાએ ધર્મની બેન ગણી એમને આશ્રય આપ્યો છતાં એને પણ સીતાજી પોતાની હકાલપટ્ટીની કશી વાત કરતા નથી ! કેમકે પોતાને પતિ તરફથી ગમે તેટલું દુઃખ, પણ પતિનું હલકું નથી બોલવું. આવું શિષ્ય ગુરુ માટે સમજે તો ?

સીતાજીને રાજાએ ઘણુંય પૂછ્યું હશે ! 'તમે ગર્ભવતી લાગો છો, તમે કોના પત્ની ? અહીં જંગલમાં શી રીતે આવી ચડ્યા ?' પરંતુ સીતાજીના મોંમાંથી પતિની હલકાઈ થાય એવો એક હરફ નીકળતો નથી. એ તો એટલું જ કહે છે 'અત્યારે મારું ભાગ્ય જ એવું છે જેથી જંગલમાં આવી ચડી છું. તમે મને વધુ કાંઈ પૂછશો નહિ !' એક જ હિસાબ છે કે પતિનું ઘસાતું કેમ બોલાય કે 'મને વગર વાંકે લોકના ચડાવવાથી પતિએ કાઢી મૂકી ?' ના, આવું કાંઈ જ બોલવું નથી તે ન જ બોલ્યા.

પતિનું ઘસાતું ન બોલવાનું માત્ર આ રાજા આગળ જ નહિ, કિન્તુ પોતાને પેટે ત્યાં જન્મેલા બે જોડિયા બાળક લવણ અને અંકુશ એ સમજદાર થયા ત્યારે પણ એમની આગળ પતિનું ઘસાતું નહિ કહેવાનું તે નહિ, એટલે તે છોકરા મોટા થતા જાય છે છતાં એમની આગળ પણ પતિનું ઘસાતું બોલતા નથી.

**લવણ-અંકુશ માગે આશીર્વાદ : સીતા ઠપકો દે :-**

એ તો એકવાર છોકરો જ્યારે બહારથી સાંભળી લાવી પૂછતા આવે છે કે 'મા ! મા ! તું તો અમને કાંઈ કહેતી નથી, પરંતુ અમે બહારથી જાણી લાવ્યા છીએ, કે તને અમારા બાપુજીએ જંગલમાં છોડાવી મૂકેલી ! તે શું એ એમ સમજે છે ? કે આ સીતાજીનો કોઈ બેલી રખેવાળ નથી એટલે કાઢી મૂકી શકાય. મા ! અમે રખેવાળ તૈયાર થઈ ગયા છીએ, તે હવે એમને યુદ્ધ આપશું. લે અમને માથે આશીર્વાદના હાથ મૂક.'

સીતા હાથ મૂકે ? આર્યદેશની સન્નારી છે. પતિનું હલકું બોલવું તો નથી, પણ હલકું જોવું ય નથી. તે બે દીકરાને કહે, 'ગાંડાઓ ! બાપુજી સામે લડવા જવાય ? અને એમ લડવા જવામાં હું આશીર્વાદ આપું ? હા, જાઓ એમના દર્શન કરવા અને પગે પડવા જવું હોય તો જાઓ, મારા આશીર્વાદ છે. લાવો માથે હાથ મૂકું.''

આ હતી ભારતની સન્નારીઓ ! 'પતિનું હલકું બીજા આગળ નહિ બોલવાનું.' તેથી સિદ્ધર્ષિની પત્ની પોતાની સાસુને પણ એમનું હલકું કહેવા તૈયાર નથી. તે સાસુ પૂછે છે કે 'તું કેમ દૂબળી પડતી દેખાય છે ?' તો કહે છે 'કાંઈ નહિ'...

પરંતુ આ સાસુ એક માતાની જેમ વહુની પોતાના માથે જવાબદારી સમજનારી, 'પારકા ઘરની કન્યા મારા ઘરે લાવીને બેસાડી તો મારે એનાં દુઃખનું કારણ જાણવું જ જોઈએ અને તે દૂર કરવું જ જોઈએ,' એટલે એ આગ્રહ કરીને પૂછે છે. કે ''બોલ બોલ, તારે કાંઈક દુઃખ છે. તો શું દુઃખ છે ? ને એનું શું કારણ ? આ તું નહિ કહે ત્યાં સુધી મારે ખાવું-પીવું બંધ છે.'' ત્યારે એને ન છુટકે કહેવું પડ્યું કે ''આ તમારા દીકરા રોજ રાતે જુગાર રમવા જતા હશે, તે રમીને રોજ રાતે મોડા આવે છે. હું એમને ઘણું ય કહું છું કે 'આવા સારા કુળમાં જન્મેલા તમને આ ન શોભે,' પરંતુ તે લક્ષમાં લેતા જ નથી...''

**માતાનો ટોણો :- સિદ્ધર્ષિની હઠ :-**

સાસુ વહુને કહે ''તો પછી તારું નથી માનતો તો તું મને કેમ કહેતી નથી. ફિકર નહિ, આજે તું બારણું ઉઘાડવા ન જઈશ, હું જ સંભાળી લઈશ.''

બસ, મોડી રાતના સિદ્ધર્ષિ આવ્યો, બારણું ઠોકે છે, માતા પૂછે 'કોણ ?,' એ કહે 'હું સિદ્ધર્ષિ' માતા કહે 'રોજ આટલું બધું મોડું આવવાનું ? જા આજે અહીં બારણું નહિ ઉઘડે. જ્યાં બારણાં ઉઘાડા હોય ત્યાં જા.'

સિદ્ધર્ષિ હવે હઠે ચડ્યો, ધારી લીધું 'હવે માત્ર આજે જ નહિ, કદી આ ઘરમાં આવવું નથી.' ત્યાંથી એ નીકળી ગયો. નગરમાં ઊઘાડા બારણા ઉપાશ્રયમાં, તે સાધુના ઉપાશ્રયે પહોંચી ગયો. ગુરુને પોતાની હકીકત કહી ત્યાં રહ્યો.



અહીં સવારે બાપ પત્નીને પૂછે 'સિદ્ધર્ષિ ક્યાં ?' એણે રાતના બનેલી બીના કહી ત્યારે બાપ એને ઠપકો આપે છે.

'આવી રીતે મોડી રાતે યુવાન દીકરાને જ્યાં બારણા ખુલ્લા હોય ત્યાં જા એવો જવાબ અપાતો હશે ? એની ભૂલ હોય તો સવારે શિખામણ અપાય, પણ આમ કાઢી મૂકાય ? લો જાઓ હવે શોધો એ ક્યાં છે ?'

પત્ની પતિને હવે શું કહે ? ક્ષમા માગી. અંતે માબાપ શોધતાં શોધતાં અહીં સાધુના ઉપાશ્રયે આવ્યા, સિદ્ધર્ષિને જોઈ ધરપત તો વળી, પરંતુ બાપ કહે 'ભાઈ ! તારી માતાની ગંભીર ભૂલ થઈ છે. ગમે તેમ તો ય એ સ્ત્રીજાત; તું પુરુષ છે, પુરુષો ઉદાર દિલના હોય છે, તું એનું કહ્યું ભૂલી જા, ચાલ ઘરે,' પરંતુ અહીં સિદ્ધર્ષિ હઠે ચડ્યો છે, કે હવે ઘરે નથી જ જવું. એણે દીક્ષા લેવા નક્કી કર્યું છે, તેથી પિતા-માતા વગેરેને પોતાનો દીક્ષાનો નિર્ધાર જણાવી દીધો, સંસારનું સ્વરૂપ કહી સમજાવ્યા, અંતે સૌએ સંમતિ આપી દીધી, અને સિદ્ધર્ષિએ દીક્ષા લીધી.

હઠે ચડી દીક્ષા લીધી, શું ખોટું થયું ? હઠથી ધર્મ થાય ? હા,

**'હઠના વિષયથી ધર્મ થાય તો ય, તે અમાપ ફળ આપે છે.'**

એમ આચાર્ય મહારાજ કહે છે. આગળ વધીને કહે છે...

**(૮) અભિમાનના વિષયથી ધર્મ કરે, તો ય અમાપ ફળ.**

અભિમાનથી ધર્મ કરે, તો પણ તેને તેનું અમાપ ફળ મળે છે. જુઓ, દા.ત. કોઈ સાધુ પ્રમાદી હોય, સ્વાધ્યાય કરવામાં ગોખવા-ભણવામાં આળસુ હોય, એને ગુરુ કહે 'જા અમુક સાધુ રોજની પાંચ પાંચ ગાથા કરે છે, તો શું તું ય કાંઈ શક્તિમાન નથી ? તારી તો સારી શક્તિ છે. તું કાંઈ જ ન કરી શકે ?' ત્યારે એ સાધુને પોરસ ચડે, અને એ અભિમાનથી કહે 'સાહેબ ! લ્યો ત્યારે હું સાત ગાથા ગોખી આપું !' ને એ ગોખી આપે, તો આ સ્વાધ્યાયનો ધર્મ એણે અભિમાનથી કર્યો કહેવાય. એને શું ધર્મ ન કહેવો ? શું એને ધર્મનું કશું ફળ નહિ ? અથવા શું એવા ધર્મથી નુકશાન ? ઝટ ગમે તેવું જજમેન્ટ આપતાં પહેલાં વિચાર કરવો પડશે. અહીં એને મોક્ષનો વિચાર નથી, એ હોત તો તો પહેલાં જ કેમ ગોખવાનું ન કરત ? ત્યારે જો મોક્ષનો આશય નથી, તો શું એ બધો ધર્મ સંસારના સુખ માટે કર્યો ગણાય ? શું જ્ઞાની અહીં 'અભિમાનથી ધર્મ કરે તો અમાપ ફળ' એમ કહે છે, તો એમના પર શું સીધો આક્ષેપનો ઘા કરાય કે 'તમે તો સંસાર-સુખ માટે ધર્મ કરવાનું કહો છો ?'

એવો કલ્પિત આક્ષેપ ઊભો કરી જ્ઞાનીને લોક દૃષ્ટિમાં હલકા પડાય ? અહીં ચોક્ખી વાત છે કે પ્રમાદી સાધુએ અભિમાનના વિષયથી ગાથા ગોખવાનો ધર્મ કર્યો. એને જો નકામો કહો, એમ પણ પ્રમાદ ટાળી જ્ઞાનાભ્યાસ કરનારને બંધ કરાવો, તો એ શું જિંદગીમાં આગળ વધે ?

**પહેલાં તો કોઈ લજ્જાથી, કોઈ ભયથી, કોઈ અભિમાનથી, એ રીતે ધર્મ કરવા માંડે છે; એમાં પછી આગળ વધતાં એને ધર્મનો રસ જાગે છે.**

**તેથી પછી ધીમે ધીમે એ લજ્જા, ભય, અભિમાન વગેરે કારણો દૂર થઈ ધર્મની સહજ રુચિ થઈ જાય છે,**

હવે જો આવા જીવને પહેલેથી જ નપાસ કરીએ કે ''ધર્મ આમ લજ્જાથી કરે છે ? લજ્જાથી ભયથી યા અભિમાનથી ધર્મ ન કરાય. મોક્ષના આશયથી જ ધર્મ કરાય. મોક્ષનો આશય ન રાખતાં આમ લજ્જા-ભય-સ્નેહ-અભિમાન વગેરેથી ધર્મ કરવા જઈશ તો એ ધર્મ તારા સંસારને જ પુષ્ટ કરશે,'' આમ જો એને કહીએ તો સંભવ છે કે એના મનને એમ થાય કે 'ત્યારે આમ જો ધર્મ કરીને સંસાર વધતો હોય, તો તો બહેતર છે કે ધર્મ ન કરવો, કરતા હોઈએ તો છોડી દેવો.' એટલે આનું પરિણામ ? એ ધર્મ ગુમાવવાનો ! એટલે પછી હાથમાં શું ? સંસાર-સંસારના પાપો ઠમઠોક ચાલુ રહેવાના ! શું આ આત્માનો ઉદય છે ? કે આત્માની દુર્દશા છે ? જીવની ધર્મ વિના આવી દુર્દશા જોઈને જ અહીં આચાર્ય પુણ્યનંદસૂરિજી મહારાજ કહે છે, **લજ્જાથી-ભયથી-સ્નેહથી-ચડસાચડસીથી-લોભથી-હઠથી-અભિમાનથી ધર્મ કરે એને એનું અમાપ ફળ મળે છે.**

અભિમાનથી ધર્મ ? હા, આજે જુઓ પર્યુષણામાં સ્વપ્નાની કે બીજી બોલીઓ બોલાય છે એમાં કેટલુંક અભિમાનથી પણ બોલાય છે. 'ફલાણો માણસ આદેશ શું લઈ જાય ? હું જ આદેશ લેવાનો. થઈ જવા દો...' એમ કરી એ ૨૫-૫૦-૧૦૦-૨૦૦-૫૦૦...વધારે વધારે બોલવાનો. આમાં એને આદેશ મળી ગયો, તો શું આ આદેશ લેવાનો ધર્મ અભિમાનથી થયો. એને શું અધર્મ કહેવો ? અને એમ જો જ્યાં ને ત્યાં અધર્મનો સિક્કો મારવાનો હોય, તો પરિણામ શું ? કેટલાય લોકો બોલી બોલવી વગેરે ધર્મથી આઘા જ ખસી જાય ! શો સાર નીકળ્યો ? જો આ બોલી નહિ, તો એના બચેલા પૈસા રંગરાગ-વિષયવિલાસ અને આરંભ-સમારંભમાં ખરચાવાના ! તેમજ પોતે ધર્મથી આઘો રહેવાનો !

**શૃંગારથી ધર્મનું અમાપ ફળ** આચાર્ય મહારાજ કહે છે, 'શૃંગાર' એટલે



વેશના ઠઠારા, શોભા-શણગાર. એના હિસાબે ધર્મ કરે. દા.ત. બાઈઓને સારાં સારાં કપડાં પહેરીને દહેરે ઉપાશ્રયે જવાનું મન થાય છે. મનને એમ રહે છે કે 'એમ બહાર જઈએ એટલે લોકમાં સારા દેખાઈએ.' આ આશયથી દહેરે ઉપાશ્રયે જવાનો ધર્મ કરે એમાં અલબત આશય સારો નથી; કિન્તુ

(૧) એ આશયથી કાકી મામીને ત્યાં કે બજારમાં જાય, અને

(૨) એ આશયથી મંદિર-ઉપાશ્રયે જાય,

એ બેમાં ફરક પડે કે નહિ ?

ભલે મંદિર ઉપાશ્રયે જઈ દર્શન કે જિનવાણી-શ્રવણ કરતી વખતે ય કદાચ ધ્યાન પોતાના ઠઠારા પર જશે, મનને એમ પણ થશે કે 'હું સારી લાગું છું, શોભું છું,' પરંતુ

**શૃંગારથી પ્રભુદર્શને (૧) વચમાં વચમાં ય દર્શનમાં પ્રભુ પર ધ્યાન જશે. વ્યાખ્યાનમાં ય ઉપદેશ પર ધ્યાન જશે, આ સારું તત્ત્વ છે.**

**(૨) વળી આમ પણ ધર્મ કરવા જતાં એનું જોઈને એના કુટુંબ અને સમાજમાં મંદિર-ઉપાશ્રયે જવાનો રિવાજ ચાલુ રહેશે.**

ત્યારે એ જો મંદિર-ઉપાશ્રયે જવાનું બંધ કરી, ઠઠારા સમજીને માત્ર કાકી-મામીને ત્યાં જવાની કે બજારમાં હરવા-ફરવાની જ પ્રવૃત્તિ રહી, તો કુટુંબને શું મળે ? તેમ જાતને કયું પ્રભુદર્શન થવાનું ? કયું પ્રભુ પર ધ્યાન જવાનું ? કે સ્તુતિ-ચૈત્યવંદન થવાનાં ? કે કયું સાધુવંદન-ઉપદેશશ્રવણ થવાનાં ? ને જાતમાં નહિ તો કુટુંબમાં ય એના અનુકરણરૂપે મંદિર ઉપાશ્રયે જવાનું અને મંદિરે દર્શન સ્તુતિ વગેરે કરવાનું તથા ઉપાશ્રયે ગુરુવંદન વ્યાખ્યાન શ્રવણ વગેરે પામવાનું ક્યાંથી આવવાનું ?

**જ્ઞાનીઓની દયા છે કે એમણે જીવોને પાપક્રિયાઓથી બચાવવાની કરુણાથી ધર્મનાં અનુષ્ઠાનો અને આચારો બતાવ્યા જેમાં (૧) એ ધર્મ કરનારને ય અમાપ ફળ મળે; અને (૨) એનું જોઈ જોઈ કુટુંબમાં તથા સમાજમાં ય ધર્મના રિવાજ ધર્મની પરંપરા ટકી રહે.**

અહીં જો એકાંતવાદી બની એક જ એકડો ઘૂંટીએ કે ''એકલા મોક્ષના આશયથી જ ધર્મ કરે, એ જ એને લાભદાયી બને, પરંતુ મોક્ષ સિવાયના બીજા કોઈપણ આશયથી ધર્મ કરે, તો એના ભવના ફેરા વધે, સંસારભ્રમણ વધે;'' જો આવો એકાંત પકડાય, તો એથી પૂર્વના જ્ઞાનીઓને અને શાસ્ત્રોને કેટલો બધો અન્યાય થાય ? તેમજ ભોળા જીવો એ સાંભળીને અહીં બતાવેલ લજ્જાદિ કારણથી પોતે કરતા ધર્મ પર કેવા અભાવવાળા થાય ? અથવા કેટલાક કેવા નિરાશ થઈ ધર્મ મૂકી દેનારા બને ?

એમ જો કહીએ કે "ધર્મ તો આત્માની વસ્તુ છે, ધર્મ આત્માના શુભ ભાવમાં છે. લજ્જાદિમાં શુભ ભાવ નથી; એ તો અશુભ ભાવ છે, મલિન ભાવ છે, ત્યાં ધર્મ ન હોય. લજ્જાદિથી ધર્મપ્રવૃતિ કરે એને ધર્મ માનવો એ મિથ્યાત્વ છે" તો આ કથન પણ જ્ઞાનીઓને અને શાસ્ત્રોને કેટલું બધું અન્યાય કરનારું તેમજ બાળજીવોને ધર્મપ્રવૃત્તિ તરફ નિરુત્સાહ કરનારું થાય ?

**બોલવાનું છે તે બહુ વિચારીને કે આપણું બોલેલું સાંભળીને સામાને બુદ્ધિભેદ ન થાય, શ્રદ્ધાભેદ ન થાય, ધર્મમાં ધર્મપ્રવૃત્તિમાં નિરુત્સાહ ન થાય, દેવ-ગુરુ-ધર્મ ઉપર હેત-સદ્ભાવ-બહુમાન ઘવાય નહિ.**

**અર્હદ્દાસનું બુદ્ધિભેદ ન થાય એવું વચન :-**

સુદર્શન શેઠનો જીવ પૂર્વ ભવે એ જ ઘરમાં ઢોરા ચારનારો નોકર; તે વહેલી સવારે ઢોરા ચરાવવા જંગલમાં ગયેલો; એણે કડકડતી ઠંડીમાં જે સાધુને ગઈ સંધ્યાએ ધ્યાનમાં ઊભેલા જોયેલા તેમને જ અત્યારે પણ એમ જ ઊભેલા જોયા ! તેથી એણે પૂછ્યું

'બાપજી ! આટલી કડકડતી ઠંડી રાતભર ખુલ્લા બદને શી રીતે સહન કરી શકો છો ?'

કાગનું બેસવું ને તાડનું પડવું, એ ન્યાયે ત્યાં એ જ વખતે સૂર્યોદય થયો ને કાઉસ્સગ્ગ-પ્રતિજ્ઞા પૂરી થવાથી મુનિ ધ્યાન પારવા 'નમો અરિહંતાણં' બોલી વિદ્યા બળે આકાશમાં ઊડી ગયા ! પણ ગમાર નોકર સમજ્યો કે "બાપજીએ આ કહ્યું કે **'નમો અરિહંતાણં'** મંત્રથી ઠંડી સહન કરી શકીએ છીએ," એટલે એણે તો ત્યાં જ 'નમો અરિહંતાણં'ની ધૂન લગાવી. ધૂન તે પાંચ-દસ મિનિટ નહિ, જંગલમાં ઢોરાં ચરતા રહ્યાં ત્યાંસુધી એ જ 'નમો અરિહંતાણં,'...ની ધૂન લગાવતો રહ્યો ! પાછો ફરતાં રસ્તામાં ય એ અક્ષરોથી હોઠ ફફડાવતો જ ચાલે છે ! અને ઘરે આવીને પણ એજ રટ્યા કરે છે !

ત્યાં શ્રાવક શેઠ અર્હદ્દાસ એને પૂછે, 'આ શું બોલ્યા કરે છે ?'

એ કહે 'શેઠ ! આ તો મને મહારાજે ઠંડી રોકવાનો મંતર આપ્યો છે, 'નમો અરિહંતાણં,' તે હું રટું છું.'

શેઠે પૂછ્યું 'તને વળી મંતર કેવી રીતે આપ્યો ?'

એના જવાબમાં નોકરે બધી હકીકત કહી, તે પરથી શ્રાવક શેઠ સમજી ગયા કે 'આ કોઈ વિદ્યાધર મહામુનિ ગયા સૂર્યાસ્તથી આ સૂર્યોદય સુધી કાયોત્સર્ગ ધ્યાનની પ્રતિજ્ઞાવાળા હશે, તે સૂર્યોદય થતાં કાઉસ્સગ્ગ પારવા 'નમો અરિહંતાણં' બોલ્યા, ને આકાશમાં ઊડી ગયા, એમાં આ ગમાર નોકર એમ સમજ્યો કે 'મેં



પૂછ્યું ને મહારાજે મને મંતરના અક્ષર આપ્યા ! ખેર,

**શેઠે નોકરનો શ્રદ્ધાભેદ ન કર્યો :-**

પરંતુ હવે આને જો એમ કહું કે 'આ તો તને મંતર આપવા નથી બોલ્યા, પરંતુ મહારાજે પોતાની કાઉસ્સગ્ગ-પ્રતિજ્ઞા પારવા સૂત્રનું પદ 'નમો અરિહંતાણં' બોલેલા,' આમ જો ખુલાસો કરવા જાઉં, તો નોકરની બુદ્ધિમાં ભેદ થાય, એની શ્રદ્ધા ભાંગે કે 'હાય ! ત્યારે શેઠ એમ છે ? શું આ તો માત્ર એક ધર્મ-સૂત્રનું પદ જ છે ? તો તો નકામો હું આને મંતર માની બેઠો !' આમ બુદ્ધિભેદ-શ્રદ્ધાભેદ થાય.

પરંતુ શ્રાવક શેઠ સમજે છે કે 'એવું ન બોલાય એવા ખુલાસા ન કરાય કે જેથી સામાને શ્રદ્ધાભેદ થાય, બુદ્ધિભેદ થાય. ખરું જોતાં તો સામાને દેવ-ગુરુ-ધર્મ ઉપર શ્રદ્ધા જો ઊભી થઈ હોય તો એને વધારવી જોઈએ; માટે લાવ, આની શ્રદ્ધાનો વિકાસ કરું' આમ વિચારીને શેઠ એને કહે છે,

"હેં ! હેં ? શું તને આવા આકાશમાં ઊડી શકે એવા બહુ મોટા મહાત્માએ મંતર આપ્યો ? ત્યારે એમ સમજી રાખ કે એવા જબ્બર શક્તિવાળા મોટા મહાત્મા આપવા બેસે ત્યારે માત્ર ઠંડી રોકાય એવો કોઈ સામાન્ય મંતર ન આપે. આ તો સમજ કે તને બહુ મોટો મંતર આપ્યો ! તારાં ભાગ્ય ઊઘડી ગયા ! આવા મહાત્માએ આપેલા મોટા મંતરથી તો આ સંસારમાં જનમ-જનમ ભટકવા સુધીનાં મહામોટા દુઃખ પણ મટી જાય ! સમજ્યો ?"

શેઠે કેટલા બધા ડહાપણના શબ્દ વાપર્યા ? નોકરને પાનો ચડી ગયો 'અહો, અહો, શેઠ મારા ! તો પછી આવા મહામંત્રને તો ખૂબ એકતાન થઈને ગણું,' એમ પહેલાં તો માત્ર માથું હલાવી હલાવી 'નમો અરિહંતાણં' રટતો, તે હવે શરીર ધુણાવતો ધુણાવતો 'નમો અરિહંતાણં' રટે છે, ને એમાં પોતાના આખા સંસારને બે ભવમાં જ મર્યાદિત કરે છે ! આ ભવ અને પછી સુદર્શન શેઠનો ભવ. પછી તરત મોક્ષ ! શેઠે શ્રદ્ધાભેદ બુદ્ધિભેદ ન થાય એવું જ બોલવાનું રાખેલું, તેથી નોકરને પાડવાને બદલે વધારે ઊંચો જાય એવું પ્રોત્સાહન આપ્યું.

**એકાંત નિશ્ચયવાદી મતનો અનર્થ :-**

બુદ્ધિભેદકારી વચન એકાંત નિશ્ચયવાદી સોનગઢી મતના છે. કેમકે એ કહે છે "આત્માએ આંતરિક આત્મ-પુરુષાર્થથી જ ઊંચે આવવાનું છે, નિમિત્તો ને ક્રિયાઓ કશું કરે નહિ. એ આત્માને ઊંચે લઈ આવે એમ માનવું એ મિથ્યાત્વ છે. સ્વયં આત્મવિચારણા કરે, તત્ત્વ વિચારે ભેદજ્ઞાન કરે, તો જ આત્માનું ગુણસ્થાનક વધે અને એમ કરતાં ચૌદમે ગુણસ્થાનકે ચઢી મોક્ષ પામે." આ સાંભળનારને શું થાય ? ભુલાવામાં જ પડી જાય, મનને ખેદની જ બુદ્ધિ થાય કે 'હાય ! ત્યારે

આજસુધી કરેલી ક્રિયાઓની મહેનત માથે પડી ! એનું કશું જ સારું ફળ નહિ, પરિણામ નહિ. તો મૂકો આ ક્રિયાઓ કરવાની મજૂરી, એ શી જરૂરી છે ?' ત્યારે ધર્મક્રિયા નહિ કરનારાને આજ સુધી ધર્મ નહિ આચરી શકવાનો ખેદ હતો તે હવે ખેદ નીકળી જવાનો અને ઘી-કેળાં થવાનાં ! કેમકે હવે એને એમ થવાનું કે 'ચાલો આપણે ધર્મક્રિયા ન કરી શકવાનો ખેદ કરવાની જરૂર નથી. કેમકે શરીરની ક્રિયાથી આત્માને કશો લાભ નહિ. આત્માને તો આત્માની ક્રિયાથી લાભ થાય ને આપણે આત્મ-દ્રવ્ય અને એના પર્યાયોનું ચિંતન કરશું. બાકી વેપાર ધંધો રૂડાં ખાનપાન વગેરેથી ગભરાવાની જરૂર નથી કેમકે એ બધી તો જડની ક્રિયા છે, જડની ક્રિયાથી આત્મ-દ્રવ્યને કશી અસર નહિ, કશી લાભ હાનિ થાય નહિ.'

બસ આવી ભ્રમણામાં હવે વેપાર-ધંધા-ખાનપાન વગેરે મોજથી કરવાનો ! આવું બને એ આવા એકાંત નિશ્ચયનયના પાપ ઉપદેશકોના ઉપદેશથી બનવું સહજ છે.

**એકાંત નિશ્ચયવાદીને દુરાચાર એ પાપ નહિ ! :-**

એક ગામમાં એક ભાઈને પત્ની મરી ગયેલી અને એની વિધવા છોકરી ઘરકામ સંભાળતી, સાથે જ રહેતી હતી. હવે ભાઈ આ સોનગઢી મતથી વાસિત થયા, એટલે દેવદર્શન પૂજા તપ, ત્યાગ વગેરેમાં શિથિલ બની ગયા. 'આ શી જડની ક્રિયાનો મોહ રાખવો ? એવી તો અનંતીવાર જડ ક્રિયાઓ કરી.' એમ એના મનને લાગવા માંડ્યું. પછી તો ઘરમાં પોતે અને છોકરી એકલા, તે કશી લાજ શરમ કે સંકોચ રહ્યો નહિ. એટલે ધણી-ધણિયાણી જેવા ચાળા-અડપલા શરૂ થઈ ગયા ! કોણ રોકનાર હતું ? પાછો આ બાપ તો હવે સમજી બેઠો છે કે 'આ અડપલાં એ તો શરીરની ક્રિયા છે, એનાથી આત્માને શું ?' વિચારો, આ મિથ્યા માન્યતા બંધાઈ ગઈ હોય અને યુવાન બાઈ સાથે એકાંત-વાસ હોય, પછી મોહના ચાળાના પાપથી શાનો પાછો પડે ? અરે ! આગળ વધીને પાપમાં બાકી શું રાખે ? કહેવાની જરૂર નથી કે એ બાપનો પોતાની જ વિધવા છોકરી સાથે ધણી-ધણિયાણી જેવો સંબંધ ચાલુ થઈ ગયો ! પાછો માને છે શું ? 'એક દ્રવ્ય બીજા દ્રવ્યને કશી અસર કરતું નથી એટલે શરીરની ક્રિયાની આત્માને કશી અસર નથી. ચામડાની ક્રિયા ચામડાને અસર કરે, આત્માની ક્રિયા તત્ત્વ ચિંતન અને સ્વ આત્મ દ્રવ્યની વિચારણા, એ આત્માને અસર કરે. માટે શરીર ભલે એની વિષય-સંગની ક્રિયા કરે, મારા આત્માએ જ્ઞાતા દૃષ્ટા બન્યા રહેવાનું, એથી મને એની કશી અસર નહિ.'

બોલો હદ થઈને ? પોતાની જ છોકરી સાથે દુરાચારના મહાપાપ સુધી એ પહોંચી ગયો ! એમાં ય કશું પાપ માનવું નથી ! સોનગઢી મતવાળાથી આમાં કાંઈ ઈનકાર કરી શકાય ? ત્યારે સોનગઢી મતનો ધર્મ આ જ ને કે 'બીજી પરસ્ત્રી તો



શું, પણ પોતાની છોકરી સાથેના દુરાચારમાં ય કશું પાપ નહિ ? એ કશું અકર્તવ્ય નહિ ? કેમકે એ તો જડની ક્રિયા છે. જડની ક્રિયા આત્માને અસર ન કરે."

ઉપદેશક તરીકે બોલવામાં કેટલું વિચારવાનું છે ? હું શુદ્ધ નિશ્ચયનયનો ઉપદેશ કરું છું, એવો દાવો રાખી ભરડવામાં શ્રોતાને કેવા આવા અતિ દુષ્ટ દુરાચારના પાપમાં ધકેલવાનું થાય ? કેવો બુદ્ધિભેદ કરવાનું થાય ? પેલાને પહેલાં દુરાચાર એ પાપ છે એવી સદ્બુદ્ધિ હતી, તે હવે ભેદાઈ ગઈ, બુદ્ધિભેદ થયો; ને એમ લાગવા માંડ્યું કે 'ધર્મ અને પાપ તો આત્માની શુભ-અશુભ ક્રિયામાં છે, આત્માના શુભ-અશુભ શુદ્ધ-અશુદ્ધ ભાવમાં છે, આત્માના સમ્યક્મિથ્યા અધ્યવસાયમાં છે, કિન્તુ શરીરની ક્રિયામાં નહિ,' આમ સદ્બુદ્ધિનો ભેદ થયો, ભંગ થયો.

આવા ઉપદેશથી ધર્મક્રિયા નહિ કરનારાને હવે ખેદ કરવાનો રહે નહિ, એ તો એમ જ સમજવાનો કે "આત્માએ તરવાનું છે તે આત્મદ્રવ્યની ઓળખથી, આત્મદ્રવ્યના પર્યાયોના ચિંતનથી, નવતત્ત્વના દ્રવ્યભાવની ઓળખથી, 'દ્રવ્ય આશ્રવ શું ? ભાવ આશ્રવ શું ? દ્રવ્ય સંવર કોને કહેવાય ? ભાવ સંવર કોને કહેવાય ?'... ઈત્યાદિ તત્ત્વચિંતનથી તરવાનું છે. બાકી ભગવાનના પૂજાપાઠ, તપસ્યા, પ્રતિક્રમણ.... વગેરે જડની ક્રિયાના મોહ શા ? જડની ક્રિયાથી આત્માએ તરવાનું માનવું એ મિથ્યાત્વ છે." કિન્તુ આ સમજ ભ્રમણા છે. આમ ભ્રમણામાં તણાઈ પોતે જિનભક્તિ-તપસ્યા-બ્રહ્મચર્ય વગેરે ધર્મ-સાધના ન કરી શકવાનો ખેદ જ નહિ રાખે, પછી શું કામ એનો ઉદ્યમ કરે ?

એમ ધર્મક્રિયાના લગભગ દેવાળાવાળાને જો કહેવામાં આવે કે "જ્યાં સુધી હૈયાના ભાવ મેલા છે, અને એવા મેલા ભાવથી દેવદર્શન, પૂજા, કે મોટાં દાન, અને મોટી તપસ્યાઓ પણ કરે, તો તેનાથી કશો ઉદ્ધાર થાય નહિ, ભવના ફેરા વધે, ભગવાનની પૂજા કરતી વખતે ય નરક સુધીનાં પાપ બંધાય ! કેમકે હૈયાના ભાવ બગડેલા છે," તો આવું સાંભળીને એ ધર્મપ્રવૃત્તિ વિનાનો શ્રોતા શું લઈને જાય ? પોતે ધર્મ નહિ કર્યાનો પસ્તાવો લઈ જાય ? કે તેવા ભાવ વિના ધર્મક્રિયા કરનારા ઉપર સૂગ કરવાનું લઈ જાય ?

હવે એક તો પોતે ધર્મ કરતો નથી, અને એમાં આવું સાંભળવા મળે, પછી ભાવ વધે ? કે ઊલટું ધર્મ ન કરી શકવાનો ખેદ પણ ઊડી જાય ? એને તો એમ જ થાય કે "ક્રિયાનો ધર્મ પછી, પહેલાં આપણા ભાવ ચોક્ખા કરો, ભાવ ચોક્ખા કર્યા વિના મોટી તપસ્યા ય કરીએ, તો ય તે માત્ર લાંઘણ થાય, ઊલટું 'હું આ ધર્મ કરું છું' એમ માનવા જતાં મિથ્યાત્વ લાગે, ભવના ફેરા વધે ! માટે પહેલાં ભાવ ચોક્ખા કરવા દે. શુદ્ધ ભાવ, ચોક્ખા ભાવ વિનાની ક્રિયાથી તો ભવભ્રમણ

વધે.'' આવી ભ્રમણા જ ઊભી થાય ને ? પણ એમ ભાવપ્રધાન-નિશ્ચયપ્રધાન દેશના આપનારને એ ખબર નથી લાગતી કે

**ભાવ ચોક્ખા થશે તે સંસારની પાપક્રિયાઓથી ? કે ધર્મની ક્રિયાઓથી ?**

અહીં શાસ્ત્રકાર કહે છે 'લજ્જાથી ધર્મપ્રવૃત્તિ કરે, ભયથી ધર્મપ્રવૃત્તિ કરે અભિમાનથી, હઠથી ધર્મપ્રવૃત્તિ કરે, તો પણ એનું અમાપ ફળ છે.'

**ધર્મપરંપરા ટકવામાં બેનોનો ફાળો :-**

જુઓ આજ સુધી જૈનસંઘમાં ધર્મ ટક્યો છે એમાં શ્રાવિકાઓની ધર્મ-ક્રિયા અને ધર્મ-આચારોના પાલનનો પણ મોટો ફાળો છે. શ્રાવિકા બેનો દેરાસર જાય, ઉપાશ્રયે જાય, અભક્ષ્ય-ત્યાગ કરે, રાત્રિભોજન ત્યાગ કરે, તિથિએ તપ કરે, વગેરે જોઈ જોઈ સંતાનો પણ એ શીખ્યા, અને ધર્મ-પ્રવૃત્તિ કરવા લાગ્યા. સંતાનોમાં છોકરીઓ સાસરે ગઈ ત્યાં એ ધર્મ-પ્રવૃત્તિ ચાલુ રાખી, એટલે એનાં સંતાન પણ એજ શીખ્યા. આમ ધર્મ-પરંપરા ચાલુ રહી.

હવે આમાં કેટલીય બેનો શરૂ શરૂમાં તો શૃંગાર યાને કપડાના ઠઠારા બહાર દેખાડવા દહેરે-ઉપાશ્રયે જતી હશે; એને જો ત્યાં જ અટકાવી દેવામાં આવે કે "આમાં તારા ભાવ મેલા છે, તેથી તારું દહેરે-ઉપાશ્રયે જવાનું એ ભવના ફેરા વધારનારું છે; માટે બેસ, ઘેર બેસ, પહેલાં ભાવ ચોક્ખા કર, શૃંગારનો કપડાના ઠઠારાનો મોહ મૂકી દે'' આમ જો એને દહેરે ઉપાશ્રયે જવાનું અટકાવી દેવાય તો એ કયા જન્મારે ધર્મ કરવાની ? અને એના સંતાન શું પામવાના ?

ત્યારે કપડાના ઠઠારાથી પણ ધર્મ કરતી રહી તો જિનવાણી સાંભળતાં સાંભળતાં ઠઠારાનો મોહ છોડી દેશે, ને ધર્મપ્રવૃત્તિ સહજ ધર્મરુચિથી કરતી થશે; તેમજ પોતાના ધણી અને સંતાનોને પણ ધર્મ સમજાવશે, મોહ મૂકવાનું સમજાવશે. એમજ શૃંગારથી, લજ્જાથી, ભયથી, સ્નેહથી...વગેરેથી ધર્મ કરાતો રહ્યો તો જ સકલસંઘમાં ધર્મ-પરંપરા ટકી રહી. ઇતિહાસ તપાસીએ તો આ સમજાય એવું છે.

આમાં એ નથી કહેવું કે 'ભાવ ભલે મેલા રહે,' ના

**ભાવ તો ચોક્ખા કરવાના જ છે; પરંતુ તે ધર્મપ્રવૃત્તિનાં આલંબનથી થાય.**

આચાર્ય પુણ્યનંદનસૂરિજી મહારાજ આગળ કહે છે,

**(૧૦) કીર્તિ આદિથી ધર્મ કરે એનું અમાપ ફળ છે...**

કીર્તિ-માન-પ્રતિષ્ઠા-નામના આદિ મેળવવા ધર્મ કરે તો પણ એટલા એનાં તન-ધન પાપમાં ખરચાતા અટકે છે, વિષય-વિલાસ અને જીવોના ઉપમર્દનરૂપ આરંભ-સમારંભમાં જતા અટકે છે. વળી એમ પણ ધર્મનો સંબંધ રાખે છે, તેથી સાધુના સત્સંગમાં આવે છે, ને જિનવાણી સાંભળે છે; એથી એના મનની શુદ્ધિ



થતી આવે છે; ને એમ કરતાં કરતાં એક દિવસ એવો આવે છે કે એની કીર્તિ-પ્રતિષ્ઠા વગેરેની કામના મરી પરવારે છે. વળી એમ પણ કીર્તિના મોહથી દાન-ધર્મ કરવા જાય છે એ જોઈને બીજા બાળ જીવોને આલંબન મળે છે કે 'ભાઈ ! આપણે પણ કાંક ધર્મ કરો. શેઠે આટલું મોટું દાન કર્યું, તો આપણે ફૂલ નહિ તો ફૂલની પાંખડી, કાંઈક પણ દાન કરો સુકૃત કરો. એમ સંઘનાં આ કીર્તિની ઇચ્છાથી પણ દાન કરનારાના દાન-ધર્મ જોઈને બીજાઓને દાન કરવાની પ્રેરણા મળે છે.

**ધર્મ ટકવામાં ધર્મસાધકોનો ફાળો :-**

સમજી રાખજો સંઘમાં પરાપૂર્વથી દાન-શીલ-તપ-તીર્થયાત્રા-સાધર્મિકવાત્સલ્ય, જિનેન્દ્રભક્તિ-મહોત્સવ વગેરે ધર્મ-પ્રવૃત્તિઓ ચાલી આવી છે, અને આજે પણ ગામેગામ ચાલે છે તેમાં જેમ મુનિઓના ઉપદેશનો મોટો ફાળો છે, એમ આ ધર્મ સાધનારાઓનો પણ મોટો ફાળો છે. એમાં ય

**જ્યાં ગામોમાં મુનિઓનાં વ્યાખ્યાનોનો એટલો લાભ નથી મળતો, ત્યાં પણ જે ધર્મ ટક્યો છે એમાં તો ખાસ કરીને ધર્મ આચરનારાઓનો મોટો ફાળો છે.**

એમનું જોઈ જોઈ બીજાઓ ધર્મમાં પ્રેરાય છે, અને એમ ધર્મની પરંપરા ચાલે છે. ત્યાં શું એ ધર્મ આચારનારાઓ બધા શુદ્ધ ધર્મ-રુચિથી ધર્મ કરનારા હતા ? ના, કોઈ લજ્જાથી, કોઈ ભયથી, કોઈ કીર્તિ આદિના મોહથી પણ ધર્મ કરનારા ખરા. શુદ્ધ ધર્મરુચિથી ધર્મ કરવાવાળાની તો સંખ્યા નાની જ; બાકી મોટી સંખ્યા લજ્જા, ભય, સ્નેહ કીર્તિ વગેરે એક યા બીજા કારણે ધર્મ કરનારાની. જો એમના પર ચોકડી મારી ધર્મ કરવામાંથી એમને બહાર કાઢી નાખ્યા હોત, તો લજ્જા વગેરેથી ધર્મ કરતા રહીને જે આગળ પર એમનામાં સુધારો થઈ સહજ ધર્મરુચિથી ધર્મ કરવાનું બનતું ગયું અને એમ સંઘમાં ધર્મપરંપરા ટકી રહી, તે બનત ? અર્થાત્ સંઘમાં ધર્મપરંપરા ટકી હોત ?

આ કહેવાનો એ અર્થ નથી કે 'આ બધા શુદ્ધ પવિત્ર આશયો છે,' એમ એ પણ કહેવું નથી કે 'એવા અશુદ્ધ આશયે પણ ધર્મ કરાય તો પણ મોક્ષ મળી શકે,'

**અલબત મોક્ષ તો શુદ્ધ આશયવાળી ધર્મ-ક્રિયાથી ધર્મ-સાધનાથી જ થાય; પરંતુ કહેવું એ છે કે એવા શુદ્ધ આશયની ધર્મ-સાધનાએ પહોંચવા માટે પણ ધર્મ-પ્રવૃત્તિ જ કામ લાગે પાપપ્રવૃત્તિ નહિ.**

તો કહો, એ માટે શું કરવું ? અશુદ્ધ આશયથી પણ થતી ધર્મ-સાધના ચલાવી લેવી ? કે આશય શુદ્ધ ન થાય ત્યાંસુધી ધર્મ-સાધના બંધ કરાવવી ? યા કરતા હોઈએ તો ધર્મ-સાધના મૂકી દેવી ? ધર્મ કરવો છોડી દેવો ? લોકોને પણ આવા અભિમાન-ઈર્ષ્યા-સ્નેહ-લોભ વગેરેથી ધર્મ કરતા હોય તો એમને મેલા ભાવની

ક્રિયાથી ભવ-ભ્રમણની બીક બતાવી ધર્મ છોડાવી દેવો ? એમ જે લોકો ધર્મ કરતા જ ન હોય, એમને શું એવો ઉપદેશ આપવો કે ''જોજો મેલા આશયથી ધર્મ કરશો તો દુર્ગતિમાં પડશો ? ભવના ફેરા વધી જશે ! મલિન આશયથી તો અનંતીવાર ધર્મક્રિયાઓ કરી, છતાં આ સંસારમાં રખડતા રહ્યા, માટે મહત્ત્વ પવિત્ર આશયનું છે. દા.ત. કોઈ ભલે હાફૂસના ચીરિયા ખાતો રહે, પરંતુ જો એના હૈયે ઉદાસીન ભાવનો આશય હોય તો એ તરી જાય; એથી ઊલટું ભલે ઉપવાસ કર્યો હોય, પરંતુ પારણે 'આ ખાઈશ તે ખાઈશ' ના વિચાર કરતો હોય, અથવા ઉપવાસ તો કીર્તિના મોહથી કે બીજાની સરસાઈ કરવા કર્યો હોય તો એથી ડૂબી જાય. માટે મહત્ત્વ આશય-શુદ્ધિનું છે, ભાવ ચોક્ખા કરવાનું છે. મેલા ભાવની ધર્મક્રિયાનું ફૂટી કોડીનું મૂલ્ય નથી. એથી તો ભવ ભારે થાય,'' આમ શું ધર્મનો આચાર-અનુષ્ઠાન નહિ આચરનારની આગળ ક્રિયા-આચારને ફૂટી કોડીની કિંમતના બતાવી આશયનું ભાવનું મહત્ત્વ બતાવવું ? શું આ જૈન શાસનની જૈન શાસ્ત્રોની રીતિનીતિ છે ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૧,અંક-૪૬,તા.૧૩-૮-૧૯૮૩

અહીં પુણ્યનંદનસૂરિજી મહારાજ શ્રોતાઓ કે જેમાં આર્દ્રકુમાર અનાર્ય દેશથી ભાગી આવીને બેઠો છે, એમની આગળ ઉપદેશમાં ધર્મ-પ્રવૃત્તિનું આ મહત્ત્વ બતાવી રહ્યા છે કે,

**लज्जातो भयतो वितर्कविधितो मात्सर्यतः स्नेहतो,**
**लोभादेव हठाभिमानविषयाच्छूङ्गार-कीर्त्यादितः ।**
**दुःखात् कौतुक-विस्मय-व्यवह्यतेर्भावात् कुलाचारतो,**
**वैराग्याच्च भजन्ति धर्ममलं तेषाममेयं फलम् ॥**

**અર્થાત્ ''લજ્જા-ભય વગેરેથી જે 'અમલ' એટલે કે શુદ્ધ ધર્મને અર્થાત્ જૈન ધર્મને સેવે છે તેમને અમાપ ફળ હોય છે.''**

આમ કહે છે ત્યાં 'મલિન આશયથી ધર્મ કરે તો ભવભ્રમણ વધે' એ વાત ક્યાં રહી ? લજ્જા ભય સ્નેહ વગેરે આશયના ધર્મનું અમાપ ફળ કહી

**આચાર્ય મહારાજને શું કહેવું છે ?** આ જ, કે

**''ધર્મ તરફ સુસ્ત હે લોકો ! તમે ધર્મ કરો, ધર્મસાધના કરો, ધર્મના આચાર પાળો, ધર્મની ક્રિયા-ધર્મની પ્રવૃત્તિઓ કરો; સંસારની પાપ-પ્રવૃત્તિમાંથી બહાર નીકળી ધર્મ-પ્રવૃત્તિમાં આવો, રોજિંદા જીવનમાં યા પર્વદિવસે ય મોહ-માયાની પ્રવૃત્તિ ઓછી કરી ધર્મ-પ્રવૃત્તિને જીવનમાં સ્થાન આપો.**



**કારણ એ છે કે ધર્મ બહુ મહિમાવંતો છે, ધર્મનો એટલો બધો મહિમા છે કે કદાચ ધર્મની સહજ રુચિથી ધર્મ નહિ, પરંતુ લજ્જાથી ય ધર્મ કરે, યા વડીલના ભયથી ધર્મ કરે, અથવા ચડસાચડસીથી કે કોઈની પ્રત્યેના સ્નેહથી ધર્મ કરે, તો પણ એને અમાપ ફળ મળે છે.''**

આમ કહીને આચાર્ય મહારાજ એ સૂચવી રહ્યા છે કે 'કદાચ તમને હમણાં ને હમણાં ધર્મનો રસ ન જાગતો હોય, પરંતુ તમારા કુટુંબ કે સમાજની વચ્ચે રહી ધર્મ ન કરો એની શરમ લાગતી હોય તો એવી શરમથી પણ ધર્મ કરી શકતા હો, તો જરૂર એમ પણ ધર્મ કરો; એનું તમને ધર્મનું અમાપ ફળ મળશે.'

આચાર્ય મહારાજ કેમ આમ કહી રહ્યા છે ? કારણ, જગતના પામર જીવો બિચારા પાપાચારો અને મોહમાયાના આચારોમાં સર્વેસર્વા ડૂબ્યા રહે છે, એટલે એ સરિયામ મલિન ભાવો, પાપ-કર્મો, અને પાપ-સંસ્કારો ઊભા કરી કરી પછીથી એના ફળરૂપે દુર્ગતિના ભવોની પરંપરામાં રખડી મરે છે, ચોરાશી લાખ યોનિના ચક્રાવે ચડી જાય છે !

**દયાળુ જીવે એમને પાપ-પ્રવૃત્તિઓમાંથી છોડાવવા હોય તો ધર્મના આચારોમાં દાખલ કરવા જોઈએ.**

એમને ધર્મના આચારો પકડાવવા જોઈએ. પછી ભલે પહેલે તબક્કે શુદ્ધ આશયથી ધર્મ-આચાર પકડવા તૈયાર ન હોય; કેમકે અત્યાર સુધી એકલી પાપ-પ્રવૃત્તિ ને મોહ-પ્રવૃત્તિ કર્યે જવાથી પાપનો અને મોહ-માયાનો જ રસ આકંઠ ભરેલો છે. ત્યાં ધર્મની કશી પ્રવૃત્તિ જ નથી એટલે સીધા ધર્મનો રસ શાનો જાગે, ? એવા જીવોને ધર્મના આચારમાં લાવવા માટે આચાર્ય મહારાજ ધર્મનો આ મહિમા બતાવે છે કે ''લજ્જાથી ધર્મ કરે, ભયથી ધર્મ કરે,...તો પણ એ ધર્મનું એને અમાપ ફળ મળે છે, એ ફળ પાપ-પ્રવૃત્તિથી કે મોહ-માયાની પ્રવૃત્તિથી નથી મળતું. પરલોક પણ એ પાપ-પ્રવૃત્તિથી નથી સુધરતો, પરંતુ ધર્મ-પ્રવૃત્તિથી સુધરે છે. તેમ અહીં પણ કુટુંબમાં ધર્મ, આ ધર્મ-પ્રવૃત્તિ જોઈને આવે છે. ધર્મ આવે તો સ્વાર્થ-માયા-ઉદ્ધતાઈ-કલહ-અશાંતિ વગેરે દુર્ગુણો કંઈક ઓછા થાય છે.'' આમ ધર્મનો મહિમા સમજાવી ધર્મના આચારોમાં ઉદ્યમ કરતા કરવાનો હેતુ છે.

**'જૈનશાસન ને જૈનશાસ્ત્રો આ જ કહે છે કે 'આચારપ્રધાન વ્યવહારપ્રધાન દેશના આપવી.'**

જો એના બદલે ભાવપ્રધાન દેશના જ આપ્યે રાખશો તો ધર્મમાં સુસ્ત શ્રોતાઓને ફાવતું જડી જશે ! અને ધર્મના આચારોમાં તો ઉદ્યમ નહિ કરે, ઉપરથી લોકોની ભાવ વિનાની પણ પવિત્ર આચાર અનુષ્ઠાનની પ્રવૃત્તિને વખોડશે ! ઘાંચીના

બેલના ભ્રમણ જેવી કહેશે ! અને પોતાને એ ધર્મક્રિયા નહિ કરવામાં સમજદાર માનશે !' આ કેવી વિટંબણા ! શુદ્ધ મોક્ષના આશયથી ધર્મ કરવો નથી, ધર્મના આચાર-અનુષ્ઠાન આદરવા નથી, ને લજ્જા, કુલાચાર, પત્ની-સ્નેહ...વગેરેના આશયથી ધર્મ કરાય અને ભવભ્રમણ વધારનાર માની એવા આશયથી પણ ધર્મના આચાર-અનુષ્ઠાન આચરવા નથી, પછી એવા જીવો ક્યારે ઊંચા આવવાના ?

તો વિચારમાં જેવું છે કે શું ધર્મના કશા આચાર-અનુષ્ઠાન આચરવા ન હોય અને પોતાના મનની માનેલી ભાવશુદ્ધિ આશયશુદ્ધિ કરે ને સાથે ધર્મક્રિયાને વખોડે તો એથી એનો ઉદ્ધાર થાય ? ભગવાન ભગવાન કરો.

**ધર્મના પવિત્ર આચારોથી પરવારેલા અને ધર્મના આચારોની નિંદા કરનારાનો ત્રણ કાળમાં ઉદ્ધાર ના થાય.**

જૈન શાસ્ત્રકારો મૂર્ખ નહોતા કે એમણે આચારપ્રધાન દેશના વ્યવહાર-પ્રધાન દેશના આપવાનું ફરમાવીને ધર્મના આચારો પાળવા, ધર્મક્રિયાઓ કરવી, અને ધર્મસુકૃતો આદરવા પર બહુ ભાર મૂક્યો.

**પ્ર.**- તો શું ભાવ-શુદ્ધિનો આશયશુદ્ધિનો ઉપદેશ જ નહિ કરવાનો ?

**ઉ.**- જરૂર કરવાનો, પરંતુ તે તો માત્ર જે ધર્મક્રિયા ખૂબ કરતા હોય, પણ ભાવ મલિન રાખતા હોય, તેવા શ્રોતાનું મલિન ભાવ છોડી નિર્મળ ભાવ લાવવા તરફ ધ્યાન ખેંચવા જેટલો ઉપદેશ કરવાનો. તે પણ એ રીતે નહિ કે ભાવશુદ્ધિ-આશયશુદ્ધિનો ઉપદેશ દેતાં દેતાં આચારમાર્ગ-વ્યવહારમાર્ગ-ક્રિયામાર્ગને વખોડવામાં ઊતરી જવાય.

**ઉપદેશ :**- જ્યારે જૈન શાસ્ત્રકારો આચાર-પ્રધાન, વ્યવહાર-પ્રધાન ઉપદેશ આપવાનું ફરમાવે છે, એટલે કે જિનાજ્ઞા આચાર-પ્રધાન વ્યવહાર-પ્રધાન ઉપદેશ આપવાની છે, પછી 'અશુદ્ધ આશયથી મલિન ભાવથી કરેલી ધર્મક્રિયા ભવના ફેરા વધારનારી છે,' એમ વારંવાર કહી શ્રોતાને ધર્મક્રિયા મહત્ત્વની જ ન લાગે, ભાવ જ મહત્ત્વના લાગે, એવો ઉપદેશ આપવામાં જિનાજ્ઞાનું પાલન ક્યાં રહ્યું ?

જિનાજ્ઞાનું પાલન તો, ઉપદેશમાં ધર્મના આચારોની પ્રધાનતા રાખવાથી થાય. મલિન આશયથી ધર્મ કરનારાઓને પણ શુદ્ધ આશયનું મહત્ત્વ સમજાવવા એમ કહેવાય કે 'ધર્મ કરો ખૂબ કરો, એમાં જરાક આશય નિર્મળ રાખો એટલે ધર્મના ફળના ગુણાકાર થશે ! ધર્મ પરલોકગામી બનશે ! પરંતુ ધ્યાન રાખજો કે આ આશયની નિર્મળતા પણ, ધર્મ કરતા રહેશો ધર્મ ખૂબ કરશો, તો જ આવશે; પણ ધર્મ આચાર મૂકી દઈને માત્ર પાપાચારો અને મોહમાયાના આચારોમાં તથા વિષય-વિલાસમાં લાગ્યા રહેવાથી નહિ આવે.



**શ્રી 'પંચવસ્તુ' શાસ્ત્રમાં** શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે આ જ કહ્યું છે કે ''ભલે અનંતા 'દ્રવ્યસ્તવ' અર્થાત્ અનંતી ધર્મની દ્રવ્ય ક્રિયાઓ નિષ્ફળ ગઈ, ને 'ભાવસ્તવ' અર્થાત્ શુદ્ધ આશય એટલે કે નિર્મળ ભાવ ન આવ્યો, પરંતુ હજી પણ **જ્યારે ભાવસ્તવ યાને નિર્મળ ભાવ આવશે, તે દ્રવ્યસ્તવથી જ** અર્થાત્ પવિત્ર ધર્મક્રિયા ધર્મ આચારોથી આવશે; પરંતુ નહિ કે હિંસાદિ પાપાચારોથી યા નહિ કે વિષય વિલાસોથી.'' હરિભદ્રસૂરિજી મહારાજનું આ કથન શું સૂચવે છે ?

**અનંતી દ્રવ્યક્રિયાઓ નકામી ગઈ માટે દ્રવ્ય-ક્રિયાને ગૌણ ન કરો.**

એને તો મુખ્ય જ ઉપદેશવાની રાખો. દ્રવ્ય ક્રિયા યાને ધર્મના આચાર-અનુષ્ઠાનના ગુણ ગાઈને જ એના આધારે ભાવની નિર્મળતા યાને આશયની શુદ્ધિ કરવાનું ઉપદેશો, પરંતુ ધર્મ-ક્રિયાને ધર્મના આચારોને વખોડીને નહિ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ પણ અમૃતવેલીની સજ્ઝાયમાં આ જ કહે છે,

**''ઉચિત વ્યવહાર અવલંબને, સ્થિર કરી મનઃ પરિણામ રે;**
**ભાવીએ શુદ્ધ નય ભાવના, પાવનાશયતણું ધામ રે ॥''**

અર્થાત્ (સાધુ કે શ્રાવકને) ઉચિત જેટલા આચાર-વ્યવહાર છે, તેનું પાલન કરતાં કરતાં તેના આલંબને મનના પરિણામ સ્થિર કરવા. મનના પરિણામ સતત ધર્મમય બન્યા રહે, પાપમય ને મોહમય ન બને, એવા સ્થિર કરવા.

**આ મન શુભમાં ધર્મમાં શાના આધારે સ્થિર થવાનું કહ્યું ? ઉચિત આચાર-વ્યવહારના આધારે.**

એ પછીથી 'ભાવીએ શુદ્ધ નય-ભાવના' કહ્યું, અર્થાત્ નિશ્ચયનયની ભાવના કરવાની કહી; પણ ભાવના તે પૂર્વે વ્યવહાર આદર્યા વિના નહિ. હજી મનના ધર્મમય પરિણામ સ્થિર બન્યા નથી, એટલે તો એ પાપમય મોહમય ને કષાયમય થઈ જાય છે. ત્યાં નિશ્ચયનયની ભાવના કરે તો શું પરિણામ આવે ? મનના પરિણામને સ્થિર કરનારા ઉચિત આચાર-વ્યવહાર જીવનમાં ઉતાર્યા નથી, ત્યાં એ ઉચિત ધર્માચારો નહિ એટલે પાપાચારો અને મોહમાયાના આચારો ધૂમ પ્રમાણમાં ચાલુ છે, પછી ત્યાં મનના પરિણામ ધર્મમય ક્યાંથી બને ? એ તો પાપમય-મોહમય જ બન્યા રહેવાના.

આ પરથી પણ એ જ સૂચવ્યું કે

**ભાવ શુદ્ધ કરવા માટે પણ ધર્મના આચારો-અનુષ્ઠાનો જ મુખ્ય હેતુ છે.**

એટલે જ અહીં આચાર્ય મહારાજ આ કહી રહ્યા છે કે 'જીવનમાં ધર્મપ્રવૃત્તિ ખૂબ ઝળકાવો. લજ્જાથી, ભયથી, ચડસાચડસી સ્નેહ...વગેરેથી ય ધર્મ સેવનારને પણ અમાપ ફળ મળે છે. પ્રારંભિક જીવોને એ ધર્માચારો ને ધર્માનુષ્ઠાનો આચરવાનું

પહેલે તબક્કે કાંઈ એકલા મોક્ષના જ આશયથી નહિ થાય; કેમકે એવો જિનવાણી-શ્રવણરૂપ ધર્માચાર પણ બહુ સેવ્યો નથી, તેથી હજી એવી મોક્ષદૃષ્ટિ જ જાગી નથી. એ તો ધર્માચાર કોઈ લજ્જાથી આચરશે, કોઈ વડીલના ભયથી આચરશે, તો કોઈ સ્નેહથી આચરશે, તો આમાં મોક્ષનો આશય નહિ હોવાથી મોક્ષનો આશય જગાડવા શું એવાને એમ કહેવું કે જો તારા ભાવ મેલા છે, તારો આશય મેલો છે, તો એવા એવા આશયથી તારી ધર્મ-સાધના ભવભ્રમણ વધારનારી છે બની રહેશે ?'' શું આમ કહેવું ?

જલદી 'હા, એમજ કહેવું' એમ કહેતા નહિ, કેમકે આ સાંભળીને તો ઊલટા એ ભડકશે કે 'હાય ! તો પછી લજ્જા વગેરેથી ધર્મ કરીને ભવના ભ્રમણ વધારવા ? એના કરતાં તો ધર્મ ન કરીએ એ જ સારું છે. બાકી ભાવ નિર્મળ કરવાનું સહેલું નથી. હજી આપણને તો ઇન્દ્રિયોના વિષયો ગમે છે, એટલે હમણાં કાંઈ મોક્ષનો આશય આપણને આવે નહિ, ત્યારે વિષયો ગમે, સારા સારા લાગે, પછી મોક્ષ ક્યાંથી સારો લાગે ? ને એ જો ન લાગે તો મોક્ષનો સાચો આશય પણ શી રીતે આવે ? તેથી મોક્ષના આશય વિના મલિન ભાવે ધર્મ કરતા જઈ ભવ વધારવા કરતાં ઘેર બેસવું સારું છે,'' આમ ભડકીને ધર્મ મૂકી જ દે ને ?

**અને ખરેખર એક યુવાનને એમજ બન્યું.** એણે આવું સાંભળી ધર્મ કરવો મૂકી દીધો. પછી એને સમજાવવામાં આવ્યું, ''ભલા આદમી ! કહેવાનો ભાવ આ સમજ્યો ? ધર્મક્રિયા તો ચાલુ રાખવાની, અને ભાવ ચોક્ખા કરવાના;'' ત્યારે પેલો કહે ''હજી મને લાગે છે કે મારું મન ચોક્ખું નથી, મારા ભાવ મેલા છે અને જો મેલા ભાવથી ધર્મ કરાય તો ભવના ફેરા વધતા હોય, તો પછી ધર્મ કરીને ભવના ફેરા શું કામ વધારું ? તેથી ધર્મ મૂકી દીધો.''

ખરું જોવાનું આ, એમ તો ચોથે ગુણઠાણે રહેલા સમ્યગ્દૃષ્ટિ જીવને સમ્યક્ત્વ છે એટલે હૈયામાં વિષયો ભયંકર લાગે છે, પરંતુ સમકિતદૃષ્ટિ જીવને અવિરતિનો ઉદય છે એટલે કે વિષયોની આસક્તિ છે, તેથી વિષયો ગમે છે, ને ગમવાનો અર્થ એ કે ઇન્દ્રિયોને એ સારા લાગે છે. બીજી બાજુ દેવ-ગુરુ-ધર્મ ગમે છે તેથી દેવદર્શન-પૂજા સાધુસેવા વગેરે ધર્મ કરે છે. તો આ ધર્મ થયો તે ઇન્દ્રિયોને વિષયો સારા લાગવાની સાથે થયો, એ ધર્મને કેવો કહેવો ? ભવના ફેરા ઘટાડનારો કે ભવના ફેરા વધારનારો ?

લજ્જાથી ભયથી સ્નેહથી ધર્મ કરનારમાં કદાચ સમ્યક્ત્વ ન પણ આવ્યું હોય, તો શું એનો એ લજ્જાથી કરાતો ધર્મ ભવથી ઉગારનારો ? કે ભવમાં ડૂબાડનારો ? ભૂલતા નહિ, અહીં આચાર્ય મહારાજ લજ્જા વગેરેથી ધર્મ કરનારને



અમાપ ફળ બતાવે છે, તો શું આ અમાપ ફળ, એટલે અમાપ ભવફેરા ? 'અમાપ ફળ'નો આવો અર્થ હોય તો એ ધર્મના ગુણ ગાયા કહેવાય ? ધર્મનો મહિમા બતાવ્યો કહેવાય ? ને આ ધર્મના અમાપ ફળમાં અમાપ ભવફેરા સાંભળીને શું શ્રોતાજનો ધર્મ તરફ પ્રેરાય ? કે એવા ધર્મથી આઘા ભાગે ?

પૂર્વાચાર્યના શાસ્ત્ર જ્યારે આમ કહે છે કે 'લજ્જા વગેરેથી ધર્મ કરનારને અમાપ ફળ મળે છે,' ત્યારે 'મોક્ષના આશય સિવાય બીજા કોઈ પણ આશયથી ધર્મ કરનાર ભવના ફેરા વધારી રહ્યો છે,' એવું કહેવું એ આ શાસ્ત્રાનુસારી વચન છે ? શાસ્ત્રાનુસારી વચન કયું ? 'મોક્ષ સિવાયના બીજા કોઈપણ આશયથી ધર્મ કરે તેનાં ભવ-ભ્રમણ વધે' એ વચન ? કે 'લજ્જાદિથી ધર્મ કરે એને એનું અમાપ ફળ' એ વચન ?

જુઓ, આર્દ્રકુમારને જાતિસ્મરણજ્ઞાન થવાથી ધર્મનો અર્થી બન્યો, અને અનાર્ય દેશમાં ધર્મ વસ્તુ બિલકુલ ન દેખવાથી ત્યાંથી ભાગીને અહીં આર્ય દેશમાં લક્ષ્મીપુર નગરમાં આવ્યો છે, અને ત્યાં સદ્ભાગ્યે પુણ્યનંદન આચાર્ય મહારાજની દેશના સાંભળવા મળી, તે સાંભળવા બેસી ગયો છે. એમાં આચાર્ય મહારાજ ધર્મના આ ગુણ ગાઈ રહ્યા છે કે 'લજ્જાથી ભયથી સ્નેહ વગેરેથી ધર્મ કરે છે એને એનું અમાપ ફળ મળે છે,' તો એ સાંભળીને એણે સામે પ્રશ્ન ન કર્યો કે 'આવી રીતે ધર્મ કરનારને મલિન આશય છે, તો એવા ધર્મથી ભવના ફેરા વધે કે ઘટે ? અને આવી રીતે ધર્મ કરાય ?,' આવો કોઈ પ્રશ્ન ન કરતાં એ ધર્મનો મહિમા સાંભળીને રાજી રાજી થઈ જાય છે; કેમકે એ સમજે છે કે

''જગતના મોટા ભાગના જીવોને સંસાર જ ચલાવવો ગમે છે, સંસાર એટલે કે આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રામાં રાચ્યા-માચ્યા રહેવાનું જ ગમે છે, પરંતુ દાનાદિ ધર્મ કરવાનો ગમતો નથી, ને કરતા નથી. ત્યારે આચાર્ય મહારાજ કહે છે તેમ જીવો કદાચ સહજ ધર્મરુચિથી ધર્મ તરફ ખેંચાતા ન હોય, કિન્તુ લજ્જાદિથી પણ ધર્મ કરતા હોય તો ય ઘણું ઘણું છે. એનાથી પણ (૧) એ એટલા પાપ-પ્રવૃત્તિથી બચી ધર્મ-પ્રવૃત્તિ ધર્મ-આચારોમાં જોડાશે એ ખોટું નથી. વળી (૨) એથી ધર્મના સંસ્કાર પામશે, (૩) ધર્મની ટેવ પડશે, (૪) સદ્ગુરુની વાણી પામશે, એથી (૫) આત્મદૃષ્ટિ-મોક્ષદૃષ્ટિ જાગવાની તક મળશે જ્યારે, લજ્જા વગેરેથી ય ધર્મ નહિ કરનારો આ બધું શે પામવાનો હતો ?''

આચાર્ય મહારાજ આગળ કહે છે,

**''દુઃખાત્ કૌતુક વિસ્મય-વ્યવહૃતેર્ભાવાત્ કુલાચારતો,**
**વૈરાગ્યાચ્ચ ભજન્તિ ધર્મમમલં, તેષામમેયં ફલમ્''**

અર્થાત્ "દુઃખથી, કૌતુકથી, વિસ્મયથી, વ્યવહારથી, ભાવથી, કુલાચારથી, અને વૈરાગ્યથી નિર્મળ ધર્મને સેવે છે, તેમને અમાપ ફળ મળે છે."

**(૧૧) દુઃખથી ધર્મ કરનારને પણ અમાપ ફળ.**

**સંપ્રતિનો જીવ ભિખારી :** દુઃખથી ધર્મ થાય ? હા, સંપ્રતિ રાજાનો જીવ પૂર્વ ભવે ભિખારી હતો. દુકાળનો સમય, એટલે ભીખ પૂરી મલે નહિ, એમાં એકવાર તો તદ્દન જ નહિ મળેલ, તે ભારે ભૂખનું દુઃખ ! ઘર ઘર માગતો ફરે છે પણ કોઈ દેતું નથી. એમાં એક ઘર આગળ જોયું કે પોતાને તો ત્યાં કોઈએ કશું આપ્યું નહિ, પણ સાધુ મહારાજ આવ્યા તો એમને આવકારથી અંદર બોલાવ્યા. બહારથી ભિખારી જુએ છે કે એમને પાત્રમાં સારી રીતે ખાવાનું આપે છે, તેથી એ આશા બાંધી બેઠો કે 'મહારાજ બહાર નીકળે એટલે એમની પાસે માગીશ; ને મહારાજ તો દયાળુ હોય એટલે એ મને ખાવાનું આપશે; અને એમને તો આપનાર ઘણા.'

મહારાજ બહાર નીકળી ચાલ્યા એટલે એમની પૂંઠે જઈ એમની પાસે માગે છે, 'મહારાજ ! તમે મને થોડું ખાવા આપો તમને તો આપનાર ઘણા છે, મને કોઈ જ રોટલાનો એક ટુકડો પણ આપતા નથી. તમે દયાળુ છો, હું ત્રણ દિવસનો ભૂખ્યો છું, મારી પર દયા કરો, મને કાંઈક ખાવાનું આપો.'

સાધુ પ્રેમથી કહે "ભાઈ ! આ ભિક્ષા પર અમારો અધિકાર નથી; એટલે આમાંથી તને અમારાથી કાંઈ જ ન અપાય. અમે તો ગુરુના હુકમથી ભિક્ષા લેવા આવીએ, એટલે આના પર અધિકાર ગુરુનો છે, અમારે તો જઈને એમને જ બધી ભિક્ષા સોંપી દેવાની. પછી એ અમને એમાંથી આપે એ જ અમારાથી વપરાય,"

ત્યારે ભિખારી કહે, "તો હું તમારા ગુરુ પાસે આવું. એમની પાસે માગીશ."

બસ, ભિખારી લાગ્યો સાધુની પૂંઠે, આવ્યો ગુરુ આર્યસુહસ્તિ આચાર્ય મહારાજ પાસે, અને ભીખ માગે છે.

આચાર્ય મહારાજ કહે, 'ભાઈ ! આ તો દાતારે જે આપ્યું એ સંયમીને સંયમના પોષણ માટે આપ્યું છે; તેથી અસંયમીને દેતાં અસંયમનું પોષણ થાય; ને એમાં દાતારનો વિશ્વાસઘાત થાય. માટે અસંયમીને ન અપાય.'

ત્યારે ભિખારી કહે 'તો પછી મહારાજ સાહેબ ! હું સંયમી બનું તો તો મને દેશો ને ? લો બનાવો મને સંયમી.'

આચાર્ય મહારાજે ત્યાં સંયમી બનવું એટલે શું ? તે સમજાવ્યું કહ્યું 'જો જે હોં આ સંયમ એટલે જીવનભર માટે સંસારના સમસ્ત પાપવ્યાપારોનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરવાની છે, ને તે જીવનભર પાળવાની છે.'-

ભિખારીને તો ગમે તેમ કરી ભારે ભૂખનું દુઃખ ટાળવું હતું, તેથી કહે



'ભલે મહારાજ ! પ્રતિજ્ઞા કરાવો, પ્રતિજ્ઞા લઈ જીવનભર પાળીશ.'

આચાર્ય મહારાજે એને સંયમ આપ્યું, અને પછી એને આહાર વપરાવ્યો. જુઓ, અહીં ભિખારીએ ભૂખના દુઃખથી ચારિત્ર-ધર્મ લીધો, આ દુઃખથી ધર્મ કર્યો તે કેવો ગણશો ? એને કોઈ જ શુભ ભાવ નથી, માત્ર ખાવાનું મળે એટલો જ મલિન ભાવ છે, તો એનો આ ધર્મ ભવના ફેરા વધારનારો કહેશો ? કહેતા નહિ, કેમકે એમ પણ એણે ચારિત્રધર્મ લીધો તો એ જ રાત્રે અજીર્ણ, અશાતા અને મરણાંત દુઃખ આવતાં આચાર્ય અને સાધુઓ પાસેથી નિર્યામણા પામ્યો, પોતાને પણ જાત પર ફિટકાર છુટ્યો કે 'રે જીવ ! જે ચારિત્રને આ મહામુનિઓ પાળે છે, તે આ મોટા શેઠિયાઓ સત્કારે સન્માને છે, એ ચારિત્ર તેં ખાવા માટે લીધું ? ને લીધા પછી પણ માત્ર ખાવાનું કામ કર્યું ? ધિક્કાર છે તને ! હવે ક્યારે શુદ્ધ ચારિત્ર પાળીશ ? ધન્ય ગુરુ જેમણે ખાવા માટે પણ આવો ચારિત્રધર્મ આપવાનો મહાન ઉપકાર કર્યો !...' એમ ભાવનામાં મરી એ રાજા સંપ્રતિ થાય છે ! 'દુઃખથી પણ ધર્મ કરે એને એનું અમાપ ફળ' એમ અહીં પુણ્યનંદન સૂરિજી મહારાજ કહે છે. સંપ્રતિ રાજાપણું એટલે કેટલું અમાપ ફળ ?

**કોણ સંપ્રતિ ?** ● સવા ક્રોડ જિન પ્રતિમા ભરાવનાર !

● સવા લાખ જિનમંદિરો બંધાવી પૃથ્વીને અલંકૃત કરનાર !

● કેટલીય દાનશાળાઓ ખોલી અનુકંપા સાથે જૈન ધર્મની સુવાસ પ્રસરાવનાર !

આ બધું શેમાંથી ? ભૂખના દુઃખથી ચારિત્ર ધર્મ લીધો એમાંથી ! હવે, જો ત્યાં એને 'તારે મલિન ભાવથી ધર્મ કરવો છે ? જા, એ તો અધર્મ છે, એથી તું ભવના ફેરા વધારીશ' એમ કહી એને ડિસમિસ કરવામાં આવ્યો હોત, તો એ આટલે ઊંચે આવા જૈન સંઘના અવ્વલ રત્નરૂપ સંપ્રતિ થાત ? ત્યારે એને એનું ભૂખનું દુઃખ ટાળવા જ ચારિત્ર લેવું છે, એ આચાર્ય મહારાજ સમજે છે, છતાં એમણે દીક્ષા આપી, તો શું એમણે અધર્મનું પોષણ કર્યું ? જિનાજ્ઞા-વિરુદ્ધ કામ કર્યું ? ત્યારે તમે અહીં કહેશો

**પ્ર.-** એ આચાર્ય આર્યસુહસ્તિ મહારાજ તો દશ પૂર્વધર એટલે આગમ-વિહારી યુગપ્રધાન હતા. એમણે જ્ઞાનથી જાણેલું કે આ આત્મા ભવિષ્યમાં મહાન શાસન-પ્રભાવક થનાર છે, તેથી એમણે દુઃખથી દીક્ષા લેવા આવ્યો તો ય દીક્ષા આપી; પરંતુ બીજાઓએ એ કાંઈ દાખલો લેવાય ? એનાથી કાંઈ સર્વસામાન્ય નિયમ બનાવાય કે દુઃખથી દીક્ષા લે તો પણ અમાપ ફળ માટે થાય ? સર્વ સામાન્ય નિયમ તો આ જ કે મોક્ષ સિવાયના બીજા કોઈ પણ આશયથી ધર્મ કરે તો એ અધર્મ છે, એથી ભવના ફેરા વધે.

ઉ.- મોક્ષ સિવાયના બીજા કોઈ પણ આશયથી ધર્મ કરે તો તેથી ભવભ્રમણ વધે એ એકાંત નિયમ સ્થાપવાના દુરાગ્રહમાં સંપ્રતિના જીવનો દાખલો આવ્યો ત્યારે આ બચાવ સરસ શોધી કાઢ્યો ! પરંતુ બીજો દાખલો જુઓ, તદ્ભવ મોક્ષગામી મેતારજ મહામુનિના પૂર્વ ભવે શું થયું ?

**દુઃખથી ધર્મનો બીજો દાખલો મેતારજ :-**

મેતારજ પૂર્વ ભવે પુરોહિત પુત્ર હતા. એમણે દુઃખથી ચારિત્ર લીધેલું. બનેલું એવું કે એને રાજપુત્ર સાથે દોસ્તી, તે બંને જણા સાધુની મશ્કરી કરતા હતા. એ વાતની રાજપુત્રના કાકા મહારાજને ખબર પડી, એટલે એ અટકાવવા ત્યાં આવ્યા, અને ગોચરી માટે રાજગઢમાં પેઠા. પેલા બે જણા મેડી પરથી મોટેથી 'મહારાજ સાહેબ ! પધારો.' કહે છે,

સાધુ ઉપર ગયા ત્યારે એ બે કહે 'મહારાજ પાત્રા હેઠા મૂકો અને નાચી બતાવો.'

સાધુ કહે 'ભાઈ ! સાધુથી નાચ ન કરાય, અને અમને નાચતા આવડે પણ નહિ,'

પેલા કહે, 'ના મહારાજ ! તમને તો સારું નાચતા આવડે, અમને ખબર છે.'

સાધુ કહે 'સાધુની મશ્કરી કરવી રહેવા દો ?

પેલા કહે, 'આમાં મશ્કરી શાની ?' નહિ નાચો તો ચોલપટ્ટો ખેંચી લઈશું.'

સાધુ મહારાજે જોયું કે 'જેવું સાંભળ્યું હતું તેવા જ આ છોકરા તોફાની છે. તો હવે આમને બોધપાઠ આપવા દે.' એટલે મહારાજ કહે 'નાચું તો ખરો, પણ સાથે તમારે તાલ-ઠેકો દેવો પડે.' છોકરા કહે 'હા, હા,' એમ કહી તબલા લઈ આવ્યા.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''  વર્ષ-૩૧,અંક-૪૭,તા.૨૦-૮-૧૯૮૩**

સાધુ કહે 'જોજો જેવો મારો પગ જમીન પર પડે કે સાથે જ તાલનો ઠેકો પડવો જોઈએ. જો એમાં ફેરફાર થશે તો મારા જેવો ભૂંડો કોઈ નહિ.'

છોકરા કહે 'હા, હા, ભલે.'

સાધુએ નાચવા માંડ્યું. નાચતાં ૨-૩ વાર તો પગ ઊંચો થયેલો એને પાછો જમીન પર લઈ ઠેકો દીધો, એટલે પેલા તબલા પર 'ધડિમ્' ઠોકે છે. પરંતુ ચોથી વાર જમીન પર ઠેકો લઈ જવાનો દેખાવ કરી પગને બીજી બાજુ ઊંચકી જ લીધો, પણ છોકરાએ પગ હવે જમીન પર પડશે સમજી તબલા પર ધડિમ્ ઠોક્યું.

મહારાજ બગડ્યા, 'લુચ્ચાઓ ! આમ ખોટો ઠેકો ?' બસ, એકને બે પગ



વચ્ચે દાબ્યો, ને બીજાને પકડી હાથ પગના સાંધા ઉતારી નાખ્યા; પછી બીજાને ય એજ પ્રમાણે કરી સાધુ જતા રહ્યા. સાધુ હાડકાં ચડાવવા-ઉતારવાની કળા જાણતા હતા.

અહીં છોકરા ચીસોચીસ પાડી રુએ છે. રાજા આવ્યો, પૂછ્યું 'શું થયું ?'

છોકરા કહે 'અમે મહારાજને નાચવા કહ્યું, અમે તાલનો ઠેકો પૂરતા હતા, એમાં ઠેકો ખોટો પૂર્યો, તો મહારાજે હાથ પગના સાંધા મચડી નાખ્યા.'

રાજા કહે 'સાધુની મશ્કરી કરતા હતા, તો હવે ભોગવો એનું ફળ'...

છોકરા કહે 'પણ અમારાથી સહન નથી થતું, હાય હાય રે...'

રાજા સાધુની તપાસ કરાવી સાધુ પાસે આવ્યો. ઉદ્યાનમાં જોયું તો 'ભાઈ મહારાજ જ છે !' શરમાઈ ગયો કે 'પિતા તુલ્ય ભાઈ મહારાજ આવ્યા છે ને મેં ખબર ન લીધી ? અરે ! મારી બે વરસની ઉંમરે પિતાનું અકસ્માત્ મૃત્યુ થવાથી તરત જ આ મોટા ભાઈ તો વૈરાગ્ય પામી જઈ મોટું રાજ્યપાટ છોડી દઈ દીક્ષા જ લેવાના હતા પરંતુ મારી માતાના અતિશય આગ્રહથી રોકાઈ મને ઉછેરી મોટો કર્યો, કળા-વિજ્ઞાન-રાજનીતિ શીખવાડ્યા, અને મને રાજ્યગાદીએ બેસાડી પોતે ચારિત્ર લીધેલું, તે આજે વર્ષો પછી મારા આંગણે આવ્યા છતાં મેં ખબર જ ન રાખી ? કશું સ્વાગતે ય કર્યું નહિ ?'

શરમાઈને પગમાં પડી વંદના કરી કુશળ પૂછે છે, અને પૂછે છે 'આપ મહેલ પર પધારેલા ?'

સાધુ કહે 'હા,'

રાજા કહે 'છોકરા પર દયા કરો, બહુ રુએ છે. એમનું દુઃખ મારાથી જોયું જતું નથી.'

સાધુ કહે 'હેં ? તને છોકરાનું દુઃખ સહન નથી થતું, અને સાધુ મહારાજોને છોકરા મશ્કરી કરી દુઃખી કરતા, તે તારાથી સહન થતું હતું ? ઊઠ ઊભો થા, નાલાયક ! કયા મોંઢે આવા બદમાશ છોકરાની દલાલી લઈ આવ્યો છે ? તને ભણાવી-ગણાવી તૈયાર કરેલો તે આવું ચલાવવા ? તારા છોકરા સાધુની સેવાને બદલે મશ્કરી કરે ?'

રાજાએ બહુ માફી માગી, 'આવું હવે નહિ ચાલવા દઉં' કહી દયા કરવા કરગરે છે.

સાધુ કહે 'જા છોકરાને પૂછી આવ, ચારિત્ર લેવું છે ? સાધુઓની મશ્કરી કરીને નરકના પાપ બાંધ્યા છે, તે હવે ચારિત્રથી જ છૂટે. જો ચારિત્ર લેવું હોય તો હાડકા ચડાવી આપું.'

રાજા ગયો, છોકરાઓને ખૂબ ઠપકો આપ્યો...મહારાજે કહેલું કહ્યું. અહીં દુઃખ અસહ્ય હતું તેથી છોકરા કબૂલ થયા કે 'દીક્ષા લઈશું, હાડકા ચડાવી આપો.' રાજા ભાઈ મહારાજને બોલાવી લાવ્યો, મહારાજે છોકરાને કહ્યું,

'જુઓ સાધુની સેવા-ભક્તિ-પૂજા કરવાને બદલે મશ્કરીઓ કરી છે, એટલે હાડકાં તો ચડાવી આપું, પણ પછી તરત દીક્ષા લેવી પડશે, 'બોલો મંજૂર છે ?' ઉતારી નાખેલા સાંધાઓનું કળતર એટલું બધું હતું કે મંજૂર ન કરે તો ક્યાં જાય ? કહો,

કળતરના દુઃખથી છુટવા છોકરા મંજૂર થયા, મહારાજે હાડકાં ચડાવી આપ્યા છોકરાને હસતા-ખીલતા કરી દીધા, અને બંનેને ચારિત્ર આપ્યું.

આમાં રાજપુત્રની સાથે પુરોહિત પુત્ર, જે મેતારજ થવાનો છે, એણે પણ ચારિત્ર લીધું. કેવી રીતે લીધું ? કહો હાથના કળતરના દુઃખથી છુટવા લીધું, તો હવે જુઓ આ ધર્મ કરવામાં મોક્ષનો આશય છે ? ના, ભયંકર કળતરના દુઃખથી છુટવાનો આશય છે. તો આ ચારિત્ર-ગ્રહણના ધર્મથી એના ભવના ફેરા વધી ગયા ? આમ ચારિત્ર-ધર્મ લેવાય ? પરંતુ એ જુઓ કે

દુઃખથી છુટવા ચારિત્ર લીધું, તો પછીથી ષટ્કાયજીવો, સંયમ, સમ્યક્ત્વ, વીતરાગ દેવાધિદેવ, મોક્ષમાર્ગ, નવતત્ત્વ...વગેરે વગેરેની ઓળખ પડતી ગઈ, સંયમમાં અપૂર્વ ચિત્તની શાંતિ-સમાધિનો અનુભવ થતો ગયો, ત્યાગ-તપ-શાસ્ત્રસ્વાધ્યાય વગેરેમાં લીન બનતા ગયા, તો મેતારજના આ જીવ પુરોહિત પુત્ર મુનિએ ત્રણ ભવમા સંસાર મર્યાદિત કરી દીધો ! એ ભવ, પછી દેવનો ભવ, ને પછી મેતારજના ભવે મોક્ષ ! દુઃખથી ચારિત્રધર્મ લીધો એનું કેટલું અમાપ ફળ !!

અહીં જો એને એમ પણ ચારિત્ર ન આપ્યું હોત તો એ આટલાં ફળ પામત ? હવે જે એકાંત-નિશ્ચયવાદી કહે છે, "ભાવની કિંમત છે, ક્રિયાની નહિ. ભાવ મલિન હોય તો ક્રિયા સારી છતાં ચોરાશીના ચક્કરમાં ભટકે," એ કહેવું શું વાજબી છે ? જૈન શાસ્ત્રને અનુસારી છે ? આ પ્રરૂપણાની સામે અહીં આચાર્ય પુણ્યનંદનસૂરિજી મહારાજ શાસ્ત્રનો શ્લોક ટાંકીને કહે છે 'દુઃખથી ધર્મ કરે તો પણ તે અમાપ લાભ માટે થાય,' એ શાસ્ત્ર ક્યાં મૂકી આવવાનું ?

વસ્તુ જોવા જઈએ તો મેતારજના જીવે આવી રીતે પણ દુઃખથી છુટવા ચારિત્ર લીધું હતું, તો પછીથી સંયમનો સ્વાદ પામ્યા પહેલાં પુરોહિતના પુત્ર હતા ને ? એટલે અહીં જોયું કે ક્યાં વૈદિક ધર્મનાં હિંસામય અનુષ્ઠાનો ? અને ક્યાં આ જૈન ચારિત્રના ભારોભાર અહિંસામય અનુષ્ઠાનો ? ક્યાં વૈદિક ધર્મમાં અજ્ઞાનીઓની તુક્કામય જૂઠા તત્ત્વની વાતો ? અને ક્યાં અહીં વીતરાગ સર્વજ્ઞના ટંકશાળી



તત્ત્વો' ? બસ, સંયમની એવી ઊંચી આરાધનામાં લાગી ગયા કે ત્રણ ભવમાં સંસાર પતાવી દીધો. ત્રણ ભવમાં સંસારને મર્યાદિત કરી દીધો, આ ભવ, પછી દેવલોકનો ભવ, ને પછી મેતારજના ભવે અંતે મોક્ષ. કળતરના દુઃખથી છુટવા ધર્મ લીધો, મોક્ષના આશયથી નહિ, માત્ર દુઃખથી છૂટવાના આશયથી ચારિત્ર-ધર્મ સ્વીકાર્યો. શું બગડી ગયું ? ધર્મ તારણહાર છે. આચાર્ય મહારાજ આગળ કહે છે.

**(૧૨) કૌતુકથી ધર્મ કરે એને એનું અમાપ ફળ**

કૌતુકથી એટલે ધર્મની આમ તો કોઈ સહજરુચિ નહિ, પરંતુ 'લાવો જોઈએ શું છે ? કેવી મૂર્તિ છે ? કેવુંક દહેરું છે ? કેવાક મહારાજ છે ? જોઈએ, કેવું વ્યાખ્યાન કરે છે ?...' આવી માત્ર જિજ્ઞાસા હોય,

દા.ત. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજના ગુરુ આચાર્ય દેવચંદ્રસૂરિજી મહારાજ ધંધુકામાં પધાર્યા, શ્રાવિકાઓ વંદન કરવા આવે છે, એમની સાથે, હેમચંદ્રસૂરિજી મહારાજ એ વખતે પાંચ છ વરસના ચાંગદેવ નામના બાળક, તે એમની માતા પાહિની જે મોઢ વણિક, વૈષ્ણવ ધર્માનુયાયિની છે, એ પણ ચાંગદેવને આંગળીએ લઈ કૌતુકથી શ્રાવિકાઓ સાથે આવી, કાંઈ જૈન ધર્મ પાળતી નથી કે જૈન ધર્મ લેવા નથી આવી, પણ 'જોઉં મહારાજ કેવા છે ?' એટલી જિજ્ઞાસા માત્રથી આવેલી. એટલો પણ સાધુ પાસે આવવાનો ધર્મ કર્યો તે કૌતુકથી કર્યો. અહીં મોક્ષનો આશય નથી, માત્ર કૌતુકનો ભાવ છે, તો આ સાધુ-સમાગમનો ધર્મ કેવો ગણવો ? કર્તવ્ય ? કે અકર્તવ્ય ? ભવવર્ધક ? કે ભવકર્તક ?

અહીં એમ નહિ કહેવાય કે 'એ બાઈ કૌતુકથી નહિ, પણ આચાર્ય મહારાજને ગુરુ માની એમના પરના ભાવથી આવી છે,' કેમકે બાઈ કાંઈ જૈન નથી, મોઢ વણિક છે, એટલે જ કૌતુકથી આવી હોય. છતાં કૌતુકથી પણ આચાર્યના દર્શન કરવા આવી, એમાંથી કેટલું બધું મહાન સર્જન થયું ! આચાર્ય મહારાજે એનાં બાળક ચાંગદેવની આસન પર બેસી જવાની હિંમત, અને એની મુખ-મુદ્રા, તથા રેખાઓ જોઈને જ્યારે કહ્યું કે 'આ બાળક તો મહાન આચાર્ય અને રાજાનો ગુરુ થાય એવો ભાગ્યશાળી છે,' અને પછી એની માતા પાસેથી એને આપી દેવા કહ્યું, ત્યારે માતાએ બાળકને આચાર્ય મહારાજને સોપી દીધો, જેમાંથી એ બાળક સાધુ થઈ આગળ પર કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ બને છે. આ પરિણામ ક્યારે આવ્યું ? માતાએ કૌતુકથી પણ આચાર્યના દર્શનરૂપ ધર્મ કર્યો ત્યારે. તો પછી શું અહીં બીજા કોઈ શુભ ભાવ વિના કૌતુકના આશયથી કરેલો ધર્મ નકામો ગણાય ? એ ધર્મને ભવવર્ધક અને અધર્મ કહેવાય ?

મુંબઈમાં વિ.સં.૧૯૮૫માં પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી

મહારાજનાં નાસ્તિકવાદ-જડવાદ-સુધારાવાદનું ખંડન કરનારા અને જૈનશાસનના સિદ્ધાંતો સમજાવનારા તીખાં તમતમતાં વ્યાખ્યાનો ચાલતા. એની સામે વિરોધીઓએ ઝુંબેશ ઉઠાવેલી. એ વખતે કેટલાય મધ્યસ્થ માણસો ધર્મરુચિથી નહિ, પણ 'આટલો બધો વિરોધ થાય છે લાવો ત્યારે જોઈએ તો ખરા કે રામવિજયજી મહારાજ કેવું બોલે છે ?' એમ કૌતુકથી વ્યાખ્યાન સાંભળવા આવેલા, અને ફરી ગયા કે 'ભાઈ ! મહારાજ શું ખોટું કહે છે ?' એ સહજ ધર્મ રુચિવાલા બની ત્યાં રોજના ધર્મ શ્રવણવાળા થઈ ગયા ! આમાં જુઓ એવા માણસોએ પહેલ પહેલો વ્યાખ્યાન-શ્રવણનો ધર્મ કર્યો તે માત્ર કૌતુકથી જ કર્યો, પરંતુ જીવનમાં ધર્મ પામવાના ભાવથી નહિ, તો એ ભાવ વિનાનો ધર્મ શું કરવા યોગ્ય નહિ પણ ત્યાજ્ય કહેવો ?

આચાર્ય મહારાજ પુણ્યનંદનસૂરિજી આગળ કહે છે,

**(૧૩) વિસ્મયથી ધર્મ કરે તેનું એને અમાપ ફળ.**

દા.ત. આજે કેટલાય નાના બાળક પર્યુષણામાં છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઈ જેવી મહાન તપસ્યા કરે છે, હવે એ જોઈને કોઈ મોટાને વિસ્મય થાય, આશ્ચર્ય થાય કે હેં ? શું આટલી બધી નાની ઉંમરમાં આવી તપસ્યા થઈ શકે છે ! લાવ ત્યારે હું પણ આ વખતે ઉપવાસ કરું, છઠ્ઠ કરું;'' અને તપ કર્યો તો એ વિસ્મયથી તપધર્મ કર્યો કહેવાય.

એમ કોઈ મહાદાન કરે એ જોઈને વિસ્મય પામીને બીજાને થોડુંય દાન દેવાનું મન થાય, ને દાન કરે. એ વિસ્મયથી દાનધર્મ કર્યો ગણાય, તો શું આમ વિસ્મયથી તપ કે દાનધર્મ કર્યો એ ખરાબ કર્યું ? સંભવ છે હજી એને બીજા સારા ભાવ ન ય આવ્યા હોય, તો શું એ વિના આમ કૌતુક કે વિસ્મયથી ધર્મ કર્યો તેને ભવના ભ્રમણ વધારનારો ? શું એવો ધર્મ ત્યાજ્ય ? ન કરવા લાયક ? ભૂલશો નહિ, અહીં શાસ્ત્રકાર એનું અમાપ ફળ કહે છે, એ સારાં ફળ સમજવાના છે, ભવવૃદ્ધિનું ખરાબ ફળ નહિ. આચાર્ય મહારાજ આગળ કહે છે,

**(૧૪) વ્યવહારથી ધર્મ કરે એને એનું અમાપ ફળ.**

વ્યવહારથી એટલે કે લોક-વ્યવહાર એવો પડી ગયો હોય કે અમુક સંયોગમાં અમુક ધર્મ કરવો. દા.ત. કુટુંબમાં કોઈએ પહેલ પહેલી અઠ્ઠાઈ કરી, તો વ્યવહારથી એની ઉજવણી રૂપે કોઈ પ્રભાવના, યા સાધર્મિક જમણ, વગેરે કાંઈક કરવું, એ રિવાજ ચાલે છે. આ જે ધર્મ કરાય છે એમા કાંઈ બધાને ઉચ્ચ આશય નથી હોતો, તેમ બધાને વિષયો કાંઈ ખરાબ લાગ્યા નથી હોતા, પરંતુ માત્ર વ્યવહાર પાળવાનો આશય હોય છે; તો શું એ ધર્મને અધર્મ કહેવો ? એ રીતે ધર્મ કરનારને ના કહેવી ? ત્યાજ્ય કહેવો ? 'ભવસાગર તરવાના શુભ ભાવ વિના બીજા આશયથી



ધર્મ ન જ કરાય, એનાથી ભવના ફેરા વધે' એમ જો કહીએ તો આ વ્યવહારથી કરાતા ધર્મના પાપરૂપ અને ભવના ફેરા વધારનારો જ કહેવો પડે ! ઘરમાંથી કોઈએ ઉપધાન કર્યા, તો કેટલાક વડેરા તો આ નિમિત્તે બીજા ઉપધાનકારકોની શુદ્ધ ભક્તિના આશયથી નીવિ જમાડે છે, પ્રભાવના કરે છે, પરંતુ બધા કાંઈ એવા આશયવાળા નથી હોતા, કેટલાક માત્ર વ્યવહાર જાળવવાના આશયથી નીવિ જમણ કે પ્રભાવના આપે છે. તો એમનો આ વ્યવહાર-પાલનના આશયથી કરાતો ધર્મ કેવો ? કરવા જેવો ? કે છોડી દેવા જેવો ? એ ધર્મ કેવો ? ધર્મરૂપ કે પાપરૂપ ? 'દ્રવ્યક્રિયા તો અનંતી કરી. એનાથી શું વળે ? ભાવક્રિયા જ તારે, એ જ કરવા જેવી,' આમ એકાંતવાદમાં જતાં આ વ્યવહારથી થતા ધર્મને નકામો કહેવો પડે ! ત્યારે અહીં જ્ઞાની વ્યવહારથી થતાં ધર્મનું અમાપ ફળ કહે છે.

વ્યવહારથી ધર્મ તો કેટલાક સ્થાને અને કેટલાય પ્રસંગોમાં થાય છે; અને એ થાય છે તો કુટુંબોમાં ધર્મપરંપરા ચાલી આવે છે.

જયપુરમાં અમે જોયું એકવાર સ્થાનકવાસી ભાઈ-બહેનોનો મોટો સમૂહ મંદિરે પ્રભુદર્શને આવેલો. પૂછ્યું 'કેમ અહીં ? આ લોકો મૂર્તિ તો માનતા નથી,' જવાબ મળ્યો કે 'સાહેબ ! અહીં રિવાજ છે છોકરો પરણે પછી તરત સજોડે સમુહ સાથે દર્શન કરવા આવે. એમ મોટી તપસ્યા હોય તો સમુહ સાથે એકવાર મંદિરે આવે આ શું ? રિવાજ. રિવાજ એટલે કે જનવ્યવહાર, વ્યવહારથી જિનદર્શન કરવા આવે.

હવે અહીં જુઓ, માત્ર 'વ્યવહાર છે એટલે પાળવો,' એમ સમજીને દહેરે આવે છે, એ દ્રવ્યક્રિયા છે. એમાં 'વીતરાગ પ્રભુનાં દર્શન કરવા એ કલ્યાણકર છે' એવો કશો ભાવ નથી. તો શું આ વ્યવહાર આચરવા જેવો ? કે છોડી દેવા જેવો ?

'ક્રિયા તો જડ શરીરની ક્રિયા છે, એ તારનારી નહિ. તારનારા તો આત્માના શુભ ભાવ છે,' એમ ઉપદેશ કરનાર અહીં શું કહે ? પાછા પોતાના માનેલા પંથમાં વ્યવહાર ઘણો પળાવતા હોય છે, ક્રિયા કેટલીય કરતા કરાવતા હોય છે, છતાં એ કરણીય માને છે ત્યારે તો એ કરે છે. શું પોતાનું પ્રવચન કરણીય નથી માનતા ? જો નથી માનતા તો શા માટે બરાબર સમય સાચવીને પ્રવચન લલકારે છે ? પ્રવચન તો જડ શરીરની ક્રિયા છે. જડની ક્રિયા કરાય ?

ખરી વાત એ છે કે ધર્મક્રિયા એ માત્ર જડ શરીરની ક્રિયા નથી, કિન્તુ એમાં આત્માની ભાવસ્ફુરણ અને વીર્યસ્ફુરણની ક્રિયા ભળેલી છે, તો જ એ ક્રિયા થાય છે. નહિતર માણસ મરી ગયા પછી એનું શરીર કેમ કશી એવી ક્રિયા કરતું નથી ? સવાલ એટલો છે કે 'શરીરક્રિયા સાથે અંતરાત્માના ભાવ કેવા ભેળવો

છો ? શુભ કે અશુભ ? એના પર ફળનો આધાર છે;' અને અહીં આર્દ્રકુમાર વગેરે સભા આગળ આચાર્ય મહારાજ પુણ્યનંદનસૂરિજી બતાવી રહ્યા છે કે ભલે લજ્જા, ભય, વગેરે ભાવથી ધર્મ કરતો હોય તો એનું અમાપ ફળ છે, કેમકે એમાંથી આગળ આગળ જતાં શુભ ભાવ જાગવાને અવસર મળે છે. એકલી પાપપ્રવૃત્તિઓમાં જ પડેલાને આ અવસર નહિ.

**વ્યવહારથી પણ ધર્મ કરનારને ધર્મનો અભ્યાસ પડે છે, ક્યારેક સદ્‌ગુરુની શુદ્ધવાણી સાંભળવા મળે છે, ને એ શ્રવણ કરતાં કરતાં ધર્મની સહજરુચિ થાય છે.**

જો વ્યવહારથી પણ ધર્મ કરતા જ ન હોય તો એમને તો એકલો પાપનો અભ્યાસ રહેવાનો. એમાં તો ધર્મ ક્રિયાનો કશા સંસ્કાર નહિ પડે, સાધુના સંપર્કમાં એ નહિ આવે, ઉપદેશ નહિ સાંભળે, પછી એ ઊંચો આવવાનો જ શી રીતે ? શુભ ભાવ પામવાનો જ ક્યાં ?

વ્યવહારથી દેખાદેખીથી પ્રારંભિક જીવો ધર્મ કરનાર ઘણા, અને એમજ એ એક દિવસ પામી જાય છે. બાકી વ્યવહારને નહિ ગણકારનારા અને ધર્મ નહિ કરનારામાંથી પામનારા કેટલા તે શોધી કાઢજો. આચાર્ય મહારાજ આગળ કહે છે,

**(૧૫) ભાવથી ધર્મ કરે એને એનું અમાપ ફળ.**

ભાવથી ધર્મ કરનારા એટલે હૈયામાં સહેજે ધર્મ કરવાના ભાવ થાય, અને ધર્મ કરે તે અર્થાત્ લજ્જાથી નહિ, ભયથી નહિ, સ્નેહથી કે ચડસાચડસીથી નહિ, કૌતુક કે વિસ્મયથી નહિ. યા વ્યવહાર પાળવા માટે નહિ, કિન્તુ લઘુકર્મી જીવ હોય, પૂર્વ ભવે આરાધીને આવ્યો હોય, અહીં જિનવાણી-શ્રવણ મળે, ધર્મનો મહિમા ધર્મનું મહત્ત્વ સમજાય, એટલે દિલમાં એવા ભાવ થાય કે 'ધર્મ તો કરવો જ જોઈએ, ઉત્તમ માનવજનમ કાંઈ પાપો કરવા માટે નથી. પાપો કરવાના ભવ બીજા; આ ભવ નહિ. આ ભવ તો ધર્મ કરવા માટે જ છે,' એમ જે સમજી ધર્મ કરે તે ભાવથી ધર્મ કરનારા ગણાય એને પૂછો, "ધર્મ કેમ કરો છો ?" તો કહેશે,

**(૧) 'ધર્મ પવિત્ર છે માટે કરવાનો' આ ભાવ શુભ :-**

"કેમ શું વળી ? આ માનવ અવતારમાં ધર્મ જ કરવા જેવો છે માટે ધર્મ કરીએ છીએ. ધર્મ પવિત્ર છે, સારો છે, ને પાપ મલિન છે, ખરાબ છે. મલિનને છોડી પવિત્ર ધર્મ કરવો, ખરાબ કાર્ય છોડી સારું કાર્ય કરવું, એમાં માણસાઈ છે; નહિતર મલિન પાપો કરવા એમાં તો પશુતા છે. ધર્મ કરવામાં જ મનુષ્યપણાની શોભા છે. માટે ધર્મ કરીએ છીએ" ખૂબી જુઓ, આમાં મોક્ષની કાંઈ યાદ નથી, આમાં તો 'ધર્મ પવિત્ર વસ્તુ છે, સારી વસ્તુ છે, માટે ધર્મ કરવો,' એવા શુભ ભાવથી ધર્મ કરે છે. તો હવે આ ભાવથી ધર્મ કરાય એને કેવો કહેવો ? નિષ્ફળ ?



કે અમાપ ફળવાળો ? મોક્ષની યાદ નથી અને ભાવથી ધર્મ કરે તે ધર્મ નહિ ? ત્યારે શું પાપ ? આ ભાવથી ધર્મ કરતા ભવો ટૂંકા ન થાય ? તો શું ભવો વધે ?

ધર્મને પવિત્ર માનીને ધર્મ કરે છે એ પણ શુભ ભાવ છે, સંભવ છે ત્યાં મોક્ષની સમજ ન ય હોય, મોક્ષની યાદ ન ય હોય. અહીં કદાચ કહો,

**પ્ર.**- એને ધર્મનો ભાવ છે તે ધર્મ કર્તવ્ય સમજીને; ને એ કર્તવ્ય સમજે છે એની પાછળ જ્યારે સંસારનો કોઈ આશય નથી એટલે મોક્ષનો આશય બેઠો જ હોય ને ?

ઉ.- ના, અહીં એવું નથી; અહીં તો 'ધર્મ એ પવિત્ર છે, સારી વસ્તુ છે, માટે એ જ કરવા યોગ્ય' એવો સ્પષ્ટ આશય છે.

**પ્ર.**- પરંતુ એને પૂછીએ 'ધર્મ કેમ સારી વસ્તુ ? તો એ આ જ કહેને કે 'એનાથી મોક્ષ મળે છે માટે ?'

ઉ.- આવો જ જવાબ આપે એવો કોઈ નિયમ નથી. વળી 'ધર્મ પવિત્ર છે માટે ધર્મ સારો છે. પાપ સારા નથી, માટે ધર્મ સારો,' એવું ય બેઠું હોય છે, તો તે વખતે મોક્ષની યાદ નહિ હોવાથી શું ભાવથી કરેલો આનો ધર્મ નકામો ? અહીં તો આચાર્યદેવ કહે છે, ભાવથી કરેલા ધર્મનું અમાપ ફળ એને મળે છે.

**(૨) ભાવથી ધર્મ એ રીતે પણ થાય કે,**

એમ વિચાર આવે કે 'આ જન્મ મળ્યો અને અનેક વાતની સુખ સગવડ મળી છે તે બધું ભગવાનની કૃપાથી મળ્યું છે, તો એની કૃતજ્ઞતા રૂપે ભગવાનની સેવા કરવી જોઈએ એવા ભાવથી ભગવાનની સેવા રૂપે ધર્મ કરાય, એ ભાવથી ધર્મ કર્યો ગણાય. આમાં જુઓ હજી મોક્ષનો આશય આવ્યો નથી, પણ કૃતજ્ઞતાનો ભાવ અને સેવાનો ભાવ આવ્યો છે, તેથી ધર્મ કરે છે; એ પણ ભાવથી ધર્મ કરાઈ રહ્યો છે.

## • ફણસાલ કેમ ઊંચે આવ્યો ? •

શાસ્ત્રમાં દાખલો આવે છે ભગવાન શ્રીમહાવીર સ્વામીના કાળમાં એક ગામમાં પુષ્પસાલ નામના વણિકનો ફણસાલ નામે એક છોકરો છે. ભણવામાં બહુ જ શક્તિ ઓછી, તેથી એને ભણતર ચડે નહિ, એની માતાએ જોયું કે 'આ મોટો થઈને શું કરશે ? એનામાં કર્મ સંજોગે એવી આવડત કશી છે નહિ, તેથી એનું જીવન દુઃખમય અને રખડતા જેવું ન થઈ જાય એવું કાંઈક કરવું જોઈએ. મને લાગે છે કે જો એ કોઈ સારા મોટાની સેવા કરતો રહેશે તો, સેવા એવી ચીજ છે કે સેવા લેનારાને સેવા કરનાર પર મમતા ઊભી થાય અને એ મમતાથી સેવા કરનારની સંભાળ રાખે. એમ સેવા કરનારો જો જિંદગી સુધી સેવા કરતો રહે, તો

સેવા લેનારો જિંદગી સુધી એની સંભાળ કરે, તેથી એને જિંદગી સુધી વાંધો ન આવે, જિંદગી સુખે પસાર થાય.'

**વડીલના ૩ ગુણ (૧) નિઃસ્વાર્થ હિતચિંતા, (૨) વ્યવહારકુશળતા (૩) દૂરદર્શિતા :-**

માતાની (૧) કેવી પુત્રના ભલાની નિઃસ્વાર્થ ચિંતા (૨) કેવી વ્યવહાર કુશળતા (૩) કેવી દૂરદર્શિતા !

**(૧) નિઃસ્વાર્થ હિતચિંતા :-**

માતાઓ પુત્રનું ભલું તો ઇચ્છે છે પરંતુ એ આશાથી કે 'મોટો થાય ને મને સંભાળે. એની વહુ ઘરકામ ઉપાડી લે, તો મારે ઘડપણે નિરાંત.' આ માતા એવો પાઠ ભણાવે છે કે 'તું મોટાની સેવા કરતો રહે તો સુખી થઈશ.' આમાં પોતાના સ્વાર્થની કશી આશા રાખી નહિ. માટે તો એના મોટા તરીકે એના બાપથી આગળ વધીને ઠેઠ મોટા શ્રેણિક રાજાની સેવામાં રહેવા જાય ત્યાંસુધી મંજૂર કર્યું. આ બધે પોતાને શું મળવાનું ? કશું નહિ, એનો પગાર નહિ ? ના, પગારથી સેવા કરવા જાય તો એક તો એવી આવડત-હોશિયારી નથી, તેમ બીજું એ કે પગારથી રાખનાર જિંદગી સુધી રાખે કે ન ય રાખે; વળી પગારમાં શેઠની એટલી મમતા ય ન પામે, જેવી નિઃસ્વાર્થ સેવામાં પામે. સારાંશ, માતાએ માત્ર દીકરાનું સારું થાય એટલી જ આશા રાખી છે, પોતાની સેવા દીકરો કરે એવી આશા જ રાખી નથી. આવા નિઃસ્વાર્થ હિતચિંતક માતા-પિતા ઓછા.

**(૨) વ્યવહાર કુશળ :-**

બીજી વાત એ, કે માતાની કુશળતા કેવી ? માનવ સ્વભાવને એણે ઓળખી લીધો.

**મનુષ્યનો સ્વભાવ છે કે પોતાને બીજાની મફતિયા સેવા કરવાની ગમતી નથી, પરંતુ પોતાને મફતિયા સેવા લેવી ગમે છે.**

કહે છે ને કે 'નમે એ સૌને ગમે' સેવા નમેથી અધિક છે. બીજો સ્વભાવ આ ઓળખ્યો કે સેવા કરનાર પર મમતા થાય છે. જેના ઉપર મમતા થાય એની સંભાળ-ચિંતા-કાળજી રખાય એ સહજ છે. માતાએ આ જોઈને પુત્રને સેવામાં ચડાવી દીધો, એ એની કુશળતા છે.

**સામાનું ભલું કરવા કુશળતા જોઈએ**

બાપે પુત્રને ધર્મ પમાડવો છે, પરંતુ એને જો ધર્મી બાપ એમ ટોણાં મારે કે 'તારામાં કશું ઠેકાણું નથી, તારા દેવદર્શનમાં ભલીવાર નથી, તારામાં તપનું ઠેકાણું નથી, તારામાં સાચી ધર્મભાવના નથી...' આવું બધું કહે, અને વળી તે



દલીલથી સાબિત કરી બતાવે, તો એનાથી શું પુત્ર ધર્મ પામે ? શું ધર્મમાં આગળ વધે ? આમાં કહેનાર બાપની કુશળતા છે ? અહીં આચાર્ય પુણ્યનંદનસૂરિજી મહારાજમાં કુશળતા છે, એમને સભાને ધર્મ પમાડવો છે, માટે સભાને ધર્મને ઉત્સાહ જગાડવા આ કહી રહ્યા છે કે 'જુઓ લજ્જાથી ધર્મ કરે, ભયથી ધર્મ કરે, ભાવથી ધર્મ કરે એનું અમાપ ફળ છે.' શાસ્ત્રો અને ઈતિહાસમાંથી આના દાખલા પણ જડે છે,

**આજના માબાપોએ સંતાનમાં કુશળતાથી ધર્મ લાવવા જેવો છે.**

કુશળતા એ, કે એને બતાવાય કે 'ધર્મ કેવો તારણહાર છે ! ધર્મથી પૂર્વ કાળે કેવા કેવા સામાન્ય માણસો પણ ઊંચે આવી ગયા, મહાન બની ગયા, ને અલ્પ કાળમાં મોક્ષ પામી ગયા ! વગેરે બતાવાય. વળી વર્તમાનમાં ય એવા ધર્માત્માના દૃષ્ટાંત કહેવાય. વળી એને વધુ પ્રોત્સાહિત કરવા બતાવાય કે તું કેટલો મહાન પુણ્યશાળી છે કે

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૧,અંક-૪૮,તા.૨૭-૮-૧૯૮૩**

જનાવર અને અનાર્યો કરતાં તને અનેક મહાન સોનેરી તકો મળી છે ! (૧) આ વીતરાગ દેવ, (૨) આ જિનશાસન, (૩) આ ત્યાગી-સંયમી ગુરુઓ, (૪) આ આગમ શાસ્ત્રો, (૫) આ શત્રુંજયાદિ તીર્થો, (૬) આ ભરતેશ્વર બાહુબલિ વગેરે મહાન પુરુષોનો ઈતિહાસ, (૭) આ નવકાર મહામંત્ર, (૮) આવી આવી જીવદયાની ક્રિયાઓ, (૯) વ્રત-નિયમનો વિરતિ માર્ગ...આ અજોડ પ્રાપ્તિઓ થવાથી એની આરાધનાની સોનેરી તક તને મળી, તે આજે દુનિયામાં કેટલાને મળી છે ?

વળી તારી પાસે મન-વચન-કાયાની શક્તિઓ કેટલી બધી ઊંચી મળી છે ? અરે ! તને બુદ્ધિશક્તિ જે મળી છે, એ દેવતાને નથી મળી. દેવતાને એક નવકારશી તપ કરવાની બુદ્ધિ નથી થતી, બ્રહ્મચર્યની બુદ્ધિ નથી થતી, એક સામાયિકની બુદ્ધિ નથી થતી...વગેરે કહી ધર્મ-આરાધનાના અનેક અંગો બતાવાય, તો સંતાનોને કંઈક ધર્મ લઈને જીવનમાં ઉતારવાનું મન થાય, પણ આ ક્યારે બને ? કહો કહેનાર માબાપની કુશળતા હોય તો પુત્રો-પુત્રીઓને પમાડી શકે.

કુશળતા આ, કે મનુષ્ય-સ્વભાવ ઓળખો. મનુષ્ય-સ્વભાવ આ છે કે માણસને પ્રશંસા પ્રોત્સાહન ગમે છે, કોઈ એને ઉતારી પાડે એ ગમતું નથી. વહુની ભૂલ થઈ જાય, પણ સાસુ એમાં જો એને ઉતારી પાડે, તો વહુને નહિ ગમે. ઊલટું વહુના દિલમાં સાસુ પ્રત્યે સદ્ભાવ હશે તેને થોડી પણ ટક્કર લાગશે; સાસુ પ્રત્યે

વહુના મનમાં એક જાતનો વિરોધ ઊભો થશે. પરંતુ ત્યાં જો સાસુ એના બીજા ગુણોની પ્રશંસા કરી કહે 'ભૂલ થાય એમાં ગભરાઈશ નહિ, મારા હાથે ય કેટલીય ભૂલો થઈ છે, અને આપણું જીવન જ એવું છે કે ઠોકર ખાતાં ખાતાં આગળ વધવાનું છે'...તો વહુનો સાસુ પર સદ્ભાવ વધી જાય. મનુષ્ય-સ્વભાવ ઓળખવાની કુશળતા જોઈએ એટલે જ પેલી માતામાં એ કુશળતા કેવી સરસ કે એણે દીકરાને સેવાના માર્ગે ચડાવી દીધો !

**(૩) માતાની દૂરદર્શિતા :**

વળી એ માતાની દૂરદર્શિતા કેવી કે દીકરાને જિંદગી સુધી વાંધો ન આવે, એવો રાહ એને પકડાવ્યો. અહીં જ જોજો આગળ છોકરો ક્યાં સુધી વધી જાય છે ! કે ઠેઠ મહાવીર પ્રભુનો શિષ્ય બનવા સુધી પહોંચી જવાનો છે ! કારણ આ, કે માતાએ દૂરદર્શિતાથી પુત્રના દૂર ભવિષ્યના ભલા સુધી નજર પહોંચાડી.

**જીવન ઉત્તમ બનાવવું હોય, અને ઉત્તમ કાર્યો અને ઉત્તમ કીર્તિ જોઈતી હોય તો આ દૂરદર્શિતા ગુણ ખૂબ જરૂરી છે..**

પછી આપણી અક્કલ આપણી દૃષ્ટિએ કે દૂરદર્શિતાને ડગલે ને પગલે આગળ કરવી. ખાતાં હજી ભૂખ છે છતાં ઓછું કેમ ખાવું ? હોજરી પર બહુ દબાણ ન આવે, તો એ ઘડપણ સુધી સશક્ત રહે. ગળપણ બને તેટલું ઓછું કેમ ખાવું ? આ જ હેતુથી; કેમકે બહુ ગળપણથી હોજરીના પાચક રસો બગડે છે, પાચન મંદ પડે છે, અર્થાત્ હોજરીની તાકાત ઘટે છે, લાંબે ગાળે અપચનનો રોગ થાય. આ શું કર્યું ? દૂરદર્શિતા વાપરી. એમ બીજા સાથેના વ્યવહારમાં એના તરફથી અગવડ આવ્યે કેમ ખમી ખાવું ? અને પ્રસન્નતા બતાવવી ? તો કે એના દિલમાં આપણા માટે માન હોય તે ઘવાય નહિ. ત્યાં જો ઉકળાટ બતાવીએ તો સામાના દિલમાં આપણા પ્રત્યે માન ઓછું થાય. પછી એ બહાર આપણી હલકાઈ ગાય. અવસરે આપણા કહેવા પર વજન ન આપે. આજે કેટલાય બાપના ઉકળાટ પર છોકરાના હૈયા ઘવાઈ ગયા, તે પછીથી બાપનું સાંભળતા નથી. ત્યાં જો બાપે દૂરદર્શિતા વાપરી પહેલેથી જ સૌમ્ય સ્વભાવ રાખ્યો હોત, તો દીકરા દાસ થઈને રહેત.

અમારે તમને ધર્મ પમાડવો હોય, તેમ શિષ્યોને આરાધનામાં આગળ વધારવા હોય, તો અમારે પણ દૂરદર્શિતાતા ખૂબ વાપરવી પડે. ગુરુમહારાજ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે આ દૂરદર્શિતા વાપરીને કેટલાય મુનિઓને સંઘના શાસનના રત્ન બનાવી દીધા. ગુરુમહારાજની દૂરદર્શિતાનાં ફળ અલૌકિક છે.

પેલી માતા દૂરદર્શિતાથી પુત્રને કહે છે,

"જો ભાઈ ! તારે સુખે જિંદગી જીવવી હોય તો મોટાની સેવા કરતા



રહેવું. એનાથી તારે પોતાને તારી કશી ચિંતા કરવાની નહિ રહે. એ મોટા જ તારી સંભાળ રાખશે, તારે સંભાળવાની માત્ર મોટાની પૂરેપૂરી સેવા."

છોકરો ફણસાલ ભલો ભોળો હતો અને માતા પર શ્રદ્ધા હતી એટલે વાત સ્વીકારી લેતાં કહે છે કે 'મા ! ભલે ત્યારે હું આજથી જ મોટાની સેવા કરતો રહીશ.' બસ, ત્યારથી જ પોતાના બાપની સેવામાં ખડે પગે રહેવા લાગ્યો, કેમકે આ ઘરમાં બધા કરતા મોટા બાપા હતા.

હવે એક વાર એવું બન્યું કે બાપ કાંઈક કામના હિસાબે મુખી પાસે જાય છે. ત્યારે પુત્ર પણ મોટાની સેવામાં રહેવું. એ હિસાબે બાપની સાથે જાય છે. ત્યાં એણે જોયું કે બાપ મુખીને પ્રણામ કરે છે, તેથી એને લાગ્યું કે બાપા કરતાં આ મોટા છે. તેથી ઘરે આવી રજા માગે છે કે મારે મુખીની સેવામાં જવું છે. માબાપે ખુશીથી રજા આપી એટલે મુખી પાસે આવી કહે છે મને મારી માતાએ કહ્યું છે કે મોટાની સેવામાં રહેવું. તમે મારા બાપુજી કરતાં મોટા છો તેથી તમારી સેવામાં મારે રહેવું છે. મને ઘરેથી રજા છે" મુખીએ સારો છોકરો જાણી રાખી લીધો.

હવે એકવાર મુખી રાજ્યના રાજા પાસે જાય છે, ત્યારે આ છોકરો પણ સાથે જાય છે કેમકે સેવક બન્યો છે ને ? સેવા કરવા રહ્યો છે ને ? તો

**સેવ્યની સાથે જવામાં સેવ્યનો વિનય થાય, બહારમાં સેવ્યનું સારું દેખાય, સેવ્યનું ગૌરવ વધે, એ એમની સેવા છે.**

આજે નાનડિયાઓ વડીલની આ સેવા બજાવે છે ખરા ? બાપને ચાર ચાર દીકરા હોય, બાપને ક્યાંક જવાનું થાય તો એમની સાથે જવામાં એકાદ દીકરો પણ ખરો ? શિષ્યો ગુરુની આ સેવા બરાબર બજાવે ખરા ? મન પર જો ભાર હોય કે "વડીલનો હું સેવક છું. વડીલની સેવા એ મારું પહેલું કર્તવ્ય છે. સેવાને શાસ્ત્ર પૂજા કહે છે 'જયવીયરાય' સૂત્રમાં રોજ 'ગુરુજણપૂઆ' માગીએ છીએ એમાં આ સેવા જ માગીએ છીએ પરંતુ એમાં દિલમાં ગુરુજન પ્રત્યે પૂજ્યતાની બુદ્ધિ લાવવાની છે. 'આ મારા પૂજ્ય છે' એ ભાવ આવે તો સેવા થાય;" તો એમ સેવા બજાવતાં એ પૂજ્યને ગૌરવ આપનારો થાય, અને ગૌરવ આપવું હોય તો સહેજે એ બહાર જતા હોય તો એમની સાથે જવાનું સૂઝે.

સેવા એ પાયાનો ગુણ છે, પણ આશ્ચર્ય છે કે સ્કૂલ કોલેજોમાં આનો કોઈ પાઠ નથી ભણાવાતો ! છતાં દાવો રખાય છે કે અમે કેળવણી આપીએ છીએ. કેળવણી એટલે તો કેળવવું, સારું ઘડતર કરવું. વડીલો પ્રત્યે જો આ સેવા વિનય બજાવવાનું ન શીખવાનું હોય, તો ઘડતર શાનું ? કદાચ શાળા કોલેજ ન શીખવે તો માતાપિતાની ફરજ ખરી કે નહિ કે પરલોકમાંથી અહીં પોતાના આશ્રયે આવેલા

સંતાનને ગુરુજન પૂજા ખૂબ શિખવવાની ? ન શીખવે તો આશ્રયે આવેલાનો વિશ્વાસઘાત થાય કે નહિ ? વિશ્વાસઘાત એ, કે 'પશુ અનાર્યના અવતારોમાંથી છૂટી આ આર્ય માનવ-અવતાર આવ્યો છે, એ આવા રૂડાં ગુરુજન-પૂજા વગેરે ગુણને જનમથી આશ્રયદાતા જનકજનેતા શિખવાડશે,' એ વિશ્વાસે પુણ્યકર્મ એને અહીં લઈ આવેલ છે. હવે જો જનક-જનેતા એ ન શીખવે તો વિશ્વાસઘાત થયો કે નહિ ?

પેલો છોકરો ફણસાલ મુખી સાથે રાજા પાસે ગયો. ત્યાં જુએ છે કે મુખી રાજાને પ્રણામ કરે છે, એટલે સમજ્યો કે મુખી કરતાં રાજા મોટા લાગે છે.

મુખીને પૂછે છે, 'આ તમારાથી મોટા છે ?'

મુખી કહે છે 'હા, અવશ્ય મોટા.'

છોકરો કહે 'તો તમે મને રજા આપો, મારે મોટાની સેવા કરવાની છે. હું એમની સેવા કરવા રહી જાઉં.'

મુખીએ રજા આપી અને છોકરો, રાજાને વાત કરી એમની રજા લઈ, એમની સેવા કરવા રહી ગયો.

એમાં એકવાર એ નાનો રાજા મગધ સમ્રાટ શ્રેણિક રાજાને સલામી ભરવા ગયો, અને શ્રેણિકને એ પ્રણામ કરે છે. એ જોઈ છોકરાને લાગ્યું કે 'આ તો મારા રાજા કરતાં ય મોટા લાગે છે; કેમકે રાજા એમને નમે છે. તો મારે આમની જ સેવા કરવી જોઈએ,' એમ કરી પોતાના રાજાને વાત કરી એમની સંમતિ મેળવી, અને શ્રેણિક રાજા પાસે આવી આજ્ઞા માગીને એમની સેવા કરવા રહી જાય છે.

હવે જુઓ એ કેવો આગળ વધે છે ! બને છે એમ કે રાજા શ્રેણિકની રાજધાની રાજગૃહીના આંગણે ત્રિલોકનાથ ભગવાન શ્રીમહાવીર પરમાત્મા સપરિવાર પધાર્યા, અને રાજા શ્રેણિક પરિવાર સાથે પ્રભુને વંદન કરવા ગયા. ત્યાં રાજા પ્રભુને પ્રદક્ષિણા દઈને વંદન કરે છે. અહીં પણ છોકરાએ હિસાબ માંડ્યો કે 'આ તો વળી સમ્રાટ શ્રેણિક કરતાં ય મોટા લાગે છે, તો જ શ્રેણિક એમને નમસ્કાર કરે છે. તો પછી હવે તો મારે આ ભગવાનની જ સેવા કરવા રહી જવું જોઈએ,'

જુઓ ધર્મક્રિયા રૂપે ધર્મ નહિ, કિન્તુ માતાની **'મોટાની સેવા કરતા રહેવું'** એવી શિખામણથી કેટલો એ આગળ વધી રહ્યો છે ! મોટાની સેવા એ ગુણધર્મ ધર્મ છે. 'જયવીયરાય' સૂત્રમાંના ગુરુજન-પૂજાને લૌકિક ધર્મ તરીકે શ્રી લલિત વિસ્તરા શાસ્ત્રમાં ઓળખાવ્યો છે, 'લૌકિક' એટલે લોકમાં જનસામાન્યમાં માન્ય, જનસામાન્યમાં ય વડીલજનોની પૂજા, સેવાભક્તિ, એ કર્તવ્ય-ધર્મ તરીકે પ્રસિદ્ધ છે. પુત્ર ફણસાલને માતાએ એ ધર્મ પકડાવ્યો છે, અને ફણસાલ એમાં આગળ વધતાં ભગવાન સુધી આવી પહોંચ્યો છે. અહીં સુધી એનો ઉદ્દેશ એક જ છે કે



'મોટાની સેવા કરતા રહેવાનો માતાનો બોલ પાળવો.'

હવે આમાં એને મોક્ષની કોઈ ગમ નથી, 'મોક્ષ માટે ધર્મ બજાવું' એવો કોઈ જ વિચાર નથી, કોઈ ઉદ્દેશ નથી, વિચાર માત્ર એક જ છે કે 'મોટાની સેવા બજાવતા રહેવું, કેમકે માતાની શિખામણ છે.' તો અહીં એનો ઉદ્ધાર થાય કે નહિ ? ફક્ત તેમાં સેવા કરવાનો ભાવ છે. શા માટે ? 'બસ માતાએ કહ્યું છે તારે મોટાની સેવા કરતા રહેવું, જીવન શાંતિથી પસાર થશે.' આમાં કોઈ મોક્ષનો ઉદ્દેશ નથી. વર્તમાન જીવનમાં શાંતિનો ઉદ્દેશ છે, યા સેવાના જ ભાવ છે, ને એ માટે સેવાનું સૂત્ર પકડ્યું છે. પરંતુ એ જુઓ કે એ કેવું તારણહાર નીવડે છે ! છોકરો આગળ વધતાં વધતાં ઠેઠ મગધસમ્રાટ શ્રેણિક મહારાજાની સેવામાં આવી ગયો છે, ને હવે શ્રેણિકની સાથે મહાવીર શ્રીભગવાન પાસે આવી ઊભો છે ! શ્રેણિકને પ્રભુ આગળ નમતા જોઈ નક્કી કરે છે કે શ્રેણિક કરતાં ભગવાન મોટા છે. તેથી રાજાને કહે 'મારે ભગવાનની સેવામાં રહેવું છે. મને રજા આપો, ભગવાન તમારા કરતાં મોટા છે, ને મારે માતાના વચન મુજબ મોટાની સેવામાં રહેવાનું છે.'

શું ભગવાનના પરમ ભક્ત શ્રેણિક 'ના' પાડે ? તરત ખુશી બતાવી 'હા' કહે છે, એટલે

ફણસાલ ભગવાનને કહે, ''હું શ્રેણિક મહારાજાની સેવામાં હતો, આપ એમના કરતાં મોટા છો, તેથી એમની રજાથી મારે આપની સેવામાં રહેવું છે. આપની સેવા કરીશ, મને રજા આપો''

ફણસાલ અભણ છે, એને બિચારાને ખબર નથી કે ભગવાનની સેવા શી રીતે કરાતી હશે ? એ તો સમજે છે કે 'જેમ પૂર્વે બાપ, મુખી, રાજા અને શ્રેણિકની સેવા કરી, એમ ભગવાનની સેવા કરવાની;' પરંતુ અહીં એને ભગવાન કહે છે,

**પ્રભુની સેવા એટલે શું ? :-**

''જો દેવાનુપ્રિય ! મારી સેવા કરવી હોય તો સેવામાં રહેલા આ બધા મુનિઓની જેમ તારે સંસાર-ઘરવાસ ત્યાગ કરી સાવદ્ય વ્યાપાર એટલે કે હિંસા જૂઠ-ચોરી વગેરે સમસ્ત પાપોની પ્રવૃત્તિ જીવનભર માટે બંધ કરવાની પ્રતિજ્ઞા ઉચ્ચરવી પડે, સાધુપણું લેવું પડે, તો જ મારી સેવામાં આવી શકાય, તો જ મારી સેવા કરી શકાય. પછી જીવનભર આ મુનિપણું પાળવું પડે.''

ફણસાલ તરત કબૂલ કરી લઈ ત્યાંજ સંસાર ત્યાગ કરી મુનિપણું લઈ લે છે ! કેમ દીક્ષા લઈ લે છે ? ''આ જીવનમાં મોટાની સેવા કરવી, એ જ એક જીવન-સૂત્ર બનાવ્યું છે, અને અહીં ભગવાન કહે છે, મારી સેવા કરવી હોય તો આ રીતે સર્વ પાપ ત્યાગ કરીને જ થાય,' તો ભલે સંસારત્યાગ કરવાનો, અને

મુનિપણું કષ્ટમય હોય તો ય લઈ લેવાનું." આ જ એક તમન્ના છે. આમાં સંસાર ખરાબ છે માટે ચારિત્ર-ધર્મ લેવાનો અને પાળવાનો, એવું મનમાં નથી. સેવા કરવી છે માટે ચારિત્ર લેવું એ ભાવ છે. સેવાના આશયથી ચારિત્રધર્મ સાધવો છે.

શું આવી રીતે ધર્મ કરાય ? અને કરે તો લાભ થાય ? હા, અહીં જ્ઞાની આચાર્ય ભગવાન કહી રહ્યા છે કે 'લજ્જાથી, ભયથી ચડસાચડસીથી...વગેરે વગેરે તરેહ તરેહના આશયથી ધર્મ કરાય, અને તે અમાપ ફળના લાભ માટે થાય છે.' તો શું આવું કહેનાર આચાર્ય ભગવાનને અજ્ઞાની ઠરાવવા છે ? મૂઢ કહેવા છે ? એવું કહેતા નહિ, નહિતર ભવાંતરે જીભ નહિ મળે, જ્ઞાનીએ જોયું છે કે લજ્જા વગેરે આશયથી પણ ધર્મ કરનારા આગળ વધી રહ્યા છે, અહીં જ જુઓ ગામડાના આ છોકરા ફણસાલને માતાના વચનથી જીવનમાં મોટાની સેવા જ કરવાના ભાવ જાગી ગયા, તેથી એક માત્ર સેવાના ભાવથી મોટાની સેવા કરી રહ્યો છે. તો એના એ વ્યવસાયમાં ચારિત્ર-ધર્મ સુધી આગળ વધી ગયો ! ચારિત્ર લેતી વખતે ય મોક્ષનો આશય નથી, પણ સેવાનો ભાવ છે.

**આ સેવાના ભાવથી કરાતા સેવાધર્મને, મોક્ષનો આશય નથી માટે પાપરૂપ અને ભવ-વર્ધક ન કહેવાય.**

ભાવથી ધર્મ કરે એને એનું અમાપ ફળ અહીં દેખાય છે.

આગળ આચાર્ય મહારાજ ફરમાવે છે,

**(૧૬) કુલાચારથી ધર્મ કરે, એને એનું અમાપ ફળ.**

ધર્મ કરવા પાછળ બીજો કોઈ મોટો ઉદ્દેશ ન હોય કિન્તુ 'આ ધર્મ અમારા કુળના બીજા આચારની જેમ એક આચાર છે, માટે કરવાનો,' એમ સમજીને દેવદર્શનાદિ ધર્મ કરે, એને એનું અમાપ ફળ છે. તો શું એને મોક્ષનો આશય નથી એટલા માટે એ અધર્મ કરે છે,' એમ કહેવાય ?

પ્રભાવક આચાર્ય આર્યરક્ષિતસૂરિજી મહારાજ સુધી 'પાળે એનો ધર્મ' એમ જૈનધર્મનું લોકમાં પાલન ચાલ્યું આવતું હતું, એટલે એક જ કુટુંબમાં કોઈ જૈન ધર્મ પાળતું, તો કોઈ બ્રાહ્મણ ધર્મ. આર્યરક્ષિતસૂરિજી મહારાજના પોતાના જ સાંસારિક અવસ્થાના કુટુંબમાં એવું હતું. માતા જૈન હતી, અને બાપા બ્રાહ્મણ હતા.

પરંતુ પછીથી આચાર્ય મહારાજોએ જોયું કે 'આમ હવે પડતા કાળમાં જૈન ધર્મ નહિ ટકે; કેમકે એમાં તો દિલમાં ભાવ હોય તો ધર્મ કરો, ભાવ ન હોય, ભાવ પડી ગયા હોય અને ધર્મ ન કરો, ધર્મ છોડી દો, તો માથે કોઈ બંધન નથી કે ભલે ભાવ ન થતો હોય તો ય ધર્મ કરો; અને એમ તો જીવો વિષયો તરફ ખેંચાયેલા છે, યા સહેલા સહેલા અને વિષયસુખ-પુષ્ટિ કરનારા મિથ્યા ધર્મમાં



ખેંચાઈ જવાનું પડતા કાળમાં સહેજે બને. એમ લોકોમાં જૈન ધર્મ પળાતો ઓછો થઈ જાય ! તો જૈનશાસન ટકે નહિ એટલે આચાર્યોએ જૈનકુળ બાંધ્યા, જૈન ધર્મ પાળનારાઓનું સંગઠન કર્યું, રોટી-બેટી-વ્યવહાર એમાં જ. વળી આ સંગઠિત જૈનકુળોમાં દેવદર્શન-પૂજા-સાધુભક્તિ-જીવદયા વગેરે આચાર નક્કી થયા.

આચાર્યોએ જોયું કે જૈનકુળના ચોકઠામાં ગોઠવાઈ ગયેલા જીવો,

**કુળાચારથી પણ દેવદર્શનાદિ ધર્મ કરતા રહેશે, તો જ જૈનકુળોમાં જૈનધર્મની પરંપરા ટકશે.**

જૈનધર્મની ક્રિયાઓ અને આચારો ચાલુ હશે, તો જ જૈનધર્મ ટકવાનો. અને ત્યારથી ચાલી આવતા જૈનકુળોમાં શું બધા ય માણસો ધર્મ-આચારો પાળતા તે બધા જ મોક્ષના આશયથી ધર્મ પાળતા ? ના, પણ કહો,

**ભલે સૌને મોક્ષનો આશય નથી છતાં કુળાચારથી પણ આજસુધી આ ક્રિયાઓ-આચારો કરતા આવ્યા છે, તો જ આજે જૈનધર્મનું અસ્તિત્વ જોવા મળે છે.**

હવે અહીં જો એમ કહેવા જઈએ કે "તું માત્ર કુળાચારથી જ ધર્મ કરે છે ? તને મોક્ષનો આશય નથી ? જા, તારા ભાવ મેલા છે. મોક્ષના આશય વિનાનો તારો ધર્મ એ અધર્મ છે, અને એથી તું ધર્મ કરીને ય સંસાર વધારી રહ્યો છે," તો એમ કહેવું કેટલું વાજબી છે ? જેને મોક્ષનો આશય નથી અને માત્ર કુલાચારથી ધર્મ કરતા આવ્યા છે એમને બાદ કરવાના હોય, ભડકાવવાના હોય કે 'મોક્ષના આશય વિના તમે ધર્મ કરીને દુર્ગતિનાં પાપ બાંધી રહ્યા છો,' અને એમ ભડકેલા કદાચ, કુળાચારથી ધર્મ કરતા હોય, તે ય છોડી દે, તો શુદ્ધ મોક્ષના આશયથી ધર્મક્રિયા ધર્મઆચાર પાળનારા કેટલા દેખાશે ?

**શું પૂર્વે એવી બાદબાકીઓ થઈ હોત અને એમ ધર્મના આચાર પાળવાના બંધ થઈ ગયા હોત, તો આજે જૈનધર્મનું અસ્તિત્વ જોવા મળત ?**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૧,તા.૩-૯-૧૯૮૩**

**लज्जातो भयतो वितर्कविधितो मात्सर्यतः स्नेहतो,**
**लोभादेव हठाभिमानविषयाच्छृंऽगार-कीर्त्यादितः ।**
**दुःखात् कौतुक-विस्मय-व्यवहृतेर्भावात्कुलाचारतो**
**वैराग्याच्च भजन्ति धर्ममलं तेषाममेयं फलम् ॥**

અર્થાત્ (જે લોકો) લજ્જાથી, ભયથી, સ્વકલ્પિત વિધિથી, ઈર્ષ્યાથી, સ્નેહથી,

લોભથી, હઠના વિષયથી, અભિમાનના વિષયથી, વિલાસ-કીર્તિ આદિના કારણે, દુઃખથી, કૌતુકથી, વિસ્મયથી, વ્યવહારથી, ભાવથી, કુળાચારથી, અને વૈરાગ્યથી નિર્મળ ધર્મને ભજે છે, તેઓને અમાપ ફળ મળે છે.

આશય-શુદ્ધિની વાત પછી, પરંતુ જ્યાં હવે ધર્મક્રિયા અને ધર્મના આચારો પાળનારા જ બહુ અલ્પ થઈ ગયા છે, અને જે બહુ જ થોડા જણ થોડી પણ દેવદર્શન-પૂજાની ધર્મક્રિયા કરે છે, રાત્રિ-ભોજન ત્યાગ વગેરે શ્રાવકના આચાર પાળે છે, એમાંય કેટલાકને કુલાચાર વગેરે આશય હોય છે, ત્યાં 'શુદ્ધ ભાવ, શુદ્ધ આશય વિના બીજા કોઈપણ આશયથી ધર્મ કરે તો એના ભાવ મેલા હોવાથી એ ધર્મ પણ દુર્ગતિના પાપ બંધાવે,' એવું જો આપણે કહેવા જઈએ તો શું જૈનધર્મ ટકે, કે જૈન ધર્મનો હ્રાસ થાય ? અહીં જ્ઞાની જે કહે છે, કે 'લજ્જાથી, ભયથી, સ્નેહથી, દુઃખથી, વગેરેથી પણ ધર્મ કરે, એને એનું અમાપ ફળ,' એ કહીને ધર્મ-ક્રિયા, ધર્મ-આચાર, ધર્મ-પ્રવૃત્તિના મહિમાનું ડિંડિમ પીટે છે. એ સમજે છે કે,

**જીવને એકવાર ધર્મપ્રવૃત્તિ કરતો થવા દો, તો પછીથી એમાં શુદ્ધ ભાવ આવશે; એકલી પાપપ્રવૃત્તિમાં રચ્યાપચ્યાને નહિ.**

તો બોલો આ રીતે જૈન પ્રજામાં, ધર્મ-ક્રિયાઓ, ધર્મ-આચારો, ધર્મ-પ્રવૃત્તિઓ જ્યારે ઓછી થઈ ગઈ છે ત્યારે, એને જીવંત કરે પ્રચારે-પ્રસારે, તો જૈનધર્મ ટકે ? કે શુદ્ધ ભાવને મુખ્ય કરી એ વિનાની ધર્મક્રિયાને ઉતારી પાડે, તો ધર્મ ટકે ? આ બેમાંથી કઈ રીતે જૈન ધર્મને ટકાવવાનું થાય ? અને કઈ રીતે જૈન ધર્મનો હ્રાસ કરવાનું થાય ? એ વિચારવા જેવું છે.

**કાનજીમત કેમ ખોટો ?**

વાત તો જૈન શાસ્ત્રોમાં કહેલા નિશ્ચયનયની વાત કરે છે પછી કેમ એ અધર્મ ? કહો, એટલા જ માટે કે એવી એકાંત નિશ્ચયનયની વાતો કરતાં કરતાં બાહ્યક્રિયા-માર્ગને, વ્યવહાર-માર્ગને તદ્દન અધર્મ ઠરાવે છે ! ને એમ કરીને જૈનધર્મનો હ્રાસ કરે છે, તેથી એ મત ખોટો છે, મિથ્યામાર્ગ છે. એને ખબર નથી કે ત્રિભુવનગુરુ ભગવાન શ્રીમહાવીરદેવે જિનશાસન સ્થાપ્યું એ આજસુધી જે ચાલ્યું આવે છે, તે શ્રી જૈન સંઘમાં જોરશોરથી બાહ્ય ક્રિયામાર્ગ અને ધર્મવ્યવહાર-માર્ગ ચાલુ રહ્યો છે તો જ.

**બનાવટી નિશ્ચયમતવાળાના ઘરમાં શું ચાલે છે ? :-**

અરે ! આઘે કયાં જવું છે ? બનાવટી નિશ્ચયમતનો માર્ગ જ જુઓ કેવી રીતે ચાલે છે ? પહેલું તો પોતાને જ પોતાનો કુમત ચલાવવા સોનગઢમાં આશ્રમ સ્થાપવાની ક્રિયા કરવી પડી ? પછી એને નભાવવા મીઠાં ભોજનનું રસોડું ચલાવવાની



ક્રિયા કરવી પડી ! આલીશાન પ્રવચન હોલ બાંધવાની ક્રિયા કરવી પડી ! પોતાને રોજ પ્રવચન આપવાની ક્રિયા કરતા રહેવું પડ્યું ! ચોપાનિયું માસિક અને કુમતના પુસ્તકો છપાવવા-પ્રચારવાની ક્રિયા કરવી પડી ! કેસેટો ઉતારી એને પ્રચારવાની ક્રિયા કરવી પડી ! ગામેગામ સ્વાધ્યાય-મંદિરો અને જિનમંદિર બંધાવવાની ક્રિયા કરવી પડી ! આ બધી ક્રિયાઓમાં કયાં નિશ્ચય મોક્ષમાર્ગ આવ્યો ? નિશ્ચય મોક્ષમાર્ગ તો આત્માની વસ્તુ છે, જડની વસ્તુ નહિ. તો આ બધી ક્રિયાઓ કરવી કરાવવી અને 'નિશ્ચય વિના ધર્મ નહિ' એમ મુલ્લાં બાંગ પોકારવી એ ઢોંગધતુરો નથી ?

વાત આ છે, કે અંતરમાં ધર્મરૂપે ધર્મ કરવાના ભાવ ન હોય, છતાં કુલાચાર પાળવાના આશયથી ધર્મ-પ્રવૃત્તિ કરે, એને પણ એથી અમાપ ફળ મળે છે. અરે ! કુળાચારથી ધર્મ પાળવા રૂપે ધર્મ કરવો એવો આશય પણ કદાચ ન હોય, ધર્મરૂપે ધર્મ કરવાની કોઈ જ ઈચ્છા ન હોય, કિન્તુ કુળાચારમાં સહજરૂપે બીજી પ્રવૃત્તિની જેમ ધર્મક્રિયા થઈ જતી હોય, તો ય તે અમાપ ફળ દેનારી બને છે. દા.ત. ઘરમાં બીજા બહાર ગયા છે, આજનો જુવાનિયો ઘરમાં બેઠો છે, ને સાધુ વહોરવા આવ્યા, હવે જુવાનિયાના વિચારો જડવાદી બની જવાથી એને 'સુપાત્રદાનનો લાભ લઉં,'- એવી કોઈ લેશ્યા નથી. ધર્મ તરીકે દાનધર્મના કુલાચાર પાળું એવી ય રુચિ નથી, પરંતુ 'આપણા ઘરમાં સાધુને દેવાય છે, ને અત્યારે સાધુ આવેલા છે, તો એમને ખાલી પાછા કાઢવા ઠીક નહિ, ઘરમાં મેમાન આવે તો એમને ચા-પાણી પવાય છે એમ સાધુને દઈ દઉં' એમ કરી સાધુને વહોરાવી દે, આમાં 'કુળાચારથી સુપાત્ર દાનનો ધર્મ કરું' એવી કોઈ વૃત્તિ નથી, છતાં એ પણ એનો ધર્મ લાભ માટે થાય છે. જુઓ,-

**જુગારીને વિના ઈરાદે પણ દેવદર્શનથી લાભ :-**

શ્રાવક શેઠનો છોકરો છે, જુગારી થઈ ગયો છે, બાપે ઘણી શિખામણ આપવા છતાં સુધર્યો નહિ, તેથી બાપને ઘણું દુઃખ છે કે આનું શું થશે ? બાપે વિચાર્યું કે,-

'મારી હયાતી છે છતાં આ છોકરો જુગારની લત મૂકતો નથી અને દેવદર્શનાદિ કશો ધર્મ કરતો નથી, તો મારા મર્યા પછી તો જુગાર છોડે જ શાનો ? અને કશો ય ધર્મ શાનો કરે ?' વળી હવે મારી ઉંમર થઈ ગઈ છે, આયુષ્ય હવે કયારે પૂરું થઈ જાય એનું કાંઈ કહેવાય નહિ, પણ મરતા પહેલાં એવું કાંક કરું કે આને કમમાં કમ અનિચ્છાએ પણ વીતરાગ પરમાત્માનાં દર્શન થયે જાય. ભલે આ ભાવ-દર્શન નહિ, પણ દ્રવ્ય-દર્શન થાય, છતાં એના ય સંસ્કાર ભવાંતરે એને ઉપયોગી થશે, અને અહીં પણ કદાચ કયારેક દ્રવ્ય-દર્શનમાંથી સ્વેચ્છાએ ભાવ-

દર્શનમાં જાય.'

**બાપે શું જોયું ? આ જ કે 'ભાવ વિના પણ દ્રવ્યક્રિયા કરવાથી છોકરાને લાભ થશે.'**

**દ્રવ્યક્રિયા માટે શેઠની યુક્તિ :-**

આમ વિચારી શેઠે ડેલીનું બારણું નીચું કરાવી દીધું; અને બારણાની સામેની દિવાલ પર ઊંચે ભગવાનની પ્રતિમા કોતરાવી દીધી ! જેથી હવે નીચા બારણામાં માથું નમાવીને પેસવું પડે, અને પેઠા પછી તરત કુદરતે માથું ઊંચું થઈ જાય, ત્યાં સામે દિવાલ પર ભગવાનની આકૃતિ દેખાઈ જાય. આમ અનિચ્છાએ પણ દહાડામાં ૫-૭ વાર આને ભગવાનની આકૃતિ દેખાતી રહેશે.' બાપે કેવીક યુક્તિ કરી ? હવે છોકરાને ડેલીના બારણામાં પેસે ત્યારે ત્યારે, વગર ઈચ્છાએ પણ જિન-મૂર્તિ દેખાઈ જાય છે !

છોકરે પૂછ્યું હશે, 'કેમ બારણું નીચું કરાવી નાખ્યું ?'

બાપ કહે 'ડેલીની અંદર મોટા ઢોર પેસી ન જાય.'

છોકરો કહે 'પણ ઊંચે પેલી ભગવાનની આકૃતિ કેમ કરાવી ?'

બાપ કહે 'એ મંગળમૂર્તિ છે, આપણું કલ્યાણ થાય.'

**પુત્ર આર્તધ્યાનમાં મરી માછલો :-**

બસ, પછીથી બાપ મરી ગયો, છોકરાના હાથમાં મિલકત આવી, તો હવે દહાડામાં લગભગ દસ બાર વાર બહારથી આવી ડેલીમાં પેસવાનું થાય છે, અને અંદર સામે ઊંચે પેલી ભગવાનની કોતરેલી આકૃતિ દેખાઈ જાય છે ! પરંતુ એણે હવે ઘરમાં જ જુગારનો અડ્ડો જમાવ્યો છે, તે અંતે બધું ફના-ફાતિયા થઈ ગયું, અને આર્તધ્યાનમાં એ મરીને મોટા સ્વયંભુ સમુદ્રમાં માછલા તરીકે જન્મ્યો !

બોલો, શ્રાવકનો દીકરો અને માછલો ! હા, શ્રાવકના આચાર મૂકી પાપમાં પડ્યાનું એ ફળ છે, હવે કહો, એને પેલાં દર્શનથી કશો લાભ ? શું એમાં કહી શકાય કે હૈયામાં મેલા ભાવ પડ્યા છે ને દર્શન કર્યા માટે એ દર્શન દુર્ગતિદાયી ? ના, દુર્ગતિ તો આડા ધંધા અને ખુવારીના આર્તધ્યાન પર થઈ છે.

**પ્ર.**- તો હવે શું પેલા દર્શન એળે ગયાં ?

**ઉ.**- ના, દર્શનના સંસ્કાર પડેલા, તે હવે કામ કરવાના છે.

**સમુદ્રમાં પ્રતિમાકારે મત્સ્ય :-**

બન્યું એવું કે અસંખ્ય જોજનના એવડા મોટા સમુદ્રમાં અગણિત આકારના મત્સ્ય, તે એકવાર એને જિનપ્રતિમાના આકારનો માછલો દેખાઈ ગયો ! વિચિત્ર આકૃતિ જોતાં આ માછલો વિચારમાં પડી ગયો, એને પેલા દર્શનના બહુ સંસ્કારને



લીધે એમ લાગવા માંડ્યું કે 'મેં આ ક્યાંય જોયું છે ! ક્યાં જોયું ? ક્યાં જોયું ?' એમ ઊહાપોહ કરતાં એને જાતિસ્મરણ જ્ઞાન થયું ! પૂર્વભવ યાદ આવી ગયો ! એ સ્તબ્ધ થઈ ગયો કે

'આ શું ? ઊંચા મનુષ્યભવમાંથી હું હલકા માછલાના અવતારમાં ?' એને ભારે અફસોસી થાય છે કે

**માછલાને પશ્ચાત્તાપ :-**

''આ મેં શું કર્યું ? જૈન કુળમાં અવતાર હતો, શ્રાવક માબાપથી ધર્મ-શિક્ષણ પામેલો, અને ધર્મનું આચરણ પણ કરતો હતો. એમાં ક્યાં હું હીનભાગી ખરાબ મિત્રોના સંગે ચડી જુગારમાં ફસાયો ? ધર્મ ભૂલ્યો ? કુમિત્ર ન કર્યા હોત, અને જુગાર ન ખેલ્યા હોત, તથા ધર્મ કરતો રહ્યો હોત, તો ત્યાં પણ ક્યાં હું દુઃખી થઈ જવાનો હતો ? ઊલટું જુગારના વ્યસનમાં જ રૂપિયા ગુમાવી દુઃખી થયો.''

''જુગારના બદલે એ રૂપિયાથી મહાન સુકૃતો કર્યા હોત, તો કેવાં મહાન પુણ્ય બંધાત ? તેમજ એ સુકૃતોની વારે વારે અનુમોદનાથી કેટકેટલો સંતોષ રહેત કે 'હાશ ! રૂપિયા મારા લેખે લાગ્યા ! નહિતર એ રૂપિયા હિંસામય આરંભ-સમારંભો અને વિષય-વિલાસમાં બરબાદ થાત ! પરંતુ મને મૂર્ખાને આ કશું સૂઝ્યું નહિ, અંતે અસમાધિ-મરણ પામ્યો, ને અહીં દુર્ગતિમાં પટકાયો ! હવે રાંડ્યા પછીના ડહાપણને શું કરવાનું ?''... આ માછલાને સળગતા પશ્ચાત્તાપમાં આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યા. આગળ એ વિચારે છે,-

''આમ છતાં ભલું થજો મારા પિતાનું કે એમણે ડેલીનું બારણું નીચું કરાવી સામે દિવાલ પર ઊંચે જિનમૂર્તિ જિનેશ્વર-ભગવાનની આકૃતિ કોતરાવી ! છેવટે અનિચ્છાએ પણ મારે એનાં વારંવારનાં દર્શનથી મારા આત્મામાં ખુબ સંસ્કારો પડ્યા ! જેના લીધે અહીં એવી આકૃતિનો માછલો જોતાં મને પૂર્વ જન્મ યાદ આવ્યો ! બાપનો કેટલો બધો ઉપકાર ! તમે અનિચ્છાએ પણ કરેલ પ્રભુ-દર્શનની એ દ્રવ્યક્રિયાનો કેટલો બધો ઉપકાર !''

**માછલો કેમ બચે છે ? :-** એ વિચારે છે, ''ખેર ! તો હવે ફિકર નહિ 'જાગ્યા ત્યારથી સવાર' 'ભૂલ્યા ત્યાંથી પાછા વાળો.' દેવદર્શનાદિ બીજો ધર્મ તો અહીં ન કરી શકું, પરંતુ હિંસા-જૂઠ વગેરે બધા પાપોનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ અને જીવનભરનું અનશન કરી શકું છું. પછી ભલે બીજા માછલા મારી પ્રત્યે સંઘર્ષમાં આવે, મને ખાવા ય લાગે, છતાં હું હિંસા નહિ કરું, તો મારે મરવાનું આવશે એટલું જ ને ? ફિકર નહિ, મોતની આ જીવને કોઈ નવાઈ નથી, પરંતુ''

**અહિંસા અને વ્રતપાલનમાં મોત આવે એ મારે ધન્ય ઘડી ! એ મોત**

**પરલોક સુધારનારું બની જશે.**

"વળી અનશનમાં મોત એ પણ એક અતિ મહાન સુકૃત થશે. માનવભવે પૂર્વે ચૂક્યો, તે અહીં તિર્યંચના અવતારે સુધારી લઉં."

આપણી સ્થિતિ કઈ છે ? પૂર્વે જનાવરના અવતારે ચૂકેલા, કશું સારું કર્યું નહિ, છતાં અહીં મનુષ્ય અવતારે સુધારી લેવું છે ? પ્રશ્ન થાય,

**પ્ર.**- પૂર્વે સારું નહિ કરેલું તો અહીં માનવ-જન્મ શી રીતે મળ્યો ?

ઉ.- અકામ નિર્જરાથી પણ માનવજન્મ મળે, પૂર્વે સારું કરીને આવ્યા હોઈએ તો તો અહીં એનાં સંસ્કારથી વાતવાતમાં દાન, દયા, વ્રત-નિયમ, ક્ષમાદિ સૂઝે. પરંતુ વાતવાતમાં આહારાદિ સંજ્ઞાઓ વિષયવાસનાઓ અને ક્રોધ-માનાદિ કષાયો સૂઝે છે, એ પૂર્વે સારું નહિ કર્યાનું ફળ છે. તો

**અંધારે ચૂકેલા અજવાળે સુધારી લેવું છે, આ વિચારો ચાલુ રહે તો જ્વલંત ધર્મ-ઉદ્યમ થાય.**

બસ, પેલા માછલાએ માનવ અવતારે બગાડેલું તે હવે તિર્યંચ અવતારે સુધારી લેવા નક્કી કર્યું, અને તેથી જીવે ત્યાં સુધી સર્વ પાપ ત્યાગ અને અનશન કરી લીધા. એ પાળીને દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો !

અહીં વિચારવાનું છે કે

**માછલાના આટલા ઉદયના મૂળમાં શું ?**

મનુષ્ય અવતારે વારંવાર જિનેન્દ્ર ભગવાનના દર્શન થયા કર્યા હતા એ જ ને ? શું આ જિનાકૃતિ દર્શન-દેવદર્શન શુદ્ધ આશયથી કરેલા ? ના, તો શું શુદ્ધ ઉદ્દેશ સિવાય જિનદર્શન કરાય તે આત્માનું કલ્યાણ કરે ? જુગારીપણામાં એને શું સારા ભાવ જાગેલા ? ના. સારા ભાવ જાગ્યા વિના ધર્મ કરાય એથી કલ્યાણ થાય ? અહીં જુગારી છોકરાએ તો કુળાચાર સમજીને પણ ધર્મ નથી કર્યો, માત્ર અનિચ્છાએ દહાડામાં ૫-૧૦ જિનમૂર્તિ દેખાઈ જતી એટલું જ.

**છતાં એ દેખવામાં હતું શું ? પત્ની-દર્શન નહિ, પરમાત્માનું દર્શન. તો જ પરલોકે એના સંસ્કાર લાભકારી થયા.**

સાંસારિક પ્રવૃત્તિઓ અને ધાર્મિક પ્રવૃત્તિઓ વચ્ચે અંતર દેખાય છે ? પેલા જુગારી છોકરાને તો પરમાત્મ-દર્શનની કશી ઇચ્છા નહિ, એ તો પરમાત્મમૂર્તિ એવી રીતે ગોઠવાઈ ગયેલી કે વારંવાર ઘરમાં પેસતાં એ અનિચ્છાએ પણ દેખાઈ જતી, ત્યારે આજે સ્વેચ્છાથી મંદિરે જઈને દર્શન કરવા જનારા છે, એમને પૂછો દિવસમાં કેટલીવાર દર્શન કરો ? તો કહેશે 'એકવાર'. એમને સવારે દર્શન કર્યા પછી સાંજે દર્શન કરવાની ઇચ્છા નથી ! શ્રાવકે ત્રિકાળ દેવદર્શનભક્તિ કરવાની



છે, તો 'એકવારમાં પતાવી સંતોષ માનવો છે કે 'અમે દેવદર્શન કરીએ છીએ' એ ય માત્ર દર્શન ! બાકી ઘણાઓને જિનપૂજાની ઇચ્છા જ નથી થતી. આવાઓને સાયંકાલીન દેવદર્શન અને સવારે જિનપૂજામાં જોડવા હોય તો શી રીતે જોડવા ? શું વારંવાર એને એમ કહ્યા કરીએ કે હૈયાના ભાવ ચોક્ખા કર્યા વિના કરેલો ધર્મ સંસાર-ભ્રમણ વધારનારો થાય. મેલા ભાવે દર્શન કરો, એ ધર્મ નહિ, અધર્મ છે, એથી કલ્યાણ ન થાય,'... આવું કહેવાથી એને સાંજે પણ દર્શન કરવાની તત્પરતા થાય ? જિનપૂજા ન કરતો હોય એને એ કરવાનો ઉત્સાહ જાગે ?'

જો જો અહીં પુણ્યનંદન આચાર્ય મહારાજ ધર્મનો મહિના ગાવા માટે આ શુદ્ધ-અશુદ્ધ ભાવને મહત્ત્વ આપ્યા વિના ફરમાવે છે કે 'લજ્જાથી, ભયથી, કુળાચારથી,... પણ ધર્મ કરે એને અમાપ ફળ મળે છે.' આ મહિમા ગાઈને એમણે શું કરવું છે ? જન સમાજમાં ધર્મ-પ્રવૃત્તિ આવે, ને ધર્મ-પ્રવૃત્તિ વધે, એવું કરવું છે, કેમકે એ જુએ છે કે

**ભગવાને ધર્મશાસન સ્થાપ્યું, તે પછીથી જનસમાજમાં એ ધર્મશાસને કહેલી ધર્મપ્રવૃત્તિઓ ખુબ ચાલુ રહી, તેથી ધર્મશાસન આજસુધી ચાલ્યું આવ્યું છે...**

માટે આચાર્ય મહારાજ ધર્મનો મહિમા ગાય છે કે 'લજ્જાથી ધર્મ કરે, ભયથી ધર્મ કરે, ચડસા ચડસીથી ધર્મ કરે... ભાવથી ધર્મ કરે, કુળાચારથી ધર્મ કરે, એને એનું અમાપ ફળ મળે છે.' એ મહિમા ગાઈને લોકમાં જે ધર્મપ્રવૃત્તિની ઉપેક્ષા અગર આળસ દેખાય છે, તે દૂર કરી લોકોને ધર્મ ખૂબ કરતા કરવાનો આશય છે. એ માટે અનેક કારણો બતાવ્યા. પછી હવે છેલ્લે કહે છે,-

કુળાચારથી ધર્મ કરે એનું અમાપ ફળ એમ કહેવામાં શાસ્ત્રકાર એ સૂચવી રહ્યા છે કે "જગતના ભવ્ય જીવો ધર્મપ્રવૃત્તિથી સાવ વંચિત રહી નરદમ પાપપ્રવૃત્તિમાં ડૂબ્યા રહે, અને એથી પાપ આશયો જ પોષ્યા કરે એના કરતાં એમને ભલે હજી મોક્ષનો આશય કે બીજો પવિત્ર આશય નથી જાગ્યો છતાં કુળાચારના બંધનથી પણ ધર્મપ્રવૃત્તિમાં આવવા દો, તો એથી ય એ પાપમાંથી કંઈક ઊંચા આવશે, એમ સદ્ગુરુ સમાગમ સાધતાં સાધતાં અને જિનવાણી સાંભળતાં સાંભળતાં આત્મદૃષ્ટિ જાગશે સંસાર પર વૈરાગ્ય થશે મોક્ષની અભિલાષા જાગશે વગેરે સાચું પરિણામ આવશે."

જ્ઞાનીઓનો આ અભિપ્રાય આપણને આચાર્યોએ જૈનકુળો બાંધ્યાના ઐતિહાસિક પ્રસંગમાંથી પણ જોવા મળે છે. જૈનકુળો આચાર્યોએ કેમ સ્થાપ્યા ? પહેલાં તો પાળે એનો ધર્મ હતો બ્રાહ્મણ કન્યા શ્રાવકને મળતી, તો શ્રાવક કન્યા બ્રાહ્મણને પરણાવવામાં આવતી. આર્યરક્ષિતસૂરિજીના માતા શ્રાવિકા હતા અને પિતા બ્રાહ્મણ

હતા. પરંતુ પછીથી આચાર્યોએ જોયું કે આમ તો હવે પડતા કાળમાં જૈનધર્મ નહિ ટકે, કેમકે પોતાના હૃદયની ઉર્મિથી અને મોક્ષમાત્રના આશયથી ધર્મ કરનારા કેટલા ? એના બદલે જો જૈનકુળો સ્થાપી રોટી-બેટી વ્યવહાર આ કુળોમાં જ હોય, તો આ જૈનકુળોના તો ધાર્મિક રિવાજ નક્કી થઈ ગયેલા રહેવાના તેથી આ કુળોમાં જન્મ પામનારા સહેજે કુળાચારથી જૈનધર્મની જ પ્રવૃત્તિ કરવાના. જૈન આચારોનું અવશ્ય પાલન કરવાના.

**“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ”  વર્ષ-૩૨,અંક-૨,તા.૧૦-૯-૧૯૮૩**

એમ કુળાચારથી પણ જૈન ધર્મના આચારોની પરંપરા ચાલુ રહેશે તો જૈનધર્મ પણ ટકશે અને આ આચાર પાળનારાઓ મોકો મળતાં આત્મા કર્મ ધર્મ મોક્ષ વગેરે સમજતા થશે.

આ પરથી નક્કી થાય છે કે જૈનકુળો બાંધવામાં આચાર્યોનો અભિપ્રાય આ જ હતો કે ભલે મોક્ષના આશયથી નહિ પણ કુળાચારથી ય ધર્મ કરતા રહેશે તો ય તે પોતાના માટે ભાવી ઉદયનો સંભવ અને શાસનની પરંપરા ટકવાના મહાલાભ માટે છે. હવે અહીં જો આગ્રહ રાખવામાં આવે કે મોક્ષ સિવાય બીજા કોઈ આશયથી ધર્મ થઈ શકે જ નહિ, ધર્મ કરે તો એ અધર્મ છે, એનાથી દુર્ગતિ થાય ભવભ્રમણ વધે,”- આવો એકાંતવાદ સેવાય તો આ જૈનકુળ સ્થાપનાર આચાર્યોને કેવા ગણવા ? શાસ્ત્રાનુસારી ? કે શાસ્ત્ર વિરોધી ? એ આચાર્યોએ સ્થપાવેલા જૈનકુળોમાં મોક્ષની કોઈ સમજણ વિના માત્ર કુળાચારથી ધર્મ કરનારાઓને કેવા ગણવા ? અધર્મ કરનારા ? દુર્ગતિગામી ? અને ભવના ફેરા વધારનારા ગણવા ? કેમકે એમણે મોક્ષના આશય વિના બીજા લૌકિક કુળાચારની જેમ માત્ર આ ધાર્મિક કુળાચાર પાળવાના આશયથી જ ધર્મ કરેલો. સારાંશ કુળાચારથી પણ ધર્મ કરે એનું એને અમાપ ફળ મળે.

### (૧૭) વૈરાગ્યથી ધર્મ કરે એને એનું અમાપ ફળ

વૈરાગ્યથી ધર્મ કરે, એમાં ‘વૈરાગ્ય’ એટલે સંસાર અને સંસારના વિષયો તથા લાડી-વાડી-ગાડી, કીર્તિ-કંચન-કામિની વગેરે પદાર્થો પ્રત્યે વિરસતા-વિમુખતા ઊભી થાય, એમાં જન્મની બરબાદી દેખાય, એમાં દુર્ગતિ થવાનો ભય લાગે... આ બધા વૈરાગ્યનાં લક્ષણ છે. આવો વૈરાગ્ય થવાથી મનને સહેજે એમ થાય કે ‘લાવ ધર્મ કરું;’ ધર્મનો રસ ઊભો થાય, ધર્મ તારણહાર લાગે, ધર્મમાં જીવનની આબાદી દેખાય, અને તેથી ધર્મ કરે, એ વૈરાગ્યથી ધર્મ કર્યો ગણાય. પૂછો,-



**પ્ર.**- આ વૈરાગ્ય ગુરુનો ઉપદેશ સાંભળીને થયો, અને ધર્મ-પ્રવૃત્તિ કરી તો તે ધર્મ વૈરાગ્યથી કર્યો ગણાય ? કે ગુરુના ઉપદેશથી કર્યો ગણાય ?

ઉ.- અલબત વૈરાગ્ય તો ગુરુના ઉપદેશથી થયો, પરંતુ ધર્મ થયો તે વૈરાગ્યથી; કેમકે ઉપદેશ તો પહેલાં પણ સાંભળતો હતો, પરંતુ ધર્મ કરવામાં આળસુ હતો, કિન્તુ જ્યાં કોઈક એવા જોરદાર ઉપદેશમાં સંસાર અને પ્રમાદ ઉપર ભારે નફરત આવી, ત્યારે જીવે આળસ ખંખેરી નાખી, અને ધર્મ કરવાનું શરૂ કરી દીધું.

**સંસાર પર આ નફરત એ વૈરાગ્ય છે.** એટલે કહેવાય કે ‘અહીં ધર્મ વૈરાગ્યથી થયો, અને વૈરાગ્ય ગુરુના ઉપદેશથી થયો.’

વૈરાગ્ય જાગે ત્યારે જીવને ધર્મની તમન્ના ઊભી થાય છે એટલે જ ગુરુ ઉપદેશમાં એ પ્રયત્નમાં હોય છે કે ‘શ્રોતાને સંસાર અને એના પાપો પર નફરતની આગ વરસે એવી વાતો કરું.’ આ વૈરાગ્યની આગ નથી ઊભી થતી એટલે જ ધર્મ કરવામાં અખાડા કરવાનું થાય છે.

**વૈરાગ્યના દાખલા :-**

ભર્તૃહરિ પિંગલા રાણી પર અંધ આસક્ત હતો ત્યાંસુધી અમન-ચમન ઉડાવ્યા, પરંતુ જ્યાં પિંગલાનું દુશ્ચરિત્ર જાણી એના પર અને એના દાખલાથી આખા સંસાર પર નફરતની આગ વરસી, તો તરત સંન્યાસ ધર્મ લઈ લીધો.

સોળમા ભવે શ્રીમહાવીર પ્રભુનો જીવ વિશ્વભૂતિ રાજકુમાર આનંદ-મંગળમાં હતો. પત્ની સાથે બગીચામાં હરતો-ફરતો વગેરે લહેર કરતો હતો. પરંતુ જ્યાં જોયું કે ‘જેમને પોતે બાપથી અધિક માનતો હતો એ મોટા કાકા રાજાએ પોતાને બગીચામાંથી બહાર કાઢવા જેવી નજીવી બાબત ખાતર પોતાની સામે પ્રપંચ ખેલ્યો.’ ત્યાં એને નજીવી બાબત ખાતર પણ માયા કરાવનાર આવા સંસાર પ્રત્યે નફરતની આગ વરસી, વૈરાગ્ય ઝગમગી ઊઠ્યો અને એણે એ વૈરાગ્યથી સીધો સાધુ-ધર્મ જ લઈ લીધો !

**સાધુ-ધર્મ તો ઊંચી વસ્તુ છે, પરંતુ દેવદર્શન-પૂજા, સાધુ-સેવા, વ્રત-નિયમ-તપસ્યા... વગેરે ધર્મ પણ જો વૈરાગ્ય જાગી જાય તો સહેજે અને રસથી કરવાનું બને છે.**

નાસ્તિક પ્રદેશી રાજાને કેશી ગણધર મહારાજે આત્મ-તત્ત્વની તીવ્ર શ્રદ્ધા કરાવી દીધી. એથી હવે એને નાસ્તિકપણામાં કરેલા પાપો પ્રત્યે ભારે નફરત છુટી, સંસારના વિષયો પર વૈરાગ્ય ઝગમગી ઊઠ્યો, અને કેશીગણી મહારાજ પાસે એણે સમ્યક્ત્વ સહિત શ્રાવક-ધર્મ સ્વીકારી લીધો. આ મૂળમાં વૈરાગ્યના પાયા ઉપર ધર્મ લીધો હતો તેથી જિનપૂજા-સામાયિક-પોષધ વગેરે ધર્મ એવો પાળવા લાગ્યા કે

રાણી સૂર્યકાન્તાએ એવો પતિ ન ગમવાથી પોષધ-પરાણે એણે રાજાને ઝેર આપ્યું ! પણ રાજાએ તરત જાતે નિર્યામણા કરવા માંડી ! સમાધિમરણ પામી પહેલા દેવલોકમાં સૂર્યાભ વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયો.

**વૈરાગ્યથી ધર્મ કરે એની બલિહારી છે.**

**વૈરાગ્ય જોરદાર હોય તો ધર્મ કરતી વખતે વિઘ્નો આવે છતાં એ પાછો નહિ પડે, ધર્મમાં સ્થિર રહેશે.**

**કુમાળપાળનો વૈરાગ્ય :-**

૧૮ દેશના સમ્રાટ રાજા કુમારપાળને ગુરુ હેમચંદ્રાચાર્યના ઉપદેશથી અને પોતાની સિદ્ધરાજના ભયથી થયેલી રખડપટ્ટીની સ્થિતિ જોઈને જ્વલંત વૈરાગ્ય થઈ ગયો હતો; તો જ જે શ્રાવક ધર્મ સેવવા માંડ્યો પછી કસોટીના અવસર આવ્યા છતાં એ ધર્મમાંથી ડગ્યા નહિ.

કંટકેશ્વરીદેવી કહે 'મૂકી દે તારું દયા ધર્મનું પૂછડું; બોકડાનો ભોગ આપી દે, નહિતર તને મારી નાખીશ.'

ત્યારે દેવીને એમણે ઘસીને ના પાડી દીધી.

તો દેવીએ કુમારપાળના કપાળમાં ત્રિશૂળ માર્યું; રાજાને ભયંકર પીડા ઊપજી ! શરીર કોઢ-રોગના ધોળા ધબ્બાથી વ્યાપ્ત થઈ ગયું ! છતાં એ દેવીને નમી ન પડ્યા, પણ સવાર પડતા પહેલાં ચિતામાં સળગી જવાની તૈયારી રાખી, જેથી લોક સવારે પોતાને કોઢ રોગચાળો જોઈ જૈનધર્મની હાંસી કરે એવું ન બને.

શી રીતે આટલી બધી દયા ધર્મમાં સ્થિરતા ? કહો, વૈરાગ્ય જ્વલંત હતો, રાજ્યપાટ-ખજાના-લહાવ-લશ્કર... યાવત્ પોતાની કાયાને પણ ધર્મની સામે તૃણવત્ લેખતા હતા; તેથી દયાધર્મ સાચવવા ખાતર એ બધું જતું કરવા તૈયાર થઈ ગયેલા. આવો મક્કમ ધર્મ શાના પ્રતાપે ? કહો, વૈરાગ્યના પ્રતાપે.

**નંદીષેણનો વૈરાગ્ય :-**

નંદીષેણ શ્રેણિકે રાજાના પુત્ર, તે ભગવાન શ્રીમહાવીર પરમાત્માનો ઉપદેશ સાંભળી પ્રખર વૈરાગ્યવાળા બની ગયેલા, અને દેવીએ 'ના' કહેવા છતાં એણે ચારિત્ર લીધેલું, ને પછી મોહના ઉદયની સામે વૈરાગ્યના પ્રભાવે પ્રચંડ ત્યાગ અને તપસ્યાથી એવા ઝઝુમેલા કે એમને લબ્ધિઓ ઊભી થઈ ગયેલી ! ત્યારે તો વેશ્યાને ત્યાં આંખના મેલથી સાડા બાર ક્રોડ સોનૈયા વરસાવ્યા ! લબ્ધિ વિના આ શે બને ? અને વેશ્યાને ત્યાં નિકાચિત કર્મથી પતન પામી ભોગ ભોગવવા રહી ગયેલ છતાં વચન-લબ્ધિના પ્રતાપે રોજ દશ જણને પ્રતિબોધ કરી ચારિત્ર માર્ગે ચડાવી દેતા ! આ પ્રભાવ જેવો તેવો છે ?



આંખના પિયાથી એક નવો પૈસો વરસાવવાનું આપણું ગજું નથી, ત્યારે અહીં લબ્ધિથી ૧૨।। કરોડ સોનૈયા વરસાવે છે !

ઉપાશ્રયે આવનાર એકને પણ અનેકવારના ઉપદેશે ય ચારિત્ર માટે ઊભો કરી દેવાની આપણી મજાલ નથી, ત્યારે અહીં વેશ્યાને ત્યાં આવેલા દશને ચારિત્ર માટે ઊભા કરી દે છે ! કેવી વચનલબ્ધિ !

આ અદ્ભુત લબ્ધિઓ શાના પ્રતાપે ઊભી થયેલી ? કહો, તપસ્યા અને કઠોર ત્યાગના પ્રતાપે. આ સંયમ, તપસ્યા અને ત્યાગ પ્રખર કોટિના આરાધ્યા એ શેના પ્રતાપે ? તો કહેવું જ પડે કે જ્વલંત વૈરાગ્યના પ્રતાપે.

વૈરાગ્ય તો હોય પરંતુ આળસુપણાથી ધર્મપ્રવૃત્તિ તો ન કરે, પણ ઉપરથી બચાવ કરે કે 'અસલમાં ભાવ ચોક્ખા જોઈએ. મોક્ષનો આશય ન હોય એટલે ભાવ મેલા હોય, પછી ગમે તેટલી ધર્મપ્રવૃત્તિ કરો, એથી તો ભવમાં ભટકવાનું જ મળે. અમારે તો પહેલાં ભાવ ચોકખા કરવા છે. ધર્મપ્રવૃત્તિની બહુ કિંમત નથી; ભાવ તારણહાર છે,'- તો આવા બચાવ કરવાનું મન ન થયા એટલા માટે અહીં આચાર્ય મહારાજ કહે છે કે વૈરાગ્યથી પણ ધર્મ કરે એને એનું અમાપ ફળ મળે. તાત્પર્ય, ધર્મપ્રવૃત્તિ ન કરે એને એવાં ફળ ન મળે. અલબત્ ધર્મપ્રવૃત્તિ કરતો રહે એની સાથે વૈરાગ્ય જોઈએ. પરંતુ એકલો વૈરાગ્ય રાખીને બેસી રહે, ને ધર્મપ્રવૃત્તિની ઉપેક્ષા કરે તો ઊંચાં ફળ ન મળે. વૈરાગ્ય સાથે ધર્મપ્રવૃત્તિ જોઈએ.

રાજકુમાર આર્દ્રકુમાર અનાર્ય દેશમાંથી ભાગીને આર્યદેશમાં લક્ષ્મીપુર નગરમાં આવ્યો છે તે વૈરાગ્યથી આવ્યો છે; અને એમાં સદ્ભાગ્યે અહીં પુણ્યનંદન આચાર્ય મહારાજની દેશનાં સાંભળવા મળે છે; એમાં આચાર્ય ભગવાન શ્રોતાઓ ધર્મમાં સારી રીતે પ્રવર્તે એટલા માટે ધર્મનો મહિમા આ રીતે બતાવી રહ્યા છે કે 'લજ્જાથી ધર્મ કરે, યા ભયથી ધર્મ કરે અથવા માત્સર્યથી, સ્નેહથી... યાવત્ વૈરાગ્યથી નિર્મળ ધર્મ જૈનધર્મ આરાધે એને એનું અમાપ ફળ મળે છે.'

આ અંગે આપણે કેટલાક દૃષ્ટાન્ત જોયાં કે જેમાં આ લજ્જા વગેરેમાંના કોઈ હેતુથી ધર્મ કર્યો, અને આત્મા આગળ જતાં ઉન્નતિ પામ્યો. આવા બીજાં અનેક દૃષ્ટાન્તો શાસ્ત્રોમાં મળે છે, ને વર્તમાન કાળે પણ મળે છે. એમાં જોઈએ તો એ જીવોએ ધર્મમાં પ્રવૃત્તિ કરી ત્યારે શુદ્ધ મોક્ષનો આશય નહોતો, ભાવ સારા જાગ્યા નહોતા, છતાં એ લજ્જા વગેરે એક યા બીજા આશયથી ધર્મમાં પ્રવર્ત્યા તો આગળ મહાન લાભ પામ્યા.

## • બીજા બીજા આશયથી ધર્મ કરનારા અન્ય દૃષ્ટાન્ત •

**ઉદાયન મંત્રી** મહારાજ કુમારપાળના એક યુદ્ધ કરવા ગયેલા, વિજય પણ મેળવ્યો, કિન્તુ યુદ્ધમાં શરીરે બહુ ઘવાઈ ગયેલા તે પાછા વળતાં રસ્તામાં જ લાગે છે કે હવે જીવન નહિ ટકે, તેથી જંગલમાં પડાવ નાખ્યો છે, અને એક રાવઠીમાં પોતે અંતિમ સમય પસાર કરી રહ્યા છે. ત્યારે પોતે બહુ અસ્વસ્થતા અનુભવે છે !

ત્યાં બીજા અમલદાર પૂછે છે,- 'મંત્રીશ્વર ! કેમ કાંઈ અસ્વસ્થ ! તમે તો જંગેબહાદુર થઈ યુદ્ધ કરીને વિજય મેળવ્યો છે, તેથી તમને આ શરીરની પીડાનો અફસોસ ન હોય. તેમ તો સૈનિકોને યુદ્ધમાં શરીરની કે મૃત્યુની પરવા નહિ કરવાનું પોરસ ચડાવેલું, એટલે તમે પોતે શરીર પીડાની કે મૃત્યુની અફસોસી શાના કરો ? તો પછી તમને શાનું દુઃખ છે ?'

**ઉદાયનને મોતનું દુઃખ નહિ પણ, -**

ઉદાયન મહેતા કહે,- 'ભાઈ ! તમારી વાત સાચી છે, મને શરીરની જાલિમ વેદનાનું દુઃખ નથી; તમે હવે મોત સામે આવીને ઊભું છે એનું ય દુઃખ નથી; પરંતુ મને એક જ વાતનુ દુઃખ છે કે એક સામાન્ય માણસને પણ અંતકાળે સાધુની નિર્યામણા મળે છે, ને એથી એને અંતિમ સમયે સાધુદર્શન અને સાધુના મુખેથી નવકાર અને નિઝામણાના બે બોલ સાંભળવા મળવાથી સમાધિ અને પછી સદ્ગતિ થાય છે. ત્યારે મારા જેવાને અંતિમ સમયે આ જંગલમાં કોઈ સાધુમહારાજનું દર્શન નહિ ? કે એમના મુખેથી નવકાર સાંભળવા મળે નહિ ? મારું શું થશે ? મને સદ્ગતિ શી રીતે મળશે ? સાધુ વિના મને સમાધિ કોણ આપે ?'

"અને ભાઈઓ ! જુઓ,"

**જીવનભર ધર્મ ગમે તેટલો સાંધ્યો હોય, પણ જો અંતિમ સમયે સમાધિ ન હોય તો જીવની દુર્ગતિ થાય છે,**

**ને એકવાર દુર્ગતિ પટકાયા એટલે ?**

ત્યાં કશો ધર્મ કરવાનો મળે નહિ ! અરે ! ધર્મની ઓળખે ય ત્યાં ક્યારે પણ નહિ; એટલે એકલું પાપમય જીવન હોય. એનું પરિણામ શું ? એ જ કે આગળ આગળ દુર્ગતિના અવતાર ચાલ્યા કરે ! બસ, મને સમાધિ વિના આ પરિણામ આવે એની કલ્પનાથી મન અસ્વસ્થ થઈ ગયું છે કે "હાય ! મને આવા અંતિમ સમયે સાધુ-મહારાજનું દર્શન નહિ ? એમના મુખેથી એક નવકાર પણ સાંભળવા ન મળે ?"

ઉદાયન મહેતા નિસાસા નાખે છે, ત્યારે અમલદારોની આંખમાં પાણી આવી



જાય છે. એ જુએ છે કે 'અહો ! જીવનમાં જેમણે મહાન શ્રાવક-ધર્મ આરાધ્યો છે, અને અનેકાનેક ભવ્ય સુકૃતો કર્યા છે, એવા આ મહામંત્રીને અંતિમ સમયે સાધુ-દર્શન ન મળે એનું આટલું બધું દુઃખ ? આમની કેટલી બધી જાગૃતિ ? પણ એમનું આ દુઃખ ટાળવું જોઈએ.'

**મંત્રીને અમલદારનું આશ્વાસન :-**

મુખ્ય અમલદાર હોશિયાર છે, તરત અવસર ઓળખી લઈ કહે છે,- "મંત્રીશ્વર ! તમે ચિંતા ન કરો, અમે હમણાં જ ચારે બાજુ ઘોડા દોડાવી તપાસ કરાવીએ છીએ, અને કયાંય પણ મુનિમહારાજ વિહાર કરતા દેખાય તો તરત એમને તમારી પરિસ્થિતિ કહી વિનંતિ કરીને અહીં ઝટપટ લઈ આવીએ છીએ."

મહામંત્રી કહે "હા, ભાઈ ! કરો, આ કામ ખાસ કરો. જીવનભર મેં સાધુ મહારાજની સેવા કરી છે એટલે મને વિશ્વાસ છે કે આવા સમયે મરતા પહેલાં મને મુનિ મહારાજનાં દર્શન જરૂર મળશે. એ મળ્યા પહેલાં નહિ મરું."

**ભવૈયાને મુનિવેશ અને શિક્ષણ :-**

અમલદાર રાવઠીની બહાર આવી એક નાટકીયા ભાંડભવૈયાને મુનિવેશ ભજવવા તૈયાર કરે છે. એક બાજુ માણસને રાવઠીમાં મોકલી મંત્રીશ્વરને ખબર અપાવે છે કે ચારે બાજુ ઘોડેસ્વારો સાધુની તપાસ કરવા દોડ્યા છે,' ને બીજી બાજુ અહીં ભવૈયાને શીખવે છે કે તમારે આ પ્રમાણે... સાધુનો વેશ પહેરવાનો, ડાબા હાથની બગલમાં ઓઘો રજોહરણ પકડવાનું, ને જમણા હાથમાં મુહપત્તિ આ રીતે પકડવાની... પછી અંદર જઈ મંત્રીશ્વર આગળ 'ધર્મલાભ' કહેવાનો... અને પછી કહેવાનું 'મહાનુભાવ ! તમે તો જીવનભર ખુબ ધર્મ કર્યો છે. તો અંતિમ સમયે જરાય ચિંતા ન કરતા. શરીર તો દરેકને અંતે જવાનું નિશ્ચિત તે જાય છે, પરંતુ આત્માની ધર્મની મૂડી પુણ્યની મૂડી તો સાથે જ રહેવાની સાથે જ ચાલવાની છે. પછી ચિંતા શાની ? લ્યો, નવકાર સાંભળો વગેરે કહી નવકાર સંભળાવવાનો... અને છેલ્લે કહેવાનું કે... જુઓ સર્વ જીવોને ખમાવી દો, અને નવકાર તથા અરિહંતમાં મન રાખજો.'

ભવૈયાને આ બધું શીખવી નવકાર મંત્ર શિખવાડ્યો. ભવૈયો તો ખેલ ભજવવાનો કળાબાજ, એટલે એને આ બધું શીખવેલું ગ્રહણ કરી લેતાં કેટલી વાર ? એણે નવકારના પદ પણ મોંઢે કરી લીધા. એ તૈયાર થઈ ગયો. એની થોડીવાર પહેલાં રાવઠીમાં માણસ મોકલી કહેવરાવે છે, 'મંત્રી સાહેબ ! ખુશ ખબર ! એક દિશામાંથી ઘોડેસ્વાર આવી ગયો, અને કહે છે, મહારાજ સાહેબ મળી ગયા છે અને આપણા માણસ સાથે ઝટપટ આ તરફ પધારી રહ્યા છે.'

ઉદાયન મંત્રી આ સાંભળતાં રાજીના રેડ થઈ ગયા, કહે છે 'હેં હે ? સાધુ મહારાજ મળી ગયા ? વાહ ! જંગલમાં મંગળ થયું ! બસ હવે મને સાધુદર્શન મળશે ! એમના શ્રીમુખે મને ધર્મલાભ અને નવકારના અક્ષર મળશે,'સમજાય છે ?

**મરતા ઉદાયનમંત્રીને સાધુ મળવાનો મહાઆનંદ છે.**

અહીં ભવૈયો બરાબર નવકાર શીખી ગયો એટલે એને સાધુવેશ પહેરાવ્યો અને હવે એને રાવઠીમાં લઈ આવે છે. ઉદાયનમંત્રીને એ પહેલાં 'સાધુ આવી રહ્યા છે, સાધુ આવી રહ્યા છે,... સાધુ બહુ જલદી જલદી ચાલીને આવી રહ્યા છે. એ આ આવ્યા' એમ કહી માણસો મંત્રીની આતુરતા વધારી રહ્યા હતા, એમાં ઉદાયનમંત્રીએ હવે સાધુને અંદર પેસતા જોયા, બહુ ઘવાયેલા શરીરે પણ સફાળા બેઠા થઈ જાય છે ! અને 'અહો ! મને આ અવસરે સાધુ દર્શન?' એમ આંખમાં ઝળઝળિયાં આવી ગયાં, સાધુને 'મત્થએણ વંદામિ' કહેતાં નમસ્કાર કરે છે, ભવૈયો સાધુ 'ધર્મલાભ' બોલે છે.

**મુનિવેશ ભજવવા પાછળ કયા આશય ? :-**

અહીં સુધી ભવૈયા સાધુને કશી ધર્મની ભાવના નહોતી, માત્ર નાટકિયા તરીકે મુનિવેશ ભજવવો, એટલું હતું. કેમ ભજવવો ?

(૧) કાં નોકરી બજાવવાના લોભથી હોય, યા

(૨) નવા ઈનામના યા માન-કીર્તિના લોભથી હોય,

(૩) આવા મંત્રીશ્વરની અંતિમ અવસ્થાની દિલદર્દભરી ભવ્ય ભાવના જોઈ એમના પ્રત્યેની સ્નેહ-સહાનુભૂતિથી હોય,

-આવા કોઈ આશયથી વેશ ભજવ્યો. એમાં શું શું કર્યું ? નવકાર શીખ્યો, નિર્યામણા શીખ્યો. એવા લોભથી નવકાર વગેરે શીખાય ? એમાં મોક્ષનો ભાવ તો છે નહિ. તો મોક્ષ સિવાયના બીજા ભાવથી ધર્મ કરે તો જો એકાંતે ભવના ફેરા જ વધતા હોય, તો અમલદારોથી ભવૈયાને નવકાર વગેરે કેમ શીખવાડાય ? કહીએ.

**પ્ર.**- મંત્રીશ્વરનું કાર્ય સાધવા શીખવાડાય ને ?

**ઉ.**- કોઈનું કાર્ય સાધવા બીજાનો કચ્ચરઘાણ કઢાય ? પણ વસ્તુસ્થિતિએ જુઓ કે અહીં ગમે તે આશયથી નવકાર શીખવાનું, ને મંત્રીશ્વરને સમાધિ વગર આપવાનું... વગેરે કર્યું, તો કેવું સુખદ પરિણામ આવે છે !

**મંત્રીશ્વરની અંતિમ સાધના :-** બનાવટી સાધુને સાચા સાધુ માની મંત્રીશ્વરે વંદના કરી, સાધુએ નવકાર સંભળાવ્યો, અને કહ્યું 'જુઓ આયુષ્યનો ભરોસો નથી. કશામાં મન રાખશો નહિ, નવકારમાં ને અરિહંતમાં મન રાખજો.' મંત્રીશ્વર જાણે કે 'સાધુના મુખેથી આ સાંભળવા મળે છે !' સમજી ખુબ ખુશી અનુભવે



છે ! આનંદ વ્યક્ત કરે છે ! ઉપકાર માને છે ! અને ત્યાં જ થોડીવારમાં મંત્રીશ્વરનું પ્રાણ પંખેરું ઊડી જતાં સમાધિમરણ પામે છે.

આ તો મંત્રીશ્વરને લાભ થયો, પણ હવે જુઓ ભવૈયા સાધુને કેવો લાભ થાય છે ! અમલદારો એને કહે છે,- 'હવે આ વેશ કાઢી નાખો.'

**ભવૈયા-સાધુની ભવ્ય વિચારણા :-** ત્યાં એ વિચારે છે, કે 'અહો ! અહો ! આ સાધુ વેશમાત્રનો કેવોક પ્રભાવ કે જેને મોટા મોટા અમલદારો નમે, શેઠિયાઓ નમે, એવા મહામંત્રીશ્વર ઉદાયન મહેતાએ મને નમસ્કાર કર્યો ! મને વંદના કરી !'

**એટલા ઊંચા સાધુ-વેસને હું બજારુ વસ્તુ બનાવું ?**

'તુચ્છ સ્વાર્થ ખાતર લીધી, અને સ્વાર્થ સર્યે મૂકી દીધી !' એવી એને બજારૂ વસ્તુ બનાવાય ? ભલેને સાધુવેશ પહેલા તુચ્છ આશયથી લીધો, પરંતુ એનો આ મહિમા જોયા પછી એને કેમ છોડાય ? વળી,

**મંત્રીશ્વરે મને જે સમજથી વંદન કર્યું, હવે એનો વિશ્વાસઘાત કેમ કરાય ?**

ત્યારે સાધુપણું કેટલું બધું ઊંચુ ઉત્તમ અને મહાફળદાયી હશે કે સાધુને મંત્રીશ્વર વંદના કરે અને ઝંખના વ્યક્ત કરે કે 'અહીં તો હું સાધુપણું લીધા વિના હારી ગયો, પણ ભવાંતરે મને કેમ જલ્દી સાધુપણું મળે ! આવા ઊંચા સાધુપણાના વેશને ગમે તે આશયથી પામ્યા પછી હવે મારે એ જીવનભર પકડી જ રાખવાનો, અને એમાં બબ્બે ઉપવાસના પારણે બબ્બે ઉપવાસની તપસ્યા કરી સાધુપણાને સફળ કરવાનું.' આમ વિચાર કરીને અમલદારોને કહે છે,-

"હવે આ સાધુવેશ ન મૂકાય. જે સાધુવેશથી મંત્રીશ્વર જેવાનું વંદન લીધું, પ્રશંસા લીધી, અને જે સાધુવેશ પર મંત્રીશ્વર મને કહે 'તમે તરી ગયા, અને હું હીણભાગી રહી ગયો' એવા મહા પવિત્ર આ સાધુવેશને ભવાઈનો વિષય ન બનાવાય, એમાં તો હું નરાધમ ઠરું. એટલે હવે તો આ સાધુવેસ લીધો તો લીધો, જિંદગીભર માટે એ મૂકવાનો નથી. જિંદગીભર માટે સાધુપણું પાળવાનો મારે સંકલ્પ છે, અને એમાં જીવનભર માટે બબ્બે ઉપવાસના પારણે બબ્બે ઉપવાસ કરવાનો પણ મારે સંકલ્પ છે."

બસ, કહેવાની જરૂર નથી, એજ સાધુવેશમાં ગુરુ પકડયા, વિધિસર સાધુ-ધર્મ લીધો, છઠ્ઠ-છઠ્ઠની તપસ્યા જિંદગીભર ચાલુ રાખી, અને તરી ગયો ! આ મહાન ફળ કયારે આવ્યું ? ગમે તે લોભથી સાધુવેશ લીધો ત્યારે ને ? અહીં પ્રશ્ન થાય,-

**પ્ર.**- એના પ્રસંગમાં એની યોગ્યતાની મહત્તા છે યોગ્યતા હતી એટલે જ મંત્રીશ્વરની વંદના લેવા પર ઉત્તમ વિચારણા આવી.

ઉ.- પણ એ જુઓ કે મૂળમાં યોગ્યતા તો બેઠી જ હતી, પરંતુ આ સાધુવેશ હાથમાં ન આવ્યો હોત અને મંત્રીશ્વરની વંદન તથા ઉત્તમ ભાવના સાંભળવા ન મળી હોત, તો ખાલી યોગ્યતા શું કામ કરી શકતે ?

**ઉપાદાનની યોગ્યતાની જેમ નિમિત્ત-કારણની મહત્તા અવગણના જેવી નથી.**

**નિમિત્ત-કારણની મહત્તા પર શાસન સ્થાપના :-**

ઉપાદાનની યોગ્યતાની જેમ નિમિત્તભૂત ધર્મપ્રવૃત્તિની ભારે મહત્તા છે તેથી તો પરમ દયાળુ તીર્થંકર ભગવાન શાસન સ્થાપે છે, શાસનમાં સાધુ જીવન અને શ્રાવકજીવનના ભરચક આચાર અને અનુષ્ઠાનો ફરમાવે છે. એકલી ઉપાદાનની યોગ્યતા એટલે કે શુભ ભાવની યોગ્યતા પર જ તરવાનું હોય, તો ધર્મના આચાર-અનુષ્ઠાનોનું શું મહત્ત્વ ? મહત્ત્વ જ ન રહે; અને એનું મહત્ત્વ ન હોય, તો ભગવાન એ આચાર-અનુષ્ઠાનોનો ઉપદેશ પણ શું કામ કરે ? 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ' કહ્યા પછી જ્ઞાનાચાર, દર્શનાચાર વગેરે પંચાચાર પાળવાના કહ્યા, એમાં સંસાર-પ્રવૃત્તિ મૂકી ધર્મપ્રવૃત્તિ ભરચક કરવાનું કહ્યું. કેમ કહ્યું ? શું ભગવાન ભાવનું આશયનું મહત્ત્વ નહોતા સમજતા ? સમજતા હતા, પણ ભગવાન જુએ છે કે,

**'ધર્મપ્રવૃત્તિઓ ભરચક કરતાં કરતાં યોગ્યતા પાકે છે, અને શુભ ભાવ આવે છે, અંતરમાં સાચો મોક્ષનો આશય મોક્ષની સાચી ઝંખના ઊભી થાય છે,'**

અને એજ ધર્મપ્રવૃત્તિઓ આગળ ચલાવ્યે જતાં યોગ્યતા વિકસવા માંડે છે, શુભ ભાવ પુષ્ટ થતા જાય છે.'

આ હિસાબે જોઈએ તો જેમનામાં હજી ધર્મપ્રવૃત્તિઓનાં ઠેકાણા નથી, અને સાંસારિક ધૂમ પ્રવૃત્તિઓ રાચીમાચીને થાય છે, એમને જો આપણે કહીએ કે 'તમારા ભાવ ચોકખા છે ? તમને આત્માની દૃષ્ટિ છે ? જો નથી તો તમારા ભાવ મલિન છે, અને પુદ્‌ગલની દૃષ્ટિ છે. એથી દેવદર્શન પણ કરશો તો એ ભવના ફેરા વધારશે,' તો આ સાંભળીને સાંભળનારા શું ધર્મપ્રવૃત્તિઓ કરવા માંડશે ? કે ઊલટું એમ માનશે કે 'આ બીજાઓને હજી હૈયામાં શુદ્ધ ભાવ નથી, ને આત્માની સાચી દૃષ્ટિ નથી, ને ધર્મપ્રવૃત્તિઓ કરે છે, તેથી તો એ બિચારા ભવના ફેરા વધારી રહ્યા છે ! એમના કરતાં આપણે સારા, કે બહુ ધર્મપ્રવૃત્તિ કરતા નથી, ને ભવના ફેરા વધારતા નથી.' આવું જ માને ને ? આવું માનનારો કયાં જઈ રહ્યો છે ?

'સંસારની ધૂમ પ્રવૃત્તિઓ કરવાથી ભવના ફેરા વધે એવું નહિ, પણ અંતરના શુદ્ધ ભાવ વિના ધર્મ પ્રવૃત્તિઓ કરીએ એનાથી ભવના ફેરા વધે,'- એમ તારવણી પર એ જઈ રહ્યો છે ! આ તારવણી સાચી છે ? સંસારમાં લક્ષ્મી અને વિષયોની



અર્થ અને કામની ગમે તેટલી બેફામ પાપ-પ્રવૃત્તિઓ કરો એનાથી ભડકવાની જરૂર નથી ? ભડકવાનું છે આત્મદૃષ્ટિ વિના ધર્મપ્રવૃત્તિ થાય એનાથી ? ગભરાવાનું શુદ્ધ ભાવ વિના ધર્મ કરાય એનાથી ? કેવી આ મૂઢ ગણતરી ? શું આ જિનશાસનનો હિસાબ છે ?

**ધુમધામ ચાલી રહેલી પાપ-પ્રવૃત્તિઓના આ યુગમાં જીવોને કઈ ભડક આપવા જેવી છે ?**

'જાઓ, આત્મા પર મન જતું નથી, ને ધર્મપ્રવૃત્તિ કરો છો તેથી માર્યા જશો' આ ભડક ? કે 'જુઓ ધૂમધામ ધર્મપ્રવૃત્તિઓ કરતા નથી ને બનાવટી આત્મદૃષ્ટિ રાખી ધૂમધામ પાપ પ્રવૃત્તિઓ કર્યે જાઓ છો તો માર્યા જશો,'-આ ભડક ?

ક્ષાયિક સમકિતના ધણી કૃષ્ણ અને શ્રેણિક જેવાને 'પ્રભુ ! અમારી ભાવી નરકગતિ ?' ના જવાબમાં પ્રભુએ શો જવાબ આપ્યો એ ખબર છે ? પ્રભુએ એમ ન કહ્યું કે 'તમને આત્મદૃષ્ટિ નહિ, તમે ધર્મપ્રવૃત્તિ કરવા છતાં તમારા ભાવ મેલા હતા, માટે તમે નરકનું આયુષ્ય બાંધ્યું.' એવું પ્રભુએ ન કહ્યું, પરંતુ એ કહ્યું કે તમે અવિરતિની પાપ-પ્રવૃત્તિઓમાં ખુબ રચ્યા માચ્યા રહ્યા તેથી નરકનું આયુષ્ય ઉપાર્જ્યું.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૩,તા.૧૭-૯-૧૯૮૩**

'એવા મોટા ક્ષાયિક સમકિતના ધણીએ પોતે પણ પસ્તાવો આ જ કર્યો કે હાય ! આવો રુડો જૈન ધર્મ મળવા છતાં અમે સર્વ પાપત્યાગ કરી સર્વ વિરતિરૂપ ચારિત્ર લીધું નહિ. ને અવિરતિનાં કીચડમાં પડ્યા રહી ધૂમ વિષય કષાયોની પાપ-પ્રવૃત્તિઓમાં રાચ્યા માચ્યા રહ્યા ? કેવી અમારી મૂઢતા !'

આ શાનો ખેદ છે ? પાપ-પ્રવૃત્તિઓમાં રાચ્યા રહ્યા એનો; અને વિરતીની ધર્મ પ્રવૃત્તિઓ નહિ કર્યાનો ખેદ છે. ભાવ સારો ન રાખ્યો અને મલિન રાખ્યો એનો આ ખેદ નથી. જરા વિવેક કરવાની જરૂર છે.

**મોટા વસ્તુપાલ મહામંત્રી** જેવા જુઓ, અંતે શો ખેદ કરે છે ? એ ખેદ એવો કરે છે કે 'અરેરેરે ! મને વીતરાગ પરમાત્મા મળ્યા, વીતરાગનો ધર્મ મળ્યો છતાં મેં ધર્મની આરાધના ન કરી ! હું જન્મ હારી ગયો !' આમ ધર્મ-પ્રવૃત્તિ ન કરી એનો ખેદ કરે છે, પરંતુ 'હાય ! મેં આત્મદૃષ્ટિ રાખી નહિ, મેં સારા ભાવ કેળવ્યા નહિ,' એવો ખેદ નથી કરતા. કેમ આવો ખેદ નથી કરતા ? કારણ એ જ કે એ સમજે છે કે જો ધર્મપ્રવૃત્તિ ખુબ કરાય, તો જ ભાવ સારા જાગવાના છે;

પણ નહિ કે પાપ-પ્રવૃત્તિ ખુબ ચાલતી રહે અને ધર્મપ્રવૃત્તિ નહિવત્ હોય તો ભાવ સારા જાગે;

કેમકે પાપપ્રવૃત્તિ ખુબ એટલે સંસારસુખની પ્રવૃત્તિ ખુબ; ને એ સંસારસુખની પ્રવૃત્તિ ખુબ ચાલે ત્યાં સારા ભાવ જાગવાના હતા ? એ તો ત્યારે જ જાગે કે સુખની પ્રવૃત્તિમાંથી બહાર નીકળી નીકળી ધર્મપ્રવૃત્તિ ખુબ જ ખુબ કરવામાં આવે. એટલે જ વસ્તુપાલ ખેદ આ કરે છે કે "આવી ઊંચી ચારિત્રની ભરચક ધર્મપ્રવૃત્તિઓ માટેનો એક જ યોગ્ય ભવ માનવભવ; તેમાં હું આવવા છતાં, મેં એવી ચારિત્રધર્મ વગેરેની ખુબ ખુબ ધર્મપ્રવૃત્તિઓ ન કરી ? હાય ! હું હારી ગયો !"

જ્ઞાની મહાપુરુષોની દૃષ્ટિએ વસ્તુપાલ જીવન હારી નથી ગયા, માટે તો 'સંઘપતિ ચારિત્ર'...વગેરે એમનાં ચરિત્ર લખી એમનાં સુકૃત-સદ્ગુણોના ભારોભાર ગુણ ગાયા છે; ને આ સુકૃત-સદ્ગુણો પણ કેવા ? કે, આ મનુષ્યભવ પૂરો કરી એ મહાવિદેહ ક્ષેત્રમાં રાજકુળે જન્મી ચારિત્ર લઈ કેવળજ્ઞાન પામવાના છે. આવા દુર્લભ પુણ્ય પુરુષ જીવન હારી ગયા કહેવાય ? જરાય નહિ.

છતાં વસ્તુપાલ પોતે શું ભાવના કરે છે ? આ જ કે 'આ ઉત્તમ મનુષ્યભવ પામી, કરવા યોગ્ય કાંઈ કર્યું નહિ, તેથી હું જન્મ હારી ગયો,' અહીં કરવા યોગ્ય એટલે ? શું ચારિત્રના અંતરના ભાવમાત્ર કરવા યોગ્ય ? કે ચારિત્ર ધર્મની શુભ પ્રવૃત્તિઓ પણ કરવા યોગ્ય ?

**ધર્મના ખપી જીવની મુખ્ય દૃષ્ટિ ધર્મના ભાવ અને ધર્મની પ્રવૃત્તિ બેમાંથી શેના ઉપર હોય છે ?**

ધર્મ ખુબ ખુબ કરવા પર ? કે માત્ર અંતરના ભાવ ચોક્ખા કરવા પર ? કહો, ખુબ ખુબ ધર્મ કરવા પર, માટે તો મોટા તીર્થંકર ભગવાન શ્રીમહાવીર પ્રભુ જેવાએ ચારિત્ર લઈને રાગ રહિત પણે રોજ ગોચરી પાણી આરામથી જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય, વિહાર વગેરે રાખી અંતરમાં ભાવ નિર્મળ કરવાનું કેમ ન કર્યું ? પરંતુ કઠોર તપસ્યા-ધર્મ, કષ્ટમય, પરીસહ સહનનો ધર્મ, કડક અભિગ્રહ-ગ્રહણ ધર્મ, દિવસનો મોટો ભાગ અને આખી રાત ખડાખડા કાયોત્સર્ગ-ધર્મ, ઉગ્ર વિહાર-ધર્મ, દુઃખદ ઉપસર્ગ સહનનો ધર્મ,...વગેરે વગેરે કષ્ટમય ધર્મપ્રવૃત્તિ ખુબ ખુબ કરવાનું રાખ્યું.

એવા મહાશક્તિમાન મહાવિરાગી અને મહાજ્ઞાની તીર્થંકર ભગવાન જેવાને પણ ખુબ ખુબ ધર્મપ્રવૃત્તિની મુખ્યતા કરવાની જરૂર, અને રાગદ્વેષમાં સબડતા આપણા જેવા રોબડ ક્લાસ માટે શુદ્ધ ભાવની જ મુખ્યતા કરવાની જરૂર ? અને ખુબ ધર્મપ્રવૃત્તિને મુખ્ય કરવાની જરૂર નહિ ? જાણો છો ખરા ? કે

**મુખ્ય તો ભાવ છે, તો પ્રભુનું બાહ્ય પ્રવૃત્તિ પર જોર કેમ ? :-**



**પ્ર.**- ભગવાન ત જાણતા હતા કે પરમ શુદ્ધ ભાવવાળા વીતરાગ જે થવાય છે તે તો બાહ્ય કષ્ટમય ધર્મપ્રવૃત્તિ પર નહિ, પરંતુ અંતરના ભાવ શુદ્ધ શુદ્ધતર થવા ઉપર થવાય છે, તો એ ભાવ શુદ્ધ કરવા પર જ જોર લગાવવું જોઈતું હતું, પણ ભગવાને તપ કાયોત્સર્ગ પરીસહ સહન...વગેરે બાહ્ય ધર્મપ્રવૃત્તિ પર કેમ જોર લગાવ્યું ?

ઉ.- ભગવાને બાહ્ય ધર્મપ્રવૃત્તિ ખૂબ કરવા ઉપર જોર એટલા માટે લગાવ્યું કે પ્રભુ જાણે છે કે અંતરના ભાવ શુદ્ધ શુદ્ધતર થશે તે આ કડક અને ખૂબ ખૂબ ધર્મપ્રવૃત્તિઓ પર થશે. અનાદિ કાળના પેંધેલા કાયા-માયા પરના રાગ-આસકિત-મમતા વગેરે અશુદ્ધ મલિન ભાવો જે ઓછા થતા આવશે, તે આ કડક ધર્મપ્રવૃત્તિ ખુબ રાખવાથી જ ઓછા થતા આવશે; પણ નહિ કે સુંવાળી ધર્મપ્રવૃત્તિથી અને પ્રમાણમાં બહુ ઓછી ધર્મપ્રવૃત્તિથી, યા માત્ર માનેલા અંતરના ભાવથી.

**ધર્મપ્રવૃત્તિની કેમ બહુ જરૂર ? :-**

દા.ત. કઠોર તપસ્યાઓ ન રાખી અને કાયમી રોજના આહાર-પાણી વાપરવાના રાખ્યા, તો આહારનો ને રસનો રાગ કાંઈ નામશેષ ન થાય, એ તો કઠોર તપ આદરતાં આદરતાં આહારનો રાગ મરતો આવે, ઘસાતો આવે. એમ સુખે ગુફામાં બેસીને ધ્યાન કરવાથી કાયાનો રાગ મટે નહિ; એ તો કાયાને ખડીખડી રાખી ધ્યાન ધર્યા હોય, પછી ભલે એમાં ટાંટિયા દુઃખે, કમર તુટે, માથું ભમવા જેવું લાગે, તો પણ એ બધું આનંદથી સહી લઈને કાયાને કાઉસ્સગ્ગમાં જ ખડી રાખવાનું કર્યું હોય, તો આ નિર્ધારિત કડક ધર્મપ્રવૃત્તિથી દેહાધ્યાસ યાને કાયાની મમતા-આસકિત ઘસાતી આવે. આટલા જ માટે તીર્થંકર ભગવાન જેવાએ પણ આ જ કરવાનું રાખેલું.

એમ ક્ષુધા, પિપાસા, ટાઢ, તડકા, ડાંસ, માખી, મચ્છર, હલકા માણસોના ટોણાં-અપમાન-પ્રહાર વગેરે પરીસહો સહવાના ધર્મ સ્વેચ્છાથી આનંદપૂર્વક આચર્યે જવાનું રાખ્યું હોય તો એ કષ્ટો પ્રત્યેના અંતરના ખેદ-દ્વેષ-અરુચિના મલિન ભાવ મોળા પડતા આવે. પ્રભુએ આ ખૂબ રાખેલું.

ના, આ કશી કષ્ટમય ધર્મપ્રવૃત્તિ કરવી નથી, ને અંતરના ભાવ ચોકખા કરવા છે, શી રીતે ? મનમાની ભાવના કરીને કે "હું આત્મા છું, મારાથી કાયા ભિન્ન છે, મારા ગુણો ક્ષમાદિ છે, કાયાની ક્રિયાથી મારું કશું ભલું ન થાય મારું તો શુદ્ધ આત્મ-દૃષ્ટિ વગેરે આત્માની ક્રિયાથી ભલું થાય." તે શું બાહ્યની આરંભાદિ પાપપ્રવૃત્તિઓ, સંજ્ઞાની પ્રવૃત્તિઓ, અને મોહમય કુટુંબ-પરિવાર-સંપર્કની પ્રવૃત્તિઓ ધૂમ ચાલુ રાખીને પેલી મનમાની આત્મદૃષ્ટિની ભાવના કરતાં કરતાં વીતરાગ

થવાશે ? અરે ! વીતરાગ થવાની વાત તો કયાંય છે, પણ સાચા વિરાગીય નહિ થવાય ? શુદ્ધ ભાવની ભ્રમણામાં અસત્ પ્રવૃત્તિઓ ધૂમ ચાલુ રાખીને ધૂમ મલિન ભાવો અને રાગદ્વેષના સંકલેશો પોષી, તથા એના સંસ્કારો સારી રીતે દૃઢ કરીને અહીંથી રવાના થશે. ત્યારે ખૂબ અને કડક ધર્મ-પ્રવૃત્તિઓને મુખ્ય કરી એનું રાત ને દિવસ સેવન કરનારો ભાવ ચોક્ખા કરતો કરતો સત્ પ્રવૃત્તિના બળ પર સાચા નિર્મળ ભાવ હૈયામાં કેળવતો જશે. પણ એવું એ કયારે કરે ? એને ધર્મપ્રવૃત્તિનું ખુબ મહત્ત્વ સમજાય ત્યારે ને ? દયાળુ સદ્ગુરુઓ એને એ મહત્ત્વ સમજાવે ત્યારે એ સમજીને કડક ધર્મપ્રવૃત્તિ ખૂબ ખૂબ આચરતો જવાનો.

**શુભ ભાવની મહત્તા કયારે સમજાવવી ? :-**

એક વાત છે, કે એવી કડક ધર્મપ્રવૃત્તિઓ ખૂબ ખૂબ આચરતો હોય છતાં એમાં જો અહીંના પૈસા-માનપાન-પ્રતિષ્ઠા કે સ્વર્ગના દેવતાઈ ભોગસુખોની જ એ આશંસા-કામના રાખતો હોય, તો એને શુદ્ધ ભાવની મહત્તા સમજાવાય કે 'જો મહાનુભાવ ! આ કડક ધર્મપ્રવૃત્તિઓનું ખૂબ કરે છે એનાથી તો અલ્પકાળમાં તારા આત્માનો આ ભીમ ભવસાગરથી નિસ્તાર થઈ જાય એવો છે. પરંતુ તું જો ધર્મપ્રવૃત્તિની સાથે દુન્યવી સુખની લાલસાના મલિન ભાવ રાખીશ તો આ બાહ્ય પ્રવૃત્તિ માત્રથી તારો આત્મા ઊજળો નહિ થાય. માટે આ દુન્યવી સુખલાલસાના મલિન ભાવ છોડી દે. શા માલ છે દુન્યવી સુખમાં ? એ ક્ષણિક આનંદ દેખાડી તો દે, પણ પછી એનો અવશ્યંભાવી વિયોગ થતાં ય મહાદુઃખ, એનાથી ઊભા કરેલા થોકબંધ પાપકર્મોના યોગે દુર્ગતિઓમાં કલ્પના બહારના અને દીર્ઘાતિદીર્ઘ કાળના ભયંકર દુઃખ !'

**ધર્મપ્રવૃત્તિ વિનાનાને ભાવના ઉપદેશથી અનર્થ :-**

આમ ધર્મપ્રવૃત્તિમાં ખુબ લાગેલાને તો શુદ્ધ ભાવનું મહત્ત્વ સમજાવાય, પરંતુ જ્યાં રોજિંદી ધર્મપ્રવૃત્તિનું જ દેવાળું હોય ધર્મપ્રવૃત્તિનો રસ જ ન હોય, ખૂબ ધર્મપ્રવૃત્તિના હૈયે કશા ઉમળકા જ ન હોય, એવાની આગળ શુભ ભાવના મહત્ત્વનાં ગીત ગાવામાં આવે, અને શુદ્ધ ભાવ વિનાની ધર્મપ્રવૃત્તિથી સંસાર-ભ્રમણ બતાવાય તો એ શ્રોતા કયા જન્મારે ધર્મપ્રવૃત્તિ કરવા લાગવાનો ? એ તો ડરતો જ રહેવાનો કે 'હાય બાપ ! હજી અમારા ભાવ ચોક્ખા નથી, ને ધર્મપ્રવૃત્તિ કરીએ અને એ જ આપણા મલિન ભાવના યોગ સંસાર 'વધારે તો ? એના કરતાં તો ધર્મપ્રવૃત્તિ ન કરીએ તે જ સારું.'

વાત આ છે,- ધર્મપ્રવૃત્તિ ખૂબ ખૂબ કરનારો એના દ્વારા ભૂલેચૂકે મલિન ભાવો, ન પોષે, એ માટે એને ભાવનું મહત્ત્વ બતાવવું જોઈએ; ત્યારે ધર્મપ્રવૃત્તિના



આળસુ અને પાપપ્રવૃત્તિઓ ધૂમ પ્રમાણમાં કરનારને તો ધર્મપ્રવૃત્તિનું જ મહત્ત્વ બતાવવું જોઈએ. આચાર્ય પુણ્યનંદન સૂરિજી મહારાજ આર્દ્રકુમારાદિ સભા આગળ આ કરી રહ્યા છે, જેથી જીવો એ ધર્મપ્રવૃત્તિ કરતા થાય; તો ભાવ ચોક્ખા થવાને અવસર મળે. ત્યારે આજે રસમય વ્યાખ્યાન સાંભળવા આવનારા ઘણા, પણ એમાંથી ધર્મપ્રવૃત્તિઓ ખૂબ ખૂબ કરનારા કેટલા ? અરે ! કહો, ખૂબ ખૂબ કરવાની કયાં માંડો છો ? રોજિંદી શ્રાવક યોગ્ય બધી ધર્મ-કરણી કરનારા કયાં છે ? રોજ બે ટાઈમ પ્રતિક્રમણ કેટલા કરે ? ત્રિકાળ પૂજા કેટલા કરે ? પર્વ તિથિએ અવશ્ય પૌષધ કરનારા કેટલા ? મંદિરમાં સાધારણ ખાતે દરેક વરસે સારી રકમ આપનારા કેટલા ? શું આ બધા ઉપર ખુબ જ મહત્ત્વ આપી આ આજના લોકોને શીખવવા જેવું નથી ? જ્ઞાનીઓ જ્યારે કહે છે કે લજ્જા વગેરે કારણે ધર્મપ્રવૃત્તિ કરે એને અમાપ ફળ મળે છે, તો એથી તમને તમારા જીવનમાં ધર્મપ્રવૃત્તિની પ્રેરણા મળે છે ?

ધર્મપ્રવૃત્તિનું આ રીતે મહત્ત્વ બતાવી આચાર્ય મહારાજનો ઉદ્દેશ આ છે, કે 'શ્રોતાઓ ખુબ ખુબ ધર્મપ્રવૃત્તિ કરતા થાય.' આપણા જીવનમાં જ તપાસીએ તો દેખાશે કે ધર્મપ્રવૃત્તિ ખૂબ કરવામાં મન કયાં ઉત્સાહ-ઉછરંગ ધરાવે છે ? ગણતરીની એ તે ય બહુ થોડી ધર્મપ્રવૃત્તિ કરીને મન છુટકારાનો દમ ખેંચે છે. આ સૂચવે છે કે હજી હૈયામાં આ પાયાનાં શુભ ભાવ, શુભ ઉત્સાહ નથી કે 'હું સાંસારિક જળોજથામાંથી છુટી ધર્મ કરતો રહું.' ત્યાં 'જો બીજા શુભ ભાવ નહિ હોય તો ધર્મ એ અધર્મ બનશે સંસાર વધશે.' એમ જાણવા મળે તો શું આપણને ધર્મપ્રવૃત્તિનો ઉત્સાહ વધશે ? કે ઓસરી જશે ?

અસલમાં પુણ્યનંદન સૂરિજી મહારાજના ઉપદેશથી ધર્મનો અદ્ભુત અવર્ણનીય મહિમા સમજી ધર્મપ્રવૃત્તિની ખૂબ માયા લગાડવા જેવી છે, અને એમાં ભરચક ઉદ્યમ રાખવા જેવો છે મહારાજ કુમારપાળ ૧૮ દેશના સમ્રાટ છતાં એમનો ધર્મપ્રવૃત્તિનો રંગ કેવો ? કુમારપાળ મહારાજ જુઓ, પરલોક માટે ધર્મભાવના કરે છે, તે કેવા ધર્મની ભાવના ? ધર્મપ્રવૃત્તિની ? કે આત્મદૃષ્ટિ અને શુભ ભાવની ? એ ભાવના કરે છે કે 'પરભવે જૈન ધર્મ ન મળતો હોય અને ચક્રવર્તીપણું મળતું હોય તો મારે એવું ચક્રવર્તીપણું નથી જોઈતું.' અહીં પૂછશો,

**પ્ર.**- તો આનો અર્થ તો એ જ ને કે 'ભલે ચક્રવર્તીના સુખ મળતા હોય પરંતુ સાથે જૈનધર્મ મળતો હોય તો એનાથી ભાવ સારા રહે એટલે પછી સંસારની પ્રવૃત્તિઓ અને સંસારના સુખ જીવને ડુબાડે નહિ ?'

**ઉ.**- ના, આ અર્થ નહિ, કેમકે 'જૈનધર્મ મળતો હોય' એનો અર્થ પછીના પાદમાં સ્પષ્ટ કર્યો છે, પછીનું પાદ આ છે કે,-

'સ્યાં ચેટોડહં દરિદ્રો વા જિનધર્માધિ વાસિતઃ' અર્થાત્ "પરભવે હું ભલે કોઈનો નોકર થાઉં કે દરિદ્ર નિર્ધન થાઉં પરંતુ જૈનધર્મથી અધિવાસિત મારું હૃદય હો,- એમ ઈચ્છું છું."

**કુમારપાળે પરભવે જૈનધર્મ વાસિતતા માગી એટલે શું માંગ્યું ? :-**

આવું જૈનધર્મથી જે અધિવાસિત થવાનું માંગ્યું, એ શી રીતે અધિવાસિત થવાય ? પાપ-પ્રવૃત્તિઓ ને સાંસારિક પ્રવૃત્તિઓ જૈન ધર્મ નહિ પામેલાની માફક ધુમધામ ચાલતી હોય, ધર્મપ્રવૃત્તિના ખાસ ઠેકાણાં હોય નહિ, માત્ર ભાવ ચોક્ખા કર્યાનું માને એટલે ધર્મથી અધિવાસિત થઈ ગયો ? ધર્મથી અધિવાસિતનાં શું આ લક્ષણ હોય. કે પાપપ્રવૃત્તિઓ ભરચક ચાલે અને ધર્મપ્રવૃત્તિનું ઠેકાણું નહિ ? 'માત્ર મારે ભાવ ચોકખા રાખવાના અંતરથી બાહ્યમાં રસ નહિ રાખવાનો,' આવું મનને હોય એટલે ધર્મેથી અધિવાસિત, એવું લક્ષણ હોય ? મહારાજ કુમારપાળે જ્યારે આ ભાવના કરી હશે ત્યારે શું સમજીને કરી હશે ? શું એમ સમજીને કે 'મને ભલે નોકર તરીકે યા દરિદ્ર ગરીબ તરીકે જન્મ મળે પરંતુ ત્યાં હું ધર્મવાસિત બન્યો રહું' અર્થાત્ 'મને અંતરના ભાવ ચોકખા મળે અંતરથી બાહ્યમાં કશો રસ ન રહે' શું ધર્મવાસિતતામાં આવું જ મન પર હશે ? યા 'જૈનધર્મથી દેવદર્શન-પૂજન-સામાયિક-પ્રતિક્રમણ-સાધુસેવા-વ્રત-નિયમાદિની પ્રવૃત્તિઓમાં હું લાગ્યો રહું ?' એવું મન પર હશે ? ધર્મથી અધિવાસિત બનું એટલે નજર સામે શું હોય ?

આ વિચારવાનું એટલા માટે છે કે 'ધર્મી બનો, ધર્માત્મા બનો, ધર્મ કરો' એવા જ્ઞાનીના ઉપદેશમાં જ્ઞાની આપણે શું કરવાની અપેક્ષા રાખે ? ખાલી ભાવ ચોક્ખા રાખવાનું ને અંતરથી બાહ્યમાં રસ નહિ રાખવાનું ઈચ્છે ? કે ધર્મપ્રવૃત્તિ કરતા રહેવાનું ઈચ્છે ? જો બંને ઈચ્છે, તો બંનેમાં ય મુખ્ય શું ઈચ્છે ? ભાવ ? કે ધર્મપ્રવૃત્તિ ?

**દેશના વ્યવહાર-પ્રધાન આપવી, એનો અર્થ જ એ છે કે વ્યવહાર અર્થાત્ ધર્મપ્રવૃત્તિ પર જોર આપવું, ધર્મપ્રવૃત્તિ ખૂબ કરો એમ કહેવું** અલબત્ તેથી ભાવની યાને આંતરિક વૃત્તિની અગત્ય નથી એમ નહિ, આંતરિક ભાવનું આંતરિક વૃત્તિનું પણ બહુ મૂલ્ય છે એટલે પ્રવૃત્તિ પર ભાર આપતાં આપતાં લક્ષ ખેંચવાનું કે આ ધર્મપ્રવૃત્તિની સાથે, આ સત્ પ્રવૃત્તિની સાથે આંતરિક વૃત્તિ પણ ચોક્ખી નિર્મળ પવિત્ર બનાવવાની.

**વીતરાગનાં રોજ દર્શન કરીએ અને આંતરિકવૃત્તિ એટલી ને એટલી કામ-ક્રોધ-લોભભરી, ને મોહ-મદમત્સર-માયાભરી રાખ્યા કરીએ તો વીતરાગનું દર્શન આપણને વીતરાગ ક્યારે બનાવે ?**



**વીતરાગના દર્શન આપણે શા માટે કરીએ છીએ ?**

એટલા માટે કે વીતરાગનું દર્શન કરતાં કરતાં અંતે વીતરાગ થવાય. શી રીતે ? વીતરાગ દર્શન વખતે આપણી નજર સામે વીતરાગનું જીવન આવે અને એમાંથી વીતરાગ બનવાની પ્રેરણા મળે. વીતરાગ બનવા માટે એ પ્રભુએ કેવા કેવા તપ કરી, કેવા કેવા ત્યાગ કરી, કેવા કેવા વ્રત-નિયમ-ધર્મપ્રવૃત્તિ કરી, તથા કેવા કેવા પરીસહ-ઉપસર્ગ સહર્ષ વધાવી લઈ, વિષયોના રાગદ્વેષ ઓછા કરતા ગયા, એવા એમનાં જીવનની સાધનાઓની પ્રેરણા મળે, તેમજ રાગદ્વેષ ઘટાડતા આવવાની પ્રેરણા મળે, એટલા માટે વીતરાગનાં દર્શન કરીએ છીએ. આમ આપણી આંતરિક વૃત્તિ નિર્મળ બનાવવાના કર્તવ્ય તરફ અને એના પુરુષાર્થ તરફ લક્ષ રહે, માટે વીતરાગનાં દર્શન કરવાના છે. આમ ભાવનું પણ મહત્ત્વ બતાવવાનું છે. કિન્તુ એ પણ ખાસ જોવા જેવું છે કે પહેલાં તો સામા જીવને દર્શન-પ્રવૃત્તિનો પ્રેમ કેટલો છે ?

એક મંદિર કે એક ભગવાનનાં દર્શન કર્યા પછી બીજા મંદિરે કે બીજા ભગવાનનાં દર્શનની વાત આવે ત્યાં કંટાળો આવતો હોય, તો દર્શનના જ કંટાળાથી એને દર્શનમાં ભાવ કયા ઊંચા આવવાના ? અહીં પૂછશો,

**વધારે દર્શનથી ભાવ ઊંચા કેમ આવે ? :-**

**પ્ર.**- તો શું વધુ દર્શન કર્યાથી ઊંચા ભાવ આવે ?

ઉ.- હા, કારણ છે,- એક દર્શન પછી બીજા દર્શનમાં કંટાળો કેમ આવે છે ? કહો, શરીરની સુખશીલતા નડે છે. શરીર સુંવાળું રાખવું છે, એટલે મનને એમ થાય છે કે 'એક દર્શન તો કરી લીધા, હવે બીજા મંદિરોએ ક્યાં દોડાદોડ કરવી ?' આવું મનને થાય એમાં શું આવ્યું ? પરમાત્મા કરતાં તુચ્છ મામુલી શરીરની સુખશીલતા વહાલી કરી. આ કાયાની માયા વહાલી થાય, ત્યાં ભાવ ઊંચા શી રીતે આવે ? હા, મન મારીને પણ કુટિલ કાયાને કહી દેવાય કે 'તું થાકે છે શાની ? પૈસા મળવાનું દેખાતું હોય ત્યાં તો બધી ય દોડાદોડ હોંશે હોંશે કરે ! કેટલીય ઊઠ-બેસ કરે ! તે અહીં ધર્મની જ વાતમાં થાકીને કંટાળો ? ચાલ, ચાલ, પાંચ દેરાસર દર્શન કર, તો પરમાત્મા પર ભાવ વધશે, પ્રેમ વધશે.' આમ મન મારીને ય દર્શન પ્રવૃત્તિ સારા પ્રમાણમાં થાય તો અંતરના ભાવ, અંતરની વૃત્તિ નિર્મળ થાય; ને તો અંતરના ભાવ, અંતરની વૃત્તિ નિર્મળ થાય.

એવું પ્રભુપૂજન, દાન, પરોપકાર, શીલ-વ્રત-નિયમો, તપસ્યા, સામાયિક જાપ, વગેરેની પ્રવૃત્તિ સારા પ્રમાણમાં કરતા રહીએ તો ભાવ વધે, ભાવ નિર્મળ થાય, નહિતર

**ધર્મપ્રવૃત્તિમાં આળસ ઉપેક્ષા પાપના રસથી આવે છે, ને એ તો ભાવની આડે બ્રેક છે, અવરોધક તત્ત્વ છે.**

**ભાવ સારા કરવા માટે સારી ધર્મપ્રવૃત્તિ ખુબ જોઈએ.**

એટલા જ માટે અહીં આચાર્ય પુણ્યનંદન સૂરીજી જે કહે છે 'ભલે લજ્જાથી, કે ભયથી, યા કૌતુકથી... પણ જે શુદ્ધ ધર્મને ભજે છે, એને અમાપ ફળ મળે છે,' એ કહીને આ જ સૂચવી રહ્યા છે કે 'ધર્મપ્રવૃત્તિ ખૂબ કરો એનું અમાપ ફળ છે.'

૧૮ દેશના સમ્રાટ મહારાજ કુમારપાળ પરભવ માટે જે જિનધર્માધિ વાસિતતા માગી રહ્યા છે એમાં આ જ માગી રહ્યા છે કે

**'જિનધર્મથી દિલ એવું રંગાયેલું મળે કે જેથી જીવનમાં ધર્મ જ ધર્મ કરવાનું થયા કરે; કુમારપાળનું જીવન ધર્મપ્રવૃત્તિનું અતિશય મહત્ત્વ બતાવે છે' :-**

પાપની પ્રવૃત્તિ નહિ જેવી થઈને ધર્મની પ્રવૃત્તિ ખૂબ થતી રહે. એ સમજતા હતા કે દિલ જૈનધર્મથી રંગાયેલું રહે એથી ધર્મપ્રવૃત્તિ ખૂબ થયા કરવાની, એથી એક દિવસ એવો આવે કે પાપપ્રવૃત્તિ બિલકુલ બંધ, અને એકલી ધર્મપ્રવૃત્તિ ચાલે; એટલે કે સંસાર-ત્યાગ અને સંયમ-ગ્રહણનું જીવન બનાવી દેવાય, અને એમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય એ પાંચના આચાર અર્થાત્ ભરચક પંચાચારની પ્રવૃત્તિ ચાલે.

જોજો આમાં ય દૃષ્ટિ કયાં જઈ રહી છે,- 'મારા ભાવ ચોક્ખા કરું, મારી આંતરિક વૃત્તિ સુધારું,' એકલી એના પર દૃષ્ટિ નહિ, કિન્તુ ભાવ અને વૃત્તિને નિર્મળ કરનાર ભરચક ધર્મપ્રવૃત્તિ પર દૃષ્ટિ જઈ રહી છે; કેમકે મહારાજ કુમારપાળ અહીં પણ એ જ ભરચક ધર્મપ્રવૃત્તિ જ કરી રહ્યા હતા, ને એના દ્વારા જ અંતરના ભાવ વધુ ને વધુ નિર્મળ કરી રહ્યા હતા, અંતરની વૃત્તિને જડ તરફથી હટાવી આત્મા તરફ વાળી રહ્યા હતા.

**ગોવિંદ બ્રાહ્મણના ભાવ શી રીતે સુધર્યા ? :-**

ધર્મપ્રવૃત્તિની પુષ્કળતાની ભાવ શુદ્ધ કરવાની કેવી અદ્‌ભુત તાકાત છે એ ગોવિંદાચાર્યના જીવનમાં જોવા મળે છે. એ મૂળ ગોવિંદ નામના વૈદિક વિદ્વાન બ્રાહ્મણ હતા. વિદ્વાન એવા કે બીજા વિદ્વાનો સાથે વાદ કરતા અને એમાં વિજય મેળવતા છતાં કયારેક કયારેક થાપ પણ ખાઈ જતા, અને વાદમાં હારી પણ જતા.

ત્યારે ગોવિંદ બ્રાહ્મણને વિચાર આવ્યો કે 'જૈન મુનિઓ વાદ કરવામાં હોશિયાર હોય છે; તો એમની પાસેથી જો વાદની કળા શીખી લઉં તો વાદમાં કદી પરાસ્ત ન થવું પડે, પરાજય ન થાય.'

**પ્ર.**- પરંતુ તો પછી જૈન મુનિઓ સાથે તો વાદ કરવામાં પરાસ્ત થવું પડે ને ?

**ઉ.**- એમની નજર સામે વૈદિક વિદ્વાનો છે, એટલે 'વૈદિક વિદ્વાનોની સામે



વાદ કરવામાં તો અચૂક વિજય મળે,' એ એમનું લક્ષ્ય છે; અને માણસ પ્રાયઃ ઘરમાં જ શૂરવીરતા ઈચ્છે છે, ઘરવાળાની સામે જ જીભાજોડી ચલાવે છે. આજે કુટુંબોમાં કલેશ કેમ છે ? ઘરમાં માતા ને બૈરી પર કેમ શૂરા થવું હોય છે ? શેઠની સામે તો 'મિંદડી મી' બની જાય છે ! ત્યાં જીભાજોડી નહિ ચલાવે, કેમકે ભય છે કે 'કદાચ શેઠ નોકરીમાંથી હેઠો ઉતારી દે !' શૂરા થવાનું તે ઘરના કુટુંબના માણસો પર ! એટલે જ લગભગ ઘર ઘર જીભાજોડી અને કલેશ-કંકાસ ચાલે છે. કલિકાલની કેવી દુઃખદ અસર છે કે મુનિઓમાં પણ કયાંક એક ગુરુના શિષ્યો વચ્ચે જ ઊંચી-નીચી ચાલતી હોય છે. બહારનાઓ સાથે તો સારા સારી રાખશે. કેમકે ત્યાં જીભાજોડીથી શૂરા થવાનું પાલવે એવું નથી; કારણ સામેથી હડધૂત થવાનો ભય છે. ઘરનાની સામે શૂરવીર થવામાં એ વાંધો દેખાતો નથી, એટલે ત્યાં જ જીભાજોડીથી શૂરવીર થવું હોય છે ! કલિકાળનો આ શ્રાપ છે.

પરંતુ ત્યાં વિચાર નથી કે,

**જેમની સાથે તારે જિંદગી કાઢવી છે શું એમનો પ્રેમ મેળવવો ટકાવવો એમાં ડહાપણ ? કે એમનો વિરોધ-અણગમો વહોરવો એમાં ડહાપણ ?**

**કુટુંબી ઉપર આપણું વર્ચસ્વ હું પદ સ્થાપવા જઈએ એમાં ચિત્તને શાંતિ રહે ? કે એમના પર હેત વાત્સલ્ય ઊભરાવવાનું જ કરીએ એમાં ચિત્તને શાંતિ રહે ?**

આ તો વ્યવહારુ વાત થઈ.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૪,તા.૨૪-૯-૧૯૮૩**

બાકી આત્માની દૃષ્ટિએ ઘરમાં જો શૂરવીરતા જ બતાવ્યા કરવાની હોય, અને એ માટે જીભાજોડી જ કરવાની હોય, તો ચિત્ત કેટલું બધું કષાયના સંક્લેશમાં રોજના માટે અને જીવનભર રહ્યા કરે ?

તો શું આ મનુષ્ય જન્મ જિંદગી સુધી કષાયના સંક્લેશ કર્યા કરવા માટે જ છે ? કે

જીવનમાં ઉપશમભાવ મૈત્રીભાવ કમાઈ જવા માટે છે ?

કષાયના સંક્લેશ અનંત કાળના ચાલ્યા આવે છે, ત્યાં ઉપશમભાવ-સૌમ્યભાવ-મૈત્રીભાવનો પાયો બીજા કયા જન્મમાં નાખવાનો ?

આ જો વિચાર આવે તો પહેલાં નંબરમાં ઘરમાં શૂરા થવાનું માંડી વળાય; કેમકે ત્યાં ચોવીસે કલાકના અને જીવનભરના સંબંધ બંધાયેલા છે, તેથી ત્યાં શૂરવીર થવાના દુરાગ્રહમાં તો જીવનભર અશાંતિ અને કષાયના સંક્લેશ ચાલે;

જ્યારે, બહારનાની સામે તો ક્યારેક પ્રસંગ આવે. વાસ્તવમાં આ જોવા જેવું છે કે,

**ક્યાંય રોફ મારતા જીવના માથે કેટલાની મહાગુલામી ખલાયેલી છે ?**

કર્મોની મહાગુલામી કેવી કે રોફમાં પોતે કદાચ કોઈનો એક દાંત તોડવા જાય પરંતુ કર્મ અકસ્માત્ કે રોગ લાવીને બત્રીસે દાંત તોડી નાખે છે ! બાકી કર્મોની રોજની ગુલામી પારાવાર ભોગવી રહ્યો છે.

બીજી ગુલામી શરીરની છે. શરીર રોજની કેટલી વેઠ કરાવે છે ? બહુ સાચવવા છતાં અવસરે કેવું વાંકું થઈ બેસે છે ?

ત્રીજી ગુલામી આહારાદિ સંજ્ઞાઓની છે; અને સંજ્ઞાની ગુલામી રાખી માણસ કોનું કેટલું ચાટુ નથી કરતો ? કોની અવસરે લાતો નથી ખાતો ? બધું આહારની, વિષયોની, પરિગ્રહની અને આરામીની ગુલામીના લીધેસ્તો,

**સૌમ્યતા કેમ આવે ? :-**

એમ સરકાર, કાયદા, અમલદાર, શેઠ, દલાલ, વગેરે વગેરે કેટલાયની ગુલામી માથે ધરે છે ! પછી શું જોઈએ ઘરમાં શૂરવીર થવાનું મન થતું હશે ? વિચાર જોઈએ કે એ બધી ગુલામી અનિચ્છાએ પણ ઉઠાવવી પડે છે, તો પછી ઘરમાં સ્વેચ્છાએ મૃદુતા, સેવાભાવ, પ્રેમભાવ, સહાનુભૂતિ વગેરે કેમ ન કેળવું ? એથી મને પણ કષાયના સંક્લેશ ન થાય, અને ઘરનાઓને પણ એ ન થાય.

પેલો ગોવિંદ બ્રાહ્મણ ઘરમાં શૂરો થવા ઈચ્છે છે, એટલે પોતાના વૈદિક વિદ્વાનો અગર પોતાના જેવા એકાંતવાદી ઈતર દર્શનવાળાની સામે વાદમાં વિજેતા બનવું છે, તેથી વિચારે છે કે 'જૈન મુનિઓ પાસેથી જો વાદ કળા શીખી લઉં તો એ બધે જ વાદમાં વિજેતા બની શકું,' પરંતુ એમાં મનને સવાલ મોટો આ છે કે,

**ગોવિંદના મનોરથ :-** 'જૈન મુનિઓ ગૃહસ્થને વાદ-કળા શીખવવા ક્યાં નવરા બેઠા છે, તે મને ગ્રહસ્થને વાદ કળા શીખવે ? હા, હું જૈન સાધુ થઈ એમનામાં ઘુસી જાઉં તો મારી હોશિયારી દેખી સહેજે મને વાદ કળા શીખવે. તો હું બનાવટી વૈરાગ્ય દેખાડી જૈન મુનિ પાસે મુનિપણું માગું, ને પછી જો મને સાધુપણું મળે તો જરાય એમને શંકા ન પડે કે 'આ કામચલાઉ સાધુ છે' એ રીતે ધીરજથી વિનય કરી કરીને એમની પાસેથી એમની વિદ્યા લેતો જાઉં; અને ઝટપટ ગ્રહણ કરતાં ક્રમશઃ વાદ-વિદ્યા આવી જશે, તે શીખીને પછી સાધુવેશ મૂકી પાછો મારા સ્થાને ચાલ્યો જઈ દુનિયામાં વાદકળાથી અજોડ વાદી વિજેતા બનીશ !'

કેવા મનોરથ છે ? છે આમાં ક્યાંય સાધુ થઈ આત્માનું સુધારવાની વાત ? ના, અહીં તો માનાકાંક્ષાથી મહાનવાદી વિજેતા બની દુનિયામાં કીર્તિનું કોટડું ચણવું છે. અભિમાનથી નામનાની યશકલગી પહેરવી છે. આવાને સાધુ ધર્મ લઈ



પાળેલો ફળે ? લોભ, માનાકાંક્ષા અને અભિમાન એ મિલન ભાવ છે. મલિન ભાવથી ધર્મ લે, ને ધર્મપ્રવૃત્તિ કરે, એનું કલ્યાણ થાય ? પરંતુ અહીં ગોવિંદ બ્રાહ્મણના પ્રસંગમાં જોજો કે કેવું સારું પરિણામ આવે છે ! આર્દ્રકુમાર વગેરે પર્ષદાની આગળ,-

**પુણ્યનંદન સૂરિજીનો ગંભીર આશય :-**

પુણ્યનંદન સૂરિજી મહારાજ આ જ બતાવી રહ્યા છે કે

"લજ્જાથી, ભયથી, કૌતુકથી, લોભથી કે અભિમાનથી... ધર્મપ્રવૃત્તિ કરે તેને એનું અમાપ ફળ મળે છે. આ કહેવા પાછળ આચાર્ય મહારાજનો એક જ આશય છે કે તમે ભરચક સાંસારિક પાપપ્રવૃત્તિઓ અને મોહની પ્રવૃત્તિઓમાં પડેલા છો, તો એમાંથી બહાર નીકળી ધર્મપ્રવૃત્તિમાં આવો. જુઓ લજ્જા વગેરે કોઈ કારણે પણ ધર્મ કરે છે એને એનું અમાપ ફળ મળે છે, તો તમે શુભ આશયથી ધર્મ કરશો તો તેનું તો તમને કેટલું બધું અથાગ ફળ મળશે ?" પહેલી વાત જ આ છે,-

**પ્રવૃત્તિ સુધારો, પછી વૃત્તિ સુધરવી સરળ પડશે.**

**ગોવિંદ વિપ્રની કુનેહ :-** ગોવિંદ બ્રાહ્મણ પહોંચ્યો જૈનાચાર્ય પાસે; નમસ્કાર કરી હાથ જોડી કહે છે, 'મહારાજ ! સંસારથી થાકેલો છું સંસાર-ત્યાગ કરવો છે. આવ્યો છું આપની પાસે યોગ્ય લાગે તો મને સાધુ દીક્ષા આપો !'

આચાર્ય મહારાજ એમ તો શાના એકદમ દીક્ષા આપી દે ? આચાર્ય મહારાજ એની પ્રશ્ન-પરીક્ષા કરે છે, એમાં સાધુપણાનાં કષ્ટ બતાવી પૂછે છે,-

'આવાં કષ્ટ તમારાથી શી રીતે સહન થશે ?'

બ્રાહ્મણ હોશિયાર છે ને ? એ કહે છે 'પ્રભુ કષ્ટ તો સંસારમાં ક્યાં ઓછા છે ? ને અહીં થોડા ત્યાગ-તપનાં કષ્ટ સહન ન કરાય, તો પછી પરલોકમાં અધમગતિઓમાં કષ્ટ ક્યાં ઓછા છે ?'

આચાર્યશ્રી કહે છે, 'પણ અહીં તો ભૂલભાલ થાય તો તો સાધુઓ સહન નહિ કરે; તમને વારેવારે ટોકશે.'

બ્રાહ્મણ કહે 'એ તો મારાં અહોભાગ્ય કે મારા આત્મહિતની મહાત્માઓ કાળજી કરે. એથી તો મારી ક્ષતિઓ સુધરી જાય.'

આચાર્ય પછી અહિંસાદિ મહાવ્રતોની સૂક્ષ્મતા બતાવી એ પાળવાની કઠણાઈ બતાવે છે, ત્યારે બ્રાહ્મણ કહે,

'આવું અદ્ભુત નિષ્પાપ જીવન જીવવા મળે એ તો મોક્ષને બહુ નિકટ કરી આપે. મારું પરમ સૌભાગ્ય કે આવું સુંદર જીવન જીવવા મળે !'

ગોવિંદ બ્રાહ્મણને નિર્ધાર છે કે 'ગમે તે રીતે આચાર્યનો શિષ્ય થઈ જવું છે, પછી વાદવિદ્યા મેળવી લેવાનું તો મારું કામ છે. પછી તો એવા વિનયના પ્રકાર સાચવીશ કે આચાર્ય મહારાજ સામેથી મને વિદ્યાઓ આપશે.' આ ગણતરી હોવાથી આચાર્યે જેટલા પ્રશ્ન કર્યા, એમાં એવા અનુકૂળ ઉત્તર આપ્યા કે આચાર્યને લાગ્યું કે 'આ વ્યક્તિ દીક્ષા માટે યોગ્ય છે,' તેથી એને શુભ મુહુર્તે સાધુ દીક્ષા આપી.

ગોવિંદ બ્રાહ્મણ હવે ગોવિંદ મુનિ બની ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા લે છે. 'ગ્રહણ શિક્ષા' એટલે જૈન શાસ્ત્રોનું શિક્ષણ, અને 'આસેવન શિક્ષા' એટલે સાધુપણામાં કરવાના આચરણનું શિક્ષણ, સાધ્વાચારોના પાલનનું શિક્ષણ.

**જૈન ચારિત્રધર્મમાં શું શું ? :-**

જુઓ ગોવિંદ બ્રાહ્મણનો અહીં સુધી આવવામાં પોતાના અંતરમાં માત્ર લોભનો ભાવ છે, વાદવિદ્યાનો લોભ છે, 'સાધુ બની જાઉં તો સાધુજીવન જીવતાં જીવતાં મને વાદ વિદ્યા મળે,' એમ લોભથી ગોવિંદ બ્રાહ્મણ સાધુ થયો ને સાધુ ધર્મની પ્રવૃત્તિઓ કરે છે. પરંતુ લોભથી ય સાધુધર્મ-પ્રવૃત્તિ કરાતી એને કેવા અમાપ ફળ માટે થાય છે, એ જુઓ. સાધુજીવનમાં ગ્રહણ-આસેવન બંને પ્રકારની શિક્ષા લેતાં લેતાં,

(૧) પૃથ્વીકાય આદિ છ જીવનિકાયનું ઝીણવટથી જ્ઞાન મળવા માંડ્યું...

(૨) અહિંસાદિ મહાવ્રતોના પાલન માટે ઝીણામાં ઝીણાં હિંસા જુઠ વગેરે પાપોનું સ્વરૂપ, એ પણ કાયાથી કરવા નહિ, કરાવવા નહિ, અનુમોદવા નહિ, તેમ એ પાપો વચનથી ય કરવા કરાવવા-અનુમોદવા નહિ, એમ ૩x૩ = ૯ નવ કોટિએ એ પાપોનો ત્યાગ, એનું સ્વરૂપ જાણવા મળે છે.

(૩) સાધ્વાચારમાં ગોચરી-ભિક્ષા અંગેના ઝીણા ઝીણા ૪૨ દોષ કેવા કેવા ત્યજવાના, (૪) વચન-શુદ્ધિ કેવી કેવી પાળવાની.

(૫) ઈચ્છાકાર-મિથ્યાકારાદિ દશ પ્રકારની સામાચારી કેવી કેવી પાળવાની,

(૬) ષડ્આવશ્યક, (૭) પંચવિધ સ્વાધ્યાય,

(૮) વસ્ત્ર-પાત્ર-વસતીની પ્રતિલેખના, (૯) આર્ત-રૌદ્ર-ધ્યાનનો-ત્યાગ... વગેરે વગેરે સાધ્વાચાર, એમ

(૧૦) દશ પૂજ્ય સ્થાનોનો દરેકનો ૫-૫ પ્રકારે વિનય કેમ સાચવવો... આ બધી આસેવન શિક્ષા મળવા માંડી, એમાં સ્વાધ્યાયમાં વળી સૂત્રસ્વાધ્યાય અર્થ-સ્વાધ્યાયમાં સૂત્રો અને એના અર્થનો બોધ કરાવનારી ગ્રહણ-શિક્ષા મળવા માંડી; અને ગોવિંદ મુનિ એમાં પલોટાતા ગયા. તેથી એમનું મિથ્યાત્વ ઓગળતું ચાલ્યું. એમના મનને એમ થાય છે કે,-



**ગોવિંદમુનિનું હૃદય પરિવર્તન : જૈનધર્મની વિશેષતાઓ :-**

"અહો ! (૧) કયાં ગૃહસ્થ જીવનમાં ડગલે ને પગલે પાપભરી પ્રવૃત્તિ ? અને કયાં સાધુજીવનમાં ડગલે ને પગલે નિષ્પાપ પ્રવૃત્તિ ?"

(૨) કયાં વૈદિક ધર્મમાં ધર્મના નામ હેઠળ અપકાય-તેજસ્કાય વગેરે જીવોના કચ્ચરઘાણ કાઢવાનાં ? ત્યારે કયાં જૈન સાધુ-જીવનમાં અહિંસામય ધર્મ પ્રવૃત્તિઓ ?

(૩) વળી, જૈનધર્મમાં કેવો વિરતિ-ધર્મપૂર્વકનો મહાત્યાગ ! ને કયાં વિરતિમાર્ગનું મહત્ત્વ નહિ સમજતા ઈતર ધર્મ ?

(૪) એના પ્રરૂપક ઈષ્ટદેવ કેવા વીતરાગ સર્વજ્ઞ ! એમનું જીવન કેવું લોકોત્તર ! કેવું શુદ્ધ જ્ઞાનમય ! કોઈ રાગ નહિ દ્વેષ નહિ. એની સાચી સર્વજ્ઞતા પણ કેવી અદ્ભુત !

(૫) ત્યારે આમના સિવાય સાચાં તત્ત્વ અને સાચો મોક્ષ-માર્ગ કોણ બતાવી શકે ?

(૬) જૈનધર્મની વળી એક અનન્ય વિશિષ્ટતા જ્ઞાનાવરણાદિ આઠ કર્મોનું અતિ વિસ્તૃત વિજ્ઞાન !

(૭) વળી એ કર્મોની મંદતાએ થતો કેવો ૧૪ ગુણસ્થાનકોનો જીવનો ઉન્નતિ ક્રમ !

(૮) વળી જૈનધર્મની એક આગવી વિશેષતા સ્યાદ્વાદ-અનેકાંતવાદનો સિદ્ધાન્ત ! એના પાયા ઉપર નયજ્ઞાન, સપ્તભંગી, અનુગમ-નિક્ષેપ વગેરે ચાર અનુયોગ, એમાંય નિક્ષેપાની પ્રરૂપણામાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો વિશ્વવ્યાપી સિદ્ધાન્ત...આ બધું જે જાણવા મળ્યું, આમાંનું વૈદકાદિ ઈતર ધર્મોમાં શું જોવા મળે ?

ગોવિંદ બ્રાહ્મણ જેમ જેમ ગ્રહણ-શિક્ષામાં આગળ વધે છે તેમ તેમ આ બધું જાણતાં જાણતાં પાણી પાણી થઈ જાય છે ! એમને એમ થાય છે કે 'ખરેખર ! અનંત કાળમાં આ નહિ મળ્યું હોય એવું મળ્યું ! જો પૂર્વ જન્મોમાં મળ્યું હોત, તો તો આ સંસારમાં વિવિદ યોનિયોમાં હું શાનો રખડતો-ભટકતો રહ્યો હોત ? અથવા પૂર્વ જન્મમાં કદાચ આ ધર્મ મળ્યો હશે, પરંતુ કોઈક એવી વિરાધના કરી હશે કે અહીં મિથ્યાધર્મ-વાસિત કુળમાં પટકાઈ પડ્યો ! ભલે વાદ-વિદ્યાના લોભથી અહીં જૈનધર્મના ચારિત્ર ધર્મમાં આવી ગયો, પરંતુ તે સારું થયું કે એમ પણ જૈન ચારિત્રધર્મ મળ્યો ! આવું મહાપવિત્ર સાધુજીવન ચારિત્ર-જીવન મળ્યું ! ત્યારે હવે અનંત સુખભર્યા અને અનંત કલ્યાણમય મોક્ષને દેનારા આવા સાધુ-જીવનને પામીને શું મારે માત્ર વાદ-વિદ્યા મેળવી સંતોષ માનવાનો ? શું ઐરાવણ હાથી દેવા તૈયાર

હોય એવા દાતાર પાસેથી ગધેડો માગી લઈ સંતોષ માનવો ? અને માનો વાદ-વિદ્યા મળી પછી શું આ મહાપવિત્ર સાધુ-જીવનમાંથી ખસી જઈ એકલા અભિમાન અને માનપાનની લાલસા તથા પાપકર્મોના થોક પોષનાર વાદી વિજેતાનું નાશવંત જીવન જીવવાનું ?'

આવો લાખેણો માનવ-અવતાર નરકાદિ ગતિદાયી કષાયોના પોષણમાં કામે લગાડવાનો ? કે માનવભવને ચારિત્ર જીવનથી કષયોનાં શોષણ કરી, કષાયોને નામશેષ કરી નાખવામાં કામે લગાડવાનો ? બસ, ગોવિંદમુનિની વાદ-વિદ્યાની લાલસા ઓગળીને ખલાસ થઈ ગઈ ! મિથ્યાત્વ ઓગળીને ખત્મ થઈ ગયું ! એ કયારે બન્યું ? વાદવિદ્યાના લોભથી પણ ચારિત્ર લીધું, અને ચારિત્ર-ધર્મની બહુવિધ પ્રવૃત્તિ કરી હતી ત્યારે. નહિતર એમ પણ જો એ ચારિત્ર-જીવનમાં જ ન આવ્યા હોત તો શું પામત ? તો તો બ્રાહ્મણ જીવનમાં વિદ્વત્તાનું પ્રદર્શન કરતાં કરતાં અને વાદો લડતાં લડતાં હીરા જેવા માનવ અવતારને નકરી પાપપ્રવૃત્તિઓમાં કથિરનો કોલસાનો બનાવી દીધો હોત ! પછી આ જન્મમાંથી કયાં રવાના થાત ? દેવલોકમાં ? કર્મ-સત્તા જાણે ડામ દેખાડે છે, જાણે કહે છે,- ‘‘આવ આવ તારે નકરા વિષયો અને કષાયોને પોષવાનું જીવન જીવવું છે ? તો તારા માટે નરકાદિ દુર્ગતિઓમાં જગ્યા ઘણી છે. સદ્‌ગતિમાં જગ્યા તો કષાયો અને વિષયોના રાગદ્વેષ વગેરે મોળા પાડે, અને વિષયોની ગુલામી મંદ કરી નાખે, તેથી જ હિંસાદિ પાપોથી વિરામ પામે એવા સોભાગી જીવો માટે રીઝર્વ થયેલી છે.’’

ગોવિંદમુનિને પસ્તાવો થાય છે કે ‘અરેરે ! આવા મહાપવિત્ર ને ઉત્તમ લોકોત્તર ચારિત્ર ધર્મને મેં હલકા વાદવિદ્યાના લોભની વૃત્તિથી લીધો ! ખેર હવે ગુરુના ચરણે પડી જાઉં ને મારી કાળી કથા કહી પ્રાયશ્ચિત્ત માગું; અને હવે ફરીથી શુભ ઉદ્દેશથી ચારિત્ર લેવા ચારિત્રની પ્રાર્થના કરું.'

બસ, ગોવિંદમુનિ ગયા આચાર્ય મહારાજ પાસે, કહે છે, ‘પ્રભુ ! ફરીથી સમ્યક્ત્વ અને ચારિત્ર આપો.'

આચાર્ય મહારાજ ચોંકી ઊઠે છે કે ‘આવો સારો સાધુ કેમ ફરીથી ચારિત્ર માગે છે !' આ હિસાબે જોવા જેવું છે કે ગોવિંદ મુનિએ ચારિત્ર કેવું પાળ્યું હશે કે ગુરુને સંતોષ છે કે આ સાધુજીવન સુંદર જીવે છે. પૂછો,

**પ્ર.**- ગોવિંદ મુનિને તો વાદવિદ્યા લેવી હતી તો સાધુજીવન ઉપર ઉપરથી સારું જીવે, અને અંદરમાં ગોલમાલ ચલાવે તો ન ચાલત ?

ઉ.- અહીં બે વાત છે,-

(૧) જો સાધુ થઈને વાદવિદ્યા લેવી છે, તો એટલા પૂરતું પણ સાધુવેશની



વફાદારી જાળવવી જોઈએ.

**પ્રામાણિકતા એનું નામ છે કે જે સ્થિતિમાં બેઠા ઈષ્ટ સિદ્ધિ કરવી છે, તે સ્થિતિને ઉચિત વર્તાવ રખાય.**

એટલે અહીં ગોવિંદમુનિ સાધુજીવન પ્રામાણિકતાથી જીવી રહ્યા હતા પછી ગોલમાલ ચલાવવાની વાત શાની ?

(૨) બીજી વાત એ છે કે આચાર્ય મહાગીતાર્થ હોવાથી શિષ્યની ગોલમાલ મુખમુદ્રા, ભાષા વગેર ઇંગિત પરથી પકડી પાડે; અને પછી એવા સૌમ્ય અને પ્રોત્સાહક શબ્દોમાં સારણા-વારણા-ચોયણા કરે કે એ સાધુ તો શું, પણ બીજા સાધુઓને પણ ચિમકી લાગે, જાગૃતિ-પ્રોત્સાહન મળે. આવા પ્રેરણાસ્રોત રૂપ નેતા માથે હોય પછી સાધ્વાચાર-પાલનમાં ગોલમાલ શાની ચાલે ? શુદ્ધ આચાર-પાલન જ ચાલતા હોય. એટલે જ આચાર્ય મહારાજ અહીં ચોંકી ઊઠે છે કે ‘આવા શુદ્ધ આચાર-પાલનવાળો આ સારો ગોવિંદમુનિ કેમ ફરીથી સમ્યક્ત્વ અને ચારિત્રનું ગ્રહણ માગે છે ?' પૂછે છે, ‘કેમ શું છે ? શું કોઈ મોટી ભૂલ થઈ છે ?'

**ગોવિંદમુનિનો ભવ્ય ઈકરાર :-**

ગોવિંદમુનિ કહે ‘‘ભગવન્ ! ભૂલ શું થાય ? મેં સારી રીતે ચારિત્ર ને સમ્યક્ત્વ પણ લીધું જ કયાં છે ? શબ્દથી વૈરાગ્ય બતાવીને નામનું ચારિત્ર લઈ હું આપને ઠગ્યો છું. મારામાં સાચો વૈરાગ્ય હતો જ નહિ, મેં તો માત્ર આ ચારિત્ર લઈને આપની પાસેથી વાદ-કળા શીખી લેવી હતી, અને એ શીખીને પછી આ ચારિત્ર મૂકી દઈ મારે ફરીથી પાછો ઘરે જઈ વાદવિજેતા ગોવિંદ બ્રાહ્મણ બનવું હતું, પરંતુ બનાવટી સાધુ બન્યા પછી આપની પાસેથી ગ્રહણ-શિક્ષા આસેવન-શિક્ષા લેતાં લેતાં મને જૈનધર્મની સાચી ઓળખ થઈ. વીતરાગ સર્વજ્ઞ ભગવાન દેવાધિદેવ તરીકે ઓળખાયા. સર્વજ્ઞના કહેલા જીવઅજીવ આદિ તત્ત્વ સમજાયાં, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગ ઓળખાયો. આ તત્ત્વજ્ઞાન અને મોક્ષમાર્ગના ભવ્ય ઉદ્દેશ તરીકે મોક્ષના અનંત સુખનું ભાન થયું. ત્યારે મને લાગ્યું કે ‘અરે ! કેવી મારી અજ્ઞાન અને મૂઢ દશા ! ચારિત્રથી મળનાર મોક્ષ કયાં ? અને કયાં મારો વાદવિદ્યા કમાઈ લેવાનો જઘન્ય અધમ ઉદ્દેશ ? ચારિત્રથી મળી શકતા મોક્ષમાં અનંત જન્મ મરણનો અંત અને અનંત અવ્યાબાધ સુખ મળે ! એ ક્યા ? અને ક્યા આ વાદવિદ્યા અજમાવવાના જીવનથી કષાયોની પુષ્ટિ તથા પરિણામે સરજાતી જન્મ-મરણની પરંપરા ક્યાં ?''

‘એટલે હવે મને મારી બાલિશતા અને મૂઢતાનું ભાન થયું છે. વાદિ-વિજેતા બનવાના અરમાન ઊતરી ગયા છે, હવે તો ભવપરંપરાનો અંત લાવવાની

જ એકમાત્ર તમન્ના જાગી છે, તો એ ભવનો અંત લાવનારા સમ્યક્ત્વ અને ચારિત્રનું મને ખરેખરું આરોપણ કરવા કૃપા કરો; અને દેવાધિદેવને, શાસનને, આપને તથા ચારિત્ર-ધર્મને ઠગ્યાનું જે કાંઈ પ્રાયશ્ચિત્ત આવતું હોય તે આપો.'

ગુરુ આ સાંભળી સ્તબ્ધ થઇ ગયા. ગોવિંદમુનિની નિખાલસ આલોચના અને હવે જાગેલી સાચી ચારિત્ર-તમન્ના પર ઓવારી ગયા ! એ બદલ મુનિને ધન્યવાદ આપે છે, અને સમ્યક્ત્વ સહિત મહાવ્રતોનું આરોપણ કરે છે. એ પછી તો ગોવિંદમુનિ જબરદસ્ત શાસ્ત્રબોધ મેળવી આચાર્ય પદ પ્રાપ્ત કરે છે ! અને શ્રી ભગવતી-સૂત્ર આગમ પર નિર્યુક્તિશાસ્ત્ર-વ્યાખ્યાગ્રન્થ લખે છે, જે ગોવિંદાચાર્યની નિર્યુક્તિ શાસ્ત્ર તરીકે પ્રસિદ્ધ છે.

વિચારવાનું આ છે કે આટલે સુધીની ઉન્નતિ એ શાનું પરિણામ ? જો એ લોભથી પણ સાધુ ન થયા હોત તો આટલે સુધી પહોંચત ખરા ? ના, એ તો લોભથી પણ ચારિત્ર લઈ ચારિત્રધર્મની વિવિધ પ્રવૃત્તિઓ એમણે કરી એથી એમની અંતરની વૃત્તિઓ બદલાતી અને શુદ્ધ થતી આવી, અને શુદ્ધ ચારિત્રપાલન પર આવી જઈ જિનશાસનના એક પ્રભાવક આચાર્ય બની ગયા.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૫,તા.૧-૧૦-૧૯૮૩

એટલે જ અહીં પુણ્યનંદન આચાર્ય મહારાજ ધર્મપ્રવૃત્તિ ખૂબ કરવા ઉપર ભાર મૂકે છે. પૂછો,-

**પ્ર.**- તો શું અંદરની વૃત્તિ પર લક્ષ નહિ ખેંચવાનું ?

**ઉ.**- અલબત જે જીવો ધર્મપ્રવૃત્તિ ખૂબ કરે છે એમણે અંતરની વૃત્તિઓનું સંશોધન કરવા પર ખાસ લક્ષ દેવાનું. એટલે એવા જીવોની આગળ અંતરની વૃત્તિઓ નિર્મળ કરવા પર ભાર મૂકવો જ જોઈએ; પરંતુ જેમનામાં હજી ધર્મપ્રવૃત્તિઓનું ઠેકાણું નથી જે પાપપ્રવૃત્તિઓમાં રાચ્યામાચ્યા રહે છે, એવાની આગળ વૃત્તિ-સંશોધન અને ભાવની નિર્મળતા પર ભાર મુકાય અને 'ધર્મપ્રવૃત્તિ ખૂબ મહત્ત્વની છે, જીવનમાં ધર્મપ્રવૃત્તિ ખૂબ આચરાવી જોઈએ, એનાથી ભાવ ચોક્ખા થશે.' એવો ભાર ન મૂકાય, તો આ બિચારા પાપમાં રચ્યાપચ્યા રહેનારા પાપરસિક જીવો ધર્મરસિક શે બને ? એ ખૂબ ખૂબ ધર્મપ્રવૃત્તિ કરતા શે થાય ? ને જો એ નહિ, તો અંતરના ભાવ શી રીતે નિર્મળ કરી શકવાના ?

**મેઘકુમારનો જીવ હાથી** જંગલનું ગમાર જનાવર હતું અલબત એને જાતિસ્મરણ જ્ઞાન થયેલું, પણ એમાં તો એટલું જ ભાન થયું હતું કે 'દાવાનળ



લાગે તો મોટા મોટા ઝાડ સળગી ઊઠે એની વચમાં બળી મરાય. તેથી દાવાનળનાં અવસર પહેલાં જો કોઈ જમીનનો ભાગ ઝાડપાન વિનાનો કરી રાખ્યો હોય, તો એમાં ઊભા રહેવાથી આગથી બચી જવાય.' બસ, આટલા ભાન પર એણે એવો ભૂમિભાગ તૈયાર કરી રાખેલ, અને દાવાનળ જાગતાં પોતે એ ભૂમિભાગમાં આવી ઊભો રહેલ. અહીં સુધી એને કશું જ ભાન નથી કે સારા ભાવ શું અને મલિન ભાવ શું ? એ પછી બીજા પણ જનાવર ત્યાં દોડી આવ્યા, તો એણે પોતાની તૈયાર કરેલ જગાની મમતા ન કરી કે 'અહીં બીજાને ન પેસવા દઉં,' યા એ જીવો પર ઈર્ષ્યા-અસૂર્યા ન કરી કે 'અહીં કેમ આવો છો ?' પણ બધાને ત્યાં ઊભવા દીધા ! યાવત્ પોતે ખણવા પોતાનો એક પગ ઊંચો કર્યો, અને એ પગઠામની જગામાં એક સસલું બેસી ગયું, તો ખણ્યા પછી નીચે સસલાને જોતાં દયાના પરિણામથી પગ નીચે ન મૂકતાં અદ્ધર જ રાખ્યો !

જનાવરના અવતારે આ દયાની પ્રવૃત્તિ કરી એમાં એને કશું ભાન નથી કે સંસાર શું અને મોક્ષ શું ? અલબત દયાના ભાવ છે, પરંતુ એ ભાન નથી કે 'આ દયાધર્મની પ્રવૃત્તિ કરું તો મારો મોક્ષ થાય; મોક્ષ માટે આ દયાની પ્રવૃત્તિ કરું' એવો કશો આશય નથી. તો શું આ જીવદયા એ અધર્મ છે ? સંસારવર્ધક છે ? કહેતા નહિ; કેમકે ખુદ પ્રભુએ ''જ્ઞાતા અધ્યયન'' આગમમાં 'તે જીવદયાથી સંસાર મર્યાદિત કર્યો' એમ કહી એ હાથીની જીવદયા પર ધર્મનો સિક્કો માર્યો છે, અને ભવવૃદ્ધિ નહિ, પણ ભવકટ્ટી બતાવી છે.

હાથીએ જીવ પ્રત્યે દયાના ભાવથી દયાધર્મની પ્રવૃત્તિ કરી, તો એ ભાવથી ધર્મ કર્યો ગણાય; ને એનું એ જીવ અમાપ ફળ પામ્યો; કેમકે હાથી મરીને પછીથી એ રાજા શ્રેણિકના પુત્ર મેઘકુમાર થતાં ભગવાનની દેશનાથી વૈરાગ્ય પામી ગયા, ને સાધુ બન્યા ! પણ જ્યાં એજ રાતના સંથારામાં મુનિઓના પગની પડતી રજથી કંટાળ્યા, ચારિત્ર મૂકી દઈ ઘેર જવા વિચારે છે, અને એ માટે પ્રભાતે પ્રભુ પાસે રજા લેવા આવે છે, ત્યાં પ્રભુએ શું કહ્યું જાણો છો ? પ્રભુએ કહ્યું,- 'હે મેઘકુમાર ! તેં પૂર્વ ભવે એક અજ્ઞાન પશુ હાથી તરીકે પણ સસલાને બચાવવા અઢી દિવસ પગ ઊંચો રાખેલો અને અંતે મૃત્યુ પામ્યો, ને એથી અહીં રાજપુત્ર થયો, તે તું અહીં મહાપૂજ્ય મુનિઓના પગની રજથી કંટાળે છે ? તિર્યંચના અવતારે જીવની દયા કરતાં આવડી, તે અહીં માનવ અવતારે સાધુ થઈને તને મહામુનિઓની ભક્તિ બહુમાન ન આવડે ? તને ખબર છે ?'

**एवं खलु मो मेहा ! ताए पाणाणुकंपाए परित्तिकओ ते संसारो !**

"હે મેઘકુમાર ! એ પ્રમાણે તેં ખરેખર તે જીવદયાના કાર્યથી તારા સંસારને મર્યાદિત કરી દીધો. એક જીવની દયાની પ્રવૃત્તિ આવું મહાન ફળ નીપજાવે તો પૂજ્ય એવા સાધુની ભક્તિની પ્રવૃત્તિ એથી પણ કેટલું બધું ઊંચું ફળ નીપજાવે ?"

મેઘકુમાર આ સાંભળીને પોતાની દુર્ભાવનાનો પશ્ચાત્તાપ કરી સંયમમાં સ્થિર થઈ જાય છે. અહીં આ જોવાનું છે કે ધર્મની પ્રવૃત્તિ કેટલું જબ્બર કામ કરે છે ! હાથીએ જો ખાલી ખાલી મનમાં દયાનો ભાવ રાખ્યો હોત, કે 'મને સસલા પર દયાનો ભાવ છે' એમ દયાની પ્રવૃત્તિ વિના દયાના ભાવમાત્રથી સંતોષ વાળ્યો હોત તો શું એ રાજપુત્ર મેઘકુમાર થાત ? ને સંસારને ત્રણ ભવમાં મર્યાદિત કરી શક્યો; ને એ જ વાત પ્રભુએ એને સમજાવી.

એ પણ જોવા જેવું છે કે હાથીએ આ દયાધર્મની પ્રવૃત્તિ કરી એ માત્ર જીવ પર દયાનો ભાવ આવવાથી એ કરેલી, છતાં એ એને અમાપ ફળ આપનારી થઈ ! ભગવાન શ્રીમહાવીર પ્રભુએ પણ એજ કહ્યું કે 'તેં જીવની દયાથી સંસાર પરિમિત કરી દીધો,' અહીં 'જીવદયા' એટલે માત્ર દયાના ભાવ નહિ કિન્તુ દયાના ભાવ સાથે દયાની પ્રવૃત્તિથી સંસાર મર્યાદિત થયો. આમ કહીને પ્રભુને મેઘકુમારને સાધુ પ્રત્યે હૈયામાં માત્ર ભક્તિના ભાવ માટે નહિ કિન્તુ ભક્તિની કાયાથી પ્રવૃત્તિ માટે ઉત્તેજિત કરવો છે, ધર્મની પ્રવૃત્તિ વિનાના ધર્મના કોરા ભાવ આત્માનું શી પ્રગતિ કરી આપે ? ધર્મની પ્રવૃત્તિ કરે તો ધર્મના ભાવ ખરેખરા જાગવા માંડે છે, જાગ્યા હોય તે ટકે છે, ને ટકેલા ભાવ વધતા જાય છે. ધર્મપ્રવૃત્તિનો આ મહિમા છે.

એટલા જ માટે 'અધ્યાત્મસાર' શાસ્ત્રમાં કહ્યું કે 'દ્રવ્ય-સમ્યક્ત્વ-મારોપ્ય, વ્રતાની દદતે બુધાઃ' અર્થાત્ દીક્ષાર્થીના દિલમાં ભાવથી સમ્યક્ત્વ ન આવ્યું હોય તો પણ ગીતાર્થ મુનિઓ ત્યાં દ્રવ્ય-સમ્યક્ત્વનો આરોપ કરીને વ્રતો મહાવ્રતોને આપે છે, એનું આરોપણ કરે છે. કેમ વારું ? આ વ્રતો-મહાવ્રતોની પ્રવૃત્તિ જ એવી છે કે એ પ્રવૃત્તિ કરતાં કરતાં જીવમાં સમ્યક્ત્વના અને વ્રતના ખરેખરા ભાવ જાગવા સુસંભવિત્ત છે જો આ ધર્મપ્રવૃત્તિ જ ન હોય, તો શું સંસારના આરંભ-વિષય-પરિગ્રહોની ધૂમધામ પ્રવૃત્તિથી આ સમકિત-ચારિત્રના ભાવ જાગવાના હતાં ?

આર્દ્રકુમાર અનાર્યદેશમાંથી ભાગીને આર્યદેશમાં આવેલ છે, એને લક્ષ્મીપુર નગરમાં જતાં આચાર્ય પુણ્યનંદન સૂરિ મહારાજની દેશના સાંભળવા મળે છે. જેમાં આચાર્ય મહારાજ ધર્મનો મહિમા બતાવતાં કહી રહ્યા છે કે લજ્જાથી ધર્મ કરે, ભયથી ધર્મ કરે, સ્નેહથી ધર્મ કરે, બહાર કીર્તિ ફેલાય છે માટે ધર્મ કરે, તો એ ધર્મ કરનારને અમાપ ફળ મળે છે. આમ કહીને આચાર્ય મહારાજને એમ કહેવું છે કે 'તમે ધર્મની પ્રવૃત્તિ કરો, અને કમમાં કમ એટલી પાપની ને મોહની પ્રવૃત્તિ



છોડો' આગળ આચાર્ય મહારાજ કહે છે, 'હે ભાગ્યવાનો બૂઝો, બૂઝો, જીવનનો શો ભરોસો છે ?'

(૧) જીવન તો સંધ્યાના રંગ જેવું ચંચળ છે. આકાશમાં ખીલેલી સંધ્યાના મનોરમ રંગ હમણાં જોયા ને થોડી વારમાં એ રંગ અલોપ ! આકાશ કાળું ધબ દેખાય છે.

(૨) એમ જીવન પાણીના પરપોટાં જેવું છે, પાણીનો પરપોટો કેટલો ટકે ? હમણાં જોયો ને હમણાં જ ફૂટી ગયો !

(૩) એમ જીવન પાંદડા પર રહેલા ઝાકળના બિંદુ જેવું ચંચળ છે. હમણાં બિંદુને મોતીના દાણાની જેમ ચમકતું દેખ્યું, ને હમણાં જ પવનના ઝપાટામાં ઊપડી ગયું !

એ રીતે જીવન હમણાં તો જીવી રહ્યા છીએ, ને જોતજોતામાં જીવન પૂરું થઈ જાય છે ! ખબર નથી પડતી કે બાળપણું ને કુમાર અવસ્થા, યુવાની કે પ્રૌઢતા, કયાં પસાર થઈ ગયા ? ને બુઢાપો આવી ઊભો ! તે પણ જોતજોતામાં જીવને મૃત્યુએ લઈ ગયો ! આમાં ય કોઈ પોતાના માટે ભરોસો રાખી શકે એમ નથી કે 'ક્રમસર આ બધી અવસ્થાઓમાંથી હું પસાર થઈશ જ... હું સો વરસ પૂરા કરીશ જ,' કશો ભરોસો નહિ; કેમકે કેટલાય જીવો કોઈ બાળપણે, તો કોઈ કુમારપણે, તો કોઈ વળી યુવાનીમાં ચાલતા થાય છે, એ નજરે દેખાય છે.

આ સ્થિતિમાં જીવને કહો કે 'હે પાપી જીવ ! તું કેમ બોધ પામતો નથી ? કેમ જાગ્રત્ થતો નથી ? જીવન હજી હાથમાં છે ત્યાં સુધી ધર્મ સાધી લેવાની તક છે; જીવન પૂરું એટલે તક ખલાસ ! આ તું કેમ સમજતો નથી ? ને કેમ ધર્મ કરવાનું ચૂકે છે ?'

**માનવ જનમનો જીવનકાળ એ અતિદુર્લભ ધર્મ પુરુષાર્થ કાળ છે.**

જગતમાં જુઓ અનેક પ્રકારના અવતારોમાં રહેલા જીવોને પણ જીવનકાળ તો મળ્યો છે, પરંતુ એ કયાં એમના માટે ધર્મપુરુષાર્થ કરવાનો કાળ છે ? કેમકે એમને ધર્મની કશી સમજ જ નથી, પછી ધર્મપુરુષાર્થ શું કરે ? એમને સમજ છે ખાવાની, વિષયોના રંગરાગ ઉડાવવાની, પરિગ્રહ મળતો હોય તે ભેગો કરવાની અને આરામી કરવાની ! આ બધાની એમને ગમ છે; ધર્મની કશી ગમ જ નથી. જ્યાં ધર્મની કશી ગમ જ નહિ, ત્યાં ધર્મનો પુરુષાર્થ એ શો કરે ? એટલે જ કહેવાય કે એનો જીવનકાળ એ ધર્મપુરુષાર્થનો કાળ જ નથી.

"ત્યારે હે જીવ ! તને આ અતિ દુર્લભ ધર્મપુરુષાર્થ કાળનું જીવન મળ્યું છે. આવા સોનેરી કાળને ધર્મપુરુષાર્થથી સફળ નહિ કરે, તો સમજી રાખજે જીવન

ચંચળ છે, જોતજોતામાં પુરું થઈ જશે ! એ પુરુ થયું એટલે ધર્મપુરુષાર્થની તક ગઈ. પછી ?"

**હલકી ગતિઓના એકલી મોહની ચેષ્ટાઓના અંધકારમય જન્મોમાં કેદ પૂરાઈ ગયે ધર્મ શું કરી શકશે ?** "આ તુ કેમ સમજતો નથી ?"

## શશીપ્રભ-સુરપ્રભનું હૃદયદ્રાવક વૃત્તાંત

ઉપદેશમાળા શાસ્ત્રમાં દૃષ્ટાન્ત આવે છે;- બે ભાઈ હતા મોટો ભાઈ શશિપ્રભરાજા, અને સુરપ્રભ યુવરાજ. નગરમાં આચાર્ય મહારાજ વિજયઘોષ સૂરિજી પધાર્યા એમનો ઉપદેશ સાંભળીને નાનો સુરપ્રભ બોધ પામ્યો; તે મોટાભાઈ રાજાને કહે છે,

'આપણે ધર્મ કરીએ.'

શશીપ્રભ કહે 'આ તું ક્યાથી ઠગાયો ? હાથવેંતમાં મજેના સુખસાધન મળ્યા છે, એ શું છોડી દેવાના ?'

સુરપ્રભ કહે 'આ સુખો ઠગારા છે. એમાં ન મુંઝાઈ જવાય. જગતમાં જુઓ બહુ થોડાને સુખ મળ્યાં છે, તે થોડા એજ પૂર્વે ધર્મ કરેલો માટે. બાકી ઘણા જીવો પાપો કરનારા ને ઘણા દુઃખી છે.'-

શશીપ્રભ ન માન્યો, તેથી સુરપ્રભને વૈરાગ્ય વધી ગયો, એણે દીક્ષા લીધી. તપ તપીને પાંચમા દેવલોકે ગયો. મોટો ભાઈ કશો ધર્મ કરતો નથી, ને રાજા છે એટલે વિષયવિલાસ અને કષાયોમાં ચકચૂર રહે છે.

**પાસે બે પૈસા થતાં પાપો અને વિષય-કષાયની જાહોજલાલી :-**

આ તો રાજા છે, પણ સામાન્ય માણસોને ય જુઓ તો દેખાય છે કે જેને ધર્મ સાધવો નથી, એને બીજી બાજુ બે પૈસાની પુણ્યાઈ મળી હોય, તો એ શું કરવાનો ? આ જ એક લેશ્યા રહેશે કે 'ખાઓ, પીઓ, મોજ કરો, રંગરાગ ખેલો, અને યેન કેન પ્રકારે પૈસા ખૂબ કમાઓ.' આ લેશ્યાથી ધંધા-ધાપામાં જૂઠ-અનીતિ વગેરેનો હિસાબ નહિ રાખે ! જીવહિંસાના વેપાર કરતાં એને આંચકો નહિ ! વળી ધર્મની લેશ્યા જ નથી એટલે ક્રોધ-અભિમાનાદિ કષાયોમાં શું કામ બાકી રાખે ? શું આમાં માનવ જન્મની વડાઈ છે ?

જુઓ, રાજા શશીપ્રભ, વિષય-કષાય-ચકચૂર જીવન જીવી અંતે મરીને ત્રીજી નરકમાં ગયો. નાનાભાઈ સુરપ્રભે ચારિત્ર અને તપમય જીવન એટલે ઉત્તમ ધર્મપ્રવૃત્તિઓ કર્યે રાખી, અંતે એ મરીને પાંચમા દેવલોકમાં ગયો છે, ત્યાંથી એ અવધિજ્ઞાનથી જુએ છે કે 'મોટો ભાઈ ક્યાં છે ?' તો ત્રીજી નરકમાં એને પડેલો



જોઈ એની દયા આવી જાય છે. એના મનને એમ થાય છે કે 'હવે આને નિકાચિત પાપકર્મથી નિર્ધારિત નરકગતિ, એટલે આને કાંઈ આમાંથી છોડાવી શકાય નહિ, છતાં હું જાઉં એને દર્શન આપીને એને ધર્મનો બોધ આપું, પૂર્વભવનો ખ્યાલ આપું. હવે કદાચ પોતાની આ ભયંકર દુઃખમય સ્થિતિ જોઈ એને ધર્મનો બોધ લાગશે. પાપોનો પસ્તાવો થશે, તો એ બોધ લાગવાથી એને કાંઈક પણ ચિત્તમાં સમાધિ રહેશે.'

બસ, દેવ ગયો ત્રીજી પાતાલમાં નરકાવાસમાં મોટા ભાઈ પાસે, અને પોતાની ઓળખ આપી પૂર્વ ભવની આખી સ્થિતિ યાદ દેવડાવી; અને કહ્યું, 'જુઓ ભાઈ ! આ તમે પૂર્વે ધર્મનાં કષ્ટ ઉપાડ્યા નહિ, તો આ નરકમાં તમારે કેવા અતિ ભયંકર કષ્ટ વેઠવાનાં આવ્યા ?'

ત્યારે એ નરકમાં પડેલો શશીપ્રભ રાજા બોધ પામી કહે છે,-

'ભાઈ ! તમે જાઓ એ પૂર્વ ભવના નગરમાં, અને હવે એ મારા શરીરને સારી રીતે કષ્ટ આપી કચડો, જેથી મારા આ દુઃખ જાય. મેં મૂર્ખાએ ત્યાગ-તપ-સંયમ વગેરે ધર્મથી મારી કાયાને ન કચડી, પણ હું તમને કહું છું જે કે હવે તમે જઈને મારી દુષ્ટ કાયાને કચડો. તો આ મારાં જાલિમ કષ્ટ મીટે.'

દેવતા કહે 'ભાઈ ! હવે એ કયાંથી કચડાય ? કેમકે તમારા મર્યા પછી તો પાછળવાળાઓએ તમારી કાયાને બાળી ફુંકી નાખી; અને કદાચ માનો કે એ કાયા પડી ય રહી હોય, પરંતુ એમાંથી તમારો આત્મા નીકળી ગયો. એટલે એ કાયાને બીજા ગમે તેટલી કચરે, તેથી તમને કશો લાભ નહિ.'

**મર્યા પછી કાયા કચર્યે શું વળે ? એ તો જીવતા જીવે આત્મા પોતે પોતાની ઈચ્છાથી ત્યાગ-તપ-પરિષહ વગેરે ધર્મ-કષ્ટોથી પોતાની કાયાને કચરે તો જ એના મોટા ઈનામમાં નરકગતિના દરવાજા બંધ થાય,**

એમ તિર્યંચગતિના પણ દરવાજા બંધ થાય, સારી માનવગતિ-દેવગતિની સદ્ગતિ મળે. એ તો હવે આ તમારા જ કરેલા કર્મ છે, ને એ ભોગવ્યા વિના છૂટકો જ નથી. એમ સમજી ચિત્તમાં શાંતિ રાખો ને ભાવના રાખો કે કયારે આ નરકમાંથી છૂટી મનુષ્ય થાઉં ! અને સ્વેચ્છાથી સંયમ-તપ-ધર્મનાં ભારે ભારે કષ્ટ ઉઠાવું ! વર્તમાનમાં બીજા ઉપર કષાય કરશો નહિ, અરિહંત ભગવાન આદિ ચારનાં શરણ પકડો. અરિહંતને નજર સામે રાખ્યા કરો.'

એટલે જ આ વારેવારે યાદ કરવા જેવું સૂત્ર છે કે,-

**પરભવે મારી કાયાને પરમાધામી શું કચરતા હતા ? હું જ અહીં ભગવાને ફરમાવેલા ત્યાગ-તપ-સંયમ-પરિષહ વગેરેથી મારી કાયાને કચરી નાખીશ.'**

વિચારો પેલા નરકમાં પડેલા નાના ભાઈના બોલ. એ પૂર્વની મારી કાયાને હવે કચડી નાખ,' શું વળે કચડી નાખ્યે ? પણ આ પોતાની કાયાને કચડવાનું ભાન કયારે આવ્યું ? પછીના જન્મમાં નરકનાં ભયંકર કષ્ટ વેઠવાનાં આવ્યાં ત્યારે ! બાકી પહેલાં નાનો ભાઈ ધર્મ કરવા કહેતો હતો ત્યારે ધ્યાન પર એ લીધું જ નહિ.

ભવ હાથમાં હતો ત્યારે ધર્મનાં કષ્ટ સૂઝયા નહિ, અને હવે નરકની કારમી વેદના વખતે ધર્મનાં કષ્ટ સૂઝે છે ત્યારે એ ભવ હાથમાં નથી કેવી કમનસીબી !

એટલે જ આચાર્ય મહારાજ અહીં કહી રહ્યા છે કે 'હે પાપી જીવ આ જીવન ચંચળ છે, તો તું કેમ બોધ પામતો નથી ?'

## • માયારાત્રિ : કાળચોર : અંધકારનૃત્ય •

આચાર્ય મહારાજ આગળ ફરમાવે છે,-

**इयं मायारात्रिर्बहलतिमिरा मोहललितैः**
**कृतज्ञानाऽऽलोकास्तदिह निपुणं जाग्रत जनाः ।**
**अलक्ष्यः संहर्तुं ननु तनुभृतां जीवितधना-**
**न्ययं कालश्चौरो भ्रमति भुवनान्तः प्रतिगृहम् ॥**

અર્થાત્ આ માયારાત્રિ મોહની ચેષ્ટાઓથી ખૂબ જ અંધકારોથી ભરેલી હતી, તે અહીં જ્ઞાનના પ્રકાશવાળી કરાઈ છે તો હે ભવી જનો ! ખૂબ સાવધાનીથી જાગ્રત થઈ જાઓ (કાળના ભરોસે ન રહો, કેમકે) આ કાળચોર (કયારે આક્રમણ કરે એ) જણાય એવું નથી. એ આ જગત ઉપર જીવોના જીવતર અને સંપત્તિઓ સંહરી લેવા ઘર ઘર ભમે છે.

**આત્મામાં કેટકેટલાં અંધકાર ? :-**

આચાર્ય મહારાજનું એમ કહેવું છે કે માયારાત્રિમાં આપણો જીવ અનાદિની ચાલથી મોહની જ ચેષ્ટાઓ લઈ આવેલ છે; (૧) પોતાના આત્માના કશા જ ખ્યાલ વિના, અને (૨) પોતાના ત્રિકાલના હિત-અહિતના કશા જ જ્ઞાન વિના, માત્ર પોતાની ઇન્દ્રિયોને ગમતા-અણગમતાનો જ વિચાર રાખીને મન-વચન-કાયાથી પ્રવૃત્તિ કરતો આવ્યો છે. એટલે એમાં જ્યાં પોતાના આત્માનું જ ભાન નથી તેથી એ મૂળભૂત અંધકાર ગણાય, એના પર અનેક પ્રકારના અંધકાર પ્રવર્તે છે. (૧) પોતાના આત્મા અંગે અંધકાર, (૨) પરમાત્મા અંગે અંધકાર, (૩) જીવ અજીવ આદિ નવ તત્ત્વ અંગે અંધકાર. (૪) પોતાને થતા પુણ્ય-પાપોના બંધન અંગે અંધકાર, શમ-દમ, સંવર-નિર્જરા, શુભવૃત્તિ-પ્રવૃત્તિ, સ્યાદ્વાદ-વિરતિવાદ... વગેરે અનેકાનેક પારલૌકિક પારમાર્થિક પદાર્થો પરના અજ્ઞાનાવરણ રૂપી અંધકાર એવાં



છવાઈ ગયા છે કે એ કશું દેખાય જ નહિ. આ સ્થિતિમાં જે વિચાર-વાણી-વર્તાવ કરે છે, એ બધા મોહના ઘરના, અજ્ઞાનતાના ઘરના વર્તાવ છે, એટલે એ અંધકાર-નૃત્ય જેવું છે.

**મોહચેષ્ટાઓ પર્વતશિખરે અંધકારનૃત્ય જેવી :-**

અંધકાર-નૃત્ય જેવું એમાં અંધકાર-નૃત્ય એટલે અંધારે પર્વતના શિખર પર ખાડા ટેકરાવાળી જમીન પર જીવ નાચવા તો લાગ્યો, પરંતુ એમાં પડવા આખડવાનું કેટલું ? એમાં વળી જો શિખરના ઠેઠ કિનારે આવી ગયો, તો નીચે ઊંડા ખીણમાં પટકાવાનું કેવું ?

માત્ર ઇન્દ્રિયોને પોષવાની પ્રવૃત્તિમાં જીવને કશું દેખાતું નથી કે

**'અહીંના અંધકારનૃત્યમાં હું ચાર ગતિઓના ઊંડા ધરા જેવા આ જગતમાં કયાં જઈને પટકાઈશ ? અને કેવા કેવા ભયંકર ત્રાસ દુઃખ વેદનાઓ પામીશ ?'**

**એકેન્દ્રિય યોનિમાં** ઝાડ વગેરે થયો, તો ત્યાં એક જ સ્પર્શનેન્દ્રિય છે તેથી એને શાતા આપનાર અનુકૂળ ખોરાક પાણી મળતાં તાજગી અનુભવવાની જ વાત, ને પલ્લવિત થવાની વાત ! અને પ્રતિકૂળ આવ્યું તો કરમાઈ જવાની વાત ! **વિકલેન્દ્રિ** એટલે કે બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચૌરેન્દ્રિય થયો, તો વધારામાં રસના વગેરેથી ખાઉં ખાઉં કરી મજા અનુભવવાની વાત ! પછી ભલે એમાં કચરાઈ પીસાઈ મરવાનું હોય તે દેખાય જ નહિ ! કીડી-મંકોડા ગોળની ગંધ આવી, 'બસ, મેલ દોટ એના તરફ' 'અરે ! પણ માણસોના પગ નીચે કે બીજી વસ્તુઓના બોજ નીચે કચરાઈ મરીશ' ના, એ કાંઈ દેખાય જ નહિ ! અંધકાર નૃત્ય ! **પંચેન્દ્રિયના** અવતારોમાં પણ એજ ઇન્દ્રિયોની તુષ્ટિ પુષ્ટિની જ લત ! તે એની ખાતર પાર વિનાની પાપવૃત્તિઓ અને પાપપ્રવૃત્તિઓ કરી કરી નરકાદિ દુર્ગતિઓના થાળા ભરવાનું જ ચાલે ! જરૂર પડ્યે નીચે એકેન્દ્રિય સુધીમાં પટકાઈ જવાનું ! તે કોણ જાણે પાછો કયારે ઊંચે આવે ? બસ, બધી જ ઇન્દ્રિયોની તુષ્ટિ-પુષ્ટિ જ ચાલુ, એટલે બધું જ અંધકાર-નૃત્ય !

પરંતુ હવે અહીં જ્યારે જ્ઞાની ભગવંતો તરફથી જ્ઞાનનો પ્રકાશ મળે છે, આત્મા-પરમાત્મા-પરલોક, આશ્રવ-સંવર, કર્મબંધ-કર્મનિર્જરા... વગેરે વગેરે જાણવા મળે છે, ત્યાં પણ શું ઊંઘતા જ રહેવાનું ? એજ અંધકાર-નૃત્યની ચેષ્ટાઓ ચાલુ રાખવાની ?

આચાર્ય મહારાજ કહે છે, 'હવે જાગો જાગો'

**"રજની વીતી છે, વિકસી જ્યોતિ છે,**
**વન મત ઘૂમજે, હો,... વન મત ઘૂમજે"**

રાત્રિ વીતી છે, અંધકાર-નૃત્ય, અંધારે આથડવાનો રાત્રિ-સમય પૂરો થઈ ગયો છે, તત્ત્વજ્ઞાની જ્યોતિ પ્રકાશી ઊઠી છે, તો હવે ભવલીલાના જંગલમાં ભટકવાનું ન કરીશ.

હવે તો હિંસા-જૂઠ-ચોરી, મોહમાયા-મમતા, અભિમાન-છળ-પ્રપંચ... વગેરે વગેરેની મોહચેષ્ટાઓ પડતી મૂકી, ત્યાગ-તપ-સંયમ, ક્ષમા-નમ્રતા-નિખાલસતા, દયા-દાન-શીલ, પરમાત્મભક્તિ સાધુસેવા, વગેરેની જ્ઞાનમય પ્રવૃત્તિઓમાં લાગવા જેવું છે. તું એમ માનતો હોઈશ કે 'હજી શી ઉતાવળ છે ?' તો આચાર્ય મહારાજ કહે છે સમજી રાખ, કે

**'કાળ નામનો ચોર લોકોના ધનમાલ અને જીવતરને ચોરી લેવા, લૂંટી લેવા, ઘરઘર ફરતો રહે છે.'**

કેવો માયારાત્રિ અને કાળચોરીનો યોગ ! એક બાજુ અંધકારમયરાત્રિ, અને બીજી બાજુ એમાં સર્વત્ર ફરનારો કાળચોર ! શું બાકી રહે ? રાત્રિ પાછી એવી કે બધાને ઊંઘતા રાખે, એટલે ચોરને એમાં લૂંટાલૂંટ કરવામાં વાંધો જ ન આવે !

**માયા એ રાત્રિ શી રીતે ? :-** અહીં માયાને રાત્રિ કહી. માયા એટલે મમતા અને મમતાની વસ્તુઓ,-ધનમાલ પરિવાર...વગેરે, યાવત્ પોતાની કાયા. આ બધાની મમતામાં પડો એટલે સમજી રાખો કે એ પર્વતશિખરે ગાઢ અંધકાર નૃત્યની સ્થિતિમાં પડ્યા ! ત્યાં પછી આત્મભાન કશું જ નહિ. ઊંઘમાં માણસને પોતાની જાતની ક્યાં ખબર હોય છે ? નાનો વીંછી કે મોટો સાપ કરડવા આવે છતાં ઊભો ન થઈ જાય, અને હાથ કે પગ કશું સ્વેચ્છાએ હલાવવાની વાત નહિ ! સાપ-વીંછીના ડંખથી બચવા હાથ પગ કશું ખસેડે ય નહિ ! પેલો આરામથી કશી રોક ટોક વિના ડંખ મારીને ચાલતો જ થઈ જાય ને ?

**એવી આ ઊંઘ જેવી માયા-મમતામાં સ્થિતિ છે.**

એમાં ધનમાલ-પરિવાર-કાયાની મમતામાં ફસાયેલો જીવ ઊંઘતા જેવો એને કશું આત્મભાન નહિ, એટલે પેલી વસ્તુઓ રાગ-દ્વેષના ઝેર પોતાના આત્મામાં નાખ્યે જ જાય, નાખ્યે જ જાય. જીવને એનું કશું ભાન જ નહિ, કશો ભય નહિ, પછી એ ઝેર ચડીને ઘોર કર્મબંધન અને અનેક જન્મ-મરણ ઊભા કરે, ચારગતિ અને ચોરાશીલાખ યોનિઓમાં ભટકાવે, છતાં જીવને બ્રહ્મજ્ઞાન આવે નહિ ! પોતાના આત્માની થઈ રહેલ કારમી દુર્દશાનો કોઈ સંતાપ-વલોપાત થાય નહિ ! જીવ આ જ રીતે,

**માયાની રાત્રિમાં કશા સંતાપ વિના ઘોરતો અનંત અનંત કાળથી સંસારમાં ભટકતો રહ્યો છે,**



ક્ષુદ્ર કીડી જુ જેવો થયો તોય, પોતાનું સ્થાન અને આહારના પુદ્ગલ પરની પોતાને ભારે મમતા ! અરે ! ઝાડ થયો તોય પોતે પૂર્વ ભવે સંઘરેલા ધન પર મમતા કરીને એના પર પોતાનાં મૂળિયાં પાથરીને રહ્યો ! સમરાદિત્ય ચરિત્રમાં આવે છે, તેથી સમરાદિત્યનો જીવ ત્રીજા ભવમાં સાધુને જોઈ એમના વૈરાગ્યનું કારણ પૂછે છે, ત્યારે સાધુ પોતાના ચરિત્રમાં આ બતાવે છે કે,-

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૬,તા.૮-૧૦-૧૯૮૩**

''હું શ્રાવક, નગરની પાસેના પર્વત પર તીર્થંકર ભગવાન પધારેલા, તે પ્રભુનાં દર્શન વંદન અને વાણીશ્રવણ અર્થે ગયો. ત્યાં જઈ પ્રભુનાં દર્શન વંદન કરી દેશના સાંભળવા બેઠો. અવસર પામી વચમાં પ્રભુને મેં પૂછ્યું, ''ભગવાન ! આ શું આશ્ચર્ય કે અહીં આવતાં રસ્તામાં મેં જોયું કે પર્વતના ચઢાણ પર ઊગેલ એક નાળિયેરીના ઝાડે પોતાના મૂળિયાં ઠેઠ નીચે તળેટી સુધી લંબાવેલા, તો શું ત્યાં કોઈ દલ્લો દાટેલો છે ? ને તેમ હોય તો એ કોણે દાટ્યો ?''

અનંતજ્ઞાની પ્રભુએ કહ્યું

''ભો મહાનુભાવ ! ત્યાં તળેટીએ ૭ લાખ સોનૈયાનો દલ્લો દાટેલો પડ્યો છે, જેના પર મૂળિયાં બિછાવીને નાળિયેરીનું ઝાડ ઊંચે રહેલ છે, અને તે દલ્લો તેં અને આ નાળિયેરીના જીવે એક ભવમાં બંને ભેગા થઈને દાટેલો છે.''

આ સાંભળીને હું ચમક્યો મેં પૂછ્યું; -

''ભગવંત ! એ શી રીતે ?''

**ભગવાન પૂર્વ ભવ કહે છે :-**

પ્રભુ કહે,- ''એક ભવમાં તમે બે ભાઈ પરદેશથી ૭ લાખ સોનૈયા કમાઈ લઈ સ્વદેશ તરફ જતાં અહીં આવ્યા. એ વખતે પર્વત પર દુશ્મન રાજાનું લશ્કર છવાયેલું જોઈ ગભરાયા કે 'અહીંથી માલ લઈને જતાં કોક સુભટ દ્વારા લૂંટાઈ જઈએ તો ?' તેથી અહીં તમે ધન દાટ્યું. 'લશ્કર ઊઠી જશે પછી લઈ લઈશું.' કરી ચાલ્યા આગળ; પરંતુ આ નાળિયેરીના જીવ ભાઈની બુદ્ધિ બગડી, તારો અડધો ભાગ તને ન આપવો પડે માટે લાગ જોઈને તને કુવામાં ધકેલી દીધો ! તું મર્યો અને એ પણ ત્યાં રખોપું કરતાં કરતાં કોઈ શિકારી પશુ (કે મોટા ભોરિંગ)ના સપાટામાં ઝડપાયો ને મર્યો.''

પછી બંને જણ આ ભવમાં ભટકતા હતા, એમાં એને વચમાં ઉંદર બકરો વગેરે એવા બે ત્રણ ભવ મળ્યા કે જેમાં આ દલ્લાની જગા આગળ આવતાં

જાતિસ્મરણજ્ઞાન પામી દલ્લાને જાણી લઈ મમતા કરવા માંડ્યો, ને એમાં કમોતે મર્યો, તો ય મમતા ન છૂટી !''

**જાતિસ્મરણ જ્ઞાનથી પણ ધર્મ સૂઝવાનો નિયમ નહિ.**

જાતિસ્મરણ જ્ઞાન થવા છતાં 'અરેરે ! પોતે આ દલ્લાની મમતાથી રુડો મનુષ્ય જન્મ ગુમાવી હલકા તિર્યંચના અવતારોમાં રખડતો થઈ ગયો,' એની અફસોસી ન થઈ ! અફસોસીથી મમતાથી પાછા હટી જવાનું અને ધર્મમાં લાગવાનું ન સૂઝ્યું ! ઊલટું, મમતા તાજી કરી એને દઢ કરી ! પરિણામે ભવોમાં ભટકતાં ભટકતાં એ તો નાળિયેરીનું ઝાડ થયો, અને પેલી મમતાના ગાઢ સંસ્કારથી અહીં દલ્લા પર મૂર્ચ્છાથી પોતાના મૂળિયાં પાથરીને રહ્યો છે; પણ તું ત્યાં ભાઈથી મરાતાં છતાં તારા પરિણામ એટલા બધા દુષ્ટ ન થયા, તે આગળ આગળ શુભ પરિણામથી કાંઈક સારા અવતાર કરતો કરતો, અહીં આ શ્રાવકનો અવતાર પામ્યો છે.'

સમરાદિત્યના જીવને સાધુ પોતાનાં જીવનચરિત્રમાં આ કહી રહ્યા છે કે ''હું એ શ્રાવક, ત્યાં વૈરાગ્ય પામી રાજાની અનુજ્ઞા લઈ મેં પેલા જીવને રખડાવનાર દલ્લો કઢાવી નાખ્યો, અને એ દાનમાં આપી દઈને મેં દીક્ષા લીધી. સાધુપણે વિચરતાં આજે તને આ કહી રહ્યો છું. મારા વૈરાગ્યનું કારણ તને સમજાઈ ગયું હશે કે આ સંસારમાં માયાની (પરિગ્રહની) મમતા કેટલી બધી ભયાનક છે !!''

સમરાદિત્યનો જીવ આ સાધુનું ચારિત્ર સાંભળીને સ્તબ્ધ થઈ ગયો કે 'અરે ! દલ્લો તો ત્યાં નો ત્યાં જ રહ્યો પણ એ મમતા કરનાર જીવે પોતે કેવા દુરન્ત દુ:ખદ ભવો કર્યા !' આ વિચારે એ વૈરાગ્ય પામી ગયો ને પછી દીક્ષા લઈ લે છે. પૂજામાં બોલો છો ને ?

**''ત્રીજે ભવ સમરાદિત્ય, સાધુ ચરિત્રને સાંભળે રે,**
**તિર્યંચતરુનાં મૂળ, રાખી રહ્યો ધન ઉપરે રે,**
**મનમોહનજી જગતાત ! વાત સુણો જિનરાજજી રે''**

**માયાની મમતા ભયંકર :-**

એકેન્દ્રિયજીવ સુધી ! ઝાડ જેવું ઝાડ, જડ જેવું ગણાય, છતાં એને ય માયાની મમતા કેવી કે દૂર પણ રહેલા દલ્લા પર મૂળિયું પાથરીને નિરાંત અનુભવે ! નિરાંત એટલા માટે કહેવાય કે પછી દલ્લાથી આગળ મૂળિયું નથી લંબાવતું; બરાબર દલ્લા પર એ બિછાવીને દલ્લાને ઢાંકીને ઉપર રહે છે. માયા કેવી ?

ત્યારે કવિ કહે છે,-

**''માયા કારમી રે ! માયા મ કરો ચતુર સુજાણ''**



માયા એટલે કે પર વસ્તુની મમતા, એ કારમી ભયંકર છે, માટે હે ચતુર જ્ઞાની આત્મા ! માયા કરશો નહિ. આગળ કહે છે,-

**''માયા કામણ, માયા મોહન, માયા જગધુતારી''**

**માયા એ એક કામણ છે :-**

માણસ કોઈ પર તાંત્રિક કામણ કરે, પછી એની અસર એના ઉપર એવી પહોંચી જાય કે એ કામણના વિષયને જ દેખે. એની પાછળ ગાંડોતુર થઈ જાય. એવું અહીં બને છે. માયાનું કામણ લાગી ગયું એની જીવ પર અસર થઈ ગઈ, પછી જીવ એ માયાના વિષયને જ જોયા કરે છે ! બાળકને માતા પર મમતા છે એ કામણ છે, તો બચ્ચું માતાને જ જોયા કરે છે. મા આઘી-પાછી થાય તો બચ્ચું આકુળ-વ્યાકુળ થાય છે. એવી દશા કામાંધ માણસની પત્ની પર પોતાની માયાને લીધે થાય છે. એ પત્નીને જ જોયા કરે છે. એને પછી સગા માતા-પિતા ય દેખાય નહિ, ને દેવ-ગુરુ-ધર્મ પણ દેખાય નહિ ! એને તો એક જ લત કે 'શી વાત મારી પત્ની !' એની આગળ ૨૦૦-૫૦૦ની સાડી કે ૨-૫ હજાર રૂપિયાના હાર-આભૂષણનું નિવેદ ધરશે ! પણ દેવાધિદેવને મસોતા જેવું અંગલૂંછણું જોયા છતાં બે-પાંચ રૂપિયાનું નવું સારું મુલાયમ અંગલૂંછણું લાવી ધરવાનું નહિ સૂઝે ! માયા કામણ છે.

**માયા મોહન છે.** માયા મોહ પમાડનાર છે. અત્યંત આકર્ષિત કરનાર અને મનને મતિને મુગ્ધ કરનાર છે. પછી મન એ માયાની વસ્તુને જ અનુકૂળ જ કરવાનું જોયા કરશે. વર્તાવ પણ એવો જ કરશે.

મમ્મણના મન પર લક્ષ્મીએ એવું આકર્ષણ જમાવેલું કે 'રાતદિવસ કેમ મળેલું ધન સાચવી રાખું, અને નવું ધન વધારતો રહું,' આ જ એક લગન ને આ જ એક લેશ્યા રાખેલી. પોતાના ખાન-પાનમાં ય ઠેકાણું નહિ, તો સુકૃતની વાતે ય શી ?

**આ માયા એ કેવી અંધારી રાત !**

એવી કે એમાં પોતાના આત્માનું-ધર્મનું પરલોકનું કશું જ અજવાળું ન મળે !

એટલે જ આજે કેટલાક સારા કુળવાળામાં દુરાચાર, બિભત્સદર્શન ને અભક્ષ્ય-ભક્ષણ પેસી ગયા છે ! કેમકે વિષયસુખની જોરદાર માયા લાગી ગઈ, પછી ત્યાં કુળની ખાનદાનીનો ખ્યાલ સદાચારનો વિચાર, પરલોકનો વિચાર, એ કશું અજવાળું રહેજ નહિ. મનમાં દુરાચારનો કશો અરેકારો જ ન મળે !

**સારા કુળવાળા કોણ કોણ દુરાચારી ? :-**

- રાજા ચંદ્રશેખર નિજ ભગિની લુબ્ધો !
- રાજા ભર્તૃહરિની પ્રાણપ્યારી રાણી પિંગલા ઝાડુવાળામાં લુબ્ધ !

● ચક્રવર્તી થનાર પુત્ર બ્રહ્મદત્તની માતા ચુલણી પરપુરુષમાં લુબ્ધ !

● શ્રીપાર્શ્વનાથ ભગવાનનો જીવ પહેલા ભવે મરુભૂતિ હતો. એની પત્ની અને ભાઈ કમઠ અન્યોન્ય લુબ્ધ !

માયા કેવી ? **માયા કારમી રે...**

**માયા સિવાય બીજું કશું દેખવાનું નહિ, પછી એ માયા કામ કેવા કરાવે ? નરકાદિ દુર્ગતિમાં અને ભવોની મંજીલમાં ઘસડાઈ જવું પડે એવા !**

**માયા-રાત્રિમાં શાનું અંધારું ? :-**

પુણ્યનંદન સૂરિજી મહારાજ કહી રહ્યા છે, માયા એ ભયંકર રાત્રિ છે, એમાં ગાઢ અંધકાર છે, તત્ત્વનો કોઈ પ્રકાશ નહિ, આત્માનું કશું ભાન નહિ, પરલોકનું કશું જ અજવાળું કશો જ ખ્યાલ નહિ !

કૃત્ય અપકૃત્યના વિવેકનું એક પ્રકાશ-કિરણ ત્યાં ન મળે ! આચાર્ય મહારાજ કહે છે, પરંતુ જ્યારે અહીં જ્ઞાનીઓ તરફથી આ બધી વસ્તુનો જ્ઞાન-પ્રકાશ મળ્યો છે, તો પછી હે નિપુણજનો ! તમે કેમ હજી માયાના અંધારે માયાની નિંદમાં ઊંઘ્યા કરો છો ? જાગો જાગો, દેખો,

**'કાળ' નામનો ચોર લોકોના પ્રાણ અને ધન-માલ-સર્વસ્વ લૂંટવા ઘરઘર ભમી રહ્યો છે, ને લૂંટ્યે જાય છે.**

કોઈ એક ઘર, એક કુટુંબ બાકી ખરું કે જ્યાં કોઈનું મૃત્યુ ન થયું હોય ? ના, મોટા ઈન્દ્ર જેવાનું અરે ! તીર્થંકર ભગવાન જેવાનું ય મૃત્યુ થાય, તો બીજાના શા ભાર કે એને મૃત્યુ આવે જ નહિ ? જન્મ પામ્યો ? ત્યાં જ અમુક મુદત પછી પ્રાણનાશની સજા ઠોકાઈ જ ગઈ ! દુનિયામાં કોઈ ઘર નથી કે જ્યાં જન્મ થાય એનું મૃત્યુ ન થાય. જાણો છો ને ?-

**સગરચક્રીના ૬૦ હજાર પુત્રોનું શું થયું ? :-**

સગર ચક્રવર્તીના ૬૦ હજાર દીકરા અષ્ટાપદની રક્ષાના પ્રયત્ન કરવા જતાં દેવતાના પ્રકોપમાં એકી કલમે બળીને ખાખ થઈ ગયા ! સાઈઠ હજારમાંથી અડધા નહિ, ચોથા ભાગના ૧૫ હજાર નહિ, એક હજાર શું, એકસો નહિ, દસ નહિ અરે ! એક પણ પુત્ર બચ્યો નહિ ! કાળચોર સાઈઠે સાઈઠ હજારના પ્રાણ એકી કલમે લૂંટી ગયો.

હવે સાથે ગયેલું લહાવલશ્કર પાછું આવ્યું પરંતુ આ સમાચાર ચક્રવર્તીને અપાય શી રીતે ? કોણ આપે ? આપનારને ભય કે 'જ્યાં સમ્રાટ ચક્રવર્તીને કહ્યું કે "આપના ૬૦ હજાર પુત્રો મરી ગયા" ત્યાં જ ચક્રવર્તી રાડ પાડે,-' 'તો તું કેમ ન મરી ગયો તે આ બોલે છે ? લે, એમ કરી ત્યાં જ તલવારથી મારું ડોકું જ



ઉડાવી દે તો ?'

ત્યારે એક દેવતા એમની વહારે ધાયો. લશ્કરને કહે "હમણાં જરા બહાર ઊભા રહો; હું મહેલમાં જઈ વિધિ કરું છું, પછી ઈસારો કરું ત્યારે અંદર ચાલ્યા આવજો."

**મૃત્યુના સમાચાર દેવા દેવતાની કુનેહ :-**

કુનેહથી કામ લેવું પડે ને ? દેવતાએ બ્રાહ્મણનું રૂપ કરી ખાંધે છોકરાનું મડદું લીધું, અને ચક્રવર્તીના બારણે ઘા નાખી 'હાય ! આજ કોઈ રાજા જ નથી. પ્રજાનો ધણીધોરી કોઈ નથી. નહિતર મારા દીકરાના પ્રાણ કેમ ચોરાઈ જાય ? હાય હાય રે ! કયાં જાઉં ? મારું દુખિયારાનું કોણ સાંભળે ?'

ચક્રવર્તી એનું રુદન સાંભળી બોલાવી પૂછે છે "કેમ રુએ ? શું દુઃખ છે તને ?"

આ કહે "જોતા નથી, આ મારા છોકરાના પ્રાણ લૂંટાઈ ગયા ?"

રાજા કહે, "એમાં તો શું થાય ?"

પેલો કહે, "તો પછી તમે મોટા ચક્રવર્તી શાના થઈ બેઠા છો ? બીજા રાજાઓને જીત્યા તો આ જમરાજને જીતતા નથી ? આ જમડો તમે બેઠા ને મારા દીકરાના પ્રાણ લઈ ચાલતો થાય ? પકડી મંગાવો એને, એની પાસેથી મારા દીકરાના પ્રાણ લાવી આપો પાછા. જમને ન જીતી શકો તો તમે ચક્રવર્તી શાના ?"

રાજા કહે, "ભાઈ ! આ જમ એટલે મૃત્યુ. એને કોઈ ન જીતી શકે ? જન્મે એને મૃત્યુ તો આવે જ"

બ્રાહ્મણ કહે ! "તમારે એના પર ચઢાઈ કરવી નથી એટલે આમ બોલો છો,"-

**મૃત્યુ વિનાના ઘરમાંથી પાણી લાવ :-**

ત્યાં સગર ચક્રવર્તી કહે "છોડ, તાંત છોડ,' તારે તારા દીકરાના પ્રાણ પાછા લાવવા છે ને ? લાવી આપું. જા, એક કામ કર,- આ પ્યાલામાં એવા ઘરમાંથી પાણી લઈ આવ કે જે ઘરમાં જે કુટુંબમાં કોઈનું ય મૃત્યુ ન થયું હોય. જો મારા તાબાના ૯૬ કરોડ ગામ છે. એકેક ગામમાં કેટલાય ઘર છે, ગમે તે ઘરમાંથી પાણી લાવીશ તો ચાલશે, ફક્ત ત્યાં કોઈનું મૃત્યુ ન થયું હોય એટલું જોજે. પછી એ પાણીથી તારા દીકરાના પ્રાણ પાછા લાવી આપીશ. ચિંતા ન કર."

બ્રાહ્મણ પ્યાલો લઈને ઉપડ્યો. થોડીવાર રહીને પાછો આવી કહે છે 'મહારાજ ! એક ઘર એવું નથી મળતું કે જ્યાં કોઈનું મૃત્યુ ન થયું હોય.'

**દેવતા ચક્રવર્તી પાસે અંકે કરાવે છે :-**

ચક્રવર્તી કહે, "તો ભાઈ ! સમજી લે કે દુનિયામાં જન્મ્યા પછી દરેકને મૃત્યુ આવે છે. મોટા દેવતાને અને ઈન્દ્રને પણ મોત આવે, તેમાંય નિયમ કશો નહિ કે મોટાને જ પહેલું મૃત્યુ આવે. ને નાનાને પછી જ મૃત્યુ આવે. ના, આવો કોઈ

નિયમ નહિ, એટલે મોટા બેઠા રહે ને નાનાને પહેલું મૃત્યુ આવે એમ પણ બને. તો હવે રો નહિ.'' સગર ચક્રવર્તી શું કહી રહ્યો છે ? આ જ કે માયારાત્રિમાં કાળચોર આખા જગતમાં ઘર ઘર ભમે છે, તે ગમે ત્યારે ગમે તે જીવના પ્રાણ સંહરી જાય છે.

ચક્રવર્તી પાસે બ્રાહ્મણે અંકે કરાવ્યું કે 'નાનાને ય પહેલું મોત આવે, ને તે ગમે ત્યારે આવે.'

પછી લશ્કરને ઈસારો કર્યો, એટલે કાળા ઝભ્ભામાં લશ્કર ત્યાં દાખલ થયું. ચક્રવર્તી જોઈને ચોંકી ઊઠી પૂછે છે, 'આ શું ? શેના કાળા ઝભ્ભા ? અને છોકરા કયાં ?'

બ્રાહ્મણ કહે,- 'માફ કરજો, તમારા ૬૦ હજાર છોકરા અષ્ટાપદજી તીર્થની રક્ષા કરતાં કરતાં એમના પર દેવતાનો પ્રકોપ ઊતર્યો, અને એણે સાઈઠે હજારને બાળી મૂકયા !'

ચક્રવર્તીને આ સાંભળતાં જ કમકમી આવી ગઈ, એટલો બધો સજડ આઘાત લાગ્યો કે 'હેં ?' બોલતાં જ બેભાન થઈ ગયો. શીત ઉપચારથી ભાનમાં આવતાં જ્યાં પોક મૂકી રોવા જાય છે, શોક કરે છે, ત્યાં દેવ બ્રાહ્મણ કહે છે,-

**દેવનું ચક્રવર્તીને આશ્વાસન :-**

''મહારાજ ! મહારાજ ! આ શું કરો છો ? હમણાં જ પહેલાં તમે મને કહેતા હતા કે જન્મેલાને મોત આવે જ, અને કોને કયારે મોત એનો નિયમ કશો નહિ. નાનાને પણ પહેલાં મોત આવે. તો આ શાનો શોક કરો ? મને શિખામણ એ તમને નહિ ? જુઓ હું મનુષ્ય નથી દેવતા છું. આ તમને આઘાત ન લાગે, અને ધૈર્ય રહે, એ માટે જ મેં આ બ્રાહ્મણ અને એના મરેલા પુત્રનો દેખાવ રચ્યો હતો. માટે હવે શોક ન કરો, સંતાપ ન કરો, મરેલા જીવ પાછા આવતા નથી, તેથી શોક કરેલો માથે પડે છે. શોક કરવાને બદલે છોકરાઓના તીર્થરક્ષાના ભવ્ય આત્મપરાક્રમની અનુમોદના કરો, અને જાત માટે બોધ ગ્રહણ કરો કે આપણને પણ મૃત્યુ ખબર નથી કે કયારે આવે; માટે મૃત્યુ આવતાં પહેલાં આત્માનું હિત સાધી લો.''

બસ, આચાર્ય પુણ્યનંદન સૂરિજી મહારાજનું આ જ કહેવું છે, 'દુન્યવી માયા, ને માયાની જડ ચેતન વસ્તુઓ ઘોર અંધકારભરી એક રાત્રિ છે, એમાં કાળચોર જીવે માનેલા સર્વસ્વ ઉપર એકવાર ધાડ પાડવાનો છે, ને એ સર્વસ્વ જોતજોતામાં ઊડી જવાનું છે. તો એ સર્વસ્વને વળગ્યા રહેવું ? જીવને કહેવું.'

**આજસુધી બહારની મોહમાયાનું ઘણું કર્યું, હવે અંદરવાળા તારા આત્માનું કર.**



કેમકે અહીં તને જૈનધર્મનો પ્રકાશ મળ્યો છે. કાળચોરની ધાડ વખતે આ ધર્મ-તત્ત્વ-પ્રકાશની તક પણ લૂંટાઈ ખોવાઈ જવાની છે. જીવતાં જ એની તક છે. માટે જ્યાંસુધી અહીં જીવતો છું ત્યાંસુધીમાં આ પ્રકાશમાં ધર્મ કરી અંદરવાળા તારા આત્માનું સધાય એટલું સાધી લે.''

અનાર્યદેશમાંથી ભાગી આર્યદેશમાં આવેલ આર્દ્રકુમાર લક્ષ્મીપુર નગરમાં આચાર્ય પુણ્યનંદન સૂરિજી મહારાજની પર્ષદા આગળ દેશના સાંભળી રહ્યો છે.

એમાં છેલ્લે આચાર્ય મહારાજ શ્રી પુણ્યનંદન સૂરિજી કહે છે,-

**બેમાંથી જે ઈષ્ટ હોય તે કર :-**

જુઓ પુણ્યવાનો ! જગતમાં

(૧) ધર્મનાં ફળરૂપે અહીં માન-સત્કાર-આદર-કીર્તિ, ચિત્તશાંતિ-સમાધિ, અને પરલોકમાં નરેન્દ્ર વિદ્યાધરેન્દ્ર યાવત્ દેવેન્દ્રપણા સુધીનાં ફળ દેખાય છે; ત્યારે

(૨) પાપનાં ફળ રૂપે અહીં અપમાન-અનાદર-અપયશ, માનસિક ચિંતા-સંતાપ-અસમાધિ, અને નરક-તિર્યંચાદિ દુર્ગતિ તથા ઘોર અશાતા-દુઃખ-ત્રાસ દેખાય છે.

માટે અમારે એટલું જ કહેવું છે, હવે તમને આ બેમાંથી જે ઇષ્ટ હોય ગમતું હોય તે કરો.'' અહીં પ્રશ્ન થાય,

**પ્ર.**- 'જે ઈષ્ટ હોય' એમ કહીને શું આચાર્ય મહારાજે એમ કહ્યું કે તમને પાપ ઈષ્ટ હોય તો પાપ કરો ? જૈન મુનિ શું પાપ કરવાનું કહે ?

ઉ.- ના, 'જે ઈષ્ટ હોય' એમ કહીને 'જે સુખ કે દુઃખ ઈષ્ટ હોય તે ઈષ્ટનો માર્ગ લે' ત્યારે જીવને સહજ રીતે સુખ જ ઈષ્ટ છે, દુઃખ કોઈને ય ઈષ્ટ નહિ. એટલે તો અનંત જ્ઞાનીઓ ધર્મ કરવાનું કહે છે છતાં એ જીવ કેમ નથી કરતો ? કારણ કે જીવ ધર્મમાં કષ્ટ દેખે છે, દુઃખ દેખે છે, તેથી જ ધર્મ નથી કરતો. દુઃખ જો ઈષ્ટ હોય તો ધર્મ કેમ ન વધાવી લે ? જીવને ઈષ્ટ સુખ છે. તેથી આચાર્ય મહારાજ અહીં કહે છે, 'જો સુખ ઈષ્ટ છે, તો સુખનો માર્ગ ધર્મ છે, પાપ નહિ. માટે પાપ છોડો ને ધર્મ કરો.'

**શિકારી રાઠોડને બારોટની ચીમકી :-**

પેલો રાઠોડ, ખબર છે ને, જંગલમાં શિકાર કરી પાછો ઘોડા પર ચાલ્યો આવતો હતો, ઘોડાને પૂંછડે શિકારથી મારેલા સાત સસલાની હાર બાંધી હતી, તે રસ્તા પર ઘોડાની પૂંઠે સસલાના મડદા ઘસડાયા આવતા હતા. હવે રાઠોડ રસ્તો ભૂલ્યો, રસ્તાની ખબર નથી પડતી, એટલે ત્યાં સામેથી આવતા એક ચારણ બારોટને પૂછે છે,- 'ભાઈ ! ગામનો રસ્તો કયો ?'

ચારણ હોંશિયાર અને દયાળુ હતો. એણે જોયું 'અત્યારે આ શિકારી રાઠોડને

ટોણો મારવાનો અવસર છે, કદાચ એ ટોણો લાગતાં આ હિંસા છોડી દે તો સારું;' એટલે એ નિર્ભયપણે જવાબ દે છે,-

**"જીવ વધંતા નરય ગઈ, રખ્ખંતા સગ્ગ હોય;**
**હું જાણું દોય વટ્ટડી, જિણ સૂઝે તિણ લોય."**

અર્થાત્ મને બે માર્ગની ખબર છે,- જીવને મારતાં નરકગતિ અને જીવને બચાવતાં સ્વર્ગગતિ, એટલે જીવહિંસા એ નરકનો માર્ગ, અને જીવદયા એ સ્વર્ગનો માર્ગ છે, નરક, સ્વર્ગ, જે ઇષ્ટ હોય એનો માર્ગ પકડી લો.'

રાઠોડ ટોણો સમજી ગયો, 'આ મને એમ કહે છે કે આ તે શો જીવોને મારવાનો શિકારનો ધંધો માંડ્યો છે ? નરકે જાઈશ નરકે. પછી ત્યાં કોઈ તારો બાપ પણ છોડાવવા નહિ આવે. અરે ! જેણે તારા શિકારના ગુણ ગાયા, ને પીઠ થાબડી હશે, એ પણ નરકમાંથી તને છોડાવવા નહિ આવે ! અને નરકનાં દુઃખ એટલે હજારો-લાખો-કરોડો-અબજો અસંખ્ય વરસના કપાવા-છેદાવા-છોલાવા-પીસાવા-બળાવા વગેરેનાં જાલિમ ભયંકર દુઃખ ! એ તારાથી શે સહ્યા જશે ? માટે એ દુઃખો લાવનાર આ શિકાર વ્યસનને છોડ;'- એમ બારોટ કહે છે.

રાઠોડ તરત ઘોડા પરથી નીચે ઊતરે છે, અને બારોટને પીઠ થાબડી અભિનંદન આપે છે, ઉપકાર માનતો કહે છે, 'ચારણ ! આજે તેં મારી આંખ ખોલી નાખી. જા, આજથી મારે જીવનભર શિકાર ત્યાગ. તારો ઉપકાર માનું છું,' એમ કહી ચારણને ઇનામ આપે છે, ને ઘોડાને પૂંછડે ગાઠેલી સસલાની હારને છોડી નાખી ગામનો રસ્તો પૂછી રવાના થાય છે.

**આચાર્ય મહારાજ અહીં દેશનાની સમાપ્તિમાં આ કહે છે,-**

**"સુખનો માર્ગ ધર્મ, દુઃખનો માર્ગ પાપ."**

**"સુખ કે દુઃખ જે ઇષ્ટ હોય તેનો માર્ગ લે."**

મતલબ 'તમને સુખ જ ગમે છે, તો સુખનો માર્ગ ધર્મ અપનાવો.'

ધર્મનો મહિમા, ધર્મનાં ફળ, ધર્મનાં કારણો અને જીવનની ચંચળતા તથા માયારાત્રિમાં કાળચોર પર આચાર્ય મહારાજની દેશનાથી સભા પ્રભાવિત થઈ ગઈ, એમાં આર્દ્રકુમાર તો એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે આમે ય એ ધર્મસાધના માટે જ અનાર્યદેશ છોડી આર્યદેશમાં આવ્યો હતો, એમાં આચાર્ય ભગવંતના શ્રીમુખે ધર્મમહિમાની અને ધર્મફળની અદ્ભુત દેશનાનું અમૃત પીવા મળ્યું ! એટલે તો હૈયામાં હવે અજબ ગજબ ધર્મના ભાવ ઊછળે છે ! એના મનને એમ થાય છે કે,-



**આર્દ્રકુમારને દેશનાની અસર :-**

"અહો ! ધર્મનો જ્યારે આટલો બધો મહિમા છે, તો પછી મારે ધર્મ સિવાય બીજું કરવા જેવું છે જ શું ? સારું થયું કે હું અહીં આર્યદેશમાં આવી. ગયો! તો જ આ ધર્મમહિમા સાંભળવા મળ્યો ! અનાર્યદેશમાં આનું સ્વપ્નું ય કયાં જોવાનું હતું ?"

"હવે તો મારે જીવનમાં જો એકલો ધર્મ જ જોઈતો હોય, ને પાપ જોઈતુ જ ન હોય, તો મારે ચારિત્રમાર્ગ જ શ્રેયસ્કર છે. ઘરવાસના જીવનમાં તો છએ કાયાના જીવોની કચ્ચરઘાણ કરાવા પડે, ને અઢારે પાપસ્થાનક સેવવા પડે ! તેમ પાપોની અવિરતિ ય જાલિમ ઊભી ! ત્યારે સાધુજીવનમાં પાપસ્થાનક બંધ અને ધર્મ સાધવાની પૂરી સ્વતંત્રતા ! ધર્મ સેવવા સાધુ સ્વતન્ત્ર, તે ફાવે એટલો ધર્મ આચરી શકે. માથાવાઢ દુશ્મન આવે છતાં સાધુ એના પર ભરપૂર ક્ષમા વરસાવી શકે. તપસ્યા શક્ય એટલી કરી શકે. તો ધર્મ સાધવાની આ સર્વતન્ત્ર સ્વતંત્રતાનો લાભ ઉઠાવી લેવા હું સાધુ થઈ જાઉં."

બસ, આર્દ્રકુમારે ચારિત્ર લેવાનો નિર્ધાર કરી લીધો, અને પોતાની સાથે ઘરેથી જે ધન-ઝવેરાત લઈ આવ્યો હતો તે બધું સાતે ક્ષેત્રમાં ખરચી દીધું. પૈસા કેમ ન રખાવ્યા ? કહો, હવે જો સાધુ થવું છે તો પૈસાની શી જરૂર જ છે ?

**દીક્ષા લેતાં દવા માટે પૈસા કેમ ન રખાવાય ? :-**

**પ્ર.**- સાધુ થયા પછી કદાચ માંદા પડ્યા તો દવાદારૂ માટે પૈસા રખાવી ન મૂકાય ?

ઉ.- ના, તો તો પાંચમું પરિગ્રહ-ત્યાગનું મહાવ્રત જ ઘવાય, 'પૈસો રાખું નહિ, રખાવાનું નહિ, રાખતાને સારા માનું નહિ, આ મહાવ્રતની પ્રતિજ્ઞા હોય છે, એમાં અહીં પૈસો ભલે જાતે રાખ્યો નહિ, પણ રખાવ્યો ! એટલે વ્રત કયાં અણીશુદ્ધ સચવાયું ? ખરી રીતે દવા માટે પૈસા રખાવવાનો વિચાર આવે ત્યાં સાધુમાર્ગ પર પાકો વિશ્વાસ જોઈએ કે 'જો હું ભગવાને કહેલા સાધુતાના નિયમ મુજબ ચારિત્ર પાળું, તો મને મંદવાડ આવે જ શાનો ? અવાર નવાર ઉપવાસો હોય એટલે હોજરીને આરામ મળતો રહે, તેથી એ પ્રાયઃ સશક્ત હોય તો ખાવાના પારણાના દિવસમાં ખાધેલાને પચાવી દે. બરાબર પચનથી વાયુ વગેરેના દોષ ઊભા જ ન થાય. ખાધેલું બરાબર ન પચે એટલે જ એમાંથી વાયુવિકાર થઈ રોગ ઊભા થાય છે. અહીં તો પારણે પણ સારી ઊનોદરી, દ્રવ્ય-સંક્ષેપ, રસ-ત્યાગ વગેરેથી આરોગ્ય સારું જળવાઈ રહે.'

**સંયમના પ્રભાવે ગૃહસ્થો સેવામાં :-**

કદાચ તેવા નિકાચિત કર્મનાં કારણે આરોગ્ય-નિયમો જાળવવા છતાં બિમારી આવી, તો ય ત્યાગ-તપ એનું મહાન ઔષધ છે. છતાં કદાચ દવાની જરૂર પડી તો ય સાધુસેવા કરનારાં વૈદ મળે છે, ગૃહસ્થો મળે છે. સાધુ જો બરાબર સંયમધર્મ પાળે, તો એનો પ્રભાવ પડે છે કે ગૃહસ્થ સેવામાં ખડે પગે રહે છે. બાકી સાધુ પોતે જ જો આવા ભયો રાખી મહાવ્રત અને નિસ્પૃહતાને ભાંગો લગાડે, તો પૂર્ણ સંયમ કયાં રહ્યું ? પછી એનો એવો પ્રભાવ શાનો પડે ?

વાસ્તવમાં તો ચાલે ત્યાંસુધી સહન જ કરી લેવાનું સાધુસૂત્ર રાખ્યું હોય, અને વાતવાતમાં એવી અપેક્ષાઓ જ શાની હોય ? સાધુ રોજ સજ્ઝાયમાં બોલે છે.

**'મહુગારસમા બુદ્ધા, જે ભવંતિ અણિસ્સિયા;**
**નાણાપિંડરયા દંતા, તેણ વુચ્ચંતિ સાહુણો'**

અર્થાત્ જ્ઞાનયોગથી જીવનારા સાધુ ભ્રમરની જેમ અનિશ્ચિત હોય છે, કોઈની નિશ્રા આધાર પર જીવનારા નહિ, ભમરાની જેમ જુદા જુદા ઘરમાંથી અલ્પ અલ્પ લઈને જીવનારા. 'મારે અમુક ઘર આધાર' એવી કોઈ જ અપેક્ષા નહિ, તેથી જ તે સાધુ કહેવાય છે. સાધુ એટલે સાધનારા પોતાના માત્ર દર્શન-જ્ઞાન ચારિત્રની જ અપેક્ષા રાખનારા, રત્નત્રયી ઉપર જ આધાર રાખી એની જ સાધના કરનારા. રત્નત્રયીને સાધે તે સાધુ. એને ડર હોય કે જો ગોચરી પાણી વગેરે કામકાજ અંગે અમુક ઘર કે અમુક વ્યક્તિની અપેક્ષા રાખીશ તો સંભવ છે એના ઘરના આરંભ, સમારંભને પરિગ્રહની મને છૂપી છૂપી અનુમોદના ચોંટે !'

સારાંશ, સાધુ અનિશ્ચિત હોય, એટલે દીક્ષા લેતી વખતે ભાવી બિમારીની કલ્પના કરીને પૈસા ન રખાવે ત્યારે પૂછો,-

**પ્ર.**- પરંતુ ભવિષ્યમાં વસ્ત્ર-પાત્ર માટે તો પૈસા રખાવવાની જરૂર ન પડે ?

ઉ.- સાધુને વસ્ત્ર જોઈએ કેટલા ? અને તે કેવા જોઈએ ? તો કે જીર્ણ-શીર્ણ અને પ્રમાણોપેત. એવાં વસ્ત્ર તો ગૃહસ્થના ઘરમાં વાપરેલામાંથી ય મળી શકે છે. શું આર્યદેશના લોક બધા જ એવા કૃપણ છે કે સાધુસેવા અતિથિસત્કાર કોઈ જ ન કરતું હોય ? હજી ધર્મ જીવંત છે, આર્ય કુળોમાં પૂર્વની ધર્મસાધનાવાળા જીવો જન્મે છે, એના પૂર્વ સંસ્કાર એને અહીં ધર્માત્મા બનાવે છે. એમાં સાધુ મહાત્માઓના ઉપદેશ પણ મળે છે, ને એ પૂર્વ સંસ્કારને તાજા કરી આપે છે. એવા ધર્માત્માવાળા દેશમાં વસ્ત્રપાત્રની ચિંતા કરવાની હોય ? તો પૂછો,-



**પ્ર.**- પણ સાધુજીવનમાં ભણાવનાર પંડિત માટે તો દીક્ષા લેતા પહેલાં પૈસાની સગવડ કરી રાખી હોય તો સારું ને ?

ઉ.- ના, પોતાના માટે પૈસાની સગવડ રખાવવી એટલે પરિગ્રહત્યાગનું વ્રત ઘવાય. બાકી ખરેખરું ભણવાનું તો ગુરુઓ પાસે છે, જરૂર પડે તો ભણેલા બીજા સાધુ પાસે પણ ભણી શકાય છે. પંડિતની જરૂર પડે તો આણંદ-કલ્યાણી સંઘ પંડિતની વ્યવસ્થા કરે છે, એટલે તો દીક્ષા લેતા પહેલાં એ માટે પૈસા નહિ રખાવનાર કેઈ મુનિઓ અને સાધ્વીઓ સારું ભણેલા આજે જોવા મળે છે. શું એમણે સગવડ નહોતી રખાવી એટલે અભણ રહ્યા ? ના, ખરેખર તો સાધુ થવું એટલે પંડિત નથી થવાનું, પણ સંયમી થવાનું છે, ષટ્કાય જીવોના રક્ષક થવાનું છે, એમાં જિનાજ્ઞા મુજબ રોજનો અમુક સમય સ્વાધ્યાય કરવાનો છે. પણ ત્યાં એવો નિયમ નથી કે 'આટલી ગાથા ગોખી આપવી જ જોઈએ.' હા, ભણાવનારની સગવડ અને તાકાત પ્રમાણે જરૂર ગોખે-ભણે, ભણવું જ જોઈએ. પરંતુ સર્વ-સામાન્ય કર્તવ્ય શું ? આ જ કે 'ચાઉક્કાલં સજ્ઝાય.' દિવસ-રાતના આગલા પાછલા પહોરમાં સ્વાધ્યાય કરો. પંડિત થયેલા સાધુ પણ જો આ ન સાચવે તો આરાધક નહિ, અને પંડિત નહિ થયેલા પણ ચાર કાળ શાસ્ત્રસૂત્ર-ગાથા રટે, ભણે, પુનરાવર્તન કરે, તો તે આરાધક છે.

ભગવાનનો આ માર્ગ છે. આ માર્ગની પરવા રાખ્યા વિના પંડિત બનવાનું મન થાય છે, એમાં અભિમાન અને માનાકાંક્ષા ખાસી પોષાવાનો સંભવ છે. માટે આત્મનિરીક્ષણ કરવું જોઈએ કે 'તારે પંડિત શા માટે બનવું છે ? જો પ્રભુનો સંયમમાર્ગ બરાબર સમજાય અને એજ પાળવો હોય, તો પ્રભુના શાસ્ત્રોની મર્યાદામાં રહી જેટલું નવું જ્ઞાન પ્રાપ્ત થાય એ કરવાનું, પ્રાપ્ત થયેલું ગુમાવવાનું નહિ, અને એટલાથી 'ચાઉક્કાલં સજ્ઝાય' નું રોજિંદું કર્તવ્ય અવશ્ય બજાવાનું. તો પૂર્ણ આરાધક બનાય, લેશ પણ આ સ્વાધ્યાય અંગે વિરાધક નહિ. આ જ્યાં માર્ગ હોય, ત્યાં દીક્ષા લેતા પહેલાં પોતાની પાસે પૈસા છે, તેથી 'સાધુજીવનમાં કામ લાગે માટે પૈસા રખાવવાની સગવડ કરી રાખો' એવું મન જ શાનું થાય ?

**આર્દ્રકુમારને દીક્ષા આડે દેવનિષેધ :-**

આર્દ્રકુમાર પાસે પૈસા હતા પણ એણે એવો પૈસા રખાવવાનો કશો વિચાર ન કર્યો, અને બધા જ પૈસા સાત ક્ષેત્રમાં વાપરી નાખ્યા.

હવે આર્દ્રકુમારને અહીં પુણ્યનંદનસૂરિજી મ.નો ઉપદેશ મળ્યો, તેમજ પૂર્વભવના સંયમનો અભ્યાસ છે, જાતિસ્મરણ જ્ઞાનથી એ સંયમ યાદ આવ્યું છે, એટલે સંયમ માર્ગની એને જાણ થઈ છે, તેથી પ્રત્યેક બુદ્ધ સાધુ થવા ચારિત્ર

સ્વીકાર કરવા તૈયાર થાય છે. ત્યાં દેવતા હાજર થઈ એને કહે છે.

"હે આર્દ્રકુમાર ! તમે સાત્ત્વિક છો, સત્ત્વથી ચારિત્ર લઈ શકો એમ છો, પરંતુ તમારે હજી નિશ્ચિત ભોગાવલિ કર્મ ભોગવવાના બાકી છે; માટે હમણાં ચારિત્રની ઉતાવળ ન કરો. હા, આત્મામાં અનિકાચિત ભોગાવલિ કર્મ પડ્યા હોય તે તો પ્રબળ વૈરાગ્ય અને પ્રખર સંયમ-સાધનાથી તથા વ્રત-નિયમ-તપસ્યા અને જોરદાર શાસ્ત્ર સ્વાધ્યાય-સાધુક્રિયા યાને જ્ઞાનધ્યાનથી તૂટી જાય છે; પરંતુ નિકાચિત કર્મ તો ભોગવવા જ પડે છે. ભોગવીને જ એનો છુટકારો થાય છે, ભોગવ્યા વિના નહિ."

**'नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि !'**

"અર્થાત્ સેંકડો કરોડ યુગ વીતે, પણ નહિ ભોગવાયેલું કર્મ અર્થાત્ નિકાચિત કર્મ ક્ષય પામતું નથી. માટે તમે ઠહેરી જાઓ ભોગાવલિ ભોગવાઈ ગયા પછી ચારિત્ર લેજો."

ત્યાં આર્દ્રકુમાર કહે, 'મને સંસારવાસના બિલકુલ નથી, મારે વળી ભોગાવલિ ભોગવવાની વાત જ શી ?'

દેવતા કહે, 'તે અત્યારે તમને ભલે જરાય વાસના ન હોય પરંતુ ભોગાવલિ કર્મ એનો ભાવ ભજવ્યા વિના નહિ રહે. એ ઉદયમાં આવતાં વાસના જગાવશે.'

આર્દ્રકુમાર કહે,-

**કર્મ એનો ભાવ ભજવવા આવે તે પહેલાં જ હું ભગવાનના પ્રબળ ત્યાગ-તપ અને વૈરાગ્ય ભાવનાથી કર્મોને ઠેકાણે પાડી દઈશ.**

**તપ વૈરાગ્યથી વિકારો કેમ જાય ? :-**

'એ આરાધનાથી શરીર અને મન જ એવા કરી મૂકીશ કે એમાં લેશ વિકાર ન જાગે.'

દેવતા કહે છે "મહાનુભાવ ! તમને શું ખબર નથી કે,"

**'कवचित्तु बलियान् जीव कवचिच्च कर्माण्यपि ?'**

"ક્યારેક તો જીવ વધુ બળવાન થાય છે, તે કર્મોને હેઠા પાડી નાખે. પરંતુ ક્યારેક કર્મો પણ એવા અધિક બળવાન હોય છે કે જે જીવને હેઠો પાડી નાખે. તમારા ભોગાવલિ કર્મ બળવાન છે; એ ઉદયમાં આવશે ત્યારે તમે ગમે તેટલા વિરાગી, પણ તમને એ ચારિત્રથી હેઠા પાડશે."

**'कृतकर्मक्षयो नास्ति कल्पकोटिशतैरपि;**
**अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ।'**

"અર્થાત્ કરેલા કર્મનો સેંકડો કોટિ યુગ સુધી પણ નાશ નથી થતો. કરેલું



શુભ કે અશુભ કર્મ અવશ્ય ભોગવવું પડે છે. માટે થોભી જાઓ."

**જોષીના રવાડે ડૂબ્યા :-**

શું આર્દ્રકુમાર થોભે ? બીજો હોય તો એના મનને એમ થાય કે "ભાઈ ! આપણે શું કરીએ ? આપણને તો દીક્ષા લેવા ઘણું ય મન છે, પરંતુ આ દેવતા 'ના' કહે છે. તેથી બેસો ઘેર." કેમ મનને આમ થાય ? કહો, દિલની અંદરમાં ઊંડે ઊંડે વિષયોની મિઠાશ બેઠી હોય એટલે દેવતાના વચનને વધાવી લેવાય છે. પાકો વૈરાગ્ય હોય તો મનને એમ થાય કે 'ભલે દેવવાણી છે પણ એમાં કોઈક દેવતાની કૌતુકથી યા ઠગાઈથી આવી વાણી કાં ન હોય ? અને માનો કે ખરેખર એવી ઠગાઈ ન હોય એટલે દેવવાણી અફર લાગે, ને તેથી કદાચ મન પાછું પડે; પરંતુ આજે તો જોષીની વાણી ઉપરે ય કેટલાક છતે વૈરાગ્યે ઘરવાસે બેઠા રહે છે, કેમ જાણે જોષી એટલે સર્વજ્ઞ ! ખરેખર તો કંઈકને જોષીએ ના પાડવા છતાં ચારિત્ર લીધું, તો આજે સારી રીતે પાળે છે. ત્યારે કેટલાક જોષીના રવાડે ચડી સંસારમાં ડુબ્યા રહે છે.

**આર્દ્રકુમાર પ્રત્યેક બુદ્ધ સાધુ :-** આર્દ્રકુમાર એટલે જ્વલંત વૈરાગ્ય છે કે એ દેવતાની વાણીની પરવા કર્યા વિના જાતે દીક્ષા લઈ પ્રત્યેક બુદ્ધ સાધુ બની કઠોર ચારિત્ર પાળવા નીકળી પડે છે, ને ગામગામ વિચરતાં નિરતિચાર ચારિત્ર પાળવા સાથે પ્રખર ત્યાગ અને તપસ્યા આદરે છે. તપ-સંયમને જ માનવ જન્મનો સાર દેખ્યો છે તેથી, અને વિશેષમાં દેવતાએ કહેલા ભોગાવલિ કર્મ તોડી નાખવા છે તેથી, તપ-સંયમ આરાધવામાં શું કામ બાકી રાખે ?'

**જેને જેની લગન, એ એની પાછળ તૂટી મરવા તૈયાર હોય છે.**

વણિકને ધનની લગન લાગે છે તો, એની પાછળ વેપારમાં એ તૂટી મરવા તૈયાર રહે છે. વિદ્યાસાધકને વિદ્યાની લગન હોય છે તો, એ સાધવા પાછળ તૂટી પડે છે. સમાજનું માન મેળવવાની લગનવાળા જીવો એની પાછળ તન-મન-ધનથી ખુબ તૂટી પડે છે. લગન લાગ્યા પછી એની ખાતર કષ્ટ સહવામાં કચાશ નથી રખાતી. એટલે જ જાતમાં જોજો તો દેખાશે કે

**જિનભક્તિ-તપ વગેરેમાં ધનવ્યય-શરીરવ્યયનાં કષ્ટથી જો પાછા પડાય છે, તો એ ધર્મની લગનમાં ખામી છે.**

મોટા શાલિભદ્ર, ધન્નો, સનત્કુમાર-ચક્રવર્તી જેવાને તપ-સંયમની લગન પાકી લાગી હતી, તો એની પાછળ કેવા તૂટી પડયા ! ચારિત્ર લઈને જોરદાર તપસ્યાઓ અને કડક ત્યાગનાં કષ્ટ સહવામાં બાકી ન રાખી.

ખુદ શ્રીમહાવીર ભગવાન સામે જુઓને, ઉત્કૃષ્ટ સંયમની લગન લાગી તો

ઘોર તપસ્યાઓ કરવામાં જાલિમ પરિષહો સહવામાં અને ભયંકર ઉપસર્ગો વેઠવામાં કારમા કષ્ટની ગણતરી ન રાખી કે કેટલું સહન કરવાનું ?

ધર્મની વાત આવે ત્યારે આપણે કેમ કષ્ટ સહવાથી ભાગીએ છીએ ? કેમ તન-મન-ધનથી એની પાછળ તૂટી મરતા નથી ? કહો, ધર્મની એવી લગન કયાં જાગી છે ?

**વિમળશાહ મંત્રીને** આબુ ઉપર દેરાસર કરવાની અને પરમાત્માની ભક્તિ કરવાની લગન લાગી હતી તો, એ કાળના રૂપિયા અઢાર કરોડ એક જ દેરાસર પાછળ ખર્ચી નાખ્યા !

**વિજય-વિજયાની** ભક્તિ કરવામાં ચોરાશી હજાર મુનિઓની ભક્તિ કરવા જેટલો લાભ છે, એમ કેવળજ્ઞાની કહે છે. તો આ હિસાબે વિચારો વિજય-વિજયાના બ્રહ્મચર્યની કેટલી ઊંચી કિંમત ! જો બ્રહ્મચર્યની લગન છે, તો એની પાછળ તૂટી પડવામાં શું કામ કમીના રાખવાની હોય ? મનને પણ એવું બનાવી દીધું કે, મનના અનાદિના વિષયરસને તોડી નાખ્યો છે. એ સમજતા હતા કે,

જેમ જંગલના સિંહ મોટા મદોન્મત્ત હાથીની સામે કાયર નથી બનતા, પરાક્રમી બને છે, એમ આ અલાયદા-અનેરા માનવજન્મમાં મોહ અને કર્મની સામે તેમજ કષ્ટ અને તકલીફની સામે કાયર નથી બનવાનું, પરાક્રમી બનવાનું છે. એને જેમ પેલો સિંહ ગર્જના કરી પૂંછડું પછાડી જંગી મોટા મદોન્મત્ત હાથીને પડકારે કે 'આવ, સામે આવ, તને તોડી નાખું છું,' એમ આપણે કાયર-કંગાળ બન્યા વિના કર્મને ને મોહને પડકારવાના છે કે 'આવો સામે આવો, તપ-સંયમના જાલિમ કષ્ટ સહીને પણ હું તમને તોડી નાખીશ.' જો રુડા માનવઅવતારની આ કદર કરે, કિંમત સમજે, પછી કષ્ટ સહવામાં અને ત્યાગ કરવામાં શું કામ બાકી રાખે ?

આર્દ્રકુમાર પ્રત્યેક બુદ્ધ મહર્ષિ બનેલા ને ત્યાગ-તપ-સંયમનાં કષ્ટ ઉપાડવા નીકળી પડ્યા. ગામેગામ એકાકી વિહાર કરે છે; એમાં કશો સાધનામાં અપવાદ-માર્ગ લેવાની વાત નહિ, ઉત્સર્ગમાર્ગે આરાધના એટલે કે કડક સાધના કર્યે જાય છે ! નજર સામે દેવતાએ કહેલા ભોગાવલિકર્મ તરવરે છે, ને એને તોડી નાખવાનો નિર્ધાર છે, એટલે પરિષહો અને તપ-સંયમની સાધના વિશેષ જોરદાર કરવા લાગે છે. અવારનવાર ગામ ગામ શૂન્ય ઘરોમાં કે જંગલમાં યા પર્વત ઉપર પ્રતિમાધ્યાને કાયોત્સર્ગમાં રહે છે.

**પ્રતિમાધ્યાન એટલે :-**

પ્રતિમાધ્યાન એક અભિગ્રહ વિશેષ છે. એમાં અમુક સમય માટે પ્રતિજ્ઞાબદ્ધ કાયોત્સર્ગમાં સ્થિર ઊભા રહી ચોક્કસ પ્રકારનાં તાત્ત્વિક ધ્યાનમાં મનને લગાવી



દેવાનું હોય છે, દા.ત. રાત્રિના ધ્યાન લીધું હોય તો આ સૂર્યાસ્તથી માંડી આવતા સૂર્યોદય સુધી એક જ સ્થાને ખડા ખડા કાયોત્સર્ગ મુદ્રામાં રહેવાનું, અને ધ્યાન ધરવાનું; પછી એમાં મોટા દેવતાઈ ભયંકર ઉપદ્રવ આવે તો પણ ધ્યાન અને એ કાયોત્સર્ગ મુદ્રામાંથી ચસકવાની વાત નહિ.' ભલે કાયા કચરાઈ જાઓ, કુટાઈ મરો, તૂટી પડો, પણ એની લેશ પણ પરવા નહિ કરવાની. એમાં ય મન એટલું બધુ સાબૂત કે 'આ ઉપદ્રવ કરનારો ખરાબ, 'આ ઉપદ્રવ કરનારો ખરાબ, યા ઉપદ્રવ ખરાબ' એટલું ય મનમાં નહિ લાવવાનું. જ્યારે,

આપણે જરાક ગરમી વધી પડી તો આકુલ-વ્યાકુલ થઈએ છીએ ! 'બહુ ગરમી' એમ મનમાં લાવીએ છીએ, બીજાની આગળ એની ફરિયાદ કરીએ છીએ. મનને લાગે કે 'ગરમી બહુ !' એટલે ? મનને ગરમી ખરાબ લાગે છે. એ કોઈ માણસની વરસાવેલી નથી, નહિતર માણસને પણ ખરાબ કહેતા આંચકો નહિ આવે ! કેવી આપણી કાયરતા !

ત્યારે આર્દ્રકુમાર મહર્ષિ મોટા દેવતાઈ ઉપદ્રવ આવે તો ય પ્રતિમાધ્યાનમાં રહેલા એમને મન 'આ ઉપદ્રવ ખરાબ' એટલું પણ મનમાં લાવવું નથી.

**પ્ર.-** એટલું બધું કષ્ટ એટલે શરીરને ભારે પીડા હોય, તો પછી શું મનને કશું લાગે નહિ ! કશું થાય નહિ ?

**ઉ.- મનની ઊંચી કેળવણીથી શરીરનું કષ્ટ મનને લાગે નહિ.**

**ઉપસર્ગસ્થિરતાનો ઉપાય : નાના નાના કષ્ટમાં ધીરતા :-**

મોટા ઉપસર્ગમાં ય મનની આવી કેળવણી માટે પહેલાં જ્યાં શરીરને કશું કષ્ટ નથી એવા મામૂલી મામૂલી પ્રતિકુળ પ્રસંગમાં મનને આવું કેળવવું જોઈએ કે 'આ પ્રતિકુળ ખરાબ,' 'આ પ્રતિકુળ કરનારો ખરાબ' એમ મનમાં લાવવાનું નહિ.

દા.ત. ઘરમાં કોઈએ એક વસ્તુ એકને બદલે બીજી જગાએ મૂકી, આપણને એ ગમ્યું નહિ, ત્યાં મન જે વિચારે છે કે 'આ ખરાબ. આમ બીજે મૂકાય ? મૂકનારો કેવો અક્કલ વિનાનો ?' તે આવું મનને ન થવું જોઈએ. મન ત્યાં ઝટ સમાધાન કરી લે 'ભાઈ ! એ બિચારો એવાં કર્મ લઈ આવ્યો એટલે એ કર્મ આમ ભુલાવે... ચાલો હું યોગ્ય જગાએ મૂકી દઉં ! બાકી આમાં કાંઈ બહુ ખરાબ થયું નથી.

**બહુ ખરાબ તો પ્રતિકુળ વસ્તુ નહિ, પણ જરા જરામાં મારા મનના ભાવ બગાડું છું એ છે.**

**જડપુદ્ગલના શા બહુ લેખા માંડવા હતા કે આ સારું ને આ ખરાબ ?**

એમ કોઈ આપણને ભારે શબ્દ બોલી ગયું, એમાં કાંઈ આપણા શરીરને કષ્ટ નથી થયું, છતાં ત્યાં મન કેવુંક ઊંચું નીચું થાય છે ? 'આ બોલ બહુ ખરાબ,

આ બોલનારો ખરાબ,' એમ ઝટ મનને આવી જાય છે ને ? શું કામ મનને વિહ્વળ કરવું ? એ બોલ્યો તે એની પાસે રહ્યું, આપણને કાંઈ શરીર પર ઘા લાગ્યો નથી.'

આ ખરાબ તે ખરાબ કેમ લાગ્યા કરે છે ?

આખો દિવસ બહારના વિચાર બહુ રાખીએ છીએ તેથી. 'આ સારું, આ ખરાબ,' એમ મનને લગાડ્યા કરીએ છીએ.

**અંદરવાળા આપણા આત્માને તો યાદ જ કરતા નથી કે એને શું ખરાબ ને શું સારું ?**

આત્માનો વિચાર બહુ રાખ્યા કરીએ તો બહારની વસ્તુ કે બહારના પ્રસંગ પર બહુ વિચાર ન આવે, ને બહુ લહેવાઈ ન જવાય.

**આત્માનો વિચાર કેવી કેવી રીતે ? :-**

(૧) આત્માનો વિચાર આ રાખ્યા કરવાનો છે કે આપણા મનને આપણા જીવને કહેવાનું છે કે 'જો જે જગતની વચ્ચે રહેવાનું છે એટલે અનુકૂળ પ્રતિકૂળ તો આવ્યા જ કરશે; પરંતુ તું અંતરમાં ક્રોધ-અભિમાન આવતા નથી ને ?'

(૨) વળી કોઈની ય પ્રત્યે સ્નેહ-મૈત્રીભાવ ગુમાવતો નથી ને ? દુખિયારાની કરુણા ભૂલતો નથી ને ? સામો ભૂલ કરે એ કર્મપીડિત છે માટે ભાવથી દુખિયારો છે. એના પર દ્વેષ નહિ કરુણા લાવું, એ આત્મા માટે સારું. એમ કોઈનું સારું થતું દેખ્યું કે સાંભળ્યું તો ઈર્ષ્યા નથી આવતી ને ? એના બીજા ગુણ પર પ્રમોદ ભાવ ગુમાવતો નથી ને ?

(૩) વારે વારે પોતાના આત્માની તપાસ રાખ્યા કરવાની કે દુન્યવી વિષયો પર આકર્ષાઈ જતો નથી ને ? રાગ-દ્વેષ કર્યા કરતો નથી ને ?

(૪) વળી આત્મામાં આ જોવાનું કે દેવ-ગુરુ-ધર્મની ચિંતા અને જડ પ્રત્યે ઉદાસીનભાવ કેટલો જાળવી રાખે છે ? નહિતર આર્તધ્યાન ડગલે ને પગલે !

(૫) એમ અંદરવાળાનું આ જોયા કરવાનું કે નાના પણ જીવની હિંસા-વિરાધનાનો વિચાર, જૂઠનો વિચાર, અનીતિ અપ્રમાણિકતાનો વિચાર નથી આવતો ને ?

**જો અંદરવાળા આપણા આત્માનો આ વિચાર બહુ રાખ્યા કરીએ તો બાહ્ય પદાર્થ કે પ્રસંગ અંગેના વિચાર કેટલા કરાય ? અને એના શા બહુ લેખા મંડાય ?**

શું કામ એમાં લહેવાઈ જઈ દૂબળા પડાય ? મન શાનું બગડે ?

બાહ્ય પર રાગ દ્વેષ હરખ-ઉદ્વેગ કરવાની ફુરસદ જ ક્યાંથી હોય ? આમ જ્યાં શરીરને કષ્ટ નથી, અને વાત મામૂલી બાહ્યની છે, ત્યાં પણ મનને બહુ રાગ-દ્વેષ અને હરખ-ઉદ્વેગથી બગાડ્યા કરતા હોઈએ પછી શરીર પર કષ્ટ-દુઃખ આવતાં



તો મન બગડે એમાં નવાઈ જ શી ? પછી એમ લાગે કે 'મહાપુરુષો પર શારીરિક કષ્ટ બહુ વરસે છતાં એમના મનને કેમ લાગી આવે નહિ ? ખરી રીતે શરીરનાં'

**કષ્ટમાં મનને સ્થિરતા કેળવવાનો ક્રમ :-**

(૧) શારીરિક કષ્ટ વિનાના પ્રસંગમાં ને તે પણ મામૂલી પ્રસંગમાં પહેલાં કહ્યું તેમ મનને કશું લગાડવાનું નહિ. એ અભ્યાસ વધારતાં પછી મોટા

(૨) મોટા પ્રસંગમાં પણ એ અભ્યાસ રાખ્યો, કે મનને કશું લગાડવાનું નહિ.

(૩) પછી શરીરના મામૂલી કષ્ટમાં મનને ન લાગવા દેવાનો અભ્યાસ રાખવાનો,- દા.ત. ઋતુની ગરમી સહેજ વધી, પરંતુ મનને સમજાવી દીધું કે 'નરકની ભઠ્ઠીઓની ગરમી આગળ આ ગરમી શી વિસાતમાં હતી ? આજે ય આફ્રિકા જેવા કે સહરાના રણ જેવા ગરમ પ્રદેશમાં લોકો કેવી ગરમી સહન કરે છે, ક્યાં એ મરી જાય છે કે સોસાઈ જાય છે ? એમ મન વાળી લઈએ તો ઋતુની ગરમી સહેજ વધી એમાં મન શાનું બગડે ?'

પછી મામૂલી પ્રસંગોમાં ટેવાઈ જતાં મોટા કષ્ટના પ્રસંગમાં પણ મનને સમજાવી દેવાય કે,

(૪) આના કરતાં ભયંકર કષ્ટમાં આજે ય લોકો જીવે છે તો આમાં શું છે ? અને

(૫) ખરી રીતે તો આ કષ્ટમાં મારાં અશુભ કર્મ ભોગવાઈને ખપી જ રહ્યા છે, એનો નાશ જ થઈ રહ્યો છે, એ મારા અંદરવાળા આત્માને લાભ છે તો ભલે ને શરીરે કષ્ટ આવ્યું; આમ મનને વાળી લેતાં મન ન બગડે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૮,તા.૨૯-૧૦-૧૯૮૩**

**(૬) મનને ભાવના આપવા પર સુખ-દુઃખ છે.**

કોઈ પણ પ્રસંગમાં મનને સારી ભાવના આપો તો સુખ, નરસી ભાવના આપો તો દુઃખ. મામૂલી મામૂલી પ્રસંગોમાં મનને સારી જ ભાવના આપવાની ટેવ પાડો, પછી મોટા પ્રસંગમાં પણ મનને એ રીતે સારી ભાવના આપ્યે જવાનું રાખવું, એટલે ત્યાં પણ મન બગડે નહિ, કષ્ટ લાગે નહિ. એવું શારીરિક કષ્ટમાં પણ પહેલાં નાના નાના મામૂલી કષ્ટમાં મનને સારી ભાવનાઓથી મનને ન બગડવા દેવાની શરૂઆત કરીએ; પછી એમાં આગળ વધતા રહીએ; તો એક દિવસ એવો આવીને ઊભો રહે કે, જ્યારે શરીર પર ભારી ત્રાસ વરસતા હોય છતાં પણ મન ન બગાડીએ.

**મહાત્માઓ કેવી રીતે તૈયાર થયા ? :-**

મહાત્માઓ આ કરતા હતા. ચારિત્ર લીધું ત્યારથી આ અભ્યાસ કે પ્રતિકૂળતાઓનાં કષ્ટ વધાવવાનાં, ને એમાં મનને નહિ બગાડવાનું, ને એ માટે મનને ઉત્તમ ભાવનાઓ આપતા. એમાં આગળ વધતાં અવસરે મોટા શારીરિક ત્રાસમાં પણ મનને વિકૃત થવા દેતા નહિ.

આર્દ્રકુમાર મહાત્મા એજ કરી રહ્યા છે કેમ જાણે

**ચારિત્ર જીવનમાં પહેલી સાધના કષ્ટો આવકારવાની, અને મનને નિર્મળ રાખવાની !**

કેમકે એથી તન અને મન ખડતલ બને, ને તો જ એના પર જ્ઞાન-ધ્યાન અનુષ્ઠાનોની સાધના એકાગ્રભાવથી અને હર્ષોલ્લાસથી ચાલે. નહિતર જો તન-મન ખડતલ યાને સહિષ્ણુ ન હોય, તો ગમે તેવા ઉત્તમ શાસ્ત્રોના સ્વાધ્યાય વખતે પણ કોઈ એવા સ્મરણ-દર્શન-શ્રવણ થવા સંભવ; ને તેથી વિહ્વલતા થઈ મન બગડતાં સ્વાધ્યાયની એકાગ્રતા ઊડી જવાની ! સ્વાધ્યાયનો આનંદ ઊડી જવાનો ! એટલા જ માટે ધ્યાન કરવા પહેલાં આ કરવું જરૂરી છે, કે નાની મોટી કષ્ટ કે પ્રતિકૂળતામાં મન ન બગડે.

**ત્યાગ-તપ-સંયમના કષ્ટથી શરીર અને મનને કસ્યા વિના ઘડ્યા વિના સીધું ધ્યાન કરવાની વાત કરવી એ અજ્ઞાનતા છે.**

કેમકે એક યા બીજી પ્રતિકૂળતા તરફ ચિત્ત ખેંચાવાથી ધ્યાનમાં ચિત્તના વિક્ષેપો થતા રહેવાના. ત્યાં સતત એકાગ્ર ચિંતન ચાલી શકે જ નહિ. મનને કસ્યું ન હોય, ઘડ્યું ન હોય, એટલે પ્રતિકૂળતામાં ચિત્ત વ્યાકુળ થતાં આર્તધ્યાનમાં પડે. પણ કસાયેલું ઘડાયેલું ચિત્ત પ્રતિકૂળતાને ગણે નહિ ને તેથી બગડે નહિ. એ તો એને આપેલી સારી ભાવનાથી સ્થિર રહે.

**ગમે તેવા પ્રસંગમાં મનને સારી ભાવના આપવાની એક કળા છે.**

દા.ત. નાનડિયાએ આપણું વચન ન માન્યું, ત્યાં મનને એમ ભાવના આપવાની કે 'હોય, જીવ બિચારો કર્માધીન છે, કર્મ પીડિત છે, એનું કર્મ એને ન માનવા દે, યા ન સાંભળવા દે, એ સ્વાભાવિક છે. એવાં એનાં કર્મ દૂર થાઓ એને વિનય મળો.' આમ મનને મૈત્રી ભાવના આપીએ, તો મન ન બગડે.

અથવા ભાવના એ અપાય કે 'હોય, મારે અનાદેય નામકર્મનો ઉદય હોય તો મારું વચન માન્ય ન થાય એ સહજ છે,' આમ કર્મવિપાકની ભાવના અપાય; સાથે ચિંતવાય કે 'તો પછી હવે મારે પરમઆદેય શ્રી જિનેશ્વર ભગવાનની ભક્તિ વધારવી. એમ મારા વડીલનાં વચનનો આદર કરતો રહું, તેથી મારું અનાદેય



નામકર્મ ખપી જાય.' આમ મનને જિનભક્તિની ભાવના અપાય, વડીલ જનોનાં વચનના આદરની ભાવના અપાય.

એમ, આપણી વસ્તુ કોઈએ આઘી-પાછી મૂકી દીધી ત્યાં મનને એ ભાવના અપાય કે,- 'જીવ ધ્યાન રાખજે, બીજાના વાંકે તું આર્તધ્યાન ન કરીશ કે 'હાય ! મારી વસ્તુ કયાં ગઈ ? કયાં ગઈ ? પેલો માણસ કેટલો ખરાબ !' એમ દ્વેષ ન કરીશ.

**બહારનું બધું કર્માનુસાર બને છે.**

ત્યાં લહેવાઈ નહિ જવાનું કે બીજાને દોષ નહિ દેવાનો. 'પુણ્ય ઓછું હોય તો બધું અનુકૂળ ન બની આવે. માટે પુણ્ય વધારું.'

એમ કોઈએ આપણું કાંઈ નુકસાન કર્યું તો મનને આ ભાવના આપવાની કે 'એ શું મારું બગાડે ? મારું બગાડનાર મારું કર્મ છે. મારે દ્વેષ કરવો તો કર્મ ઉપર દ્વેષ કરવો, ભાઈ ઉપર નહિ, એને ક્ષમા આપી દેવી. **ક્ષમા કમાઈ લેવાની આ તક છે.**'

મદનરેખાના પતિ યુગબાહુને, ભાઈએ પોતાના પર કરેલા તલવારના ઘાને લીધે ગુસ્સો ચડ્યો હતો, તો સાચી ધર્મપત્ની મદનરેખા મહાસતીએ, આ ભાવના કરાવી કે 'મારું મારા કર્મે બગાડ્યું છે, ભાઈએ નહિ. માટે ભાઈને ક્ષમા આપી દઉં,' અને એ ભાવનાથી પતિ યુગબાહુએ ક્ષમા આપી, નવકાર ચાર શરણનું આલંબન કર્યું. તો નરકગમનની તૈયારી કરેલી તે પાંચમા દેવલોકે ચડી ગયા !

અથવા મનને આ ભાવના અપાય કે 'આપણું બગાડનાર, આપણને મારનાર, આપણાં કર્મ અને કષાયો છે.' માટે

સામો જીવ તો માત્ર આપણા આ લોકને બગાડે છે, ત્યારે આપણો ક્રોધ આપણા દીર્ઘ પરલોકને બગાડે છે.

સામો માત્ર આ જન્મનો અપકારી છે પરંતુ જીવ ! તું જો એના પર ક્રોધ કરીશ તો એ ક્રોધ તારા દીર્ઘ પરલોકનો અપકારી થશે. આ જીવનકાળ તો બહુ ટૂંકો, જ્યારે પરલોકકાળ દીર્ઘાતિદીર્ઘ છે. એવા દીર્ઘાતિદીર્ઘ કાળના પરલોકને બગાડનાર ક્રોધને શું કામ મનમાં જગા આપે ?'

એમ, કોઈ આપણી નિંદા કરે છે , યા બહાર આપણો અપયશ ગવાય છે, તો મનને આ ભાવના આપવાની કે 'ફિકર નહિ, આમાં મારાં અશુભ કર્મ ભોગવાઈને ક્ષય પામે છે. મારા અશુભ કર્મ વિના તો આ મારી હલકાઈ અપયશ થાય નહિ, પરંતુ હવે ભોગવાઈને એ કર્મકચરા સાફ થાય છે. કચરા સાફ થાય એમાં શું કામ નારાજ થવું ?'

એમ, એવા પ્રસંગ જોવા સાંભળવામાં આવે દા.ત. વરસાદની હેલી થઈ. પ્રજામાં બળવો થયો. કોઈને મોટર વગેરેથી અકસ્માત થયા, મૃત્યુ થયા,... ઈત્યાદિમાં મન બગડવા જાય, કે 'આ કુદરત કેવી છે કે આટલો બધો વરસાદ ઝીંક્યો ? પ્રજાનો અમુક વર્ગ કેવો હરામી ? કે હુલ્લડ કરે છે ? આ મોટર હાંકનારા કેવા હરામખોર કે આંખ મીંચીને હાંકે છે ? આવાઓને તો...' આમ મન બગાડીને કષાય કરીને શું વળવાનું ? શું સુધરી જવાનું ? કશું નહિ. માટે ત્યાં મનને ભાવના આપવાની કે 'ભવિતવ્યતા એવી કે આવું બને, એકાએક હેલી થાય, પૂર આવે અચાનક આગ ફાટે...તેમ જીવોના કર્મ એવા કે આવું બને, મોહનીય કર્મ અજુગતા કામ કરાવે, અશાતા વેદનીય કર્મ એવાં કે આવી ઘોર અશાતા આપે,' બસ, આવી ભાવના આપવાથી મન બગડે નહિ.

**મનને યોગ્ય ભાવના આપવાથી મનનું બળ વધે, અને આગળ વધતાં જબરદસ્ત સમભાવના વિચાર કરી શકે.**

**આર્દ્રકુમારના પગને કુમારી વળગી ! :-**

આ હિસાબે જ અહીં આર્દ્રકુમાર મુનિ પરિષહોનું સહન અને કષ્ટમય પ્રતિમાધ્યાન વગેરે આરાધના સમભાવથી કરી રહ્યા છે. આર્દ્રકુમાર મહર્ષિ કઠોર સંયમસાધના કરતાં કરતાં **વસંતપુર** નગર પાસેના ઉદ્યાનમાં આવ્યા છે. ત્યાં એક મોટા દેવળમાં પ્રતિમા ધ્યાને રહ્યા છે. એ વખતે નગરની છોકરીઓ ત્યાં પાણિગ્રહણની રમત રમવા આવી. નક્કી કર્યું કે, 'એકેક છોકરી આ દેવળના એકેક થાંભલાને પતિ તરીકે પસંદ કરી લો.' ટપોટપ એકેકીએ એકેક થાંભલાને પસંદ કરી લીધો, અને કહે 'આ મારા પતિ,' પરંતુ એમાં બધા થાંભલા પકડાઈ ગયા, તેથી નગરના એક શ્રીમંતની પુત્રી **શ્રીમતીને** થાંભલો મળ્યો નહિ, તેથી બધાની વચ્ચે હાંસીપાત્ર ન થાઉં એટલા માટે એ આર્દ્રકુમાર મહર્ષિનાં ચરણ પકડી કહે કે 'હું આ ભટ્ટારકને વરી,' અને ગૌરવ કરવા લાગી કે 'તમે બધીઓએ તો જડ થાંભલાને પતિ કર્યો પણ મેં તો જીવતા જાગતા પુરુષને પતિ કર્યો !'

જે વખતે એ 'હું આ ભટ્ટારકને વરી' એમ બોલી એ વખતે આકાશવાણી થઈ કે 'તે સારો વર્યો સારો વર્યો' આકાશમાંથી ત્યાં ગર્જના સાથે રત્નોની યા સાડા બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ થઈ. ભરતેશ્વરવૃત્તિમાં રત્નોની વૃષ્ટિ અને સૂયગડાંગસૂત્રની ટીકામાં સોનૈયાની વૃષ્ટિ લખી છે.

**શ્રીમતીનો પૂર્વભવ**

શ્રીમતીને આમ કેમ બન્યું ? એનું કારણ એ હતું કે પૂર્વ ભવે આર્દ્રકુમારના પૂર્વભવના જીવ સામયિકની એ પત્ની બંધુમતી હતી. ત્યાં ચારિત્ર લઈ એણે



પતિમુનિના પોતાના પર પ્રગટેલા રાગને નિવારવા માટે અનશન કરેલ. એના યોગે મરીને દેવ થઈ. અહીં ધનાઢ્ય શેઠને ત્યાં પુત્રી શ્રીમતી તરીકે જન્મી હતી, જન્મતાં પિતાએ મોટો ઉત્સવ ઉજવેલો. અને પછી તો એને શિક્ષણ આપતાં એ ધર્મ-કર્મ સર્વ કળામાં પ્રવીણ બનેલી. તે અહીં ક્રીડાર્થે આવેલી, ને બીજી કન્યાઓએ વર તરીકે થાંભલા પકડ્યા ત્યારે આણે આર્દ્ર મુનિના પગ પકડયા, એના ભાગ્યયોગે આકાશમાંથી રત્નોની વૃષ્ટિ થઈ-વૃષ્ટિ એટલે શું ૨૫-૫૦ રત્નો ? ના, રત્નોના ઢગલે ઢગલો થાય એટલી વૃષ્ટિ ! ધર્મનો મહાન પ્રતાપ છે. જ્ઞાની કહે છે,-

**'सुराज्यं संपदो भोगाः, कुले जन्म सुरुपता ।**
**पाण्डित्यमायुशारोग्यं, धर्मस्यैतत्फलं विदुः ॥'**

જ્ઞાનીઓ કહે છે, જગતમાં જુઓ. કોઈ કોઈને મોટું રાજયપાટ મળે છે, તે પણ સારું રાજયપાટ મળે છે, તે ધર્મનું ફળ છે, પૂર્વ જન્મમાં ધર્મ કર્યો હોય તો આવું સુરાજ્ય મળે છે. 'સુરાજ્ય એટલે જેમાં મોટા મંત્રીથી માંડી નીચેનીચેના અમલદારો સિપાઈઓ અને હવાલદાર ચોકિયાત સુધીના માણસો પ્રામાણિક અને રાજાને વફાદાર હોય, લાંચ-રુશ્વત ખાનારા ન હોય. તેમજ પ્રજા પ્રત્યે પણ દયાળુ મમતાળુ હોય. ત્યારે પ્રજા પણ સંતો-સાધુઓના ઉપદેશથી સરળ સદાચારી અને પરોપકારી હોય; અનીતિ અન્યાયથી દૂર રહેનારી હોય, પાપભીરુ હોય, સુરાજ્યમાં ચોર ડાકુ જુગારી મવાલી વગેરે ન હોય. સુરાજ્ય એટલે સારો સુકાળ અને રામરાજ્ય. ઘરનાં બારણાં ઉઘાડા રાખીને સૂઓ કોઈ ચિંતા નહિ. સ્ત્રીઓ શીલચુસ્ત અને મર્યાદાસંપન્ન હોય. આવું રાજ્ય ધર્મના પ્રભાવે મળે.'

જીવનમાં ધર્મની વાત કશી જ નહિ અને પાપભર્યું જીવન હોય, તે ઠેઠ જીવનના અંતકાળ સુધી, એને કાંઈ બીજા ભવે ચાલુ ય રાજયપાટ મળે નહિ, તો સુરાજ્ય મળવાની વાત તો કયાંય દૂર છે ! સુરાજ્ય મળે એ ધર્મનું ફળ.

એમ સંપત્તિઓ મળે, ધન માલ પરિવાર મળે, એ પણ પૂર્વે ધર્મ આચર્યાનું ફળ છે. ભગવાનને ભજ્યા સાધુસેવા કરી સત્સંગ કર્યા, જીવોની દયા પાળી, દાન-પરોપકાર કર્યા, વ્રત-નિયમ આચર્યા, ત્યાગ-તપસ્યા આરાધી, શક્તિ હતી તો ધર્મની જાહોજલાલી કરી, એ બધા ધર્મના ફળમાં ભવાંતરે સંપત્તિઓના ઢેર મળે છે.

**ધર્મનું ફળ સંપત્તિ, એના દાખલા ઘણા,-**

શાલિભદ્ર શી રીતે દેવતાઈ સંપત્તિ પામનારા બનેલા ? કહો, પૂર્વે ગરીબ સ્થિતિમાં મુનિને થાળી ખીરનું બહુ ઊંચા ભાવથી દાન કરેલું, અને તે પણ દાનધર્મ અને દાન લેનાર ગુરુ, એ બંનેને હૈયામાં એવા વસાવ્યા અને મર્યો ત્યાંસુધી બન્નેની એવી પેટ ભરીને અનુમોદના કરતો રહ્યો 'અહો ! કેવાક ઉપકારી ગુરુ અને કેવુંક

આ દાન ! કે ત્યાં દાન પછીથી ફરી ખાવા મળેલી ખીરનો કશો આનંદ નહિ, તેમજ એજ રીતે પેટમાં શૂળ છતાં દર્દની કશી દીનતા નહિ કે 'હાય ! મને કેટલું બધું દુઃખે છે !' યાવત્ ત્યાં જ અંતકાળની જોરદાર પીડા આવી છતાં કશો એનો 'અરેરે ! અરેરે !' એવો અરેકારો નહિ, તેમ શૂળ અને અંત વખતે ય સગી વહાલસોયી માતાને યાદ કરવાની વાત નહિ ! પછી એની આગળ 'મને બહુ દુઃખે' એવાં રોદણાં રોવાની તો વાતે ય શી ?

**મન પર દાનધર્મનો રંગ અને ગુરુપ્રેમ કેવાં છુપાઈ ગયા હશે કે જાલિમ દર્દ અને પ્યારી માતા બધું જ ભુલાઈ ગયું !**

વિચારો, દિલમાં દેવ-ગુરુ પર આપણો પ્રેમ કેવોક ? અને ધર્મનો રંગ કેવોક ? કાં ધર્મનો સંતોષવાળીને ફરીએ છીએ, કાં ધર્મ કર્યાનો ઠસ્સો-અભિમાન રાખવા જઈએ છીએ. એની સામે આ એક મજૂરણ અતિ ગરીબબાઈના ગમાર છોકરાનો ગુરુપ્રેમ, અને એકજવાર કરવા મળેલા દાનધર્મનો ઊછળતો આનંદ જોવા જેવો છે.

**દેવ-ગુરુ પર પ્રેમનું પારખું :-**

'અમને દેવ-ગુરુ ગમે છે, અમને દેવ-ગુરુ પર પ્રેમ છે,'- એવો દાવો રાખવા પહેલાં જોવા જેવું છે કે દેવ-ગુરુ પરના એ પ્રેમ, અને પોતાના ધન-માલ પરિવારના અને પોતાની કાયાના પરના પ્રેમ, બંને વચ્ચે અંતર કેટલું ?

કોની આગળ કોને વિસરી જઈએ ?

દેવાધિદેવ અને ગુરુ આગળ કાયા-કંચન-કુટુંબ વિસરાઈ જાય ? કે આ કાયા વગેરે આગળ દેવ-ગુરુ વિસરાઈ જાય ?

બન્ને પ્રેમમાં ચડિયાતો પ્રેમ કયો ?

કોની ખાતર કોને જતા કરીએ ? કોની ખાતર કોનો ભોગ આપીએ ?

દેવ-ગુરુ ખાતર પૈસા વેરી નાખીએ ? ને તન તોડી નાખીએ ? કે તન-ધન ખાતર દેવ-ગુરુને બાજુએ મૂકીએ ?

કોણ કોના માટે ? તન-ધન એ દેવગુરુ માટે ? કે દેવ-ગુરુ એ તન-ધનનાં સુખ માટે ?

કોની ખાતર કોનો ઉપયોગ કરીએ ?

**શંખેશ્વર દાદા ખાતર ધનનો ઉપયોગ ? કે ધન ખાતર શંખેશ્વર દાદાનો ઉપયોગ ?**

આ બધું બહુ વિચારવા જેવું છે. સુખ આટા જેટલું જોઈએ છે, અને ધર્મ આટામાં લૂણ જેટલો કરવો છે, અને તે પણ હોંશ-ઉલ્લાસ અને હરખ-હરખ વિના



ધર્મ કરવો છે, ત્યાં ધર્મનો પ્રેમ વધે ? કે કાયા-કંચન-કુટુંબનો પ્રેમ વધે ?

**સનતકુમારની પૂર્વભવે ધર્મસાધના :-**

ધર્મનું ફળ સંપત્તિ છે. સનતકુમાર ચક્રવર્તીએ પૂર્વ ભવે શ્રાવકપણે ચુસ્ત સમ્યક્ત્વની આરાધના કરેલી અને મોકો આવ્યો તો પીઠમાં લાલચોળ સોળ ઉપસેલા એવા ખુલ્લા બદને જંગલમાં ચોવિહારા ઉપવાસે, સતત કાયોત્સર્ગ ધ્યાને ખડાખડા રહેલા ! અને એમાં સોળ પાકવાની પીડા, દહાડે પંખેડા ચાંચોથી એમાંથી માંસના લબરકા ચૂંટતા જાય એની કારમી પીડા ! અને રાતનાં ઊડતા હજારો જીવજંતુ ચટકા મારે એની કારમી પીડા ! એ બધા ઉગ્ર પરિષહ સહવાનો ધર્મ અને અનશન-તપ તથા ધ્યાનનો ધર્મ કરેલો, એના ફળમાં પછીના ભવે ઈન્દ્રપણાની સમૃદ્ધિ અને તે પછીના ભવે સનતકુમાર ચક્રવર્તીની છ ખંડ, ૧૪ રત્ન, ૯ નિધાનની સંપત્તિ પામ્યા ! સંપત્તિ એ ધર્મનું ફળ.

**નંદન રાજર્ષિ :-** ત્રિભુવન ગુરુ શ્રીમહાવીર પરમાત્મા તીર્થંકરપણાની સંપત્તિ શી રીતે પામેલા ? પૂર્વભવે નંદનરાજર્ષિએ રાજવી શરીરે સંયમસાધના સાથે એક લાખ વરસ સુધી માસખમણના પારણે માસખમણ, એમ કુલ ૧૧ લાખ ૮૦ હજાર માસખમણ સાથે વીસસ્થાનકની આરાધના કરેલી ! એથી તીર્થંકરપણાની સમૃદ્ધિ પામ્યા હતા. સંપત્તિ એ ધર્મનું ફળ છે.

**કાર્તિક શેઠ :-** કાર્તિક શેઠ સમકિતધારી, રાજાના આગ્રહથી એક મિથ્યાદૃષ્ટિ તાપસને પીરસવાનું આવ્યું તો એટલા માત્રથી વૈરાગ્ય પામી ગયા ! ગૃહસ્થપણે શ્રાવકના દ્વાદશ, વ્રત, ત્યાગ, તપસ્યા, જિનભક્તિ, સાધુસેવા, ઉપરાંત શ્રાવકની ૧૧ પડિમાનું વહન સો વાર કરેલું ! આવા ઊંચી કોટિના ધર્મ કરનારા છતાં એથી સંતોષ ન થયો તે મિથ્યા ગુરુના સન્માન કરવાના દુઃખથી સીધો ચારિત્રધર્મ સાધવા નીકળી પડ્યા ! ઉચ્ચ કોટિના અહિંસા-સંયમ-તપ અને શાસ્ત્ર-સ્વાધ્યાય ધર્મની સાધના કરી, તો અત્યારે સૌધર્મ દેવલોકના ઈન્દ્રપણાની સંપત્તિ ભોગવી રહ્યા છે ! સંપત્તિ એ ધર્મનું ફળ છે.

**સુદર્શન શેઠનો પૂર્વભવ :-** સુદર્શન શેઠ પૂર્વ ભવમાં ઢોરા ચારનારા નોકર તરીકે ઊંઘ સિવાય સતત 'નમો અરિહંતાણં' પદની એકધારી રટણાનો ધર્મ સાધેલો, તે ઠેઠ નદીમાં તરી જવા ઊંચેથી ઝંપો મારતાં પેટમાં લાકડાનો ખૂંટો પેટ ફાડીને અંદર પેસી જવા છતાં મોત આવ્યું ત્યાં સુધી 'નમો અરિહંતાણં' ની રટણાનો ધર્મ ચાલુ રાખ્યો ! તો મરીને પોતાનાં જ સમૃદ્ધ શ્રીમંત અર્હદ્દાસ શેઠના લાડિલા દીકરા સુદર્શન તરીકે જન્મી અપાર સંપત્તિ પામ્યા, અને એજ ભવમાં ભારે કસોટીમાં રાજાની રાણી સામે ય પૂર્ણ બ્રહ્મચર્ય જાળવી રાખ્યું ! શૂળીએ ચડવાની સજાની સામે

રાણી પર દયા-અહિંસા-ધર્મ બરાબર જાળવી રાખ્યો ! અને શૂળીનું સિંહાસન થઈ જવા સુધીના દેવતાઈ માન-સન્માન મળવા છતાં ત્યાગમય ચારિત્રમાર્ગે ચડી જઈ પૂર્ણ દર્શન-જ્ઞાન-ચારિત્ર-ધર્મની સાધના કરી, તો મોક્ષ સંપત્તિ પામ્યા ! સંપત્તિ એ ધર્મનું ફળ છે.

**સુખભોગ એ ધર્મનું ફળ : ધન્નો :-** જ્ઞાનીઓ કહે છે, સુરાજ્ય અને સંપત્તિની જેમ મનગમતા ઊંચી કોટિના સુખભોગ પણ ધર્મનું ફળ છે. કાકંદીનો ધન્યકુમાર ૩૨ કરોડ સોનૈયાનો માલિક બની ૩૨ દેવાંગનાશી પત્નીઓ સાથે દોગુંદક દેવતાની જેમ રંગરાગ ભોગ ભોગવતો, તે પૂર્વે જન્મે વિશુદ્ધ કોટિના ધર્મની આરાધના કર્યાનું ફળ હતું. એ ધર્મ વિશુદ્ધ કોટિનો એટલે કોઈ પણ જાતના દુન્યવી પદાર્થની લેશમાત્ર આશંસા વિના અને વધતા જતા સંવેગ-વૈરાગ્યના શુભ ભાવથી આરાધેલો; એટલે જ પ્રખર પુણ્યાનુબંધી પુણ્યના યોગે અહીં યુવાવસ્થામાં જ સંસાર ત્યાગ કરી ચારિત્રમાર્ગ અપનાવી લીધેલો ! અને એમાં દીક્ષાદિવસે જ છઠ્ઠ છઠ્ઠના પારણે આંબેલનો તપ જીવનભર કરવાનો અભિગ્રહ કરી લીધેલો ! તે આઠ માસ એમ કરી હવે જીવનભરનું અનશન લઈ લીધું. નવમો માસ માસખમણમાં વીતાવી કાળ કરી અનુત્તર વિમાનની સર્વોચ્ચ કોટિની શાતાના ભોગી બન્યા ! સુખભોગ એ ધર્મનું ફળ.

**વસુદેવનું સૌભાગ્ય :-** કૃષ્ણ વાસુદેવના પિતા વસુદેવ હજી રાજા નથી બન્યા તે પૂર્વે કુમારઅવસ્થામાં એવા સૌભાગ્યવંતા કે એ જ્યાં બહાર નીકળે ત્યાં નગરની યુવાન બાઈઓ ઘરકામ પડતા મૂકી એમને જોવા દોડતી અને જોઈ જોઈને એવી રાજીની રેડ થઈ જતી કે જોઈ લીધા પછી પણ ત્યાંથી ખસતી નહોતી, ને વાસુદેવને ટગર ટગર જોયા જ કરે ! કેટલીક વળી પૂંઠે પૂંઠે જોવા જાય ! રૂપરૂપના અંબારસમી પણ યુવાન કુમારીઓ પરણેલીઓ જ્યાં ચાહીને વસુદેવને ટગર ટગર જોવાનું કરે ત્યારે વસુદેવ જો એમની ઉપર પોતે નજર નાખે, તો એ સ્ત્રીઓ કેટલી ફાલી-ફૂલે ? અને કેવા આંખના લહેકા લગાવે ? કેવો રાગ વરસાવે ? આ સૌભાગ્ય શાનું ફળ ? પૂર્વેના નંદીષેણના ભવે ચારિત્ર, તપ અને વૈયાવચ્ચના મહાન ધર્મની સાધના કરી હતી એનું આ ફળ હતું. ખૂબી કેવી થઈ એ જુઓ.

## • નંદીષેણની ધર્મસાધના •

વસુદેવ પૂર્વ ભવે નંદીષેણ, એક વણિકપુત્ર તે રૂપે કુબડા જેવો. કમભાગ્યે નાની ઉંમરમાં માતા-પિતા મરી ગયા, અને ધન-માલ, સગા-સ્નેહી લૂંટી ગયા, તે બિચારો નંદીષેણ ભિખારી જેવો બની ગયેલો. એ ભટકતો મોસાળના ગામ ગયો,



સુખી મામાએ આશરો તો આપ્યો, પણ ઘરના કામ કરતા નોકર જેવી સ્થિતિમાં રાખીને આશરો આપ્યો. ખેર, નોકરી-સેવા, મામા-મામીની અને એમની સાત દીકરીઓની સારી બજાવે છે, એથી મામાએ એને લાગણીથી આશ્વાસન આપ્યું કે 'એક દીકરી તને પરણાવીશ.'

હવે સૌથી મોટી દીકરી ઉંમરમાં આવી ત્યારે એને કહે 'જો બેન ! બીજે પરણીશ તો અમારાથી છૂટા પડવું પડશે. એના બદલે આ તારી ફોઈના દીકરા નંદીષેણ સાથે તને પરણાવી દઉં, તો એની સાથે તું પણ જીવનભર આપણે ત્યાં જ રહી શકશે.'

ત્યારે પેલી કહે, 'આ શી વાત કરો છો ? હું આ કુબડાને પરણું ? જીવનભર કુંવારી રાખશો તો રહીશ, પણ આ કુબડાને નહિ પરણું.' પતી ગયું, બાપે ઘણી ય સમજાવી, પરંતુ નિષ્ફળ. અંતે બાપે એને બીજે પરણાવી. પરંતુ બીજી કન્યાનો વારો આવ્યે. બાપે એને એ પ્રમાણે સમજાવી, એ પણ નંદીષેણને પરણવા તૈયાર નથી. એ રીતે સાતે સાત કન્યાઓએ ઘસીને ના પાડી દીધી બધી ય બીજે પરણી ગઈ.

**નંદીષેણ આપઘાત માટે :-** નંદીષેણ કન્યાઓને પણ તૂટી મરીને સેવા આપતો હતો અને તેથી મામાએ આશ્વાસન આપેલું કે સાતમાંથી એક કન્યા તને પરણાવીશ અને એટલે જ બાપે એકે એક દીકરીને સમજાવવા સારો પ્રયત્ન પણ કરેલો, કિન્તુ એકેય જ્યારે કબુલ ન થઈ ત્યારે નંદીષેણ મહાનિરાશ થઈ ગયો, ખાસ તો એ વાત પણ કે બધીઓએ 'આ કુબડો... આ કુબડો,' એમ કરીને એને તુચ્છકારેલો. એને જીવવા પર કંટાળો આવી ગયો કે 'હાય ! આ એક, પછી બીજી, પછી ત્રીજી, એમ બધીઓ મને કુબડો કુબડો કરીને કોડીનો ગણે છે ! તે પણ જ્યારે મેં એ દરેકની સારી સેવા કરી છે તો ય જાણે હું ફૂટી કોડીનો ! તે મને એના બાપની આગળ તુચ્છકારે ? તો હવે મારે આ બે-બદામની કિંમતની છોકરીઓ તરફથી અપમાનભરી સ્થિતિમાં જીવવું નકામું; આપઘાત જ સારો.'

**ધર્મસત્તા શું કહે છે ? :-** આ જીવને ખબર નથી કે "ધર્મસત્તા તારણહાર છે. એ રાંક જીવને કહે છે કે 'તું આમ મારો આશરો લીધા વિના જિંદગી પતાવી દેવા શું ઈચ્છે ? મારો આશ્રય લે, તો કર્મસત્તા બધા અનિષ્ટનું સાટું વાળી આપી એવા ઈષ્ટ તારી આગળ રજુ કરશે કે તારી કલ્પનામાં ન આવે કે આ શી રીતે બની આવ્યું !" ધર્મસત્તાનો આ પ્રભાવ છે, પણ મોહમૂઢ રાંક જીવને આ સૂઝતું જ નથી, ને આવા અકાળે આપઘાત કરવા સુધીના ફાંફા મારે છે !

નંદીષેણ ચાલ્યો આપઘાત કરવા પણ ભાગ્યભોગે વચમાં મુનિ મળી ગયા. એની વાત જાણીને મુનિ કહે છે,-

**મુનિનો ભવ્ય ઉપદેશ :-**

**''ભાગ્યવાન ! આ મોંઘેરી માનવજિંદગી તો સુકૃતો ભરવાનું કિંમતી ભોજન છે. એમાં સુકૃતો ભર્યા વિના એને આમ કાંઈ કોઈના વાંકે ખોઈ નખાય ?''**

''મામાની દીકરીઓએ તારું અપમાન કર્યું એ એમનો વાંક; પરંતુ તું તારી માલિકીના ઊંચા માનવ-જન્મરૂપી ભાજનનો શા સારુ એમાં સુકૃતો ભર્યા વિના ફોડી નાખશે ? શું તને ખબર નથી ? કે''

**પરભવે ઓથ મળે તે અહીંના સુકૃતો પર.**

હજી તું જીવતો છે ત્યાંસુધી તારે તારા હાથમાં રહેલ માનવજિંદગીનો કેવો ઉપયોગ કરવો, એ બાબતમાં તું સ્વતંત્ર છે. જન્મ એળે ગુમાવ્યા પછી તું કર્મને પરતંત્ર બની જઈશ.'

નંદીષેણ કહે, 'પણ મહારાજ ! મારી પાસે કાંઈ નથી હું શું ધર્મ કરી શકું ?'

સાધુ કહે, 'ઊંચા સુકૃત માટે બહારની કશી જરૂર નથી. સર્વ પાપપ્રવૃત્તિનો ત્યાગ કરવાનું તારા હાથમાં છે એ કરીને સાધુજીવન સ્વીકારી લે, અને એ સંયમ-તપ અને સાધુસેવાથી બરાબર પાળ, એ તું આ સ્થિતિમાં કરી શકે છે. વળી તું એ જો કે તેં પૂર્વ ભવમાં સાધુસેવા નહિ કરી હોય એટલે જ આ અપમાનિત થવાનું દૌર્ભાગ્યકર્મ લઈને આવ્યો. પણ અહીં તપ અને સાધુસેવા શક્તિ પ્રમાણે ધારે એટલી કરી શકે.'

**નંદીષેણનો વિવેક અને ચારિત્ર :-**

નંદીષેણને વાત ગળે ઊતરી ગઈ; વિવેક પ્રગટ્યો, મનને થયું કે, 'સારું થયું મામાની દીકરીઓએ મને તુચ્છ ગણ્યો, કુબડો કુબડો કરીને મને હલકો ચીતર્યો. તો આજે અહીં મહાત્માની અમૃતવાણી સાંભળવા પામ્યો, અને અત્યારસુધી પેટ ભરવા અને તુચ્છ વિષયલાલસા પોષવા માટે મોહના પૂતળાઓની સેવા કરી જિંદગી વ્યર્થ ગુમાવી ! એના કરતાં હવે સાધુ થઈ મહાત્માઓની સેવા કરવામાં લાગી જાઉં.' બસ, એણે હિસાબ માંડી દીધો અને મન સાથે નક્કી કરી દીધું કે આ ઉત્તમ માનવભવ જ્યારે સંયમ-તપ અને સાધુસેવા માટે મળ્યો છે, તો પછી શા માટે મૂઢતાથી આપઘાત કરીને આ મહાકિંમતી માનવજન્મ ખોઈ નાખું ? અને સંયમાદિની સાધનાની તક ગુમાવું ? શા માટે સાધના કર્યા વિના જાઉં ? બસ, સંયમ-તપ-સાધુસેવામાં જ જીવન પસાર કરીશ.' તરત એણે ગુરુ પાસે ચારિત્ર લીધું અને નક્કી કર્યું કે 'જીવનભર છઠ્ઠના પારણે છઠ્ઠ કરવા, અને સાધુ-વૈયાવચ્ચ



કરવી. પારણાનો અવસર હોય અને ત્યાં વૈયાવચ્ચની તક આવી મળે તો પારણું પછી, અને સેવા-વૈયાવચ્ચ પહેલાં કરવી.'

એણે સંસારત્યાગ કરી ચારિત્ર લીધું. સંયમ-તપ-સાધુસેવાનું જીવન ચાલુ થઈ ગયું. અવસરે છઠ્ઠનું પારણું ય ઊભું રાખે છે, પણ સાધુ-સેવા ઉપાડી લે છે.

**નંદીષેણની દેવપરીક્ષા :-**

ઈન્દ્ર દેવસભામાં નંદીષેણ મહામુનિના વૈયાવચ્ચ ગુણની અને સત્ત્વની પ્રશંસા કરે છે કે 'આજ કાલ પૃથ્વી ઉપર નંદીષેણ મહામુનિ કાયમ છઠ્ઠ છઠ્ઠની તપસ્યા સાથે સાધુ-વૈયાવચ્ચ કરવાની ટેક ને ટેક પાળવાનું સત્ત્વ એવું ધરાવે છે કે એમને મોટો દેવતા, પણ, એમાંથી ચલાયમાન ન કરી શકે. ઈન્દ્રની પ્રશંસા ઉપર એક દેવતા મુનિના સત્ત્વનું પારખું કરવા આવ્યો. મુનિને આજે છઠ્ઠનું પારણું છે, અને ગોચરી લાવીને મુનિ પારણું કરવા બેસવા જાય છે, ત્યાં બરાબર એ જ સમયે દેવતા મુનિનું રૂપ કરી બહારથી રાડ પાડતો આવે છે, 'ક્યાં ગયો પેલો વૈયાવચ્ચી નંદીષેણ મુનિ ?' મહામુનિ તરત ઊભા થઈ ગયા દેવમુનિ આગળ આવીને એમને કહે,-'

'આ ગામના નાકે બિમાર સાધુ પડેલા છે, ને તું અહીં પેટ ભરવા બેઠો છે ? શરમ નથી આવતી ? લો જુઓ આ મોટો વૈયાવચ્ચી !' મહાત્મા નંદીષેણ આવાં તીખાં વચન પર જરાય ગુસ્સો નથી લાવતા, ઊલટું ઉપકાર માને છે, કહે છે ''મને ખબર નહિ તમારો ઉપકાર માનું છું તમે સારું કર્યું મને ખબર આપી. લો મારે પારણાની કશી ઉતાવળ નથી, ચાલો જરા મને બતાવો,- ક્યાં છે એ બિમાર મહામુનિ ? દેવમુનિની તર્જના ચાલુ છે, કહે છે 'લો હવે એમને બતાવવા ચાલો ત્યારે ભાઈ વૈયાવચ્ચ કરશે. વૈયાવચ્ચ કરવી છે તો શોધી કાઢતા નથી આવડતું. ખેર, ચાલ બતાવું.'

ચાલ્યા, ગામના નાકે બિમાર મુનિનું રૂપ વિકુર્વીને મૂક્યું છે, ત્યાં જઈ નંદીષેણ મહાત્મા જુએ છે તો મુનિને સંગ્રહણી-ઝાડાનું દર્દ છે. મુનિને હાથ જોડી આશ્વાસન આપે છે, કહે છે,-

'અહોહો ! ભારે બિમારી ! ભાઈ જરાય ચિંતા ન કરશો. ઝાડાથી બગડેલા કપડાં હું હમણા સાફ કરી આપું છું. પછી મુકામે લઈ જઈ તમારી બધી વૈયાવચ્ચ હું કરીશ.'

બિમાર મુનિ કહે,- 'શી રીતે સાફ કરશો ? અહીં મારી પાસ તો પાણી ય નથી. વૈયાવચ્ચ કરવી છે તો સાથે પાણી ય લાવ્યો નથી ? મૂરખ ! આ તારાં વૈયાવચ્ચના લક્ષણ છે ?'

મહાત્મા નંદીષેણ શાંતતાથી કહે,- 'ફિકર ન કરશો હું હમણાં જ પાણી

વહોરી લાવું છું.' કહી ઘડો લઈ ઉપડ્યા પાણી લેવા. દેવતા એમની ધીરતાનું પારખું કરવા જ્યાં પાણી મળે એવું દેખાય ત્યાં કાંઈ ન કાંઈ દોષ લગાડી દે છે. એમ દેવતાએ મહાત્માને બહુ ઘેર ભટકાવ્યા ત્યારે પાણી મળ્યું. પછી આવ્યા બિમાર મુનિ પાસે.

બિમારી મુનિ તડુકે છે 'કયાં ભટકવા ગયો હતો ? પાણી લાવતાં દોઢ કલાક ? લુચ્ચા ! આ હું મરી રહ્યો છું એની ખબર નથી ?'

મહાત્મા ક્ષમા માગે છે, 'ક્ષમા કરો, નિર્દોષ પાણી મળતાં જરાવાર લાગી તેથી મોડું થયું. હું આપની પીડા સમજું છું, હવે જરાય વાર નહિ લાગે.' કહીને મહાત્માએ વિષ્ટાથી ખરડેલા કપડા અને શરીર સાફ કર્યા. હવે કહે છે. 'પધારો, મુકામે પધારો.'

ત્યાં બિમાર મુનિ ગરજે છે, 'લો, કહે છે, પધારો. હરામી ! આ જોતો નથી કે હું શું ચાલી શકવાનો હતો ?'

મહાત્મા હાથ જોડી કહે, 'હું જરા ભૂલ્યો, આવો મારા ખભે બેસી જાઓ. ઊંચકીને લઈ જાઉં છું.' એમ કરીને બિમારને ખભે બેસાડી મહાત્મા ચાલ્યા. પોતે તપસ્વી એટલે થોડા ઢીલા છે, ને પાછો ખભે ભાર ઊંચક્યો છે, વળી ગામડિયો રસ્તો, એટલે કયાંય પગે જરાક ઠોકર લાગે છે, ત્યાં બિમાર મુનિ તેમના માથા પર જોરથી ટપલો ઠોકી કહે, 'આંધળા ! આમ ચલાય ? આ મારી કેડ જ તોડી નાખશે ? આમ ને આમ કરી રસ્તામાં જ મને પૂરો કરી નાખજે.'

આ સ્થિતિમાં પણ મહાત્માનો એક જ બોલ છે, 'ક્ષમા કરો, મારી ભૂલ થઈ. આ તમારી કેટલી મોટી બિમારી ! હવે હું બરાબર ચાલુ છું.'

**સાધુસેવાનું વ્રત એટલે ટપલાં પડે તો ય સાધુ પર કષાયથી કુસેવા નહિ પણ સમતાથી સેવા જ કરવાની.**

ગામમાં બજાર વચ્ચેથી જતાં બિમાર મુનિ ખભા પર બેઠા બેઠા દુર્ગંધમય પાતળો ઝાડો છોડે છે. એથી નાક ફાટી જાય ! અને એથી પોતાનું શરીર અને કપડાં ખરડાઈ ગયા છે, છતાં મહાત્મા પાસે એક પણ બોલ એવો નથી, કે 'એક તો તમને ઉંચકીને લઈ જાઉં, તે ઉપરથી બજાર વચ્ચે આ ગંદવાડ કાઢવાનો ? જરાક રોકી રાખવાનું ભાન નથી ?' ના, આવો તિરસ્કારનો એક અક્ષર બોલવાનો પાસે છે નહિ. એ તો એજ જુએ છે 'અરેરે ! આમને કેવું મોટું દર્દ ? બિચારા કેટલા પીડાતા હશે !' કહે છે ''ચિંતા ન કરશો મુકામે લઈ જઈ બધું સાફ કરી દઉં છું અને વૈદને ત્યાંથી ઔષધ ઉપચાર લાવી દઈશ, આપને શાતા થઈ જશે.'' મહાત્મા આમ કહે છે ત્યારે દેવમુનિના ટોણાં ઠપકાં ને દંડાના ઠોકા ચાલુ છે, પણ



મહાત્માની ધીરતા પણ અખંડ છે.

બસ, મુકામે પહોંચ્યા કપડાં સાફ કરવા માટે વળી નંદીષેણ મહાત્મા પાણી લેવા નીકળે છે ત્યારે દેવમુનિ ધમપછાડા કરે છે, હલકા શબ્દો બોલે છે, પણ મહાત્મા દરેક વખતે હાથ જોડી 'ક્ષમા કરો મારી ભૂલ થઈ'... એવા જ શબ્દ બોલે છે. કેમ વારુ ? કહો સામે લક્ષ્ય નક્કી છે કે સાધુસેવા જ કમાઈ જવી છે, કષાય કે શરીરસેવા નહિ.

**સેવા જ કમાઈ જવી હોય ત્યાં સહેજ પણ ઉકળાટ કે અધીરાઈ ન ચાલે.**

અહીંય દેવતાની કસોટી સાથે મહાત્મા પાણી લઈ આવ્યા, પણ જરા મોડું તો થયું જ, ત્યાં બિમાર મુનિ વળી તડુકે છે 'હરામખોર ! આટલું બધું મોડું ? હજી તો કોણ જાણે મને ગોચરી તો કયારેય વપરાવશે ? બદમાશ ! પાણીના નામે કયાં ભટકવા ગયો હતો ? આના કરતાં તો મને મારી મસાણે મૂકી આવ. જુઓ મોટો વૈયાવચ્ચી ! આવો ધુતારો ? ઢોંગી ? નિર્દય ? હરામખોર નહિ તો ?'

મહાત્મા સમતાથી સાંભળી લે છે, કહે છે,- 'વાત આપની સાચી છે. પણ હું કર્મથી પીડિત છું, મારા પર દયા કરો. અજ્ઞાન એવા મારી ભૂલો થાય છે, ક્ષમા કરો, હમણાં બધું બરાબર સાફ કરી દઉં છું, ને ગોચરી પણ વપરાવું છું, અને વૈદ પાસે જઈ ઔષધ પણ લઈ આવું છું.' કપડાં જેમ સાફ કરે તેમ દુર્ગંધ ભારે ઊડે છે.

આવો, આપદા ગમે તેટલી આવો, મહાત્મા નંદીષેણના મનમાં જરાય ખેદ નથી, કંટાળો નથી, બિમાર મુનિ પર દ્વેષ નથી. એક જ વિચાર છે 'બિચારા મુનિને કેવીક વ્યાધિ ! કેવીક પીડા ! કેમ એમને હું સારા કરી દઉં !'

આવા ધીર-વીર-ગંભીર અને મહાસમતાધારી મહાત્મા આગળ દેવતા માથું પછાડી મરે, પણ મહાત્માને એ શાનો ચલાયમાન કરી શકે ?

હવે દેવતા જુએ છે કે 'હું ગમે તેટલા ત્રાસ આપું, પણ આમા મારું કશું ઉપજે એવું નથી. હજી તો મહાત્માને છઠ્ઠનું પારણું ય બાકી છે, છતાં એમને એનો તો કશો વિચાર ય નથી, ને બિમાર મુનિની માવજતનો જ વિચાર કરે છે ! ધન્ય એમની વૈયાવચ્ચ કરવાની ઉત્કટ ભાવના ! ધન્ય એમનું સત્ત્વ !'

દેવ તરત માયા સંકેલી લઈ મહાત્માના પગમાં પડી ઈન્દ્રે કરેલી પ્રશંસાથી માંડી બધી હકીકત કહી કહે છે,- 'ધન્ય જીવન ! જેવા ઈન્દ્રે વખાણ્યા તેવા સાત્ત્વિક વૈયાવચ્ચી છો, ક્ષમા કરજો તમને ત્રાસ આપ્યો, તમારો અવિનય કર્યો.' એમ કહી ક્ષમા માગે છે. મહાત્મા સમાધિથી આયુ પૂર્ણ કરી દેવલોક જઈ અહીં રાજાને ત્યાં વાસુદેવ તરીકે જન્મ પામે છે, અને ઉંમરે વધતાં યુવાન થાય છે. વાસુદેવ જબરદસ્ત પુણ્યવંતા છે, એટલે એવા સૌભાગ્યવંતા છે કે બહાર નીકળે

ત્યારે નગરની સ્ત્રીઓ એમને ટગરટગર જોઈ રહે છે. નગરવાસીઓએ વસુદેવના પિતા રાજાને ફરિયાદ કરી કે 'મહારાજ કુમારસાહેબ બહાર નગરમાં ફરવા નીકળે છે ને અમારા ઘરની સ્ત્રીઓ ઘરકામ પડતા મૂકીને એમને જોવા દોડે છે ! આપ કૃપા કરી કાંઈક ઉપાય કરો.' રાજા શું કરે ? પરંતુ વસુદેવના જાણવામાં આવતાં પોતે જ ગુપ્તપણે દેશાટને નીકળી પડ્યો. બોલો, હવે પૂંઠે સ્ત્રીઓ નહિ ભમેને ? ના, ભમશે. કેમ વારુ ? કહો, વસુદેવ ઘર-કુટુંબ-દેશ બધું મૂકીને ભલે નીકળી ગયો, પરંતુ પોતાના શુભાશુભ કર્મ અને પોતાનું લાવણ્યભર્યું રૂપ તથા સૌભાગ્ય-નામકર્મ મૂકીને કયાં નીકળ્યો છે ? એ તો આત્માની સાથે જ છે. કહે છે ને ? કે

**'બધાય છોડી જાય, પરંતુ સારું-નરસું ભાગ્ય માણસને છોડી જતું નથી.'**

આ સૂત્ર કેટલું બધું મહાન છે. માણસ જો આ સૂત્ર નજર સામે, ને નજર સામે રાખ્યા કરે, તો ઘણા વિષાદ-વિખવાદથી બચે, અને ઘણી શાંતિ-સમાધિ રાખી શકે.

દા.ત. માનો કે વેપારમાં પૈસા ગુમાવ્યા. હવે જો આ સૂત્ર લક્ષમાં ન હોય તો ત્યાં મન લોચા વાળે છે, 'આ સરકાર કેવી ? ટેક્ષેશન લઈ આવી ! બજારમાં ઉથલપાથલ થઈ ગઈ ! દલાલ હરામખોર દલાલીની લાલચે આપણને ઊંધે રવાડે ચડાવી દીધા ! ને આપણે પૈસા ગુમાવ્યા !'... આવા તો કેઈ બીજા અસત્ વિકલ્પો, કષાયો, ને પરદોષ-દર્શન વગેરે ખરાબીઓ ચાલે છે.

**અસદ્ વિકલ્પો, કષાયો, પરદોષ-દર્શન, સંતાપ... વગેરે વગેરે એ આત્માની ખરાબીઓ છે, જે હાથે કરીને જાણી જોઈને આપણી જાતે જ ઊભી કરીએ છીએ.**

ત્યાં માણસ જો આ સૂત્ર લગાડે, તો દેખાય કે મારું નરસું ભાગ્ય મારી જોડે ન હોય, પછી સરકારે ય શું કરે ? અને દલાલે ય શું કરે ?'

એમ ઉપરાપર એક યા બીજી આફત આવે ત્યાં ય આ વિચાર થાય કે મારાં અશુભ કર્મ મારી સાથે હોય એટલે આફત આવે જ. કોઈએ આપણું કશુંક નુકસાન કર્યું કે આપણી સામે હલકા શબ્દ બોલ્યો, ત્યાં પણ આ વિચાર કે, 'મારી સાથે મારા અશુભ કર્મ હોય એટલે એ આવાજ પ્રસંગ બતાવે' એમ ઘણી મહેનત કરવા છતાં ધારેલું કામ ન બને તો ય મનને આ વિચારથી ધરપત, કે 'મારી સાથે જ રહેલ અશુભ કર્મ આ ન જ બનવા દે, એ સ્વાભાવિક છે.'

આમ શુભાશુભ ભાગ્ય બધે જ સાથે રહે છે, એ વિચારથી આફતમાં મન દીન ન બને, અને સંપત્‌માં મન ફુલાઈ ન જાય, અભિમાન ન કરે; કેમકે ખબર છે કે આ તો મારી સાથે ને સાથે ચાલતા શુભકર્મનો પ્રભાવ છે, પણ મારો પ્રભાવ નહિ. હમણાં જો શુભકર્મ રવાના થાય તો હું એનો એજ ઊભો હોઉં ને સંપત્તિઓ



આઘી થઈ જાય.

**સુકુલજન્મ એ ધર્મનું ફળ :-** સંપત્તિઓ એ ધર્મનું ફળ છે. એમ 'કુલે જન્મ સુરૂપતા.' સારા કુળમાં જન્મ પણ પૂર્વનાં ધર્મ કર્યાનું ફળ છે, અને આ તો સ્પષ્ટ દેખાય છે કે માણસ હજી અહીં પુરુષાર્થ કરી ગરીબમાંથી શ્રીમંત થાય, પરંતુ પહેલો જે આ જ કુળમાં જન્મ થયો, એમાં કયાં એણે અહીં પુરુષાર્થ કર્યો છે ? અહીં તો પૂર્વના ધર્મનો જ પ્રભાવ માનવો પડે. સારા કુળમાં જન્મ એ ધર્મનું ફળ. એવી રીતે,

**સારું રૂપ સૌંદર્ય લાવણ્ય એ પણ ધર્મનું ફળ.**

અહીં જ જુઓ વસુદેવ કેવુંક સૌભાગ્યવંતુ અદ્ભુત રૂપ લાવણ્ય ધરાવે છે ! એ કોનું ફળ ? કહો, પૂર્વની નંદીષેણ મહાત્મા વખતની ધર્મસાધનાનું ફળ છે. એ રૂપસૌભાગ્ય એટલું બધું જબ્બર છે કે દ્વારિકામાં પિતાની સાથે હતા ત્યારે તો નગરની સ્ત્રીઓ એમને જોઈ જોઈને મુગ્ધ થતી હતી, પરંતુ હવે દેશાટને નીકળ્યા છે ત્યાં પણ યુવાન સ્ત્રીઓ આકર્ષાય છે. કારણ ? દેશ છોડ્યો બધું મૂકીને આવ્યા, પરંતુ ભાગ્ય તો સાથે લાગેલું છે, એટલે એને કાંઈ ઘરે મૂકાય-કરાય નહિ. પછી એ સૌભાગ્યના યોગે જ એમને ૭૨૦૦૦ કન્યાઓ પરણી.

સૌભાગ્ય કેવુંક ? એક વખત એવો હતો કે પૂર્વભવે મામાની સાત દીકરીઓમાંથી એકપણ એને વરવા તૈયાર નહોતી 'આ તો કુબડો, દેખવો ય નથી ગમતો, એને પરણવાનું શાનું ?' આમ દૌર્ભાગ્ય ભોગવી રહ્યો હતો. અત્યારે બોત્તેર હજાર કન્યાઓ 'એમ વરીએ તો આને જ વરીએ' એટલું બધું એનું સૌભાગ્ય પ્રકાશ મારી રહ્યું છે. શાનું ફળ ? કહો ચારિત્રધર્મ, તપસ્યા અને સાધુસેવાના ધર્મનુ ફળ. ત્યારે જ્ઞાનીઓ જીવને કહે છે,-

**દુઃખ કાઢવા અને સુખ લેવા આડાઅવળા ફાંફા શું મારે ? ધર્મનું શરણું લે. ધર્મ જે દુઃખ મિટાવશે, અને જે સુખ જગાવશે એવું કોઈ નહિ કરી શકે.**

જુઓ અહીં, કયાં નંદીષેણનું દૌર્ભાગ્ય ? અને કયાં એણે ધર્મ કર્યા પછી વસુદેવ થતાં પ્રાપ્ત થયેલ સૌભાગ્ય ? દુનિયામાં બીજા કોની મજાલ છે કે, આ મોટો ફરક સરજી શકે ? સુરૂપતા એ ધર્મનું ફળ. એમ,

**''પાંડિત્યમ્ આયુઃ આરોગ્યં, ધર્મસ્યૈતત્ ફલં વિદુઃ''**

પંડિતાઈ, દીર્ઘ શુભ આયુષ્ય, અને આરોગ્ય પણ ધર્મનું ફળ છે.

પંડિતપણું વિદ્વાનપણું એ ભણવાની મહેનતનું ફળ ? કે ધર્મનું ? કહો, નિશાળમાં ભણવાની મહેનત કરનારા તો ઘણા વિદ્યાર્થી હોય છે, પરંતુ પહેલા પાંચમાં નંબર લાવનારા કેટલા ? પાંચ જ. કેમ એમ ? કહો, પૂર્વભવે ધર્મની

આરાધના એમણે કરેલી એટલે એવી જ્ઞાનશક્તિ લઈને આવ્યા, તેથી ઉપરમાં નંબર રાખે છે, અને હોશિયારમાં ગણાય છે.

ગણધર થનાર આત્માઓએ પૂર્વ ભવે જબરદસ્ત ધર્મસાધના કરેલી તેથી આ ભવે ભગવાન પાસેથી મળેલા માત્ર ત્રણ જ પદ ઉપર એમની કેટલી બધી પંડિતાઈ વિદ્વત્તા ઝળકી ઊઠે છે ! કે ત્યાં ને ત્યાં ઊભા ઊભા દ્વાદશાંગી અને એમાં મહાશ્રુતસાગર સમા ચૌદપૂર્વની રચના કરી દે છે !

૧૮ દેશના સમ્રાટ કુમારપાળ મોટા મહારાજ છતાં એમની ધર્મસાધના કેવીક અદ્ભુત ! એનાં ફળમાં એ આવતી ચોવીસીના પહેલા તીર્થંકર ભગવાન શ્રીપદ્મનાભ સ્વામીના ગણધર થવાના છે.

**જંબૂસ્વામીને અગાધ જ્ઞાનશક્તિ શી રીતે ? :-**

જંબૂકુમાર આ જન્મમાં ઘરમાં રહ્યા ત્યાંસુધી કયાં એવી વિશિષ્ટ જ્ઞાનપ્રાપ્તિની મહેનત કરી હતી ? છતાં ચારિત્ર લીધા પછી ૧૪ પૂર્વોના પારગામી બન્યા ! એટલી બધી અગાધ વિદ્વત્તા શી રીતે મળી ગઈ ? કહો, એ પૂર્વ જન્મમાં રાજપુત્ર શિવકુમાર, સંયમધર્મ લેવાની ઝંખના છતાં પિતા રાજાએ સંમતિ ન આપી, તો ઘરમાં બેઠા પોતાના ચારિત્ર લેવા આડેના અંતરાય કર્મ તોડવા બાર વરસ સુધી લગાતાર છઠ્ઠ છઠ્ઠને પારણે આંબેલ કરતા રહ્યા ! એ પણ સાધુની જેમ પોતાના માટે નહિ રાંધેલ આંબેલની વસ્તુ આંબેલ કરીને ! આ બાર વરસ સુધી સતત છઠ્ઠ પર છઠ્ઠ અને પારણે દૂધ-રાબડી-શીરો-મગ નહિ, પણ આંબેલ ! કેટલી જંગી તપસ્યા ! સાથે સંસારની કાંઈ પ્રવૃત્તિ નહિ, પણ સાધુ જેવું જીવન ! આ ધર્મસાધનાએ જંબૂસ્વામીના ભવમાં ચૌદ પૂર્વધરપણાનું મહાપાંડિત્ય લાવી આપ્યું ! પાંડિત્ય એ ધર્મનું ફળ છે. એમ,

**દીર્ઘ શુભ આયુષ્ય એ ધર્મનું ફળ છે.** એજ જંબૂસ્વામીએ ૮૦ વરસનું આયુષ્ય ભોગવ્યું તે પૂર્વના ધર્મનું ફળ હતું. દેવતાઓ અસંખ્ય વરસના દિવ્ય આયુષ્ય ભોગવે છે, એ પણ પૂર્વે કરેલા ધર્મનું ફળ છે, પૂછો,-

**પ્ર.**- ધર્મને આયુષ્યકર્મનાં દળિયાં સાથે શો મળે ?

ઉ.- ધર્મને આઠે કર્મના દળિયાં સાથે મેળ છે. અગર મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગ જે કર્મબંધના અસાધારણ કારણ છે, એમને કર્મબંધ સાથે મેળ છે. તો એજ સૂચવે છે કે મિથ્યાત્વ મંદ પડી શુભભાવ આવે, અવિરતિ-આસકિત ઓછી કરવા શુભ ભાવ આવે, કષાયો શુભભાવથી મોળા પાડવામાં આવે, અગર પ્રશસ્ત કોટિના કરાય, અને યોગો અશુભ ને બદલે શુભ કરી ભાવ શુભ કરવામાં આવે, તો કર્મબંધ અશુભ કર્મનો થતો હોય તે શુભ કર્મનો થાય, તેમ જુનાં



અશુભ કર્મ તૂટતા આવે. હવે

**ધર્મ એવી ચીજ છે કે એનાથી હૈયાના ભાવ અશુભ મટીને શુભ થાય.**

તેથી યુક્તિયુક્ત છે કે ધર્મથી સારાં સદ્‌ગતિનાં શુભ કર્મનાં દળિયાં બંધાય, અને તે પણ દીર્ઘ આયુષ્યકર્મનાં બંધાય.

માટે તો જુઓ, અનુત્તર વિમાનના સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમનું; તે આયુષ્યકર્મનાં દળિયાં પૂર્વભવના બહુ ઉચ્ચ કોટિના ધર્મના શુભ ભાવથી બંધાય છે. દીર્ઘ શુભ આયુષ્ય એ ધર્મનું ફળ છે. એમ

## • આરોગ્ય એ ધર્મનું ફળ છે •

આરોગ્ય સારું શી રીતે રહે છે ? કહો ને 'આયુર્વેદ પ્રમાણે આરોગ્યના નિયમ જાળવવાથી રહે છે;' પરંતુ શું જીવનમાં અનુભવ નથી કે નિયમ જાળવીને જીવવા છતાં રોગ આવ્યો ? દુનિયામાં શું એવા નથી દેખાતા કે નિયમિત જીવન જીવનારા પણ કયારે ટી.બી., કેન્સર જેવા મોટા રોગમાં ફસાય છે ? ત્યારે શું એવા ય માણસો નથી દેખાતા કે જે આયુર્વેદના નિયમ નહિ જાળવવા છતાં નીરોગી તગડેબાજ રહે છે ? કેટલાય નાના બચ્ચા માતા ખવરાવે એ ખાય, અને પીવરાવે એ પીવે, છતાં માંદા પડે છે ને ? ધાવણા બાળકોમાં ય કેટલાક માંદા રહેતા દેખાય છે ને ?

આવું બધું દેખાતું હોય તો નિયમ કયાં રહ્યો કે આયુર્વેદ શાસ્ત્રના નિયમ જાળવે તો આરોગ્ય રહે ? ત્યારે આરોગ્યનું કારણ શું ? એમ ભારી કમળો, કેન્સર, લકવો, ટી.બી. વગેરે મહાવ્યાધિ ફુટી નીકળે છે એનું શું કારણ ?

અહીં જ્ઞાની ભગવંતો આપણને કહે છે કે રોગ એ અશાતા-વેદનીય પાપકર્મનું ફળ છે, ને આરોગ્ય એ શાતા-વેદનીય પુણ્યનું ફળ છે; ને આ પુણ્ય જીવદયા-જિનભક્તિ વગેરે ધર્મથી નીપજ્યાં હોય છે. માટે કહેવાય છે કે આરોગ્ય એ ધર્મનું ફળ છે. એનો જ પ્રભાવ છે કે આરોગ્યના નિયમ નહિ જાળવનારને પણ જયાંસુધી ધર્મજનિત પુણ્યનું પીઠબળ છે ત્યાંસુધી આરોગ્ય; પણ જયાં એ પીઠબળ ખૂટ્યું ત્યાં મહારોગ પણ ઊતરી પડે.

મહાપુરુષોનાં જીવન કેટકેટલા તપ અને ત્યાગમય ! છતાં એમને કોઈને પીઠમાં પાઠું, મસ્તકમાં શૂળ, શરીરે લકવો, મગજની અસ્વસ્થતા... વગેરે એક યા બીજા રોગ ઊતરી પડેલા ! કારણ ? આ જ કે શાતાના પૂર્વ પુણ્યમાં ત્રુટિ આવી ગઈ. આવા માંધાતા ધર્માત્મા અને ત્યાગધર્મથી પ્રખર આરોગ્ય નિયમ સાચવનારાને પણ રોગ આવે, ત્યાં બીજાના શા ભાર ?

એટલે જ આરોગ્ય માટે દવા-દારૂના ફાંફા મારવાને બદલે ધર્મનું જ શરણું લેવા જેવું.

જિનભક્તિ, સાધુસેવા, એ જીવદયા વગેરે ધર્મમાં પ્રવૃત્તિ ખૂબ વધારવા જેવી. વર્તમાનમાં આના સાક્ષાત્ પ્રભાવ દેખાય છે.

**જીવદયાના સાક્ષાત્ પ્રભાવનું દૃષ્ટાન્ત :-**

એક જીવદયાનું કામ કરનાર ભાઈના ઘરવાળા એકવાર ચાલુ શારીરિક તકલીફમાં છેલ્લી સ્થિતિ જેવીએ પહોંચી ગયેલ, ડોક્ટરે પણ આશા છોડી દીધી. હવે બાકી રાત પૂરી કરશે કે કેમ એવી આખરી સ્થિતિ થઈ ગયેલી.

ત્યાં શ્રાવિકા છોકરાને કહે, 'તું જા, હમણાં જ જા કસાઈખાને, એ કસાઈના છરા નીચેના બકરાને છોડાવી લાવ. ભલે ગમે તેટલા પૈસા લાગે દઈ દેજે.'

છોકરો ઉપડ્યો, ને કત્લખાનેથી હમણાં જ કપાઈ જવાનો જીવ છોડાવી લાવ્યો, અને આશ્ચર્ય કે અહીં એની દુવા મળી તે શ્રાવિકાબેનને તરત જ વળતા પાણી થઈ ગયા ! બેન મરણાંત ઘાતમાંથી બચી ગયા. શાનો પ્રતાપ ? જીવદયા ધર્મનો.

આરોગ્ય ધર્મનું ફળ છે. દેવતાઓએ પૂર્વ જન્મમાં કરેલો ધર્મ દેવભવમાં જીવનભર અસંખ્ય વરસો સુધી આરોગ્ય આપે છે. ત્યારે નારકીના જીવે પૂર્વે કરેલા જાલિમ વિષય-રંગરાગ, જીવહિંસા વગેરે અધર્મના ફળમાં એ બિચારો અસંખ્ય વરસો સુધી નરકની જ જાલિમ વેદનાઓ ભોગવે છે. ઉઘાડો હિસાબ છે,-

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''    વર્ષ-૩૨,અંક-૧૦,તા.૧૯-૧૧-૧૯૮૩**

**ઠાર્યા તેવા ઠરશો, બાળ્યા તેવા બળશો.**

મા-બાપના હૈયાને બાળનારા કેટલાય અહીં આ ભવમાં જ મહારોગી થાય છે, યા બીજી રીતે એમને ભારે બળવાનું આવે છે.

વાત આ છે,- ધર્મ કરવા માટે આરોગ્યની મોટી જરૂર પડે છે, તેથી એને લાવી આપનાર ધર્મ ખૂબ સેવવા જેવો. ધર્મના ફળમાં કેટલી બધી વાતો બતાવી ? સુરાજ્ય મળે એ ધર્મનું ફળ, સંપત્તિઓ મળે, વિષયો ભોગો મળે,...યાવત્ આરોગ્ય મળે, એ ધર્મનું ફળ.

**આર્દ્રકુમારમુનિ આગળ રત્નવૃષ્ટિ :-** અહીં આર્દ્રકુમાર મહામુનિના પ્રસંગમાં પૂર્વભવની પત્ની સાધ્વી થઈને અહીં શ્રેષ્ઠિકન્યા શ્રીમતી બની છે. રમતમાં એની બીજી કન્યાઓએ પતિ તરીકે થાંભલા પકડી લીધા, પછી થાંભલો બાકી ન રહેવાથી એ જ્યાં મુનિના ચરણ પકડી 'હું આ ભટ્ટારકને પતિ તરીકે વરી' એમ બોલે છે



ત્યાં, આકાશમાંથી રત્નોની (અને સૂયગડાંગ સૂત્રની ટીકાના હિસાબે સાડા બાર કરોડ સોનૈયાની) વૃષ્ટિ થાય છે. આ એના પૂર્વસાધિત ધર્મનું ફળ છે. સંપત્તિઓ વરસે એ ધર્મનું ફળ. રત્નોની વૃષ્ટિ સાથે આકાશવાણી થાય છે કે 'સરસ વરી ! સરસ વરી !' તમાસાને તેડું નહિ, તે લોક ભેગું થઈ ગયું.

અહીં મહામુનિએ જોયું કે 'આ બાઈ પગે વળગીને આવું બોલે છે, અને દેવવાણી થાય છે, એ કપરો અનુકૂળ ઉપસર્ગ છે. કદાચ મારા વ્રતનો ભંગ કરી નાખે !' તેથી એ ત્યાંથી બીજે વિહાર કરી જાય છે.

કેમ વિહાર કરી ગયા ? મહાત્મા છે ને ડરે ? હા, પોતાના વ્રત પર પોતાના સંયમ પર આક્રમણ આવે તો વ્રતભંગ-સંયમનાશનો ડર જરૂર હોય કે 'રખે મારું વ્રત, મારું સંયમ ભાંગે તો ?' વ્રત-સંયમને તો પોતાની મૂડી, પોતાના પ્રાણ, પોતાનું સર્વસ્વ સમજતા હોય છે. એટલે, એની રક્ષા માટે પૂરેપૂરો સજાગ હોય, પૂરેપૂરો પ્રયત્ન કરે. શાસ્ત્રકારો જ્ઞાનને, ક્ષમા-સમતાને, વ્રત-નિયમને ને સંયમને આત્માના ભાવપ્રાણ કહે છે. ભાવપ્રાણ ગયે આત્માનું શું રહ્યું ?

ધનના અતિલોભીને ધન એ પ્રાણ લાગે છે; એટલે સમજે છે કે 'મારું ધન ગયે શું રહ્યું ? ધન જાય તો તો હું ખલાસ જ થઈ ગયો !' એમ મહર્ષિઓ સમજે છે કે 'અમારી ક્ષમા-સમતા અમારા વ્રતસંયમ તો અમારા પ્રાણ છે. એ જાય તો તો અમે ખલાસ જ થઈ ગયા !' એટલે જેમ ધનલોભી ગમે તે ભોગે ધનનું રક્ષણ કરે છે, એમ મહાત્માઓ ગમે તે ભોગે ક્ષમા-સમતા, વ્રત-સંયમનું રક્ષણ કરે છે.

એટલે તો શ્રીમહાવીર પ્રભુએ, સંગમ દેવતા તરફથી ચામડા ઊતરી જાય એવી પીડાઓ આવી તો પણ, પોતાના શરીરની સુંવાળાશ-સુખશીલતા કશી ગણી નહિ, પણ એના ભોગે પ્રભુએ ક્ષમા-સમતા ટકાવી રાખી !

અર્હન્નક શ્રાવકને દેવતા કહે 'મૂકી દે તારું જૈન ધર્મનું પૂછડું, નહિતર મારી નાખીશ તને, તારું વહાણ ઊંચે આકાશમાં લઈ જઈ સમુદ્રમાં પટકી દઈશ.'

**અર્હનક શ્રાવક જૈનધર્મને ને જૈનધર્મની અવિહડ શ્રદ્ધાને પોતાના પ્રાણ સમજે છે, એ જો જાય પછી શરીર ટક્યું તોય એની શી કિંમત છે ! એ શરીર ને વહાણ કાંઈ પોતાના આત્માનું લીલું વાળે નહિ. ત્યારે શરીર ને વહાણ ગયા, અને શ્રદ્ધા ટકી રહી, તો પરભવે ઓછામાં ઓછો વૈમાનિક દેવલોક ! અને સમકિત ઉપરના ભાવ વધારતા આવડે તો કેવળજ્ઞાન અને મોક્ષ !**

આ સમજનાર અર્હન્નક શ્રાવક શ્રદ્ધા રૂપી ભાવપ્રાણ ટકાવવા કેમ સર્વસ્વનો ભોગ ન આપે ?

**સુદર્શનશેઠને** અભયારાણીએ પ્રપંચથી અંતઃપુરમાં ઘલાવ્યા. શેઠ પ્રતિમાધ્યાને

કાઉસ્સગ્ગમાં હતા, ને આ પ્રપંચ થયો. હવે રાણીએ એમની પાસે ભોગની પ્રાર્થના કરતાં હાવભાવ વગેરે ઘણું કર્યું, અને છેવટે દમ આપ્યો કે 'જો નહિ માનો તો તમારા પર આરોપ ચડાવીશ, સિપાઈઓ પાસે પકડાવીશ, અને રાજા પાસે મોકલીશ ને રાજા તમને શૂળીએ ચડાવશે.'

સુદર્શનશેઠને મન પ્રતિજ્ઞાપાલનમાં બ્રહ્મચર્ય એ પ્રાણ હતા એટલે ગમે તે ભોગે એનું રક્ષણ કરવાનું હતું, પછી સામેથી ચાલી આવી ભોગની પ્રાર્થના કરતી રાણીનાં સુખ જતા કરવા પડે કે યાવત્ શુળીની ભયંકર પીડા આવે એમાં શરીર-સુખાકારિતા જતી કરવી પડે, તોય શું થઈ ગયું ?

**ભોગસુખ અને જીવવાનું સુખ ગયું પણ વ્રત-સંયમ-બ્રહ્મચર્ય ટક્યા તો પરભવે મોટું ઈનામ છે; ત્યારે આ વ્રત-સંયમ-શીલ જો ગયા તો પરભવે નરકની સજા છે.**

**રાજીમતીએ** રહનેમિને આ જ કહ્યું હતું,-

**'વ્રત ભાંગીને જીવ્યા તે નરકે ગયા જો'** સુખી જીવન અને શરીરના પ્રાણની રક્ષા તો જન્મ-જન્મ કરી, ધર્મની રક્ષા કરવાનો અતિદુર્લભ મોકો અને શક્તિ તથા વિવેક માનવજન્મમાં છે. તો એ પામીને સોનેરી મોકો, સોનેરી તક કોણ જતી કરે ? ધર્મની જ રક્ષા કરવાનું કોણ બુદ્ધિમાન ચૂકે ? પછી એ રક્ષામાં ગમે તેનો ભોગ આપી દેવાનો.

**૬૦૦૦૦ સગરપુત્રોની પ્રાણના ભોગે તીર્થરક્ષા :-**

સગરચક્રવર્તીના ૬૦ હજાર પુત્રોએ અષ્ટાપદતીર્થની રક્ષા કાજે અષ્ટાપદજીને ફરતી ઊંડી ખાઈ ખોદી નાખી. એમાં નીચે કાણાં પડ્યા, એમાંથી રજ ખરીને નીચે દેવોના ભવન પર પડી ! ત્યાંનો રક્ષક દેવતા આવી ગુસ્સાથી એમને ઠપકારે છે કે

"આ શી રમત માંડી છે ? શ્રી ઋષભદેવ પ્રભુના વંશજ છો એટલે આટલી વાર જતા કરું છું, નહિતર તો તમારા ગુનાના હિસાબે તમને બાળીને ભસ્મ કરી નાખું. જાઓ, ચાલ્યા જાઓ હવે ફરીથી આવું કરશો નહીં."

દેવતા ગયો. પરંતુ હવે આ સાઈઠ હજારને વળી આ વિચાર આવે છે કે,

'હજી અસંખ્ય વરસના વહાણાં વાવાનાં છે. એમાં તો વા-વંટોળથી રેતી ઉડી ઉડી આવતી રહે, તેથી ખાઈ ભરાઈ જાય ! તો પછી અષ્ટાપદની રક્ષાનો આપણો પ્રયત્ન એળે જાય. અનાડી માણસો આવી અહીં ઊપર ચડી જાય તો સોનાનું મંદિર અને રત્નના બિંબોને લોભથી ખંડિત કરી નુકસાન પહોંચાડે. ત્યારે જો આ ખાઈને શાશ્વતી ગંગાની નહેર બનાવી દઈએ, તો પાણી નહેરમાં નિત્ય વહેતું રહેવાથી ખાઈ પૂરાઈ ન જાય.'

જુઓ કેવા વિચારમાં ચડે છે ? દેવતા તાકીદ આપીને ગયા છે કે 'હવે



ફરીથી આવું કરશો નહિ;' વળી જે કાણાંમાંથી રેતી ગળી એ કાણાંઓમાંથી પાણી નહિ ગળે ? ને એ ગળ્યા પછી દેવતા એ દેખી ઝાલ્યો રહે ? બાળીને ભસ્મ જ કરી નાખે ને ? પરંતુ તીર્થરક્ષાની તીવ્ર તમન્નામાં તીવ્ર ભાનમાં આ કશો વિચાર કરવો નથી. પ્રાણ બચાવવાનો ય વિચાર નહિ ? ના, પ્રાણ કરતાં તીર્થ રક્ષાને મોટી માની છે, એટલે પ્રાણની ય પરવા કરવી નથી. પરવા માત્ર ગમે તે ભોગે તીર્થની રક્ષા કરવાની; અને ખરેખર ! ગંગામાથી નહેર ખોદી લાવ્યા, ખાઈ પાણીથી ખળ ખળ ભરાઈ ગઈ, પણ પાણી જ્યાં નીચે ઊતર્યા કે કોપાયમાન થયેલા દેવતાએ આવીને હવે શિખામણ આપવા ન થોભતાં સાઈઠે હજારની આગ છોડીને જીવતા ચિતા કરી ! એ ભડભડ અગ્નિથી બળ્યા ! છતાં પરવા પ્રાણની નહિ, પણ તીર્થ રક્ષાની હતી, તે રક્ષા થઈ ગઈ એના આનંદમાં મર્યા ! તો બારમા દેવલોકમાં દેવ તરીકે જન્મ પામી ગયા ! શું બગડી ગયું ? બગડી ન ગયું, સુધરી ગયું.

આર્દ્રકુમાર મહામુનિ પ્રાણના ભોગે પણ પોતાના સંયમને સાચવવા તત્પર હતા, કેમકે સંયમને જ પોતાના સાચા પ્રાણ સમજતા હતા, તેથી પ્રતિકૂળ ઉપસર્ગમાં તે ગભરાય એવા નહોતા, પરંતુ અહીં તો શ્રેષ્ઠીની કન્યા શ્રીમતી એ પતિ તરીકે એમના પગ પકડયા અને એના પર દેવવાણીએ મહોર છાપ મારી કે 'સારા વર્યા ! સારા વર્યા !' એમાં મુનિ ગભરાયા કે 'હવે અહીં સંયમ કેમ સચવાય ?' તેથી વિહાર કરી ગયા.

**ધર્માત્મા પ્રતિકુળ કરતાં અનુકૂળ સંયોગમાં ધર્મ ટકાવવા વધારે સાવધાન રહે.**

હવે અહીં જુઓ મઝા થાય છે. મહાત્મા આર્દ્રકુમાર તો વિહાર કરી ગયા, પરંતુ રત્નનો ઢગ વરસ્યો એનું શું ? તે પણ ગામ બહાર મંદિર આગળ મેદાનમાં ! લોકોની એના પર ધાડ પડે કે નહિ ? પરંતુ દેવવાણીનો ચમત્કાર થયો છે, અને દેવતાઈ વર્ષા થઈ છે, એટલે લોકોની મજાલ નથી કે કોઈ એમાંથી એક રત્ન પણ ઉઠાવવા આગળ આવે. સૌ દેખે છે કે, આ શ્રીમતીના પુણ્યનું છે, અને એની પાછળ દેવતાઈ હાથ છે. પૈસા તો ઘણાય ગમતા હોય ને સામે પડ્યા હોય, પરંતુ ભય હોય ત્યાં ઝટ લેવા હિંમત ન ચાલે. પાપમાત્રમાં આવું છે. જીવને પાપ કરવા ગમે છે, પરંતુ ભયનો માર્યો પાછળ હટે છે. શાસ્ત્ર આના ઉપર જીવની ચાર કક્ષા બાંધે છે,- ઉત્તમ, મધ્યમ, અધમ અને અધમાધમ.

**જીવની ૪ કક્ષા :-**

(૧) ઉત્તમ જીવો સ્વભાવથી જ પાપ નથી કરતા.

(૨) મધ્યમ જીવો લોક-પરલોકના ભયથી પાપ નથી કરતા.

(૩) અધમ જીવો રાજ્યના ભયથી પાપ નથી કરતા.

(૪) અધમાધમ જીવો કોઈ ભય ન રાખતાં પાપો કરે છે.

(iv) આજે નામી દાણચોરો મવાલીઓ પાપો કરે છે ને, ? જેલમાં જવું પડે તો પરવા નહિ, નિઃસંકોચ પાપોમાં મગ્ન એ અધમાધમ છે.

(iii) રાજ્યનો ભય છે,- 'પકડાઈશું તો સરકાર દંડ કરશે,' માટે પાપ ન કરે, એટલે પાપ સરકારની આંખમાં ધૂળ નાખીને થતું હોય તો કરવા તૈયાર એ અધમ જીવો છે.

(ii) લોકનો ભય છે કે 'પાપ કરશું તો લોકો પીંખી નાખશે, વગોવશે, હલકટ ગણશે, અથવા પરલોકનો ભય છે, તેથી પાપ ન કરે એ મધ્યમ છે. એમેય પાપ ન કરે એથી મધ્યમ. પણ'

(i) ઉત્તમ જીવો સહજ સ્વભાવથી પાપ પર ઘૃણાવાળા હોય છે; માટે પાપ નથી કરતા. 'અરરર ! પાપ ? ન કરાય,' એમ સ્વભાવમાં વણાઈ ગયું છે, તેથી પાપ ન કરે.

અહીં લોકોને રાજ્ય અને દેવતા બંનેનો ભય છે. દેખે છે કે આકાશવાણી થયા પછી રત્નો વરસ્યા છે, માટે દેવતાઈ હાથ છે. એટલે સહેજે ગભરામણ થાય કે 'જો આમાંથી કાંક ઉઠાવ્યું; ને નથી ને દેવતાઈ તમાચ પડી તો જિંદગીના લુલિયા કે એવું કાંક થવાનું આવે !'

લોક તો લેવા ન આવ્યા, પરંતુ નગરનો રાજા ખબર પડતાં સાથે માણસો લઈને આવે છે, ને એમને હુકમ કરે છે કે 'આ રત્નો ભેગા કરી લો, લઈ ચાલો આપણા ખજાને નાખવા.'

રાજા કાંઈ જોતો કરતો નથી કે 'આ કોના પુણ્યનો માલ ? કેમ જાણે એમ જ સમજે છે કે 'આ તો બાપાનો માલ ! ઉઠાવો.'

**પૈસા શું કામ કરે છે ? માણસને વિચારક બનાવે ? કે અવિચારી ?**

પૈસા એટલા ન હોય ત્યારે માણસ જે વિચારક બન્યો રહેતો હોય, તે પૈસા આવ્યા પછી વધુ વિચારક બને છે ? કે ઊલટું અવિચારક બને છે ? ઓછા પૈસામાં હજી એમ થાય કે 'ફુલ નહિ તો ફુલની પાંખડી યથાશક્તિ દાન-પુણ્ય કરતો રહું, તો જિંદગીમાંથી પરભવે કાંઈક પામી જવાનું થશે.' પણ પૈસા આવ્યા પછી શું એમ પરલોકનો વિચાર વધે ખરો કે 'ચાલ, હવે તો બે પૈસાની સગવડ થઈ છે, તો વધારે દાન-પુણ્ય-સુકૃત કરવા દે. લક્ષ્મી ચંચળ છે, આમ કદાચ બીજી રીતે પગ કરીને ચાલી જાય ! એના કરતાં સદુપયોગ કરી લઉં.' આ વિચાર આવે ? ના, વિચારણા જ નથી કે 'પૈસા શી રીતે મળ્યા ? આ પૈસા મારા આત્માને ભાવીમાં



શું સરજી આપશે ?' કશો વિચાર જ નહિ કરવાનો. બસ પૈસા છે ને ? ખોલો મોટા હિંસામય આરંભ-સમારંભના કારખાના ! બંધાવો બંગલો ! લાવો મોટર, ઉડાવો અમન ચમન.'

**આવા અવિચારક બનાવનાર પૈસા કેવા ગણાય ? સારા કે ગોઝારા ? તારણહાર કે મારણહાર ?**

**ત્યારે ધર્મ, આવે એટલે માણસને વિચારક બનાવી સત્કૃત્યો, સદ્‌વિચારો કરાવે છે. તો ધર્મ કેવો ? તારણહાર કે મારણહાર ?**

રાજા રત્નનો ઢગલો જોઈ અવિચારક બન્યો તે માણસો પાસે એનો કબજો કરાવી લેવા પગલું માંડે છે. પરંતુ ત્યાંજ આકાશવાણી થઈ કે 'ખબરદાર કોઈએ ઉઠાવ્યું તો ? આ ધન શ્રીમતીનું છે, ને તે એનાં લગ્ન અને લગ્નજીવનમાં ખરચાશે.'

સાંભળીને રાજાનું મોઢું કેવુંક થયું હશે ? શું રોફવાળું કે 'તું કોણ ના પાડનાર ? હું હમણાં મારા માણસો પાસે ભેગું કરાવી લઈ ઉપાડી જાઉં છું.' શું આવો રોફ મારી શકે ?

**પ્ર.**- દેવતા સામે રોફ કેમ ન મારે ?

ઉ.- રાજા સમજે છે કે દેવતાની આકાશમાંથી રત્નોનો વરસાદ વરસાવવાની તાકાત છે, એ દેવતાની આકાશમાંથી પથરા વરસાવવાની તાકાત પણ ન હોય ? એટલે નથી ને જો રોફ મારવા જઉં ને દેવતાએ આકાશમાંથી મારા તથા માણસોના માથે પત્થરો વરસાવ્યા તો ? અમારા ખોપરાં જ ફુટી જાય ! આમ રાજા રોફવાળું મોં શું કરી શકે ? મોઢું લખોટી જેવું થઈ ગયું. રાજા ઝંખવાણો પડી ગયો ! ખસી ગયો બાજુએ; એના માણસો ય ખસી ગયા, અને શ્રીમતીના પિતાએ રત્નો એકઠા કરાવી લઈ કર્યા ઘર ભેગાં.

લોકોમાં શ્રીમતિનો બહુ પ્રભાવ પડી ગયો કે 'અહો ! આ છોકરીનો કેટલો બધો પ્રતાપ કે દેવતા એની સેવામાં આવ્યા ! ને રત્નો વરસાવવાની આ ભવ્ય સેવા કરી ગયા ! કરોડોની કિંમતના રત્નોનો વરસાદ ! અને આકાશવાણીથી મોટા રાજા જેવાને ય ભોંઠો પાડી દીધો !'

આ પ્રતાપ શ્રીમતીનો ? કે એણે પૂર્વ પતિને સધાવેલ ચારિત્રનો ? તેમજ પોતે સાધેલા ચારિત્રનો ? અને પતિ રાગથી દુર્ગતિમાં ન પડી જાય માટે કરેલા અનશનનો પ્રભાવ ? કોનો પ્રભાવ ? વ્યવહારમાં બોલાય છે **'શેઠ ! તને માન નથી, તારી પાઘડીને માન છે'** કેમ વારુ ? પાઘડી જરીયાન છે માટે ? ના, પાઘડી નગરશેઠપણાની છે માટે એને માન છે; તેથી જ શેઠને માન મળે છે. હમણાં જો નગરશેઠપણું ઊતરી જાય તો શેઠની એવી કશી કિંમત રહે નહિ. માટે જ કહેવાય

કે માન પાઘડીનું માટે શેઠનું હતું, એમ અહીં પ્રભાવ શ્રીમતીના પૂર્વભવના ધર્મનો છે, તેથી એના પુણ્યે અહીં શ્રીમતી પાસે દેવતા ખેંચાયો છે.

પ્રતાપ આપણા ધર્મનો, માટે આપણો; એ સમજીને જ બુદ્ધિમાન માણસ જીવનમાં ધર્મની મુખ્યતા રાખે છે, બાકીની ગૌણતા છે,

**બુદ્ધિમત્તા ધર્મને મુખ્ય કરવામાં છે, કેમકે બધો પ્રભાવ ધર્મનો છે.**

શ્રીમતી ઘરે ગઈ, શ્રીમતી માટે સામેથી મોટા-મોટા શેઠિયાના માગાં આવે છે, આવે જ ને ? કેમકે આકાશવાણીની જાહેરાત સૌએ સાંભળી છે, એમાં જે શ્રીમતીને પરણે એને શ્રીમતી સાથે રત્નોના ઢગલાનો દાયજો મળવાનો છે ને ? કોણ તૈયાર ન થાય ? શું દુનિયા છે ? સૌને ધનના ઢગલાની લાલચ ! આ ધનની લાલચમાં જ દુનિયા ચાટુ કરવા ય તૈયાર, ગમે તેટલાં વેઠવા તૈયાર, ને કાળાં કામો ય કરવા તૈયાર છે !

શ્રીમતી માટે મોટા શેઠિયાઓ શ્રીમતીના બાપ આગળ ચાટુ કરે છે કે 'તમારી દીકરી અમારા છોકરા વેરે આપોને ?' અત્યાર સુધી એ બધા કયાં ભરાઈ ગયા હતા તે શ્રીમતી માટે માગણી નહોતા કરતા ? કહો, હવે રત્નોના ઢગલાએ કામણ કર્યું, ને શ્રીમતીને માગવા નીકળી પડ્યા ! કેવી લક્ષ્મીની માયા !

**લક્ષ્મી જેવી માયા ધર્મની લાગી જાય ત્યારે માનજો કે આપણને ધર્મ ગમ્યો.**

**બાપ-બેટીનો પતિ અંગે સંવાદ :-**

શ્રીમતીનો બાપ એને પૂછે છે, 'આ તારા માટે માંગા આવે છે, તને કયું ઘર પસંદ છે ?'

શ્રીમતી કહે, 'બીજો કોઈ વિચાર જ ન કરશો, એ તો મેં જે ભટ્ટારકના પગ પકડ્યા હતા, વરીશ તો એમને જ વરીશ, બીજા કોઈને નહિ, પછી એ ન મળે તો ભલે કુંવારા રહેવું પડે.'

બાપ કહે 'પણ બેટી ! એ તો કયાંય ચાલ્યા ગયા, હવે એમને શોધવા ય ક્યાં જવાય ! અને એમની ઓળખેય શે પડે ? જગતમાં મહાત્માઓ કેટલાય હોય.'

શ્રીમતી કહે,- 'તમે એની ચિંતા ન કરો. દેવતાએ આકાશવાણીથી સિક્કો માર્યો છે કે "સારા વર્યા સારા વર્યા" એટલે જવાબદારી દેવતાના માથે પણ છે. એજ શોધી લાવશે.'

બાપ કહે,- 'પણ એમ કાંઈ રાહ જોતાં બેસી રહેવાય ? તારી ઉંમર થઈ.'

શ્રીમતી કહે,- 'તમને હું ભારે પડું છું ?'

બાપ કહે,- 'અરેરે ! આ શું બોલી ? મારે તો ઘરજમાઈ મળે તો પહેલા નંબરનું.'



શ્રીમતી કહે 'તો ભગવાન પર ભરોસો રાખો, દેવતા પર ભરોસો રાખો, ધીરજ ધરો, એજ ભટ્ટારક મળી રહેશે.'

બાપ કહે,- 'નગરમાં સાધુ તો ઘણા આવે ને જાય એમાંથી તું ઓળખીશ શી રીતે કે આ એજ ભટ્ટારક છે ?'

**વરેલા મુનિને ઓળખવાની રીત :-** શ્રીમતી કહે, 'જુઓ બાપુજી ! જ્યારે પગે વળગીને ભટ્ટારક પગ ખેંચી ચાલવા જતા હતા, એટલામાં વિજળી ઝબુકી, ને મેં એમના પગમાં ઉર્ધ્વ રેખા સાથે હાથીનું ચિન્હ જોયું છે, જે મહાન માણસને જ હોય. તેથી મોકો મળતાં એના આધારે એમને એ રેખા પરથી ઓળખી કાઢીશ.'

વાત પતી, બાપે તાંત મૂકી દીધી. શ્રીમતીનું મન ફોરું છે, ભારે નહિ કે 'હાય ! કદાચ ભટ્ટારક નહિ મળ્યા તો ? મળે છતાં સાધુ છે સંસાર માંડવાની ઘસીને ના પાડશે તો ? તો હાય મારે કુંવારા રહેવાનું ? ના, મન પર આવો કશો ભાર નથી. પૂછો,-'

**મુનિ ન મળે તો મન ભારે કેમ નહિ ? :-**

**પ્ર.-** અંતરમાં સંસાર વાસના તો છે, નહિતર તો સંસાર ત્યાગની જ વાત કરત ને ? તો પછી કેમ એનું મન ભારે નહિ ?

ઉ.- કહો, પૂર્વના સરાગ સંયમના પાલનથી પ્રબળ ભોગાવલી કર્મ લઈને આવી છે, એટલે સંસાર-વાસના ખરી, પરંતુ સાથે એ ધર્મના સંસ્કાર એવા લઈને આવી છે, એવા શુભાનુબંધ લઈને આવી છે, કે ભોગનો કીડો બનીને ભોગો ભોગવવાનો વિચાર નથી. રમતમાં પણ મુનિના પગ પકડ્યા, ને 'હું આમને વરી' એમ બોલી, તે પછી એના મનને હવે બીજો પતિ કરવો એ ભોગનો કીડો બનવા જેવું લાગે છે.

આ પુણ્યાનુબંધી પુણ્યનો હિસાબ છે કે શ્રીમતીને ભોગ સામગ્રી મળી છે, પરંતુ ભોગના કીડાની જેમ અતિ લંપટ બનીને ભોગની કોઈ ઈચ્છા જ નહિ. એટલે મન ભારે ન થાય. પાપાનુબંધી પુણ્યની સામગ્રીમાં તીવ્ર લંપટ બનીને સુખ ભોગવવાનું મન થાય.

**મુનિને ઓળખવા યુક્તિ :-** શ્રીમતીએ મુનિને મેળવવા મુનિઓને દાન દેવાનું શરૂ કર્યું; વળી એક અભિગ્રહ રાખ્યો કે 'મુનિને વહોરાવવું તે પગે પડીને વંદન કરીને વહોરાવવું,' એટલે જે મુનિ આવે એમને પોતાનો અભિગ્રહ કહી વંદન કરે છે પછી વહોરાવે છે. વંદન કરતાં પગે ચિહ્ન છે કે કેમ તે જોઈ લે છે. આમ ચાલ્યું એનું વહોરાવવાનું, પણ પોતે જોયેલા હાથીના ચિહ્નવાળા મુનિ દેખાતા નથી, એટલે એણે આયંબિલ શરૂ કર્યા, ટેક રાખી કે 'જ્યાસુધી પેલા ભટ્ટારક ન

મળે ત્યાંસુધી આયંબિલ ચાલુ રાખીશ.'

આંબેલ પર આયંબિલ ચાલે છે; ૨૫...૫૦...૧૦૦ આયંબિલ થયાં, હજી ધારેલા મુનિનો પત્તો નથી; છતાં એ થાકતી નથી. એને શ્રદ્ધા છે કે

**આયંબિલથી સર્વ-સિદ્ધિ થાય.**

**પૂછો,-**

**પ્ર.**- પણ સો સો આંબેલ થઈ જવા છતાં ઇષ્ટ-સિદ્ધિ તો ન થઈ તો ય શ્રદ્ધા રાખવાની ?

ઉ.- હા, સિદ્ધિ આડે મોટા અંતરાય નડતા હોય, તો સિદ્ધિ ન થાય; એટલે જ મોટા અંતરાય દૂર કરવા વધુ આંબેલ કરવા પડે. સિદ્ધિ નથી થતી એટલે સમજી જ રાખવું પડે કે અંતરાય-કર્મ નડે છે, એ હકીકત છે, ને અંતરાય તપથી તૂટે, એમ જ્ઞાની કહે છે.

**પ્રભુની ધીરજ :-** શ્રીમહાવીર ભગવાને ચંદન-બાળાવાળો અભિગ્રહ કરેલો, પછી છ મહિના સુધી રોજ ગોચરીએ જતા, પણ અભિગ્રહ અનુસાર ભિક્ષા નહોતી મળતી. ત્યારે પ્રભુ આ જ સમજતા હતા કે 'ભિક્ષા નથી મળતી એ સૂચવે છે કે અંતરાય નડે છે; ને તપ ચાલુ છે એટલે અંતરાય તૂટવાનો જ છે.' પ્રભુને આ સમજ અને આ વિશ્વાસ હતો, તેથી છ-છ મહિના સુધી ચોવિહારા ઉપવાસ ખેંચવાનું આવ્યું છતાં પ્રભુ પાછા પડ્યા નહિ ! બસ, શ્રીમતીની આ સ્થિતિ છે આંબેલ પર આંબેલ ચલાવે રાખે છે, ભલે સો થઈ ગયા, તો ય હજી આગળ વણથાકી આંબેલ ચાલુ રાખે છે.

**દેવતા મુનિને માર્ગ ભુલાવે છે :-**

અહીં શું બને છે ? પૂર્વની ધર્મ-સાધનાના બળે બળવાન પુણ્ય ઊભું થયેલાનો કેવો પ્રભાવ છે ! એ જુઓ. એમાં વળી અહીં પણ વણથાકયા તપ કર્યે જવાનો પ્રભાવ કેવો ઉમેરાય છે ! એ પણ જોવા જેવું છે. પેલો દેવતા આના પુણ્યોદયના બળથી ખેંચાઈ આવે છે. એ મહામુનિ આર્દ્રકુમારને વિહારમાં ભ્રમમાં નાખી રસ્તો ભૂલાવી દે છે, જેથી એ શ્રીમતીના નગરની નજીકમાં આવી પહોંચે છે ! ગોચરી સમયે ફરતાં ફરતાં શ્રીમતીના ઘર પાસે આવે છે, ત્યાં શ્રીમતી માનભેર બોલાવી ઘરની અંદર ગોચરી વહોરાવવા અર્થે લઈ જાય છે. પછી એ પોતાના અભિગ્રહ મુજબ મુનિને પગે પડીને વંદન કરે છે, અને એ વખતે પગમાં ચિહ્ન છે કે નહિ એ જોઈ લે છે. બરાબર એ જ ચિહ્ન દેખાયું.

પોતાના પિતાને શ્રીમતી કહે છે, ''બાપુ ! આ એ જ ભટ્ટારક જેમના મેં પગ પકડેલા, અને બોલેલી કે 'હું આમને વરી,' અને આ મારા બોલ પર જ



આકાશવાણીએ સિક્કો માર્યો કે 'સારું વરી ! સારું વરી !' વધારામાં આકાશમાંથી રત્નરાશિ વરસી ! અત્યાર સુધી કુંવારી રહી છું તે આમના માટે જ, પરણીશ તો આમને જ પરણીશ, બીજાને નહી.''

'હવે તમારે કરવું હોય તે કરો.'

શ્રીમતીના આ બોલ પર એના પિતાજી મહાત્માને કહે ''મહારાજ સાહેબ ! હમણાં જોગ બાજુએ મૂકો, અને આને પરણી લો, પછી તમારે એને સમજાવીને કરવું હોય તે કરજો. તમારે નિર્વાહના પૈસાની ચિંતા કરવાની જરૂર નથી; રત્નના ઢગલા પડ્યા છે.''

**નિકાચિત કર્મ છતાં મુનિની જાગૃતિ :-** આર્દ્રકુમાર મહાત્માને નિકાચિત ભોગાવલિ કર્મ બાકી છે, પરંતુ જે પૂર્વ ભવનું સ્મરણ થઈને સંયમ યાદ આવ્યું છે, અને અહીં જે દેવતાના નિષેધ છતાં પ્રબળ વૈરાગ્યથી સંયમ લઈ સુવિશુદ્ધ પાળતા આવ્યા છે, એનો રંગ અને સ્વાદ એવો છે કે એની સામે આ એક રૂપાળી યુવતી અને રત્નરાશિને અતિ અતિ તુચ્છ લેખે છે. અલબત કર્મની શિરજોરીથી અંતરમાં વિકાર જાગતા હશે, પણ એને સક્રિય કરવાની લેશમાત્ર ઇચ્છા નથી.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૧૧/૧૨,તા.૩-૧૨-૧૯૮૩**

**ઇન્દ્રિયો અને મનના વિકારો કેમ શમે ?** ઇન્દ્રિયો અને મનના વિકારોનું એવું છે કે એને સક્રિય કરો તો માથે ચડી બેસે અર્થાત્ જીવને એવો ગુલામ અને નિર્બળ બનાવી દે કે પછી એ વિકારોને વશ થઈ એને પોષ્યા જ કરવાનું થાય. વિકારોના અનર્થની સમજ ગમે તેટલી હોય, તોય એનો સામનો કરવાનું સત્ત્વ જ ખલાસ ! આ કોણ કરે છે ? અંતરમાં જાગેલા વિકારને એકવાર સક્રિય કર્યા એ.

દા.ત. મીઠાઈ જોઈને અંતરમાં ભાવ જાગ્યો કે આ મીઠાઈ સરસ સ્વાદિષ્ટ; ખાધી હોય તો બહુ આનંદ આપે,'- આનું નામ વિકાર જાગ્યો હવે જો મીઠાઈ ખાવા માંડે, તો એ વિકારને સક્રિય કર્યા ગણાય. એ એને કેવો ગુલામ અને નિર્બળ બનાવે કે પછી એના વિકાર જાગવા સુલભ, અને એને પરવશ થતાં અને સક્રિય કરતાં વાર પણ નહિ. વિકારનો સામનો કરવાનું સત્ત્વ જ નહિ હોય; અને દુન્યવી વિષયોનું કામ એવું છે કે

**વિષયોના વિકારને સક્રિય કરો અર્થાત વિષયભોગ કરો, એટલે વિષયોનો હવસ વધે.**

જીવનમાં સૌને આ અનુભવ છે છતાં અજ્ઞાન અને મૂઢ દશા એવી છે કે

જીવ વિકારોને પોષ્યા જ કરવાનું કરે છે. એને ખબર નથી કે અગ્નિમાં લાકડાં હોમવાથી જો અગ્નિ શાંત થતો હોય તો જ વિકારોની આગમાં વિષયો રૂપી લાકડાં હોમવાથી વિકારો શાંત થાય, ખરજવાની ખણજ ખણવાનો વિકાર જાગ્યો એને ખણી લો, તો શું એથી કાયમ માટે ખરજવાની ખણજ વિકાર શાંત થઈ જાય ? ના, એ તો નવી નવી ખણજ ઊઠે, ને નવું નવું ખણવાનું ચાલે....બીડીની એક ફૂંક લેનાર જિંદગીભરના બીડીના વ્યસની થઈ ગયા.....

**વિકારો અને નિમિત્ત :-** જેવા બીજા વિષયો, એવો સ્ત્રી વિષય છે; પણ એ વધારે ખતરનાક છે. મનમાં જો સહેજ પણ એનો વિકાર જાગી લેશમાત્ર પણ આકર્ષણ ઊભું થયું, ને હવે જો એ સક્રિય થાય એવી સ્ત્રીને જોવાની, યા સ્ત્રી સાથે વાત કરવાની, કે એના શબ્દ સાંભળવાની, અરે ! એને સૌંદર્ય યા ભોગની દૃષ્ટિએ યાદ કરવાની જો લેશ પણ ચેષ્ટા કરી, તો સમજો કે એનો વિકાર વધવાનો. પછી તો કેટલે આગળ વધવાનું થાય, એનું કાંઈ કહેવાય નહિ. માટે તો જ્ઞાનીએ બ્રહ્મચર્યની નવ વાડ મૂકી, જેથી બાળ જીવને ખબર પડે કે અંતરમાં સહેજ પણ વિકાર જાગ્યા પછી જો આ નવ વાડોમાંની એક પણ વાડનો આશરો લઈ અર્થાત ભંગ કરી, વિકાર સક્રિય કરવા જઈશ તો મોત થશે. અરે ! એટલું જ નહિ પણ વિકાર નહિ જાગ્યો હોય તો પણ નવ વાડમાંની એક પણ વાડના ભંગે વિકારને આમંત્રણ મળશે !' દા.ત. વિગઈ-તરબોળ આહાર કરવા ગયા, તો પણ વિકાર જાગતાં વાર નહિ, યા એકલી યુવતીવાળા ઘરમાં ગયા ને એની સાથે સહેજ વાત કરી તો ય વિકાર જાગતાં વાર નહિ, વાત આ છે ઈન્દ્રિય અને મનના વિકાર જાગવાના નિમિત્ત સેવો નહિ; તેમજ અંતરમાં વિકાર કદાચ જાગ્યો તો એવા નિમિત્તનું આલંબન કરી એને સક્રિય ન કરો.

**મહાત્મા તૈયાર નથી :-**

એટલા જ માટે આર્દ્રકુમાર મહાત્માને ભલે કદાચ નિકાચિત ભોગાવલિ-કર્મના યોગે અંતરમાં વિકાર જાગતો હશે; તો પણ એને સક્રિય નથી કરવો; એટલે જ્યાં શ્રીમતી અને એના પિતા લગ્ન કરી લેવા આગ્રહ કરે છે, ત્યાં મહાત્મા તરત જ બહાર નીકળી જઈ ગામ બહાર દેવળમાં ગોચરી પતાવી ધ્યાનમાં ઊભા રહી જાય છે. તો શું હવે એમને ઉપદ્રવ મટી ગયો ? ના, પેલી શ્રીમતી અને એનો બાપ ક્યાં એમને છોડે એમ છે ? બાપ ગયો રાજા પાસે, અને કહે છે,-

"મહારાજા સાહેબ ! દીકરી શ્રીમતી હઠ લઈને બેઠી છે કે મારે તો પેલા ભટ્ટારકને જ પરણવું છે. એમાં આજે કુદરતી એ ભટ્ટારક મળી ગયા, ઘરે ભિક્ષાર્થે આવ્યા, દીકરીએ ને મેં એમને ઘણા વિનવ્યા, પરંતુ એ પરણવા તૈયાર નથી, ને



અત્યારે એ ગામ બહાર દેવળે જઈ ધ્યાનમાં ઊભા છે. તો આપ કૃપા કરી પધારો, ભટ્ટારકને શ્રીમતીને પરણવા માટે સમજાવો."

રાજા શું એમ કહે કે 'આવી નાની બાબતમાં મારું કામ નહિ !', ના, રાજાએ શ્રીમતીના પુણ્યે થયેલો દેવતાઈ ચમત્કાર જોયો છે એટલે શ્રીમતી પ્રત્યે એને બહુમાન છે, આકર્ષણ છે; તેથી શેઠની માગણીને ઝટ મંજૂર કરે છે, રાજા પોતે પરિવાર સાથે શેઠની સાથે ગામ બહાર દેવળે જાય છે. 'ચમત્કાર ત્યાં નમસ્કાર' કહેવાય છે પણ ચમત્કાર એમ ને એમ નથી સરજાતા; ચમત્કાર કાં પુણ્યે સરજાય છે, યા કોઈ વિશિષ્ટ ગુણ યા ધર્મ પર સરજાય છે; અને પુણ્ય પણ પૂર્વના ધર્મથી કે વર્તમાન ઉત્કૃષ્ટ ધર્મથી સરજાય છે, એટલે આ આવ્યું,-

**સરવાળે મૂળ મહિમા ધર્મનો છે; માટે ધર્મ ખૂબ સેવો.**

એમ જ્ઞાની ભગવંતો કહે છે. એટલે ? ઈષ્ટસિદ્ધિ માટે આડાઅવળા ફાંફા શું મારો ? ધર્મનો જ સહારો લો; એમ જ્ઞાનીનું કહેવું છે ધંધો વેપાર વગેરે કરતા હો, તો ય એમાં ધર્મને ન ભૂલો. નીતિ, દયા, પરોપકાર, જિનભક્તિ, સાધુસેવા વગેરેની ખૂબ ખૂબ સાધના રાખો.

'ધર્મબિન્દુ' શાસ્ત્ર ગૃહસ્થના સામાન્ય ધર્મમાં પહેલે 'અનિંદ્ય વિભવોચિત ન્યાયપૂર્વકના ધંધા' ને ધર્મ તરીકે બતાવે છે. ત્યારે ભડક થાય,-

**ધંધો એ ધર્મ શી રીતે ? :-**

**પ્ર.-** શું દુન્યવી ધંધો એ ધર્મ ?

ઉ.- 'ધર્મબિન્દુ' શાસ્ત્રના ટીકાકાર લખે છે કે 'ધર્મબિન્દુ' શાસ્ત્રના રચિયતા શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ધર્મ બે પ્રકારનો બતાવ્યો (૧) સાધુધર્મ, અને (૨) ગૃહસ્થધર્મ. પછી ગૃહસ્થધર્મ બે રીતે બતાવ્યો,- (૧) સામાન્યથી ગૃહસ્થધર્મ (૨) વિશેષથી ગૃહસ્થધર્મ. તે પછી સામાન્યથી ગૃહસ્થધર્મમાં પહેલો ધર્મ અનિન્દ્ય અને ન્યાયપુરસ્સર તથા પોતાની મૂડીને અનુરૂપ વ્યવસાયને બતાવ્યો આમાં ધર્મરૂપતા શી ? એમ સવાલ થાય ત્યાં કહ્યું કે આવો વ્યવસાય કરે ત્યાં (૧) બધા અનર્થ-સ્થાનોથી બચાય છે. (૨) આજીવિકા પુરતું મળી જાય તો દેવદર્શનાદિ ધર્મ સમાધિપૂર્વક સાધી શકાય; તેમજ (૩) દીન અનાથ વગેરેની અનુકંપાદિમાં કામ લાગી શકે એ હેતુથી કમાણી પર મન હોય છે, માટે એ ગૃહસ્થનો ધર્મ જ છે. જો કમાઈ જ ન હોય, આજીવિકાની જ મુશ્કેલી હોય, તો ગૃહસ્થને બધી શુભ ક્રિયા સીદાય. અગર કહો, 'ધર્મી જીવ છે તો આજીવિકાની પરવા શું કામ રાખે ? ધર્મ કર્યે જાય,' તો એનો જવાબ એ છે કે 'જો આજીવિકાનો નિરપેક્ષ હોય, પરવા વિનાનો હોય તો તો સાધુ જ થઈ જાય ને ?'

**આર્થિક વ્યવસાયમાં ધર્મરૂપતાના ૩ મુદ્દા :-**

શાસ્ત્રકારોની નિપુણ દૃષ્ટિ જોવા જેવી છે. 'અવિરુદ્ધ વચન અનુસાર અનુષ્ઠાન એ ધર્મ,' એવું ધર્મનું સ્વરૂપ બાંધી પછી એ અનુષ્ઠાન કરનારા બે,- (૧) ગૃહસ્થ અને (૨) સાધુ; એના હિસાબે ધર્મના બે પ્રકાર પાડ્યા, (૧) ગૃહસ્થધર્મ અને (૨) સાધુધર્મ. એમાં ગૃહસ્થધર્મના બે પ્રકાર પાડ્યા,- (i) સામાન્યથી ગૃહસ્થધર્મ અને (ii) વિશેષથી ગૃહસ્થધર્મ. સામાન્યથી ગૃહસ્થધર્મમાં અનિંદ્ય અને ન્યાયપુરસ્સર કુલોચિત વ્યવસાય-વ્યાપાર વગેરેને બતાવ્યા. આમાં વ્યવસાય-વ્યાપાર એટલે કે આજીવિકા **કમાવવા** માટેની પ્રવૃત્તિને ગૃહસ્થના સામાન્ય ધર્મ તરીકે ગણાવ્યો. એ ધર્મરૂપ હોવામાં હેતુ તરીકે આ મુદ્દા છે,-

(૧) અનિદ્યતા, અર્થાત લોકોમાં નિન્દ્ય વ્યવસાય ચોરી, જુગાર, વગેરે છે, એનો ત્યાગ રાખ્યો, એ ધર્મ.

(૨) ન્યાય પુરસ્સરતા એટલે કે અન્યાયનો ત્યાગ રાખ્યો, અસત્ય, અનીતિ એ અન્યાય છે. વ્યવસાયમાં એનો ત્યાગ રાખ્યો એ ધર્મ.

(૩) ઉત્તમ કુલોચિત વ્યવસાયમાં ઔચિત્ય જાળવ્યું એ ધર્મ.

**અન્યાયના પૈસામાં અનર્થ :-**

**પ્ર.**- પરંતુ અન્યાયથી સારા પૈસા મળે એમ હોય તો ?

**ઉ.**- શાસ્ત્રે કહ્યું એ પૈસા 'બડિશામિષ' જેવા છે. 'બડિશ' એટલે માછલી એને 'આમિષ' એટલે માંસ, અર્થાત્ માછલીને પકડવા માછીમાર લોખંડના કાંટામાં માંસપેશીનો ટુકડો પરોવી, એ કાંટાને દોરીએ બાંધી સરોવર કે સમુદ્રના કાંઠે પાણીમાં વહેતો મૂકે છે. માછલી એની ગંધથી ખેંચાઈ આવી ખાવાના લોભમાં જેવો માંસ-ટુકડો મોંમાં લઈ જડબું દાબે છે કે તરત પેલો અંદરનો ગુપ્ત કાંટો એના તાળવાને વીંધી નાખે છે ! માંસ ખાવાનો ક્ષણભર આનંદ તો મળ્યો પરંતુ તાળવામાં ખૂંચી ગયેલો પેલો કાંટો એમાંથી ખેંચી કાઢી નાખવા માટે એની પાસે હાથ આંગળા નથી, અને પાણીમાં માથું ગમે તેટલું પછાડે, પણ તાળવામાં જકડાઈ ગયેલો કાંટો શાનો છૂટો થાય ? એટલે પછી માછીમાર દોરી ખેંચી કાંટા સાથે માછલીને બહાર કાઢી લે છે. પછી એની કેવી દુર્દશા ! પાણીમાંથી બહાર નીકળેલી મૂર્છિત થઈ જાય, પણ મરી ન જાય. એટલે જીવતા જીવે દૂધીની જેમ છોલાય, ભજિયાની જેમ કડકડતા તેલમાં તળાય !

શાસ્ત્રકાર અન્યાયના વ્યવસાયને આ કાંટે પરોવેલા માંસ-ટુકડા જેવો કહે છે. એ વ્યવસાય-વેપાર, પાપાનુબંધી પુણ્ય જાગતું હોય તો, કમાણીનો કામચલાઉ આનંદ દેખાડે, પરંતુ એ વેપારમાં કરેલા કાંટા તુલ્ય અન્યાય નવા નરકાદિનાં ભારે



પાપકર્મ ઊભાં કરી ભવિષ્યમાં મહાદુઃખ દેખાડે છે ! એથી ઊલટું, સત્ય ન્યાય-નીતિ વગેરે લાભાંતરાય **કર્મ તોડી ભાવિમાં મહાવૈભવાદિની પ્રાપ્તિ કરાવે છે.**

શાસ્ત્રકારો આ નિપુણ મતિથી વર્તમાનમાં ન્યાયથી ચાલતાં કદાચ ઓછી કમાઈમાં થોડુંક કષ્ટ, પરંતુ ભવિષ્યમાં મહાલાભ હોવાનું બતાવી, ન્યાય પુરસ્સરના વ્યવસાયને ગૃહસ્થના 'સામાન્ય ધર્મ' તરીકે ઓળખાવે છે. આમાં આ વાત કેવી મજેની કરી ? કે **ન્યાયથી વર્તતાં અંતરાય કર્મ તુટે છે.**

શાસ્ત્રકારોના આ કથન પર શ્રદ્ધા હોય તો અન્યાયના માર્ગે જવાનું મન થાય ? એમાં જ્ઞાનીએ ભાવીમાં વૈભવાદિના મહાલાભ દેખાડ્યા, તે શું વિષક્રિયા બતાવી ? ના, અધીરા જીવને ધરપત આપી, કે 'વૈભવ' કરી અન્યાયના માર્ગે શું કામ જાય ? ન્યાયથી અંતરાયકર્મ તૂટી ભાવીમાં મહાવૈભવ મળે છે. માટે અન્યાયના માર્ગનો સ્વપ્નેય વિચાર ન કરતાં ન્યાયના માર્ગે ચાલ. એમાં તને ભવિષ્યમાં મહાવૈભવ તો મળવાનો જ છે, પરંતુ સાથોસાથ (૧) ન્યાયબુદ્ધિના સંસ્કારોનો કિંમતી વારસો મળશે ! (૨) એ તને ધર્મ સુલભ કરી આપશે ! (૩) એ ધર્મ માટે તને સદ્ગતિ સુલભ કરી આપશે ! આ લાભ નાનાસૂના નથી. માટે,

**ન્યાયી વર્તાવની બલિહારી છે.** (૪) એમાં ચિત્તમાં અન્યાયના સંકલેશ નથી ઊઠતા, એટલે બુદ્ધિ સ્વસ્થ રહે છે, નિર્મળ રહે છે.

ભવિષ્યમાં દીર્ઘકાળ માટે પવિત્ર નિર્મળ બુદ્ધિનો **વારસો મળે એ મહાકમાઈ છે.**

આ જોઈને જ્ઞાનીઓ ન્યાય પુરસ્સર, વ્યવસાયને સામાન્યથી ગૃહસ્થધર્મ તરીકે ઓળખાવે એ યુક્તિ-યુક્ત છે. 'ધર્મબિન્દુ' શાસ્ત્રમાં આનો સુંદર વિચાર આપ્યો છે, અને ત્યાં સુધી કહ્યું છે કે આવા બધા સામાન્ય ગૃહસ્થધર્મનું પાલન કરતાં કરતાં ગૃહસ્થના સમ્યક્ત્વ સહિત બારવ્રત રૂપી વિશેષ ગૃહસ્થધર્મની યોગ્યતા આવે છે. વાત આ હતી ચમત્કાર ધર્મથી સરજાય છે. શ્રીમતીના ધર્મથી રાજા આવર્જિત છે.

આર્દ્રકુમાર મહાત્મા પાસે શ્રીમતીને લઈને એનો બાપ નગરના રાજા સાથે આવે છે અને મહાત્માને શ્રીમતીને પરણી લેવા સમજાવે છે, પરંતુ મહાત્મા માનવા તૈયાર નથી એટલે શ્રીમતી ત્યાં ઝટ મહાત્માના પગ પકડી લઈ રોતી કરગરતી કહે છે,-

**શ્રીમતીની પ્રાર્થના : મુનિ પીગળે છે :-**

''ભાઈસાબ ! માફ કરો. મેં પૂર્વે જ તમને વરેલા છે, એટલે આ જનમ આખા માટે તમે જ મારા પતિ છો. એ વખતે તો તમે મને ઠગીને ચાલ્યા ગયા, પણ હવે મારે હાથ આવ્યા છો તે ક્યાં જવાના છો ? તમે છૂટવા માગો તો ય હું તમને છોડવાની નથી; અને જો હવે મને તરછોડીને જ ગયા છો, તો નિશ્ચિત

સમજજો કે હું આપઘાત કરીશ અને તમને સ્ત્રી હત્યાનું પાપ આપીશ; ને સ્ત્રીહત્યાનું પાપ નરકમાં પાડે છે''

ત્યાં રાજા પણ સમજાવે છે કે 'મહાત્માજી ! તમે તો આને પરણશો તો જ આ જીવતી રહેશે, નહિતર તમને સ્ત્રીહત્યાનું પાપ આપશે, માટે આની રુદન સાથેની વિનંતી સ્વીકારી લો, અને આને પરણી લો.'

આમ રાજા વગેરેનો આગ્રહ તો ખરો જ, પરંતુ પૂર્વ જન્મની પત્ની આ શ્રીમતીની આજીજી કાલાવાલીભરી પ્રાર્થના સાથે હૃદયફાટ રુદનના આંખમાં આંસુએ આર્દ્રકુમારના દિલને પીગળાવી નાખ્યું.

**સ્ત્રીજાત અને એમાં એની કરગરતી પ્રાર્થનાના આંખમાં આંસુ જોવા મળે પછી શું બાકી રહે ?**

માટે જ જ્ઞાનીઓ એવા પ્રસંગથી જ દૂર રહેવા કહે છે; અને કદાચ એવા પ્રસંગમાં મુકાઈ ગયા, તો મનને ભારે કાઠું ભારે મક્કમ બનાવવું પડે. જુઓ સ્થૂલભદ્ર મહામુનિ પૂર્વપરિચિત કોશા વેશ્યાને ત્યાં ચોમાસું રહ્યા ત્યારે કોશાવેશ્યાએ એમનો આગળ ભોગ-પ્રાર્થના કરગરતા રુદન અને આંખમાં ચોધાર આંસુ સાથે કરવામાં બાકી રાખી હશે ? એકાંત અને રૂપાળી યુવાન બાઈ માણસના આ ગદ્ગદ રુદનના આંસુ શું કામ ન કરે ? મોટા જગત્પ્રસિદ્ધ પહેલવાનને પણ પીગળી નાખે, પરંતુ સ્થૂલભદ્ર મહાત્મા કેમ ન પીગળ્યા ? કહો, મન ભારે કાઠું ભારે મક્કમ બનાવી રાખ્યું હતું પૂછો,-

**નિર્વિકારતાની એક ચાવી :-**

**પ્ર.-** એકાંતમાં ભોગ-પ્રાર્થના માટે કરગરતી અને ગદ્ગદ રોતી યુવાન બાઈ માણસ સામે મનની મક્કમતા શી રીતે રહે ?

ઉ.- એના ઉપાયો આ છે, (૧) વીતરાગ પ્રભુની નિર્વિકાર આંખ નજર સામે રાખી હોય, અને એ આંખમાંથી જાણે નિર્વિકારતાનો ધોધ છૂટીને આપણા પર પડે છે, ને આપણે નિર્વિકારતાના એ ધોધમાં સર્વાંગીણ સ્નાન કરી રહ્યા છીએ. એ ભાવના વારંવાર કરવાથી આપણા વિકાર ઠંડગાર પડતા લાગે છે. એ ઠંડગાર પડી જવાથી આપણને જાણે વિકાર ઊઠતો જ નથી એવી સ્થિતિ કરી દેવાય. ત્યાં મન મક્કમ રહે એમાં નવાઈ નથી.

બીજું (૨) આપણા પોતાના મૂળ આત્મસ્વભાવ, શુદ્ધ-જ્ઞાનમય સ્વભાવ જેમાં વસ્તુનું દર્શનમાત્ર હોય, પરંતુ કશો જ રાગ-આકર્ષણનો વિકારભાવ જ નહિ, આપણો વીતરાગતામય નિર્વિકાર સ્વભાવ લક્ષમાં લઈએ. જાણે એનો અનુભવ કરી રહ્યા છીએ ! એટલે આપણે જાણે નિર્વિકાર છીએ ! એવી ભાવના કરતા



રહેવાય, તો પણ મનની મક્કમતા કેળવાય. અથવા,

(૩) આ સ્પર્શના સુખથી બંધાતા નરકના કર્મના ભયંકર વિપાકરૂપે નરકની ધગધગતી ભઠ્ઠીમાં મકાઈ ડોડાની જેમ બફાયા શેકાયા કરવાનું દેખાય, ધગધગતી અગ્નિમય લોઢાની પુતળીયોને પરમાધામી વડે બળાત્કારે ભેટાડવાનું દેખાય, ખંજર-તલવાર-ભાલા-યંત્ર-મોઘર વગેરેથી આપણા અંગ અંગ છેદાવાનું-કપાવાનું-પીસાવાનું-કુટાવાનું દેખાય, અને એની કારમી વેદના વેદનાનું દુઃખ આબેહુબ અનુભવાય, તો પણ સ્ત્રીના કારમા રુદન સામે મન મક્કમ રાખી શકાય. અથવા.

(૪) અરિહંત ભગવાનની 'સકલાર્હત્' સ્તોત્રની ગાથાઓના જુદા જુદા ભાવ લઈ એ ભાવની મુદ્રાઓ રસપૂર્વક જોતા રહેવાય; દા.ત. 'આદિમં' પૃથિવીનાથ વાળી ગાથામાં શ્રીઋષભદેવ ભગવાન આદિ રાજા, આદિ સાધુ, અને આદિ તીર્થંકર હોવાની સ્તવના છે. તો એના ભાવની મુદ્રા એટલે આપણે નજર સામે શ્રીઋષભદેવ ભગવાન રાજા તરીકે ઊંચે રાજ્યસિંહાસન પર બિરાજમાન છે, અને એમની નીચે-નીચે નીચે અસંખ્ય સિંહાસનો પર અસંખ્ય રાજાઓ બેઠેલા છે, એ દેખાય. આ એક કોલમમાં જોવાનું. પછી બાજુના બીજા કોલમમાં સૌથી ઊંચે શ્રીઋષભદેવ ભગવાનને સાધુ તરીકે જોવાના અને એમની નીચે નીચે અસંખ્ય સાધુઓ જોવાના. વળી બાજુમાં ત્રીજા કોલમમાં સૌથી ઊંચે શ્રીઋષભદેવ ભગવાન સમવસરણ પર બિરાજમાન દેખાય. આ તો એક ગાથાનો ભાવ.

પછી બીજી 'અર્હંતમજિતં વિશ્વ' વાળી ગાથાનો ભાવ નજર સામે લાવીએ ત્યાં ભગવાનને સૂર્ય જેવા જોવાના. સૂર્ય ઊગે ને જગતના કમળો વિકસ્વર થાય એ રીતે અહીં ભગવાન પ્રગટ થાય અર્થાત્ કેવળજ્ઞાન થયા પછી સમવસરણમાં બેસી દેશનાનાં કિરણ ફેલાવે, અને ભવ્યજીવો સમ્યગ્દર્શન પામવાથી વિકસ્વર થાય, આ પણ એટલા માટે બને છે કે એમના કેવળજ્ઞાન રૂપી અરીસામાં આખું જગત્ પ્રતિબિંબિત થયું છે, એટલે ભગવાન એના આધારે દેશનામાં જગતના યથાસ્થિત જીવ-અજીવ આદિ તત્ત્વો, અનેકાન્તવાદ આદિ સિદ્ધાન્તો, અને સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગ પ્રકાશે છે.

આમ આગળ આગળની ગાથાના ભાવને, પૂર્વ પૂર્વની ગાથાના ભાવ સાથે કડી જોડીને નજર સામે લાવતા જાઓ, તો મને એમાં એટલું બધું પ્રસન્નતા સાથે એકાગ્ર થઈ જાય કે બહારના સ્ત્રી-સંગીત વગેરે વિષય પર કશું ધ્યાન જ ન જાય. મન એ ચિંતનમાં મક્કમ રહે....વાત આ છે,-

**મનને આલંબન મોટી ચીજ છે.** એમાં મન તન્મય રહે તો મન વિષયોમાં ઢીલું ન પડે. આર્દ્રકુમાર મહાત્મા આવા જ કોક તત્ત્વ ચિંતનમાં ઓતપ્રોત હતા,

તેથી શ્રીમતીએ પગ પકડી રોતા કરગરતા શબ્દે પરણી લેવા કહ્યું, પણ એમને એને શેની અસર થાય ? પૂર્વે પણ શ્રીમતીએ લગ્નની રમતમાં એમના પગ પકડેલા; પરંતુ એ ત્યાંથી ચાલી ગયેલા. અત્યારે એના ઘેર પણ ગોચરી વહોરતાં એણે કાલાવાલા કરેલા, છતાં ત્યાંથી નીકળી ગયેલા. એટલે બધે પોતાના સંયમમાં દૃઢ હતા.

છતાં હવે અહીં એમનું નિકાચિત ભોગાવલિ કર્મ જોર મારી જાય છે, એટલે શ્રીમતી જ્યાં કહે છે, 'નહિ પરણો તો આપઘાત કરી મરી જઈશ, ને રાજા પણ એને પરણી લેવાનો મહાત્માને આગ્રહ કરે છે, ત્યાં એ વિચારમાં ચડે છે,-

'અરે ! આ કેવો મામલો ઊભો થઈ ગયો ? પૂર્વે આ અનુકૂળ ઉપસર્ગથી બચવા તો મેં તરત વિહાર કર્યો, અને પછી આ નગર તરફ આવવાનો કોઈ વિચાર પણ નહોતો, એટલ વિહારની દિશા પણ જુદી જ રાખી હતી; છતાં કોણ જાણે કેમ રસ્તો ભૂલ્યો ? અને ભૂલમાં આ નગરમાં આવી પડવાનું થયું, ને તે ય શી રીતે આ કન્યાના ઘેર જવાનું બન્યું ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૧૩/૧૪,તા.૧૭-૧૨-૧૯૮૩**

**મુનિ કેમ પડે છે ?: કર્મની બળવત્તા :-**

મુનિનું મન મુંઝવણમાં પડ્યું કે ''હવે શું કરવું ? દીક્ષા લેતી વખતે દેવીએ મને ભારપૂર્વક અટકાવતાં કહેલું કે તમારે ભોગાવલિ કર્મ ઊભા છે અને તે તમારે અવશ્ય ભોગવવા પડશે,' એ દેવીએ કહેલું સાચું લાગે છે; કેમકે અહીં મામલો એવો બન્યો છે કે કન્યા આપઘાત કરી દેવા તૈયાર થઈ છે. કન્યાનો બાપ, રાજા, અને મહાજન બધા જ કન્યાને આપઘાતથી બચાવવા લગ્નનો આગ્રહ કરી રહ્યા છે. ત્યારે શું મારે નિકાચિત ભોગાવલિ કર્મ હશે ? એ જો હોય તો ભોગવાયા વિના એ મને ક્યાં છોડવાના હતા ?

જ્ઞાનીઓ પણ કહે છે,-

**अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ।**
**नामुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ॥**

અર્થાત્- કરેલું શુભ કે અશુભ કર્મ જીવને અવશ્ય ભોગવવું પડે છે. કર્મ ભોગવાય વિના સેંકડો ક્રોડ યુગોએ પણ ક્ષય પામતું નથી. ઉદયમાં આવેલું કર્મ કોણ ઓળંઘી શક્યું છે ? કેમકે કહ્યું છે,-



**आरोहतु गिरि-शिखरं समुद्रमुल्लंघ्य यातु पातालम् ।**
**विधिलिखिताक्षरमालं फलति कपालं, न भूपालः ॥**

અર્થાત્-માણસ ભલે પર્વતના શિખર પર ચડી જાય, કે સમુદ્ર ઓળંગીને પાતાલમાં જતો રહે, છતાં એના લલાટમાં વિધાતાએ લખેલા અક્ષરોની માળા ફળે છે, એની સામે મોટો રાજા પણ ફળતો નથી. વિધાતાઓ લખેલા લેખને મોટા રાજા મિથ્યા કરવા જાય તો તે ફળીભુત થતા નથી. શક્તિસામગ્રી-સંપન્ન મોટા રાજાનું ય કર્મ સામે ન ચાલે, તો મારું શું ચાલવાનું હતું ? કાંઈ નહિ, ઉદય આવેલ કર્મને ભોગવી જ લેવા દે. કન્યા, એનો બાપ, રાજા અને મહાજન બધાય આર્દ્રકુમાર મુનિને તેમ કહી રહ્યા છે, અને તીવ્ર ભોગાવલિકર્મના ઉદયે પોતાની પૂર્વની મક્કમતામાંથી મહાત્મા જરાક ઢીલા પડ્યા છે, તેથી એમણે બધાની પ્રાર્થના સ્વીકારી લીધી, અને સૌએ આર્દ્રકુમારનો જયજયકાર બોલાવી દીધો.

પછી તો શ્રીમતીના બાપે મોટી ધામધૂમથી આર્દ્રકુમાર સાથે શ્રીમતીનું પુરોહિત પાસે પાણિગ્રહણ કરાવ્યું. પૂછવાનું મન થશે,-

**પ્ર.-** એવા વિશુદ્ધ ચારિત્ર પાળનારા, અને તે ય જાતિસ્મરણ જ્ઞાનથી પોતાનો પૂર્વભવ અને ત્યાનું સંયમપાલન યાદ આવી જવાથી અહીં તીવ્ર વૈરાગ્ય પ્રગટ થઈને સંયમને લેશ પણ અતિચારનો ડાઘ લગાડ્યા વિના સંયમનું પાલન કરી રહ્યા છે, તો પછી કેમ એ સંયમપાલનના વિચારમાં ઢીલા પડ્યા ?

ઉ.- અલબત ભોગાવલિ કર્મ તો મોટું કારણ છે જ, પરંતુ પૂર્વભવના સંયમપાલનમાં જે પત્ની સાધ્વી પર મોહ જાગ્યો હતો, એનો ઝેરનો કણિયો એવો રહી ગયેલો કે એ આવીને અહીં નડે છે. પૂર્વભવે આયુષ્ય બાંધતી વખતે અલબત શુભભાવ હતો તેથી તે તિર્યંચ-મનુષ્ય ગતિનું આયુષ્ય ન બાંધતાં દેવપણાનું આયુષ્ય બાંધેલું તેથી દેવ થઈ અહીં આ મનુષ્યભવમાં આવ્યા છે; પરંતુ પેલો મોહના અનુબંધનો કણિયો રહી ગયેલો, અહીં આવી નડે છે.

બાકી આયુષ્ય બાંધવા માટે આ નિયમ છે, કે શુભ ભાવ સમ્યક્ત્વના ઘરનો હોય તો મનુષ્ય કે તિર્યંચ સમ્યક્ત્વ-અવસ્થામાં આયુષ્ય બાંધે તો નિયમા વૈમાનિક દેવલોકનું જ બાંધે. એના બદલે જો એનાથી નીચેનું જ્યોતિષ, ભવનપતિ, કે વ્યંતર દેવલોકનું આયુષ્ય બાંધ્યું, યા મનુષ્ય તિર્યંચ કે નરકનું આયુષ્ય બાંધ્યું, તો માનવું જ પડે કે એ આયુષ્યકર્મ સમ્યક્ત્વ-અવસ્થામાં નહિ, પણ મિથ્યાત્વ અવસ્થામાં જ બાંધ્યું હોય. કુમારપાળ મહારાજા ઊંચા ધર્માત્મા હતા, ઊંચા સમ્યગ્દર્શનને-સમ્યક્ત્વને ધરનારા હતા, ત્યારે તો ગણધરપણાની પુણ્યાઈ કમાઈ ગયા છે, છતાં એ કેમ વ્યંતરનિકાયમાં દેવ થયા છે ? કહો, કે એમણે આયુષ્યકર્મ મિથ્યાત્વગુણઠાણે બાંધ્યું છે.

નહિતર, ગણધરપણાની પુણ્યાઈ કેટલી બધી ઊંચી ? આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર ભગવાનના એ ગણધર થશે ! ત્યારે ભગવાનના શ્રીમુખેથી માત્ર ત્રણ પદ પામીને દ્વાદશાંગી, કે જેમાં મહાસાગર જેવા ચૌદપૂર્વ સમાય છે, એના સ્વયં રચિયતા થવાના છે ! એવી ઔત્પાતિકી બુદ્ધિ આદિની મહા પુણ્યાઈ વિના આ રચના શે બની શકે ? ત્યારે આવી ઊંચી ગણધરપણાની પુણ્યાઈ થોડી જ સમ્યક્ત્વ વિના બંધાય ? મહારાજા કુમારપાળ ઉચ્ચ કોટિના સમ્યક્ત્વને ધરનારા હતા એ એમના પાછલા ધર્મમય ઉચ્ચ જીવન પરથી દેખાય છે. આમ છતાં એમણે વ્યંતર દેવલોકનું આયુષ્ય કેમ બાંધ્યું ? વ્યંતરનું આયુષ્ય બાંધ્યું છે, એ બતાવે છે કે એમણે આયુષ્ય મિથ્યાત્વ-અવસ્થામાં બાંધેલું. પૂછો,

**પ્ર.**- એવા જ્વલંત સમ્યક્ત્વવાળાને પણ કદી મિથ્યાત્વ આવે ?

ઉ.- આવ્યું છે, એ હકીકત છે. સમ્યક્ત્વના અસંખ્ય આકર્ષ છે, એટલે કે સમ્યકત્વમાંથી મિથ્યાત્વમાં જાય, અને પાછું સમ્યક્ત્વ આકર્ષી લે, આવું અસંખ્યવાર બની શકે છે.

આ બતાવે છે કે સમ્યક્ત્વનો ભાવ નાજુક છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાંથી સહેજ જાગૃતિ ઓછી થતાં વીર્યોલ્લાસ મંદ થતાં જીવ એમાંથી ભ્રષ્ટ થઈ મિથ્યાત્વ પામી જાય છે. પછી ભલે પાછી જાગૃતિ આવતાં, અંતર્મુહૂર્તમાં જ સમ્યક્ત્વ તરફ આકર્ષાઈ જશે. પણ એક વાર તો પતન થઈ ગયું. સમ્યક્ત્વ અંગે આવું પતન-ઉત્થાન વધુમાં વધુ બને તો અસંખ્ય વાર બને છે; એને સમ્યક્ત્વના અસંખ્ય આકર્ષ કહે છે, એ સમજીને સમયક્ત્વનો ભાવ સમકિતની વિવિધ કરણીથી દઢ રાખવા જેવો છે. પણ ભરોસે રહી એક પણ મિથ્યાત્વની કરણી આદરવા જેવી નથી, કે તીવ્ર રાગ-દ્વેષ કરવા જેવો નથી.

કુમારપાલ રાજાને આયુષ્ય વૈમાનિક દેવલોકનું નહિ, પણ વ્યંતર દેવલોકનું બંધાયું છે, એ પરથી વિચારવાનું છે કે એવા એમને પણ મિથ્યાત્વ કેમ આવ્યું હશે ? શું કાંઈ દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા ડગમગ થઈ હશે ? અહીં સમજવા જેવું છે કે

**મિથ્યાત્વ આવવાના બે માર્ગ છે, -**

(૧) દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા અને તત્ત્વની શ્રદ્ધા ડગમગ થાય, તો મિથ્યાત્વ આવે; તેમજ

(૨) વિષયો પ્રત્યે અનંતાનુબંધીનો રાગ કે દ્વેષ ઊઠી આવે, તો ય મિથ્યાત્વ આવે.

કુમારપાળ મહારાજને સંભવ છે સાંસારિક જીવન જીવતાં આયુષ્યના બંધકાળે અનંતાનુબંધી કષાયનો રાગ યા દ્વેષ જાગી ગયો હોય; તેથી સમ્યક્ત્વભાવ ગુમાવી મિથ્યાત્વભાવ જાગી ગયો હોય, અને એમાં આયુષ્ય બંધાયું તે વ્યંતર-નિકાયના



દેવલોકનું બંધાઈ ગયું.

ફરીથી યાદ કરો, સમ્યક્ત્વનું બહુ નાજુકપણું છે, શાસ્ત્ર એમાં અસંખ્ય આકર્ષો કહે છે. આકર્ષ એટલે સમકિતમાંથી જીવ ક્યારેક મિથ્યાભાવમાં ચાલ્યો જાય અને વળી પાછો સમકિતના ભાવમાં આવે એ. આવું વધુમાં વધુ અસંખ્ય વાર બને એ અસંખ્ય આકર્ષ કહેવાય.

કુમારપાળ મહારાજને કોઈક વાર અનંતાનુબંધી કોટિના રાગને લીધે સમ્યક્ત્વમાંથી મિથ્યાત્વમાં થોડીક જ વાર જવાનું થયું હોય અને પછીએ રાગ દબાઈ જતાં પાછો સમ્યક્ત્વનો આકર્ષ થયો હોય. પરંતુ એ મિથ્યાત્વના ગાળામાં જ આયુષ્ય કર્મ બંધાયું હોય તો તે વ્યંતર દેવલોકનું આયુષ્ય કર્મ બંધાયું હોય એમ સંભવ છે. જેવા સમ્યક્ત્વના આકર્ષ, સંયમના પણ આકર્ષ છે. મહાત્મા આર્દ્રકુમારને નિકાચિત ભોગાવલિ કર્મના ઉદયે ચારિત્ર ભાવમાંથી અસંયમના ભાવમાં આકર્ષ થવાથી સંયમ મૂકી દઈ શ્રીમતી સાથે લગ્ન કરી લેવાનો ભાવ થયો, અને લગ્ન કરી લીધા.

**આર્દ્રકુમાર પડ્યા છતાં અલિપ્ત :-**

હવે કેમ ? ઝંખના કરનારી, સમૃદ્ધિવાળી અને રૂપાળી શ્રીમતી, એ કેટલીય તપસ્યાથી આર્દ્રકુમારને અહીં પતિ તરીકે લાવી હોય, એ હવે આર્દ્રકુમાર મળી ગયા પછી એમની સેવામાં કેવી ઊભી રહે ? અરે ! આર્દ્રકુમારનું માત્ર મુખારવિંદ જોઈ જોઈને પણ કેટલી બધી રાજીની રેડ થતી હોય ! ત્યારે પ્રેમની બીજી સેવાઓ કેટલી આપતી હોય ? સમૃદ્ધિનો પાર નથી. બાપની સમૃદ્ધિ તો ખરી જ, ઉપરાંત પેલી રત્નોની વૃષ્ટિ થયેલી યા સાડાબાર ક્રોડ સોનૈયા વરસેલા એ સંપત્તિ હતી, કેટલી જંગી સમૃદ્ધિ ! એથી ભોગ સાધનો, કેટલા ઊંચામાં ઊંચી કોટિના, અને ભરચક પ્રમાણમાં હાજર હોય ? આવી ઉચ્ચ સાધના-સામગ્રી સાથે રૂપસુંદરી શ્રીમતી ખૂબ પ્રેમ અને ભક્તિભર્યા દિલથી સેવા કરતી હોય, ત્યાં આર્દ્રકુમારની જગાએ બીજો કોઈ હોય તો કેવો ભોગલંપટ બની જાય ? પરંતુ અહીં આર્દ્રકુમાર કેવી રીતે રહે છે ? ખૂબ સંયમી થઈને અને હૈયાથી અલિપ્ત જેવા રહીને રહે છે ! કેમકે,

**વિષયભોગને વેઠ ચાર કારણે સમજે છે.**

(૧) જાતિસ્મરણ જ્ઞાનથી એમની નજર સામે એક તો પૂર્વે પાળેલું સ્વૈચ્છિક વિશુદ્ધ ચારિત્ર છે, ને એમને એ સંયમનો દિવ્ય આનંદ ભુલાતો નથી,

(૨) બીજું, આ જનમમાં પાળેલું નિરતિચાર ચારિત્ર, એની ભારે અનુમોદના છે. એટલે એની સામે વિષય-ક્રીડાને તદ્દન પશુ-ચેષ્ટા સમજી એના પર એમને ભારે ઘૃણા છે.

(૩) વળી, અનાર્ય દેશમાંથી અહીં કેવા ઊંચા ઉદ્દેશથી ભાગી આવેલા, કે

વીસરાતું નથી. તેમજ

(૪) ચોથી વાત એ છે કે એમને દેવતાએ કહેલા પોતાના અકાટ્ય ભોગાવલિ કર્મનો ખ્યાલ છે., એટલે એ પોતાની ઉપર કર્મનો બળાત્કાર સમજી ભોગ-ઉપભોગ વેઠ સમજે છે. પૂછો,-

**પ્ર.**- મસ્ત રંગરાગ ભોગ ઉડાવે છતાં એને વેઠ કેવી રીતે સમજે ?

**ઉ.**- દા.ત. ગુંડાના હાથમાં કોઈ દયાળુ માણસ ફસાઈ ગયો હોય, અને પેલા કહે આ બકરાને માર, નહિતર તને મારી નાખશું એ વખતે આ દયાળુ મરવા તૈયાર થાય, પરંતુ બકરાને હરગીજ નહિ મારું એમ કહી દે; ત્યારે પેલો ગુંડો એના ચાર સાગ્રીતને ભેગા કરી, એમની પાસે આ દયાળુને પકડી રખાવી દયાળુના હાથમાં બળાત્કારે છરો પકડાવી પોતાના ને સાગ્રીતના મજબૂત હાથેથી દયાળુના હાથ પર દબાણ લાવી બકરાના શરીર પર છરાનો ઘા કરાવે, એ વખતે દયાળુને શું થાય ? દિલ કકળે ને ? છરાનો ઘા કરવામાં જરાય રસ હોય ?, ના એ તો કકળતા હ્રદયે એવી અફસોસી કરતો હોય કે 'અરેરેરે ! આ મારા પર આ કેવા બળાત્કાર કે મારા હાથ વડે બકરા પર છરાનો ઘા ?'

**બળાત્કારે બકરા પર છરાના ઘાની જેમ કર્મના બળાત્કારે વિષયોનો સંગ સમજે એને એ વેઠ લાગે, એમાં દિલ કકળતું રહે.**

બસ, આર્દ્રકુમારના મનની આ સ્થિતિ હતી. દિલમાં ભારે અફસોસી રહેતી કે 'અરરર ! આ કર્મનો મારા પર કેવો બળાત્કાર કે હું જરાય આ ઇચ્છતો નહિ, છતાં કર્મ મારી પાસે આ પશુ જેવી ચેષ્ટા કરાવે છે !'

આર્દ્રકુમારનું દિલ આવું હતું એટલે જ વખત જતાં જ્યાં શ્રીમતીને પુત્ર જનમ્યો અને એ લેખશાળાએ ભણવા જતો થયો એટલે આર્દ્રકુમાર શ્રીમતીને કહે છે જો હવે તારે આ પુત્ર છે, એટલે એકલવાયાપણું નહિ રહે, માટે મને ચારિત્રની અનુમતિ આપી દે. મારું સંસાર અને સંસારની આ અજ્ઞાન મોહમૂઢ ચેષ્ટામાં બિલકુલ મન નથી.

આ ક્યારે કહેવાય ? હૈયામાં તીવ્ર વૈરાગ્ય હોય, અને અસંયમમાં રહ્યાનો રોજનો પારાવાર ખેદ હોય, સંતાપ હોય.

**ભોગલંપટો પતિત મહાપુરુષોનાં મહાન દિલને ન સમજી શકે :-**

મહાપુરુષોનાં આ દિલ જે ન સમજે, અને બોલે કે 'એ તો નંદીષેણ પણ પડ્યા હતા; ને અરણિક મુનિએ પડેલા; તેમ આર્દ્રકુમાર પણ પડ્યા હતા; એમણે ય સંસાર ભોગવેલા,'- આવું બોલનારા એ મહાપુરુષોને અન્યાય કરી રહ્યા છે. એવાને કોણ પૂછે "અલ્યા ભાઈ ! મહાપુરુષો પડ્યા પડ્યા કહે છે, પણ જરા એ



તો જો, કે પડ્યા છતાં એમનાં હ્રદય કેવાં હતાં ? ભોગમાં ફસાયા છતાં એમનાં દિલ ભોગ પ્રત્યે કેવા ઘૃણાવાળા હતા ? ને તારું દિલ જોને કે એ કેવું ભોગલંપટ છે ? ભોગલંપટ છે, માટે તો જિંદગીના ૪૦-૫૦-૬૦-૭૦ વર્ષ વીત્યાં છતાં હજી ક્યાં તારે ભોગમાંથી ઊઠી ચારિત્ર લેવું છે ?" શાનો ઉઠે ? દિલ ભોગમાં કકળતું હોય, પરલોકના ભયથી કંપતું હોય, તો ઊઠે ને ? તળાવડામાં બેઠેલી ભેંસ એમાં લીન તે ઊઠે જ નહિ ! એમ ભોગના તળાવડામાં બેઠેલો એમાં લય-લીન હોય પછી શાનો ઉઠે ? તે ય પાછા ભોગ તો કેવા તુચ્છ ગરીબડા મળ્યા છે, છતાં એમાં ય લીન-લંપટ ! કેવી દુર્દશા ?

ત્યારે પેલા નંદીષેણ આર્દ્રકુમાર વગેરે પડેલા તે કેવા સમૃદ્ધ માતબર ભોગમાં બેઠેલા ? છતાં એમનું દિલ ભોગલંપટ નહોતું, ભોગમાં કંપતુ-કકળતું હતું, માટે મોકો આવ્યો કે ભોગમાંથી ઊભા થઈ જતાં આંચકો ન આવ્યો; ભોગત્યાગ કરી ચારિત્રી બની ગયા !

નંદીષેણ આર્દ્રકુમાર વગેરે પડેલા છતાં કેવા જબરદસ્ત વૈભવમાં હૈયાથી અંતસ્તાપભરી અલિપ્તતા કેવી રાખી હશે ત્યારે જ એ સહેજ વાતમાં એનો ત્યાગ કરતાં અચકાયા નહિ એ વિચારવા જેવું છે. જાણો છો ને,

**નંદીષેણ પડ્યા છતાં કેવો અંતસ્તાપ ? :-**

નંદીષેણે વેશ્યાને ત્યાં પડતા પહેલાં વેશયાને સાધુ અર્થલાભ પણ કેવો કરાવી શકે છે' એ બતાવવા આંખના એક પિયાથી સાડાબાર ક્રોડ સોનૈયા વરસાવેલા ! આટલા તો સોનૈયા, એટલે એના રૂપિયા કેટલા ? એક સોનૈયાના એ કાળના પંદર રૂપિયા ગણો, તો ય દોઢ અબજ ઉપર રૂપિયા થાય. પછી વેશ્યાએ પાડ્યા, તો હવે એટલી જંગી ઋદ્ધિ સમૃદ્ધિ ઉપર રંગરાગ ભોગ વિલાસ, અને તે ય ચકોર રૂપાળી વેશ્યા સાથે, કેવા થાય ? છતાં એમાં હૈયું અંતસ્તાપભર્યું ! માટે તો સવારથી ઊઠીને ભોજન પહેલાં દસ યા અધિકને પ્રતિબોધ કરી દીક્ષા માટે ઊભા કરી દેવાનું રાખેલું ! અસંયમ-ભોગમાં પડ્યાનું દિલમાં આ જ્વલન, તે એમાંથી વિષયવિલાસની લચબચ સામગ્રી વચ્ચે રોજ દસને વૈરાગ્યનો ઉપદેશ ! આજના ભોગલંપટો, તે પેલી સામગ્રીની અપેક્ષાએ ઠીકરા કલાસ સામગ્રીમાં ય ભોગલંપટો બની રહેનારા, એ મહાપુરુષ પડેલા છતાં એમના મહાન દિલને શું સમજી શકે ? ૧૨-૧૨ વરસ નંદીષેણ વેશ્યાને ત્યાં અંતસ્તાપ સાથે રહેતા હતા તેથી તો એક દિવસ નવ જણ બૂઝ્યા ને દશમો નથી બૂઝતો, ભોજન ઠંડું થઈ જાય છે, ને વેશ્યા મશ્કરીમાં કહે છે,-

'દશમો નથી બૂઝતો ? તો દશમાં તમે,' ત્યાં નંદીષેણ ઊભા થઈ ગયા !

ખીંટીએથી ઓઘો બગલમાં મારી, કહે છે,-

'લે ત્યારે, હવે હું આ ચાલ્યો દીક્ષા લેવા,'

ત્યાં વેશ્યા ગભરાણી, ઘણાં ઘણાં મનામણાં કરે છે, "ભાઈસાબ ! રહી જાઓ; હું તો મશ્કરીમાં બોલેલી, ક્ષમા માંગુ છું જવાની વાત ન કરશો; અહીં જ રહો."

પણ નંદીષણ શાના રહે ? વેશ્યાએ કલ્પાંત માંડ્યો કરુણ સ્વરે રોતી જાય ને કહે છે 'હાય ! હવે હું ક્યાં જાઉં ? તમે મારા પ્રાણથી અધિક ! તમે જાઓ તો મારે જીવીને શું કામ છે ? બસ, મરી જાઉં પરંતુ વેશ્યાના આ આંસુ ઝરતી આંખે કરુણ કલ્પાંત પર નંદીષેણ ન પીગળ્યા. કારણ ? કહ્યું નહીં પહેલાં ? ભલે નિકાચિત ભોગાવલિ કર્મના ઉદયે અહીં વેશ્યાને ત્યાં રહ્યા હતા, પરંતુ ભોગલંપટ બનીને નહિ, કિન્તુ ભોગની ભયંકરતાનો ખ્યાલ રાખીને કંપતા-કકળતા હૃદયે રહ્યા હતા, તે હવે મોકો આવતાં શાના ભેંસની માફક ભોગના કીચડમાં એક ક્ષણ પણ ચોંટ્યા રહે ?

નિકાચિત ભોગાવલિ કર્મના ઉદયે ચારિત્ર મોહનીય જોર કરી ગયું તો ચારિત્ર આવરાઈ ગયું, પરંતુ સમ્યક્ત્વ નહોતું આવરાઈ ગયું, મિથ્યાત્વ મોહનીય જોર નહોતું મારી ગયું, તેથી સંવેગ-નિર્વેદ હૈયામાં રમી રહ્યા હતા, એટલે ભોગમાં હૈયે કંપ ને કકળાટ ઊભા રહે એમાં શી નવાઈ ? એના લીધે ભોગ-લંપટતા શાની આવે ?

**ભોગમાં હૈયે કંપારો ને કકળાટ હોય તો લંપટતા ન આવે.**

બસ, આ જ વાત છે, દિલમાં સમ્યક્ત્વનો દીવડો બુઝાવા ન દો, જ્વલંત જળતો રાખો, તો દુન્યવી વિષયો ને એના ભોગવટા ભયંકર દેખાશે, પરલોકના કારમા દુઃખો અને પાપિષ્ઠ અવતારો નજર સામે તરવર્યા કરશે; તેથી દિલ એ ભોગ-ભોગસાધનો પ્રત્યે કંપ અને કકળાટ અનુભવશે. આર્દ્રકુમારને શ્રીમતી મળી છે, ક્રોડોની સંપત્તિ મળી છે, પરંતુ સમ્યક્ત્વનો દીવો પ્રજ્વલિત છે; ભોગો ખૂંચે છે. તેથી શ્રીમતીને કહે છે, 'જો હવે તારે પુત્ર સહાયમાં આવી ગયો. તું અને પુત્ર બંને શાંતિથી રહો, અને હું ચારિત્ર લઈશ.'

શ્રીમતીને અથાગ રાગ, તે શાની એમાં મંજૂર થાય ? કહે છે, 'આ શું બોલો છો ? પરણ્યાને હજી બહુ વરસ થયા નથી ને મને તરછોડી જવાની વાત કરો છો ? તમે મળ્યાથી તો મને સ્વર્ગ મળી ગયું હતું, તે એકાએક લુપ્ત કરશો ?'

**આર્દ્રકુમારની પત્નીને વૈરાગ્યવાણી :-**

આર્દ્રકુમાર સમજાવે છે,- 'જુઓ આ ઝાંઝવાના નીર જેવા સુખાભાસમાં શી સ્વર્ગસુખની કલ્પના ?



**જીવન તો નદીના વેગની જેમ વહી ચાલ્યું છે, તે જોતજોતામાં મૃત્યુના મહાસાગરમાં ભળી જવાનું.**

પછી પરલોક-સાધના ક્યારે કરવાની ? તમે જાણો છો હું ચારિત્ર ભ્રષ્ટ થઈને આ પાપમાં પડ્યો છું. પાપ બહુ કર્યા, હવે વ્રતભંગના પાપનું વારણ કરી લઉં, તો મારે દુર્ગતિમાં ન પડાય.'

શ્રીમતી શાણી હતી, એણે બહુ ચર્ચા ન કરી; કેમકે પતિના સાધુ-જીવનની ઉત્તમ સાધુતા એણે જોઈ હતી, તેમજ અત્યાર સુધીના સહવાસમાં પતિને ભોગમાં બેઠા છતાં જળકમળની માફક અલિપ્ત હૃદયવાળા અનુભવ્યા છે, અને અત્યારે પતિ જે કહી રહ્યા છે એ કશું ગેરવાજબી કહેતા હોય એમ લાગતું નથી; આવું સમજતી હોય પછી શા માટે પતિ સાથે જીભાજોડી કરે ?

**પતિને રોકવાની ચતુરાઈ :-**

ત્યારે શું પતિને જવા દેવા છે ? શ્રીમતીને પોતાને એટલો બધો મોહ છે કે પતિને જવા દેવા માટે એનું મન માનતું નથી. એટલે એણે એક ઉપાય કર્યો.

પુત્રના નિશાળેથી આવતા પહેલાં એકવાર શ્રીમતીએ ચતુરાઈ કરી. પોતે રેંટિયો લઈને શ્રીમતી સૂતર કાંતવા બેઠી. એટલામાં પુત્ર આવ્યો. જોઈને ચકિત થઈ પૂછે છે 'માં ! આ તું શું કરી રહી છે ?'

શ્રીમતી કહે,- 'બચ્ચા ! હવે તારા બાપુ દીક્ષા લઈ આપણને છોડી જવાના છે, એટલે પછી તારા મારા ભરણપોષણ માટે આ કરવું પડે ને ? તું તો હજી નાનો છે. તને વેપાર કરવાનું આવડતાં વર્ષો લાગશે.'

છોકરો કહે,'આ શું, બોલી ! મારા બાપુ શાના જાય ? જો હું એમને બાંધી દઉં છું,' એમ કહી છોકરાએ પલંગ પર આડા પડેલા બાપના પગ પર સૂતરના તાર લપેટ્યા.

આર્દ્રકુમાર, મા-પુત્રની વાતો સાંભળી વિચારમાં પડી જાય છે કે 'આ બંનેની વાતો જોતાં લાગે છે કે જો હમણાં જ દીક્ષા લઈ લઈશ, તો બંનેને ભારે આઘાત લાગવા સંભવ છે; તેમજ પુત્ર જ્યાંસુધી આવડતવાળો મોટો નહિ થાય ત્યાં સુધી શ્રીમતી મન બાળ્યા કરશે, તેથી થોડો વિલંબ કરવા દે,'

આર્દ્રકુમાર કહે ચિંતા ન કરશો, આ સૂતરના પગે જેટલા આંટા છે, તેટલા વરસ રહી જઈશ, પછી દીક્ષા લઈશ.' એમ કહીને ઊઠી આંટા ગણ્યા, કુલ બાર આંટા થયા, એટલે બાર વરસ ઘરમાં રહી જવાનું નક્કી કર્યું. પૂછો,-

**મહાવૈરાગી છતાં કેમ રોકાઈ ગયા ?**

**પ્ર.-** આર્દ્રકુમાર મહાવૈરાગી અને રોકાઈ જાય ?

ઉ.- હા, હજી ભોગાવલિ કર્મ જોર મારતા હોય, તો એ એનો ભાવ ભજવી જાય. જોવાનું એટલું જ છે કે આવા વૈરાગી જીવો કામના લંપટ નથી હોતા, એટલા માટે તો ઘરમાં રહેવા છતાં સાકર પરની માખીની માફક રહેનારા હોય છે, કાંઈક ઉદાસીન ભાવથી રહેનારા હોય છે. એનું કારણ એક જ,

**જેમનું તત્ત્વદર્શન સંસાર-દર્શન આબેહૂબ હોય, એ સંસારમાં ઉદાસીન ભાવથી જ રહે.**

**આર્દ્રકુમાર મહર્ષિ :-** બાર વરસ વીતતાં કેટલી વાર ? બાર વરસ પૂરા થતાં જ એક દિવસે રાતના આર્દ્રકુમાર વિચાર કરે છે કે,-

**૧૨ વર્ષના અંતે આર્દ્રકુમારની ભવ્ય વિચારણા :-** 'અહો ! સંસારરૂપી કુવામાંથી મારા આત્માનો ઉદ્ધાક કરવા દોરડારૂપી ચારિત્રનું આલંબન મેં કર્યું, ચારિત્ર પાળ્યું, ને પાછું મૂકી પણ દીધું, અને ફરીથી હું એ જ સંસારમાં ખૂચ્યો છું ?

'પૂર્વ જનમમાં ચારિત્ર લઈને પાળતો હતો, પણ એમાં જો માત્ર મનથી પણ ચારિત્રની વિરાધના કરી, તો અહીં અનાર્યપણામાં ફેંકાઈ ગયો ! ત્યારે અહીં તો મેં મન-વચન-કાયા ત્રણેથી ચારિત્ર ભાંગી નાખ્યું, તો હવે આગળ મારી કઈ દશા કઈ ગતિ થાય ? આ દુઃખદ ચતુર્ગતિમય સંસારમાં જ ફેંકાઈ જાઉંને ? કાંઈ નહિ, હજી સાવ બગડી ગયું નથી, જીવન હજી હાથમાં જ છે, તો અત્યારે પણ સંસાર ત્યાગ કરી ચારિત્ર લઈને પ્રબલ સંયમ અને તપના અગ્નિથી મારા આત્માને વિશુદ્ધ કરી દઈશ. સોનું ગમે તેટલું મલિન પણ થયું હોય છતાં અગ્નિથી ક્યાં શુદ્ધ નથી થતું ?

બસ, આ વિચાર કરીને ચારિત્ર લેવાનો રાતના જ નિર્ધાર કરી લીધો.

'સંસાર પાપરૂપ છે, સંસારમાં પાપ જ પાપ કરવા પડે છે,'- એનો હૈયે ત્રાસ લાગી જાય, પછી એનાથી જીવ તદ્દન ઊભગી જાય એમાં નવાઈ નથી. ઘણા આજે કહે છે,- સાહેબ ! ચારિત્રના ભાવ થતા નથી; અલ્યા ભાઈ !

**ચારિત્રના ભાવ કયાંથી થાય ?**

પહેલું તો (૧) સંસારમાં નાનેથી મોટા એકેક દિવસમાં કરવા પડતા અઢળક પાપનો અને એથી પરલોકમાં થતા દીર્ઘકાળ દુર્ગતિ ભ્રમણનો ત્રાસ ક્યાં લાગ્યો છે ? રોજિંદા જીવનમાં પાણી-અગ્નિ-વનસ્પતિ-વાયુકાય વગેરે અસંખ્ય જીવોની કત્લ કેટલી ? શું હૈયે એનો ત્રાસ છે ? કે હાય ! આ રોજ સવાર પડી, ને કસાઈના કત્લખાનાની જેમ અસંખ્ય જીવોના સંહાર કરવાનું ચાલુ થઈ જ ગયું છે ! શું કુદરત આ સહન કરશે ? એ તો કહે છે 'ઠાર્યા તેવા ઠરજો, બાળ્યા તેવા બળજો.'વળી (૨) 'હાય ! બીજા રાગ-દ્વેષ-મોહમાયા વગેરેના પાપો અને ખોટા વિચારો, તથા મોહભર્યા વચનોનો પાપોનો પાર નહિ ! આમાં ભાવી કઈ દશા ?



આમ આનો ત્રાસ લાગી જાય ? તો હમણાં ચારિત્રના ભાવ થાય પણ પેલાનો ત્રાસ નથી થતો ઊલટું પૈસા પરિવાર અને મનગમતા વિષયોમાં હુંફ લાગે છે ! ઠંડક લાગે છે ! શાતા અનુભવાય છે ! પછી શું કામ ચારિત્રના ભાવ થાય ?

ત્યારે આર્દ્રકુમાર આમે ય સંસારમાં બળ્યા ઝળ્યા રહેતા હતા, એમાં પત્ની પુત્ર આગળ કબુલેલી મુદ્દત પૂરી થઈ, એટલે તો હવે હૈયે સંસારના પાપોનો અને દુર્ગતિ ભ્રમણનો ત્રાસ વધી ગયો, ચારિત્રનો નિર્ધાર કરી દીધો.

સવારે પત્નીને કહે છે,- કબુલેલા બાર વરસ વીતી ગયા છે, હવે હું દીક્ષા લઈશ-પત્ની શ્રીમતી આ સાંભળી રોવા જેવી થઈ ગઈ, દીનતાથી કહે છે, તમે દીક્ષા લેશો તો પછી તમારા વિના મારું શું થશે ? આ પુત્રનું શું થશે ?'

## પત્નીને ભવ્ય ઉપદેશ

આર્દ્રકુમાર કહે 'બાઈ ! કેમ તું આમ બોલે છે ? આ જગતમાં કોણ કોનું છે ? કોઈ કોઈનું નથી. જીવો તો પોતપોતાના કર્મોના અનુસારે બીજાની સાથે સંયોગ પામે છે, અને કર્મના અનુસાર પાછા એવા છૂટા પડી જાય છે કે ભવોના ભવો ભેગા જ થાય નહિ. એમાં વચમાં વળી બીજા બીજા જીવોના સંયોગમાં આવી 'મારા, મારા,' કરી જીવનના અંતે છૂટા પડવું જ પડે છે. કર્મસત્તા આગળ જીવનું શું ઊપજે છે ? જ્ઞાનીઓ પણ કહે છે,-

જીવનું એકાકીપણું કેવું ? :-

**''जातश्चेको मृतश्चेक, एको धर्म करोति च ।**
**पाप स्वर्गसुखे जीव; श्वभ्रे गच्छति कः समम् ॥**
**मूढाः कुर्वन्ति ये मे मे, वपुःपुत्रगृहादिकम् ।**
**तेऽपि त्यक्त्वा च रोगार्ताः मज्जन्ति भवसागरे ॥''**

અર્થાત્ આ સંસારમાં જીવ એકલો જન્મે છે, અર્થાત્ પૂર્વના કોઈ સગાને કે કશી સંપત્તિને સાથે લઈ આવી જનમતો નથી. અહીં જન્મે પણ એકલો અને મરે છે પણ એકલો, અર્થાત્ અહીં વહાલામાં વહાલા પણ કોઈ કુટુંબીને સાથે લઈને મરતો નથી. તેમ ધર્મ અને પાપ પણ જીવ એકલો જ કરે છે, કાં ધર્મ કરે છે. કાં પાપ કરે છે, એમાં બીજા ન પણ જોડાય એવું બને છે. અને એના ફળ સ્વરૂપે એકલો જ કાં સ્વર્ગમાં દેવતાઈ સુખમાં ચાલ્યો જાય છે ! કાં નરકના ઘોર દુઃખમાં એકલો જ પટકાય છે ! ત્યાં કોણ એની સાથે જાય છે ? અરે ! પોતાનું શરીર પણ સાથે જતું નથી, પછી પત્ની-પુત્ર વગેરે સાથે જવાની વાતે ય શી ?

**છૂટી જનારાને 'મારા-મારા' કરનાર મૂઢ :-**

ત્યારે શું તમને નથી લાગતું કે આવા અહીં જ ઊભા રહી જનારા અને મરણ બાદ જીવને કશો સથવારો-સધિયારો નહિ આપનારા શરીર સગા અને ઘરને 'આ મારા, આ મારા' એમ કરનારો જીવ મૂઢ છે ? 'મારા-મારા' કરીને વળે છે શું અંતે એ જ બધાને મૂકીને જ રોગથી એકલો પીડાતો મરીને કર્મના ગંજ ઉપાડી આ વિરાટ ભવસાગરમાં એકલો જ ડૂબી જાય છે.

તો ભાગ્યવતી ! આ શું બોલે છે કે અમારું શું થશે ? હું કદાચ ચારિત્ર ન લઈને ઘરમાં બેસી રહું, તો પણ મારે મૃત્યુ તો આવવાનું. તો મારા મૃત્યુ પછી તમારું શું થશે ? એ વિચાર કેમ નથી આવતો ? એવાં અવશ્યંભાવી સર્વવિયોગને કરાવનાર મૃત્યુને જોતાં શું જોઈને અહીં 'મારા પતિ, મારા પિતા, મારું ઘર,' એમ મારાપણું કરાતું હશે ?

**अन्यो जीवो भवेद् यत्र, देहात् तत्र गृहादिकम् ।**
**कथं मे मे तनुर्गेहं कलत्रं कुरुतेऽङ्गवान ? ॥**

જીવ જ્યાં કાયાથી ય જુદો છે, ને કાયા ય છોડીને જવું પડે છે, તો પછી શું જોઈને જીવ 'મારી કાયા, મારાં ઘર, મારી પત્ની' એમ મમત્વ કરતો હશે ? એમ કરવું એ ય શું જીવની મૂર્ખાઈ નથી ? મૂઢતા નથી ? જિંદગીભર મારી મારી કરેલી કાયા પર પણ મૃત્યુ પછી જો કશો અધિકાર નથી કરી શકતો, તો ઘર-કુટુંબી પર પરલોક જતાં કયાં અધિકાર કરી શકવાનો ? જ્ઞાની કહે છે,-

**કાયા-કુટુંબાદિ બધું દુઃખનું ઉત્પત્તિસ્થાન :-**

**कुटुंब धनधान्यादि सर्व दुःखसमुद्भवम् ।**
**देहं च मन्यते यः स्वं कर्म बध्नाति स कुधीः ॥**

અર્થાત્ તે આ જુઓ કે 'આ કુટુંબ અને ધન-ધન્યાદિ બધું ય દુઃખની ઉત્પત્તિ છે જેમાંથી એવું છે, અર્થાત્ એ બધું ય દુઃખનું જ ઉત્પત્તિ સ્થાન છે. દેહ-શરીર પણ શું આપે છે ? રોગ-પીડા-મજૂરી-કષ્ટો વગેરે, દેહ છે તો જ આવે છે; મતલબ, દેહના લીધે જ એ ઊભા થાય છે, ત્યારે ધન-ધાન્યાદિના પરિગ્રહમાં દુઃખ-કષ્ટ-સંતાપ ઊભા થવાનું પૂછવું શું ? આમ છતાં જે દુર્બુદ્ધિ માણસ આ દેહાદિને પોતાના માને છે, પોતાના વહાલા તરીકે જુએ છે, એ કેવલ કર્મોથી જ ભારે થાય છે, અને એ કર્મ લઈને પરલોક જતાં એની કેવી દુર્દશા થાય, એ એકત્રિત કરેલાં કર્મોનાં ગંજનાં ગંજને લીધે કેટકેટલા દારુણ વિપાક એને ભોગવવા પડે, એ સમજી શકાય એવું છે. આજે નજર સામે નાના મોટા અસંખ્ય જીવો જે



પાર વિનાના જાલિમ દુઃખો ભોગવી રહ્યા છે, એ પરથી કલ્પી શકાય એવું છે.

એ તો અહીં જીવ એકમાત્ર ધર્મ જ કરીને એને પુણ્યરૂપે સાથે લઈને જાય, તો જ એને પરલોકે સ્વર્ગાદિના સુખ જોવા મળે. કહ્યું છે,-

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૧૫/૧૬,તા.૩૧-૧૨-૧૯૮૩**

**एको धर्ममुपार्जितं च विबुधः कृत्वा स्वयं गच्छति**
**स्वर्गं, पापमुपार्ज्य घोरनरकः दुःखाकरं प्राणभुत ।**
**एको दुःखततिं ह्यसारमपि सो त्यक्त्वा च मुक्तायालयम्**
**तस्मात् एवं भज भावतो हि शरणं धर्मं त्यज स्वगृहम् ॥**

અર્થાત્ વિબુધ-સુજ્ઞ જીવ એકલો જ સ્વયં ધર્મનું ઉપાર્જન કરીને સ્વર્ગમાં જાય છે. ત્યારે જીવ એકલો જ પાપ ઉપાર્જન કરીને દુઃખ ભરપૂર ઘોર નરકમાં સિધાવે છે, તેમ જીવ એકલો જ અસાર દુઃખ વિસ્તારનો (સંયમ દ્વારા) ત્યાગ કરીને મોક્ષ પણ પામે છે. માટે હે જીવ ! તું ધર્મનું ભાવથી શરણું લે, અને પોતાનું માનેલું ઘર છોડ.

આર્દ્રકુમાર પત્ની શ્રીમતીને કહે છે,-

"આ બધું જોતાં-વિચારતાં તને લાગે કે બધું જ્યારે જીવને એકલાને જ કરવાનું ભોગવવાનું અને છૂટવાનું હોય છે, તે પરથી 'મારા વિના તમારું શું થશે,' એ ચિંતા તમારે કરવી નકામી છે, અને 'તમારા વિના મારું શું થશે.' એ ચિંતા મારે ય કરવી નકામી છે, સૌએ પોતે જ પોતાના આત્માની ચિંતા કરવાની છે, અને તેથી જ સૌએ એકબીજાના સારામાં સમર્થન જ કરવું જોઈએ તો તમે હવે મારા ઉત્તમ કાર્યમાં વિઘ્ન ન કરતાં સંમત થઈ જાઓ."

**આર્દ્રકુમાર દીક્ષા લે છે :-**

બસ, આર્દ્રકુમારે એ રીતે પત્ની-પુત્રને સમજાવી દીધા, અને પોતે જાતે જ મુનિવેષ લઈ લીધો, સંયમની પ્રતિજ્ઞા કરી દીધી, અને નિર્મમ નિરહંકાર પ્રત્યેકબુદ્ધ બની ઘરમાંથી નીકળી વનમાં ગયા, ચારિત્ર લઈ વનમાં નીકળી પડ્યા. એમાં પૂર્વનો મહાન સંયમ-તપનો અભ્યાસ છે; અને એમાં વળી હવે પૂર્વે સંયમ મૂકી સંસાર ખેડ્યાનાં પાપ નજર સામે તરવરે છે, તે દિલને ખૂબ ડંખે છે, એટલે હવે તો સંયમ તપનો પુરુષાર્થ પૂર્વે કરતાં ઓર વધુ ભભૂકી ઊઠ્યો છે. મહાત્મા આર્દ્રકુમાર મહર્ષિ પ્રત્યેકબુદ્ધ તરીકે પૃથ્વી તળ પર વિચરી રહ્યા છે. ઘર મૂકતા જ નિર્મમ અને નિરહંકાર બની નીકળ્યા છે, એટલે કશી મમતા યાવત્ પોતાના

શરીરની પણ મમતા રાખી નથી, તેમ કશું અહંત્વ રાખ્યું નથી, એટલે કષ્ટ-ઉપદ્રવો સહર્ષ વધાવી લે છે.

**૫૦૦ ચોરોનો ભેટો : ચોરો કોણ ? :-**

આર્દ્રકુમાર મહર્ષિ વિહારમાં એકલા રાજગૃહ તરફ શ્રીમહાવીર ભગવાન પાસે જવા જંગલમાંથી પસાર થઈ રહ્યા છે. ત્યાં એમને એક પલ્લી નાખી પડેલા ૫૦૦ ચોરોનો ભેટો થઈ જાય છે. મહર્ષિએ તો ચોરોને ન ઓળખ્યા, પરંતુ ચોરોએ એમને ઓળખી કાઢી ચકિત થઈ જઈ પગે પડીને કહ્યું,- 'આપે અમને ઓળખ્યા? અમને આપના પિતાજીએ આપની સેવામાં ગોઠવેલા, તે અમે ૫૦૦ સેવકો છીએ. આપ તો એકાએક ભાગી ગયા, અમે ચારે બાજુ ઘણી તપાસ કરી, આપનો પત્તો ન લાગ્યો, તેથી લાગ્યું કે આપ જતાં રહ્યાં. એટલે એમ એક તો શરમાયા કે પિતાજીને હવે મોં શું બતાવવું ? તેમજ બીજું એ કે પિતાજીથી ગભરાયા કે 'આપની રક્ષા ન કરી એના બદલામાં મોટી સજા કરશે તો ?' તેથી અમે વહાણ પકડી એ દેશ જ છોડી અહીં આવ્યાં. આપની તપાસ કરતાં આપ ન મળ્યા; તો ધંધો ક્યાં શોધવો ? તેથી આ ચોરીનો ધંધો રાખ્યો છે."

ચોરોની વાત સાંભળી આર્દ્રકુમાર મહર્ષિ જુએ છે કે 'આ લોકોને બુઝવવાનો અત્યારે મોકો સારો છે.' અલબત પોતે એટલા બધા નિર્મમ નિસ્પૃહી છે કે એમને કોઈ શિષ્ય કરવાની કશી જ તાલાવેલી નથી; પરંતુ સહજભાવે ઉપકાર થાય એવો છે, તેથી એમને આ પ્રમાણે બે અક્ષર હિતના કહે છે,-

**ચોરોને ઉપદેશ :-**

'મહાનુભાવો ! આ તમે કેવી પાપકારી અને દુર્ગતિદાઈ જિંદગી જીવી રહ્યા છો ? ચોરી રૂપી પાપવૃક્ષના બે ફળ છે,-

(૧) કદાચ પકડાયા, તો અહીં પણ મહાપીડા, મારપીટની રિબામણ, અને મોત. તેમજ (૨) પરલોકમાં તો આ પાપના ફળમાં ભયંકર નરકની વેદના છે. કહો, આવા પાપકર્મોની સજા નરકાદિ દુર્ગતિઓની કેદ છે. આવા ઉત્તમ માનવ અવતારે નરકાદિ હલકી દુર્ગતિઓના ભવોની જેલોમાં પૂરાઈ જવું પડે એવા પાપકર્મો કરવાના ? કે સદ્ગતિ-પરમગતિના સાધક સુકૃતો કરવાના ?

**માનવ-અવતાર તો જનમ-જનમની પાપ વાસનાઓ તોડી નાખે એવા અહિંસા-સંયમ-તપની ઉચ્ચ સાધનાઓ માટે છે**

**કે જેનાથી દુર્ગતિઓના દરવાજાને તાળાં લાગી જાય, અને સદ્ગતિ યાવત્ મોક્ષગતિ સિદ્ધ થઈ શકે.**

પેલાઓ કહે,- પરંતુ આપ અમારી નજર ચુકાવી જતા રહ્યા એટલે અમે



સ્વામીને શું મોઢું દેખાડીએ ? તેથી અમે પણ વહાણમાં બેસી અહીં આપને શોધતા આવ્યા. પણ આપનો પત્તો ન લાગ્યો એટલે અમે આવા અજાણ્યા દેશમાં શું કરીએ ? ક્યાં કોની પાસે જઈ ઊભા રહીએ ? અમારો કોણ ભરોસો કરે ? તેથી અમે આ ચોરી-લૂંટનો ધંધો કરતા રહ્યા છીએ.'

ઋષિ એમને કહે છે,- **માનવજન્મ કેમ દુર્લભ ? :-**

"હે ભદ્ર લોકો ! સારો માણસ કષ્ટમાં પડ્યો હોય તો ય એણે ચોરીનો ધંધો નહિ કરવો જોઈએ. શું તમે જાણો છો ખરા કે આ મનુષ્ય જન્મ કેટલો બધો દુર્લભ છે ? આ જગતમાં નજર સામે દેખાતા જીવોની અમાપ સંખ્યા સામે મનુષ્યોની બહુ અલ્પ સંખ્યા જુઓ, ને જીવોની અનેકાનેક જાતિઓ અને એની અસંખ્ય સંખ્યાની સામે મનુષ્ય જાતિમાં બહુ અલ્પ સંખ્યા જુઓ, તો તમને સમજાશે કે આ વિશિષ્ટ બુદ્ધિસંપન્ન માનવ-અવતાર કેટલો બધો દુર્લભ અને કિંમતી છે ! આવો દુર્લભ જનમ પામીને એવું કરવું જોઈએ કે જેથી સારી ગતિ પ્રાપ્ત થાય. કેમકે કહ્યું છે,-

**जन्तुनामवनं जिनेशमहनं भक्त्याऽऽगमाऽऽकर्णनं,**
**साधुनां नमनं मदापनयनं सम्यग् गुरोर्माननम् ।**
**मायां च हननं विशुद्धिकरणं लोभतरूमोन्मूलनं,**
**चेतः शोधनमिन्द्रियार्थदमनं यत् तच्छिवोपायनम् ॥**

**મોક્ષના સીધા ૧૧ ઉપાય :-** અર્થાત્- (૧) જીવોની રક્ષા-દયા, (૨) જિનેન્દ્ર ભગવાનની ભક્તિપૂર્વક પૂજા, (૩) ભક્તિ શ્રદ્ધાથી આગમોનું શ્રવણ, (૪) સાધુઓને વંદના, (૫) મદનો ત્યાગ, (૬) સુગુરુને માનવા (ઉપાસના), (૭) માયાનો નાશ, (૮) આત્મવિશુદ્ધિ-કરણ, (૯) લોભવૃક્ષનું ઉન્મૂલન, (૧૦) ચિત્તનું સંશોધન, ને (૧૧) ઇન્દ્રિયોનું વિષયોમાંથી દમન (ગમનનિરોધ), એ જે જીવન છે તે મોક્ષનો ઉપાય છે.

ચોરોને આર્દ્રકુમાર મહર્ષિએ સંક્ષેપમાં કેવા સુંદર કર્તવ્ય બતાવી દીધા !

પહેલાં તો ધર્મના પાયામાં જીવો પ્રત્યે દયા, જીવોની અહિંસા જોઈએ, એના ઉપર જિનભક્તિ, સાધુ-વંદના, સદ્ગુરુસેવા-ઉપાસના, તથા આગમશાસ્ત્ર શ્રવણ જોઈએ. વળી મદ-માયા-લોભનો ત્યાગ જોઈએ, તેમજ ઇન્દ્રિયોનું દમન જોઈએ, જેથી એ ઇષ્ટ અનિષ્ટ વિષયોમાં રાગદ્વેષ ન કરે અને ઇષ્ટ વિષયોમાં દોડી ન જાય, આ ઉપરાંત મનના દોષોનું શોષણ કરી મનને નિર્મળ બનાવવા દ્વારા આત્માનું વિશુદ્ધિકરણ કરવું જોઈએ.

**સંક્ષેપમાં ધર્મ :-** ટુંકમાં કહીએ તો દયા, દેવ-ગુરુભક્તિ, જિનવાણી-શ્રવણ-કષાયશમન-ઇન્દ્રિયદમન અને મનઃશુદ્ધિકરણ, આ દ્વારા આત્મ વિશુદ્ધિકરણ એ

માનવભવનાં કર્તવ્ય છે. આર્દ્રકુમાર મહર્ષિ આગળ કહે છે.

**केनापि पुण्ययोगेन मानुष्यकमवाप्यते ।**

**प्राप्तस्य च तस्य फलं धर्मः स्वर्गापवर्गदः ॥**

કોઈક એવા પુણ્યના યોગે મનુષ્યપણું મળે છે; અને મળેલા એ માનવજનમનું ફળ ધર્મ છે, કે જે સ્વર્ગ અને મોક્ષદાયી છે.

વાત પણ સાચી છે કે પૂર્વે કહેલા જીવદયા, જિનભક્તિ,.. વગેરે ધર્મ પશુ આદિ તિર્યંચના અવતારોમાં નહિ, કિન્તુ મનુષ્ય અવતારમાં જ આચરી શકાય છે; તો પછી કોઈ વિશિષ્ટ પુણ્યોદયે મળેલા મનુષ્યભવું ફળ ધર્મ જ હોય; અર્થાત્ મનુષ્ય જન્મ રૂપી ક્ષેત્રમાં ધર્મનો જ પાક ઉગાડવો જોઈએ.

ચોરોને મહર્ષિ આગળ કહે છે,- ''જુઓ ભાગ્યવાનો ! જિનેશ્વર ભગવંતોએ જીવો પર દયા અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહને જ ધર્મ કહ્યો છે. તેથી જો તમે સ્વામિભક્ત હો, તો મારા માર્ગનો આશ્રય કરો. તમને ખૂબ જ સુખ મળશે.''

મહર્ષિએ ઠીક જ કહ્યું કે 'દુર્લભ અને મહાકિંમતી મનુષ્ય અવતારે એકમાત્ર ધર્મ જ કરવા લાયક છે, અને ધર્મમાં પણ પાંચ મહાવ્રતો જ આચરવા જેવા છે, કેમકે ધર્મ મહા વ્રતમય છે. એ મેં લીધા છે. ને તમે પૂર્વે મારા ભક્ત હતા, તો હવે પણ સ્વામિભક્ત બની મારા માર્ગને અપનાવી લો.'

**ચોરોની સુવિચારણા :-** ચોરો મહર્ષિની આ વેધક વાણી સાંભળીને ગદ્ગદ થઈ ગયા ! કેમકે એમણે જોયું કે આ સ્વામીને ઘરે શી ખોટ હતી ? રાજા થવાની તૈયારી હતી, એ છોડી આવું ધર્મમય કઠોર જીવન એમણે સ્વીકાર્યું એ કેટલું બધું કપરું ! કેટલો બધો મહાત્યાગ ! તો હવે આપણે ય શું કામ બાકી રાખીએ ?'

ચોરો મહર્ષિને કહે છે, આપ અમારા સ્વામી જ છો. આપ જેમ કહો તેમ કરવા અમે તૈયાર છીએ.'

મહર્ષિ કહે છે,- 'તમે મારા જેવા થઈ જાઓ, ચારિત્ર લઈ લો,'

**ચોરોની દીક્ષા :-** બસ, ચોરો તરત તૈયાર થઈ ગયા, અને એમણે ચારિત્ર દીક્ષા લીધી, સાધુ બની ગયા !

જોજો, સાધુ કોણ બને ? ચોર કે શાહુકાર ? અહીં ચોરો સાધુ બને છે, ને તમે શાહુકાર હજી પાપઘરમાં બેઠા છો ! કારણ કાંઈ ? મનને આવું જ કાંક હશે ને કે 'ચોરો બિચારા બહુ પાપમાં પડેલા હતા, એટલે એમણે તો ચારિત્ર લેવું જ જોઈએ; જેથી એ મહાપાપ ધોવાઈ જાય; ને અમારે એવાં પાપ નહિ એટલે એને ધોવા માટે ચારિત્રની શી જરૂર ? એમજ મનને ને ?



જનમથી જૈનધર્મ મળ્યો છે, થોડો દયા-દાનાદિ ધર્મ કરાય છે, ને એમાં પંચેન્દ્રિય હિંસા નથી, કે ચોરી છિનારી નથી, એટલે મન પર જાણે એવી છાયા પડી ગઈ કે 'મારે તો પાપ બહુ ઓછાં, તે ચારિત્રની શી જરૂર છે ? ચારિત્ર વિના ચાલે !'

ત્યારે 'જીવનમાં મારે પાપ ઓછાં છે મારે ચારિત્ર વિના ચાલે,' આ માનવું કેવું ગોઝારું છે ? કદાચ માનો કે આ જીવનમાં પાપ બહુ ઓછાં કર્યા હોય, છતાં પૂર્વ જન્મોનાં પાપકર્મો આત્મા પર કેટલા બધા લદાયેલા પડ્યા છે એનો વિચાર છે ખરો ? બોલો, **જીવનમાં પ્રભુને પાપ વધારે ? કે તમારે ?**

ભગવાનને પોતાના છેલ્લા ભવમાં જીવનમાં પાપ કેટલા કરવાના હોતા હશે? તમારા કરતાં વધારે પાપોથી એ જીવન જીવતા હશે ? તમારે તો કામ-ક્રોધ-લોભ, માન-માયા-ઈર્ષ્યા, હિંસા-જૂઠ-ચોરી, વગેરે સામાન્ય અને પ્રભુને બહુ જોરદાર હશે ? કે ઊલટું છે ? પ્રભુને તો કહો, કામ ક્રોધાદિ નહિ જેવા, છતાં પ્રભુએ મનને માંડવાળ નહિ કરી કે 'આપણે પાપ બહુ ઓછાં છે, ચારિત્ર વિના ચાલશે. કેમ એમ ન માન્યું ? કહો પ્રભુને પોતાના આત્મા પરના પૂર્વના અગણિત પાપકર્મો ચોંટેલાનો ખ્યાલ છે, એના નિકાલ વિના જનમ-મરણના ફેરા ઊભા છે, અને એનો નિકાલ સંયમ ચારિત્રથી જ થાય, એવું પ્રભુ સમજે છે, તેથી પ્રભુએ માંડવાળ ન કરતાં ઘર છોડ્યું, વહાલસોયું કુટુંબ છોડ્યું, અને ચારિત્રપંથે નીકળી પડ્યા.

મોટા તીર્થંકર ભગવાન જેવાને ચારિત્રની જરૂર પડી તેથી તો તમે એ જોઈને પણ ઘર છોડવાની માંડવાળ કરો છો ? કરતા નહિ,-

અરે ! આ ૫૦૦ ચોરો સામે તો જુઓ, એ અનાર્ય દેશમાં જન્મેલા એટલે જન્મે જૈન નથી, તેમજ ગુરુના બહુ ધર્મ-ઉપદેશ સાંભળ્યા નથી, અહીં માત્ર મહાત્મા આર્દ્રકુમાર પાસે આ ધર્મ સાંભળવા મળ્યો, એટલાંમાં ચોરમાંથી સીધા સાધુ થઈ જાય છે ! તો શાહુકાર એવા તમારે એ પરથી ધડો લેવા જેવો નથી ?

આ જો નજર સામે હોય તો મનને એમ થાય કે એ ચોરો હોઈને ય સાધુ થઈ શકે છે, તો શું હું શાહુકાર હોઈને સાધુ ન થઈ શકું ?

૫૦૦ ચોરો મુનિઓ બની ગયા.

**૫૦૦ મુનિ સાથે મહર્ષિનો વિહાર :-**

એમની સાથે આર્દ્રકુમાર મહાત્મા ભગવાન શ્રી મહાવીર સ્વામીને વંદન કરવા માટે ચાલ્યા, તે રાજગૃહીના નજીકના ઊદ્યાનમાં પહોંચ્યા.

**ભગવાન મળવા કેટલા મોંઘા ?**

જુઓ ભગવાનના દર્શન વંદન કેટલાં મોંઘા છે ! આર્દ્રકુમાર જ્યારે અનાર્ય દેશમાંથી આર્ય દેશમાં આવ્યા અને મુનિ બન્યા ત્યારથી ઝંખના હશે કે 'મહાવીર

પ્રભુને ક્યારે ભેટું ! પણ પછી તો ચારિત્ર મૂક્યું ને બારવરસ ઉપર સંસારમાં રહી આવ્યા ! હજી સુધી ભગવાન નથી મળ્યા ! વીતરાગ ભગવાન મળવા કેટલા મોંઘા છે ? એ આજે પણ તમે દુનિયાભરના માણસો સામે જુઓ તો ય ખબર પડે; અને જો મન પર આ રહ્યા કરે કે 'ભગવાન મળવા કેટલા બધા મોંઘા છે !' તો પછી સવારે ઊઠીને ભાવથી ભગવાન યાદ કરાય, ભગવાનના વારંવાર દર્શન-વંદન-પૂજનની ઊલટ રહે, ઉત્સાહ રહ્યા કરે. મંદિરમાં ગયા, બહુ ભગવાનનો પરિવાર જોઈ હૈયે હરખ હરખ થાય. કંઈપણ કામ કરતા પહેલાં ભગવાન ઝટ યાદ આવે. એક પાણીનું પવાલું મોંઢે લગાડતાં ય ભગવાનને યાદ કરી ભગવાનને નમસ્કાર કરાય કે 'નમો અરિહંતાણં' આ બધું ક્યારે બને ?

**આ જગતમાં અરિહંત ભગવાન મળવા કેટલા બધા મોંઘા છે. એ હૈયામાં સચોટ બેસી ગયું હોય તો વાતે વાતે ભગવાન યાદ આવી નમો અરિહંતાણ યાદ કરાય, ભગવાનનો ઉપકાર દેખાય.**

શ્રીમહાવીર ભગવાનને ભેટવા આર્દ્રકુમાર ૫૦૦ નવા મુનિઓ સાથે ચાલી રહ્યા છે, અને હવે રાજગૃહી નગરની નજીકમાં આવી પહોંચે છે. ત્યાં એમને ગોશાળો, બૌદ્ધ ભિક્ષુ, યજ્ઞહિંસક બ્રાહ્મણો, અને હાથી ખાઉં તાપસો સાથે ચર્ચામાં ઊતરવું પડે છે. સૂયગડાંગ સૂત્રમાં એ ચર્ચા મૂકી છે. એ ચર્ચા તાત્ત્વિક અને સમજવા જેવી મનોરમ હોવાથી આપણે અહીં એનો સંક્ષેપમાં વિચાર કરીએ.

## ગોશાળા સાથે ચર્ચા

ગોશાળો આર્દ્રકુમાર મહામુનિને પૂછે છે,- 'આ તમે ક્યાં ચાલ્યા ?' આર્દ્રકુમાર મહાત્મા કહે, વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ત્રિભુવનગુરુ શ્રીમહાવીર ભગવાનના વંદનાદિ કરવા જઈએ છીએ.

ગોશાળો કહે, 'અરે ! તમે એ વર્ધમાનને ઓળખતા નથી ?'

મુનિ પૂછે,- 'કેમ એમ કહો છો ?'

ગોશાળક કહે, જુઓ વર્ધમાન (૧) પહેલાં એકાન્તચારી હતા તે હવે મોટા પરિવાર રસાલા સાથે વિચરે છે. (૨) પહેલાં તપશ્ચરણમાં ઉદ્યત હતા, તે હવે નિત્યભોજી બની ગયા છે. (૩) પહેલાં મૌન જ રાખતા હતા, તે હવે આજીવિકા માટે દેવ-મનુષ્યોની મોટી સભામાં ભાષણો કરતા થઈ ગયા છે. આમ વર્ધમાન કડક આચારો પાળતા મૂકી શિથિલાચારી થઈ ગયા છે. એમના શરણે તમારે જવું છે ? એવા શિથિલાચારી પાસેથી શું પામશો ?'

ગોશાળાએ રજૂઆત કેવી યુક્તિ પૂર્વકની કરી ? 'ભગવાન પહેલાં (૧)



એકાન્તચારી (૨) તપસ્વી અને (૩) મૌન રહેતા, એ એમની કડક આચારબદ્ધતા સૂચવે છે. ત્યારે હવે (૧) પરિવારચારી, (૨) નિત્યભોજી, અને (૩) આજીવિકાર્થ ભાષણો કરનાર બન્યા, એ એમનો સ્પષ્ટ શિથિલાચાર છે.' આ સાંભળતાં અણજાણ જીવો બિચારા ભરમાઈ જ જાય કે 'ત્યારે તો મહાવીર ખરેખર શિથિલાચારી જ બની ગયા !'

ગોશાળો શ્રીમહાવીર ભગવાનના ઉપકારને પામેલો છે, છતાં એને અવગણીને હવે એ ભગવાનની કેવી નિંદા કરે છે ! મોહનીય કર્મ વિચિત્ર અને માથાભારે છે. એ જીવની પાસે ઉપકારીને પણ નિંદવા, હલકા પડવા વગેરે અધમ પ્રવૃત્તિ કરાવે છે. સાધુ જો ભાન ભૂલે તો સાધુ પણ પરમ ઉપકારી ગુરુની નિંદામાં પડી જાય ! તેમ ગૃહસ્થ પણ ઉપકારી મા બાપનું વેતરનારા બની જાય. આજે કેટલાય ગૃહસ્થોમાં આ ભરપૂર દેખાય છે, કે મા બાપને એમના તરફથી ત્રાસ હોય.

**કળિકાળ કેમ જીવોનો દુર્ગતિ-પ્રેરક બને છે ?**

આમ જ; ઉપકારીનો દ્રોહ, પૂજ્યોની આશાતના ધર્મની હલકાઈ વગેરે કરાવી દુર્ગતિ પ્રેરક બને છે. આજે કેટલાય છોકરાઓ મહા ઉપાકરી મા-બાપનો દ્રોહ કરતા દેખાય છે ને ? કેટલાય શેઠિયા તથા બોલકણાઓ પૂજ્ય સાધુ-સાધ્વીની અવગણના-આશાતના કરી રહ્યા છે ને ? એમ કેટલાય જીવો જમાનાવાદ-નાસ્તિકવાદ, જડવાદના પવનમાં ફસાયા જાતે ધર્મની નિંદા કરે છે, હલકાઈ ગાય છે, અથવા તો ધર્મ કરનારા કેટલાક જીવન એવું જીવે છે, કે જેથી ધર્મની ને શાસનની લઘુતા થાય, બીજાઓ આનો વર્તાવ જોઈને ધર્મ પરથી ઊભગી જાય છે, ધર્મ પર અભાવવાળા અને દુર્લભબોધિ બને છે ! ઉપકારી ધર્મની નિંદા, ગુરુની નિંદા, માબાપની નિંદા, આ કળિકાળનો પ્રભાવ છે. કળિકાળ આમ જ દુર્ગતિને પ્રેરે છે. માટે જ ખૂબ સાવધાન રહેવા જેવું છે.

**ઉપકારીનો દ્રોહ. પૂજ્ય પુરુષોની નિંદા, ને ધર્મની હીલના, એ હિંસા દુરાચાર વગેરે પાપો કરતાં ય અતિ અધમ પાપો છે.**

એનું કારણ હિંસા દુરાચારાદિ પાપોમાં હજી હૃદય કદાચ કોમળ હોય, એટલું સંક્લિષ્ટ અને નિષ્ઠુર ન હોય; પરંતુ

**ઉપકારીનો દ્રોહ નિંદા વગેરેમાં તો હૈયાના ભાવ અવશ્ય મહાસંક્લિષ્ટ અને નિષ્ઠુર બનેલા હોય છે;** તેથી જ એની બહુ દૂરગામી ખરાબ અસર પડે છે, દુર્ગતિઓના ભવોમાં જીવને ભટકતો કરી દે છે. !

મરીચિએ કપિલને ચેલો કરવાના લોભમાં, પોતાનામાં ધર્મ નહિ છતાં ધર્મ હોવાનું કહી ભગવાનના ધર્મને હેઠો ઉતાર્યો. આ શું કર્યું ? ઉપકારી ભગવાનનો દ્રોહ.

તો પરિણામ શું આવ્યું ? એક કોડાકોડિ સાગરોપમ-પ્રમાણ ભવ-ભ્રમણ ઊભું થયું !

એમ કહેતા નહિ કે "ભવભ્રમણ તો જ્ઞાનીએ જોયું હતું કે મરીચિ છેલ્લા તીર્થંકર થવાના છે એટલે એમનો સંસાર એટલો ચાલ્યો"- આમ ન કહેવાય; નહિતર તો એનો અર્થ એ થાય કે 'મરીચિ એટલો બધો દીર્ઘ સંસાર કેમ ભટક્યા ? તો કે પોતાના પાપે નહિ, પણ એવું ભગવાને જોયું હતું માટે ભટક્યા ! બોલાય આવું ?

**મરીચિ પોતાના પાપે રખડ્યા, પણ ભગવાને જોયું હતું માટે નહિ.**

જો એમ કહીએ કે ભગવાને જોયું હતું માટે મરીચિ રખડ્યા ? તો એનો અર્થ : 'ભગવાનનું જ્ઞાન કેવું, તો કે સંસાર-ભ્રમણ કરાવનારું !' વાહ અક્કલ ! આવું બોલાય ? આમ ભગવાનને અને એમના જ્ઞાનને ભવમાં ભટકાવનાર તરીકે ક્રૂર ચિતરાય ? વાસ્તવમાં મરીચિનો સંસાર વધી ગયો એનું કારણ કોઈ જ્ઞાનીની દૃષ્ટિ નથી, જ્ઞાનીએ એમ જોયું માટે મરીચિ રખડ્યા એવું નથી ઊલટું એમ કહેવું જોઈએ કે જ્ઞાનીએ કેમ એમ જોયું ? તો કે એ જીવ પોતાના પાપથી એમ ભટકવાનો છે માટે જ્ઞાનીએ એમ જોયું 'જ્ઞાનીએ જોયું માટે મરીચિ ભટક્યો' એવું નથી, પણ 'મરીચિ એમ ભટકવાનો હતો' માટે જ્ઞાનીએ એમ જોયું.

તો હવે સવાલ ઊભો રહે કે 'તો પછી મરીચિ કેમ ભટક્યો ? એનો જવાબ આ છે કે એણે ઉત્સૂત્ર-ભાષણ કર્યું, ઉપકારીનો દ્રોહ કર્યો, માટે એ સંસારમાં ભટકતો થઈ ગયો. ઉપકારીના દ્રોહની જેમ પૂજ્યની આશાતના પણ ભયંકર છે. દેરાસર જાઓ છો ને ? તો જોજો અજાણતા કેટલી આશાતના કરાય છે ? ને જાણીને પણ આશાતના કેટલી કરાય છે ?

ભગવાનને ધરાર કડક વાળાકૂંચીના ગોદા મારો ખરા ને ?

દર્શન કરીને પાછા વળતાં પ્રભુને પીઠ દેખાડવાનું ન થાય એ ધ્યાન રાખીને ચાલો છો ?

ગભારામાં આમથી તેમ જતાં પ્રભુને નમીને ચાલો ખરા ?

ગોશાળાએ ઉપકારીનો દ્રોહ કરવા માંડ્યો છે, તેથી આર્દ્રકુમાર મુનિ આગળ ભગવાનને શિથિલાચારી તરીકે ચીતરે છે ! જુઓ કેવી સફાઈથી વાત કરે છે ? એ કહે છે,-

**ગોશાળાનો પ્રલાપ :-** "હે આર્દ્રકુમાર ! આ તમારા માનેલા તીર્થંકર મહાવીર પહેલાં નિર્જન ઉદ્યાન-વન-દેવલકુલાદિમાં એકાકી વિચરતા હતા, પણ પછીથી એમને લાગ્યું હશે કે એકાકી વિચરવામાં લોકો પરાભવ કરે છે એ કેટલું ને ક્યાં સુધી સહન કરવું ? એટલે હવે એમણે મોટા પરિવાર સાથે વિચરવાનું રાખ્યું છે, જેથી બીજાના પરાભવ વગેરે સહવા ન પડે આ સહિષ્ણુતા ગઈ, સુખશીલતા આવી,



અને પરિવારનો મોહ લાગ્યો એ શિથિલતા નહિ તો બીજું શું છે ?"

હજી ગોશાળને શ્રીમહાવીર પ્રભુની આટલી હલકાઈ ગાવાથી સંતોષ નથી એટલે આગળ કહે છે,- "હે આર્દ્રકુમાર મુનિ ! જુઓ મહાવીર પહેલાં વિશિષ્ટ તપ તપતા હતા, તેમજ પારણે પણ રેતીના કોળિયા જેવો લુખ્ખો આહાર લેતા, પરંતુ આવું આખી જિંદગી સુધી કરવું પાલવ્યું નહિ તેથી હવે નિત્યભોજી બન્યા છે, તપ છોડી દીધો છે, આ શિથિલાચાર જ છે ને ?

"વળી જુઓ વર્ધમાન પહેલાં મૌન રહી સાધના કરતા હતા, પણ હવે સારા સત્કાર-સન્માન મળે, અને સારા આહારાદિ મળે, એ માટે આજીવિકા જેવી ધર્મદેશનાઓ આપ્યા કરે છે. આમ પૂર્વ સાધનાની ચર્યાનો ત્યાગ કરીને આ બીજી ઉપદેશની ચર્યા સ્વીકારી એથી જણાય છે કે તમારા તીર્થંકર પોતાની સાધનામાં પોતાના કર્તવ્યમાં શિથિલ અને અસ્થિર બન્યા છે.

"તો હે આર્દ્રકુમાર મુનિ ! મારો તમને પ્રશ્ન છે કે જો અત્યારની આઠ પ્રતિહાર્યની શોભા વગેરે ભોગવવાની અને ઉપદેશ આપવાની ચર્યા મોક્ષના કારણભૂત હોય, તો પૂર્વે જે કષ્ટદાયક ચર્યા આદરી તે માત્ર કલેશ આપનારી બની ! ત્યારે એ જો કર્મ નિર્જરાની કારણભૂત હોવાથી પરમાર્થરૂપ હતી, તો એ છોડીને હાલની શિથિલાચારની ચર્યા બીજાઓને ઠગવા માટે જ એક દંભરૂપ છે.

"ત્યારે જો પૂર્વના મૌનવ્રતથી ધર્મ થતો હતો, તો એ છોડી આ મોટા ઠાઠમાઠથી દેશના દેવાનું શું પ્રયોજન ? અને જો આવી દેશનાથી જ ધર્મ થતો હોય, તો પૂર્વ મૌન સાધનાની શી જરૂર હતી ? આમ એક બાજુ એકાકીપણે મૌનવ્રત, અને બીજી બાજુ આ ઠઠારા સાથે ધર્મદેશના, એ બે પરસ્પર વિરુદ્ધ છે.

"હે આર્દ્રકુમાર મુનિ ! જો પૂર્વની મોન સાધના અને એકાકી વિહાર જ કલ્યાણ કરનાર હતા, તો તો હંમેશા એને જ પકડી રાખવા હતા; અને જો આ મોટા પરિવારથી વિંટળાયેલાપણું શ્રેયસ્કર હોય તો તો પૂર્વે પણ એ જ આદરવું હતું. આમ મહાવીરની ચર્યા પૂર્વાપર વિરુદ્ધ દેખાય છે."

ગોશાળાએ આર્દ્રકુમાર મુનિ આગળ શ્રીમહાવીર ભગવાનની વિરુદ્ધ પોતાની હૈયા વરાળ કાઢી. હવે આર્દ્રકુમાર મહામુનિ એનો શાંતિથી સચોટ જવાબ કરે છે,-

## આર્દ્રકુમાર મુનિનો પ્રત્યુત્તર

"હે ગોશાલક ! તમે એ સમજી લો કે આજે તમે પરસ્પર વિરુદ્ધ ચર્યા દેખાડો છો, એમાં તમે પહેલું તો એ સમજી લો કે શ્રીમહાવીર ભગવાનની પહેલાં છદ્મસ્થ સાધક અવસ્થા હતી અને એથી કૈવલ્ય પ્રાપ્ત થયું હોવાથી હવે આ પછીની

જીવનમુક્ત જીવન સિદ્ધ અવસ્થા છે. પહેલાં ચાર ઘાતીકર્મનો ક્ષય કરનારી સાધના કરવાની હોવાથી મૌનવ્રત અને એકાકી વિહાર હતો. પછીથી કેવળજ્ઞાન સિદ્ધ થયું હોવાથી હવે તીર્થંકર નામકર્મ સહિત ચાર અઘાતી કર્મો ભોગવીને તેનો ક્ષય કરવાનું મુખ્ય હોવાથી, એ માટે મોટા પરિવારથી પરિવરેલા તેઓ ધર્મ-દેશના આપે છે. તીર્થંકર નામકર્મ એજ રીતે ભોગવાઈને પૂરું થાય છે. આ અઘાતી કર્મો કાંઈ તપથી ક્ષય ન પામે એ તો ઘાતીકર્મ. અઘાતીકર્મો તો આ રીતે ભોગવીને જ ક્ષીણ કરવા પડે.''

ગોશાળો કહે,-''તેથી શું ? એમાં પૂર્વ ચર્યા અને વર્તમાન ચર્યામાં પરસ્પર વ્યાઘાત નથી દેખાતો ?''

આર્દ્રકુમાર મુનિ કહે,-'ના વ્યાઘાત નથી; કેમકે બંને ચર્યામાં ભગવાન રાગ-દ્વેષ રહિત હોવાથી એકત્વ ભાવનાને ઓળંઘી જતા નથી. પૂર્વે પણ એકત્વ ભાવનાથી વિચરતા અને સાધના કરતા, ને અત્યારે પણ આ મોટો પરિવાર છતાં ભગવાન સ્વયં રાગાદિથી મુક્ત હોવાથી આત્માનું કશું પોતાનું માન્યું જ નથી, તેથી સ્વયં એકાકી જેવા જ છે. આમાં ક્યાં પરસ્પર વિરુદ્ધ આવ્યું ? બંને અવસ્થામાં દિલથી એકત્વ જ અનુભવી રહ્યા છે, એકાકી જ છે. પૂછો-

**પ્ર.-** આટલો મોટો સાધુઓ, સાધ્વીઓ, દેવતાઓ વગેરેનો પરિવાર છતાં ભગવાન એકાકી ?

ઉ.- હાં, **સાચુ એકાકીપણું દિલમાં કશાનું મમત્વ ન હોય એજ છે.**

તો ભગવાનને અત્યારે આટલો મોટો પરિવાર દેખાય, છતાં ભગવાનને એ એ કશાનું જ મમત્વ નથી, આશંસા નથી. સાધના કરતી વખતે ય આશંસા નહોતી, અને અત્યારે વીતરાગતા અને કૈવલ્ય સિદ્ધ થયાની અવસ્થામાં ય કશી આશંસા નથી. આમ એમનામાં પૂર્વે શું કે અત્યારે શું, ભાવથી વાસ્તવિક એકાકીપણું જ વર્તી રહ્યું છે.

પૂર્વે છદ્મસ્થ અવસ્થામાં ચાર ઘાતી કર્મોનો ક્ષય મુખ્ય સાધ્ય હોવાથી મૌનવ્રત અને એકાકી વિહાર હતો. પછીથી ઘાતી સર્વ નષ્ટ થયા એટલે કેવળી અવસ્થામાં તીર્થંકર નામકર્મ અને ચાર અઘાતી કર્મ ભોગવીને જ ક્ષીણ થાય એવા હોવાથી એ તીર્થંકર નામકર્મના વિપાકોદયથી ભોગવટારૂપે ધર્મદેશના દેવી પડે છે, તીર્થની અને સંઘની સ્થાપના કરવી પડે છે. તે દેવતાઓનો પરિવાર પણ એમને કર્મવિપાકરૂપે ભોગવવો જ પડે છે. સવાલ થાય,-

**પ્ર.-** પણ મહાવીર રોજ ને રોજ દેશના દેતા હોવાથી વાક્સંયમ ક્યાં રહ્યો ?

**ઉ.- વાણી-પ્રયોગ દોષરૂપ તો ત્યાં છે કે એ (૧) જીવોની હિંસામાં નિમિત્તરૂપ**



**હોય, અથવા (૨) અસંયમનો પોષક હોય.**

કિન્તુ અહીં તો પ્રભુ ત્રસ-સ્થાવર જીવોની રક્ષા કરવાના સ્વભાવવાળા હોવાથી, એમનો વચન-પ્રયોગ હિંસામાં જરાય નિમિત્ત નથી. પ્રભુ તો 'માહણ' છે, તેમજ પ્રભુ બાર પ્રકારના તપને આચરનારા હોવાથી જરાય અસંયમ આચરનાર નથી હોતા. પ્રભુએ તો રાગદ્વેષનો સર્વથા ક્ષય કર્યો હોવાથી એમને લાભ-પૂજા-ખ્યાતિ વગેરેનો કોઈ રાગ કે કોઈ આશંસા યા કોઈ જ આકર્ષણ નથી હોતું. એટલે,

ભગવાન દેશના આપે છે એ કોઈ રાગથી નહિ, પણ જીવોના હિત માટે આપે છે. એટલે એને વાક્સંયમ જ છે.

**વાણીનો અસંયમ રાગ-દ્વેષથી વાણીનો પ્રયોગ થતો હોય ત્યાં હોય.**

જગતના ઠેઠ એકેન્દ્રિય જીવોની રક્ષા થાય, એમને અભયદાન મલે, અને એ જીવોની રક્ષા કરનાર જીવોનું કલ્યાણ થાય, એ માટે ઉપદેશ આપવામાં વાણીનો અસંયમ કોણ સુજ્ઞ માને ? તો તો પછી તમેય તમારા તત્ત્વનો ઉપદેશમાં જીવોનું હિત માની ઉપદેશ કરતા હો તે પણ વાણીનો અસંયમ ઠરશે.

આર્દ્રકુમાર મહર્ષિ સચોટ દલીલોથી ઉત્તર કરે છે એવો સુયોગ્ય ઉત્તર કરે છે, કે ગોશાળકને એ ઉત્તર અયોગ્ય યા ખોટા કહેવાની જગા જ નથી રહેતી.

ત્યારે ગોશાળક એટલી જ દલીલ કરે છે કે તો પછી મહાવીરે પૂર્વે દીક્ષા લઈને તરત જ જીવોના હિત માટે કેમ ઉપદેશ દેવા ન માંડ્યો ? અને ત્યાં જો ઉપદેશ ન દેતા મૌન રાખવામાં વાણીનો સંયમ હતો તો અત્યારે, પણ એમજ મૌન રાખી વાક્સંયમ કેમ નથી પાળતા ?

આર્દ્રકુમાર મહાત્મા કહે, 'મહાનુભાવ ! ઉપદેશ દેવામાં વાણીના ગુણ-દોષોનો વિવેક કરવાની આવડત જોઈએ છે. અતીન્દ્રિય પદાર્થોનો સ્વતંત્ર ઉપદેશ કરવામાં પહેલાં પોતાને એ પદાર્થોનું પ્રત્યક્ષ જ્ઞાન જોઈએ. એ જ્ઞાન હોયા વિના અતીન્દ્રિય વસ્તુઓ માટે સ્વતંત્રપણે બોલવામાં અસત્ય આવી જવાનો મોટો સંભવ છે; ને એવું થાય તો વાણીસંયમ ન રહ્યો. ભગવાનને દીક્ષા લઈને તરત કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ જ્ઞાન નહોતુ, તેથી એ વખતે ઉપદેશમાં અવિવેક અસત્ય આવી જવો સુલભ હતો, માટે એ દોષ ન આવી જાય એટલા માટે મૌન રાખતા, વાક્સંયમ વાક્સંલીનતા પાળતા. હવે પ્રભુને કેવળજ્ઞાન પ્રગટેલું છે, તેથી બધો વિવેક જાણે છે કે, 'આમ બોલવામાં ગુણ છે, અને વિપરીત બોલવામાં દોષ છે. વળી બધું પ્રત્યક્ષ દેખે છે તેથી જીવોના સાચા હિતને હિતના સાચા માર્ગને જુએ છે, જાણે છે, એટલે ગુણ-દોષના વિવેકને જાણવા પૂર્વક જીવોના હિત માટે ઉપદેશ દે, એમાં ભાષા-સંયમ જ છે.''

પતી ગયું, હવે આમાં ગોશાળાકને દલીલ કરવાની જગા જ ન રહી, ત્યારે

**ગોશાળક કહે,-** “ભલે ઉપદેશમાં ભાષા-સંયમ રહ્યો, પરંતુ ઉપદેશ માટે હજારો મનુષ્યો અને દેવોના પરિવારપણું ક્યાં રહ્યું.

**મહાત્મા આર્દ્રકુમાર કહે,-** તમને શું પહેલાં ન કહ્યું કે, ભગવાને કઠોર સાધના કરીને શાશ્વત વીતરાગદશા પ્રાપ્ત કરી છે, એટલે પછી જેમ કમળ કાદવમાં ઊગ્યું અને પાણીથી વધ્યું, છતાં કાદવ-પાણી બંનેથી અલિપ્ત રહે છે, તેમ ભગવાન પણ વીતરાગ હોઈ આટલા પરિવારની વચ્ચે પણ અલિપ્ત જ રહે છે. એમને નથી તો કોઈનું મમત્વ કે નથી તો કશાની આશંસા; એટલા બધા એ નિર્લેપ હોવાથી એકાકીપણાનું જ અખંડ પાલન કરી રહ્યા છે.”

**ગોશાળો કહે,-** “પણ આ મોટા પરિવાર સાથે રહેવામાં એકાકીપણા કરતાં સ્પષ્ટ ફરક છે, એ તો પ્રત્યક્ષ દેખાઈ રહ્યું છે. પછી આમાં એકાકીપણું હોવાનું કેમ કહો છો?”

**આર્દ્રકુમાર મુનિ કહે,-** “એ જે ફરક દેખાય છે, એ તો બાહ્યથી ફરક છે કે, હવે પ્રભુ પહેલાંની જેમ એકાકી નથી. પરંતુ પ્રભુની આંતરિક આભ્યન્તર આત્મસ્થિતિ જુઓ તો કશો ફરક નહિ દેખાય. પૂર્વે પ્રભુ એકાકી હતા, એમાં જેમ છદ્મસ્થ છતાં કોઈના પર એમને મમતા-આશંસા નહોતી, એમ અત્યારે પણ આંતરિક સ્થિતિમાં વીતરાગ હોવાથી પ્રભુને કોઈના પર કશી મમતા-આશંસા નથી. પૂર્વે જેમ એકાકીપણે શુક્લ લેશ્યા હતી, એમ અત્યારે પરિવારની વચ્ચે પણ પૂર્વના જેવી જ શુક્લ લેશ્યા છે.”

**ગોશાળો કહે,-** “આવા અષ્ટ પ્રાતિહાર્યના ઠઠારા સાથે રહેવામાં શુક્લલેશ્યા? કે અભિમાન?”

**આર્દ્રકુમાર મહાત્મા કહે,** ‘પ્રભુ કામ ક્રોધાદિ આંતર શત્રુઓનો સર્વથા નાશ કર્યો છે, આત્મામાંથી જડમૂળમાંથી એ દોષોને ઊખેડી નાખ્યા છે, એટલે અષ્ટ પ્રાતિહાર્યની શોભા હોવામાં એમને કશું અભિમાન કે અહંકાર નથી હોતો. બાકી અષ્ટ-પ્રાતિહાર્ય કોઈ જાતે ઊભા નથી કર્યા, પણ પૂર્વભવોપાર્જિત ઉત્કૃષ્ટ પુણ્યના ઉદયે એ સરજેલ છે. એમાંય પ્રભુ સ્વયં તો વીતરાગ હોઈ રાગ-મમત્વ આદિથી રહિત છે, તેથી તો એમને પોતાના શરીરની ય મમતા નહિ, એટલે પોતાના શરીરની ય મમતા નહિ, એટલે પોતાના શરીરના ય કશા શોભા-સંસ્કાર એ નથી કરતા; નહિતર તો જો આવા ભારે ચમત્કારિક શોભાભર્યા અષ્ટ-પ્રાતિહાર્યની મમતા હોય, તો પોતાના શરીરની મમતા ન હોય? મમતાથી શરીરના શોભા-સંસ્કાર ન કરતા હોય? પરંતુ ભગવાનને અસલમાં કશો રાગ કશી મમતા છે જ નહિ, પછી અષ્ટ-પ્રાતિહાર્યના ય રાગ મમતા શાના હોય? અને જુઓ ભાગ્યવાન્! કહ્યું પણ છે કે,



**रागद्वेषौ विनिर्जित्य किमरण्ये करिष्यसि ।**

**अथ नो निर्जितावेतौ, किमरण्ये करिष्यसि ॥**

અર્થાત્ જો રાગ-દ્વેષ જીતી લીધા છે, તો હવે જંગલમાં રહીને શું કરીશ? અને જો નથી જીતી લીધા તો જંગલમાં રહીને ય શું કરીશ?

તાત્પર્ય, વનવાસ સેવીને ય જો રાગદ્વેષ નથી કાઢ્યા તો એવા વનવાસની એકાકીપણાની શી કિંમત? શી સફળતા રહી? માટે કહો,

**વનમાં કે જન વચ્ચે હો, મુખ્ય કામ તો કષાય જય વગેરે કરીને રાગદ્વેષને હટાવવાનું છે.**

રાગદ્વેષ જીતીને વીતરાગ બનવામાં મુખ્ય અંગ મુખ્ય સાધન એ ઈન્દ્રિયજય-કષાયજય આદિ જ છે, કિન્તુ ખાલી વનવાસ અને એકાકીપણું નહિ. ભગવાને એ ઈન્દ્રિય-કષાયજયની સાધના કરીને સમસ્ત ઘાતી કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. પછી સમસ્ત લોકોના હિતખાતર ધર્મદેશના આપે છે એમાં, જેમ પહેલાં મૌનપણામાં ય કશી આશંસા નહોતી, એમ હવે ય એમને કશી આશંસા નથી.એટલે પૂર્વોત્તર અવસ્થામાં કશો ફરક નથી. હા. કદાચ તમે પૂછો, કે

**પ્ર.-** તો પછી મૌન જ રાખે ને? ધર્મદેશના શું કામ આપે?

**ઉ.- ધર્મદેશના પ્રાણીઓના ઉપકાર માટે આપે છે.**

જો એમ ન હોય, તો તમે જ કહો,- ભગવાનની દેશનાથી જીવો પર ઉપકાર થાય છે કે નહિ?’ કહેવું જ પડે કે ઉપકાર થાય જ છે; નહિતર તો તમારો ય ધર્મ-ઉપદેશ નિરર્થક છે, જો તમારા ઉપદેશથી ય જીવો પર ઉપકાર ન થતો હોય તો બાકી તમે તો અજ્ઞાની છતાં ઉપદેશ આપો છો; ત્યારે અહીં ભગવાન તો કેવળજ્ઞાનથી ધર્માસ્તિકાયાદિ ષડ્દ્રવ્યમય સમસ્ત લોકને જોઈને, દ્વીન્દ્રિયાદિ ત્રસજીવો અને પૃથ્વીકાયાદિ સ્થાવર જીવોની રક્ષા થાય એવું કહેનારા છે, વળી પોતે બાર પ્રકારના તપથી કસાએલા દેહવાળા છે, તેમજ એમની પ્રવૃત્તિ લેશમાત્ર જીવહિંસાની નહિ, જીવને હણવાની નહિ, તેથી ભગવાન સાચા **‘માહણ’** છે, જીવોને ન હણનારા છે. તેમજ પોતાના આત્માને શુદ્ધ કરી એ પ્રભુ શુદ્ધ બ્રહ્મમાં લીન રહેનારા તેથી સાચા **‘બ્રાહ્મણ’** છે. આવા ભગવાન તદ્દન નિર્મમ એટલે પોતાને કોઈ જ લાભ-પૂજા-પ્રતિષ્ઠાદિની આશંસા જ નહિ, તે માત્ર જીવોના હિતાર્થે ધર્મ ઉપદેશ કરે છે,

હવે તમને જ પૂછું,- “બોલો જ્ઞાનીએ જીવોના હિતાર્થે ધર્મ-ઉપદેશ કરવો જરૂરી કે નહી? જો જરૂરી નહિ એમ કહેશો તો જગતના જીવો તો અજ્ઞાનભર્યા છે, એમને પોતાના આત્માનો ને આત્માના હિતનો વિચાર જ ક્યાં છે? કદાચ

કોઈકને વિચાર આવે તોય અને આત્માનું હિત શું, અહિત શું, એનીય ખબર ક્યાં છે ? એનો વિવેક જ ક્યાં છે ? આમ જાતે અજ્ઞાન-મોહમૂઢ, હવે જો એમને જ્ઞાનીએ પણ તત્ત્વસમજ અને માર્ગબોધ આપવાનો ન હોય, તો એ જીવોનો આ દુઃખદ સંસારમાંથી ઉદ્ધાર જ ક્યાંથી થાય ? બિચારા ભૂતકાળ અનંતા કાળમાં ચાર ગતિને વિશે ભટકતા રહ્યા, એમ હવે પણ ભટકતા જ રહેવાનું ને ? ત્યારે જ્ઞાની આ દયાપાત્ર જીવોના ઉપકાર માટે જો ધર્મદેશના આપે, તો શું એ જ્ઞાનીનો શિથિલાચાર છે ? શું એકાકીપણું મૂકી દીધું ? શું બહુજન રાગી થઈ ગયા ? જેમ પ્રભુ પૂર્વે વનવાસમાં એકાકીપણામાં રાગદ્વેષ વિના રહેતા, અત્યારે પરિવાર વચ્ચે પણ એ પ્રભુ વીતરાગ હોવાથી રાગદ્વેષ વિના જ રહે છે. તેથી એકાકી જ છે. એકાકી અને સપરિવાર એવા બાહ્યનાં ફરકથી આભ્યન્તરમાં વીતરાગને કશો ફરક પડતો નથી.

**ગોશાલક કહે,**- 'તો તો જો પૂર્વે રાગ-દ્વેષ રહિત હતા છતાં એકાકી હતા, તો હવે પણ જ્યારે રાગદ્વેષ નથી તો આ પરિવારનો ઠઠારો શા માટે ઊભો કર્યો ? પૂર્વની જેમ એકાકી જ રહેવું ઉચિત હતું ને ?

**મહાત્મા કહે,**- 'આ પરિવાર અષ્ટ-પ્રાતિહાર્ય વગેરે કાંઈ પોતે ઊભું કરેલું નથી, પરંતુ તીર્થંકર નામકર્મ-ઉચ્ચગોત્રકર્મ-યશનામકર્મ વગેરે નિકાચિત પ્રકૃષ્ટ પુણ્યકર્મોએ ઊભું કરેલું છે. એ કર્મોનું વેદન એમને કરવું જ પડે. એ કરવામાં એમને ધર્મદેશના ય દેવી પડે. એ કરવામાં એમને ધર્મદેશના ય દેવી પડે, ને તીર્થ -સંઘ-સ્થાપના ય કરવી પડે. એ રીતે જ એ કર્મો ભોગવાઈ ભોગવાઈને નષ્ટ થતા જાય છે. એટલે આ કર્મનાશના અર્થે એમને એ કર્મો એ રીતે ભોગવી લેવાં પડે, એમાં આભ્યન્તરથી નિસ્સંગ નિરાશંસ હોવાથી એમના એકાકીપણાને કે વાક્સંયમને કશી આંચ આવતી નથી. કદાચ કહો,-

**પ્ર.**- ભલે કર્મોદયથી અષ્ટ-પ્રાતિહાર્યાદિ હો, પરંતુ મૌન ન રાખતાં ભાષણ કરવા જાય એમાં તો આશંસા આવી ને ? આશંસા છે માટે તો બોલે છે. વળી બોલવામાં દોષોનો સંભવ પણ છે, જેવા કે અસત્ય અસભ્ય કર્કશ શબ્દ....તો આવું ભાષણ શું કામ કરે ? અને જો આ દોષો ન લાગતા હોય, તો પહેલાં પણ ભાષણો કરવા હતા, મૌન શા માટે રાખ્યું ? અગર પહેલાં દોષથી બચવા મૌન રાખેલું, તો હવે મૌન કેમ છોડ્યું ? મૌન છોડ્યું એજ શિથિલતા આવીને ?

ઉ.- આ સવાલ અણસમજનો છે. પહેલા કેવળજ્ઞાન યાને સંપૂર્ણજ્ઞાન નહોતું તેથી ભાષાના એ દોષોનો પૂરો ખ્યાલ નહોતો, તેથી મૌન રાખતા; પણ હવે કેવળજ્ઞાન થયું એટલે ભાષાના દોષોનો પૂરો વિવેક પ્રગટી ગયો તેથી હવે જીવોના આ દુઃખદ ભવસાગરમાંથી ઉદ્ધાર અર્થે બોલે એમાં મૌન છોડ્યું એ દોષરૂપ નહિ, શિથિલતારૂપ નહિ, પણ ગુણરૂપ છે.





કેમકે ભગવાન વીતરાગ સર્વજ્ઞ થયા એટલે કૃતકૃત્ય બની ગયા, હવે પોતાને કશું કરવાનું સાધવાનું બાકી નથી રહેતું, તેથી હવે પરહિતમાં જ પ્રવૃત્ત રહે છે, અને નિર્દોષ બોલે તો જ પરહિત થાય, ન બોલે તો અજ્ઞાન અબૂઝ જીવોનું હિત ન થાય; માટે એમણે તો બોલવું એ જ ગુણરૂપ છે, એમનાં માટે મૌન એ ગુણરૂપ છે.

ગોશાળક આમાં પાછો પડ્યો, એટલે હવે ભગવાનના દાખલાથી પોતાનું સમર્થન કરે છે,-

**ગોશાળક કહે છે**- 'તો પછી જેમ તમે તીર્થંકરને પરહિત પ્રવૃત્તિ અર્થે અષ્ટ-પ્રાતિહાર્ય શોભા, શિષ્ય સંપત્તિ, ધર્મ-દેશના વગેરે હોવાનું દોષરૂપ માનતા નથી. એમ અમારા સિદ્ધાન્તમાં ભિક્ષુને કાચું પાણી, સચિત્ત ધાન્ય, આધાકર્મ (ભિક્ષુનિમિત્તે બનાવેલ) ભિક્ષા, સ્ત્રી વગેરેનો ઉપભોગ પણ દોષરૂપ નથી માન્યો; કેમ કે ભિક્ષુના શરીરનું પોષણ કરનારા છે, અને શરીર એ ધર્મનો આધાર હોવાથી એ દોષો અલ્પકર્મબંધ કરાવનારા છે. કારણ કે, એનાથી શરીરનું પાલન થઈને શરીર દ્વારા એ મહાન પુણ્યદાયી ધર્મના પોષક બને છે.'

**આર્દ્રકુમાર મુનિ** આનો ઉત્તર કરતાં કહે છે, 'આ તમે જે કાચું પાણી, કાચાં શાક-ભાજી, આધાકર્મ આહાર, સ્ત્રી-પરિભોગ વગેરે કહ્યાં તે તો ગૃહસ્થનાં લક્ષણ છે, શ્રમણના નહિ, ભિક્ષુના નહિ. એટલે તમારા ભિક્ષુ તો નામ અને આકાર યાને વેશમાત્રથી ભિક્ષુ છે, શ્રમણ છે, પણ ગુણથી શ્રમણ નહિ...

**ગોશાલક કહે**- કેમ 'ગુણથી શ્રમણ નહિ અને ગૃહસ્થ જેવા એમ કહો છો ? અમારા શ્રમણો તો વન ઉપવન આદિમાં એકાન્તમાં વિચરનારા છે, પણ ગૃહવાસ કરીને રહેનારા નહિ. તેમજ ક્ષુધા-તૃષાદિ મુખ્ય તપના કષ્ટને સહન કરનારા હોવાથી તપસ્વી છે. આમ શરીરને તપથી શ્રમનારા માટે શ્રમણ જ છે. ગૃહસ્થો ક્યાં આવા હોય છે ? એ તો ગૃહવાસી તપરહિત અને પરિગ્રહધારી હોય છે; ત્યારે ભિક્ષુઓ તો એકાન્તવિહારી, તપસ્વી, ભિક્ષાજીવી અને અકિંચન હોય છે. તેથી ભિક્ષુને ગૃહસ્થ કહેવાય ?'

**આર્દ્રકુમાર કહે,**- 'મહાનુભાવ ! આમ અંકિચન હોવાથી અને વન ઉપવનમાં એકાકી ફરનારા તેમજ ક્ષુધા-પિપાસાદિ સહન કરતા ભિક્ષાટન કરનારા હોવા માત્રથી જો શ્રમણ બની જવાતું હોય, તો તો ભોગની આશંસાવાળા ભિખારીઓને પણ તમારે શ્રમણ માનવા પડશે, એ પણ એ બધું કરે છે. એમને ય ઘર નથી. એ ય બધે એકાકી ફરનારા અને અકિંચન હોય છે. વળી ક્ષુધાદિ પીડા સહન કરનારા

અને ભિક્ષાટને જનારા એ પણ હોય છે, તો શું એ શ્રમણ છે ? ના, ગૃહસ્થ જ છે. એમ તમારા ભિક્ષુઓ પણ સચિત્ત જળ-બીજ વગેરેના ઉપભોગથી ગૃહસ્થ જેવા જ છે. માત્ર એમણે સ્વજન સંબંધ છોડ્યા એટલું જ, બાકી તો ષટ્કાય જીવોના સંહારક આરંભ-સમારંભમાં પ્રવર્તમાન છે, એથી કાંઈ સંસારનો અંત ન થાય અને એ શ્રમણે ય ન કહેવાય, શ્રમણ અહિંસા સત્ય વગેરેનું સૂક્ષ્મતાથી પાલન કરનારા હોય.'

આ સાંભળીને ગોશાળક છંછેડાય છે, એટલે હવે બીજી દલીલ ધરવા ન મળી. તેથી **ગૌશાળક કહે છે,**- ''તમે તો બીજાની નિંદા કરનારા છો. તમને અભિમાન છે કે, 'અમે જ સાચા શ્રમણ;' બાકી જુઓ ભવોચ્છેદના લક્ષ્યવાળા બીજા ધર્મના સાધુ પણ સચિત્ત જળ બીજ વગેરેના ઉપભોગ કરનારા હોય છે, તેથી એ ય શું ગૃહસ્થ ? એ બધા ખોટા અને અમે જ સાચા,'- આ તમારું વ્યર્થ અભિમાન છે. અભિમાનથી બીજાના નિંદક બનો છો''

**આર્દ્રકુમાર મહર્ષિ કહે,**- ''એમ આકળા ઉતાવળા થવાની જરૂર નથી. જેમ બીજા ધર્મવાળા પોતપોતાનો મત બતાવે છે, એમ અમે અમારો આ મત બતાવીએ છીએ કે, સચિત્ત જળ-બીજ વગેરેના ઉપભોગથી જીવહિંસા થાય, કર્મબંધ થાય. એથી તો સંસાર પોષાય, પણ સંસારનો ઉચ્છેદ ન થાય.

**જ્યાંસુધી સૂક્ષ્મ પણ હિંસા ઊભી હોય ત્યાં સુધી ભવનો ઉચ્છેદ ન જ થાય.**

''આમ, અમે અમારો સિદ્ધાન્ત દેખાડીએ, એમાં વ્યર્થ અભિમાન ક્યાં આવ્યું ? કે બીજાની નિંદા ક્યાં આવી ?

''બાકી તે તે ધર્મવાળા બીજા તીર્થિકો, બીજા દર્શનવાળા, પોતપોતાનાં સિદ્ધાન્તના ગુણો અને એના પાલનથી સ્વર્ગ-મોક્ષ ફળ દેખાડે; ને સાથે કહે તે 'આ જ સિદ્ધાન્તના પાલનથી સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિ થાય, બીજાનાં સિદ્ધાન્તથી નહિ, તો શું એ બધાને અભિમાની અને નિંદક કહેશો ? એમ તો તમે પણ તમારા સિદ્ધાન્ત રજુ કરી એના જ પાલનથી સ્વર્ગ-મોક્ષ-પ્રાપ્તિ કહો છો, અને બીજાનાં સિદ્ધાન્તથી નહિ, એમ કહો છો, તો શું તમે ય વ્યર્થ અભિમાન કરનાર અને નિંદક નથી ઠરતા ?

''એ તો જગતમાં જેમ સૌ તીર્થિકો પોતપોતાના સિદ્ધાન્ત રજુ કરે છે, તેમ અમે પણ 'સ્યાદ્વાદ સિદ્ધાન્તથી જ વસ્તુનું યથાવસ્થિત સ્વરૂપ જણાય, એકાન્તવાદી સિદ્ધાન્તથી નહિ.' એમ રજુ કરીએ છીએ તેમાં વ્યર્થ અભિમાન કે નિંદા ક્યાં આવી ?

''અમે તો એટલું જ કહીએ છીએ કે 'જોઈ જુઓ, યુક્તિ-યુક્તત્વ ક્યાં



છે ? અને યુક્તિ-શૂન્યત્વ ક્યાં છે ? અનેકાન્તવાદ પર આધારિત સિદ્ધાન્તોમાં ? કે એકાન્તવાદ પર આધારિત સિદ્ધાન્તોમાં ? જે સિદ્ધાન્ત યુક્તિયુક્ત હોય એનો આદર કરો, અને યુક્તિશૂન્ય હોય તેનો પરિહાર કરો, ત્યાગ કરો.'- આટલું જ અમારું કહેવું છે. એમાં જો બીજાની નિંદા ગણવી હોય તો તો દા.ત. મુસાફરને

**મુસાફરને કુમાર્ગ-સમાર્ગ ઓળખાવનાર નિંદક જય :-**

એમ કહીએ કે જો ભાઈ આ રસ્તે કાંટા, સર્પના દર,...વગેરે છે, અને આ બીજા રસ્તે કાંટા, દર,... વગેરે કશું નથી; માટે આ બીજો રસ્તો પકડ, પેલો રસ્તો છોડી દે;'- આમ મુસાફરને સારો રસ્તો બતાવીએ એમાંય મિથ્યા અભિમાન અને નિંદા કરી ગણાશે ! અથવા મુસાફરે કાંટા બિલ વગેરેનો રસ્તો છોડી એ વિનાનો માર્ગ પકડ્યો તો એ મુસાફર પણ મિથ્યા અભિમાની અને કાંટા બિલ વગેરેનો નિંદક ગણાશે ! એ જો તેવો ન ગણાય, તો કુજ્ઞાન-કુયુક્તિ-કુમાર્ગ-કુદૃષ્ટિ વગેરે દોષોનો ત્યાગ કરનારો અને તેનું માર્ગદર્શન કરનાર એ પણ મિથ્યાભિમાની કે નિંદક ન ગણાય.

''વસ્તુ સ્થિતિએ જોતાં તો એકાન્તવાદી ઈતર દર્શનવાળા જ પોતપોતાના દર્શનની એકાન્તસિદ્ધાન્ત ઉપર રચાયેલી માન્યતાઓ સાચી સાબિત કરવા વિરુદ્ધ માન્યતાવાળા એકાન્તવાદી ઈતર દર્શનકારોનું ખંડન કરે છે, આમ પરસ્પરના ખંડનમાં મિથ્યાભિમાન ને પરસ્પરની નિંદાને પોષે છે. ત્યારે, ભગવાન શ્રીમહાવીરસ્વામી તો અનેકાન્તવાદી છે, એટલે એ તો ઢાલની બંને બાજુ બતાવે છે પછી એમને કોઈની નિંદા કરવાની રહેતી નથી...

**સ્યાદ્વાદ માટે ઢાલની બે બાજુનું દૃષ્ટાન્ત :-**

એક ગામની બહાર કોઈ પૂર્વે ગામરક્ષા માટે મરી ફિટેલા જુવાનનું બાવલું હતું; અને એના એક હાથમાં ઢાલ બીજા હાથમાં તલવાર હતી, એ ઢાલની આ બાજુ ચાંદીથી રસેલી, અને બીજી બાજુ સોનાથી રસેલી હતી. હવે બંને બાજુએથી એકેક ઘોડેસ્વાર આવ્યો, ચાંદીની બાજુએથી આવનારો સામેથી સોના તરફની બાજુએથી આવનારને કહે 'અરે જવાન ! જો તો આ ચાંદીની ઢાલ કેવી સરસ શોભે છે !'

ત્યાં આ બીજો યુવાન કહે ''અરે ! મૂર્ખ આ તો સોનાની ઢાલ છે, એની તને ઓળખ પડતી નથી, ને આને ચાંદીની કહે છે ?'

પહેલો કહે, 'અરે ! ઓળખ તો મને નથી ? કે તને નથી ? ચોક્ખી ચાંદીની ઢાલને સોનાની કહે છે ? કેવું હડહડતું જૂઠ ?'

બીજો કહે, 'એય ? વધારે બોલવું રહેવા દે, સોનાની ઢાલને ચાંદીની

કહેવાય ? તું ચાંદીની કહેનારો તું જ જૂઠો છે. બંને લડવા પર આવી ગયા, ત્યારે સામેથી આવનાર એક ભાઈએ બંનેને ઘોડેથી નીચે ઉતરાવ્યા, અને કહ્યું તમે બંને એકવાર સામસામી દિશામાં જાઓ, અને પછી જુઓ, ઢાલ કેવી છે ? ચાંદીની ? કે સોનાની ? બંને સામસામાની જગાએ ગોઠવાઈ ગયા, અને જુએ છે, ત્યારે પોતાની ભૂલ સમજી ગયા !

"બોલો અહીં બંને બાજુને જોનારે પેલા એકેક બાજુ જોનારાને કહ્યું હોય કે, તમે ભૂલો છો. ઢાલ એકલી ચાંદીની નથી કે એકલી સોનાની નથી, તો શું એમ કહેવામાં એણે મિથ્યાભિમાન પોષ્યું ? શું એકેક ની ઈર્ષ્યા કે નિંદા કરી ? ના, એણે તો બંનેને ન્યાય આપ્યો, અને જ્ઞાન અધુરું હતું તે પૂરું કરાવ્યું.

**જૈનધર્મ ઈતરદર્શનને ન્યાય આપે છે :-**

"બસ, આ જ રીતે ઈતર દર્શનવાળા આત્માને કોઈ નિત્ય જ માને છે, તો કોઈ અનિત્ય જ માને છે, પછી નિત્ય જ માનનારો અનિત્ય માનનારની નિંદા કરે છે. અને અનિત્ય જ માનનારો નિત્ય માનનારની નિંદા કરે છે, એમાં મિથ્યાઅભિમાન પણ પોષે છે. ત્યારે અનેકાંતવાદી શ્રીમહાવીર ભગવાન આત્માને અપેક્ષા-ભેદથી કથંચિત નિત્ય-અનિત્ય કહી અને એકાન્તવાદીઓને ન્યાય આપવા સાથે એમના અધુરા જ્ઞાનમાં પૂર્તિ કરે છે. ત્યાં મિથ્યાઅભિમાન કે એકાન્તવાદીઓની નિંદા હલકાઈ કરવાનું ક્યાં આવ્યું ?

અમે કોઈ શ્રમણ કે બ્રાહ્મણની હલકાઈ કરવાની બુદ્ધિથી એના ઘૃણાસ્પદ અંગોપાંગ કે વેશનું ઉદ્‌ઘાટન નથી કરતા કે 'આ લૂલિયો, લંગડો,' અમે તો માત્ર એના દર્શનને પ્રગટ કરીએ છીએ કે એમનું દર્શન આવું આવું માને છે, ત્યારે એમના જ શાસ્ત્રમાં 'બ્રહ્મા લૂનશિરા હરિર્દશિ સહુગ વ્યાલુપ્ત શિરનો હર.....' આ શ્લોક લખ્યો હોય અર્થાત્ એમાં આવું બતાવ્યું હોય કે 'બ્રહ્મા છેદાયેલા મસ્તકવાળા છે, વિષ્ણુ આંખે રોગવાળા છે, મહાદેવ લુપ્ત લિંગવાળા છે વગેરે, તે અમે રજુ કરીએ એમાં શું અમે નિંદા કરી ? અમે તો એમના જ આગમોમાં લખેલું કહીએ છીએ. એમના આગમોએ એ સિદ્ધ હકીકત તરીકે લખી છે. અમે તો માત્ર શ્રોતા છીએ. અમે તો એમના જ શાસ્ત્ર કહેવાનો માત્ર અનુવાદ કર્યો."

આર્દ્રકુમાર મહર્ષિએ આમ ગોશાળાનો શ્રીમહાવીર પ્રભુ પર મિથ્યાભિમાની અને નિંદક તરીકેનો આક્ષેપ દૂર કરતાં વાસ્તવમાં એકાન્તવાદી દર્શનો જ પરસ્પરથી વિરુદ્ધ માન્યતાઓ ધરાવી અને પરસ્પરના ખંડનમાં પડી વાસ્તવમાં એ એકાન્તવાદી ઈતર દર્શનકારો જ મિથ્યાભિમાની અને નિંદક બને છે એમ સિદ્ધ કર્યું. યુક્તિ વિરુદ્ધ એકાન્ત ગર્ભિત સિદ્ધાન્તો માનીને 'અમારા જ દર્શનમાં પુણ્યમાર્ગ છે,' એમ



કહેવું એ મિથ્યા અભિમાન નહિ, તો બીજું શું છે ?"

મહર્ષિએ એ રીતે શ્રીમહાવીર ભગવાન પરનો આક્ષેપ દૂર કરવા ઉપરાંત પ્રભુને અનેકાન્ત ગર્ભિત સિદ્ધાન્તોના કહેનારા, અને તેથી પરદર્શનોને અંશે ન્યાય આપનારા તરીકે વર્ણવીને પ્રભુને યથાર્થ-ભાષી તરીકે સાબિત કર્યા.

**વીતરાગનો ધર્મ કેવો ? :-**

હવે મહર્ષિ મહાવીર પ્રભુ કેવો માર્ગ બતાવે છે એ જણાવતાં કહે છે કે "વીતરાગ બની હેય તત્ત્વોથી તદ્દન દૂર રહેનારા, સર્વજ્ઞ, અને ૩૪ અતિશયોની અવર્ણનીય સંપત્તિથી શોભતા, તથા વિશ્વના ત્રિકાળના સમસ્ત પદાર્થોના પ્રકાશક દિવ્યજ્ઞાનને ધરનારા, પરમ સત્પુરુષ શ્રીમહાવીર પ્રભુએ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપનો માર્ગ એવો બતાવ્યો છે કે,

(૧) જેમાં પૂર્વાપર વિરોધ નહિ એવો યથાવસ્થિત જીવ અજીવ વગેરે પદાર્થોનું નિરુપણ છે. માટે તો આ સમ્યગ્દર્શનાદિ માર્ગ સર્વોત્તમ માર્ગ છે, એનાથી વધીને તો શું પણ એની હરોળમાં ય કોઈ બીજો માર્ગ નથી. તેમજ આ માર્ગ એકાન્તવાદીના વક્રતા ભરેલા સિદ્ધાન્તોથી શૂન્ય હોઈને, આ અનેકાન્તગર્ભિત જીવઅજીવાદિ યથાર્થ તત્ત્વોના સ્વીકારવાળો સમ્યગ્દર્શનાદિ માર્ગ ઋજુમાર્ગ છે, સરળ માર્ગ છે, વીતરાગ-સર્વજ્ઞ-કથિત હોઈને નિર્દોષ માર્ગ છે.

(૨) એટલું જ નહિ, પણ ઉપર નીચે સર્વ દિશાઓમાં રહેલા સમસ્ત સૂક્ષ્મ-બાદર ત્રસ અને સ્થાવર જીવોની હિંસાના પાપની ઘૃણા-નિંદા કરનારો આ સમ્યગ્દર્શનાદિ માર્ગ છે. હિંસાદિ પાપયુક્ત સાવદ્ય વ્યાપાર (પ્રવૃત્તિ), ચાહ્ય તે કાયિક હો, વાચિક પ્રવૃત્તિ હોય, યા માનસિક પણ વિચારણારૂપી પ્રવૃત્તિ હો, એની નિંદા-દુગંછા કરનારો આ માર્ગ છે. તેથી આ માર્ગવાળા સંયમી સત્પુરુષ કોઈ પુરુષની નિંદા નથી કરતા; માત્ર અપાયવાળા સાવદ્ય અનુષ્ઠાનની નિંદા કરે છે,

એટલે જ એવા પર સંયમી અને રાગદ્વેષ રહિત શ્રીમહાવીર પ્રભુ વસ્તુ-સ્વરૂપનું પ્રકાશન કરે, સાવદ્ય-નિરવદ્યનો વિવેક બતાવે, એમાં કોઈ નિંદા નથી; અને એ પણ જો નિંદા હોય તો 'અગ્નિ ઉષ્ણ છે, જલ શીત છે; ઝેર મારનારું છે,....' એવું વસ્તુ સ્વરૂપ કહેવું એ પણ નિંદારૂપ થશે ! તેથી તો કોઈએ કશું વસ્તુ-સ્વરૂપ કહેવું જ નહિ એવું ઠરશે ! કેમકે એ નિંદારૂપ થાય, અને નિંદા તો કરાય જ નહિ !

ત્યારે હકીકતમાં તો કોઈ પણ વસ્તુસ્વરૂપનાં કથનને કોઈ નિંદા માનતું નથી. માટે ત્રિભુવનના પદાર્થના યથાર્થ સ્વરૂપને કહેનાર શ્રીમહાવીર પ્રભુ નિંદક નથી ઠરતા."

આર્દ્રકુમાર મહર્ષિનું આ સચોટ યુક્તિ-યુક્ત નિરૂપણ અને એમાં મિથ્યાદર્શનોનું યુક્તિ સિદ્ધ ખંડન ગોશાળક કેમ સહન કરી શકે ? તેમજ એનું ખંડન કરવા અને સ્વમતનું સ્થાપન કરવા પોતાની પાસે દલીલો નથી, યુક્તિઓ નથી, એટલે ખંડન પણ શી રીતે કરી શકે ? પરંતુ ગોશાલક મહામિથ્યાત્વ અને મિથ્યા અભિનિવેશની અસર નીચે હોઈ હજી પણ એને શ્રીમહાવીર પ્રભુને હલકા ચીતરવા છે, તેથી હવે એ જુદો રસ્તો લે છે.

**ગોશાલક કહે છે-** ''ભલે તમારા તીર્થંકર મહાવીરને તમે ગમે તેવા માનો, પરંતુ હકીકતમાં એ ભયભીત છે, કેમકે એ ધર્મશાળાઓમાં યા ઉદ્યાનોમાં રહેતા કરતા નથી, કારણ કે એમને ભય છે કે, 'અહીં તો જુદા જુદા દર્શનવાળા શાસ્ત્ર-વિશારદ સંન્યાસીઓ આવે, અને એમની સાથે વાદ કરવા પડે ! એમાં એ દર્શનીઓના લાંબા લાંબા તર્ક-સિદ્ધ પ્રતિપાદનોની સામે તેવા પ્રબળ તર્ક પૂર્ણ જવાબો ન સ્ફુરવાથી કદાચ નિરુત્તર થઈ જવું પડે તો ? પોતાના સિદ્ધાન્તોનું ખંડન થઈ જાય તો ?' આવો, અથવા એ સંન્યાસીઓમાં કેટલાક નિષ્ઠિત યોગવાળા હોઈ મૌનવૃત્તિ હોય, તો 'એમની આગળ પોતાના વાચાળપણાને લીધે પોતાની છાયા ઝાંખી પડી જાય તો ?' એવો મહાવીરને ભય છે.

''વળી હે આર્દ્રકુમારમુનિ ! તમારા તીર્થંકરને પણ ભય છે કે ધર્મશાળાઓ કે ઉદ્યાનોમાં એવા મેધાવી અર્થાત્ શાસ્ત્રગ્રહણ ધારણામાં સમર્થ, તથા આચાર્યો પાસે સારું શિક્ષણ પામેલા, તેમજ ઔત્પાતિકી (હાજર જવાબી) બુદ્ધિ-વૈનયિકી બુદ્ધિ વગેરે ચાર પ્રકારની બુદ્ધિના નિધાન, તેમજ સૂત્ર-અર્થના યર્થાર્થનિશ્ચયવાળા પંડિત ગૃહસ્થોય આવે; તો 'એમની સાથે વાદમાં શે પહોંચાય ? શી રીતે જીતાય ? એવા ભયથી મહાવીર એવામાં રહેતા કરતા નથી. તેથી એવા ભયવાળા મહાવીરનો માર્ગ સરળ યુક્તિ-સિદ્ધ માર્ગ શાનો કહેવાય ?

''વળી મહાવીર રાગદ્વેષવાળા પણ છે; કેમકે,અનાર્ય મ્લેચ્છ દેશોમાં વિચરતા નથી, તેથી એવા દેશ પ્રત્યે એમને દ્વેષ હોવાનું સાબિત થાય છે. તેમજ આર્ય દેશોમાં પણ અમુક અમુક જ દેશમાં વિચરે છે એ એમની એ એ દેશ પ્રત્યેની રાગદશા સૂચવે છે.''

આમ ગોશાળાએ શ્રીમહાવીર ભગવાનને રાગ-દ્વેષ ભયવાળા બતાવ્યા, ત્યારે આર્દ્રકુમાર મહર્ષિ એનું ખંડન કરવા કહે છે,-

**આર્દ્રકુમાર પ્રભુની પ્રૌઢતા સમજાવે છે :-**

હે મહાનુભાવ ! આ બધી તમે વાતો કરી એ યુક્તિ વિનાની વાતો કરી, કે 'મહાવીર ધર્મશાળા-ઉદ્યાનો-અનાર્યદેશો વગેરેમાં નથી રહેતા માટે એ ભય અને



રાગદ્વેષવાળા છે.' વસ્તુસ્થિતિ એ છે કે, ભગવાન શ્રીમહાવીર પ્રભુ 'પ્રેક્ષાપૂર્વકારી' છે. અર્થાત વિચારપૂર્વક કાર્ય કરનાર છે, તેથી જેમ તેમ ઈચ્છા થઈ અને તે પ્રમાણે કામ કરનારા, એવા પ્રભુ નથી. નહિતર અંતરમાં જરા ઉમળકો જાગ્યો, અને તરત જ તે પ્રમાણે કામ કરનારા હોય, એ કાંઈ વિચારપૂર્વક કાર્ય કરનારા ન કહેવાય, અને એમાં તો સંભવ છે કે, પોતાનું કે બીજાનું અનિષ્ટ થાય એવું,યા નિરર્થક વર્તી નાખે ! ત્યારે,

ભગવાન શ્રીમહાવીરદેવ તો સર્વજ્ઞ સર્વદર્શી છે, અને પરહિતમાત્રમાં પ્રવર્તનારા છે એવા તે પ્રભુને 'ઉમળકામાત્રથી આગળ પાછળનો વિચાર કર્યા વિના પ્રવૃતિ કરનાર અપ્રેક્ષાપૂર્વકારી' કેમ કહેવાય ? ભગવાન

(૧) 'પ્રેક્ષાપૂર્વકારી' વિચારપૂર્વકના કાર્ય કરનારા; એટલે સાર્થક સફળ પ્રવૃત્તિને જ આચરનારા છે. તેથી જ અનાર્યદેશમાં ગમન વગેરે નિરર્થક પ્રવૃત્તિ કરનારા નહિ. એ તો જે વિચાર વિનાની પ્રવૃત્તિ કરતા હોય એજ અનિષ્ટ નિષ્ફળ પ્રવૃત્તિ કરનારા હોય છે. ભગવાન તો સર્વજ્ઞ સર્વદર્શી એટલે બાલિશ ચેષ્ટાવાળા નહિ, કે આંધળિયા પ્રવૃત્તિ કરનારા નહિ; એટલે જ ધર્મદેશના કરે છે તે બીજાઓને સારું લગાડવા કે એમનું મન રાખવા નહિ, યા લોકોમાં પોતાનું ગૌરવ વધે પ્રતિષ્ઠા જામે, એટલા માટે પણ નહિ; કિન્તુ જ્યાં

(૨) ભવ્ય જીવો પર ઉપકાર થવાનું દેખે ત્યાં જ વિહાર કરનારા, અને ઉપકારક દેશના દેનારા પ્રભુ પ્રૌઢ છે. તેથી જ ભગવાન અનાર્ય દેશમાં જઈ દેશનાઓ રેલાવતા નથી. કેમકે ભગવાન જુએ છે કે, આ અનાર્ય જીવોનું બિચારાનું જીવદળ જ હમણાં એવું અપાત્ર-કુપાત્ર છે કે, એ ધર્મદેશના ઝીલવાને બદલે એની હાંસી કરી વધુ પાપ બાંધે. મૂળમાં યોગ્યતા જ નહિ, અને ભારે કર્મીપણું હોય, ત્યાં બોલવું એ ભેંસ આગળ ભાગવત જેવું થાય, પ્રેક્ષાપૂર્વકારી પ્રૌઢ સર્વજ્ઞ ભગવાન એવી નિષ્ફળ બાલિશ પર-અહિતકારી ચેષ્ટા શાની કરે ? તેથી 'ભગવાન ભયથી અનાર્ય દેશમાં નથી જતા' એ આક્ષેપ જ ખોટો છે. ભગવાન ઠામ ઠામ વિચરીને ઉપદેશ કરે છે. તે કાંઈ લોકમાં શાબાશી લેવા નહિ. એટલે તો કેવળજ્ઞાનથી સભાના દિલના બધા સંશય જાણવા છતાં ભગવાન કાંઈ એ બધાનાં નિરાકરણ કરવા નથી બેસી જતાં. પ્રભુ તો એમને કોઈ સંશય પૂછે, અને જવાબથી એને ઉપકાર થાય એવું દેખે, તો જ એનો જવાબ આપવાનું કરે છે. ત્યારે,

(૩) પ્રભુ આવા અનંતજ્ઞાની છતાં ગંભીર કેટલા બધા ! એટલા માટે તો કોઈ અનુત્તર વિમાનવાસી દેવને કે અહીંના કોઈ મનઃપર્યાયજ્ઞાનીને સંશય પડે, ને મનોમન ભગવાનને પૂછે, તો ભગવાન પણ મૌનપણે મનોમન અર્થાત્ દ્રવ્યમનથી

જ એનો ઉત્તર કરી દે છે. પરંતુ સભામાં જાહેર કરીને નહિ કે જુઓ ફલાણો મને આવો પ્રશ્ન પૂછે છે, એનો આ ઉત્તર હું આપું છું ! કેમકે પ્રભુ વીતરાગ હોવાથી ગંભીર છે. એમને કોઈ માનાકાંક્ષા નથી, શ્રોતા લોકોમાં કોઈ વડાઈ લેવી નથી.

(૪) એટલે તો ભગવાન પરહિતૈકરકત, જેમજેમ ભવ્ય જીવોને ઉપકાર થતો દેખે તેમ તેમ ધર્મદેશના દ્વારા ઉપકારનો પુષ્કરાવર્ત મેઘ વરસાવી રહ્યા છે. એટલે તો ઉપકાર થવાનો હોય તો પ્રભુ સામે જઈને પણ ધર્મદેશના કરી ઉપકાર કરે છે.

ભગવાન શ્રીમુનિસુવ્રતસ્વામી એક રાતમાં ૬૦ યોજન ચાલીને ભરૂચ પધાર્યા, અને ધર્મદેશના આપી. કેમકે ભરૂચના રાજાના અશ્વરત્નને એથી ઉપકાર થવાનું પ્રભુએ દેખેલું. એથી ઊલટું,

(૫) ભગવાન વીતરાગ હોઈ, સામે જવાની વાત તો નહિ, પણ ધર્મદેશના કરી દીધા પછી પ્રભુ સ્થાને બેઠેલા હોય ત્યાં ય મૌન બેસે છે ! પણ ઉપદેશ કર કર કર્યા કરવાનું નથી કરતાં. આ જોતાં દેખાય કે, પ્રભુને કોઈ રાગ-દ્વેષ નથી. મોટો ચક્રવર્તી શું, કે ભિખારી શું, સૌના પ્રત્યે સમદૃષ્ટિવાળા હોવાથી આશુપ્રજ્ઞ યાને સર્વજ્ઞ પ્રભુ પૂછ્યે કે વગર પૂછ્યે ઉપકાર દેખાય ત્યાં ધર્મદેશના કરે છે. એ પણ જેવી પુણ્યવંતાને કરે તેવી જ દેશના નિર્ધનને પણ કરે છે,- **'જહાં પુણ્ણસ્સ કત્થઈ, તહા તુચ્છસ્સ કત્થઈ.'** એટલે પછી આવા પ્રભુમાં રાગ દ્વેષનો સંભવ કેમ જ કહેવાય ?

(૬) અનાર્યદેશમાં ન જવામાં અનાર્યો પ્રત્યે ભગવાનને કોઈ દ્વેષ નથી, કિન્તુ એ જીવો બિચારા શુભ આર્ય ક્ષેત્રથી બહિષ્કૃત આર્યભાષાથી બહિષ્કૃત અને આર્યો જેવા પુણ્યકર્મથી બહિષ્કૃત હોવાથી ભગવાન જેવાનાં દર્શન જ શું, દર્શનની ઈચ્છાથી પણ વંચિત રહેનારા હોય છે. એટલે ભગવાન એમની પરિસ્થિતિ જ આવી જુએ છે કે, એમને ધર્મદેશનાથી કશો સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિનો લાભ થાય એમ નથી, લાભની સંભાવના પણ નથી,' તેથી નિરર્થક પ્રવૃત્તિરૂપ અનાર્ય દેશમાં જઈને દેશના આપવાનું કરતા નથી, શકજાતિના, યવનજાતિના....વગેરે વગેરે અનાર્યો મહામિથ્યાદૃષ્ટિ હોય છે; એ તો માત્ર વર્તમાન સુખને જ જોનારા હોય છે; તેથી દીર્ઘદર્શી નહિ; પરલોકને માનનારા જ નહિ; સદ્ધર્મથી તદ્દન જ પરાઙ્મુખ, એટલે ધર્મ પાળવાની યોગ્યતાવાળા પણ નહિ. ત્યાં ભગવાન જઈને શું કરે ? ત્યાં પ્રભુની ધર્મદેશનાથી એ જીવોને કશો જ ઉપકાર થાય નહિ, એટલે ત્યાં ન જવામાં કાંઈ એમ ન કહેવાય કે, 'પ્રભુને એ દેશ કે એ જીવો પ્રત્યે દ્વેષ છે, તેથી ત્યાં જતાં નથી.' તેથી જ એવું જ કહ્યું કે 'મોટ મોટા શાસ્ત્ર-વિશારદો પંડિતો માંત્રિકો તાંત્રિકો જ્યાં ધર્મશાળામાં ભેગા ઊતરે છે,' ત્યાં ભગવાન મુકામ નથી



કરતાં, તે પ્રભુને એમની સાથે વાદ કરવામાં હાર-પરાભવ-અપમાન પામવાનો ભય છે માટે ત્યાં નથી ઊતરતા,' આ કહેવું એ બાલિશવચન છે, કેમકે સર્વજ્ઞ ભગવાનનું તો સમસ્ત કુવાદીઓથી મુખદર્શન કરાવું ય પાલવે એમ નથી, પછી પ્રભુની સાથે વાદ કરવાની એમની શું ગુંજાયશ ? એટલે તો જુઓ અહીં અનેક પંડિતો ભેગા થયેલા છે, ને નજીકમાં શ્રીમહાવીર ભગવાનનો મુકામ છે, છતાં કેમ કોઈની એમની પાસે જવાની ને વાદ કરવાની હિંમત નથી ? સારાંશ,-

પ્રભુ જ્યાં સ્વ-પર ઉપકાર દેખે ત્યાં જઈને પણ ધર્મદેશના આપે છે અને ઉપકાર ન દેખે ત્યાં મૌન રહે છે. એ હિસાબે આર્ય દેશમાં પણ જ્યાં સ્વ-પર ઉપકાર ન દેખે ત્યાં ન જાય એ સહજ છે.

**પ્ર.-** પ્રભુ દેશના આપે એમાં સ્વોપકાર પ્રભુની પોતાની ઉપર ઉપકાર ખરો ?

**ઉ.-** હા, પ્રભુને પોતાને તીર્થંકર નામકર્મ આદિ પુણ્ય ભોગવીને ખપાવવાનું છે. તે ધર્મદેશના દઈને જ એ ભોગવાતું જાય છે. અને ક્ષીણ થતું જાય છે. એ પ્રભુના પોતાના ઉપર કર્મક્ષયનો ઉપકાર છે, તથા આજના ભવ્ય જીવો પર ઉપકારનો લાભ તો મોટો છે જ.

**ગોશાળાક** આમાં કાંઈ ફાવ્યો નહિ એટલે આ લાભનો મુદ્દો પકડી કહે છે,-

"અરે ! મહામુનિ ! જો મહાવીર લાભના અર્થી થઈને આ ધંધો કરવાનું કહે છે, તો તો પછી એમજ કહોને કે મહાવીર એક લાભાકાંક્ષી વેપારી વાણિયા જેવા છે. જેમ વાણિયો લાભની આકાંક્ષામાં કપૂર-અગરુ-કસ્તુરી-અંબર....વગેરે કરિઆણું લઈને પરદેશ જાય, અને મોટા બજારોમાં એને વેચે, તેમ તમારા મહાવીર પણ વાણિયાની જેમ પોતાનો માલ લઈને દેશ દેશ ફરે છે, અને લાભ માટે એને લોકના સમૂહની વચ્ચે ખપાવે છે. આમાં તો નકરી વાણિયાગીરી આવી, પણ શ્રમણપણું ક્યાં રહ્યું ?'

**ભગવાન દેશોદેશ ભમતા વેપારી જેવા ? :-**

**અહીં આર્દ્રકુમાર મહાત્મા કહે છે,-** "મહાનુભાવ ! તમે ભગવાનની જે વણિક સાથે તુલના કરી, તે સર્વાંશે સમાનતા કહો છો ? કે અંશે સમાનતા કહો છો ? જો સર્વાંશે સમાનતા કહેતા હો, તો તે ખોટું છે, કેમકે ભગવાન તો 'વિદિતવેદ્ય' અર્થાત વેદ્ય પદાર્થનું હેય યા ઉપાદેય તરીકેનું યથાર્થ વેદના કરનારા, યાને પ્રત્યક્ષ જ્ઞાન ધરનારા છે, તેથી જ સર્વ પ્રકારના સાવદ્ય અનુષ્ઠાનથી રહિત છે; તેથી એમને નવા કર્મ બંધાવાની તો વાતે ય શી ? ઊલટું, કર્મબંધનોને તોડનારા છે. ત્યારે વણિક તો ધંધા વેપાર કરીને નવાં નવાં કર્મોને બાંધતો રહેતો હોય છે. એવાની સાથે ભગવાનની સર્વાંશે સરખામણીની વાત કરવી, એ અજ્ઞાનદશા છે.

**ક્યાં ભગવાન ? ને ક્યાં વેપારી વાણિયો ? :-**

(૧) ભગવાન તો લેશમાત્ર કુમતિ યાને અસત્ બુદ્ધિ ધરાવતા નથી. અસત્ બુદ્ધિથી જનિત, જીવને દુઃખકારી કશી પ્રવૃત્તિ કરતા નથી. બલ્કે સર્વ જીવો પર કરુણાની જ પ્રવૃત્તિ કરે છે, માટે પ્રભુ સર્વ જીવોના રક્ષક છે, પરિત્રાણશીલ છે, સર્વના રક્ષણના જ સ્વભાવવાલા છે ત્યારે વણિક તો ષટ્કાય જીવોની ઘાતક પ્રવૃત્તિમાં રહેલો છે. કેટલાય જીવોને દુઃખ-સંતાપનું કારણ બનનારો હોય છે.

(૨) વળી, પ્રભુ કુમતિનો સર્વેસર્વા ત્યાગ કરીને મોક્ષગમનની તૈયારીમાં છે, ત્યારે વણિક તો કેટલાય પ્રકારની કુમતિને આચરનારો હોય છે. એની સાથે ભગવાનની સર્વાંશ તુલના યાને સમાનતા કદીય હોઈ શકે ?

ભગવાન તો સર્વ પ્રકારના જીવહિંસક આરંભ-સમારંભના ત્યાગી; ત્યારે વેપારી વાણિયો તો જીવોના વિનાશની ક્રિયાઓમાં પ્રવર્તવું, ક્રય-વિક્રય માટે ગાડાં-ઊંટ-વાહનો ફેરવવા..... વગેરે આરંભ-સમારંભો કરે છે; ઢોર ઢાંખર ધન ધાન્યાદિ પરિગ્રહ રાખી એના પર મમત્વ કરે છે; પરદેશ વેપાર અર્થે જાય છે; તે પણ અહીંના સગા-સંબંધીઓનો સંબંધ ઊભો રાખીને જાય છે.

ત્યારે, ભગવાન તો એક નયા પૈસાનો પરિગ્રહ રાખતા નથી. તેમજ સ્વ-પરના ઉપકારની પ્રવૃત્તિ કરવા ઘરેથી નીકળી દેશોદેશ ફરે છે, તે પૂર્વના સર્વસગા સંબંધીઓના સંબંધ હંમેશા માટે તોડીને નીકળે છે. 'હવે પાછા ઉપકારની પ્રવૃત્તિ કરી, ચાલો દેશમાં આવીએ, સગા સંબંધીઓ સાથે રહીશું.' એવું પ્રભુએ રાખ્યું નથી. એ તો સ્વજનોનો ત્યાગ તે જીવનભર માટે સર્વથા ત્યાગ. વળી ભગવાનની સ્વ-પર-ઉપકારની પ્રવૃત્તિ પણ કેવી નિર્દોષ કે એમાં સમસ્ત ષડ્ જીવનિકાયમાંના એક સૂક્ષ્મ પણ જીવની હિંસા નહિ ! હિંસામય સમારંભ નહિ ! કિન્તુ ષટ્કાય જીવોની રક્ષાની જ પ્રવૃત્તિ રાખે છે. વળી પ્રભુ કોઈ અનુકૂળ સ્થળ વગેરેની મમતા વિના વિચરતા રહી જ્યાં પહોંચે ત્યાં પણ એક જ કામ નિર્દોષ ધર્મદેશનાનું જ કરે છે. આવા ભગવાનની વાણિયા સાથે સર્વથા સમાનતા કેમ કહી શકાય ?

ત્યારે જો કહો કે 'શ્રીમહાવીરપ્રભુની વેપારી વણિક સાથે અંશે સમાનતા કહીએ છીએ.' તો એટલા અંશે સમાનતા બરાબર છે કે જેમ વાણિયો લાભ માટે યોગ્ય દેશમાં જઈ પ્રવૃત્તિ કરે છે, એમ પ્રભુ પર પરોપકારના લાભ માટે યોગ્ય દેશમાં જઈ ધર્મદેશનાની પ્રવૃત્તિ કરે છે, કિન્તુ વાણિયાની જેમ જ જ્યાં ત્યાં જેમ તેમ ફરવાનું કરતા નથી. પરંતુ આવી આંશિક અતિ અલ્પ સમાનતાથી ભગવાનને વાણિયા જેવા થોડા જ કહેવાય ?

**વેપારી કરતાં ભગવાનમાં મોટો ફરક :-**



આર્દ્રકુમાર મહર્ષિ આગળ વધતાં વાણિયા અને પ્રભુ વચ્ચે એક જોરદાર ફરક એ બતાવે છે કે વાણિયા તો (૧) માટીના ધનને શોધતા ફરનારા હોય છે, વળી (૨) સ્ત્રીસંબંધ-અબ્રહ્મમાં ગાઢ આસક્ત હોય છે; તેમજ (૩) રોટી અને વિષયસુખો માટે અહીં તહીં ભમતા હોય છે. આવા વાણિયાને અમે તો શબ્દાદિ વિષયભોગોમાં ગાઢ ગૃદ્ધિવાળા અને અનાર્ય જેવા કર્મો કરનારા, માટે જન્મથી ભલે આર્ય પરંતુ કરણીથી અનાર્ય તરીકે જોઈએ છીએ. તેમજ એ રસ-ઋદ્ધિ-શાતા ગારવોમાં અત્યંત ચીટકેલા દેખાય છે.

જ્યારે વીતરાગ તીર્થંકર ભગવાન તો આ બધા પાપોથી તદ્દન મુક્ત છે, એમની સરખામણી વાણિયા સાથે કેમ કરી શકાય ?

**પ્ર.-** પણ લાભની કાંક્ષા બંનેને હોય છે. એ દૃષ્ટિએ સરખા નહિ ?

**ઉ.-** અરે ! 'વાણિયા લાભ માટે દેશાટન કરનારા, એ રીતે ભગવાન પણ લાભ માટે દેશાટન કરનારા,' એમ કહી ભગવાનને વાણિયા સાથે સરખાવતાં પહેલાં, એ તો જુઓ કે, વાણિયા લાભ કેવો કરે છે ? ક્રય-વિક્રય તથા રાંધવા રંધાવવા વગેરે પાપભર્યા સાવદ્ય અનુષ્ઠાનો, આરંભ-સમારંભો, અને ધન ધાન્યાદિના પરિગ્રહમાં લાગ્યા રહીને, વાણિયા તો પોતાના આત્માને જ દંડી નાખે એવા અસદ્ આચારોની પ્રવૃત્તિથી ચતુર્ગતિમય સંસારના ચિરકાળ-ભ્રમણનો લાભ કરે છે, જે એને દીર્ઘાતિદીર્ઘ કાળ દુઃખ ભોગવવા માટે થાય છે. ત્યારે ભગવાનને લાભ તો સ્વયં નિષ્પાપ પ્રવૃત્તિ તથા કર્મહ્રાસનો અને ભવ્ય જીવોને સત્પ્રવૃત્તિમાં જોડવાનો હોય છે.''

આર્દ્રકુમાર મહર્ષિ આગળ વધીને કહે છે,-

''હે મહાનુભાવ ! વાણિયો ય લાભ માટે ભમે, અને પ્રભુ પણ લાભ માટે ભમે, એમ એકલો 'લાભ' શબ્દ પકડીને ભગવાનની વાણિયા સાથે સમાનતા કહેતા પહેલાં એ પણ જુઓ કે, વાણિયાને લાભ તે શું ધનનો એકાન્તે લાભ જ થાય છે ? ના, એમાં અનૈકાન્ત છે, ધન લાભ થાયે ખરો, ને ન પણ થાય. બીજું એ પણ જુઓ કે જ્યાં કદાચ ધન લાભ થયો, તો તે શું આત્યન્તિક છે ? અર્થાત્ હવે શાશ્વત કાળ માટે રહેનારો છે ? કે અનાત્યન્તિક છે ? અર્થાત્ એનો ય એક દિવસ નાશ થાય, હવે અંત આવે ? કહેવું જ પડે, છેલ્લે મૃત્યુ આવતાં તો એનો અવશ્ય અંત આવે છે. એટલે લાભ આત્યન્તિક નથી. આમ વાણિયાને થતો લાભ અનૈકાન્તિક અને અનાત્યન્તિક છે, તથા અનર્થદાયી છે એ કયાં ? અને ભગવાનને જે લાભ થાય છે, તેમાં (૧) પહેલો તો દિવ્ય જ્ઞાનનો કેવળજ્ઞાનનો લાભ, અને પછી (૨) ધર્મદેશનાથી પોતાને કર્મક્ષયનો અને અંતે મોક્ષનો લાભ થાય છે. તો

લાભમાં પોતાને મોક્ષગમનની તૈયારી, અને નિકટભવી જીવોનું દીર્ઘ દુઃખદ સંસાર-ભ્રમણથી રક્ષણ,-આ બે લાભ ધરનાર ભગવાનની નિર્વિવેકી વાણિયા સાથે તુલના કઈ બુદ્ધિ પર કરાય છે ?

**સમવસરણ કોના માટે ?** પત્યું ? ગોશાલક વાણિયા સાથે પ્રભુની સરખામણી કરવામાં પોતે નિર્બુદ્ધિ ઠર્યા. ત્યારે 'મિંયા પડ્યા પડ્યા તો ય ટાંગ ઊંચી' ની જેમ ગોશાળક કુતર્કનો છેલ્લો દાવ મૂકી ભગવાનને શિથિલાચારી સાબિત કરવા મથે છે.

**ગોશાલક કહે છે, -**

'જુઓ મુનિ ! દેવોએ મહાવીર માટે ઊભા કરેલા સમવસરણનો, ચાલતાં દેવકૃત નવ કમળનો, આરામ અર્થે દેવોએ ઊભા કરેલા દેવચ્છન્દાનો મહાવીર ઉપભોગ કરે છે. આ સમવસરણાદિ પ્રભુ માટે બનાવ્યા હોવાથી આધાકર્મ દોષવાળા કહેવાય. તો જેમ સાધુ આધાકર્મવાળા મુકામ આદિ સેવે તો સાધુ આધાકર્મ બનાવવામાં થયેલી હિંસાની અનુમતિના દોષવાળા બની એવું સેવવામાં શિથિલાચારી હિંસક કહેવાય, ને કર્મથી લેપાય છે, એમ મહાવીર પણ એ આધાકર્મિક સમવ-સરણાદિનો ઉપભોગ કરી અહિંસક શી રીતે ? તથા કેમ શિથિલાચારી ન કહેવાય ? ને કેમ કર્મથી ન લેપાય ?

અહીં આર્દ્રકુમાર મહાત્મા એનો સચોટ ઉત્તર દેતાં કહે છે,-

'અરે ! મહાનુભાવ ! એ જુઓ કે સાધુ કોઈક આધાકર્મિક સેવે ત્યાં તો એને એ આધાકર્મિક વસ્તુ પર રાગ હોય; જ્યારે શ્રીમહાવીર ભગવાન તો તૃણરાશિ કે રત્નરાશિ પ્રત્યે, ને માટીના ઢેફા કે સુવર્ણ લગડી પ્રત્યે, સમાન દૃષ્ટિવાળા છે. એમના મનને 'એક તુચ્છ અને બીજું સારું કિંમતી એવું છે જ નહિ. તેથી સમવસરણનો ઉપભોગ કરે ત્યારે પણ 'એ રજત-સુવર્ણ-રત્નમય સમવસરણ માટીના ટેકરા કરતાં સારું કિંમતી,-' એવું પ્રભુને લાગતું જ નથી. પ્રભુ એના પ્રત્યે લેશ પણ આકર્ષણ-આશંસા-મમત્વ ધરાવતા નથી. અહીં પૂછો,-

**પ્ર.**- ભલે પ્રભુને આશંસા ન હોય, પણ દેવોએ પ્રભુ માટે સમવસરણ બનાવ્યું, ને પ્રભુ એને ભોગવે, એટલે આધાકર્મ સેવ્યાનો પ્રભુને દોષ તો લાગે જ ને ? વળી બીજી વાત એ છે કે જો પ્રભુને સમવસરણની આશંસા નથી, તો શા માટે એનો ઉપભોગ જ કરે છે ?

**ઉ.**- દેવતાઓ પ્રભુ માટે સમવસરણ બનાવતા જ નથી; પરંતુ દેવતાઓ જિનપ્રવચનની ઉદ્ભાવના પ્રભાવના કરવાના અર્થી છે; અને એ પ્રવચન-પ્રભાવના કરવાનું તો જ બને કે જો ભવ્ય જીવો આવા કોઈક આકર્ષણથી અહીં પ્રભુ પાસે દોડતા એટલે કે હરખભેર આવે, ને પ્રભુની ધર્મ-દેશના પ્રભુનું ધર્મ-પ્રવચન સાંભળે.



એ સાંભળે એટલો એમના દિલમાં પ્રભુનાં વચન જચી જાય, જિનવચન પર શ્રદ્ધા થાય, અને તદ્નુસાર યથાશક્તિ અમલ કરે, એજ પ્રવચનની પ્રભાવના થઈ કહેવાય.

આમ ભવ્ય જીવો કેમ ધર્માભિમુખ બને, એ માટે સમવસરણ બનાવે, એ બનાવવાનું ભવ્ય જીવો માટે થયું ગણાય, પણ પ્રભુ માટે નહિ. એટલે પ્રભુને લેશ પણ આધાકર્મિક સેવનનો દોષ લાગતો નથી. વળી દેવો પોતાને પ્રવચન-પ્રભાવના-નો આત્મલાભ થાય એ માટે સમવસરણ બનાવે છે. એથી પણ પ્રભુ માટે બનાવવાની વાત જ રહેતી નથી.

આમ પ્રભુને આધાકર્મિક-ઉપભોગ જ નથી, તેથી પ્રભુને કર્મનો લેપ શાનો લાગે ?

વળી પ્રભુ જો આધાકર્મિક સેવતા જ નથી, તો પ્રભુ શિથિલાચારી શાના કહેવાય ?

**પ્રભુ અગાધ કરુણાવાળા :-**

ઊલટું એમાં કહો કે, પ્રભુ સમવસરણથી આકર્ષાઈ ત્યાં એકત્રિત થયેલા જીવોને ધર્મ-દેશના સંભળાવી ધર્મ પમાડવાની મહાન કરુણા કરનારા છે, તેથી પ્રભુ તો જગતના કરુણાપાત્ર જીવોને, ધર્મ વિના સંસારમાં ભટકી રહેલા અને સંસારની દુઃખરૂપ ભઠ્ઠીઓમાં શેકાઈ રહેલા એ પામર સાંસારિક જીવોને, પ્રભુ ધર્મ આપી સંસારમાંથી એમનો ઉદ્ધાર કરવાની અનન્ય અગાધ કરુણા કરી રહ્યા છે !

આમ (૧) એકમાત્ર પરમાર્થભૂત ધર્મમાં સુવ્યવસ્થિત, અને કર્મક્ષયમાં કારણભૂત ભગવાનને વાણિયાની સમાન ગણાવો છો, તેમજ (૨) તમારા જેવા વાદીઓ સામે એક બીકણ વાદી જેવા ગણો છો. તથા (૩) પૃથ્વીકાયાદિ હિંસા વગેરે શિથિલાચારમાં પડેલા તમે જાતને બદલે પ્રભુના ઉપર શિથિલાચારીનો આરોપ ચડાવો છો,- એમાં ખરેખર તમારી અજ્ઞાન દશાનું જ પ્રતિબિંબ છે.

(૧) એક અજ્ઞાન દશા આ, કે સ્વતઃ કુમાર્ગનું પ્રવર્તન કરી રહ્યા છો; અને (૨) બીજી અજ્ઞાન દશા આ, કે મોટા ઈન્દ્રો સહિત જગતને વંદનીય તથા ચોત્રીસ અનન્ય અતિશયોથી અલંકૃત અને સર્વ અતિશયોના નિધાનભૂત એવા ભગવાનને પણ ઈતર દર્શનકારોની હરોળમાં મૂકો છો !

બસ, આર્દ્રકુમાર મહર્ષિની આ સમ્યક્ તર્ક ભરેલી વાણી આગળ હવે ગોશાળકને કશું બોલવા જેવું રહ્યું નહિ. પોતાની બધી દલીલો અને કુતર્ક કુદૃષ્ટાન્તોનું ખંડન થઈ ગયું. તેથી ગોશાળક નિરુત્તર બની ગયો.

હવે મહર્ષિ ભગવાનની તરફ ચાલવા માંડે છે.

ત્યાં વચમાં શાક્યપુત્રીય અર્થાત્ બૌદ્ધભિક્ષુકો આર્દ્રકુમાર મહર્ષિને વિંટળાઈ

વળે છે, ને વાદ માડે છે.

## બૌદ્ધ ભિક્ષુઓ સાથે ચર્ચા

બૌદ્ધ ભિક્ષુકોએ આર્દ્રકુમાર સાથેનો ગોશાળકનો વાદ સાંભળેલો, કેમકે ઉદ્યાનમાં એ સંવાદ બનેલો; અને તમાશાને તેડું નહિ, એમ બૌદ્ધભિક્ષુઓ તમાશો સમજી સ્વતઃ રુચિથી એ સાંભળવા આવેલા એટલે હવે એ બૌદ્ધભિક્ષુઓ આર્દ્રકુમાર મહર્ષિને કહે છે,-

"હે આર્દ્રકુમાર ! તમે સામાના વાણિયાના દૃષ્ટાન્તને ખોટું ઠરાવી બાહ્ય અનુષ્ઠાનને દૂષિત કર્યું, દોષ-પૂર્ણ ઠરાવ્યું, તે સારું કર્યું; કેમકે બાહ્ય અનુષ્ઠાન તો તુચ્છ છે અકિંચિત્કર છે; ન એનાથી મોક્ષ, ન સંસાર-સંસાર અને મોક્ષમાં પ્રધાન કારણભૂત તો અંતરંગ અનુષ્ઠાન છે, આત્મિક ભાવ છે. અમારા સિદ્ધાન્તમાં એનું જ વર્ણન કરેલું છે. એટલે હે આર્દ્રકુમાર રાજપુત્ર ! તમે સાવધાન બનીને એ સાંભળો અને સાંભળીને મનમાં ધારણ કરી રાખો.'

એમ કહીને હવે બૌદ્ધભિક્ષુ પોતાના બૌદ્ધ ધર્મનો સિદ્ધાન્ત રજુ કરે છે, એ કહે છે.-

## બૌદ્ધ-સિદ્ધાન્ત

**અંતરંગ ભાવની મહત્તાનાં બે દૃષ્ટાન્ત :-**

"માનો કે મ્લેચ્છાદિના દેશમાં કોઈ બહારનો માણસ પેઠેલો, તે મલેચ્છોથી ગભરાઈ ભાગવા માંડ્યો; પાછળ જોયું તો મ્લેચ્છો દોડતા આવી રહ્યા છે. એણે યુક્તિ વાપરી રસ્તાની એક બાજુ ખળામાં ખોળનો લાંબો રાશિ પડેલો જોયો,એટલે એના પર પોતાની પછેડી ઢાંકી દીધી, અને જાણે કપડું ઓઢી માણસ સૂતો છે એવું કર્યું; ને પછી પોતે દોડતો આગળ નીકળી ગયો.

હવે અહીં મ્લેચ્છો એ માણસને શોધતા શોધતા ખળા આગળ આવી પહોંચ્યા, અને કલ્પી લીધું કે આ કપડાની નીચે જ પેલો માણસ છુપાઈ ગયો છે, માટે હવે એને આખો ને આખો કપડે લપેટેલો ભાલાથી વિંધીને ઉપાડો. એમ કરી ભાલાથી વીંધીને ઉપાડ્યો અને પછી એને મોટી અગ્નિમાં શેકવા માંડે છે.

'એમ બીજા દૃષ્ટાન્તમાં, કપડે ઢાંકેલા, તુંબડાને કોઈ દુશ્મનનો છોકરો સમજી અગ્નિમાં શેકે છે.

તો અમારા સિદ્ધાન્ત મુજબ એ વીધનારા-શેકનારા આમ તો ખરેખર કોઈ જીવને વીંધતા-શેકતા નથી, છતાં એમના મનના પરિણામ દુષ્ટ છે, તેથી જીવહિંસાના પાપથી લેપાય છે. કેમકે શુભ કે અશુભ કર્મનો બંધ ચિત્તમૂલક છે. કર્મ બંધનો



આધાર મન પર છે. માટે કહેવાય છે કે,-

**'मन एव मनुष्याणां कारणं बन्ध-मोक्षयो ।'**

એથી ઊલટું, ખરેખર કોઈ પુરુષ કે છોકરો કપડે ઢાંકેલો હોય અને એને ખોળનો પિંડ કે તુંબડું સમજી ભાલે વીંધી અગ્નિમાં શેકી નાખ્યો હોય, તો એ વીંધનાર-શેકનારને પુરુષ-હિંસાનું પાપ લાગતું નથી. એટલું જ નહિ પણ એ શેકેલું માંસ બુદ્ધ ભગવાનને પણ પારણા માટે ખાવું કલ્પે, એમાં કોઈ દોષ ન લાગે, તો પછી બીજાઓને ખાવું યોગ્ય હોય, એમાં તો પૂછવાનું જ શું ? કારણ એક જ કે, મનથી કોઈ હિંસાનો દુષ્ટ પરિણામ નથી કર્યો. એમ સર્વ અવસ્થામાં મનથી જે હિંસાદિ કર્મ ન વિચાર્યું. તત્કર્મ જનિત બંધ ન થાય. અમારે ત્યાં કહ્યું છે, કે

**બૌદ્ધમતે ૪ પ્રકારના કર્મમાં બંધ નહિ :-**

'અજ્ઞાનોપચિત, પરિજ્ઞાનોપચિત, ઈર્યાપથિક અને સ્વપ્નાન્તિક કર્મ બંધ નથી કરાવતું.'

"(૧) 'અજ્ઞાનોપચિત' એટલે મનથી તેવા હિંસાદિ કર્મ ન વિચાર્યા હોય, તેથી કર્મ ન બંધાય, પછી ભલે બાહ્યથી હિંસા થઈ હોય. (૨) 'પરિજ્ઞાનોપચિત' અચેતન-જડ માનીને પ્રહારાદિ કર્મ કર્યું ત્યાં બંધ ન થાય. (૩) 'ઈર્યાપથિક' એટલે કે શુભ ઉદ્દેશથી હાલવા-ચાલવાની ક્રિયા કરી, ત્યાં કર્મ બંધ નહિ; (૪) 'સ્વપ્નાન્તિક' અર્થાત્ સ્વપ્નમાં હિંસાદિ ક્રિયા દેખી, ત્યાં બંધ ન થાય.

"એટલે બૌદ્ધ કે બૌદ્ધભિક્ષુ આ રીતે કર્મ બંધ નથી કરતા. એવા બૌદ્ધભિક્ષુની ભક્તિનો લાભ કેટલો ? તો કે ૨૦૦૦ બોધિસત્ત્વ અને પાંચ શિક્ષાપદ ગ્રહણ કરનારા બૌધભિક્ષુકોને જો કોઈ ઉપાસક પચનપાચનાદિ કરીને માંસ-ગોળ-દાડમ વગેરે મનગમતાં જમણ જમાડે, તો તે મહાસત્ત્વ શ્રદ્ધાળુ ઉપાસકો મોટો પુણ્યસમૂહ ઉપાર્જે છે, ને એથી એમની દેવગતિ થાય છે.

"આ રીતે બુદ્ધ ભગવાને ભિક્ષુકોનો શીલધર્મ અને ઉપાસકોનો દાનધર્મ ફરમાવ્યો છે, માટે હે આર્દ્રકુમાર રાજપુત્ર ! તમે બૌદ્ધ સિદ્ધાન્તને સ્વીકારો.'

શાક્યપુત્રીય અર્થાત્ બૌદ્ધભિક્ષુકે બૌદ્ધનો કેવો ધર્મ બતાવ્યો ! પૂર્વના કાળે આવું ચાલતું હતું, ને આજે પણ એના અનુયાયી આજ સિદ્ધાન્ત માને, એટલે છૂટથી માંસાહાર વગેરે ચલાવે, એમાં નવાઈ નથી. તમે જૈન ધર્મ પામ્યા એટલે તમારા દિલને આ સિદ્ધાન્ત બેસે નહિ. પરંતુ બૌદ્ધ ધર્મ અંતરના ભાવ ઉપર જ ધર્મ માન્યો, એટલે પછી બાહ્યમાં શું બને છે એ જોવાનું રહ્યું નહી. એટલે તો કહે છે ને કે 'કપડે ઢાંકેલા પુરુષને ખોળનો પિંડો માની ભાલે વીંધ્યો અને અગ્નિમાં શેક્યો, તો કર્મ ન બંધાય ! અને એનું ભોજન બનાવી બુદ્ધ ભગવાન અને એમના

ભિક્ષુઓને જમાડો તે સ્વર્ગનું પુણ્ય ! અને તેથી દેવગતિ મળે ! આવા મહા મિથ્યા જ્ઞાનવાળા અહીં મહાજ્ઞાની આર્દ્રકુમાર મહર્ષિને પોતાનો બૌદ્ધમત સ્વીકારી લેવા સલાહ આપે છે. ! એ ભલાભોળા કે બીજું કાંઈ ?

**આર્દ્રકુમાર મહર્ષિનો ઉત્તર :-**

ત્યારે મહર્ષિ ખૂબ શાંત સૌમ્ય સ્વભાવવાળા છે અને જૈન ધર્મના માર્મિક બોધથી તત્ત્વપરિણતિવાળા છે; તેથી એ સાંભળીને જરાય આકુળવ્યાકુળ નથી થતા, પણ સૌમ્ય દૃષ્ટિથી એમના તરફ નજર રાખીને કહે છે,-

"હે બૌદ્ધભિક્ષુક ! તમે જે આ બૌદ્ધ ભિક્ષુઓનો ધર્મ બતાવ્યો, તે અત્યન્ત અ-ઘટતો છે, ધર્મસ્વરૂપની સાથે સંગત જ થાય એવો નથી, એનું કારણ એ છે કે, ભલે સિદ્ધાન્ત માન્યો કે ભાવ શુદ્ધ હોય તો ધર્મ, ને ભાવ મલિન હોય તો અધર્મ તથા કર્મબંધ;' પરંતુ પહેલું તો એ વિચારવા જેવું છે કે ભાવ શુદ્ધ કોને રહે ?

**ભાવશુદ્ધિ ક્યાં હોય ?**

હિંસાના કામ કરતો હોય, ને હાલવા ચાલવા બોલવા વગેરેમાં સાવદ્ય-નિરવદ્ય(સપાપ-નિષ્પાપ) નો કશો ખ્યાલ ન રાખતા જેમ તેમ પ્રવર્તતો હોય, એને શું ભાવશુદ્ધિ હોતી હશે ? તો તો પછી ગૃહસ્થને પણ ભાવશુદ્ધિ હોવામાં વાંધો નહિ, તો એ શું કામ ભિક્ષુધર્મ સ્વીકારે ? ભિક્ષુને ગૃહસ્થ કરતાં શી વિશેષતા, જો ધર્મ મનમાની ભાવશુદ્ધિ પર જ આધારિત હોય ? તમે જ કહો છો,-

બાહ્ય અનુષ્ઠાન અકિંચિત્કર છે;-

ભાવશુદ્ધિનું આંતરીક અનુષ્ઠાન જ મહત્ત્વનું છે,

તો તે તો સંસારમાં-ઘરવાસમાં બેઠા રહીને રાખી શકાય છે, પછી શું કામ એ ઘરવાસ છોડીને ભિક્ષુ થવું ?

માટે, જો સંસાર-ત્યાગ ભિક્ષુની વિશેષતા બતાવી હોય તો કહો, કે જે સર્વેસર્વા અહિંસા માટે ઊઠ્યો હોય, જેણે સર્વથા હિંસા-ત્યાગની પ્રતિજ્ઞા કરી હોય, અને એ કરીને જે સંસાર ત્યાગી બનીને મન-વચન-કાયાની ગુપ્તિએ ગુપ્ત અને ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિથી નિયંત્રિત જીવન જીવતો હોય, તેમજ બધી ક્રિયા સમ્યગ્જ્ઞાન પૂર્વક કરતો હોય, એને જ ભાવશુદ્ધિ હોય, અને એજ ફલવતી બને.

આનાથી વિપરીત મતિવાળા અને અજ્ઞાનથી આવરાયેલને બિચારાને તો અંતઃકરણ મહામોહથી વ્યાકુળ હોય છે, કેમકે,

**જેને નવકોટિશુદ્ધ અહિંસાનું વ્રત નથી.**

**તેમજ જેને સમિતિ-ગુપ્તિનું જીવન અને સમ્યક્જ્ઞાન સહિતની ક્રિયા નથી.**

**એટલે તો એને મોહમૂઢ પ્રવૃત્તિ જ રહેવાની.** એને જો ખોળ અને પુરુષ વચ્ચે



ભેદ પાડતા આવડતું નથી, ને ભાલો જ ઘોંચવો છે, જો 'લાવો કપડું ખોલીને જુઓ કે અંદરમાં જીવંત પુરુષ છે ? કે ખરેખર ખોળનો પિંડ છે ?'- આટલો ય વિવેક કરવાનું નથી આવડતું એનામાં ભાવશુદ્ધિ કેવી ?

**સર્વથા અહિંસાના પવિત્ર દિલવાળાએ પહેલું તો હિંસક શસ્ત્ર જ શાનું વાપરવાનું હોય ?**

**એમ અગ્નિમાં પકાવવાની હિંસક પ્રવૃત્તિ જ શાની કરવાની હોય.**

ત્યારે જો જીવ પર નહિ પણ જડ પર શસ્ત્ર લગાવવું છે, તો તે પહેલાં એ નિશ્ચિત કેમ નહિ કરવું કે આ સામે પુરુષાદિ જીવ છે ? કે ખરેખર ખોળ-પિંડ જેવું જડ છે ? આ વિવેકપૂર્ણ નિશ્ચય કરવો નથી અને એમ જ જીવને મનથી જડ કલ્પીને ભાલે એને વીંધવો છે, અને અગ્નિમાં શેકવો છે, અને પછી એને ખાઈ જવો છે, તો એવા બૌદ્ધ સિદ્ધાન્તવાળા સજ્ઞાન શી રીતે ?

"એટલે જ એ જે ખોળની બુદ્ધિથી જીવંત પુરુષને ભાલે વીંધવાનું અને અગ્નિમાં શેકી નાખવાનું કહે છે, તેમજ ખોળની કલ્પના રાખી માંસ-ભક્ષણ કરવામાં બુદ્ધભગવાનની અનુમતિ કહે છે, એ અત્યંત અનુચિત છે; કેમકે ત્યાં સરાસર ભાવશુદ્ધિ નથી. એટલે જ હે બૌદ્ધભિક્ષુ ! કશો વિવેક કર્યા વિના કે 'ખરેખર આમાં પ્રાણ છે ? કે, પ્રાણ નથી ? સચેતન છે ? કે અચેતન છે ?' એવી તપાસ કર્યા વિના માની લેવું છે કે, 'આ તો અચેતન છે, અને પછી ત્યાં ભાલે વીંધવું છે. તથા અગ્નિમાં શેકવું છે, ને માનવું છે, કે, 'ત્યાં કર્મ બંધાતા નથી. પાપ લાગતું નથી, એ તો માત્ર રસગારવ અને શાતાગારવની ગૃદ્ધિ યાને અત્યંત આસક્તિ જ સૂચવે છે.

"શાતાગારવ અર્થાત્ સુખશીલતા જો ન હોય, તો 'સામે સજીવ છે કે અજીવ' એની તપાસ કરવાનું પહેલું કષ્ટ ઉપાડે. રસગારવ-રસગૃદ્ધિ ન હોય તો અજીવ ખોળપિંડ માનીને ખાવા લીધેલું મનુષ્યનું માંસ નીકળ્યું તો તો તરત એનો ત્યાગ કરી દે, પણ એના બદલે 'ભલે મનુષ્યનું માંસ, માંસ તો માંસ, એ ખાઈ શકાય;' એમ બુધ્ધભગવાન જાતે ખાય ! અને બીજાને ખાવાની સંમતિ આપે ! એમાં સજ્ઞાન દશા અને ભાવ-શુદ્ધિ લેશપણ ક્યાં રહી ? એ તો સરાસર મોહમૂઢ અજ્ઞાનદશા જ છે, ભયંકર અશુદ્ધ ભાવ છે, અને એથી ખાનાર અને ખવરાવનાર બંનેને અ-બોધિ માટે થાય છે, તે અહીં પણ બોધિ નહિ, અને રાચીમાચીને અવિવેકભરી મૂઢતા કરી તેથી ભવાંતર માટે પણ બોધિ ન મળે !

જે 'ખોળપિંડની બુદ્ધિથી પુરુષને પકાવવામાં પાપ નથી' એમ કહે છે અને એવું જે સાંભળે છે, અને સ્વીકારે છે, એ બંને વર્ગવાળાનું એ કથન અને સ્વીકાર

તદ્દન જ અનુચિત છે. આવું અનુચિત વર્તન,-મૂળમાં નવકોટિએ હિંસાનો ત્યાગ નહિ, તેમજ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને જ્ઞાનમૂલક ક્રિયા નહિ,- એના લીધે છે. એથી ત્યાં ભાવશુદ્ધિનું સરાસર દેવાળું જ છે.

**મહર્ષિ કહે છે,-**

'ભાવશુદ્ધિ કોનામાં હોય એ સમજવા જેવું છે. અજ્ઞાનથી મતિ આવરાયેલી હોય, મોહમૂઢ હોય, એવા માણસમાં ભાવશુદ્ધિ હોવાનો સંભવ જ નથી. નહિતર 'સંસારમોચક' વગેરે મતવાળાનો પણ કર્મથી મોક્ષ થઈ જાય !...

**સંસાર મોચક મત :-**

'સંસારમોચક' મત એમ કહે છે કે "જેમ નરકના જીવને પરમાધામી પીડે છે તો એ જીવને કર્મોની ઉદીરણા થઈ થઈને ઘણાં કર્મનો નાશ થાય છે, એવી રીતે અહીં જીવની હિંસાથી એને કર્મ ઉદીરણા થઈ થઈને ઘણાં કર્મ નાશ પામે છે. એટલે એનાં ઘણા કર્મ નાશ પામો, એ ભાવથી હિંસા કરવામાં ભાવશુદ્ધિ છે."

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૪૧,તા.૩૦-૬-૧૯૮૫**

આર્દ્રકુમાર મહર્ષિ શાક્ય (બૌદ્ધ) ભિક્ષુને કહે છે,- "શું આ સંસાર મોચકમત સજ્ઞાન મત છે ? એમ હોય તો તો એ મત માનનારે પોતાની કોઈ હિંસા કરવા આવે એને અટકાવવો ન જોઈએ, બલ્કે એમ કરવા સામાને પ્રેરણા કરવી જોઈએ. પરંતુ એમ તો એ કરતા નથી. એટલે જ બીજા જીવોની હિંસા કરવામા ભાવશુદ્ધિ માનવી, એ સરાસર અજ્ઞાનદશા છે; અને અજ્ઞાન દશામાં રમતાને ભાવશુદ્ધિ હોય જ નહિ.

**ભાવને જ મહત્ત્વ આપનારને બાહ્ય અમુક જ વેશ કેમ ? :-**

"વળી હે બૌદ્ધભિક્ષુ ! જો બાહ્ય અનુષ્ઠાનનું કશું જ મહત્ત્વ નથી, અને કેવળ ભાવ શુદ્ધ અર્થાત્ અંતરંગ અનુષ્ઠાન જ મહત્ત્વનું છે, તો પછી તમે આ શિરમુંડન, મુખમુંડન, પાતરામાં જ પિંડગ્રહણ અમુક પ્રકારનો જ વેશ...વગેરે તથા ચૈત્યકર્મ વગેરે જે બાહ્ય અનુષ્ઠાન કરો છો, એ નિરર્થક ઠરશે ! અને પ્રેક્ષાવાન પુરુષે નિરર્થક પ્રવૃત્તિ નહિ કરવી જોઈએ; તો શું આ બાહ્ય વેશ વગેરે બધું છોડી દેશો ? સારાંશ, એકલી ભાવશુદ્ધિ કોઈ કરી શકે નહિ, તેમજ અજ્ઞાન અવિવેક-વાળામાં ભાવશુદ્ધિ ઘટી પણ શકે નહિ. જેમકે, પૂર્વે કહ્યું તેમ, કપડે ઢાંક્યા પુરુષને તપાસ કર્યા વિના ખોળનો પિંડ માની એને ભાલાથી વિંધી અગ્નિમાં રાંધી એનું માંસ ખાવામાં ભાવશુદ્ધિ કેમ કહેવાય ? જો અહિંસાના શુદ્ધ ભાવ રાખવા



છે, તો પહેલાં જ તપાસ કરવી જોઈએ કે કપડામાં શું ઢંકાયેલ છે ? ચેતન પદાર્થ કે અચેતન પદાર્થ ? એ તપાસ કરવાનો પહેલો વિવેક જ જ્યાં નથી, ત્યાં તો પ્રમાદ જ છે, ને પ્રમાદ એ અશુદ્ધ ભાવ છે, મલિન ભાવ છે. ત્યાં ભાવશુદ્ધિ ન હોય."

અહીં બૌદ્ધભિક્ષુને પોતાનો બચાવ કરવાની જગા ન રહી, એટલે મહર્ષિને પૂછે છે, "તો તમારે ત્યાં ભાવશુદ્ધિ શી રીતે ?"

આર્દ્રકુમાર મહર્ષિ કહે છે,-

**"અમારા મુનિઓ ઊંચે, નીચે, અને ચારે દિશામાં નાના મોટા ત્રસ અને સ્થાવર જીવોની, જીવના ચિહ્ન જોઈને, સંભાવના કરતા રહી, એની હિંસા ન થાય એવી યતના રાખે છે.**

**જીવનાં ચિહ્ન આ છે,-**

હલન-ચલન, અંકૂરોત્પત્તિ, છેદ પૂરાઈ જવો, ખોરાક વિના કરમાઈ જવું, ખોરાકથી પુષ્ટ પ્રફુલ્લિત થવું, વગેરે સ્વેચ્છાએ હલન ચલન જડમાં જોવા ન મળે, સ્થાવર જીવો વનસ્પતિ કાયાદિમાં જોવા ન મળે, તો પણ ત્યાં બીજા ચિહ્ન આ જોવા મળે કે અંકુરની ઉત્પત્તિ, છેદે મ્લાનતા, વગેરે

**વનસ્પતિ એ જીવ કેમ ? :-**

"દા.ત. વનસ્પતિ તરીકે એક ધાન્યબીજ, એને ધરણીમાં સ્થાપન જલસિંચન વગેરે અનુકૂળ સામગ્રી મળે તો એમાંથી અંકુર ઉત્પન્ન થાય છે. ખૂબી એ, છે, કે એ વનસ્પતિ બીજમાંથી જ અંકુર બને છે પરંતુ એની સાથો સાથ રહેલા કાંકરા વગેરેમાંથી અંકુર નથી પ્રગટતો. આ સૂચવે છે કે, કાંકરા કરતાં બીજમાં વિશેષતા છે. વિશેષતા આ, કે કાંકરો અચેતન છે, ત્યારે બીજ સચેતન છે.

"એમ ઝાડ પર, ધરતી પર કોઈ છેદ કરે, તો કાલાન્તરે એ છેદ એવો પૂરાઈ જાય છે કે, છેદનું નામ નિશાન રહે નહિ. કારણ એ છે કે, જેમ બાળક ખોરાક ખાતું ખાતું મોટું થાય ત્યારે એના હાથ, આંગળી, મોં, કાન વગેરે અવયવ વધે છે, લાંબા પહોળા મોટા થાય છે. પરંતુ ત્યાં પહેલાં જે નાના અવયવ હતા, એના પર વધેલા ભાગનો સાંધો નથી દેખાતો; કેમકે, જીવ-શક્તિથી ખોરાકમાંથી તે તે અવયવના જેવા અણુ પૂર્વનામાં સર્વેસર્વા જોડાઈ જાય છે, બસ, એ જ રીતે ઝાડ, પર્વત, વનભૂમિમાં છેદ થયેલા ભાગમાં જીવશક્તિથી ખોરાકમાંથી તેવા તેવા અણુ પૂર્વની સાથે સર્વેસર્વા જોડાઈ જાય છે, એટલે સાંધો નથી દેખાતો,

"એમ જેવી રીતે માણસ ખાય તો એનું શરીર પ્રફુલ્લિત દેખાય છે, અને ઉપવાસો કરી ન ખાય તો સુસ્ત દેખાય છે, એમ ઝાડ પાનમાં પણ એવું જ છે. એને ખોરાક પાણી મળે તો પ્રફુલ્લિત નહિતર કરમાયેલા ચીમળાયેલા જેવા દેખાય

છે. આ ખોરાક લેવા પચાવવાનું કામ જીવ જ કરી શકે છે, જડ નહિ. માટે જીવ ગયા પછી મડદું એ કશું કરી શકતું નથી. એમ ઝાડનું મૂળ ખલાસ થઈ ગયું હોય અને ઠુંઠુ ઊભું હોય, એના પર ગમે તેટલા ખાતર પાણી નાખો, એનામાં પ્રફુલ્લિતતા નહિ આવે, કે એના પર અંકુર પાંદડા નહિ આવે. પરંતુ જો મૂળ સલામત છે, તો આ બધું બનશે.

"આ સૂચવે છે, કે વનસ્પતિકાય વગેરે જીવો ભલે સ્વેચ્છાએ હાલી ચાલી શકતા નથી, છતાં એના પર ખોરાક દ્વારા પાંદડા, પાક, ફળ વગેરે આવે છે. એ એનામાં જીવપણું સાબિત કરે છે.

**જૈન સાધુની યતના કાળજી :-**

"આમ ત્રસ, સ્થાવર જીવો ચારે બાજુ સંભવિત છે, તેથી પોતાના હાથે પોતાની પ્રવૃત્તિથી એ જીવોનો નાશ ન થાય એ બુદ્ધિથી મહાવીર ભગવાનના સાધુઓ યતના કરે છે, અર્થાત્ એવા સમિતિ ગુપ્તિના પ્રયત્નમાં રહે છે, કે જેથી ત્રસ સ્થાવર જીવોની હિંસા ન થાય. એમનાં અનુષ્ઠાન કરાય તે યતનાથી એવી જીવરક્ષાની બુદ્ધિપૂર્વકના હોય છે, કે સહેજે એવી બુદ્ધિમાં ભાવ શુદ્ધ રહે છે. ત્યાં જો આમ એમને ભાવશુદ્ધિ અખંડ જાગતી રહે છે. તો પછી અમારા પક્ષ ઉપર વિવિધ અનુષ્ઠાનમાં માત્ર બાહ્ય શુદ્ધિ પણ અંતરંગ શુદ્ધિ નહિ એવો તમારો આરોપ ખોટો છે;"

**આર્દ્રકુમાર** મહર્ષિ બૌદ્ધભિક્ષુને કહે છે કે, "તમારા ખોળના પિંડના દૃષ્ટાંતમાં પિંડમાં આ પુરુષ છે એવી બુદ્ધિ થવાનું કહ્યું, પણ એવી બુદ્ધિ તો અત્યન્ત જડને પણ ન થાય. તેથી જે એમ કહે છે કે, પુરુષને ખોળનો પિંડ માની એને હણ્યો હોય, તો પણ એમાં દોષ નથી, એ કહેનારો ખરેખર અનાર્ય જ છે; કેમકે, ખોળના પિંડમાં પુરુષપણાનો સંભવ જ શાનો હોય ? તેથી એવાં વચન બોલવા કે પુરુષને પિંડ માની હણીને એને શેકીને ખાય એને કોઈ દોષ નથી,' એ વચન જીવની હિંસાનાં તથા માંસ ભક્ષણનાં પ્રયોજક હોવાથી અસત્ય વચન છે.

**વાણીથી પાપમાં પ્રેરણા કરવા જતાં પણ પાપકર્મ જ બંધાય.** તેથી વિવેકી પુરુષ ભાષાના ગુણ દોષ સમજી એવાં પાપ પ્રેરક વચન ન બોલે, વસ્તુ કે પ્રસંગ અંગે યથાવસ્થિત બોલનારો છે. એ એવા યુક્તિ શૂન્ય અને અસાર તુચ્છ વચન ન બોલે કે, ખોળપિંડ પણ બાળક છે ને બાળક પણ તુંબડું છે, તેથી આવું બોલનાર એ નથી તો સંસાર ત્યાગી, કે નથી તો યથાર્થવાદી.

**મુનિપણાના ૩ નક્કર ધર્મ :-**



આ સાંભળીને બૌદ્ધભિક્ષુને બોલવાની જગા જ ન રહી; કેમકે મુનિપણાનાં (૧) અહિંસાદિવ્રત, (૨) સમિતિ-ગુપ્તિ, અને (૩) સમ્યગ્જ્ઞાન પૂર્વકની ક્રિયાના સાધુ ધર્મની સામે શું બોલી શકે ? છતાં અક્કડ ઉલ્લંઠ છે, એટલે આર્દ્રકુમાર મહર્ષિ એને કહે છે,-

"અહો ! તમે ખોળપિંડમાં પુરુષની કલ્પના, ને પુરુષમાં ખોળપિંડની કલ્પના, તુંબડામાં છોકરાની કલ્પના, અને છોકરામાં તુંબડાની કલ્પના કરી, એમાં વાહ ! તમે યથાવસ્થિત પદાર્થજ્ઞાન મેળવ્યું ! તેમજ નિર્જીવ પિંડ કે તુંબડું માનીને જીવતાં જાગતાં પુરુષ યા છોકરાને હણી નાખવામાં ને શેકી માંસ ખાઈ જવામાં નિષ્પાપતા તથા જીવોનો કર્મવિપાક સારો કલ્પ્યો !

આવા પ્રકારના તમારા વિજ્ઞાનથી તમારો યશ પૂર્વ-પશ્ચિમના સમુદ્રતટ સુધી વ્યાપી ગયો ! એટલું જ નહિ, પણ આવા તમારા વિજ્ઞાનથી તો તમે સમસ્ત લોકને જાણે હાથમાં રહેલા આમળાની જેમ દેખી લીધો ! વાહ ! કેવો તમારો મહાન વિજ્ઞાનાતિશય કે ખોળપિંડ અને પુરુષ વચ્ચેનો ભેદ, તથા તુંબડા અને બાળક વચ્ચેનો ભેદ તફાવત જાણનાર, ન જાણનારને પાપકર્મ લાગવા, ન લાગવાનું કલ્પી લીધું !" અહીં એક પ્રશ્ન થાય,-

**પ્ર.-** આર્દ્રકુમાર મહર્ષિએ પોતે સૌમ્ય સ્વભાવના છતાં આવો કટાક્ષ કેમ માર્યો ?

**ઉ.-** કહો, આટલા જ માટે કે, એથી સામાને સદ્બુદ્ધિ સૂઝે તો ભલું ભલું; બાકી તો બૌદ્ધમતમાં આ કટાક્ષમાંની એકે એકવાતથી વિપરીત જ સ્થિતિ છે. ખોળપિંડમાં પુરુષ વગેરેની કલ્પનામાં જરાય યથાર્થ પદાર્થનું વિજ્ઞાન નથી ઊલટું સરાસર મિથ્યાજ્ઞાન છે. એમ પુરુષને એમજ ઉપલકથી પિંડ માની વીંધવા શેકવા અને માંસ ખાઈ જવામાં કશું પાપ ન લાગવાની માન્યતા પણ સાક્ષરી નહિ; કિન્તુ રાક્ષસી માન્યતા છે. આવા અત્યન્ત ભ્રમભર્યા મિથ્યાજ્ઞાનથી જગતમાં યશ નહિ, પણ અપયશ જ ફેલાય. તેમજ પુરુષ બાળક ને પિંડ-તુંબડું કલ્પી મરણાન્ત ત્રાસ આપવામાં કોઈ પાપ ન લાગવાની માન્યતા પણ તદ્દન ભ્રાન્ત માન્યતા છે, અનાર્ય માન્યતા છે.

**જૈનધર્મમાં બધી પ્રામાણિક જ માન્યતા હોવાની સૂચક આહારવિધિ :-**

મહર્ષિ કહે છે,- "તમે કદાચ અમને પૂછો કે, અમારે ત્યાં ભ્રાંત માન્યતાઓ છે, તો શું તમારે ત્યાં બધી પ્રામાણિક માન્યતાઓ છે ? તો અમારો ઉત્તર એ છે કે સર્વજ્ઞના શાસનમાં પહેલાં તો મુનિઓને આહારવિધિ કેવી કહી છે એ જુઓ.

મુનિઓ ભિક્ષા લેવા જતાં જીવોને પીડા ન થાય એ મુખ્યપણે જુએ છે. તે

પણ જાતે પીડા નહિ કરવાની એટલું જ નહિ. પરંતુ બીજા પાસે પીડા કરાવવાની પણ નહિ, બીજા કરે એમાં સીધી કે આડકતરી અનુમતિ પણ આપવાની નહિ. એટલે મુનિ માટે કોઈએ ભક્તિથી કાંઈ રાંધ્યું-કર્યું હોય, તો મુનિ એ લેવા જતાં રસોઈ વગેરેમાં થયેલી જીવહિંસામાં પોતાની અનુમતિ સમજે છે; તેથી એ લેતા નથી. એમ લેતી વખતે પણ દાતાર કોઈ અગ્નિ આદિના જીવને કિલામણા તો નથી કરતો ને ? એ પણ જુએ છે. આમ ૪૨ દોષ રહિત શુદ્ધ આહાર જ લાવીને વાપરે છે; પણ નહિ કે તમારી જેમ ૪૨ માંના કોઈ દોષ જોયા વિના પાત્રે પડ્યું ખપે, પછી ભલે તે માંસ પણ હોય ! વળી સંયમી મુનિઓનો આ માર્ગ તીર્થંકર ભગવાને ખુદે આચરેલા સંયમ-માર્ગને અનુસરનારો છે. એમાં ક્યાંય માયા-દંભ ચાલી શકતો નથી.

**વળી માંસાહાર તો સંક્લિષ્ટ પરિણામ પેદા કરનાર છે.**

તેથી એ તો મુનિને ત્યાજ્ય જ છે. તેથી તમને જે કહ્યું કે માંસ તો ભાતની જેમ ભક્ષ્ય છે એ કથન યુક્તિ-વિરુદ્ધ છે, લોક-વિરુદ્ધ છે, અને બીજા દર્શનવાળાઓથી પણ વિરુદ્ધ છે.....'

**માંસાહાર યુક્તિ-વિરુદ્ધ એ રીતે,**

કે તો તો પછી જે જે પ્રાણી-અંગ, એ ભક્ષ્ય, એ યુક્તિથી કૂતરાનું માંસ પણ ભક્ષ્ય બની જાય ! કદાચ કોઈ રાક્ષસી પ્રકૃતિવાળાને એ પણ ભક્ષ્ય બનતું હો, તો હાડકાં પણ પ્રાણી-અંગ હોવાથી એને એ પણ ભક્ષ્ય બની જાય !

ત્યારે જો કહો કે, હાડકાં તો અપૂજ્ય છે માટે ભક્ષ્ય નહિ, તો તો બુદ્ધના હાડકાં પણ અપૂજ્ય ઠરશે !

વળી જો પ્રાણી-અંગમાત્ર એ ભક્ષ્ય હોય, તો તો દૂધની જેમ લોહી પણ ભક્ષ્ય બની જાય ! કેમકે, એ પ્રાણી-અંગ છે.

વળી પ્રાણીઅંગની દલીલથી જે જે સ્ત્રી, તે ભોગ્ય એટલે પત્નીની જેમ માતા પણ સ્ત્રી હોવાથી ભોગ્ય બની જાય ! પણ એ ભોગ્ય નથી. એટલે જ જે પ્રાણી-અંગ એ ભક્ષ્ય એ કથન પણ યુક્તિ વિરુદ્ધ છે.

**માંસાહાર લોકવિરુદ્ધ પણ છે,**

કેમકે લોકમાં ભાત અને માંસ સમાન નથી ગણાતા. લોક કોઈ ભાતને પ્રાણી અંગ હોવાથી માંસ નથી કહેતું. તેમ બીજા દર્શનવાળા પણ ભાતને માંસ નથી કહેતા અને કદાચ કોઈ નાસ્તિક ભાત અને માંસ સમાન ગણતા હોય તો તે તો આત્મવાદી જ નથી, એટલે એમને ત્યાં દર્શન જેવું કાંઈ નથી. સારાંશ, તમે ભાત માંસને પ્રાણી-અંગની દલીલથી સમાન કહો છો, તે યુક્તિ વિરુદ્ધ, લોક



વિરુદ્ધ અને અન્ય દર્શનકારોની વિરુદ્ધ કહો છો,''

**કુગુરુને દાન કરનારને શો દોષ :-**

મહર્ષિ આગળ કહે છે કે, તમે જે કહ્યું કે '૨૦૦૦ બૌદ્ધભિક્ષુઓને જે માંસ-ગોળ-દાડમ સહિત ઈષ્ટ ભોજન જમાડે, એ બૌદ્ધ ઉપાસક સ્વર્ગમાં જાય છે, તે કથન પણ અતિ નિંદ્ય છે, કેમકે એવું ખાનાર ભિક્ષુ સંયમી નહિ પણ અસંયમી છે. લોહી ખરડ્યા હાથવાળા અનાર્ય જેવા છે, અને લોકમાં પણ સાધુ પુરુષોની ઘૃણાને પાત્ર બને છે. તેમજ પરલોકમાં તો અનાર્યોથી ઘૃણાને પાત્ર બને છે. તેમજ પરલોકમાં તો અનાર્યોથી પ્રાપ્ય ગતિને પામે છે. કદાચ પૂછો,-

**પ્ર.-** ભલે ભિક્ષુ એવી અનાર્ય યોગ્ય કુગતિ પામે, પણ એમને ભિક્ષાદાન કરનાર તો ધર્મ સાધી જાય ને ?

ઉ.- ધર્મ શું સાધી જાય ? પાપત્યાગી ભિક્ષુ કહેવાયા છતાં જે જીવહિંસાદિ પાપવાળી આરંભ-સમારંભની ક્રિયામાં લાગેલા છે. એમને જે દાન સન્માન આપે છે, એ એમનું મિથ્યાત્વનું પોષણ કરી રહ્યાં છે. કેમકે એવી જીવ હિંસામય રસોઈ વગેરેનાં આરંભ-સમારંભ ભિક્ષુ માટે કરી ભોજન બનાવેલા અને એ ભિક્ષુ ખાય છે તેથી એવી પાપ ક્રિયામાં એમની અનુમતી છે એટલે એ પાપત્યાગી નથી પણ પાપરક્ત છે. એ ભિક્ષુઓને દાન અપાત્ર છે, એવી પાપક્રિયામાં અનુમતિ આપનાર અને અસંયમી અપાત્રોને દાન કરનારો પાપકર્મ બાંધે છે. એને વળી સ્વર્ગ ગતિ શાની હોય ?

આર્દ્રકુમાર મહર્ષિ આગળ સમજાવે છે કે, - ''ભાવશુદ્ધિની વાતો કરનારો બૌદ્ધમતાનુયાયી ભિક્ષુઓ એમના માટે સ્થૂલ કાયાના ને માંસ-લોહીથી ભર્યા ભર્યા બોકડાને મારીને, એના મરીમસાલા સાથે રાંધેલા માંસને પેટ ભરીને એ ટેસથી ખાય, એમનામાં ભાવશુદ્ધિ કઈ માનવી ? એ એમ કહે કે, અમે તો પાપકર્મથી જરાય લેપાતા નથી, એ એમનું કથન, એ અનાર્ય જેવું કર્મ કરતા હોવાથી, અનાર્યનો ધર્મ છે, અને માંસાદિ રસોમાં આસક્ત હોવાથી એ વિવેક વિનાના બાળ જીવ છે; કેમકે અનાર્ય તથા બાળ જીવો જ પાપને નહિ સમજનારા અને એવા સ્વાદિષ્ટ બનાવેલા માંસાહારના લોલુપી હોય છે. કહ્યું પણ છે,-

**માંસાહાર કેમ અભક્ષ્ય ? :-**

**हिंसामूलममेध्यमास्पदमलं ध्यानस्य रौद्रस्य यद्**
**बीभत्सं रुधिराविलं कृमिगृहं दुर्गंधिपूयादिजम् ।**
**शुक्रासृक्प्रभवं नितान्तमलिनं सद्भि सदा निन्दितम्**
**को भुंक्ते नरकाय राक्षससमो मांसं तदात्मद्रुहः ॥**

અર્થાત્ કોણ માંસ ખાઈને પોતાના આત્માનો જ દ્રોહ કરે ? કેમકે માંસ (૧) હિંસા પંચેન્દ્રિય જીવની ક્રૂર હિંસા કરીને મળે છે. વળી એ (૨) અપવિત્ર છે ને (૩) રૌદ્ર ધ્યાનનું સમર્થ સ્થાન છે તથા (૪) બીભત્સ છે (૫) લોહી ખરડયું હોય છે (૬) કીડાઓનું ઘર છે. વળી એ (૭) દુર્ગંધમય છે, તથા (૮) માતાના શરીરમાં એણે ખાધેલા ખોરાકની બનેલી રસી વગેરેમાંથી પેદા થયેલ છે, અને (૯) મૂળ તો પિતાના ગંદા વીર્ય અને માતાના ગંદા રજોરુધિરમાંથી બનેલું છે .... તેમજ (૧૦) માંસ અત્યંત મલિન, તથા (૧૧) સજ્જનોથી અતિ નિંદ્ય હોય છે. આવા માંસનું ભોજન કરવું એ સ્વાત્માનો દ્રોહ કરવા જેવું છે.

વળી માંસ શબ્દ અક્ષર પણ કહી રહ્યા છે કે 'માં' = મને 'સ' = તે, એટલે કે જેનું માંસ અહીં ખવાય છે, તે જીવ મને પરલોકમાં ખાશે. ત્યારે મોટું અંતર જુઓ કે, જેનું માંસ ખવાય છે એના તો બિચારાના ક્રૂર રીતે પ્રાણ જ નાશ પામી જાય છે, ત્યારે માંસ ખાનારને માત્ર ક્ષણિક તૃપ્તિ થાય છે.

માટે, માંસભક્ષણમાં આ મોટા દોષ જોઈને માંસભક્ષણના નરકાદિમાં ભોગવવા પડતા દારુણ વિપાકના જાણકાર ડાહ્યા માણસો માંસ-ભક્ષણમાં મન જ લઈ જતા નથી. અર્થાત્ મનથી એની ઈચ્છા પણ કરતા નથી; પછી ભક્ષણ કરવાની તો વાતે ય શી ? એજ રીતે **"ન માંસભક્ષણે દોષઃ-"** 'માંસભક્ષણમાં કોઈ દોષ નથી. એમ જે કેટલાકે કહ્યું છે, તે પણ મિથ્યાકથન છે. પહેલાં કહેલા ઢગલાબંધ દોષવાળા માંસ અને માંસ-ભક્ષણને દોષ વિનાનું કહેવું, એ મિથ્યા અસત્ય નહિ તો બીજું શું ? અરે કોઈ માંસભક્ષણ કરતું હોય એમાં અનુમતિ પણ દેવાય નહિ, એવું નિંદ્ય માંસભક્ષણ છે.

"ત્યારે માંસ-ભક્ષણનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ કરે, તો અહીં પણ શિષ્ટ સમાજમાં એની પ્રશંસા થાય છે, અને પરલોકમાં એની સ્વર્ગગતિ યા મોક્ષગતિ થાય છે.

"કહ્યું છે,- 'માંસભોજીને દુઃખની પરંપરા તથા અતિ ઘૃણાજનક દુર્ગતિ થતી સાંભળીને, જે માણસ પુણ્યોદયથી માંસાહારનો ત્યાગ કરે, તે પણ આદરપૂર્વક પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ કરે છે, દીર્ઘાયુષ્યવાળો બની રોગ-વ્યાધિથી મુક્ત રહીને સંભવતા મનુષ્યગતિમાં વિશાળ ભોગ સુખોમાં તથા ધર્મબુદ્ધિમાં તેમજ સ્વર્ગ અને મોક્ષમાં લીન બનશે.'

હવે આર્દ્રકુમાર મહર્ષિ કહે છે,-

"શ્રીમાન મહાવીર વર્ધમાન સ્વામીના મુનિઓ માત્ર માંસાહાર ત્યાગ કરે છે એટલું જ નહિ, પરંતુ જીવવાને ઈચ્છતા સમસ્ત એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોની દયા નિમિત્તે, પાપયુક્ત આરંભ-સમારંભને મોટો દોષ માની એનો પણ ત્યાગ કરે છે,



એ ત્યાગ પણ માત્ર કરણ, કરાવણ નહિ, કિન્તુ અનુમોદના અનુમતિનો ય ત્યાગ રાખે છે. એટલે જ પોતાના નિમિત્તે ગૃહસ્થોએ એવા આરંભ-સમારંભ દોષ તો નહિ આચર્યા હોય ?'- એમ શંકાશીલ રહે છે. એથી જ એ દાનના ઉદ્દેશથી બનાવેલ આહારપાણી લેતા નથી.

"વળી જીવોની હિંસાની શંકાથી સાવદ્ય-સપાપક્રિયાનો ત્યાગ કરનારા તે મુનિઓ બધાય જીવોને પીડા આપવા-અપાવવાનો કે પીડામાં અનુમતિ દેવાનો જીવનભર ત્યાગ રાખે છે. સમ્યગ્ અનુષ્ઠાન અર્થે જાગ્રત્ અને ઉદ્યત બનેલા તે મુનિઓ તેવા તેવા પ્રકારના દોષથી અશુદ્ધ આહાર-પાણી વાપરતા નથી. આ એમનું તીર્થંકર ભગવાને સ્વયં આચરેલ માર્ગનું અનુસરણ છે; અને એમાં ય નાનો પણ અતિચાર લગાડતા નથી."

મહર્ષિ કહે "વળી એ જુઓ કે, મહાવીર ભગવાનના ધર્મમાં નિર્ગ્રન્થ-ધર્મ મુખ્ય છે; કેમકે, એમાં, **જીવને અસ્વસ્થ બનાવનાર બાહ્ય-આભ્યન્તર ગ્રન્થ=ગાંઠ છે.** એ છોડી નાખેલ હોય છે.

બાહ્ય ગાંઠ છે ધન માલ મકાન વગેરે પરિગ્રહની; અને

આભ્યન્તર ગાંઠ છે કામ-ક્રોધ-લોભ વગેરે મલિન ભાવોની.

આનો ત્યાગ કરવાથી મુનિઓ સાચા નિર્ગ્રન્થ બનેલા હોય છે. એ શ્રુતધર્મ-ચારિત્ર ધર્મમાં અને ક્ષમાદિ દશ પ્રકારના યતિધર્મમાં જ રક્ત રહેનારા હોય છે. ચારિત્ર ધર્મમાં પંચ મહાવ્રત સહિત પાંચ સમિતિ ત્રણ ગુપ્તિનું અખંડ પાલન કરનારા હોવાથી અશુદ્ધ (દોષિત) આહારનો ત્યાગ કરતા હોવાથી સમાધિ ધ્યાનમાં ચિત્ત સ્વસ્થતા અને ચિત્ત-નિર્મળતાને ચુસ્ત વરેલા હોય છે.

**"એટલે જ સમાધિવાળા મુનિઓ અનિહા હોય છે, અર્થાત્**

(૧) તદ્દન માયારહિત હોય છે, બાહ્યથી જેવું ઉત્તમ આચરે છે એવી જ અભ્યન્તરમાં પરિણતિને ધરનારા હોય છે; પરંતુ નહિ કે દા.ત. અંતરમાં માંસ ખાવાની લોલુપતા હોય, ને બહારમાં માંસાહાર નિરાશંસભાવે કરવાનો દેખાવ કરે. વળી

(૨) મુનિઓ ક્ષુધાદિ પરિષહોની પીડાથી કંટાળી જતા નથી, પણ સમભાવે એને સહન કરનારા હોય છે. તેમ

(૩) કોઈના પર સ્નેહ રાગના બંધને બંધાયા નથી હોતા.

એ રીતે સંયમની આરાધના કરે છે.

**મુનિઓ ત્રિકાળ-જગતના મનન કરનારા :-**

અનિહતપણાનું કારણ એ છે કે, મુનિ તત્ત્વના સચોટ બોધવાળા હોય છે.

તેમજ **મનુતે ત્રૈકાલિકં જગત ઇતિ મુનિઃ** એ વ્યાખ્યા મુજબ મુનિ ત્રણેય કાળના જગતનો વિચાર રાખનારા હોય છે. એટલે એ જુએ છે કે, દા.ત. જીવને અહીં યથેષ્ટ આહારની લાલસા જાગી, તો વિચારવાનું કે એ ભૂતકાળમાં આહારની લાલસા પોષ્યાથી જાગી. લાલસા એ અતીત ખૂબ પોષણનું પરિણામ છે; ને

**અહીં આહાર લાલસા ખૂબ પોષ્યાથી લાલસાના પૂર્વ સંસ્કારોમાં વધારો જ થવાનો છે. એથી ભવિષ્યમાં તુચ્છ આહારની પણ લાલસા અપરંપાર રહેવાની.**

દા.ત. કીડીને તુચ્છ એઠવાડિયા અન્નના કણ પર પણ ભારે લાલસા ! આમાં જીવની કેવી કંગાળ દુર્દશા ! કેમકે એવા દુર્ગતિના અગણિત જન્મો કરવા પડે. આમ ત્રણે કાળનો વિચાર કરી એ અહીં જ લાલસા પર કાપ મૂકનારા હોય છે. લાલસાને પોષ્યા વિના દબાવીને વાંઝણી જ મરવા દે છે.

જેવી વિષયોની લાલસા; એમ કામ ક્રોધ લોભાદિ કષાયોની લાગણીઓ અંગે પણ ત્રણે કાળનો વિચાર કરી, એને દબાવે છે. તેથી મુનિઓ એ વિષય કષાયની લાગણીઓને ઉપશાંત કરી વૈરાગ્ય અને ઉપશમમાં ઝીલતા રહે છે. અને મહાવ્રતરૂપી મૂળ ગુણ તથા પિંડ વિશુદ્ધિ-સમિતિ ગુપ્તિ આદિ ઉત્તર ગુણોથી શોભતા હોય છે. એટલે જ હરખ-ખેદ-માન-અપમાન-ભય-શોક-જશ-અપજશ વગેરે દ્વન્દ્વોને શાંત કરી નિત્ય તૃપ્તિમાં ઝીલતા રહેતા હોવાથી, લોક લોકોત્તરમાં પ્રશંસા પામે છે.'

આર્દ્રકુમારના આ પ્રત્યુત્તરથી ગોશાળક અને બૌદ્ધ ભિક્ષુ નિરુત્તર બની ચૂપ થઈ ગયા. હવે વેદવાદી બ્રાહ્મણો ચર્ચા માટે આગળ આવે છે, અને કહે છે,-

## વેદવાદી બ્રાહ્મણોની ચર્ચા

**બ્રાહ્મણો કહે,-** "આર્દ્રકુમાર તમે આ બંને વેદબાહ્ય મતોનું નિરાકરણ કર્યું તે સારું કર્યું. એટલે જે હવે તમારા જેવાએ વેદબાહ્ય આર્હત્મતનો પણ આશ્રય કરવા જેવો નથી; કેમકે તમે ક્ષત્રિય છો, અને ક્ષત્રિયોએ તો બ્રાહ્મણોની જ ઉપાસના કરવી યોગ્ય છે, શુદ્રોની ઉપાસના નહિ; કેમકે બ્રાહ્મણો સર્વ વર્ણોમાં શ્રેષ્ઠ છે. માટે તમારે યજ્ઞ-યાગાદિનાં વિધાનો પાળવા દ્વારા બ્રાહ્મણ-ધર્મની ઉપાસના કરવી શ્રેયસ્કર છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"    વર્ષ-૩૨,અંક-૪૨,તા.૭-૭-૧૯૮૪**

"હે રાજપુત્ર મુનિ ! જુઓ, બ્રાહ્મણો કેવા પવિત્ર જીવનને જીવે છે ! એ નિત્ય ષટ્કર્મમાં રક્ત રહે છે, અને વેદોનું અધ્યયન-અધ્યાપન કરતા રહે છે. વળી શૌચાચારને પ્રધાન બનાવતા હોવાથી નિત્ય સ્નાન કરે છે. તેમ બ્રહ્મચારી સ્નાતક હોય છે. એમની મહાનતા કેવી, તો કે શાસ્ત્રે કહ્યું છે આવા ૨૦૦૦ સ્નાતકોને



ઇચ્છિત આહાર જમાડે એ પુણ્યના થોક ઉપાર્જી દેવલોકમાં જાય છે. માટે તમે આવા મહાન સ્નાતક ષટ્કર્મ-રક્ત વેદપાઠી શૌચાચારથી પવિત્ર નિત્ય સ્નાનકારી અને બ્રહ્મચારી બ્રાહ્મણ બની જાઓ."

**મહર્ષિ-વેદધર્મનું ખંડન કરે છે.**

આર્દ્રકુમાર મહર્ષિ એનો જવાબ આપતાં કહે છે કે,

"હે ભૂદેવ જેમ બિલાડો માંસનો અર્થી બની ઘર ઘર ભટકે છે, એમ ક્ષત્રિય-કુલોમાં ઇષ્ટ-મિષ્ટ આહારની શોધમાં ભમતા રહેનારા એવા બે હજાર સ્નાતકો માટે જે મોટા જીવહિંસામય આરંભ-સમારંભો કરીને ઇષ્ટ-મિષ્ટ ભોજનો તૈયાર કરે છે, એમની ભોજન-ભક્તિ કરે છે, એ શી રીતે સ્વર્ગમાં જાય ? કેમકે,

(૧) જે સ્નાતકોને પોતાના માટે આવા જીવ હિંસામય આરંભો કરાવવા ખપે છે, તેમજ, (૨) ઇષ્ટ-મિષ્ટ આહારના જે લોલુપી છે, એમને જીવો પ્રત્યે દયા જ ક્યાં રહી ? અને આહાર-રસ પ્રત્યે ગૃદ્ધિ કેટલી ?

**એવા દયા વિનાના ને રસ લંપટોને દાનના સત્પાત્ર કેમ કહેવાય ?**

તો અસત્પાત્રની ભક્તિથી સ્વર્ગપ્રાપ્તિ થાય જ શી રીતે ? તો તો બિલાડીઓને પોષવાથી ય સ્વર્ગ મળે ! (૧) જે માંસાહાર સુદ્ધાંની તીવ્ર લાલસાવાળા છે, (૨) રસગારવ અને શાતાગારવમાં જે ચિપકેલા છે, (૩) જિહ્વા-ઇન્દ્રિયને પરવશ છે, પાછા (૩) જે ઉત્તમ દયા-પ્રધાન આર્હત્ ધર્મની ઘૃણા કરે છે. નિંદા કરે છે, અને (૪) જીવોનાં કચ્ચરઘાણને ઉપદેશનારા ધર્મની જે પ્રશંસા કરે છે, એવા શીલહીન વ્રતહીન એકની પણ ભક્તિ કરવા માટે એના નિમિત્તે જીવ હિંસામય સમારંભ કરે છે, અને એવું કરીને પાછો પોતાને ધાર્મિક માને છે, એ મોહમૂઢ છે.

**મોહમૂઢતાની પ્રવૃત્તિમાં સદ્ગતિમાં સદ્ગતિ શી રીતે થાય ?**

"વળી 'બ્રાહ્મણો બ્રહ્માના મુખમાંથી જન્મેલા છે, ક્ષત્રિઓ હાથમાંથી, વૈશ્યો સાથળમાંથી, ને શુદ્રો પગમાંથી જન્મેલા છે,' એમ કહી બ્રાહ્મણોને શ્રેષ્ઠ કહેવામાં આવે છે, તો

(૧) પહેલી વાત તો એ છે કે વર્તમાનમાં બ્રાહ્મણો કે શુદ્રો એ રીતે જનમતા નથી ?

(૨) બીજી વાત તો એ છે કે જેવી ડાળ-શાખા-પત્ર-પુષ્પ વગેરે એક ઝાડનાં સર્જન છે, તો એમાં એક ઉત્તમ, બીજો અધમ, એમ નથી કહેવાતું તેમ એકજ બ્રહ્માનાં સર્જનોમાં એક ઉત્તમ, બીજો અધમ, શી રીતે કહેવાય ?

**વાસ્તવમાં તો તેવા દયાદિ શ્રેષ્ઠ કર્મથી શ્રેષ્ઠતા આવે છે.**

"એના બદલે જાતિમાત્રથી શ્રેષ્ઠતા માનવી, પછી ભલે હિંસા-દુરાચારાદિ અધમ કર્મ કરતો હોય, એ માનવું તો યુક્તિ વિરુદ્ધ છે; ને અમે જાતિથી ઊંચા

એવો મદ કરવો, એ ખોટું અભિમાન છે. જાતિ બદલાઈ જાય છે. પુરુષને મરતાં ઝાડો થઈ ગયો પછી ભલે એ બ્રાહ્મણ હોય પણ જો એને મર્યા પછી એ ઝાડા સાથે બાળવામાં આવે તો એ શિયાળ થાય છે.' આ **शृगालो वै एस जायते यः सपुरीषो दह्यते'** ! એમ આ પણ કહ્યું છે. **त्र्यहेन शुद्रीभवति बाह्मणः** क्षीरविक्रयी' અર્થાત્ બ્રાહ્મણ પણ જો દૂધ વેચે તો ત્રણ દિવસમાં શુદ્ર બની જાય છે. તો હિંસાદિ અસત્ કર્મથી પરલોકમાં તો સુતરામ્ જાતિભ્રષ્ટ થાય, એમાં નવાઈ નથી. તમારા જ શાસ્ત્રમાં કહ્યું છે,-

**कायिकैः कर्मणां दोषैर्याति स्थावरतां नरः ।**
**वाचिकैः पक्षिमृगतां मानसैरधम जातिताम् ॥**

"અર્થાત્ 'કર્મના કાયિક દોષોથી માણસ સ્થાવર (વૃક્ષાદિ) પણું પામે છે. વાચિક દોષોથી પક્ષીપણું-હરણિઆપણું પામે છે, અને માનસિક દોષોથી શુદ્ર જાતિપણું પામે છે.'

"આ બતાવે છે કે, 'સૃષ્ટિના આદિકાળમાં બ્રહ્માના મુખથી બ્રાહ્મણો જન્મેલા, માટે બ્રાહ્મણજાતિ હંમેશ માટે ઊંચી,' એ વાત બરાબર નથી. અલબત ગુણથી ઊંચાપણું-ઉત્તમપણું કહી શકાય, પરંતુ તે ક્યા ગુણો ? અહિંસા-સત્ય-ક્ષમા-બ્રહ્મચર્ય વગેરે, કદાચ કહો,-

**પ્ર.**- આ તો વેદશાસ્ત્ર કથિત છે, માટે દોષરૂપ ન કહેવાય ને ?

ઉ.- કેમ ન કહેવાય ? કારણ કે આ પણ વેદશાસ્ત્રે જ કહ્યું છે, કે

**'मा हिंस्यात् सर्वभूतानि'**

બધાય જીવોની અર્થાત્ 'કોઈ પણ જીવની હિંસા ન કરવી.' આમ વેદશાસ્ત્રમાં પૂર્વાપર-વિરોધ આવે છે.

એવું જ વૈદિક શાસ્ત્રોમાં જે કહ્યું છે કે

● 'રણભૂમિમાં વેદાન્તીને હણનાર આતતાયીને જે મારી નથી નાખતો, તેને બ્રહ્મ-હત્યાનું પાપ લાગે છે.'

● 'શુદ્રને હણી નાખીને પ્રાણાયામ જપી લેવો જોઈએ, અથવા કાંઈક પણ દાનમાં દઈ દેવું જોઈએ.'

● 'હાડકાં વિનાના ગાડાભર જંતુઓને મારી બ્રાહ્મણને જમાડવા જોઈએ'.... આવા આવા પ્રકારની વૈદિક દશા વિદ્વાન પુરુષના મનને રુચિકર નથી થતી, એટલા માટે તમારું દર્શન અત્યંત અસંગત લાગે છે."

બસ, આર્દ્રકુમાર મહાત્માના યુક્તિયુક્ત નિરુપણની સામે બ્રાહ્મણ વિદ્વાનને



બોલવા જેવું રહ્યું નહિ; એટલે મહાત્મા મહાવીર પ્રભુ પાસે જવા આગળ ચાલે છે. ત્યાં એક એકદંડી સંન્યાસી ભેટી પડે છે.

**એકદંડી (સાંખ્ય) સંન્યાસી સાથે ચર્ચા**

મહર્ષિ એકદંડી સંન્યાસી કહે છે. "હે આર્દ્રકુમાર ! આ તમે સર્વ આરંભ-સમારંભમાં પ્રવર્તમાન, અને શબ્દાદિ ઇંદ્રિય વિષયોમાં લુબ્ધ, તથા માંસાહાર ભોજનથી રાક્ષસ જેવા જનોના કુમતોનો નિરાસ કરી નાખ્યો, તે બહુ સારું કર્યું એટલે જ હવે તમારે અમારો 'સાંખ્ય' સિદ્ધાન્ત સ્વીકારી લેવો યુક્તિ-યુક્ત છે. તમે તે સાંભળો અને સાંભળીને મન પર લઈ લો."

એકદંડી કહે છે,- **સાંખ્યમત :-**

"અમારો સિદ્ધાંત એ છે કે, મૂળ તત્ત્વ પ્રકૃતિ છે, અને તે સત્ત્વ-રજસ્ તમસ્ ત્રિગુણાત્મક છે. આ પ્રકૃતિમાંથી મહત્ તત્ત્વ ઉત્પન્ન થાય છે, મહત્ તત્ત્વમાંથી અહંકાર અને અહંકારમાંથી ચક્ષુ શ્રોત્ર....વગેરે ૫ જ્ઞાનેન્દ્રિય, હાથ, પગ.....વગેરે ૫ કર્મેન્દ્રિય, અને મન (આંતરિન્દ્રિય-અંતઃકરણ), એ ૧૧ ઇન્દ્રિયો તથા ૫ સૂક્ષ્મ શબ્દાદિ તન્માત્રા,-એ ષોડશગણ પેદા થાય છે. એમાંની પાંચ તન્માત્રામાંથી પૃથ્વી-જળ....આદિ પાંચભૂત ઉત્પન્ન થાય છે. કુલ ૧+૧+૧+૧૬+૫=૨૪ તત્ત્વ એ બધાં જ જડ તત્ત્વ છે. એમાં ચેતન તત્ત્વ ૧ પુરુષતત્ત્વ ઉમેરાય એટલે કુલ ૨૫ તત્ત્વ થાય. કહ્યું છે,-

**'जटी मुण्डी शिखी वापि, यत्र तत्राश्रमे रतः ।**
**पंचविंशति-तत्त्वज्ञो, मुच्यते नात्र संशयः ॥**

અર્થાત્ પચીસ તત્ત્વનો જાણકાર હોય, પછી ગૃહસ્થાશ્રમ વગેરે ગમે તે આશ્રમમાં રક્ત જટી, મૂંડી, શિખી કોઈ પણ હોય, તે મોક્ષ પામે છે. માટે આ અમારો સિદ્ધાન્ત જ શ્રેયસ્કર છે. બીજા સિદ્ધાન્ત નહિ.

"વળી હે આર્દ્રકુમાર ! તમે જુઓ કે અમારો સાંખ્ય ધર્મ અને તમારો આર્હત્ ધર્મ એ ઉભયરૂપ છતાં કથંચિત્ અમુક અંશે સમાન છે; કેમકે તમારે પણ 'જીવનું અસ્તિત્વ છે, તો જ પુણ્ય પાપ બંધ મોક્ષ ઘટી શકે, ને એટલા જ માટે પુણ્ય માર્ગમાં પ્રવૃત્તિ થાય'- એવો સિદ્ધાન્ત છે; પણ નહિ કે, નાસ્તિકની માન્યતા મુજબ આત્માનું અસ્તિત્વ જ ન સ્વીકારીને પ્રવૃત્તિ થાય. એટલે અમારે તમારે આત્માના અસ્તિત્ત્વની તથા પુણ્ય પાપાદિ હોવાની માન્યતા સમાન છે.

"વળી જેમ અમારે તેમ તમારે પણ બૌદ્ધની માફક અંતરાત્માનો અભાવ માન્ય નથી. બૌદ્ધો તો આખું જગત અને આત્મા માત્ર એક ક્ષણિક વિજ્ઞાન રૂપ જ માનતા હોવાથી એમને અલગ અંતરાત્મા જેવી વસ્તુ જ નથી.

"વળી જેમ અમારે અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ એ પાંચ યમ માન્ય છે, એમ તમારે એજ પાંચ મહાવ્રત માન્ય છે. વળી ઇંદ્રિય નોઇન્દ્રિય (મન)-નો નિગ્રહ આપણે બંનેને સમાન કર્તવ્ય છે. આમ આપણા બંનેના ધર્મમાં બહુ સમાનતાઓ છે, એ ધર્મ સાધવા આપણે નીકળ્યા છીએ; અને પૂર્વ કાળે ધર્મમાં સારી રીતે રહેલા, વર્તમાનમાં સ્થિર, અને ભવિષ્યમાં પણ લીધેલી પ્રતિજ્ઞાનો બરાબર નિર્વાહ કરવાના દઢ નિર્ણયવાળા છીએ. પરંતુ નહિ કે,- બીજાઓમાં આવે છે તેમ મોટો વ્રતેશ્વર યજ્ઞ કરવા માટે પ્રવ્રજ્યા મૂકી દેનારા, ને એ રીતે પ્રતિજ્ઞા ત્યાગ કરનારા.

"વળી આપણે બંને માનીએ છીએ કે, શીલ-વ્રત-નિયમ એ આચારપ્રધાન જોઈએ, પરંતુ આચાર વિનાના શુષ્ક નહિ. તેમ મોક્ષના સાક્ષાત્ કારણ તરીકે અમે શ્રુતજ્ઞાન કહીએ છીએ, તેમ તમે કેવળજ્ઞાન કહો છો, આમ મોક્ષનું અનંતર કારણ જ્ઞાન માનવામાં આપણે સમાન છીએ.

"વળી હે આર્દ્રકુમાર ! પોતાના કર્મથી જીવ સંસારમાં ભમે છે, એ માનવામાં આપણે સમાન છીએ. વળી 'કારણમાં કાર્ય છૂપું હોય એ જ પ્રગટ થાય, એટલે એ ઉત્પન્ન થયું કહેવાય છે, એ આપણે બંનેને માન્ય છે. માત્ર એકજ વ્યાપક ચૈતન્ય બધા શરીરમાં સંબંદ્ધ છે એ અમે માનીએ છીએ, અને એ સંપૂર્ણ લક્ષણ છે, તેથી હે આર્દ્રકુમાર આવું સંપૂર્ણ દર્શન તમે સ્વીકારી લો."

**એકદંડી (સાંખ્ય) મતનું નિરાકરણ**

**આર્દ્રકુમાર મહર્ષિ કહે છે,- આત્મા એકાન્તે નિત્ય ન ઘટે :-**

"જુઓ મહાનુભાવ ! તમારું દર્શન સંપૂર્ણ નથી; કેમકે પહેલું તો આત્માને જે (૧) એકાન્તે કૂટસ્થ નિત્ય, તથા (૨) એક ચૈતન્યરૂપ, અને (૩) બધાની સાથે સંબદ્ધ માન્યો, તે જ બાધિત છે. કેમકે એવું હોય તો 'કૂટસ્થ-નિત્ય' એટલે તો ત્રિકાળ માટે કાયમનો એક જ સ્વરૂપવાળો, જેમાં કશું જ પરિવર્તન ન થાય. તો પછી બંધ-મોક્ષની વ્યવસ્થા જ ન ઘટે. શી રીતે બદ્ધ ? શી રીતે મુક્ત ? જો આત્મા ય નિત્ય ચૈતન્યરૂપ, અને જગતના પદાર્થો ય નિત્ય પ્રકૃતિરૂપ, તો તો એક વ્યાપક આત્માનો એની સાથે હંમેશા સંબંધ જ રહેવાનો ! પ્રકૃતિ સાથે નવો બંધ કોનો ? અને જો તે બંધ નહિ, તો મોક્ષ કોનો ? એમ જો બંધ નહિ તો નરકાદિ ચાર ગતિમય સંસાર કેવી રીતે ? તેમ જો નવો બંધ જ નથી, તો મોક્ષ પણ નહિ ! આત્મા પ્રકૃતિથી બંધાયો જ નથી, પછી છૂટવાનું શું ? એટલે જો મોક્ષ જ નહિ, તો મોક્ષ માટે કરાતાં તમારા વ્રત-અનુષ્ઠાન વ્યર્થ જશે !

**કારણમાં કાર્ય એકાન્તે સત્ નહિ :-**



"બીજું તમે કહો છો કે 'આપણા ધર્મ સમાન છે,' તે પણ ખોટું કથન છે. કેમકે તમારે કારણમાં કાર્ય એકાન્તે સત્ છે, અને બંને એકાન્તે અભિન્ન છે. દા.ત. માટી એ કારણ છે. ઘડો એનું કાર્ય છે. તો ઘડો કાંઈ નવો નથી આવતો, માટીમાં છૂપાયેલો જ છે. માટી પર કુંભારની મહેનત થાય એટલે એ માટીમાં જ ઘડો પ્રગટ થાય. આ હિસાબે કહેવાય કે માટીમાં ઘડો સત્ છે.

"હવે તમે એકાંતવાદી છો તેથી માટીમાં ઘડો એકાંતે સત્ કહો છો; એટલે કે કાર્ય કારણમાં સત્ જ છે, સર્વાત્મના રહેલું જ છે, પછી એ કારણથી કાર્ય સ્વરૂપે જુદું પાડવાનું કાંઈ જ ન રહ્યું ! તો કાર્ય ઉત્પન્ન કરવાની મહેનત વ્યર્થ જશે.

"જ્યારે અમારે તો અનેકાંતવાદ માન્ય છે, તેથી કાર્ય એ કારણમાં સત્ અસત્ છે. સત્ પણ ખરું ને અસત્ પણ ખરું કેમકે દ્રવ્ય-પર્યાયનો સિદ્ધાન્ત છે એટલે કાર્ય કારણમાં દ્રવ્યરૂપે ભલે સત્ હો, પરંતુ પર્યાયરૂપે સત્ નથી, તેથી તેને ઉત્પન્ન કરવાની મહેનત યુક્તિ યુક્ત છે. તેથી જ અમે,

**સત્ની વ્યાખ્યા** "આ કરીએ છીએ કે 'ઉત્પાદ-દ્રવ્ય-ધ્રૌવ્ય યુક્ત સત્ અમારો સિદ્ધાન્ત તેથી અલગ કાર્ય ઉત્પત્તિ નાશ ઘટી શકે. દ્રવ્યરૂપે ધ્રુવ, અને પૂર્વોત્તર પર્યાયરૂપે ઉત્પત્તિ-વિનાશશાલી,.....વગેરે બધું ઘટી શકે છે.

"તમારી કોઈ સત્ની એવી વ્યાખ્યા નથી. તમારે તો સત્ એટલે સર્વથા છે ને છે. કોઈ પણ રીતે અસત્ નથી. આમાં જો 'છે,' તો પછી ઉત્પન્ન કરવાનું શું રહે ? જો કહો કે 'કાર્ય કારણમાં કારણરૂપે પ્રગટ છે, કાર્યરૂપે પ્રગટ નથી. તેને પ્રગટ કરવું પડે.' તો તો એનો અર્થ એ થયો કે, કારણમાં કાર્ય ભલે કારણરૂપે સત્ પરંતુ પોતાના સ્વરૂપે અસત્ છે; પણ વસ્તુમાત્રને એકાન્તે સત્ માનનારા તમારાથી એમ સત્-અસત્ કહેવાય નહિ....

**આત્મા એક જ નથી વિશ્વવ્યાપી નથી :-**

"વળી તમે આત્મા એકજ અને સર્વવ્યાપી માનો, એમાં કોઈ જીવ નારક, કોઈ દેવ, કોઈ મનુષ્ય, કોઈ તિર્યંચ,- એવો ભેદ ન ઘટે. તેમ એકજ સ્વરૂપના આત્મામાં ક્યારેક એ બાળ, ક્યારેક કુમાર, ક્યારેક યુવાન....એમ પણ ભેદ ન માની શકાય. એમ બધે આત્મા જો વ્યાપક-વિશ્વવ્યાપી છે, તો પોતપોતાના કર્મ અનુસારે આત્મા સંસારમાં ભટકતો છે,'- એ ન બોલી શકાય. એ તો જો આત્મા વિશ્વવ્યાપી નહિ પણ દેહવ્યાપી હોય, તેમજ એક નહિ, અનેક આત્માઓ માને, ને એ દરેકના જુદા જુદા કર્મ માને એ જ એમ બોલી શકે. જગતમાં એકજ આત્મા માનનારો ભેદ ન પાડી શકે. કે અમુક આત્મા ક્ષત્રિય, અમુક બ્રાહ્મણ,'....વગેરે, એમ અમુક આત્મા મનુષ્ય, અમુક તિર્યંચ તેમાં પણ અમુક પશુ, અમુક પંખી;

પશુમાં પણ અમુક ગાય, અમુક ભેંસ,.... વગેરે વગેરે ભેદ પાડીને એક અદ્વિતીય આત્મવાદી ન બોલી શકે. ત્યારે એ પણ કેમ કહી શકે કે અમુક આત્મા સુખી ને અમુક દુઃખી, અમુક પંડીત ને અમુક મૂર્ખ,'- આત્મા જો વિશ્વમાં એકજ છે, તો એવા ભેદ કેમ પાડી શકાય ? વળી આત્માને સર્વ-વ્યાપી માનવો, એય યુક્તિ-વિરુદ્ધ છે; કેમકે એમ આખા વિશ્વને વ્યાપેલો હોત તો તો એક ગતિમાંથી બીજે જવાનું શું રહે ? આખા વિશ્વમાં વ્યાપેલાને ગતિ ગમન શું ?

"એ તો જે સર્વજ્ઞ છે, એ જ સંપૂર્ણ ચૌદ રાજલોકને, એમાં ભમતા અનંતા જીવોને, તથા એમને ભટકવાના કારણોને જોઈ શકે છે. તેમજ કયા ઉપાયોથી એ મુક્ત થાય, એ જોઈ શકે છે. એટલે,

**"એ સર્વજ્ઞ જ સંપૂર્ણ જીવ-અજીવ આદિ સત્ય તત્ત્વો અનેકાંતવાદાદિ સત્ય સિદ્ધાન્તો, અને સત્ય મોક્ષમાર્ગ યાને મોક્ષના સાચા ઉપાયો બતાવી શકે.**

"બાકી જેને આ સમસ્ત લોકનું દર્શન જ નથી, તેમજ અતીન્દ્રિય આત્મા કર્મ વગેરેનું પ્રત્યક્ષ જ્ઞાન નથી, એ યથાર્થ તત્ત્વ, સત્ય સિદ્ધાન્તો, તેમજ યથાર્થ મોક્ષમાર્ગ મોક્ષ-ઉપાયો શું બતાવી શકે ? એટલે જ એવા અ-સર્વજ્ઞ મનઃકલ્પિત તત્ત્વો અને મનઃકલ્પિત ધર્મમાર્ગ બતાવવા જાય, એ સંસારના કરુણાપાત્ર જીવોને રવાડે ચડાવનાર અને સંસારની દુર્ગતિઓમાં ભટકાવનારા છે.

"એ તો જેમ કોઈ કારણે કોઈ અરણ્યમાં મૂકાઈ ગયેલા અનેક મનુષ્યોમાં જે મનુષ્ય સંપૂર્ણ માર્ગ જાણનારો હોય, એ પોતાને અને સાથેના બીજાઓને માર્ગે ચડાવી દઈ અરણ્યમાંથી બહાર કાઢી શકે છે; એમ અહીં,

**"સંસાર-અરણ્યમાં ભૂલા પડેલા અનેક ભવ્ય જીવોમાં જેણે સર્વજ્ઞપણું પ્રાપ્ત કર્યું હોય, એજ બીજાઓને સાચી પરિસ્થિતિ અને સાચો માર્ગ દેખાડી શકે,**

"અને પોતાની પાછળ ચલાવી શકે, તેમજ સંસારમાંથી એમનો અને પોતાનો ઉદ્ધાર કરી શકે.

"તમારા સિદ્ધાંત સર્વજ્ઞ-પ્રણીત નથી; તેથી જ તમારા યમ-નિયમ આદિ આચારોમાં પણ ઘણું ઘણું અધુરું છે. અહિંસા, સત્ય,....વગેરે મોટા મોટા શબ્દ વાપર્યાથી શું વળે ? અસર્વજ્ઞને જ્યાં મૂળમાં ચૌદ રાજલોકના સૂક્ષ્મબાદર એકેન્દ્રિયાદી સમસ્ત જીવોનું જ જ્ઞાન નથી, ઓળખ નથી, એ સંપૂર્ણ અહિંસા શી પાળી શકે ? એવી સાર્વત્રિક અહિંસાને પાળવાના માર્ગ પણ શા બતાવી શકે ?

"સારાંશ, તમારા સિદ્ધાન્ત વાસ્તવ યથાર્થ તત્ત્વો અને યથાર્થ મોક્ષમાર્ગને વર્ણવી શકતા નથી, માટે મિથ્યા છે. એ તો સર્વજ્ઞના જ શાસનમાં યથાર્થ શ્રુત-માર્ગ અને ચારિત્ર માર્ગ પામવા મળે છે, જેનાથી આત્માનો આ અપાર અને



દુઃખદ સંસારમાંથી ઉદ્ધાર થઈ શકે.

"એટલે હે આયુષમાન એકદંડી ! તમે મને તમારા અસર્વજ્ઞના મનઘડંત સિદ્ધાન્તનો સ્વીકારી લેવા કહો છો, પરંતુ સમસ્ત ૧૪ રાજલોકને સ્વયં પ્રત્યક્ષ કર્યા વિના યથેચ્છ વ્રત અને અનુષ્ઠાન બતાવી જીવિકાર્થે ભિક્ષાટન કરવું એ જુદું, અને સર્વજ્ઞ-કથિત સમ્યક્જ્ઞાન યુક્ત શુદ્ધ ચારિત્ર માર્ગ પાળવો, અને એમાં ૪૨ દોષો રહિત ભિક્ષા અર્થે ફરવું એ જુદું, માટે તમે ભ્રાન્ત સિદ્ધાન્ત અને ભ્રાન્ત માર્ગે છો."

આ સાંભળીને એકદંડીને હવે કશું બોલવા જેવું રહ્યું નહિ.

આર્દ્રકુમાર મહર્ષિ આમ એકદંડીને નિરુત્તર કરી મહાવીર ભગવાન પાસે જવા આગળ વધે છે, ત્યાં ૫૦૦ હસ્તિતાપસોનો એક આશ્રમ આવ્યો. એ તાપસોએ આંગણે એક મહાકાય હાથીને મારી ખાવા બાંધી રાખ્યો હતો. તેથી એ હસ્તિતાપસ કહેવાતા તાપસો, મહર્ષિને જતા જોઈ, એમને વિંટળાઈ વળ્યા, અને એમાંનો વડેરો હસ્તિતાપસ કહે છે,-

## હસ્તિતાપસ સાથે ચર્ચા

**હસ્તિતાપસ કહે છે,-**

**"હે આર્દ્રકુમાર !** તમે આ ક્યાં ચાલ્યા ? પહેલાં તમે અમારો સિદ્ધાન્ત સાંભળો, અને પછી એના પર વિચાર કરો. આગળ પગલું માંડવું ઠીક લાગે તો માંડો.

"બુદ્ધિમાન માણસે પહેલાં તો લાઘવગૌરવનો વિચાર કરવો જોઈએ કે, કેવા જીવનમાં લઘુ યાને બહુ ઓછા દોષ લાગે છે, ને કેવા જીવનમાં મોટા મોટા દોષ લાગે છે. એ વિવેક કરીને પછી બહુ ઓછા દોષવાળું જીવન અપનાવવું જોઈએ. ત્યારે તમે જુઓ કે,-

"જે તાપસો કંદ-મૂળ-ફળના આહારી છે, તે ઘણા જીવોને અને એ કંદાદિના આશ્રયે રહેલા અનેક જીવોનો સંહાર કરે છે, વળી જે એવા કંદ મૂળ ફળાહારી તો નથી, પરંતુ ભિક્ષા માટે લોકોના ઘરોમાં આશંસા દોષથી દૂષિત બની આમ ને તેમ ફરે છે- એ રસ્તામાં ચાલતા કીડી વગેરે કેટલાય ક્ષુદ્ર જંતુઓનો નાશ કરે છે. ત્યારે અમે તો વર્ષે છ મહિને એક જવાર એક જ મહાકાય હસ્તિને બાણથી મારી, એના માંસથી આખું વરસ કે છ મહિના જીવન નભાવીએ છીએ; ને એમ નિર્વાહ કરીને જગતના બાકીના નાના મોટા સમસ્ત જીવો પર દયાવાળા બની રહી, એ બધાની અહિંસાનો મહાન ધર્મ પાળીએ છીએ. આમ અમારે એકજ જીવની હિંસાનો બહુ અલ્પ દોષ, અને ઘણા જીવોની રક્ષાનો મહાન ધર્મ, મહાન ગુણ છે."

**હસ્તિતાપસ-મતનું ખંડન :-**

**આર્દ્રકુમાર મહર્ષિ** એમને જવાબ આપતાં કહે છે, -

''હે આયુષ્યમાન્ તાપસ ! ભલે તમે એકજ હાથીને મારતા હો, છતાં તમે સર્વથા જીવહિંસાથી નિવૃત્ત નથી. વળી તમારે સર્વથા હિંસા નહિ કરવી એવું વ્રત નથી, સંપૂર્ણ અહિંસાનું પાલન નથી; તેમજ ભિક્ષાર્થે ફરનારાને તમે આશંસાવાળા કહો છો પણ ખરું જોતાં તમે પંચેન્દ્રિય પ્રાણી મહાકાય હાથીને મારવા તત્પર બનો છો, ત્યારે તમારો એમાં ઈચ્છા-આશંસાદોષ અતિદુષ્ટ હોય છે; કેમકે આવા મોટા બળવાન પંચેન્દ્રિય જીવ હાથીને મારવો હોય ત્યારે તમારે અતિ ક્રુર દિલ કરી એને સાંકળે જકડી રાખવો પડે અને અતિ ક્રુર સંકલેશ કરી તમારે ચારે બાજુથી એના પર તીક્ષ્ણ બાણોનો વરસાદ વરસાવવો પડે. એ રીતે તમે એને મારી નાખો એમાં અતિ દુષ્ટ ઈચ્છા-આશંસા ક્યાં ન આવી ?

**સાધુને ભિક્ષા ત્રિવિધ હિંસા વિનાની :-**

''હે ચતુર તાપસ ! આની સામે તમે જુઓ કે, અમારે સાધુઓને એક નાનો પણ જીવ મારવાની આશંસા જ નથી કરવી પડતી. અમારે લેશ માત્ર ઈચ્છા નહિ કે એક પણ જીવને હું મારું એટલું જ નહિ, પણ ગૃહસ્થ પાસે એક પણ જીવને મરાવવાની ય ઈચ્છા આશંસા કરવાની હોતી નથી. અરે ! એ શું, ગૃહસ્થ અમારે માટે જીવહિંસા કરી ભોજન બનાવે તો તેય અમારે કલ્પતું નથી ! કેમકે, એમાં અમે હિંસાની અનુમોદનાનો દોષ માનીએ છીએ. આમ સાધુને એક જીવની પણ હિંસાનું કરણ-કરાવણ-અનુમોદન મનમાંય આવતું નથી. તેથી એવી હિંસા વિનાની ભિક્ષા લેવાના વ્યવહારમાં લેશ પણ પાપ-આશંસા રહેતી નથી.

**સાધુનું ગમન ઈર્યાસમિતિથી :-**

''વળી તમે કહ્યું, 'ભિક્ષાર્થે ઘર ઘર ભમવામાં રસ્તામાં કીડી વગેરે જીવો કચરાય નાશ પામે,'- એ પણ અમારે સૂર્યના અજવાળે ધૂંસરા પ્રમાણ દૃષ્ટિ નીચી રાખીને, જીવ ન મરે એની ખૂબ કાળજીવાળી ઈર્યાસમિતિથી જવાનું કરીએ, એમાં ક્યાં કીડી કીડા વગેરે એક પણ જીવને મારવાનો અવકાશ જ છે ?

**૪૨ દોષરહિત ભિક્ષા :-**

''વળી સાધુ તો ૪૨ દોષરહિત આહારની ગવેષણા કરનારા એટલે દોષ બોષ કશું જોયા વિના આહાર મેળવવાની લાલસાને બદલે સંયમને એક પણ દોષ ન લાગવા દેવાની જ તત્પરતા હોય છે, એ કેટલો બધો ઊંચો નિરાશંસ ભાવ છે ! તમારે જાણી જોઈને મારવામાં ક્યાં અંતરના સંકલેશમય પરિણામ કરી દોષ ન લાગવા દેવાનો નિરાશસંભાવ જ છે ? તમે પૂછશો,-





**સાધુને ય ભિક્ષાની આશંસા છતાં કેમ નિરાશસંભાવ ?**

''**પ્ર.**- ભલે ૪૨ દોષ રહિત પણ આહારની આશંસાવાળા તો સાધુને બનવું પડે ને ? ભિક્ષાની આશંસાએ તો સાધુ ફરે છે; તો સાધુને એમાં ક્યાં સર્વથા નિરાશંસભાવ રહ્યા ?

''**ઉ.**- સાધુ તો નિર્દોષતા જાળવવામાં જ તત્પર રહી આહારના લાભ-અલાભમાં સમાન વૃત્તિવાળા હોય છે. અર્થાત્ ૪૨ દોષ ન લાગે એના પર જ સાધુનું ધ્યાન હોય છે. એમાં આહાર મળી ગયો તો ઠીક, જેથી શરીર ટકીને સંયમ વૃદ્ધિ થાય; અને આહાર ન મળે તો ય ઠીક, એથી તપોવૃદ્ધિ થાય; એવું માનનારા સાધુ હોય છે, આમ લાભાલાભમાં સમવૃત્તિવાળા સાધુને આશંસાદોષ ક્યાં આવ્યો ?

**ગૃહસ્થ પણ તાપસની જેમ દોષરહિત ? :-**

''ત્યારે હે તાપસ ! તમે એ જુઓ કે જો થોડા જીવનો ઘાત અને વધુ જીવોની રક્ષા કરવાથી દોષરહિત બનાતું હોય, તો તો ઘરબારી ગૃહસ્થો પણ પોતાના આરંભ-સમારંભવાળા ક્ષેત્રમાં જ આવેલા થોડા જીવોની હિંસા કરે છે, બાકી, તે સિવાય બહાર તો મોટાં ક્ષેત્ર પડેલા છે; ત્યાંના જીવોની તમારા અભિપ્રાય પ્રમાણે હિંસામાં એ પ્રવર્તતા નથી.એમ કાલાંતરના જીવોની હિંસા પણ કરતા નથી. તેથી એ પણ દોષરહિત કહેવાશે ! પરંતુ ગૃહસ્થને તો દોષમાં-પાપમાં પડેલા માનો છો. એ સૂચવે છે કે, એક જીવને પણ મારવામાં દોષરહિતપણું નથી, કિન્તુ સદોષતા જ છે, પાપમાં પડેલાપણું જ છે.''

**અહીં તાપસ કહે છે,**

''જે લોકો ધાન્યભોજી એના કરતાં અમે તો એક હાથી ઉપર જીવીએ છીએ, તેથી અમારે બહુ ઓછી હિંસાથી બહુ ઓછા પાપથી પતે છે. કહ્યું છે, -

**एकेन्द्रियस्य धान्यस्य जायते पंचभिः कणै ।**

**पंचेन्द्रियत्वं, न तृप्तिर्भूरिपंचेन्द्रियो वधः ॥**

અર્થાત્ ધાન્યભોજી માણસને તો ધાન્ય ખાવામાં ધાન્યનો એક કણ એટલે એકેન્દ્રિય જીવ, એવા પાંચ કણ એટલે પાંચ ઈન્દ્રિયજીવ નષ્ટ થયા; એવા રોજના ભોજનમાં કેટલાય સંખ્યાબંધ પાંચ ઈન્દ્રિયજીવ નષ્ટ થયા ? છ મહિનામાં તો એથી ૧૮૦ ગુણા જીવ નષ્ટ થાય. એમાં એમને બહુ મોટા પાપ લાગે. ત્યારે અમારે છ મહિને માત્ર એક પંચેન્દ્રિજીવ હાથી નષ્ટ થાય, તેથી બહુ ઓછું પાપ લાગે.''

હસ્તિતાપસના આ અજ્ઞાન કથન પર આર્દ્રકુમાર મહર્ષિ કહે છે,-

**આર્દ્રકુમાર મુનિનો જવાબ : પંચેન્દ્રિય હિંસામાં મહાસંકલેશ :-**

"હે મહાનુભાવો તમે માત્ર બાહ્ય જીવસંખ્યા પર ન જુઓ, પરંતુ ધાન્યનાશ અને હાથીનાશ વખતના મારનાર જીવના આંતરિક ચિત્તપરિણામ જુઓ, તેમજ મરનાર વ્યક્ત મનવાળા જીવને ત્રાસ-સંકલેશ કેટલો ? અને અવ્યક્ત મનવાળા મરનાર જીવને ત્રાસ-સંકલેશ કેટલો ? દા.ત. એક બ્રાહ્મણ પહેલા દૂધીને સમારી નાખે; અને પછીથી યજ્ઞમાં બકરાને હવનમાં ક્રમસર જીભ કાપે, કાન કાપે, આંખ કાપે, ગળું કાપે, પેટ કાપે, અને 'માતૃમહાય સ્વાહા'.... વગેરે બોલતો જાય, એમાં એકેક અંગ કાપતી વખતે પેલી દૂધી સમારનાર કરતા એના દિલના પરિણામ કેટલા બધા ક્રૂર-કઠોર અને નિર્દય હોય ? એમ અહીં ધાન્ય પકાવે અથવા શાકભાજી સુધારે એમાં દિલના એવા ક્રૂર પરિણામ ન થાય જે જીવતા હાથીને મારવામાં થાય, ભલે ને ધાન્યના દાણા સેંકડો છે. છતાં દિલમાં ક્રૂર પરિણામ નહિ, જ્યારે હાથી એકજ જીવ છે, છતાં એને મારી નાખવામાં અત્યંત ક્રૂર પરિણામ અતિસંક્લિષ્ટ અધ્યવસાય છે.

આ ફરક પડવાનું કારણ આ છે, કે ધાન્યના દાણાને તપાવતાં કચરતાં એ જીવમાં વ્યક્ત ત્રાસ નથી દેખાતો, ત્યારે હાથીને મારી નાખવાનું કરતાં એનો વ્યક્ત ત્રાસ-તરફડવું દેખાય છે. એટલે જ

**પંચેન્દ્રિય જીવમાં ત્રાસ-તરફડવું પ્રગટ દેખાવા છતાં મારવાનો પ્રયત્ન કરવામાં મારનારને દિલમાં અતિક્રૂર પરિણામ લાવવા જ પડે છે.**

ત્યારે એ હકીકત છે કે, જીવને કર્મ બંધાય તે દિલના પરિણામ અધ્યવસાયને આધારે બંધાય છે. અધિક સંક્લિષ્ટ પરિણામે અધિક ચીકણાં પાપકર્મ બંધાય, તેમજ, એ મરનાર જીવને અધિક ત્રાસમાં એ જીવને પોતાના દિલમાં પણ અધિક સંકલેશ થવાથી એ પણ ચીકણાં પાપકર્મ બાંધે છે. આમ,

**પંચેન્દ્રિય જીવ સંખ્યામાં ભલે એક, પરંતુ એની હિંસામાં મારનાર મરનાર બંનેને ફળ ભયંકર !**

**તેથી એ હિંસા, ધાન્યના હજારો દાણાની હિંસા કરતાં ય લાખ દરજ્જે ભયંકર !**

માટે હે આયુષ્માન તાપસો ! આવી ભયંકર હિંસાનો માર્ગ મૂકો.

"વિશેષ તો એ જુઓ કે, મહાવીર ભગવાનના મુનિઓને તો ધાન્યના એક દાણાની પણ હિંસા કરવી પડતી નથી. કેમકે એ તો ૪૨ દોષરહિત નિર્દોષ અને



પ્રાસુક-નિર્જીવ ભિક્ષાના ખપી હોય છે. એટલે જાતે તો હિંસામય કશો જ આરંભ સમારંભ કરતા નથી, તેમ બીજા પાસે કરાવતા નથી, પરંતુ સાધુ માટે સાધુના ઉદ્દેશથી ગૃહસ્થે આરંભ સમારંભ કરીને ભોજન તૈયાર કર્યું હોય તો એ પણ ભિક્ષામાં લેતા નથી; કેમકે એવું લેવામાં મુનિઓ હિંસામાં અનુમતિ અનુમોદનાનું પાપ દેખે છે. આવી નિર્દોષ અને સર્વથા અહિંસક ભિક્ષાચર્યામાં મુનિના વિશુદ્ધ અધ્યવસાય ક્યાં ? અને તમારી આ હસ્તિ-હિંસામાં અવિશુદ્ધ મહાસંક્લિષ્ટ અધ્યવસાય ક્યાં ? જૈન મુનિ જેવી અહિંસક ભિક્ષાચર્યા અને અહિંસા બીજે ક્યાં જોવા મળે ?

**'શ્રી સૂયગડાંગ'**- આગમના શબ્દોમાં જોઈએ તો આર્દ્રકુમાર મહર્ષિ ૫૦૦ હસ્તિ-તાપસોને કહે છે કે વર્ષમાં એકજ વાર એકજ હાથી જીવને મારવા છતાં એ મારનારા તમે પ્રાણાતિપાત (જીવહિંસા) ની અવિરતિ દોષથી મુક્ત નથી; કેમકે તમારે મન-વચન-કાયાથી કોઈ પણ જીવની હિંસા ન કરવી ન કરાવવી, ન અનુમોદવી,'- એવી ત્રિવિધ ત્રિવિધે પ્રતિજ્ઞા નથી; એટલે તમે હિંસા ન કરતા હો ત્યારે પણ હિંસાના દોષમાં જ બેઠેલા છો. વળી એવા મહાકાય પંચેન્દ્રિય પ્રાણીનાં વધમાં પરાયણ તમારા લોકોનો આશંસા દોષ પણ અતિદુષ્ટ હોય એ સ્વાભાવિક છે.

**સાધુની પાંચ સમિતિ :**

ત્યારે જૈન સાધુઓ તો અહિંસા ત્યાં સુધીની પાળતા હોય છે કે

(૧) ચાલવાનું તે પણ સૂર્યના પ્રકાશથી પ્રકાશિત માર્ગો પર ધૂંસરા પ્રમાણ લાંબી નીચી દૃષ્ટિથી જોતાં જોતાં ચાલતા હોય છે; જેથી પગ નીચે કોઈ નાનું પણ જંતુ ન મરે એવી એમને ઈરિયાસમિતિ પાળવાની રહે છે. એમ,

(૨) બોલવાનું તે સત્ય નિષ્પાપ અને સામાને અપ્રિય કે આઘાત ન લાગે એવું, તેમજ કોઈ સ્થાવર જીવની પણ હિંસામાં નિમિત્ત ન બને એવું બોલવાનું,- એવી ભાષાસમિતિ પાળવાની હોય છે. વળી.

(૩) ભિક્ષા પણ તેવી જ લેવાની કે જેમાં ૪૨ દોષ પૈકી એક પણ દોષ ન લાગ્યો હોય; એટલે એમાં સાધુ નિમિત્તે સ્થાવર જીવને પણ હલાવવા ચલાવવા કે સ્પર્શવા સરખી ય સીધી કે આડકતરી હિંસા ન થઈ હોય એવી અને એ રીતે ભિક્ષા ખપે છે. એટલે સાધુ માટે ભગતે સ્વેચ્છાએ ભક્તિવશ બનાવ્યું હોય તો તે ય લેવું કલ્પતું નથી કેમકે એમાં સાધુ નિમિત્તે કરલે અપકાય-અગ્નિકાયાદિના આરંભ સમારંભમાં થયેલ જીવ હિંસામાં સાધુને અનુમતિનો દોષ લાગે છે. ક્યાં આ પાણી-અગ્નિ આદિના સૂક્ષ્મ જીવોની હિંસા ગૃહસ્થ કરે તો પણ સાધુ નિમિત્તે કરેલી હોઈ એની બનેલી વસ્તુ નહિ લેવાનો ધર્મ ? અને ક્યાં તમારો જાતે જ મહાકાય

પંચેન્દ્રિય હાથીનો ક્રૂરપણે ઘાત કરવાનો ધર્મ ? સાધુની આ ૪૨ દોષ ટાળવાની એષણા સમિતિ છે.

(૪-૫) એમ વસ્તુ લેવા મૂકવામાં કે મળમૂત્રાદિ ભૂમિ પર ત્યાગ કરવામાં પણ જીવ ન મરે એ સાવધાની એટલે કે નિક્ષેપણા-સમિતિ અને પારિષ્ઠાપનિકા-સમિતિ જૈન સાધુ પાળે છે. એ પાળનારા સાધુનો ધર્મ ક્યાં ? અને ક્યાં આ જીવરક્ષા કશી જોવાની નહિ, એવો તમારો અજ્ઞાનતા મૂઢતાભર્યો ધર્મ ક્યાં ?

એટલું જ નહિ, પણ એથી આગળ જુઓ, કે જૈન સાધુ લાભાલાભમાં સમવૃત્તિ હોય છે, અર્થાત સાધુ ભિક્ષાર્થે ગોચરી જાય, ત્યાં જો ૪૨ દોષરહિત ભિક્ષા ન મળે, તો પણ આકુળ વ્યાકુળ થતા નથી. એ તો વિચારે છે કે **'લાભે સંયમવૃદ્ધિ અલાભે તપોવૃદ્ધિઃ !'** અર્થાત્ જો ભિક્ષાનો લાભ થાય તો શરીરને આધાર મળવાથી એ શરીર વિશેષ સંયમનું પાલન કરવાથી સંયમની વૃદ્ધિ થશે; અને જો ભિક્ષા લાભ નથી થયો, તો તપની વૃદ્ધિ થશે. એટલે દોષિત કે નિર્દોષ ભિક્ષા મળવી જ જોઈએ એવો આગ્રહ આશંસા સાધુને હોતી નથી.

ત્યારે તમારે તો મોટા હાથીને ઘાત કરવામાં બાર મહિનાની મોટી આશંસા ભરી પડી છે.

વળી સાધુ ગોચરીએ જાય કરે તે ઈર્યા સમિતિ પાળતાં અને સૂક્ષ્મ જીવની પણ હિંસા ન થાય એ કાળજી રાખતા જાય છે તેથી તમે જે આરોપ ચડાવ્યો કે "અમારે તો એક જ હાથીથી બાર માસ ચાલે માટે બાર મહિના સુધી રોજ ને રોજ ભિક્ષાર્થે જવા કરવામાં કીડીઓ વગેરે મારવાની નહિ, ને સાધુને કીડીઓ વગેરેની હિંસા થાય,"- એ આરોપ પણ ખોટો છે. સાધુ તો ઈર્યા સમિતિ પાળનારા તેથી એમને કીડી વગેરે તો શું, પણ કાચા પાણીના એ ટીંપાના સૂક્ષ્મ જીવ પણ ન મરે એ સાવધાની રાખનારા હોય છે. તેથી બાર માસ રોજ ને રોજ ભિક્ષાર્થે જાય, તો ય એમને સૂક્ષ્મ જીવની ય હિંસા કરવાનું બનતું નથી....ઊલટું તમે ભલે રોજ ને રોજ ભિક્ષાએ નથી જતા એટલે જવા આવવામાં થતી હિંસા નથી વહોરતા.

**માંસભોજનમાં અસંખ્યની હિંસા :-**

પરંતુ તમે રોજ ને રોજ એ હાથીનું માંસ પકાવવામાં અગ્નિ પાણી વગેરેના અસંખ્ય સ્થાવર જીવ અને તદાશ્રિત ઝીણા કેટલાય ત્રસ જીવોની હિંસા તો કરો જ છો. તથા એ રાખી મૂકેલા માંસમાં અસંખ્ય સૂક્ષ્મ કીટ ઉત્પન્ન થયા કરે એની ય હિંસા રોજ રોજ કરો છો. ક્યાં તમારો ધર્મ અહિંસાવાળો રહ્યો ? આવો હિંસામય ધર્મ ઉપદેશનારા શું સર્વજ્ઞ છે ? કે અવિવેકી અનાર્ય જેવા છે ?

**જીવની પવિત્રતા પવિત્ર અધ્યવસાય પર આધારિત છે.**



તેથી સમજી લો કે, આવો હસ્તિ-તાપસ માર્ગ જે ઉપદેશે છે, તે અસત્ કર્મ કરનાર કરાવનાર હોવાથી અનાર્ય છે. તે સર્વજ્ઞ તો નહિ, પરંતુ સામાન્ય પણ સમ્યગ્જ્ઞાન ધરાવતા નથી. અતિ સંક્લિષ્ટ પરિણામથી હાથીનો ઘાત કર્યા પછી પણ રોજ ને રોજ એનું માંસ પકાવવા અગ્નિ પાણી વગેરે કેટલાય સ્થાવર જંગમ અસંખ્ય જીવોનો નાશ પણ કરતા હોય છે. આ હિંસા તો એ હાથીની હિંસાનો ઉપદેશ કરનારાઓએ તો બિચારાઓએ જોઈ જ નથી. તેમજ ૪૨ દોષરહિત નિર્દોષ માધુકરી ભિક્ષાનો સાધુ-માર્ગ પણ એમની કલ્પનામાં નથી તેથી જ મહા અજ્ઞાન અને મહામૂઢતાથી આવો અનાર્ય માર્ગ ઉપદેશે છે.

તેથી હે તાપસો ! આ મહા અજ્ઞાનતા અને મૂઢતાભર્યો તમારો તાપસમાર્ગ મૂકો અને મહાવીર ભગવાનનો મહા સજ્ઞાનતાભર્યો નિર્દોષ મુનિમાર્ગ પકડવા ભગવાનનું શરણું લો."

**મહર્ષિની ઈતરો દ્વારા પ્રશંસા :-**

બસ, એમ કહી મહર્ષિ મોટા પરિવાર સાથે ભગવાનની પાસે જવા ચાલી નીકળે છે. આમ જ્યાં આર્દ્રકુમાર મહર્ષિએ હસ્તિ-તાપસ માર્ગનું બિલકુલ તર્કશુદ્ધ ખંડન કર્યું, અને વિશુદ્ધ મુનિમાર્ગની જયપતાકા લહેરાવી, ત્યાં આ સંવાદ સાંભળવા એકત્રિત થયેલા લોકોના ટોળાએ આર્દ્રકુમાર મહર્ષિના જયજયકારનો મોટો કલરવ મચાવી દીધો. અને લોકો મહર્ષિની મુક્ત કંઠે ભારે પ્રશંસા કરી રહ્યા છે.

આ જોતા પેલા મારી નાખવા માટે તાપસોએ બાંધી રાખેલા હાથીને શું થયું તે શ્રી સૂયગડાંગ સૂત્રના ટીકાકાર મહર્ષિ કહી રહ્યા છે કે સર્વાંગ સુલક્ષણ સંપન્ન તે નૂતન વન-હસ્તિને આ બધું જોઈ એવા પ્રકારનો વિવેક પ્રગટ્યો કે એ ચિંતવે છે કે,-

**હાથીની વિશિષ્ટ ભાવના : બંધન તૂટ્યા :-**

'અહો ! આ આર્દ્રકુમાર મહર્ષિએ બધા જ ઈતર ધર્મવાળા વાદીઓને ખંડન કરી એમને ચૂપ કરી દીધા, અને હવે નિષ્પ્રત્યુહ સર્વ વાદીઓના વિઘ્નથી રહીત બની સર્વજ્ઞ મહાવીર ભગવાનના ચરણે વંદન કરવા જઈ રહ્યા છે, તો જો હું પણ આ સાંકળોના બંધનથી મુક્ત થાઉં તો આ ૫૦૦ ચોરોને પ્રતિબોધ કરી સાથે લઈ ચાલનારા, આ આર્દ્રકુમાર મહર્ષિની પાસે જઈ પરમભક્તિથી એમને વંદન કરું.'

એ હાથીને જ્યાં આ ઉત્કટ ભાવનાનો સંકલ્પ થયો, ત્યાં જ એના શરીરમાં એટલું બધું અદ્ભુત જોમ પ્રગટ્યું કે એણે સાંકળોના બંધનના ભૂક્કે ભૂક્કા બોલાવી દીધા ! તટાક્ તટાક્ કરતા સર્વ બંધનો તૂટી ગયા ! હાથી મુક્ત થઈ ગયો. જ્ઞાની ભગવંતો આ જ કહે છે,-

**જ્ઞાનાચારાદિ દરેકમાં વીર્યાચાર વણો :-**

વીર્યાચારનો ખપ કરો, જ્ઞાનાચાર દર્શનાચાર- ચારિત્રાચાર ને તપાચાર,- આ ચારેય આચરવાના; પરંતુ વીર્યાચારને આચરવાનું સાથે રાખીને આ ચાર આચરવાના એટલે કે સંકલ્પ બળ, જોમ, ઉત્સાહ...વગેરેની સાથે જ્ઞાનાચારાદિ દરેક ભલીવારવાળા અને વિકાસવાળા આચરાતા જશે.

એક **'અરિહંત ચેઈયાણં'** સૂત્રથી કાયોત્સર્ગ કરવાનો કહ્યો તે પણ કેવી રીતે કરવાનો ? તો કે 'વઢ્ઢમાણીએ સદ્ધાએ, વઢ્ઢમાણીએ મેહાએ, વઢ્ઢમાણીએ ધીઈએ.... અર્થાત વધતી જતી એવી શ્રદ્ધાથી વધતી જતી મેધાથી, વધતી જતી અનુપ્રેક્ષાથી, કાયોત્સર્ગ કરવાનો. આમાં 'વધતા શ્રદ્ધા' એટલે વધતું સંકલ્પ બળ ને વધતું ચિત્ત-પ્રણિધાન લગાવવાનું કહ્યું. નાના એક નવકારના કાઉસ્સગ્ગમાં પણ જો આ શ્રદ્ધા સંકલ્પબળ-પ્રણિધાન વધતું રાખવાનું હોય, તો બીજી જ્ઞાનાદિ આચારની આરાધનામાં એ કેટલું બધું વધારવાનું હોય ?

**વધતી શ્રદ્ધા, સંકલ્પ-બળ, અને ચિત્ત-પ્રણિધાન ચમત્કારિક કામ કરે છે.**

**એ** અહીં હાથીના પ્રસંગમાં જોવા મળે છે. એણે આર્દ્રકુમાર મહર્ષિ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ વિકસાવી ચિત્ત-પ્રણિધાન કર્યું, નિર્ણયાત્મક સંકલ્પ કર્યો કે, કેમ આ બંધનથી છૂટું ને દોડી જઈને એ મહર્ષિને વંદન કરું, ત્યાં એના શરીરમાં જોમ પ્રગટવાથી લોખંડી સાંકળના પણ બંધન તૂટી ગયા.

માણસને કોઈ તપ કરવાનો આવે, કોઈ ત્યાગનું વ્રત, શીલનો નિયમ કરવાનો આવે ત્યારે આ કેમ થશે ? એવો કાયરતાભર્યા વિચાર આવે છે, પરંતું ત્યાં જો સંકલ્પબળ ઊભું કરે, ને વિચારે કે આમાં છે શું ? કેમ ન કરી શકું ? મારો આત્મા અનંત શક્તિનો માલિક છે. જરૂર કરી શકીશ. જરૂર થઈ શકશે. આવો સંકલ્પ કરે તો કરવાનું કાંઈ કઠિન નથી.

આજે માણસ ફરિયાદ કરે છે, કેમ ખોટા વિચાર બહુ આવે છે ?' પણ એ મિટાવવાનો ઉપાય પણ આ જ છે કે, સંકલ્પબળ ઊભું કરી નિર્ધાર કરાય કે, મારે હવેથી આવા આવા સદ્‌વિચારો કરતા રહેવું છે. સતત ચાલુ રાખવા છે; ભલે કોઈ કામમાં પડું તો ય અંદરખાને આ વિચારો ચાલુ રાખવા છે,' અને એ પ્રમાણે પ્રયત્ન ચાલુ કરી દે, તો એ સંકલ્પ બળથી સદ્‌વિચારો મનમાં ચાલુ થવાના, ચાલુ રહેવાના અલબત એની વચમાં કુઅભ્યાસથી બીજા ત્રીજા રદ્દી વિચાર આવી જવા સંભવ છે, પરંતુ એનું પ્રમાણ પૂર્વે કરતાં ઓછું થઈ જવાનું કેમકે સંકલ્પબળપૂર્વક સદ્‌વિચારો સારા ચાલુ રાખ્યા છે.

**સદ્‌વિચારો શાના કરવા ?**



(૧) ભિન્ન ભિન્ન મહાન સતા-સતી આત્માના જીવન-પ્રસંગોના;

(૨) જીવ, અજીવ,કર્મ,....વગેરેના ભેદ-પ્રભેદોના;

(૩) સમકિતના ૬૭ વ્યવહારના; (૪) અરિહંત પ્રભુના ૩૪ અતિશયોના;

(૫) ૧૪ ગુણસ્થાનકે બંધ-ઉદયના, એમ, (૬) માર્ગાનુસારીના ૩૫ ગુણોના;

(૭) ધર્મ-યોગ્યતાના ૨૧ ગુણોના; (૮) ભાવ શ્રાવકના ક્રિયાગત-ભાવગત ગુણોના, (૯) ચારિત્રની યોગ્યતાના ૧૬ ગુણોના......

વગેરે વગેરેના કેટલાય સદ્‌વિચારો ચલાવી શકાય. એમ,

(૧૦) એકેક સ્તવન-સ્તોત્ર સજ્ઝાયના કડી કડીના સંકલનાબદ્ધ ભાવોના સદ્‌વિચારો કરી શકાય.

**નાગકેતુનું ભક્તિબળ :-**

પહેલું શ્રદ્ધાબળ, સંકલ્પબળ અને ભક્તિરાગ ઊભા કરવાની જરૂર છે, એ માટે નાગકેતુ, સુલસા શ્રાવિકા, ગૌતમ મહારાજા, ચંડરુદ્રાચાર્યના શિષ્ય, રુક્મિ જેમા પરમોહિત થઈ એ રાજકુમાર,....વગેરેના આલંબન લેવાય, તો સંકલ્બળ-શ્રદ્ધા ભક્તિબળ ઊભા કરી શકાય છે. જુઓ, નાગકેતુને પ્રભુની પુષ્પપૂજા કરતાં કરંડિયામાંનો સર્પ કરડ્યો છે. ત્યાં નાગકેતુનું ભક્તિબળ કેવું કે, મન પોતાની કાયામાં ન લઈ જતાં વીતરાગ પરમાત્મામાં જ રાખ્યું, તે એટલું બધું કે સર્પદંશ પહેલાં કરતાં સર્પદંશ પછી પ્રભુ પર ભક્તિરાગ વધી ગયો ! વીતરાગતામાં વધુ એકતાન બન્યા, પ્રભુની વીતરાગતામાં લીન થયા, તે એ વીતરાગતાનું પોતાના આત્મામાં પ્રતિબિંબ ઝીલ્યું ! એમાં એકાગ્ર બનતાં શુક્લધ્યાન, અને ક્ષપકશ્રેણી લાગી, વીતરાગ સર્વજ્ઞ બની ગયા.

ત્યારે આપણે એમનું આલંબન લઈ એમનો આ પ્રસંગ વિચારીને ચિંતવીએ કે ''કેવી એની ભક્તિ ! આખું જગત યાવત્ પોતાની કાયાને ય છોડી પરમાત્મામાં એકતાન બની ગયા. કે વાહ પ્રભુ ! મારે તો તું જ એક આધાર, તું જ એક જીવન, તું જ મારે સર્વે સર્વા છે. જો

**નાગકેતુ આવા સર્પદંશના વિષમ પ્રસંગમાં વીતરાગ પ્રભુમાં પણ ઊછળતો ભક્તિભાવથી એકતાન થઈ શકે, તો હું ચાલુ નાની તકલીફના પ્રસંગોમાં કેમ પ્રભુ પાછળ ઘેલો ન થઈ શકું ?''**

**આમ ઉત્તમનાં આલંબને સંકલ્પબળથી પ્રભુભક્તિ વિકસે.**

**એમ સુલસા શ્રાવિકાનું શ્રદ્ધાબળ** નજર સામે રાખતાં મનમાં લવાય કે

'ધન્ય સુલસા ! શું તમારો પ્રભુ પર ભક્તિરાગ કે જાણે સાક્ષાત્ જીવંત બ્રહ્મા-શંકર-વિષ્ણુ-આકાશમાંથી ઊતાર્યા, આખું નગર જોવા ઊલટ્યું, પરંતુ

સુલસા ! તમને લેશ પણ આતુરતા ન થઈ કે લાવ, હું સહેજ જોઉં તો ખરી કે કેવાક છે એ ?' બીજી બાઈઓ તાણવા આવે છે, ઊઠ ઊઠ બાઈ સુલસા ! ઊઠ, તું બ્રહ્મા-ભગવાન શંકર-ભગવાન લક્ષ્મીદેવી સાથે સાક્ષાત્ આવ્યા છે, ચાલ જોવા.'

પરંતુ સુલસાનો એકજ જવાબ છે; "મારે મારા મહાવીર ભગવાનનું એટલું બધું જોવાનું છે, કે એ જોવામાંથી ઊંચી આવું તો મારે બીજાને જોવાની ફુરસદ હોય ને ? અને બાઈ જો ને, મહાવીર ભગવાનમાં જે છે એમાનું બીજા દેવોમાં અંશેય નથી,"

પ્રભુ પર આ ભક્તિ-રાગ શ્રદ્ધા-બહુમાન : બળ વિચારી સંકલ્પ-બળ ઊભું કરાય કે

**'હું ય કેમ પ્રભુ પર સુલસા જેવો ભક્તિરાગ, એના જેવું શ્રદ્ધાબળ ને બહુમાન ન ઊભો કરી શકું, કે જેથી જગતનું જોવાનાં અરમાન જ મરી પરવારે.'**

પછી જોવાનું ય શું ? આકર્ષવાનું ય શું ? ને એની પાછળ મરી ફિટવાનું ય શું ?

**ચંડરુદ્રાચાર્યનું નૂતન શિષ્યનું ગુરુભક્તિબળ :-**

ત્યારે ચંડરુદ્રાચાર્યના હમણાના દીક્ષિત શિષ્યની લાયકાત કેવીક ઊંચી ! ગુરુભક્તિરાગ કેટલો બધો તેજસ્વી ! આચાર્ય પાસે મશ્કરીમાં દીક્ષા માગી હતી. ક્યારે ? જ્યારે હજી તો હાથ પર તાજા લગ્નનું મીંઢળ છે ત્યારે ! છતાં ગુરુએ સાચેસાચ એના માથાના કેશનો લોચ કરી નાખેલો ! એટલે એણે પણ હવે મુંડાયા ભાઈ મુંડાયા કરી સાચેસાચ ચારિત્ર લઈ લીધેલ ! પરંતુ હવે એ પોતાના સ્વજનોથી ગુરુ ઉપદ્રવમાં ન મૂકાય એ માટે રાતોરાત ગુરુને લઈને જંગલના રસ્તે નીકળી પડે છે. અંધારે જમીનનાં ઊંચા નીચા ભાગમાં વૃદ્ધ ગુરુ ચાલતાં ખચકા ખાય છે, તેથી એ શિષ્ય પર ગુસ્સે થાય છે, 'હરામી ! આ મુકામમાં શાંતિથી બેઠા હતા તે એમને અહીં અંધારે ઠોકાવા લઈ આવ્યો ?

વર્ષોના સંયમી આ ગુરુ ગુસ્સે થાય છે ! ત્યારે આ હમણાંનો દીક્ષિત નવો સાધુ એટલો બધો સૌમ્યભાવ રાખે છે, કે એ કહે છે 'ગુરુજી ! ખરી વાત, આપને આ હું કષ્ટ આપી રહ્યો છું તેની ક્ષમા ચાહું છું. આપ તો મહાન પુરુષ છો, મને માફ કરો. આવો મારા ખભે બેસી જાઓ, આપને હું ઊંચકીને ચાલીશ જેથી આપને કષ્ટ નહિ પડે !'

ગુરુને એ ખભે ઊંચકીને ચાલવાનું કષ્ટ ઊપાડે છે, ને ઉપરથી અહોભાગ્ય માને છે કે વાહ કેવો સરસ યોગ ! દીક્ષા લઈને તરતમાં જ ગુરુજીને ઊંચકીને ચાલવાનો મહાન લાભ મળ્યો ! અહોભાગ્ય મારાં !'

શું છે આ ? ભક્તિબળ અને સંકલ્પબળ.



**ગુરુ સમજીને કર્યા છે, તો હવે જાતને ભૂલી ગુરુસેવા જ મન પર રાખવાની.**

અલબત પહેલાં પોતે દીક્ષા આપો.' એમ મશ્કરીમાં કહ્યું હતું, અને આચાર્યે લોચ કરી પણ નાખ્યો, કિન્તુ પછી કાંઈ આચાર્યે દીક્ષા આપવાનો બળાત્કાર નથી કર્યો. એ તો પોતે જ વિચાર્યું કે હવે જો મૂંડાયેલ મસ્તકે ઘરે જાઉં તો બધા મશ્કરી કરે. એના કરતાં હવે તો કેમ ? તો કે મૂંડાયા ભાઈ મૂંડાયા; મૂંડાયા તો દીક્ષા લઈ જ લેવી;- એમ વિચાર કરી દીક્ષા પોતે જ માગી લઈને આચાર્યને ગુરુ બનાવ્યા છે, એ સમજીને જ બનાવ્યા છે, શું સમજીને ? આજ કે-

**મશ્કરીમાં લોચ પછી વૈરાગ્ય ભરી સમજ :-**

"ભલે હસવામાંથી ખસવું થયું, પરંતુ તે લાભમાં જ છે. આમ મોહમાયા મુકાત નહિ, તે આ રીતે ય મુકાઈ જાય છે ને ? બહારની મોહમાયા તો અનંતીવાર કરી; નથી કર્યું પોતાના અંદરવાળાનું ભલું, તે આ અંદરવાળા મારા પોતાના આત્માનું ભલું કરવાનો મોકો મળી ગયો ! આમાં મુખ્યપણે કારણ તારણહાર ગુરુ છે, તો જીવનભર એમની ઉપાસના કરી લઉં. એમાં કઠણાઈઓ આવે, ગુરુનો ઉગ્રસ્વભાવ વેઠવાનું આવે, તો તેની ચિંતા નહિ કરવાની. બસ, ઘરે મોહાંધ અને દુર્ગતિમાં પટકનારી બૈરીની ઉપાસના કરતો બેસત, એના કરતાં આ ગુરુ તો જ્ઞાની, સ્વયં મોહમુક્ત, ને આપણને સદ્ગતિમાં ચડાવનારા ! એમની ઉપાસના શી ખોટી ? **ધન્ય ભાગ્ય મારાં કે તારણહાર ઉપાસના કરવા માટે સંયમી નિર્મોહી ગુરુ મળી ગયા !** બસ, જીવનભર ગુરુની ઉપાસના કરીને ભવસાગર તરી જાઉં."

-આ સમજ સાથે સંકલ્પ-બળ ઊભું કરી દીધું છે, ને વિશિષ્ટ ચિત્ત-પ્રણિધાન સરજી દીધું છે. હવે અહીં જંગલમાં ગુરુના ટોણાં મળે છે, તેથી શું ? **ઉપાસના કરવા માટે તો ગુરુ કર્યા છે, તો ગમે તેવી કઠણાઈમાં પણ એમની ઉપાસના જ કર્યે જવાની.**

"જીવન સાધ્ય ગુરુ-ઉપાસના બનાવ્યું છે, તો એમાંથી ચલિત નહિ થવાનું એમાં સ્થિતપ્રજ્ઞ જ બન્યા રહેવાનું." નિર્ધાર છે એટલે ગુરુને ખભે ઊંચકી ચાલવાનો મોકો આવ્યો તો એને વિશિષ્ટ ઉપાસના સમજી અહોભાગ્ય માને છે. પરંતુ આટલેથી ય પતતું નથી. અંધારી રાત છે, એટલે પોતાને રસ્તાના ઊંચા નીચા ભાગ દેખાતા નથી. તેથી સપાટ જમીન માનીને નીચી ખાડા જેવી જમીન પર પગલું મૂકવા જતાં આગળ આંચકો લાગે છે, તેમજ ઊંચી સહેજ ટેકરા જેવી ભૂમિ પર પગ પડતાં પાછળ આંચકો લાગે છે. એમાં ગુરુ શિષ્યના ખભે બેઠા હોવાથી ગુરુને ય આંચકા લાગે છે.

તેથી ગુરુ ગુસ્સે થઈ હાથમાંનો ડંડો શિષ્યના લોચ કરેલા માથા પર ઠોકે છે.

ત્યાં શિષ્યને ભારે વાગવા સાથે લોહીની ધાર છૂટે છે. ઉપરથી ગુરુનો ટોણો તૈયાર છે,- "પાપિયા ! આ સુખે બેઠા હતા, ત્યાંથી આ હચ્ચં-હચ્ચામાં લાવી નાખ્યા ? કયા ભવનો વૈરી મળ્યો ? જો ને ગધેડાની ચાલે ચાલવા શીખ્યો છે ?"

છતાં આ સંકલ્પ બળ અને વિશિષ્ટ ચિત્ત પ્રણિધાનવાળો નૂતન મુનિ નમ્રતાથી કહે છે, મારે તારણહાર ગુરુદેવ ! હું ભૂલ્યો, હવે બરાબર ચાલીશ, માથે પોતાને બધી બળતરા ગુરુએ ઊભી કરી છે, પણ તે વિસાતમાં નથી ! કેમકે એકજ લક્ષ છે,- ગુરુને શાતા આપી ઉપાસના કરવી છે. બરાબર ચાલીશ કહ્યું તો ખરું પણ અંધારે જંગલના ઊંચા નીચા રસ્તા પર શી રીતે બરાબર ચાલી શકે ? એટલે વળી ઊંચી-નીચું આવતાં વળી આંચકો લાગે છે. એટલે વળી ગુરુ વધારે ગુસ્સાથી શિષ્યના માથામાં ડંડો ઠોકી તડૂકે છે, હાય ! મારી નાખ, મારી નાખ, મને એમ કહેતા ગુસ્સો અપરંપાર છે, એટલે વળી માથામાં ડંડો લગાવે છે. ને ઉપસર્ગ ? કેવોક ? માથામાં લહાયો ઊઠી છે, માથું લોહીથી ખરડાઈ ગયું છે, છતાં શિષ્યની સંકલ્પબળવાળી ઉચ્ચ આત્મદશા દેખો.

**શિષ્યનો પ્રશસ્ત પશ્ચાત્તાપ :-**

એ જાતનો પશ્ચાતાપ કરે છે કે આ હું કેવો અજ્ઞાન ! કે રસ્તો દેખાતો નથી, અને ગુરુને ત્રાસ આપી રહ્યો છું ! ઉપાસના માટે ગુરુ કર્યા, તો ઉપાસનામાં તો ગુરુને શાતા આપવી જોઈએ, એના બદલે હું અભાગિયો એમને ભારે અશાતા આપી રહ્યો છું ? હાય ! મારી કેવી નાલાયકતા, ને હીનભાગિતા ! ગુરુદેવ બિચારા મુકામમાં શાંતિથી બેઠા હતા, એમને મેં લાવીને અશાંતિમાં નાખ્યા, મારા પૂર્વ ભવનાં કેવા દુષ્કૃત ! બસ, ઉપાસનાનું સંકલ્પબળ અને વિશિષ્ટ ચિત્ત-પ્રણિધાન ઊભું છે, તેથી મન એ ધ્યાનમાં સ્થિર બની ગયું, શુક્લધ્યાન ખૂલ્યું ! ક્ષપકશ્રેણિ લાગી ! મોહનીયકર્મનો નાશ કરી વીતરાગ બન્યા ! ને તરત જ બાકીના ઘનઘાતી કર્મોનો નાશ કરી સર્વજ્ઞ બન્યા ! એ ઉત્તમ શિષ્ય કેવળજ્ઞાન પામ્યા !

હવે તો કેવળજ્ઞાનથી રસ્તો સાફ દેખે છે, એટલે આડા અવળા પણ સપાટ રસ્તા પર ચાલવા લાગ્યા, આંચકા બંધ થઈ ગયા, ગુરુને શાતા વળી. એટલે ગુરુ બોલે છે, હવે કેમ બરાબર ચલાય છે ? ડંડાનો જ ઘરાક હતો, હવે ક્યાંથી સીધો રસ્તો દેખાય ?'

શિષ્ય કહે 'જ્ઞાનથી હવે રસ્તો ક્યાં ક્યાં સપાટ છે તે દેખાય છે. ગુરુ ચોંક્યાં પૂછે છે,- 'કયા જ્ઞાનથી ? શિષ્ય કહે - અપ્રતિપાતિ જ્ઞાનથી.'

**ગુરુનો પ્રશસ્ત પસ્તાવો :-**

આ સાંભળીને ગુરુ ક્યાં ઊભા રહે ? સાંભળતાં જ ગુરુ શિષ્યના ખભેથી



ઝટ નીચે કૂદ્યા, ભારે પસ્તાવો કરતાં હાથ જોડી ક્ષમા માગે છે, કહે છે, ભગવન્ ! ભગવન્ ! આ મેં શું કર્યું ? ક્ષમા કરો, ક્ષમા કરો, એટલામાં તો અજવાળા નીકળ્યા, અને જુએ છે તો શિષ્યનું માથું લોહીએ રંગાયેલું છે.' એટલે તો પશ્ચાત્તાપ ભારે વધી ગયો, હૃદય ભારે ગદ્ગદ થઈ ગયું. આંખમાં લોહીનાં આંસુ સાથે બોલે છે. 'અરરર ! એક તો નૂતન મુનિ લોચ કરેલું માથું ? આ વૃદ્ધ ઉંમરે આખા શરીરને આંચકા લાગે એટલે શું થાય ? ના, એમ વિવેક બતાવવા જાય, આશ્વાસન આપવા જાય, તો ગુરુનો પશ્ચાત્તાપ મોળો પડી જાય, શુભ અધ્યવસાયની ધારા વધતી ચાલી છે તે અટકી જાય.

કેવળજ્ઞાની મૌન છે, અને ગુરુ આચાર્ય વધતા શુભ ભાવમાં ધર્મધ્યાન ઉપર શુક્લધ્યાનમાં ચડી ગયા ! ચારે ય ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા ! કેવા શિષ્ય ! કેવા ગુરુ !

ગુરુ ભારે ગુસ્સાના સ્વભાવવાળા હતા, એમાંથી સીધા વીતરાગ સ્વભાવવાળા બની જાય છે ! સ્વભાવ ફરે ? પણ અહીં ફરી ગયો ને ? ફર્યો તે કેટલો બધો ફરી ગયો ? સામાન્ય ક્ષમાશીલ સ્વભાવ નહિ, પણ ક્ષાયિક ક્ષમાના કાયમી સ્વભાવવાળા બની ગયા ! તે પણ એકલો ક્રોધનો નાશ નહિ, કિન્તુ માન, માયા, લોભ, રાગ, દ્વેષ, હાસ્ય, શોક, રતિ, અરતિ વગેરે સમસ્ત કષાયોનો સંપૂર્ણ નાશ !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૪૫,તા.૨૮-૭-૧૯૮૪**

કહે છે કે પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય. શું પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય ? કે પ્રાણ ઊભા રહે અને પ્રકૃતિ જાય ખરી ? કહો,

**પ્રકૃતિ બદલવાના વિશિષ્ટ ચિત્ત-પ્રણિધાન સાથે દૃઢ સંકલ્પ થાય ને એ સંકલ્પને બળવાન બનાવાય, તો પ્રકૃતિને બદલ્યે જ છૂટકો.**

**પ્રકૃતિ બદલ્યાના દાખલા :-**

જુઓ પૂર્વ પુરુષોના જીવન; પ્રકૃતિ બદલ્યાના ઢગલાબંધ પ્રસંગ જોવા મળે છે. દા.ત.

(૧) **ચંડકોશિક** સાપનો અવતાર કેવો ક્રોધિલો સ્વભાવ ? પણ ભગવાનના બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા !' એવા વચનથી એને જાતિસ્મરણ થતાં એણે ક્રોધિલી જન્મસિદ્ધ પ્રકૃતિને પણ ઠુકરાવી દીધી ! શી રીતે ? કહો વિશિષ્ટ ચિત્ત પ્રણિધાન અને સંકલ્પ બળથી. કીડીઓ એના શરીરને છિદ્રે છિદ્રે ચટકી રહી છે, શરીરની

અંદરની અંદરમાં પેસીને તીક્ષ્ણ ચટકા મારી રહી છે, પણ ગુસ્સો કરે એ બીજાં. પંદર દિવસ ઘોર પીડા સહતો રહ્યો. મોત આવ્યું, ત્યાં સુધી સહતો રહ્યો, પણ લેશમાત્ર ગુસ્સો ન કર્યો. મારે ક્રોધ કરવો હરામ છે, એવા દૃઢ સંકલ્પના બળ ઉપર પ્રકૃતિ શું કરે ?

**પ્રકૃતિનું કાંઈ ઊપજ્યું નહિ. પ્રાણ ઊભા છે, ને સંકલ્પબળથી પ્રકૃતિ બદલાઈ ગઈ !**

પૂછો,- **પ્ર.**- ચંડકોશિકને આવું સંકલ્પબળ શી રીતે આવ્યું ?

**સંકલ્પબળનો ઉપાય :-** ઉ.- સંકલ્બળ એ રીતે આવ્યું કે, એણે જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વના સાધુભવમાં કરેલ ગુસ્સાનું ભયંકર પરિણામ અહીં જોયું, તેથી હવે નવો ગુસ્સો કરી ભાવી ભયંકર પરિણામ ઊભું કરવું નથી. એટલે ગુસ્સો ન કરવાનો દૃઢ સંકલ્પ કર્યો, નિર્ધાર કર્યો, આ સંકલ્પબળ ઊભું કરી કીડીઓના ચટકા સહન કરવાનું શરૂ કર્યું. પૂર્વનું સાધુજીવન યાદ આવ્યું છે. એટલે એમાં જે શાસ્ત્રમાંથી શીખેલા કે ક્રોધે ક્રોડ પૂરવતણું સંયમ ફળ જાય એ નજર સામે તરવરે છે; તેથી સંકલ્પબળ પ્રગટ્યું છે, ક્રોડ પૂર્વ વર્ષો સુધી સંયમ પાળ્યું હોય, એનું ફળ કેટલું બધું મોટું હોય ?

**સંયમના ફળમાં શું આવે ?** (૧) સંયમમાં મહાવ્રતો પાળ્યા, (૨) સાધ્વાચારો આચર્યા; (૩) પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિ આરાધી; (૪) સાધુની દશવિધ સામાચારી પાળી; (૫) શાસ્ત્રોના ભરચક સ્વાધ્યાય કર્યા; વગેરે વગેરે બધું સંયમ કહેવાય. એના ફળમાં શું શું આવે ? કહો,-

(૧) પહેલા નંબરમાં, ઉપશમભાવ અને ઉદાસીનભાવની આંતરિક વિશુદ્ધિ આવે. જેમ જેમ સંયમ પળાતું જાય, તેમ તેમ આ આંતરિક ઉપશમભાવ-ઉદાસીનભાવની વિશુદ્ધિ વધતી જાય.

(૨) બીજા નંબરમાં, જન્મ જન્માંતરના અઢળક પાપકર્મો અને અશુભ અનુબંધોનો ક્ષય, એ સંયમનું ફળ.

(૩) ત્રીજા નંબરમાં ફળ-અઢળક શુભ અનુબંધ ઊભા થાય.

(૪) ચોથા નંબરમાં ફળ વૈમાનિક દેવલોકનાં અઢળક પુણ્ય બંધાય. ક્રોડ પૂર્વ વર્ષોનાં સંયમનાં આ ફળ નષ્ટ કરવાની તાકાત અનંતાનુબંધી ક્રોધમાં છે. ત્યારે,

**અનંતાનુબંધીના ક્રોધ આદિ કષાય શેનો શેનો નાશ કરે ?**

(૧) ક્રોડ પૂર્વ વર્ષો સુધી ઝગમગાવેલ ઉપશમભાવ અને ઉદાસીનભાવો નાશ.

(૨) નવાં જોરદાર પાપકર્મ એવાં ઊભાં કર્યા કે જેની આગળ પૂર્વે સંયમથી



કરેલ પાપકર્મ ક્ષય વિસાતમાં ન રહ્યો. જેમ, ગાઢ મળદોષની કે સંગ્રહણીની બિમારીમાં સો દિવસ કડક પથ્ય-પરેજી પાળી પાળીને મળદોષનો જ્યારે ક્ષય કર્યો હોય, પરંતુ એકજ વાર ભારે કુપથ્ય સેવી લે, તો પૂર્વે કરેલ વ્યાધિક્ષય વિસાતમાં રહેતો નથી. એમ અહીં અનંતાનુબંધી ક્રોધથી બંધાતા ભારે પાપકર્મની આગળ પૂર્વનો પાપક્ષય વિસાતમાં રહેતો નથી; એટલે એમ કહેવાય કે જાણે પાપક્ષયનો જ નાશ થઈ ગયો !

(૩) એમ, નવા પાપકર્મની સાથે આ અનંતાનુબંધી ક્રોધથી નવા પાપાનુબંધ એવા ઊભા થાય છે કે પૂર્વે સંયમથી સાધેલા અઢળક શુભાનુબંધ પુણ્યાનુબંધ પણ નષ્ટ થઈ જાય છે. તીવ્ર ક્રોધનો ભાવ એ તીવ્ર અશુભ ભાવ છે. એની તાકાત આ છે કે, એ પૂર્વના શુભ અનુબંધોને તોડી નાખે. આમ ક્રોધથી સંયમજનિત શુભાનુબંધોનો નાશ થાય.

(૪) ક્રોધથી તીવ્ર પાપકર્મો જે બંધાય છે, એમાં પૂર્વના કેટલાય પુણ્યકર્મો સંક્રમિત થઈ નષ્ટ થાય છે. આમ પૂર્વના સંયમજનિત પુણ્યનો સંક્રમથી નાશ થાય. પૂર્વ પુણ્યકર્મનો વર્તમાનમાં બંધાતા પાપકર્મમાં સંક્રમ થવાથી પૂર્વના પુણ્યનો નાશ.

આ પરથી સમજાશે કે જ્ઞાની ભગવંતો જે કહે છે કે, 'ક્રોધે ક્રોડ પૂરવતણું સંયમફળ જાય' એ ખોટું નથી. અગ્નિશર્માએ છેલ્લે છેલ્લે રાજા ગુણસેન પર ક્રોધ કર્યો તો એના લાખો પૂર્વના સમતાભાવે સેવેલા માસખમણમના પારણે માસખમણના તપ એળે ગયા ! એનો લાખો પૂર્વનો સમતાભાવ રદબાતલ થઈ ગયો ! એનું ફળ નષ્ટ ભ્રષ્ટ થઈ ગયું !

**અતિ અલ્પ સમયના ક્રોધથી આ ભયંકરતા ?**

હા, એક નાની પણ અગ્નિની ચિનગારી જંગી મોટી ઘાસની ગંજીને બાળીને ભસ્મસાત્ કરે છે.

નહેરો માટેના જંગી મોટા બંધમાં એક નાનું ગાબડું પડે તો એજ સંગૃહીત કરેલા પાણીના પૂર વહી ચાલીને ગામડાનાં ગામડા તારાજ કરી નાખે છે.

સેંકડો દાવ રમી કરોડપતિ થયેલ જુગારી એકજ દાવમાં સહેજ ગફલત કરતાં કરોડે કરોડ પૂરા ગુમાવી દે છે. આવા તો ઢગલો દાખલા કે જેમાં વિરોધી થોડુંક તત્ત્વ ઘણા બધાનો નાશ કરી નાખે. એમ ક્રોધ ક્રોડ પૂર્વના સંયમ ફળનો નાશ કરી નાખે એ અ-ઘટમાન અસંગત નથી, સંગત છે. આ હિસાબે જાતનો વિચાર કરવા જેવો છે કે,

**ગુસ્સો કેટલો કરવા જોઈએ છે ? ને કેટલીવાર કરવા જોઈએ છે ?**

તો પછી એમાં ૫-૫૦ વરસના સાધેલા દેવદર્શન પૂજા અને મામૂલી ત્યાગ

તપ વ્રત નિયમરૂપી ધર્મનું ફળ કેટલું સલામત રહેવાનું ? ક્રોધથી મોટા મહારથી તપ અને સંયમધર્મનાં ફળ નષ્ટ થાય, તો આપણા મામૂલી ધર્મનાં ફળ નષ્ટ ન થાય ? આવી ભયંકરતા ક્રોધ કરીને આપણી જાતે જ ઊભી કરવાની ?

**આપણને અથાગ પુણ્યે મળેલા મહા કિંમતી મનનો આ જ ઉપયોગ કરવાનો કે આવા મોંઘેરા મનથી વર્ષોના ધર્મફળને નષ્ટ કરનારા ભયંકર દુષ્ટ ક્રોધ પિશાચને પોષવાનો ?**

**ક્રોધથી બેવડું નુક્સાન :-**

જરાક જરાકમાં ગુસ્સો કરનારને આ ક્યાં વિચારવું છે કે, (૧) આ જેની ખાતર હું ગુસ્સો કરું છું એ તો બહુ તુચ્છ બહુ મામૂલી ચીજ છે, પરંતુ આ ક્રોધ મારા સાધેલા ધર્મથી મળનારા મહાકિંમતી ફળનો નાશ કરી દે છે ? તો શું આ કિંમતી ફળના ભોગે વર્તમાનની મામૂલી વસ્તુને સાચવવા ગુસ્સો કરવાનો ?

(૨) વળી પરલોકના મહાન ધર્મ-ફળ નષ્ટ થાય એટલું જ નથી, પરંતુ ક્રોધથી ભાવી દુઃખદ દુર્ગતિઓ અને એમાં કારમા દુઃખો ઉપરાંત ભયંકર પાપ-લેશ્યાઓ અને પાપાચરણો કેવા ચાલવાના ? શું આનો વિચાર આવો રુડો માનવભવ, ચકોર માનવમન અને જૈન ધર્મ પામીને પણ નહિ કરવાનો ?

ચંડકોશિયો ક્રોધનાં આ જાલિમ પરિણામ દેખે છે, તેથી દૃઢ સંકલ્પ કેમ ન કરી શકે કે ગમે તે થાઓ ક્રોધ નહિ કરવાનો ? સેંકડો હજારો કીડીઓથી ચવાવા છતાં સંકલ્પને વધુ બળવાન બનાવી મનમાં જરાય ક્રોધ લાવતો નથી.

## રાજકુમારનું સંકલ્પબળ

મહાનિશીથ સૂત્રમાં સ્ત્રી રાજા રુક્મિના ચરિત્રમાં બ્રહ્મચારી રાજકુમારનો પ્રસંગ આવે છે. રુક્મિને સારી બ્રહ્મચારિણી હોવાનું સાંભળીને એના પવિત્ર દર્શને એની રાજસભામાં એક રાજકુમાર દાખલ થાય છે, ને બેઠક પર ગોઠવાઈ જાય છે. ત્યા રુક્મિની નવા આગંતુકો પર નજર ફેરવતાં જ્યાં આ રાજકુમાર પર એની દૃષ્ટિ પડી ત્યાં આનું અતિ સુંદર રૂપ જોઈને મોહિત થઈ. એના પર રાગની દૃષ્ટિ નાખે છે....એ જ વખતે રાજકુમાર વિચારે છે કે અરે ! ધિક્કાર પડો આ મારા રૂપને ! રૂપાળા શરીરને ! કે એણે આ બિચારી એક બ્રહ્મચારિણી બાઈને ભુલાવી ! બસ, આપઘાત કરી દઉં, પરંતુ એમાં આ શરીરથી સાધી લેવાનું રહી જાય, માટે વિધિપૂર્વક સંયમ અને તપથી શરીરનો કસ ખેંચી લઈ આ રૂપને અને રૂપાળા શરીરને ક્રમશઃ ઉતારી નાખી છેવટે અંતિમ અનશન કરી લઉં, તરત એ ‘માફ કરજો, અહીં હું નહીં રહી શકું’ કહીને ત્યાંથી ઊઠી ચાલ્યો ગયો; બીજા



રાજ્યમાં ગુરુની શોધ માટે રાજાનો મહેમાન બન્યો

રાજા પૂછે ક્યાંથી પધાર્યા ?’

આ કહે- ‘એક રાજ્યમાંથી’

રાજા પૂછે છે,- ‘કોના રાજ્યમાંથી ?’

રાજકુમાર કહે ‘નામ પૂછશો નહિ. દુરાચારીનું નામ સાંભળશો તો આજે ખાવાથી ટળશો.’

રાજા- ‘એમ ટળતું હશે ?’

આ કહે,- ‘હા, હું બરાબર કહું છું.’

રાજા કહે,- ‘ભલે ટળે, કહો.’

આ કહે,- ‘આગ્રહ રહેવા દો. હું ખરું કહું છું. ભોજન વિનાનાં રહેશો !’

રાજા કહે,- ‘ઓહો ! એટલામાં શાનું ભોજન ટળે છે ? ઊભા રહો, ભોજન મંગાવું છું. એ આવે પછી નામ બોલો.’ કહી માણસ પાસે ભોજનના બે થાળ મંગાવ્યા, હાથમાં કોળિયો લઈ કહે,-‘બોલો હવે નામ; અખતરો કરવો છે.’

તો ય રાજકુમાર કહે ‘રહેવા દો. અખતરો કરવામાં સાર નહિ નીકળે.’

તો ય રાજાનો આગ્રહ થતાં કુમાર જ્યાં નામ બોલે છે કે રુક્મિના રાજ્યમાંથી. એટલામાં તો રાજા કોળિયો મોંમાં મૂકવા જાય એ પહેલાં જ નીચે બહારમાં ભયંકર કોલાહલ ઊઠ્યો ‘નાસો,’ ‘ભાગો,’ ‘મારો,’ ‘પકડો,’ક્યાં ગયો એ રાજા હરામી ?’...

શું હવે રાજા જમવા બેસે ? હાથનો કોળિયો પડી ગયો નીચે ! રાજાના હોશકોશ ઊડી ગયા. લાગ્યું ‘દુશ્મનનું લશ્કર નગરમાં ઘૂસી ગયું છે ને સુભટો ઠેઠ મહેલની નજીક આવી ગયા છે. હવે રાજા ત્યાં શાનો ઊભો રહે ? એ તો સીધો મહેલના ગુપ્ત ભાગમાં જ્યાંથી જમીનની અંદર સુરંગ ખોદાવી રાખેલી હતી, અને તે સુરંગ ભૂગર્ભમાં જ નગરની બહાર દૂર જંગલની અંદર નીકળી હતી, એ સુરંગમાં જ ઊતરી ગયો ! ન મહેમાનને સંભાળવા રહ્યો, કે ન પરિવારને, કે ન ખજાના ઝવેરાતને સંભાળવા રહ્યો !

કેવી ગોઝારી સ્વાર્થાંધ દશા ? મહેમાનની ખબર ન લે ? એમને સાથે ન લે ? મહેમાન તો ના જ કહેતા હતા ‘દુરાચારીનું નામ ન બોલાવો, છતાં આગ્રહથી બોલાવ્યું ને આફત ઉતરી પડી ! આમ પોતાના વાંકે હવે મહેમાન પર પણ આપત્તિ આવી છે, તો એમની તો સંભાળતા કરવી જ જોઈએ ને ? રક્ષણ માટે સુરંગમાં એમને તો સાથે લેવા જ જોઈએ ને ? પણ સ્વાર્થાંધ રાજા એમને ય મૂકીને પોતે એકલો સીધો સુરંગમાં ચાલ્યો ગયો.

**સ્વાર્થ માયા માણસને કેટલો બધો નીચી પાયરીએ ઉતારી કેવો અધમ**

**કનિષ્ઠ કોટિનો બનાવી દે છે ?**

આપણું આત્મદ્રવ્ય કનિષ્ઠ કોટિનું અધમાધમ કોટિનું બને એની કશી ચિંતા જ નહિ ? એનું કશું દુઃખ નહિ ? તે આપણી જાતે જ એને અધમાધમ બનાવીએ ? શેની ખાતર ? એવી તુચ્છ વસ્તુની ખાતર કે જે માત્ર આ જીવનમાં ઉપયોગી અને આંખ મીંચ્યે ડૂબ ગઈ દુનિયા હોય ! ત્યારે અધમાધમ બનાવેલ આત્મદ્રવ્ય લઈને પરલોક ચાલવાનું તે જન્મોજન્મ દુઃખિત અને દુષ્ટ બન્યો રહેવાનો.

ત્યારે, સ્વાર્થાંધને અહીં પણ શું છે ? એની અધમચેષ્ટામાં અહીં પણ એ લોકમાં નિંદાય છે, તેમજ સ્વાર્થ-માયામાં ક્યારેક તો એવી વિટંબણામાં ફસાય છે કે, લોકમાં ભોંઠો પડે, અને બીજાની સહાય પણ ન પામે !

એથી ઊલટું સ્વાર્થમાયા ગૌણ રાખી પરાર્થ-રસિક બનવાથી અવસરે કર્મજનિત વિટંબણામાં બીજાઓ સામેથી સહાય કરવા આવે છે ! પણ

**આવા પરાર્થરસિક બન્યા રહેવા માટે સંકલ્પબળ જોઈએ.**

**દઢ સંકલ્પ જોઈએ તો જ અવસરે પરાર્થ પહેલો યાદ આવે.** રાજામાં આ સંકલ્પ-બળ હતું નહિ, તેથી પોતે જ ઊભી કરેલી આપત્તિમાં મહેમાનને જીવલેણ પ્રસંગમાં છોડી દઈ, પોતે પોતાનો જીવ બચાવનાર સુરંગમાં ઊતરી પડ્યો ! આ આ અધમાધમતા આપણા જીવનમાં આવવા ન દેવી હોય તો પરાર્થ-વૃત્તિનું સંકલ્પ-બળ પહેલું ઊભું કરવું જોઈએ, અને એનો નાનો નાનો પણ અમલ કરવો જોઈએ.

અસ્તુ રાજા તો પેલા બ્રહ્મચારી રાજકુમારને નિરાધાર છોડીને ગયો; પરંતુ હવે જુઓ કે રાજકુમારનું સંકલ્પબળ કેટલું અદ્‌ભુત કામ કરે છે ! ને એને કેવો ચમત્કારીક બચાવ આપે છે !

રાજા તો ગયો, હવે કુમારને બહાર નીકળી જવું છે, એથી જ્યાં દરવાજા તરફ આવવા જાય છે, ત્યાં બહારમાં 'મારો કાપો, પકડો રાજાને,' નો કોલાહલ સંભળાય છે, તો નીકળી જવું શી રીતે ?

અહીં કુમાર જરાય ગભરાયા વિના એક વિચાર કરે છે,-

**મેં એક પરીક્ષા અબ્રહ્મચર્યની દુરાચારની તો જોઈ, પરંતુ હવે બ્રહ્મચર્યની પરીક્ષા જોઉં !**

એમ વિચારી સંકલ્પ કરે છે કે જો મારા બ્રહ્મચર્યનો પ્રભાવ હોય તો હું આ તલવાર ભાલા બરછીવાળા ટોળા વચ્ચેથી ખેમ ને કુશળ બહાર નીકળી જાઉં.'

પોતાના બ્રહ્મચર્ય પર કેટલો બધો વિશ્વાસ હશે કે, આવો સંકલ્પ કરે છે ? કરે છે એટલું જ નહિ, પણ બહાર જ્યાં સામે સશસ્ત્ર અને બૂમો પાડતું ટોળું ચાલ્યું આવતું દેખાય છે, ત્યાં એ વિના ગભરાટે ચાલવા માંડે છે.



બ્રહ્મચર્યનો આવો વિશ્વાસ બ્રહ્મચર્યના કેવાં પાલન પર ? કહો, જીવનમાં સમજણ અવસ્થામાં વિકારોની અવસ્થામાં આવ્યા પછી એક પણ પરસ્ત્રીને એકવાર પણ જોવાની લેશ પણ ઇચ્છા આતુરતા ન કરી હોય ત્યારે. અરે ! જોવાની ઇચ્છાની વાત શી, સ્ત્રીશરીરનો કદાચ અશુચિત્વ ભાવનાથી કે વૈરાગ્ય ભાવનાથી વિચાર આવ્યો હોય એ જુદી વાત, પરંતુ રાગથી એ કેવું, એનો લેશ પણ વિચાર આવવા ન દીધો હોય, ત્યારે પોતાના બ્રહ્મચર્યનો વિશ્વાસ રહે. કારણ ?

કુમાર સમજે છે કે

**સ્ત્રીનું દર્શન, સ્ત્રીસાથે વાતચીત કે સ્ત્રીનું સ્મરણ વગેરે ખતરનાક છે.**

એકવાર પણ એ અનુભવ કર્યો તો એના મનમાં સંસ્કાર સ્થાપિત થઈ જાય છે. કેમકે એ દર્શનાદિ જાણી જોઈને કર્યું, એટલે રાગથી ખેંચાઈને કર્યું, બસ, રાગની જ મોટી મોંકાણ છે. રાગથી ખેંચાઈને બોલો, રાગથી ખેંચાઈને ચાલો, રાગથી ખેંચાઈને વિચારો, રાગના તણાયા કશુંક જુઓ, ચાખો-સુંઘો-સ્પર્શો,...એટલે એના આત્મા પર ઘેરા સંસ્કાર પડી જાય છે. પછી અવસર આવતાં એ સંસ્કારના ઉદ્‌બોધક નિમિત્ત પામીને એ સૂતેલા સંસ્કાર-ભોરિંગ જાગ્રત થઈ જાય છે, ને રાગભર્યા સ્મરણ કરાવે છે, ને નવો અનુભવ કરવા પ્રેરે છે. આમ, **રાગ સિંચાયો-પોષાયો રહેવાથી સંસાર અબાધિત ચાલ્યા કરે છે.**

માટે ધર્માત્માએ ખરી સાવધાની આ જ રાખવાની, કે-

**ધર્માત્માની સાવધાની :- 'પુદ્‌ગલના શબ્દ-રૂપ-રસાદિ જે ગુણનો જીવને રસ હોય એનું દર્શન-શ્રવણ-સ્મરણ ન જ કરું એવો દઢ સંકલ્પ ને એનું પાલન જોઈએ.'**

**વિકથા કૂથલી કેમ ભયંકર ?** આટલા જ માટે, કે એ સાંભળો એટલે તે તે વિષયના રાગ-દ્વેષ થવાના, અને કુસંસ્કાર પડવાના, એ કુસંસ્કારો પર ભાવી જીવનમાં ખરાબીઓ આવવાની. જીવ વિકથા-કૂથલીથી શું કમાયો ? રાખ ને ધૂળ; કશું સારું કમાયો નહિ. ખરાબીઓ નોતરી ! માટે જ બહેતર આ છે કે રસવાળા વિષયના દર્શન-શ્રવણ-સ્મરણ ન કરવા.

પેલા રાજકુમારે, 'બ્રહ્મચર્ય એટલે બ્રહ્મચર્ય, એને અણીશુદ્ધ પાળવાનું, નવ વાડો સાચવીને પાળવાનું; ક્યારેક ય પણ મનમાં ય સ્ત્રીતત્ત્વ પેસવા જ નહિ દેવાનું,' આ માનસિક દઢ સંકલ્પ દઢ નિર્ધાર રાખ્યો છે. એવા નિર્ધારપૂર્વક કુમાર બ્રહ્મચર્ય પાળી રહ્યો છે. એટલે જ જ્યાં રૂપાળી રુક્મિએ એના તરફ સ્વયં રાગથી જોયું છે, આકર્ષાઈ છે, ત્યારે પોતે એ પ્રમાણે તાકીને જોઈ રહેવાની તો વાત નહિ, પણ ત્યાંથી ઊભો જ થઈ જઈ ચાલતી પકડે છે.

આવી મોટી રાજા રુક્મિ ચાહીને આકર્ષાઈ. જુઓ તો પોતાને એના પર

રાગની એક મીટ માંડવાનું મન ન થાય ? ના; ભય છે કે, રખે ને મારું શીલરત્ન મેલું થાય તો ?' એટલે અગમચેતીથી એનાથી દૂર જ રહેવાની વાત. એટલે તો રાજકુમાર તરત ઊઠીને ચાલતો થઈ ગયેલ.

**સંકલ્પબળે બ્રહ્મચર્ય :-** રાજકુમાર સંકલ્પ-બળથી નૈષ્ઠિક એટલે કે પોતાની હૃદયની નિષ્ઠાથી બ્રહ્મચર્ય પાળ્યું છે, પાળતો આવ્યો છે, અબ્રહ્મની એને ભારે સૂગ છે, અરુચિ છે, નફરત છે. તેથી જ પોતાના બ્રહ્મચર્ય પર ભારે વિશ્વાસ છે. જ્યાં એ 'મારા બ્રહ્મચર્યના પ્રભાવે હું ખેમકુશળ બહાર નીકળી જાઉં.'- એમ સંકલ્પ કરી. આગળ પગલું ઉઠાવે છે, ત્યાં જ 'ટોળું મારો, કાપો, પકડો રાજાને,' કરતું કુમારને દૂરથી દેખી એને ખુદ રાજા સમજી મારવા દોડતું આવતું હતું, અને હાથ શસ્ત્ર સાથે ઊંચા હતા, એટલા માટે કે સામાને ઝટ ઘા ઠોકી શકાય. કુમારના બ્રહ્મચર્ય અને સંકલ્પના પ્રભાવે એ સશસ્ત્ર હાથ આકાશમાં ઊંચા જ સ્થિર થઈ ગયા ! અને પગ પણ જ્યાં હતા ત્યાં જ સ્થિર સજ્જડ થઈ ગયા; ન તો ડગલું આગળ ચાલી શકે, કે ન પાછળ ખસી શકે ! એવી અદ્ધર હાથની સ્થિતિ થઈ ! સહેજ પણ ન વાળવાની કે ન નીચા ઉતારવાની શક્તિ. આખા લશ્કરની આ સ્થિતિ જોઈ રાજકુમાર ચમકી ગયો ! એને વિચાર આવે છે,-

**બ્રહ્મચર્યની પરીક્ષા પર ચમત્કાર :-**

'અહો આ શું ? બ્રહ્મચર્યનો આટલો બધો પ્રભાવ ? આટલી બધી તાકાત ? આખા લશ્કરને સ્તંભિત કરી શકે ? વાહ રે મારું બ્રહ્મચર્ય ! વાહ રે એ ઉપદેશનારી જિનવાણી ! વાહ રે મારા પ્રભુ જિનેશ્વર ભગવાન ! તમે આ વાણી પ્રકાશો છો ? પ્રભુ ! પ્રભુ ! તમારી મારા પર અને આખા જગત પર કેટલી બધી દયા કે આવા અનુપમ બ્રહ્મચર્યની બક્ષીસ કરી ! એકલું બ્રહ્મચર્ય જ શું, નાથ ! તમારી સૂક્ષ્માતિસૂક્ષ્મ અહિંસા સત્ય વગેરે ધર્મની અને ક્ષમા-નમ્રતા વગેરે ગુણોની તથા શમ-સંવેગ આદિ અને મૈત્રી કરુણા આદિ શુભ ભાવોની કેટકેટલી અને કેવી અદ્ભુત બક્ષીસ !'

**જિન-જિનમતની અનુમોદના પર અવધિજ્ઞાન :-**

બસ, રાજકુમાર, અરિહંત ભગવાન એમનું પ્રવચન તથા બ્રહ્મચર્યાદિ ધર્મોની, એટલી બધી અનુમોદના ગદ્ગદ હૈયાથી અને અહોભાવથી કરવા લાગ્યા, કે ત્યાં એમના અવધિજ્ઞાનાવરણ-કર્મ તૂટ્યાં અને અવધિજ્ઞાન પ્રગટ થઈ ગયું ! અને અવધિજ્ઞાનથી જે જોયું એથી તો ક્ષણભર મન ચોંકી ઊઠ્યું ને ત્યાં જ મગજ ઘૂમતાં નીચે બેસી પડ્યા, અને બેભાન થઈ ગયા !

જ્ઞાનાવરણ કર્મ શી રીતે તૂટે છે ? માત્ર ગોખવા-ભણવા અને વાંચ વાંચ કરવાથી તૂટે છે ? નહિ, મહા ત્યાગથી તૂટે, તપથી તૂટે, ભારે વિનય-વૈયાવચ્ચ



બહુમાનથી તૂટે, ઉચ્ચ અહોભાવ-ગદ્ગદતા-અનુમોદના અને આરાધનાથી પણ જ્ઞાનાવરણીય કર્મ તૂટે છે. મદનરેખા સાધ્વી, આનંદ શ્રાવક, મહાશતક શ્રાવક, ધર્મદાસ ગણી મહારાજ વગેરે વગેરે એમ જ અવધિજ્ઞાન પામેલા.

**દેવોનું આગમન :-** અહીં રાજકુમાર અવધિજ્ઞાન પામ્યા છે એટલે આકાશમાંથી ઝનનન, ઝનનનના વાજિંત્રનાદ સાથે દેવતાઓ ઊતરી રહ્યા છે.

પેલા લશ્કરના સુભટો જોઈને સ્તબ્ધ જ થઈ જાય છે કે આ શું ? આમ તો કુમારની, મારા બ્રહ્મચર્યનો પ્રભાવ હો તો હું ખેમકુશળ બહાર નીકળી જાઉં.' એ ઘોષણા પર લશ્કર આખાના હાથ પગ સજ્જડ સ્થિર થઈ ગયેલા, તેથી તો સુભટો સ્તબ્ધ થઈ જ ગયેલા ! પરંતુ, અહીં આકાશમાંથી વાજિંત્રનાદ અને જય હો અવધિજ્ઞાની મહાત્માનો ! જય હો અવધિજ્ઞાની મહાત્માનો ! એવા પોકાર સાથે દેવતાઓને નીચે ઉતરતા જુએ છે, એટલે વળી ગજબ ચકિત થઈ ગયા છે કે- 'આ તે કેવો ગજબનો પુરુષ કે આપણને બધાયને હાથપગેથી સ્તંભિત કરી દે, અને દેવતાઓ એની સેવામાં ઊતરી પડે !'

દેવતાઓ નીચે ઊતરી સાધુવેશ હાથમાં લઈ રાહ જોતા ઊભા છે કે ક્યારે કુમાર ભાનમાં આવે અને એમને આ વેશ આપીએ, એ સ્વીકારી લે, એટલે એમને વંદન કરીએ, દેવોને આ રિવાજ કે ગૃહસ્થપણે અવધિજ્ઞાન શું, કે મોટું કેવળજ્ઞાન પામેલા શું, પણ પહેલાં એમને મુનિવેશ આપે, પછી વંદન કરે.....

**દેવો તરફથી મુનિવેશ :-** કુમારની આગળ વાજિંત્રો વગાડતા અને જય હો અવધિજ્ઞાની મહાત્માનો એવો નારો લગાડતા દેવતાઓ ઊભા છે, ત્યાં કુમારની મૂર્ચ્છા ઊતરી, બેઠા થયા, આ દેવોની ભક્તિનું દૃશ્ય જુએ છે, પણ એમને ચમકારો નથી થતો. કેમકે અવધિજ્ઞાન પામી મહા ગંભીર બનેલા છે. દેવતા વિનંતી કરે છે ભગવન્ ! આ મુનિવેશ સ્વીકારો.'

રાજકુમાર તરત એ સ્વીકારી લે છે, જીવનભરનું ચારિત્ર ઉચ્ચરી લે છે, ને દેવતાઓ વંદના કરે છે; તેમજ સુવર્ણ કમલ રચી આ અવધિજ્ઞાની મહર્ષિને વિનંતી કરે છે,- ભગવન્ ! બિરાજો આ સુવર્ણ કમળ પર, અને અમને ધર્મનો બોધ આપો.'

**સુભટોને આકર્ષણ :-**

અવધિજ્ઞાની કુમાર મહર્ષિ સુવર્ણ કમળે બિરાજમાન થાય છે. પેલું લશ્કર સ્તંભિત હતું, તે છૂટું થયું, પણ હવે મજાલ છે કે 'મારો કાપો', બોલે ? યા યુદ્ધનું માનસ રાખે ? ના, કેમકે (૧) પહેલું તો દેવતાઓથી ગભરાય કે 'બાપ રે ! હવે જરાક પણ આપણે અજુગતું જો બોલ્યા કે કર્યું, તો દિવ્ય શક્તિવાળા આ દેવતાઓ

આપણા બાર જ વગાડી નાખે ! અને (૨) બીજું અહીં સરજાયેલ ચમત્કારોથી એમનાં ક્રૂર હૈયાં માખણ જેવા કોમળ બની ગયા છે, એમને નમ્રતા સાથે ભારે આકર્ષણ ઊભું થઈ ગયું છે. લડાઈનું માનસ જ પલટાઈ ગયું.

**સ્વ-પરરાજાનું આગમન :-** કેટલાક સુભટ પોતાના રાજાને ખબર દેવા ગયા, ને સમાચાર કહ્યા તો રાજા ય આભો બની જઈ સપરિવાર ખેંચાઈ આવ્યો ! અહીંનો સુરંગમાં પેઠેલો રાજા પણ કોક અણસારો મળતાં, સુરંગની બહાર નીકળી પરિવાર સાથે ત્યાં હાજર થાય છે. ત્યાં અવધિજ્ઞાની મહર્ષિની સભા કેવીક બની હશે ! સુવર્ણ કમલ પર અવધિજ્ઞાની મહર્ષિ, એક બાજુ દેવતાઓ, બીજી બાજુ બંને રાજાઓ, બંનેના લશ્કર, પ્રજાજનો, અદ્ભુત મેળો ! ને ત્યાં મહર્ષિની ધર્મ દેશના ચાલી છે. એ શું કામ નહિ કરે ?

આ બધાના મૂળમાં શું ? રાજકુમારનું દઢ સંકલ્પ બળ સાથે બ્રહ્મચર્યનું પાલન, અને પછીથી મોકો આવ્યો તો એની પરીક્ષાનો સંકલ્પ. એ સૂચવે છે.

**વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળો, દઢ સંકલ્પ કેળવો, અને તદનુસાર વર્તન કરો, એની અદ્ભુત અસર !**

સંકલ્પ-બળની વાત ચાલે છે. પેલા આર્દ્રકુમાર મહર્ષિના તાપસ-પ્રસંગમાં જોયું કે હાથીનું સંકલ્પ બળ કામ અદ્ભુત કામ કરે છે ! પ્રતિબોધ પામેલા ૫૦૦ ચોરો તથા જિતાયેલા અનેકવાદીના પક્ષકાર લોકોથી પરિવરેલા આર્દ્રકુમાર મહર્ષિ તો ચાલ્યા, પણ પાછળ પેલા તાપસોના હાથીને મોટા પરિવાર સાથે આવા મહર્ષિને જોઈ અને એમનો તાપસોને દયાના ઉપદેશ તથા તાપસોની વાદમાં હાર જોઈ તાન ચડી આવ્યું. મનને સંકલ્પ થયો કેમ આ બંધનની સાંકળ તૂટે ! અને હું જઈને મહર્ષિના પગમાં પડી જાઉં ! પૂર્વે જુદા જુદા દાખલામાં જોયું ને કે સંકલ્પબળ શું કામ કરે છે ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૪૬,તા.૪-૮-૧૯૮૪**

**સંકલ્પબળે હાથીનાં બંધન તુટ્યા :-**

બસ, હાથીના દઢ સંકલ્પના બળે શરીરમાં એવું જોમ ચડી ગયું કે, લોખંડની ભારે સાંકળો ફટાક તૂટી ગઈ ! બસ, બંધન તૂટ્યાં એટલી જ વાર, હાથી સૂંઢ અને કાન ઊંચા કરી ચારે પગે કુદતો દોડ્યો આર્દ્રકુમાર મહર્ષિની પાછળ ! આ જોતાં તાપસોમાં અને બીજા ત્યાં એકત્રિત લોકોમાં હાહારાવ ઊઠ્યો કે ''હાય ! હાય ! આ મદોન્મત્ત હાથી તોફાને ચડ્યો છે તે મહર્ષિને મારી નાખશે !''



**હાથી મહર્ષિની પાછળ દોડે છે :-**

તાપસો અને લોકો તો ચારે બાજુ ભાગ્યા ! જો એમને એમ લાગે છે કે 'હાથી મહર્ષિને મારી નાખશે' તો બચાવવા ન જાય ? ના, શેના જાય સૌને પોતાનો જીવ પહેલો વહાલો છે. બીજા ય વહાલા તો છે, પરંતુ પોતાને હાનિ પહોંચાડીને બીજાને બચાવવા જવાની વાત નહિ ! એટલે લોકો દૂર ભાગીને પાછળ જુએ છે કે હાથી શું કરે છે ! હાથી તો ઊંચા કાને ઊંચી સૂંઢે દોડતો આવી જ્યાં આર્દ્રકુમાર મહર્ષિ સ્વસ્થપણે ઊભા રહ્યા છે ત્યાં એમને હાથી કાન અને સૂંઢ નીચા કરી માથું-ગંડસ્થલ અપૂર્વ હરખથી નમાવી પ્રદક્ષિણા દે છે ! ત્રણ પ્રદક્ષિણા દઈ હાથી બેસી જઈ જમીન પર દંતૂશૂળનો અગ્રભાગ અડાડી અગ્રભાગથી મહર્ષિના ચરણે સ્પર્શ કરે છે, અને ખૂબ મન લગાડી ભાવથી મહર્ષિને નમસ્કાર કરે છે.

લોકો તો આવા મદોન્મત્ત અને લોખંડી સાંકળો તોડી ભાગનાર હાથીને ગળિયો ઘેંસ જેવો નરમ થઈ જઈ મહર્ષિને પ્રદક્ષિણા દેતો અને પછી નમસ્કાર કરતો દેખે છે ત્યારે લોકોને આશ્ચર્યનો પાર નથી રહેતો ! સૌના મનને એમ જ થાય છે કે 'અહો ! અહો ! કેવા આ અચિંત્ય પ્રભાવવંતા મહર્ષિ કે જેમની આગળ આવા જંગલી હાથી પણ દાસ જેવા થઈ સેવામાં ઊભા રહે છે !' સૌ આતુર છે જોવા કે હવે શું બને છે.

હાથીને નમેલા મસ્તકથી રહેલો અને કોઈક શુભ ચિંતનમાં મગ્ન મનવાળો જોઈ મહર્ષિ એને કહે છે,-

''હે મહાન હાથી ! આમે ય તને જીવતો મારી નાખવાના હતા, તેમાંથી તું બચ્યો છે, તો જો તારી ઈચ્છા હોય, તો અનશન લઈ લે, એ વિચાર કે

**''મરતા બચ્યો એ પાપ પોષાય નહિ પણ છોડવા,''હાથીની ભવ્ય વિચારણા : અનશન :-**

વાર લગાડે હાથી ? સમજે જ છે કે હું ક્રૂર રીતે મારી નખાવવાનો હતો, તો એના કરતાં આ જાતે અનશન લેવું શું ખોટું ? એમાં વળી મોટા મહર્ષિ સલાહ આપે છે, તો

**મોટાનું વચન કરવું એ અહોભાગ્ય છે.**

મોટા મળે ક્યાં ? અને મળે તો આપણને કહે ક્યાંથી ? કેમકે મહાન પુરુષો તો પોતાની સાધનામાં મગ્ન હોય છે, અને એમાંથી મોં ઊંચું કરી કદાચ કહેવાનું કરે, તો ય તે માત્ર યોગ્ય પાત્ર જીવને જ કહે, તો આ મને પાત્ર સમજી કહે છે, માટે હવે અહોભાગ્ય માની બીજો વિચાર કરવાનો ન હોય. લઈ લઉં અનશન.'

એમ વિચારી હાથી માથું હલાવી સ્વીકારનું સૂચન કરે છે; અને મહર્ષિ એને

અનશનનું પચ્ચક્ખાણ આપે છે, બસ, અનશન સ્વીકારી હાથી મહર્ષિને ફરીથી નમસ્કાર કરી જંગલમાં ચાલ્યો જાય છે.

**૫૦૦ તાપસોનું પરિવર્તન :-** આ જોતાં ૫૦૦ તાપસો પ્રતિબોધ પામી જાય છે. આવીને મહર્ષિને નમસ્કાર કરી કહે છે. "ભગવાન્ ! આપનો જીવદયા પ્રધાન ધર્મ જ સાચો છે. અત્યારસુધી અમે મહાઅજ્ઞાન અને મિથ્યાત્વભર્યા અધર્મમાં કૂટાયા, પણ અમારા અહોભાગ્ય કે આપ મળ્યા ! તો હવે અમને આપનો ધર્મ આપો."

આર્દ્રકુમાર મહર્ષિએ એમને પંચેન્દ્રિય હિંસાના માનેલા ધર્મની સામે દલીલો કરી એમને નિરુત્તર તો કરેલા જ હતા; પરંતુ મિથ્યાત્વવશ કુધર્મનો ત્યાગ અને સદ્ધર્મનો સહર્ષ સ્વીકાર માટે એ ખચકાતા હશે, તે ત્યાં આ હાથીનો ચમત્કાર જોતાં સ્તબ્ધ થઈ ગયા. તેથી મિથ્યાત્વ ઓગળી ગયું, અને જીવદયા-પ્રધાન જૈનધર્મ માગ્યો, અને મહર્ષિએ તેમને કહ્યું ભગવાન પાસે ચાલો અને પ્રભુની પાસે સાધુધર્મ લો."

જુઓ એક આર્દ્રકુમાર મહર્ષિનો ધર્મ કેટલા બધા ગાઢ મિથ્યાત્વમાં લાગેલા જીવોને ય પ્રતિબોધ કરનારો બને છે ! માટે કહો,

**એકનો ધર્મ અનેકોને તારે ! એકનું પાપ અનેકાને ડુબાડે.**

એટલે હવે આપણા જીવનમાં ધર્મ સેવવો કે પાપ પોષવા, એનો બહુ વિચાર કરવા જેવો છે, વર્તમાન કે ભૂતકાળના મહાન પુરુષોને જુઓ તો દેખાશે કે ભગવાન તીર્થંકરદેવ સુદ્ધાં અને બીજા મહાન પુરુષો પહેલાં પોતાની જાત પર ધર્મની મહાકષ્ટમય સાધનાઓ ઉતારે છે, તો જ પછી સેંકડો હજારો લાખોને ધર્મ પમાડી જાય છે. કેવાં એમનાં ધન્ય જીવન !

**ધર્મ જ કેમ શ્રેયસ્કર ? :-**

જીવન તો પૂરું કરવાનું જ છે, પણ જાતે કષ્ટમય ધર્મસાધનાઓનું જીવન બનાવ્યું હોય તો તે જાતનું મહા કલ્યાણ કરે છે, અને જગતનું ય મહા કલ્યાણ કરે છે. કેવું શ્રેયસ્કર જીવન ! તો આવા સ્વપરને આશીર્વાદભૂત જીવનને કાં ન અપનાવવું ? જો એ ન કર્યું, તો દુન્યવી વિષયોના રંગરાગ અને માટીના ધનની કમાઈમાં હોમેલું જીવન પુરું થતાં એ બધા ધનમાલ વિષયો ખોવાઈ જવાના છે, અને અઢળક પાપનાં પાપિષ્ઠ સંસ્કારોના પોટલાં લઈ જીવને એકલા અટુલા દુર્ગતિઓના દુઃખદ ભવોના પ્રવાસે ચાલી નીકળવું પડશે. માટે ધર્મ જ શ્રેયસ્કર છે.

આ વાત છે, - ધર્મ વીતરાગ સર્વજ્ઞ ભગવંતોએ કહેલા અપનાવવા જેવો છે, આર્દ્રકુમાર મહર્ષિએ એ અપનાવેલો હતો તો તે જાતને અને જગતને માટે શ્રેયસ્કર બન્યો. એના બદલે આર્દ્રકુમાર જો પેલા ગોશાલક, બૌદ્ધ ભિક્ષુઓ, હિંસામય યજ્ઞ કરતાં બ્રાહ્મણો અને હસ્તિતાપસો વગેરેમાંના કોઈકના ધર્મમાં ફસ્યા હોત, તો



જાતનું શું શ્રેય કરત ? અને અજ્ઞાન મોહમૂઢ જગતને ય શું શ્રેય પમાડી શકત ? કહો પાપમાં ડૂબેલા તો બીજા કેઈને પાપમાં ડૂબાડનારા બને છે.

આર્દ્રકુમાર મહર્ષિ સ્વયં મહાન અહિંસા-સંયમ-તપમય ધર્મમાં રહેલા તે જૈન ધર્મના જિનશાસનની મહાન પ્રભાવના કરતા ચાલી રહ્યા છે. તે અહીં ઠેઠ હાથી અને એને મારી ખાવાના ધર્મવાળા ૫૦૦ તાપસોને પ્રતિબોધ કરવા સુધી આવી પહોંચ્યા છે ! એટલામાં વળી એક ચમત્કાર બને છે એ જુઓ.

**શ્રેણિક આકર્ષાયા :-** જ્યાં આ હાથીનું લોખંડી સાંકળો તોડી ભાગવું, અને આવીને મહર્ષિના પગે પડી જવું, તથા અનશન સ્વીકારવું, વળી ૫૦૦ તાપસોને પ્રતિબોધ લાગવો, વગેરે અવનવી ઘટનાઓના સમાચાર મગધદેશ સમ્રાટ રાજા શ્રેણિકના કાને પહોંચ્યા એટલે એ ચમકારો પામી જાય છે ! મનોમન એવા આર્દ્રકુમાર મહર્ષિને ચરણે શિર ઝુકાવી દે છે ! અને ઝટ ઊભા થઈ જઈ અભયકુમાર અને પુત્ર-પૌત્રાદિ પરિવારને લઈ અહીં મહર્ષિ પાસે આવી પહોંચે છે, ને પરિવારસહિત પોતે મહર્ષિના પવિત્ર ચરણે વંદન કરે છે.

મહર્ષિ એમને એકાંત કલ્યાણકારી ધર્મલાભની આશીષ આપી પ્રસન્ન કરે છે, અને ધર્મનો ઉપદેશ આપે છે.-

મહારાજા શ્રેણિક એ વખતે ત્યાં પૂછે છે,-

'ભગવન્ ! આ તો બહુ મોટું આશ્ચર્ય બની ગયું કે આપના દર્શનથી હાથીએ ભારેખમ લોખંડી સાંકળો તોડી નાખી ?'

મહર્ષિ કહે છે,

**આ લોખંડી સાંકળોના બંધન તોડવાનું તો હજી સહેલું છે, પરંતુ કાચા સૂતરના બંધન તોડવા દુષ્કર છે. જુઓ,-**

**ण दुक्करं वा णरपासमोयणं गयस्स मत्तस्स वणंमि राय ।**
**जहा उ तत्तावलिएण तंतुणा सुदुक्करं मे पडिहाई मोयणं ॥**

અર્થાત્ હે રાજન ! મદોન્મત્ત હાથીનો વનમાં માણસે નાખેલાં બંધનથી છૂટકારો એવો દુષ્કર નથી જેવો ત્યાં વિંટળાયેલ સૂતરના તાંતણાઓથી છૂટકારો અતિ દુષ્કર છે, એમ મને લાગે છે.

આ સાંભળી શ્રેણિક રાજા અને બુદ્ધિનિધાન અભયકુમાર પણ મહર્ષિનાં કથનનો ભાવ સમજ્યા નહિ, મુંઝાય છે કે, એમનો કહેવાનો શો ભાવ છે ? આવું સાંભળીને મુંઝાય એ સહજ છે. કેમકે શું લોખંડી ભારે સાંકળનાં બંધન તોડવા હજી સહેલા ? અને સૂતરનાં તાંતણાના બંધન તોડવા દુષ્કર ? તેય વળી અતિ દુષ્કર ? માત્ર શબ્દાર્થ જોતાં બુદ્ધિમાં ન બેસે એવી વાત છે; પરંતુ મહર્ષિ કહે છે તે જેમ

તેમ બોલે નહિ, અસત્ય કહે નહિ. મોંઢેથી અસાર વાણી કાઢે નહિ, એ શ્રદ્ધાથી શ્રેણિક પૂછે છે,-

'ભગવન ! આપના કહેવાનો ભાવ ન સમજાયો...કૃપા કરી ભાવ સમજાવો'

**'કાચા સૂતરના તાર તોડવા કઠિણ' નો ખુલાસો :-**

ત્યારે મહાત્મા આર્દ્રકુમાર કહે છે,- "મારે ઘરવાસમાં શ્રીમતી નામની પત્ની હતી. એક પુત્ર થયો. એ જરાક મોટો થતાં મહેતાની શાળાએ ભણવા મૂક્યો. મારા મનમાં વૈરાગ્ય જાગેલો, પત્નીને એકવાર કહેતો હતો, હવે તમે બે થઈ ગયા છો, તેથી હું હવે ચારિત્રમાર્ગે જઈશ, સંમતિ દઈ દે.' પત્નીને મારા પર અથાગ પ્રેમ તે કહે તમારા વિના અમારે કોના આધારે ! પછી એણે ઘરમાં સંપત્તિ અથાગ હતી છતાં રેંટિયો લઈ સૂતર કાંતવા માંડ્યું ત્યાં બાળ પુત્ર શાળાએથી આવ્યો, ચકિત થઈ પૂછે છે મા ! આ શું કરે છે ?'

એ કહે, બચ્ચા ! તારા બાપુ આપણને મૂકી ઘર છોડી જઈને દીક્ષા લેવાના છે, તેથી તારું મારું જીવન નભાવવા આ કરવું પડશે ને ?'

"એ વખતે હું નજીકમાં આડો પડેલો હતો, તે બાળકને મારા પગે સૂતરના તાંતણા વીંટવા માંડ્યા, અને એની માતાને કાલી ભાષામાં કહે મારા બાપુ એમ શેના ઘર છોડીને જાય ? તો તો હું મરી જ જાઉં. હું નહિ જવા દઉં. જો હું એને આમ બાંધી રાખીશ. પછી શી રીતે જવાના હતા ?

"ત્યાં મને ઉત્કટ વૈરાગ્ય છતાં અને મહા કિંમતી માનવભવ મોહમાયાની વેઠમાં સરાસર વેડફાઈ જતો જવા છતાં, બાળકના અને એની માતાના અથાગ સ્નેહને પરવશ થઈ ગયો. મને થયું હજી તો હું ઘરમાં છું, અને માત્ર મારી ઘર છોડવાની વાત પર પણ આ બંને આટલા દુઃખી થાય છે, તો મારા નીકળી ગયા પછી તો કેટલો દુઃખી થાય ?'

"તેથી મેં કહ્યું 'દુઃખી ન થશો, આ પગે કાચા સૂતરના જેટલા આંટા વીંટાયા છે તેટલા વરસ ઘરમાં રહીશ કહીને આંટા ગણ્યા, બાર થયા. મેં કહ્યું ફિકર ન કરો, બાર વરસ ઘરમાં રહીશ, પછી દીક્ષા લઈશ.

"આમ હે મગધાધિપ ! અંતરમાં વૈરાગ્યનો પ્રકાશ જાગ્રત છતાં આ પત્ની-પુત્રના સ્નેહમાં કાચા સૂતરના તાર તોડવા મારે મુશ્કેલ પડ્યા ! તાર તોડીને કહી ન શક્યો કે મને શું બાંધે ? હું આમ બંધન તોડીને ઘર છોડી જઈશ. ના કહી શક્યો એટલે હું કહું છું કે **ભારે લોખંડી સાંકળો તોડવી સહેલી છે, પણ સ્નેહના કાચા સૂતરના તાર તોડવા અતિ દુષ્કર છે.**

"અને હે મગધાધિપ ! આ સ્નેહના બંધન ક્યાંથી લાગ્યા, જાણો છો, ?



પૂર્વ ભવમાં હું સામયિક નામે ગૃહસ્થ, પત્ની બંધુમતી સાથે ચારિત્ર લીધેલું, પરંતુ પાછળથી એ બન્ધુમતી સાધ્વીનાં દર્શને મોહ જાગેલો, તેથી હું દેવલોકમાં જઈ અહીં અનાર્ય દેશમાં જન્મી પડ્યો !

**મહર્ષિની અભયકુમાર પ્રત્યે કૃતજ્ઞતા :-**

એમાં મને આ તમારા ચિરંજીવી અભયકુમાર તરફથી જિનપ્રતિમાની ભેટ મળી, એ જોતાં મને જાતિસ્મરણ જ્ઞાન થયું, ને એથી વૈરાગ્ય પામી ત્યાંથી છૂપો ભાગીને અહીં આવી, દેવતાએ મને નિકાચિત ભોગાવલિ બાકી હોવાથી ચારિત્રની ના પાડવા છતાં, મેં ચારિત્ર લીધું. પ્રત્યેક બુદ્ધ તરીકે ઉચ્ચ સંયમ પાળનારો છતાં પૂર્વ ભવની એ પત્ની અહીં શ્રેષ્ઠિ કન્યા શ્રીમતી થઈ. એ મને પૂર્વના સ્નેહથી પરાણે વળગી, ને મારે પણ પૂર્વના મોહના ઝેરના કણિયા ઉદયમાં આવ્યા, ને એની સાથે સંસાર માંડ્યો ! એક પુત્ર થયો, ને પછી શું થયું તે મેં પહેલા કહ્યું. એટલે આ જનમમાં મારા મૂળ ઉપકારી આ તમારા સુપુત્ર અભયકુમાર છે, કેમકે એમણે મને જિનપ્રતિમા ભેટ મોકલી તો જ હું પૂર્વ જન્મનું સ્મરણ ને ચારિત્ર પામ્યો."

મહામુનિ પણ કેવા કૃતજ્ઞ !

શ્રેણિક રાજા આ સાંભળી સ્તબધ થઈ ગયા. મહર્ષિને ધન્યવાદ આપે છે, એમના આત્મ-પરાક્રમ અને ઉચ્ચ સાધનાના અભિનંદન કરે છે.

**અભયકુમાર દીક્ષા માગે છે, :-**

અહીં અભયકુમાર પિતા શ્રેણિકને કહે છે, 'જુઓ, મહારાજા ! અમે બંનેએ પરસ્પર ભેટ મોકલીને મિત્રતા બાંધી હતી. તો હવે જ્યારે મારી ભેટથી એમણે ચારિત્ર લીધું, તો મિત્રતાની રૂએ મારે પણ એમની જેમ ચારિત્ર લેવું જ જોઈએ. હું દીક્ષા ન લઉં તો મારી મિત્રતા પોકળ ગણાય માટે મને કૃપા કરી ચારિત્ર લેવાની રજા આપો.'

કેવા આ ભદ્રક અને ન્યાયપથ પર ચાલનારા મહાન જીવ ! ખાલી ભેટ-મૈત્રી કરી છે, પરંતુ દિલની સરળતા એવી કે મૈત્રી કરી તો કરી જાણવી, મિત્ર ચારિત્ર લે છે તો પોતે ચારિત્ર લેવું જ જોઈએ એમાં જ સાચી મૈત્રી સાચો સ્નેહ, આ સરળ-ભદ્રક હૃદયની માન્યતા હતી એટલે અભયકુમાર ચારિત્ર માટે તૈયાર થઈ જાય છે !

**ભવના ફેરા ટુંકા હોય એને જ આ સરળતા ને સાચી મિત્રતા સૂઝે.**

બાકી હજી અપાર ભવોમાં ભટકવું હોય એને આ ન સૂઝે. એ તો મૈત્રી કરે તે સ્વાર્થની માયા માટે, પણ મિત્રતા સ્નેહ ખાતર ભોગ આપવાની વાત નહિ.

અભયકુમાર તો ચરમ શરીરી જીવ છે. મહાન ઉત્તમ આત્મા છે. ઝટ પિતા પાસે ચારિત્રની મંજૂરી માગે છે.

**શ્રેણિકનો મોહ :-**

ત્યાં રાજા શ્રેણિક કહે છે, - હે વત્સ અભય ! આ તું શું વાત કરે ? તારા પર તો મારો બીજા બધા કરતાં એટલો બધો ભારે પ્રેમ છે, કે તું, જો મને છોડીને જાય તો મારું હૃદય જ બંધ પડી જાય ! પછી તારે દીક્ષા લઈને પિતૃહત્યા લેવી હોય તો તું જાણે. બાકી મારાથી હમણાં તને દીક્ષાની મંજૂરી નહિ આપી શકાય.

**પ્ર.**- અહીં અભયકુમારે શું કરવું ? એમ તો આજે પણ વૈરાગી પુત્રને કોઈક માબાપ કહેનારા હોય છે, કે તું દીક્ષા લઈશ તો અમે મરી જઈશું. પરંતુ ખરેખર તો પુત્રની દીક્ષા પછી લાંબું જીવતા રહ્યા હોય છે. એટલે અમે મરી જઈશું, એ કહેવાનું જેમ પોકળ તેમ અહીં અભયકુમારે પોકળ સમજવાનું કે નહિ ?

ઉ.- ના, અભયકુમારે અત્યાર સુધી પિતાનો પોતાની ઉપર જે સ્નેહ જોયો છે, એ કોઈ અલૌકિક સ્નેહ જોયો છે. તેથી એ સ્નેહ જોતાં અભયકુમાર પિતાના આ બોલ ઉપર ખચકાય છે. એટલા બધા અનેરા સ્નેહમાં નથી ને કદાચ હૃદયઘાત થાય તો ? એમ અભયકુમારને લાગે છે. તેથી શ્રેણિક રાજાને કહે છે, તો ભલે પિતાજી ! તો હું હમણાં દીક્ષા લેવાનો વિચાર પડતો મૂકું છું. પરંતુ મારો આ વિચાર ધ્યાનમા રાખજો.

આમ અભયકુમારે કહેવાથી શ્રેણિક રાજાને ધરપત વળી, પણ અભયકુમારે ઘરવાસમાં પણ શુદ્ધ શ્રાવકધર્મ પાળવાનું મનોમન નક્કી કરી લીધું.

**આર્દ્રકુમાર અને પરિવાર વીરપ્રભુ પાસે :-**

હવે આર્દ્રકુમાર મહર્ષિ, રાજા શ્રેણિક, અભયકુમાર અને મોટા પરિવાર સાથે આગળ વધી ત્રિભુવનગુરુ ભગવાન શ્રી મહાવીર પ્રભુ પાસે પહોંચે છે.

આર્દ્રકુમાર મહર્ષિ ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દે છે. અને પ્રભુને વંદના કરી હિતશિક્ષા માગે છે. ત્યાં પેલા ૫૦૦ બુદ્ધ તાપસો વંદન કરી પ્રભુ આગળ વિનંતી કરે છે, ભગવંત ! સાધુધર્મ આપો ! પ્રભુ એમને દીક્ષા આપે છે. અત્રે પ્રભુ આર્દ્રકુમાર મહર્ષિને હિતશિક્ષા આપતાં કહે છે, -

**મહર્ષિને પ્રભુની હિતશિક્ષા :-**

'તમારે શુદ્ધ ચારિત્રનું પાલન કરવું, કેમકે શુદ્ધ ચારિત્ર વિના આત્માનો મોક્ષ થતો નથી, આત્માને જન્મ જરા મૃત્યુના ફાંસલામાંથી કાયમી છૂટકારો મળી શકતો નથી. એમ તો જીવે સાધુવેશ અનંતીવાર લીધો, પણ સમ્યગ્દર્શનવાળું વિશુદ્ધ ચારિત્ર ન પાળ્યું તેથી સંસારથી છૂટકારો મળ્યો નહિ, એ તો શુદ્ધ ચારિત્રધર્મ



પાળવાથી જ મળે. ધર્મ એ જ પરમબાંધવ છે. ધર્મથી જ સ્વર્ગ અને અપવર્ગનાં (મોક્ષનાં) સુખ મળે છે. મહર્ષિએ પ્રભુનાં વચન તહત્તિ કરી લીધાં એના પર ખૂબ જ્વલંત પ્રેરણા મેળવી, તીવ્ર તપ આચરવા માંડ્યો, અને અંતે ઘાતીકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પામ્યા ! બહુ જન પર ઉપકાર કરી અંતે સર્વ કર્મ ક્ષય કરી મોક્ષ પામ્યા ! ધન્ય મહર્ષિ ! ધન્ય જિન ચારિત્ર ! અહીં દ્વાદશાંગી આગમમાંના દ્વિતીય અંગ આગમ શ્રીસૂયગડાંગ સૂત્રમાં છઠ્ઠા આર્દ્રકુમાર અધ્યયનના અંતે બહુમૂલ્ય આ ગાથા મૂકી છે.

**'બુદ્ધસ્સ આણાએ....' ગાથા અને અર્થ :-**

**''बुद्धस्स आणाए इमं समाहिं अस्सिं सुठिच्चा तिविहेण ताई ।**
**तरिउं समुद्दं च महा भवौह आयाणवं धम्मुदाहरेज्जा ॥''**

આ ગાથાથી સમસ્ત અધ્યનના પદાર્થનો ઉપસંહાર બતાવે છે. આ ગાથાનો અર્થ એ છે કે બુદ્ધની અર્થાત્ જેમણે સમસ્ત તત્ત્વને જાણ્યા છે, એવા સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર સ્વામીની આજ્ઞાથી એટલે કે આગમથી આ સમાધિ યાને આ સદ્ધર્મ પ્રાપ્ત થયો છે. (તેથી) 'અસ્સિં સુટ્ઠિ તિવિહેણ' અર્થાત્ આ સદ્ધર્મ પ્રાપ્ત કરીને એમાં ત્રિવિધે મન-વચન-કાયાથી સારી રીતે સ્થિત સુસ્થિત બનીને એટલે કે ઇન્દ્રિયોને સુનિશ્ચિતપણે સ્થિર કરીને (એ મિથ્યાદષ્ટિને સંમત ન થાય અને એ રીતે) 'તાયી' અર્થાત્ (૧) ત્રાયી સ્વ-પરનો રક્ષણહાર બને, અથવા 'તાયી' અર્થાત્ (૨) મોક્ષ તરફ ગમનશીલ બને, એવો એ સાધુ ભવોના સમૂહના મોટા સમુદ્રને ઓળંગી જવા માટે આદાનવાન અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો બનેલો 'ઉદાહરેત ધર્મમ્' એટલે કે (બીજાઓને) એવા જ પ્રકારનો ધર્મ કહે, પ્રગટ કરે.

સૂયગડાંગસૂત્રની આ અંતિમ ગાથાનો ભાવ આ છે કે,

વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ શ્રી મહાવીર પરમાત્માએ આ પંચાશ્રવત્યાગરૂપ અને સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર આરાધના રૂપ ધર્મ કહ્યો છે. આ ધર્મ એટલે સમાધિ. આ ધર્મને અહીં સમાધિ શબ્દથી ઓળખાવ્યો કેમકે, સમાધિ એટલે ચિત્તની સ્વસ્થતા. એ ચિત્ત રાગદ્વેષ રહિત અને હર્ષખેદ રહિત બને તો જ સ્વસ્થ બને. આ સ્વસ્થતા સમાધિનું મહાન સાધન ધર્મ છે. માટે ધર્મ એ જ સમાધિ. બાકી રાગ અને દ્વેષ તથા હર્ષ અને ખેદ, એ બે જોડકાં તો એવાં છે કે, ચિત્તમાં એ ઊઠ્યા કે ચિત્તને વિહ્વળ અસ્વસ્થ કરે છે. એ જોડકાંથી ચિત્તને અસમાધિ થાય. દા.ત. હમણાં વીતરાગ અરિહંત પ્રભુનાં દર્શન સ્મરણ કે ગુણગાનમાં ચિત્ત શાંત સ્વસ્થ બનાવ્યું હોય ત્યાં જો ભોજનનો રાગ ઊભો થયો કે ચાલો જમવાનો સમય થશે, તો તરત ચિત્ત અસ્વસ્થ બને છે. શાંતિથી પ્રભુના નામની માળા ગણતા હોઈએ એમાં

જો વચમાં પેલા મોટેથી અવાજ કોણ કરે છે ? એમ દ્વેષ ઊભો થયો તો શાંતિ પલાયન ! અશાંતિ અસ્વસ્થતા ઊભી થાય છે.

એમ મનમાં જો કોઈ પૈસા, પરિવાર, સારા મળ્યાનો હરખ ઊભો થયો યા રોગ બિમારી મનમાં આવીને ખેદ ઊભો થયો તો, ચિત્તની શાંતિ લુપ્ત ! સ્વસ્થતા ઉડી જાય છે. માટે કહો, ચિત્તની શાંતિ સ્વસ્થતા માટે આ બંને જોડકાં બાધક છે.

**ચિત્તની શાંતિ-સ્વસ્થતા જોઈએ છે ?**

તો રાગ યા દ્વેષ અથવા હરખ યા ખેદને મનમાં ઊઠવા જ ન દો. એ માટે રાગ દ્વેષના ને હરખ ખેદના નિમિત્તોથી બચવું જોઈએ. પૂછો,-

**પ્ર.**- પરંતુ જગતની વચ્ચે બેઠા એટલે નિમિત્તો શે ટાળી શકાય ?

ઉ.- નિમિત્તોથી બચવાનું બે રીતે બને, -

(૧) એવા રાગ દ્વેષને હરખ ખેદ કરાવનારા નિમિત્તોના સંપર્ક ચાહીને નહિ કરવા. અને જો નિમિત્તોના સંપર્ક આપણે ચાહીને કરવા તો ન જઈએ પરંતુ એમજ નિમિત્ત સંયોગ આવી પડે તો,

(૨) સહેજે આવી પડેલા નિમિત્તને લેશ પણ મહત્ત્વ નહિ આપવું. જીવનમાં જોઈશું તો દેખાશે કે આ બંને કર્તવ્યમાં આપણી ઘણી ઉપેક્ષા છે, બેપરવાઈ છે. એટલે જ આપણે રાગ દ્વેષાદિ ખરાબીઓ હૈયામાં ઊઠે એવા નિમિત્તોનો ચાહીને સંગ કરીએ છીએ; અને કદાચ ચાહીને સંગત કરવા ન ગયા ત્યાં પણ જો એવા રાગ દ્વેષના પ્રેરક નિમિત્ત આવી ઊભાં, તો એને મહત્ત્વ આપીએ છીએ, તે આ રીતે કે, દા.ત. ગમે તેવું ગટર કલાસ પણ જોવાનું સાંભળવાનું આવ્યું તો મનને થાય છે જોઈ લો ને ? સાંભળી લો ને ? એમ એમાં માથું ઘાલીએ છીએ. પછી રાગ દ્વેષ ઉઠે એમાં શી નવાઈ ? જો મહત્ત્વ જ ન આપીએ તો એમાં શું કામ માથું ઘાલીએ ? **'અવધુ સદા મગન મેં રહેના'**- એમ કરી, એ ન જોવું, ન સાંભળવું જ કરીએ. પણ

**કેમ જાણે આપણે આ રાગદ્વેષાદિને આપણા નિર્મળ ઉચ્ચ આત્માની ખરાબી જ માનતા નથી !**

**અને એના ફળમાં ભાવી દુઃખો અને દુર્બુદ્ધિઓનો કેમ જાણે ભય જ નથી !**

**તે જ્યાં ને ત્યાં જે આવ્યું એમાં માથું ઘાલવા જોઈએ છે.**

પણ જો એને મહત્ત્વ જ ન આપીએ, ને એટલો જ વિચાર કરીએ કે જગતમાં તો ઘણું બધું છે, કેટલામાં મન ઘાલતો બેસીશ ? આ તો સામે આવી ગયું એટલે મન એમાં તણાય છે, પરંતુ જો સામે જ ન આવ્યું હોત તો ક્યાં એમાં મન ઘાલવાના હતાં ? બહાર ઘણું ય પડ્યું છે. ત્યાં ક્યાં મન કે આંખ કાન લઈ



જાઉં છું ?

તાત્પર્ય, 'જગતના પદાર્થોનાં કારણે મારે રાગ દ્વેષમાં કૂટાવું નથી,'- આટલો વિચાર રાખીએ, તો એ એને મહત્વ ન આપ્યું ગણાય; એટલે પછી એમાં મન ન લઈ જવાય, આંખ-કાન ન લઈ જવાય, આંખ-કાન કદાચ એમાં ગયા, તો ન ગયા કરી નરો વા કુંજરો વા એની સાથે કશી લેણ દેણ જ નહિ એવી ઉપેક્ષા કરાય, ને એના કોઈ રાગ-દ્વેષમાં ન પડીએ.

વાત આ છે કે, ચિત્તની સમાધિ સ્વસ્થતા જાળવવી હોય તો

(૧) ચાહીને એનાં નિમિત્તથી આઘા રહીએ, તેમજ (૨) સહેજે આવી પડેલા નિમિત્તોને મહત્ત્વ જ ન આપીએ. દા.ત.

(i) ચાહીને બજાર જોવા જઈએ, ઈષ્ટ મિષ્ટ જમવા બેસીએ, વાતો કૂથલી તડાકા કરવા બેઠા, રેડિયો ગીત ચાલુ કર્યું,- આ બધું ચાહીને પાપ નિમિત્ત સેવવાનું કહેવાય; ત્યાં રાગ-દ્વેષ ઊઠ્યા જ કરવાના.

(ii) રસ્તે જીવરક્ષાર્થે નીચું જોઈ ચાલતાં સામે હોર્ન વાગ્યું ને ઝટ આંખ ઊંચી થઈ, ત્યાં સામેથી આવતી પરસ્ત્રી પર નજર પડી ગઈ,- તો આ સહેજે નિમિત્ત આવી ઊભું કહેવાય. ત્યાં એને મહત્ત્વ જ ન આપીએ. એ કોણ છે ? કેવી છે ? એવી કશી જિજ્ઞાસા જ ન કરીએ, જાણે સામે આવી જ નથી, એમ કરી દૃષ્ટિ તરત ખેંચી લઈ આગળ ચાલીએ. તો એના અંગે કશો રાગ-દ્વેષ ન ઉઠે કે આ રૂપાળી છે, યા કૂબડી છે...' વગેરે,

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૪૭,તા.૧૮-૮-૧૯૮૪**

એમાં શાંતિથી ઘરમાં બેઠા હો અને કોઈ હરિનો લાલ આવી સીધી કૂથલી નકામી વાત ચલાવવા માંડે, ત્યાં નિમિત્ત સામેથી આવી પડ્યું કહેવાય, ત્યાં પણ એને મહત્ત્વ જ ન આપતાં મનમાં (૧) ગણતરીબંધ નવકાર શરૂ કરી દઈએ; અથવા (૨) એને કોઈ ધર્મની વાતમાં કોઈ પૂર્વના મહાપુરુષની વાતમાં જોડી દઈએ, યા (૩) કહી દઈએ. હમણાં જરાક કામ છે, પછી મળજો.' એક યા બીજી રીતે એની વાતોને મહત્ત્વ ન આપતાં એ ટાળીએ, તો એ વાતો કૂથલીથી ઊભા થનાર રાગદ્વેષથી બચીએ તો ચિત્તને સમાધિ રહે, ચિત્ત શાંત સ્વસ્થ રહે.

**સમાધિ માટેનું ઉત્તમ સાધન ધર્મ છે.**

તમે કોઈ જ્ઞાન કે દર્શન યા ચારિત્રની સાધનામાં પરોવાયેલા રહો તો ચિત્ત એમાં શાંત ને સ્વસ્થ રહે, ચિત્તને સમાધિ રહે, સહેજે પેલા રાગદ્વેષનાં નિમિત્તથી

બચી જવાનું થાય. દા.ત. વાતોડિયો આવ્યો, પણ જો આપણે કોઈ માળા જ ગણતા બેઠા હોઈએ, યા સમ્યગ્દર્શન ધર્મની કોઈ સ્તોત્રપાઠ આદિની સાધનામાં હોઈએ, યા જ્ઞાનની પ્રવૃત્તિમાં આપણે શાસ્ત્રો ગોખતા હોઈએ, અથવા ચારિત્રની પ્રવૃત્તિમાં આપણે સામાયિક પ્રતિક્રમણ કરતા હોઈએ, તો ત્યાં આવેલો પેલો વાતોડિયો રવાના થશે. એમ, આપણે જો પ્રભુભક્તિ, સાધુસેવા, જિનવાણીની ઉપાસના,...વગેરે ધર્મની સાધનામાં લાગ્યા રહીએ, તો ત્યાં બીજી સાંસારિક પ્રવૃત્તિ બંધ થવાથી સહેજે નિમિત્તના રાગદ્વેષથી બચી જઈએ ! અને ચિત્ત સમાધિવાળું બન્યું રહે !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૪૮,તા.૨૫-૮-૧૯૮૪**

પાંચે ઈન્દ્રિયોના વિષયોના ત્યાગનો અને સમ્યગ્દર્શનાદિની આરાધનાનો ધર્મ જ એવો છે કે, એમાં ગુંથાયા રહેવાથી પાપનિમિતો ટળી જાય છે, એટલે સહેજે રાગદ્વેષ આદિની અસમાધિ-અસ્વસ્થતા જાગવા ન પામે. માટે કહેવાય કે,-

**ધર્મ સાધના એ સમાધિનો ચિત્ત-સ્વસ્થતાનો રામબાણ ઈલાજ છે.**

**'बुद्धस्स आणाए इमं समाहिं'**

તેથી જ અહીં બુદ્ધ યાને અવગત તત્ત્વવાળા પ્રભુની આજ્ઞા અર્થાત્ 'આગમ' સમાધિ સાચવવાનું કહે છે, એ ધર્મસાધનામાં પરોવાયેલા રહેવાના કહે છે. બુદ્ધસ્સ આણાએ ઈમં સમાહિં' આ સમાધિ એટલે કે પૂર્વે ગોશાળક બૌદ્ધભિક્ષુ-બ્રાહ્મણો તથા હસ્તિતાપસો સાથે વાદ કરતાં આર્દ્રકુમાર મહર્ષિએ જે શુદ્ધ અને સૂક્ષ્મ અહિંસામય માર્ગ વિજયવંતો બતાવ્યો, એ ધર્મ સમાધિ યાને સમાધિકારક ધર્મ પ્રભુના આગમ શાસ્ત્રોએ કહ્યો છે. હવે કહે છે,-

**'अस्सिं सुठिच्चा तिविहेण ताई'**

અર્થાત આ સમાધિમાં યાને સમાધિકારક ધર્મમાં 'સુઠિચ્ચા' -સારી રીતે સ્થિત બનીને, તે પણ 'તિવિહેણ' અર્થાત મન-વચન-કાયાથી સ્થિર બનીને, 'તાઈ' અર્થાત્ ત્રાયી-રક્ષણહાર બનવાનું, શું કહ્યું ? ધર્મ સાધનામાં સ્થિર બનવાનું, ધર્મ-પ્રવૃત્તિ ખૂબ ખૂબ કરવાની.

**બે જાતની ધર્મપ્રવૃત્તિ,** -

(૧) એક આશ્રવ-ત્યાગરૂપે પાપપ્રવૃત્તિઓ ઓછી કરવાની, ને વ્રત-નિયમ-અભિગ્રહો આદર્યા કરવાના; તથા

(૨) બીજી જિનભક્તિ-સાધુસેવા, શાસ્ત્ર સ્વાધ્યાય, વગેરે વગેરેની આરાધના



એ ધર્મપ્રવૃત્તિ. સંસારની મોહમાયાની પ્રવૃત્તિ ઓછી કરી, ને તેટલી વધુને વધુ ધર્મ પ્રવૃત્તિ કર્યા કરો, એ ભગવાનના શાસ્ત્રોનું કહેવું છે, એ કરવાને બદલે પાપપ્રવૃત્તિઓ સાંસારિક પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહેવું છે, અને મનમાં કોરા ભાવ ભાવવા છે, દા.ત. પર્વતિથિ આઠમ ચૌદશ આવી તો ય એમાં થોડો પણ ત્યાગ તપ નથી કરવો, રોજની જેમ છૂટા મોઢે ખાવું પીવું છે, અને અમારા હૈયામાં ભાવ સારા છે, અમારો તો મોક્ષનો જ આશય છે, એવા સવાસલા કરવા છે, તો ચિત્તમાં સમાધિ નહિ રહે. પૂર્વ પુરુષો ગાંડા નહોતા કે એમણે એકલા આવા કોરા શુષ્કભાવથી ન ચલાવ્યું, પણ ભરચક ત્યાગ-તપ-સામાયિક-પ્રતિક્રમણ-જિનભક્તિ-સાધુભક્તિ-શાસ્ત્ર-સ્વાધ્યાય રોજની સાધર્મિકભક્તિ-વગેરે વગેરે ધર્મપ્રવૃત્તિ-ધર્મઆચારો-ધર્મસાધનાઓ ભરપૂર કરવાની રાખેલી. કેમ આટલી બધી ધર્મપ્રવૃત્તિ ? ને કોરા ભાવ માત્ર નહિ ? સમજતા હતા કે,

**ચિત્તની સમાધિ ભરપૂર આશ્રવ-ત્યાગ અને સંવરસાધક ધર્મપ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહેવાથી સાધી શકાય.**

**સમાધિનું અવ્વલ કારણ ધર્મસાધનાઓ.** માટે અહીં આ ધર્મ સાધનાઓને જ સમાધિનું સચોટ કારણ હોવાથી સમાધિરૂપ કહી.

આ સમાધિ અર્થાત્ સમાધિપ્રેરક સાધનાઓમાં સુસ્થિર રહીને અર્થાત્ સારી રીતે એટલે કે, વિષયોમાં ઈન્દ્રિયોને ન જવા દેતાં ઈન્દ્રિયો પર પાકો નિગ્રહ રાખીને, સાધનાઓમાં સ્થિર રહેવાનું. એમ મિથ્યાદૃષ્ટિના કોઈ મત-મંતવ્યો અને અનુષ્ઠાનમાં મન લઈ ગયા વિના જિનોક્ત ધર્મ-સાધનામાં સ્થિર રહેવાનું.

## સાધનામાં ત્રિકરણ

આ સાધના પણ ત્રિવિધે અર્થાત્ મન, વચન, અને કાયાથી અર્થાત્ ત્રિકરણથી કરતા રહેવાનું. મનથી સાધના એટલે મનમાં દા.ત. એજ સમ્યગ્દર્શન જ્ઞાન કે ચારિત્રના જ વિચાર ચાલતા હોય. વચનથી સાધના એટલે કે બોલવાનું થાય તે અપ્રમત્તપણે. સમ્યગ્દર્શન શુદ્ધ યા જ્ઞાન શુદ્ધ કે ચારિત્ર શુદ્ધ કરનારી કરણી કરવાનું બને. ધર્મનાં એકેક યોગ સધાય તે આ ત્રિકરણ શુદ્ધ સધાય; પરંતુ એમ નહિ કે વેશ્યાની જેમ મનમાં જુદું, વચનમાં જુદું અને કાયાથી જુદું ! વેશ્યા બેઠી હોય કોઈના ખોળામાં, આંખનો ઈસારો કરે બીજાને, સાંકેતિક બોલ બોલે ત્રીજાને અને મનમાં વળી કોઈ ચોથાને જ ધાર્યો હોય. એવું ધર્મસાધના કરનાર કાયાથી ક્રિયા અમુક કરે, વાણીથી બીજાને કાંક પૂછે, જવાબ દે, અને મનથી વળી કાંઈક જુદી જ વિચારણા ચાલતી હોય, આ બધું વેશ્યાના ખેલ જેવું છે.

ધર્મસાધના કરવાની તે મન વચન કાયાથી કરવાની હોય, એક, પ્રભુને **'તુભ્યં નમઃ' 'વીરાય નિત્યં નમઃ'** વચનથી કહીએ ત્યાં સાથે જ કાયા એટલે કે માથુ નમે; અને મન નમે, અર્થાત્ મન એ નમસ્કારમાં લાગી મનને એમ થાય કે, 'પ્રભુ ! ક્યાં તમે ? અને ક્યાં હું ? તમે કેટલા બધા પરમ-ઉચ્ચ ? અને હું કેવોક અધમાધમ !' હવે વિચારી જોવા જેવું છે કે,

**આટલી 'વીરાય નિત્યં નમઃ' જેવી સાદી સ્તુતિ સાધનામાં પણ આપણે મન-વચન-કાયા આ ત્રિકરણ લગાડીએ છીએ ?**

**'લોગસ્સ'માં ત્રિકરણ :-**

આખો લોગસ્સ સૂત્ર બોલી ગયા, એમાં 'અજિઅં ચ વંદે,' 'ચંદપ્પહં વંદે,' 'સંતિ ચં વંદામિ,' 'વંદે મુણિસુવ્વયં' અને 'વંદામિ રિટ્ઠનેમિં' એમ પાંચ ઠેકાણે વંદનનું બોલ્યા ખરા, પણ એકેય વંદનામાં કાયાથી માથું નમ્યાનું યાદ છે ? યા મનમાં નમસ્કારનો ભાવ આવ્યાનો ખ્યાલ છે ? ના,

અથવા 'લોગ્ગસ' માં ચોવીસે ભગવાનના નામ બોલ્યા, પણ એકેક નામ પર લક્ષ ગયું ? અથવા એક પણ ભગવાન નજર સામે આવ્યા ? હેં, ચોવીસમાંથી ૧-૨ પણ નજર સામે ન આવ્યા ? કેમ આમ ? ધર્મક્રિયા-ધર્મયોગ ત્રિકરણથી સાધવા તરફ લક્ષ જ નથી, એની પરવા જ નથી !

**બ્રહ્મચર્યમાં ત્રિકરણ :-**

એમ, બ્રહ્મચર્ય ભલે તિથિએ પાળ્યું, ત્યાં ત્રિકરણ લગાડીને પાળવાનો ખ્યાલ ખરો ? એવું પળાતુ હોય તો એ દિવસે વાણીથી પત્નીને એમ બોલાય ખરું કે 'તું મને બહુ ગમે છે !' અથવા 'ફલાણાને કન્યા રૂપાળી મળી,' આવું બોલાય ? ના, પણ કેમ બોલાય છે ? કહો, ત્રિકરણથી બ્રહ્મચર્ય પાળવાનો ખ્યાલ જ નથી.

**તપમાં ત્રિકરણ :-**

ત્યારે તપસ્યા કરાય, ત્યાં ત્રિકરણથી તપયોગ સાધવાનો ખ્યાલ જ નથી, એટલે તપના દા.ત. ઉપવાસના દિવસે મન પારણાનો વિચાર કરે છે, અથવા અમુક ખોરાક સરસ એવું મનમાં લાવે છે. વાણીથી ય કદાચ ઘરમાં કહેશે કાલે પારણામાં આ બનાવજો,' આમાં મન અને વાણીથી તપ કયાં સાધ્યો ?

સૂયગડાંગ સૂત્રના આર્દ્રકુમારીય અધ્યયન પ્રાંતે સૂત્રકાર સુધર્મ ગણધર ભગવાન આ ફરમાવે છે કે, સમાધિયાને ધર્મસાધનામાં સુસ્થિત થઈ એને ત્રિવિધે એટલે કે, મન-વચન-કાયા એ ત્રિકરણથી સાધો.

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકાચાર્ય આનો ભાવ ખોલતાં કહે છે કે, ધર્મસાધનામાં સુસ્થિત થવાનું તે મન-વચન-કાયાથી ઇંદ્રિયો પર પાકો નિગ્રહ મૂકીને, ત્રિકરણથી



સુસ્થિત થવાનું, તાત્પર્ય સારી રીતે સ્થિરતાથી ધર્મસાધના કરવાની.

ધર્મની સાધના કરવી છે તો તે સારી સ્થિરતાથી કરાય તો જ એનું ઉચ્ચ ફળ આવે, એ સ્વાભાવિક છે. **અસ્થિર મનની ક્રિયા ખેડ્યા વિનાની કડક ભૂમિ પર બીયારણના વાવેતર જેવી છે.** જેમ કડક જમીનમાં બીયારણ અંદરની માટી સાથે બંધાય જ નહિ, માટીમાં મેળ જ નહિ, પછી એમાંથી અંકુર શાનો ફૂટે ? એમ અસ્થિર મન સાથે સાધના બંધાય જ નહિ, મન એમાં ભળે જ નહિ, પછી એનું ઉત્તમ ફળ શાનું આવે ?

માટે અહીં કહ્યું,- 'સુસ્થિત' યાને સારી રીતે સ્થિર થઈને સાધના કરો. આ જે સ્થિર થવાનું તે ઇંદ્રિયો પર પાકો નિગ્રહ કરીને થવાય, નહિતર એક બાજુ આંખ બીજું જ કાંઈ જોવામાં પડી જાય, કે કાન કશું સાંભળવામાં જાય, તો મન પણ એની સાથે જ જવાનું. મન વિના તો આંખ-કાન ચાહીને કાંઈ જતા નથી. ત્યારે મન એ આંખ કાનના વિષયમાં ગયું એટલે ધર્મ સાધનામાંથી મન ઊંચકાઈ જ ગયું, મનનો ઉપયોગ ત્યાં બહારમાં ગયો, સાધનામાં ન રહ્યો; અને મનના ઉપયોગ વિનાની ક્રિયા ભાવક્રિયા નહિ, પણ માત્ર દ્રવ્યક્રિયા થાય. 'ઉપયોગે ધર્મ' આ સૂત્ર કહે છે, 'ધર્મસાધનામાં મનનો ઉપયોગ હોય તો જ એ ધર્મરૂપ છે,' નહિતર ઉપયોગ વિનાની એ સાધના કહેવાય ધર્મની, છતાં એ ધર્મરૂપ નથી.

**કેવી દુર્દશા ! જીવ મનવિના ધર્મસાધના કરે છે. છતાં ધર્મ નથી કરતો ! કેમકે ઉપયોગે ધર્મ.** ધર્મ કમાઈ કરવાનો લાભ મનના લક્ષ વિના ગુમાવે છે.

**શેઠ મોચીવાડે : દ્રવ્ય ક્રિયા :-**

પેલા શ્રાવકની વાત આવે છે ને ? કે શ્રાવકને આગળ દુકાન પાછળ ઘર હતું. શ્રાવક સામાયિકમાં બેઠો છે, અને દુકાન પર કોઈ ઘરાક આવી પૂછે છે,- 'શેઠ ક્યાં ગયા ! એટલે છોકરાની વહુએ શેઠ તરફ નજર નાખીને કહે છે. શેઠ મોચીવાડે ગયા છે.

ઘરાક તો એ સાંભળીને ચાલી ગયો, પણ સસરો શ્રાવક ખીજાયો કે આ વહુ કેવું જૂઠું બોલે છે ? હમણાં સામાયિકમાંથી ઉઠીને એની ખબર લઉં છું. સામાયિક પૂરું થયું, શ્રાવક ઊઠીને વહુને કહે કેમ વહુબા ! પેલા ઘરાકને આવું ધરાર જૂઠું બોલ્યા ? હું તો ઘરમાં જ હતો ? કે મોચીવાડો ગયો તો ?'

વહુ કહે બાપુજી ! માફ કરજો, તમે કાયાથી તો ઘરમાં હતા પણ મનથી મોચીવાડે ગયા હતા.'

સસરો કહે 'એ શી રીતે કહો છો ?'

**વહુનો તત્ત્વોપદેશ :-**

"તમારું મન જોઈને, તમારી નજર ફાટેલા જોડા પર હતી. એટલે મને લાગ્યું કે તમારા સ્વભાવ મુજબ ગડમથલમાં હશો કે આને મોચીવાડે સંધાવવા લઈ જઈશ, પણ માળા મોચી સાંધવાના, બેના બદલે ચાર પૈસા માગશે, તો કાંઈ નહિ, એક મોચી પર આપણે થોડું જ મુંડાવ્યું છે ? બીજા મોચી પાસે લઈ જઈશું ! કહો, બાપુ ! આ ગડમથલ વખતે તમે ઘરમાં હતા ? કે મોચીવાડે ? પછી મેં શું ખોટું કહ્યું ?

**આ તમારો પૈસાની અને તુચ્છ પણ ચીજવસ્તુની બહુ માયાનો સ્વભાવ તમને લાખ રૂપિયાની ધર્મસાધનામાં સ્થિર નથી રહેવા દેતો;**

**ધર્મ વખતે તુચ્છ જડની માયામાં ઝાડું ખાતર ઝવેરાત ગુમાવવાનું થાય છે.**

માફ કરજો, આ તો મારા બાપને ઘરે ઉદારતા અને ધર્મસાધનામાં સ્થિરતા જોયેલી છે, તે અહીં ન દેખાતાં હું તો સીદાઈ રહી છું, એ દિલના દુઃખને લીધે આટલું બોલી જવાયું કે શેઠ મોચીવાડે ગયા છે. આમ કહી વહુ ઉઠીને આંખમાં આંસુ સાથે સસરાને પગે પડી કહે છે; બાપુ ! મારા અવિનયની ક્ષમા કરો."

આ જોઈ સસરો પીગળી ગયો. ગળગળો થઈ કહે છે,-

"વહુ ! તમે તો ગજબ કરી ! મારી અંતરની આંખ ખોલી નાખી ! આ હિસાબે તમારી વાત તદ્દન સાચી છે; અને હું આજથી જ પૈસા અને તુચ્છ ચીજવસ્તુની મોહમાયા ઓછી કરી નાખીશ, અને તમને પણ પૂર્ણ અધિકાર આપું છું કે જ્યારે ક્યારે કાંઈ ધર્મ કરવાનો હોય, સુકૃત કરવા જેવું લાગે, તો ખુશીથી કરવાનું અને સમયે સમયે તમારે મને ધર્મનું સૂચન કરતા રહેવાનું સાવધાની આપતા રહેવાનું."

સસરો કેમ પીગળી ગયો ? કહો, વહુએ બતાવ્યું કે મનનો ઉપયોગ ધર્મસાધનામાંથી બીજે લઈ જતાં લાખ રૂપિયાની ધર્મસાધનાથી ધર્મ-કમાઈ ખોઈ તુચ્છ જડની ચિંતામાં પડવાનું થાય છે, જે ચિંતામાં આર્થિક પણ કાંઈ બહુ ખાટી જવાનું નથી,'

**ઈન્દ્રિયનિગ્રહથી જડ માયા અટકે :-**

આ હિસાબ પર શાસ્ત્રકાર અહીં કહે છે કે, તુચ્છ જડ વસ્તુમાં તાણી જનાર ઇંદ્રિયો છે, પેલા શ્રાવકે જોડા પર નજર ઠેરાવી, તો મન આકુળ વ્યાકુળ થયું, એના બદલે જો ચક્ષુ પર નિગ્રહ મૂકી દીધો હોત, આંખને જ્યાં ત્યાં ફેરવવાનું ન રાખ્યું હોત, કદાચ ને જો આંખ બહારમાં ગઈ, તો તરત પાછી ખેંચી લીધી હોત, તો સામાયિકમાં ચાલુ સજ્ઝાય-ધ્યાનમાં સ્થિર રહ્યા હોત.

વળી સામાયિકના પચ્ચક્ખાણમાં પણ એટલે કે પાપ વ્યાપારના ત્યાગમાં ય સ્થિર રહ્યા હોત. એને ભાંગો ન લગાડત.



**ધર્મમાં મન કેમ સ્થિર રહે ? :-**

વાત આ છે કે કોઈ પણ ધર્મસાધનામાં લાગો, તે પહેલાં મનને નક્કી કરી લો કે હવે મારે મન-વચન-કાયા-ઈન્દ્રિયો બધું જ આ ધર્મસાધનામાં જ જોડવાનું, જોડેલું રાખવાનું; બહારના વિષયમાં ઇંદ્રિયો લઈ જવી હરામ, બહારમાં લાખ રૂપિયાની ચીજ જોવાની આવે કે, એવો બોલ બોલાતો હોય, પણ મારે આંખ કાન ત્યાં નહિ જ લઈ જવાના; ને કદાચ અણધાર્યા જાય તો તરત પાછા ખેંચી લઈ એના દંડમાં મોંઢેથી બોલીને ૨૫ લોગસ્સ ગણવાના.' આવો કોઈ નિર્ધાર અને આવી કોઈ ટેક રખાય તો ઇંદ્રિયો પર સારો અંકુશ સારો નિગ્રહ આવી જાય.

**ચાલવામાં નિર્ધાર :-** જીવનો ઇંદ્રિયોને વિષયો તરફ તણાઈ જવા દેવાનો અનાદિ અનંતકાળનો સ્વભાવ સમજી રાખી કામ લેવા જેવું છે, ઇન્દ્રિયો પર પાકો નિગ્રહ અંકુશ મૂકવા જેવો છે. એક દાખલા તરીકે, જેમ રસ્તે ચાલતાં પણ આ ધ્યાન રાખવા જેવું છે કે, જીવરક્ષાર્થે નીચે જોઈને જ ચાલવાનું; પણ આજુબાજુના વિષયો તરફ આંખને ખેંચાવા દેવાની નહિ.'

ઘરેથી બહાર નીકળતાં જ મનને નિર્ધાર કે કામ વિનાનું કશું મારે જોવું જ નહિ, કાંટાળા રસ્તે ચાલતાં જીવ આ સાવધાની રાખે જ છે, નહિતર આડુઅવળું જોવા જતાં પગમાં કાંટો ભોંકાઈ જવાનો ભય છે. બસ, એજ રીતે દેવદર્શન-પૂજા-ચૈત્યવંદન-સામાયિક-જાપ-સ્વાધ્યાય-ધ્યાન વગેરે ધર્મસાધના કરવા બેસતાં જ નિર્ધાર કે, હવે મારે આમાં જ ખોવાઈ જવાનું બીજે ક્યાંય આંખ કાન જવા દેવાના જ નહિ, એમ, મન માટે પણ નિર્ધાર કરી શકાય કે, હવે મનને પણ બીજા કોઈ વિષયમાં લઈ જવાનું જ નહિ, મનને આ સાધનામાં જ ઓતપ્રોત કરવાનું.

ગણધર ભગવાન **'અસ્સિં સુઠિચ્ચા'** કહીને આ ધર્મસાધનામાં જ સુસ્થિર થવાનું કહે છે; તે તે ઇંદ્રિયોના સુપ્રણિધાનથી અર્થાત્ સજ્જડ નિગ્રહ કરી, એને ચાલુ ધર્મસાધનામાં જ જોડી રાખવાથી થાય. પછી કહે છે,-

**'તિવિહેણ તાયી'**

અર્થાત્ મન-વચન-કાયાથી એ સાધનામાં સુસ્થિર બનીને મન-વચન-કાયાથી ત્રાયી એટકે કે સ્વપરના રક્ષણહાર બનવાનું, અહીં તિવિહેણ શબ્દને પૂર્વના 'સુસ્થિત' શબ્દ સાથે પણ લગાડ્યો, અને આ 'તાયી' શબ્દ સાથે ય લગાડ્યો.

**સાધનામાં ત્રિવિધે અર્થાત્ ત્રિકરણે સ્થિર થવાનું; ને ત્રાયી-રક્ષક પણ ત્રિકરણે થવાનું.**

ધર્મસાધનામાં સ્થિરતા પણ મન વચન કાયાથી લાવવી જોઈએ, અને ત્રાયી-રક્ષણહાર પણ મન-વચન-કાયાથી બનવાનું.

**જૈન શાસનમાં લગભગ બધી સાધનાઓ તિવિહેણ કરવાની છે.**

**નવકારમાં 'તિવિહેણ' :-** એક 'નમો અરિહંતાણં' બોલો એ પણ તિવિહેણ અર્થાત્ (૧) મન નમસ્કારમાં હોય, મનને એમ ભાસ થાય કે અરિહંત તમે કેવા ઊંચા ! અને હું કેવો અધમાધમ ! (૨) વાણી 'નમો અરિહંતાણ' પદ બોલે, અને (૩) કાયા એટલે કે માથું પણ પ્રભુને નમે. એ રીતે 'નમો અરિહંતાણં' પદ બોલવાનું. એમાં ય 'અરિહંતાણં' બહુવચન છે, તેથી મનની સામે અનંત અરિહંત આવે. અહીં 'અરિહંત' એટલે અષ્ટ પ્રાતિહાર્યની શોભાને યોગ્ય; માટે એ અનંત અરિહંત સમવ-સરણ પર દેખાય કે જ્યાં પ્રભુ સિંહાસન-ચામર-ભામંડલ-છત્ર વગેરે આઠ પ્રાતિહાર્યથી શોભતા છે. પ્રશ્ન થાય,

**પ્ર.-** એકજ પદ બોલતાં આટલું બધું સાચવવામાં તો કેટલો બધો સમય લાગે ?

ઉ.- સમય લાગે એમ જ કહો છો તે આટલા માટે, કે આજ સુધી પ્રેક્ટીસ નથી કરી એટલે એમ લાગે છે. પણ અવકાશે અવકાશે આનો અભ્યાસ કરતા રહો તો સ્વીચ દાબો ને જેમ ઝટ લાઇટ થાય, એમ નમો અરિહંતાણં બોલતાં જ નજર સામે અનંત સમવસરણ પર અનંત અરિહંત દેખાય. એ જોવાનો મહાવરો કરો, તો પછી સારો મહાવરો થતાં એ પદ બોલતાં મનથી સહેજે અનંત સમવસરણ અને અનંત અરિહંત દેખાઈ જશે. પછી તો વાચિક નમન માટે કલ્પનાથી ઉચ્ચારણ તો કરીએ જ છીએ. સાથે આપણે નમીએ છીએ, તો 'આપણી જાતને પ્રભુથી તદ્દન અધમ આત્મા સમજીને નમીએ છીએ,'- એ મન પર લાવવાનું આ થાય ત્યારે મન-વચન-કાયા એ ત્રિકરણથી નમસ્કાર થયો કહેવાય.

પછી 'નમો સિદ્ધાણં' 'નમો આયરિયાણં,' બધે જ આ પ્રમાણે કરવાનું. સિદ્ધશિલા પર અનંતા સિદ્ધ જોવાના. પછી પાટ પર બેસી વ્યાખ્યાન આપતા અનંત આચાર્ય જોવાનાં, પછી ગોળ માંડલીમાં બેઠેલા સાધુઓની સામે બાજોઠ પર બેસી વાચના આપતા અનંત ઉપાધ્યાય જોવાના. પછી અનંત મુનિઓને છેલ્લી ઉચ્ચ આરાધના તરીકે કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભેલા જોવાના. એ બધાને આપણું માથું નમતું અને મોં પદ બોલતું મનથી જોવાનું. આમ એકેક પદમાં ત્રિકરણ લગાડવાના તો જ એ ક્રિયા અને સૂત્રમાં આપણો આત્મા જોડાયો ગણાય. મોટી કિંમતી આરાધના મનને ક્રિયામાં જોડ્યાથી થાય. ત્રિકરણ યોગે સાધનામાં મનને તે તે યોગમાં ખાસ જોડવું જોઈએ.

શ્રી જ્ઞાનવિમળસૂરિજી કહે છે,-

**'અક્રિય સાધે જે ક્રિયાજી, તે નાવે તિલમાત.'**



અર્થાત્ મનથી અક્રિય રહી જે બહારથી ધર્મક્રિયા કરે છે, તેની એ ધર્મક્રિયા તલમાત્ર જેટલી ય કિંમતની નથી. બાહ્ય સાધના સાથે મનને સાધનાવાળું કરવું જોઈએ. જેમ સમાધિ યાને જિનાગમોક્ત ધર્મ સાધનામાં ત્રિકરણથી સુસ્થિર થવાનું એમ સાથે મિથ્યા ધર્મથી આઘા રહેવાનું. તે પણ ત્રિકરણથી; અર્થાત્ કાયા એ મિથ્યા ધર્મમાં જાય નહિ, વાણી એની અનુમોદના પ્રસંસા ન કરે, ને મનમાં મિથ્યાત્વની ઘૃણા હોય અને અવસર આવ્યો ત્યાં વાચિક પણ એની અ-માન્યતા પ્રગટ કરવાની.

**સાધુ ત્રિકરણે રક્ષણહાર :-** આવો સાધુ ત્રિવિધે 'તાયી' સ્વપરનો રક્ષણહાર બને છે, ત્રિવિધે-ત્રિકરણે અર્થાત મન-વચન-કાયાથી સ્વાત્માનો રક્ષણહાર બને.

**સ્વનું રક્ષણ આ,-** કે ક્યાંય પોતાના મૂલગુણો મહાવ્રતોને, અને ઉત્તર ગુણો પિંડ વિશુદ્ધિ સમિતિ ગુપ્તિ આદિને જરાય ત્રિકરણે ભંગ-અતિચાર ન લાગવા દે.

**પરનું રક્ષણ આ,- કે** ષટ્કાયજીવોને પોતાના તરફથી મન-વચન-કાયાથી સહેજ પણ દુભામણ ન થવા દે, એટલે કોઈના ય દિલને આઘાત થાય એવું કરવાનું ન વિચારે; તેમ આઘાત લાગે એવો અપ્રિય-કર્કશ શબ્દ પણ ન બોલે, યાવત્ પોતાના બોલથી કોઈ જીવની હિંસા થાય, દુભામણ થાય, એવું હોય તો એવો બોલ પણ ન બોલે. મેતારજ મુનિએ કૌંચ જીવની રક્ષા ખાતર સોનીને ન કહ્યું કે, 'તારા જવલા આ જીવ ચણી ગયું છે.' સાધુએ એક આ રીતે પરના રક્ષણે ઉદ્યત રહેવાનું છે- આ દ્રવ્યથી રક્ષા. એમ સાધુ પર ગમે તેવી આફત હોય છતાં પોતાના નિમિત્તે બીજાને કષાય થાય એવું પણ સાધુ ન કરે, ન બોલે ન ચાલે. આમાં સામો જીવ કષાયથી બચ્યો, એ જીવની ભાવથી રક્ષા થઈ. તાત્પર્ય,

**સાધુ તો પરની રક્ષા દ્રવ્યથી પણ કરે, અને ભાવથી પણ કરે.**

- **દ્રવ્યરક્ષામાં એના શરીર વગેરેને દુભામણ ન કરે.**
- **ભાવરક્ષામાં એને પોતે કષાયાદિનું નિમિત્ત ન આપે.**

આ જોતાં જૈનધર્મની કેટલી બધી સૂક્ષ્મતા નિપુણતા અને સર્વહિતકારિતા છે ! એ સમજી શકાય એવું છે. પોતાના ધર્મ પાલનમાં ક્યાંય રાગદ્વેષ કષાય ન પોષાઈ જાય, કે કોઈ પણ જીવની મન-વચન-કાયાએ જાતે દુભામણ ન કરાય, બીજા પાસે દુભામણ ન કરાવાય, તેમજ બીજા સ્વયં દુભામણ કરતા હોય એમાં સહેજ પણ મનથી ય અનુમતિ ન થાય, એટલી બધી ચોકસાઈ હોય ત્યાં ધર્મની સૂક્ષ્મતા અને નિપુણતા કેવી અદ્ભુત ! ત્યારે જીવમાત્રને અભયદાન દેવામાં એ જીવોની રક્ષા કેવી અદ્ભુત !

**જૈનધર્મની દ્રવ્ય-ભાવથી જીવરક્ષામાં સૂક્ષ્મતા જો ખ્યાલમાં હોય તો આવા સર્વ હિતકર ધર્મથી વિપરીત ચાલનારા કુધર્મો તરફ આકર્ષણ શાનું થાય ?**

કે એના પર લેશ પણ સદ્ભાવ શાનો રહે ? માટે જ શાસ્ત્રકારે લખ્યું કે, એવા મિથ્યામાર્ગ પ્રત્યે તો મન-વચન-કાયાથી ઘૃણા જ હોય.

**મિથ્યામાર્ગની ત્રિકરણથી ઘૃણા ?**

હા, **મનથી** ઘૃણા એ કે 'અરે ! આ મિથ્યાધર્મો જીવોને ધર્મના નામે સ્વ-પરનું અહિત કરનારો પાપમાર્ગ ઉપદેશી રહ્યા છે ! પાપમાર્ગ એ ધર્મ ? એમ મનમાં મિથ્યામાર્ગ પ્રત્યે ઘૃણા થાય.

**વચનથી** ઘૃણા એ કે, અવસર આવે ત્યાં મિથ્યામાર્ગ પ્રત્યે પોતાની ઘૃણા-અરુચિ વ્યક્ત કરાય, સ્પષ્ટ કહી બતાવાય. તે પણ એનાં કારણો કહેવાય સાથે. ત્યાં પછી શરમમાં પડી મૌન ન રહેવાય. સામાના મિથ્યામાર્ગના સમર્થનમાં હા હા ન કરાય. ત્યાં સ્પષ્ટ અરુચિ જ બતલાવવી જોઈએ.

**કાયાથી** મિથ્યામાર્ગની ઘૃણા આ, કે મિથ્યામાર્ગના પ્રરૂપક સામે મળ્યા, અગર ઘરે આવ્યા, તો આંખે આંખ ન મિલાવે.

**સુલસાના** ઘરે અંબડ પરિવ્રાજક ગયો, તો એ નજરે દેખાતાં જ સુલસાએ અરુચિ સાથે મોં મચકોડી લીધું. આ કાયાથી ઘૃણા થઈ.

**સુદર્શન શ્રાવકને** ત્યાં એનો પૂર્વનો ગુરુ શુક પરિવ્રાજક જઈ ચડ્યો, તો સુદર્શને તરત જ મોં નીચું કરી દીધું, ને જરાય શેહમાં તણાયા વિના સંન્યાસીની આંખમાં આંખ પણ ન મિલાવી ! પેલો શુક સંન્યાસી હબક ખાઈ ગયો કે અરે ! આ શું ? આને કોણે ભરમાવ્યો ? આણે પૂર્વની જેમ મારા નગર પ્રવેશ વખતે ય મોં ન દેખાડ્યું મારું સામૈયું ય ન કર્યું ? મારા ઉતારે મળવા ય ન આવ્યો ! ત્યારે એને લાગ્યું કે, આવો શ્રીમંત ભક્ત ખોઈ નાખ્યો ન પાલવે, તેથી હું સામે ચડીને અહીં આને ત્યાં આવ્યો છું, ત્યારે પણ મારા સામું ય જોતા નથી ? આ બધું જોતા સમજાય એવું છે કે, સુદર્શન શ્રાવકની મિથ્યામાર્ગ પ્રત્યે કાયાથી પણ કેટલી બધી ઘૃણા હશે ?

સમ્યક્ત્વની અહીં પરીક્ષા થાય છે. તમને જો સમ્યગ્ મોક્ષ માર્ગ સમજાયો છે, અને એના પર અથાગ રાગ છે, અથાગ શ્રદ્ધા છે, તો બધા ધર્મ સરખા એવું બોલાય જ કેમ ? કાચ પર રત્ન જેવી શ્રદ્ધા શાની ? એમ મિથ્યામાર્ગ પર અને એ માર્ગના પ્રરૂપક પર સહેજ પણ રુચિ શાની થાય ? એના પર સહેજ પણ દાક્ષિણ્ય મનમાં ય શાનું આવે ? રત્નની કિંમત સમજતો હોય અને એના પર જેને અથાગ રાગ હોય એ કાચના ટુકડાનું મહત્ત્વ જરા પણ આંકે ખરો ? ભલે આ કાચ એ બનાવટી હીરો કહેવાતો હોય, પણ હીરો તો કહેવાયો જ ને ?'- એમ રત્નનો સાચો પારખુ બોલે ખરો ? કહો, રત્નના પારખુને તો કાચ તરફ ભારે ઘૃણા હોય, અને કોઈ જો એ કાચને હીરામાં ખપાવનારો સામે આવી જાય તો એની સામું ય ન જુએ. કદાચ જોવું પડે તો ઘૃણાથી રોકડું પરખાવી દે, કે શું આ દુનિયાને ઠગવા



નીકળ્યા છો ? નરદમ કાચના ટુકડાને હીરામાં ખપાવવાની માયાજાળ ? એમ, એ સ્થિતિ સમકિતીની હોય, એ સર્વજ્ઞના સર્વ જીવ-અહિંસામય તથા સર્વ પાપ વિરતિમય મોક્ષ માર્ગને રત્ન સમાન લેખતો હોય, અને હિંસા-ભરપૂર તથા અવિરતિ ભરપૂર મિથ્યામાર્ગોને કાચના ટુકડા સમાન લેખતો હોય.

આર્દ્રકુમાર મહામુનિના ચરિત્રમાં છેલ્લે છેલ્લે કેટલી સુંદર વાત આવી !

આર્દ્રકુમાર મહામુનિના દર્શનથી અને હાથીખાઉ તાપસોને પ્રતિબોધથી હાથીને તાન ચડ્યું તે ભારે લોખંડી સાંકળો તોડીને મહામુનિની પૂંઠે એમને નમવા માટે નાઠો, ને મુનિ પાસે પહોંચી નમસ્કાર કરે છે. એના પર શ્રેણિકે આશ્ચર્ય વ્યક્ત કરતાં મહામુનિએ કેટલો ભવ્ય ઉત્તર આપ્યો !

**'હે રાજન ! માણસે નાખેલા ફાંસલામાંથી ઉન્મત્ત હાથીએ પોતાની જાતને છૂટી કરવી એ મને તેવું દુષ્કર નથી લાગતું જેવું દુષ્કર સ્નેહના તંતુના આંટામાંથી જાતને છોડાવવાનું લાગે છે.'**

અહીં 'તંતુના બંધનમાંથી છૂટવાનું દુષ્કર શી રીતે ?' એવી શ્રેણિકની જિજ્ઞાસા સંતોષવા મહામુનિએ પોતાનો પૂર્વ અધિકાર કહીને રાજાને પ્રતિબોધ કર્યો ! અને પોતે પ્રભુ પાસે આવી પ્રભુને વંદના કરીને ૫૦૦ હસ્તિ-તાપસોને દીક્ષા આપવા વિનંતી કરી. પ્રભુએ દીક્ષા આપીને એમને આર્દ્રકુમારના શિષ્ય બનાવ્યા.

**જિનાજ્ઞામાં ધર્મ :-** શ્રી સૂયગડાંગસૂત્રના આર્દ્રકુમાર-અધ્યયનના અંતે ગણધર ભગવાન આખા અધ્યયનનો કેવો સુંદર સાર બતાવે છે,-

અર્થાત્ 'બુદ્ધસ્સ' જેમણે કેવળજ્ઞાનથી તત્ત્વ જાણ્યા-જોયા છે એવા સર્વજ્ઞ વીરવર્ધમાન સ્વામીની 'આજ્ઞાથી' યાને આગમથી આ 'સમાધિ' અર્થાત્ સદ્ધર્મની પ્રાપ્તિ કરીને, આ સદ્ધર્મમાં મન-વચન-કાયાએ સુસ્થિર બનેલી મુનિઓ 'ताइ' અર્થાત ત્રાયી એટલે કે જીવોના રક્ષણહાર હોય છે, અથવા 'ताइ' એટલે કે મોક્ષ પ્રત્યે ગમનશીલ હોય છે.

અહીં સ્પષ્ટ કહી દીધું કે- **સદ્ધર્મ સર્વજ્ઞની આજ્ઞાનુસારે જ હોય.**

આ કહેનાર ગણધર મહારાજ ખુદ પોતે માત્ર અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગીની રચના કરનારા હોય છે, એવી અદ્ભુત તાકાતવાળા અને એવા અદ્ભુત જ્ઞાની પણ 'આજ્ઞાએ ધર્મ' કહે છે, એ કેવું માર્મિક કથન છે. અહીં મનને થશે,-

**પ્ર.-** શું દયા અહિંસા એ ધર્મ નહિ ? સત્ય એ ધર્મ નહિ ? દાન-શીલ-તપ એ ધર્મ નહિ ? માત્ર આજ્ઞા જ ધર્મ ?

**ઉ.-** દયા અહિંસા દાન વગેરે વગેરે એ બધા ધર્મ ખરાય ખરા, અને ધર્મ નહિ પણ ખરા; ભગવાનની આજ્ઞાનુસાર દયા અહિંસા વગેરે હોય તે ધર્મ. આજ્ઞા બહારના દયા દાનાદિ હોય એ ધર્મ નહિ. દા.ત. કન્યાદાન એ ધર્મ નહિ; કસાઈ

જેવાને શસ્ત્રાદિનું દાન એ ધર્મ નહિ, જિનેશ્વર ભગવાનની જલથી પૂજા ને પુષ્પથી પૂજામાં હિંસા છે, છતાં એની જિનાજ્ઞા છે તેથી એ પૂજા એ ધર્મ છે. ધર્મ આજ્ઞામાં છે, એમ કહેવાનું કારણ એ, કે સર્વજ્ઞ ભગવાન અનંત જ્ઞાનથી પ્રત્યક્ષ જુએ છે કે અમુક અહિંસાથી જીવનું આવું આવું કલ્યાણ થયું છે, અને સંયોગ વિશેષે કે સમય વિશેષે હિંસાથી જીવનું આવું આવું કલ્યાણ થાય છે. દા.ત.

**હિંસા છતાં ધર્મ ! :-**

સર્વજ્ઞ ભગવાને જ અનંત જ્ઞાનમાં જોયું છે કે સાધુને વિહાર કરતાં કરતાં વચમાં નદી આવે અને એના અમુક અંતરમાં બીજો સ્થળમાર્ગ ન મળતો હોય, તો સાધુ નદી જયણાથી પાણીમાં એકેક પગ મૂકીને ઓળંઘી જાય, આમાં સ્પષ્ટ હિંસા છતાં સાધુ બીજા અનેક દોષોથી બચી, સંયમ સારું પાળી શકે છે; માટે આ નદી ઓળંઘવાનું હિંસાયુક્ત છતાં એને સાધુધર્મ કહ્યો. નહિ, હિંસા એ ધર્મ હોઈ જ શી રીતે શકે ? નદી ન ઓળંઘાય એમ આગ્રહ રાખી એક સ્થાને બેસી રહે તો ત્યાં ગૃહસ્થ સાથે રાગ, મમત્વ, ભક્તિથી સાધુ અર્થે રાંધેલ ગોચરી-ગ્રહણ, રાગી ગૃહસ્થ સાથે વાતોચીતોમાં બહિર્ભાવ, સ્વાધ્યાય ભંગ,.....વગેરે કેટલાય સંયમઘાતક દોષો ઊભા થાય. એનાથી સાધુને બચાવવા જયણાથી નદી ઓળંઘવાને ધર્મ કહ્યો.

એમ ગૃહસ્થ માટે પણ જ્ઞાની જુએ છે કે એને ભગવાનની મૂર્તિની પૂજા ભલે આરંભ સમારંભવાળી હોવા છતાં જો એના રોજિંદા કર્તવ્યમાં નહિ હોય, તો એ દુન્યવી આરંભ સમારંભો અને વિષય વિલાસોમાં પડી જવાનો, ભગવાનની પૂજામાં દ્રવ્ય-અર્પણ નહિ હોય તો ધનમૂર્ચ્છા એવી જ બની રહેવાની. પરિવારમાં આવી ત્રિકાળ જિનભક્તિના આચાર નહિ હોય, તો નવી પ્રજાને બીજી કોઈ ખાસ ધર્મ પ્રવૃત્તિ નહિ રહેવાથી એ ધર્મહીન અને નાસ્તિક બની જવાની, ને દુન્યવી મહાહિંસામય ધંધાધાપા-સ્નેહી સ્વજન સાથે વિકથા-કૂથલી અને વિષય વિલાસોમાં ચકચૂર રહેવાની. પરિણામે એનામાં જૈનધર્મ જેવું શું રહે ? 'ના, મૂર્તિની પૂજામાં હિંસા થાય માટે એ ધર્મ નહિ એમ કહી પૂજાથી વંચિત રહે તો પોતાનામાં અને પરિવારમાં કેટલા બધા અનર્થો ઊભા થાય ? વળી,

**ભગવાનની મૂર્તિ પરની અરુચિ જઈને ભગવાન પર પહોંચે છે.**

દા.ત. પોતાના બાપના ફોટા પર કોઈ આવીને થૂંકે, કાળા લીટોડા કરે, ફોટાને લાત મારે, તો પોતાને એમ લાગે છે કે, આ માણસ મારા બાપનું અપમાન કરે છે, મારા બાપ પર દ્વેષિલો છે, તો જેમ બાપના ફોટા પર દ્વેષ અને બાપના ફોટાનું અપમાન એ બાપ પર દ્વેષ અને બાપનું અપમાન છે, એમ ભગવાનની મૂર્તિ પર અરુચિ-દ્વેષ એ ભગવાન પર અરુચિ-દ્વેષ છે. ને ભગવાનની મૂર્તિનું અપમાન એ ભગવાનનું અપમાન છે. આવા બધા મહા અનર્થો જ્ઞાનીએ જોઈને



એનાથી બચાવી લેવા તથા જિનભક્તિ પરમપાત્રદાન વગેરેના લાભ માટે મૂર્તિપૂજામાં ધર્મ કહ્યો. એના બીજા અપરંપાર લાભો પ્રાપ્ત કરાવવા ગૃહસ્થને માટે મૂર્તિનિર્માણ મંદિરનિર્માણ, મૂર્તિપૂજા, ઉત્સવ વગેરેને હિંસાયુક્ત છતાં ધર્મ કહ્યો.

સારાંશ, ધર્મ શું ? તો કે સર્વજ્ઞ જિનેશ્વર સત્ય, અપરિગ્રહ, એ ય ધર્મરૂપ છે; અને એમાં ક્યારેક હિંસા ય ધર્મરૂપ બને, અને પરિગ્રહે ય ધર્મરૂપ બને. મૂર્તિપૂજા, સંઘયાત્રા, સાધર્મિક-વાત્સલ્ય વગેરે હિંસાયુક્ત છતાં ધર્મરૂપ છે. એમ મંદિરના કે બીજા ક્ષેત્રના દ્રવ્યનો પરિગ્રહ એ ધર્મરૂપ છે.

માટે તો ધર્મના બે પ્રકાર બતાવ્યા,-

**ધર્મ ૨ પ્રકારે, (૧) નિરાશ્રવ ધર્મ અને (૨) સાશ્રવ ધર્મ.**

'નિરાશ્રવ'માં હિંસા-જૂઠ વગેરે આશ્રવોથી રહિત સાધ્વાચાર આવે, અને સાશ્રવમાં હિંસામય આરંભ સમારંભ ધર્મદ્રવ્ય પરિગ્રહ વગેરે, આશ્રવ સહિત જિનમૂર્તિપૂજા વગેરે આવે. મહાવીર ભગવાને શાસન સ્થાપ્યું એ આજ સુધી અવિચ્છિન્ન ચાલ્યું આવ્યું છે એ આ બે પ્રકારના ધર્મના પાલન ઉપર ચાલ્યું આવ્યું છે; પણ એકલા નિરાશ્રવ ધર્મ પર નહિ. એકલા નિરાશ્રવ ધર્મ પર શાસન ન ટકે.

સાધુના આચાર-પાલનમાં પણ સાશ્રવ ધર્મ હોય છે. વસ્ત્રપાત્રાદિની પ્રતિલેખના કરે, પ્રતિક્રમણ વગેરેમાં રજોહરણથી પૂંજે-પ્રમાર્જે, ઊઠ-બેસ કરે, એમાં વાયુકાયની વિરાધના થવાનો સંભવ છે. એટલે એય અંશે સાશ્રવ ધર્મ બને છે.

મૂર્તિપૂજામાં હિંસા છે, આશ્રવ છે. હિંસા આશ્રવમાં ધર્મ ન હોય,'- એમ કહેનારને પૂછો કે પ્રભુએ શાસન સ્થાપ્યા પછી સાશ્રવધર્મના પાયા પર શત્રુંજય સંમેતશિખર વગેરે મહાન તીર્થો, જિનમંદિરો, જિનભક્તિ-મહોત્સવો, યાત્રા-સંઘો, સાધર્મિક વાત્સલ્ય વગેરે ચાલ્યું ન આવ્યું હોત અને તદ્દન અહિંસામય નિરાશ્રવ ધર્મનો જ આગ્રહ રખાયો હોત, તો આ તારા મૂર્તિપૂજા વિરોધનો ધર્મ સ્થાપનારા સુધી શાસન પહોંચ્યું હોત ? શું ભગવાન પછી શાસન એકલા નિરાશ્રવ ધર્મ પર ચાલી આવ્યું છે ? ના, અને જો શાસન જ ન ચાલી આવ્યું હોત તો તારાથી મનઃકલ્પિત માર્ગ ચલાવવાની ગુંજાયશ જ શી હતી ?'

વાત આ છે,- શુદ્ધ જૈન માર્ગ બે પ્રકારનો સાશ્રવ અને નિરાશ્રવ. આમાં સાશ્રવ છતાં ધર્મ ?' આવો પ્રશ્ન થાય એનો ઉત્તર આ, કે હા ધર્મ, કેમકે ધર્મ સર્વજ્ઞ ભગવાનની આજ્ઞામાં છે, અને સર્વજ્ઞ ભગવાનનું વચન છે,- ધર્મ બે પ્રકારે સાશ્રવ અને નિરાશ્રવ.' એટલે સાશ્રવ પણ ધર્મ છે. ધર્મ કક્ષા મુજબનો હોય. નિરાશ્રવ દશા ન આવી હોય ત્યાં સુધી શું ધર્મ જ ન હોય ?

**સંયમમાં ત્રિવિધે સ્થિર :-** ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ શ્રી સૂયગડાંગ સૂત્રના આર્દ્રકુમાર અધ્યયનના અંતે આ કહ્યું, 'બુદ્ધસ્સ આણાએ ઈમં

સમાહિં' આ સમાધિ યાને ધર્મ સર્વજ્ઞ ભગવાનની આજ્ઞા આગમને અનુસારે છે. પછી કહે છે.

**'અસ્સિં સુઠિચ્ચા તિવિહેણ તાઈ'**

અર્થાત્ આ સત્ ધર્મમાં ત્રિવિધે યાને મન-વચન-કાયાથી સુસ્થિર થઈ સાધુ તાઈ બને,

અહીં ત્રિવિધે સુસ્થિર કહ્યું એથી સૂચવ્યું કે સાધુ પોતાના સાધુધર્મમાં મનથી સ્થિર રહે, એટલે કે પોતે જે સંયમધર્મ લીધો છે એમાં મનને એવું સ્થિર રાખે કે

**(૧) મનથી સંયમમાં સ્થિર :-**

મનમાં અસંયમનો વિચાર સરખો ન આવે. દા.ત. 'ગરમી બહુ પડી ત્યાં સાધુને મનમાં એમ ન થાય કે ઠંડો પવન આવે તો સારું' અથવા હવે વરસાદ પડે તો સારું કેમકે કે વાયુકાય અપકાય વગેરે જીવોની હિંસારૂપ અસંયમનો વિચાર છે. મહાત્માઓ મનમાં પણ અસંયમ ન પેસવા દેવા અને સંયમને સુરક્ષિત રાખવા ક્યાં સુધીની સાવધાની રાખતા કે દા.ત. ગજસુકુમાળ મહામુનિના માથે ગુસ્સે ભરાયેલ સોમિલસસરાએ માટીની પાળ કરી એમાં ધગધગતા અંગારા મૂક્યા તો મહામુનિ વિચારે છે કે જો જરાક હાલીશ તો સંભવ છે અંગારો નીચે પડી કોઈ જીવને બાળે, ને એમ મારે અસંયમ થાય, તેથી પોતે કડક સ્થિર રહ્યા.

**(૨) એમ વચનથી સંયમમાં સુસ્થિર,**

એટલે એક પણ વચન એવું ન બોલે જેમાં અસંયમ થાય દા.ત. મેતારજ મુનિને સોનીએ પૂછ્યું મારા સોનાના જવલા ક્યાં ? મુનિએ પહેલાં જોયેલું કે કૌંચ પક્ષી એ ચણી ગયું તે ઝાડ પર બેઠું છે. છતાં એમણે ન કહ્યું કે પેલું પક્ષી ચણી ગયું છે, કેમકે એમાં અસંયમનો સંભવ છે. સોની એ જાણીને પછી કદાચ પક્ષી પર પત્થર મારી પક્ષીને નીચે પાડે. મુનિ મૌન છે, એટલે સોની સમજયો કે મુનિએ જ લઈને સંતાડ્યા છે. તેથી ગુસ્સે થઈ મુનિના માથે ચામડાની પટ્ટી કચકચાવીને બાંધી, એમને તડકે ઊભા રાખ્યા, અહીં મુનિ એટલું પણ કદાચ ચિંતવે કે તો પછી નક્કી પક્ષી ચણી ગયું, તેથી એને મારવા લે- એ અસંયમ થાય.

વચનથી સંયમ એટલે મુનિ ગૃહસ્થને એટલું પણ ન કહે કે અહીં 'આવો' કેમકે એમાં એ ગૃહસ્થ જોયા વિના ચાલે એમા કોઈ ઝીણો જીવ મરવાનો સંભવ છે. એમાં અસંયમ થાય. જ્યાં સાધુથી આટલું ય ન કહેવાય, તો બીજી દુન્યવી પાપ-પ્રવૃત્તિનું તો શાનું જે બોલાય ?

**સામાયિક પારવાનો આદેશ ન અપાય :-**

જિન શાસનનો સંયમમાર્ગ-ચારિત્રધર્મ, અજોડ કોટિનો છે. ઈતર કઈ ધર્મમાં આની જોડ ન મળે એવી સંયમમાર્ગની સૂક્ષ્મતાઓ જૈન ધર્મમાં છે. શ્રાવક સામાયિક-



સમય પૂર્ણ કરી આદેશ માગે કે ઈચ્છાકારેણ સંદિસહ ભગવન સામાયિક પારું ? તો સાધુ એમ ન કહે એમ આદેશ ન આપે કે 'પાર,' અથવા જેવી તારી ઈચ્છા, જેમ તને સુખ ઉપજે એમ કર, ના, આવું કાંઈ ન કહે; કેમકે એમાં અ-સંયમની સંમતિ થાય છે.

'પાર' એટલે 'સામાયિક સંયમમાંથી ઊઠ, અસંયમમાં જા,' એજ ને ? જેવી તારી 'ઈચ્છા' એટલે ? સામો તો 'પારું ?' પૂછીને સ્પષ્ટ ઈચ્છા પારવાની યાને સંયમમાંથી નીકળી જવાની ને અસંયમમાં જવાની બતાવી જ રહ્યો છે, એમાં જેવી તારી ઈચ્છા કહીને સંમતિ કેમ બતાવી શકાય ?

'તને સુખ ઉપજે એમ કર' એમ પણ સાધુ કેમ કહી શકે કેમકે સામાયિક પારનારો 'પારું ?' એમ પૂછે છે, એ જ બતાવે છે કે એને હવે પારવામાં અર્થાત્ સંયમ મૂકી દેવામાં સુખ ઉપજે છે, તો એમાં સંમતિ કેમ અપાય ? માટે ત્યાં સાધુ તો એટલું જ કહે કે **'પુણોવિ કાયવ્વં'** અર્થાત્ તું, સામાયિક પારવાનું પૂછે છે, તો અમારું એટલું જ કહેવું છે કે **'સામાયિક ફરીથી પણ કરવા જેવું છે.'**

જૈન શાસનની આ સાધુને વચનથી પણ સંયમમાં સુસ્થિર રહેવાની સૂક્ષ્મતા બીજા કયા ધર્મમાં મળે ?

સારાંશ, સાધુએ વચનથી પણ સંયમમાં સુસ્થિર રહેવા માટે ખૂબજ સાવધાન રહેવાની જરૂર છે.

**(૩) એમ સાધુ કાયાથી પણ સંયમમાં સુસ્થિર રહેનારા હોય.**

**આર્યમંગુના શિષ્યો :-** દા.ત. રસ્તે ચાલતાં આજુબાજુ ગમે તેવા પ્રલોભનો હોય છતાં એને જોવામાં ન પડતાં, પગતળે કોઈ જીવ ન મરે એ માટે નીચે જોતાં જ ચાલે, અર્થાત્ ઈર્યાસમિતિ પાળે. એટલે તો આચાર્ય આર્યમંગુના શિષ્યો, આચાર્યના કાળધર્મ અને યક્ષ તરીકે ઉત્પન્ન થયા પછી, નગર બહાર જતા હતા ત્યાં નગરની ખાળ પાસેના યક્ષના મંદિરની મૂર્તિની જીભ બહાર નીકળેલી, અને હાલતી હતી, પણ સાધુ એ જોવા ઊભા ન રહ્યા. કેમકે એ તો સાધુ પોતે સંયમાર્થે નીચે જોઈને ચાલવાના ઉપયોગમાં હતા. તેમજ બીજું એ કે આવું તેવું નવાઈ જેવું કાંઈક જોવાનું મન થાય એ બાહ્યભાવ હોવાથી એમાં પણ અસંયમ છે, સાધુ સંયમ મૂકીને એમાં શાના પડે ? તાત્પર્ય, સાધુ સંયમમાં કાયાથી પણ સુસ્થિર હોય.

**મુનિને ઈન્દ્રિયોનું સુપ્રણિધાન :-**

અહીં સૂત્રના મહા વિદ્વાન ટીકાકાર આચાર્ય શિલાંકસૂરિજી મહારાજ કહે છે કે સાધુ મન-વચન-કાયાથી સંયમમાં સુસ્થિર થાય તે ઈન્દ્રિયોને સુ-પ્રણિહિત રાખીને સુસ્થિર થાય. સુપ્રણિહિત એટલે સારા પ્રણિધાનવાળી, સારી રીતે શુભ વિષયમાં એકાગ્ર, એક પણ ઈન્દ્રિયને અશુભ વિષયમાં ન જવા દે. દા.ત.

**આંખ** જીવરક્ષા, શાસ્ત્ર, જિનદર્શન, અને ગુરુ મુનિદર્શનમાં જ જાય, પણ કોઈ જ સ્ત્રી પશુ પંખી કૌતુક, પૌદ્ગલિક હવેલી-બાગ-બગીચા વગેરે જોવામાં જાય નહિ. એમ,

**કાન** ગુરુ-શિક્ષા, સારણા-વારણા, શાસ્ત્રપદો, આધ્યાત્મિક ગીત, તત્ત્વ-પ્રતિપાદન; ધર્મકથા સ્વદોષ નિરૂપણ, પરગુણ વર્ણન, વગેરે સાંભળવામાં જ જાય; પરંતુ પરનિંદા, સ્વપ્રશંસા, ભૌતિક વાતો કષાયપ્રેરક બાબતો, વિકથા, પાપકથા કૂથલી વગેરે સાંભળવામાં જાય નહિ, ત્યારે,

**જીભ** પણ કાનથી જે સાંભળવા યોગ્ય બતાવ્યું એ જ બોલવામાં વપરાય.પરંતુ ન સાંભળવા યોગ્ય બોલવામાં ન વપરાય. એમ જીભથી ખાવાની બાબતમાં શક્ય એટલું રુક્ષ લુખ્ખું રસકસ વિનાનું અને પરિમિત જ ખવાય. ત્યારે,

**ઘ્રાણેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય** પણ અનુચિત વિષયોમાં ન લઈ જવાય.

**ઈન્દ્રિયોનું સુપ્રણિધાન 'એટલે સમ્યક્ પ્રયોગ.'**

અર્થાત્ એને સદ્વિષયમાં જ જોડવી, અસદ્ વિષયમાં ન જવા દેવી.

ઈન્દ્રિયોનું આ સુ-પ્રણિધાન હોય તો જીવ અહીં પણ કેટલો બધો સુખી થઈ જાય. અરે ! એક ચક્ષુના અસદ્ વિષયો ટાળે અને સદ્ વિષયોને પકડે, તો પણ કેવી મહાન સુખ-શાંતિ અનુભવે !

ચક્ષુથી પહેલું તો ભગવાનનું મુખદર્શન ગુરુ અને સાધુઓનું દર્શન તથા શાસ્ત્રના અક્ષરોનું દર્શન જ કર્તવ્ય માન્યા એટલે જગતનું જોવાનું માંડી વાળ્યું તેથી એ જગત-દર્શન નિમિત્તના કેટલાય રાગદ્વેષ, કેટલાય અસત્ વિકલ્પો, અને ચિંતાઓ તથા સંતાપ વગેરેથી બચી જાય.

**માણસ ઘણો તો દુઃખી કેમ થાય છે ? જગતનું જોઈને.**

'બીજો રૂપાળો છે, એની પાસે આ બંગલો છે. મોટર છે..... વગેરે જોઈ જોઈને પોતે દૂબળો પડે છે, કે આપણે આવા પુણ્યશાળી નહિ ! આગળ વધીને ઈર્ષ્યા કરે છે. આને આ ક્યાં મળ્યું ? ત્યારે કોઈની ઈર્ષ્યા કર્યા પછી એના સુકૃત-સદ્ગુણો જોવાની તો વાતે ય શાની ? ઊલટું, કાં તો એનું લૂંટવાની અગર એનું નષ્ટ થાય એ જોવાની લાલસામાં રહે છે. અગર એનું નષ્ટ થાય એ જોવાની લાલસામાં રહે છે કેવી અધમ મનોવૃત્તિ ! શાના ઉપર ? ચક્ષુના અસત્પ્રયોગ યાને દુરુપયોગ પર, ચક્ષુના યથેછ સંચરણ પર. જો ચક્ષુથી જગતનું જોવા ન ગયો હોત, અથવા સહેજે દેખાઈ પડ્યા પર આંખ મિચામણાં કર્યા હોત, જોયું ન જોયું કર્યું હોત, તો તો સ્વસ્થ રહેત, અધમ મનોવૃત્તિ ન કરત. પણ ચક્ષુનું અ-પ્રણિધાન-દુષ્પ્રણિધાન અર્થાત્ સદ્વિષયમાં જ એકાગ્રતા નહિ તેથી આ મોંકાણ ઊભી થાય છે. માટે જ કહેવાય કે,





## જગતનું જુઓ ને રુઓ.

**જગતનું જોવા જતાં ફોગટ રાગ અને દ્વેષ થાય છે.**

'આ બંગલો સરસ ! પેલું મકાન રહુસ ! આવા આવા ટકા આપવાથી પોતાને શું મળે છે ? કશું નહિ, મફતિયા રાગ ને દ્વેષના કચરા પોતાના દિલમાં ઘાલવાનું થાય છે. બજારમાં એક લટાર મારી આવે, દિવાળી જોવા નીકળે,એમાં દિલમાં કેટલી રકમના રાગ-દ્વેષના ઉકરડા ભરવાનું થાય ? તો શું દિવાળી જોઈને સુખી થયો ? ના, સુખી તો જગતનું જોવાનું માંડી વાળ્યું એ છે. પૂછો,-

પ્ર.- જગતનું જોવાની લાલચ શી રીતે રોકાય ? ઉ.- આ વિચારથી રોકાય કે,

**ચક્ષુના દુરુપયોગનાં નુકસાન :-**

(૧) સંસારમાં અનંત કાળથી ભટકતા જગતનું જોવામાં કાંઈ બાકી રાખ્યું નથી. જોયું, જોયું, ઘણું ઘણું જોયું, મન ! હવે ધરપત કર. નહિતર આ અનુચિત જોવાની ભૂખ મટવાની નથી.

(૨) આ સારી બુદ્ધિ-અક્કલવાળા ઉત્તમ અવતારમાં જગતનું જોવાની લાલચ પોષ્યા કરીશ, તો જોઈને તૃપ્તિ તો નહિ થાય, કિન્તુ એ જોવાના કુસંસ્કાર પછીના જન્મોમાં જગતનું જ જોવરાવ્યા કરશે. અથવા

(૩) જગતનું જોવામાં ચક્ષુના દુરુપયોગથી પછીના જનમમાં ચક્ષુ પામવાની યોગ્યતા જ નહિ રહે. તેથી એકેન્દ્રિય-બેઈન્દ્રિય-તેઈન્દ્રિયના અવતાર અગર પંચેન્દ્રિયમાં જન્મસિદ્ધ અંધાપાના અવતાર મળશે.

**સારી વસ્તુનો દુરુપયોગ કરો એટલે ફરીથી સારી વસ્તુ મળવાને નાલાયક બનો. જગતનું જોવાના રસમાં પોતાના આત્માનું ભગવાનનું અને પૂર્વ પુરુષોના પરાક્રમનું જોવા વિચારવાનો રસ રહેતો નથી.**

(૪) રસ નહિ એટલે પછી પ્રવૃત્તિ નહિ, અને પ્રવૃત્તિ થાય તો લુખ્ખી. જગતનું જોવા કરવામાં આ એક મોટી ખોટ છે. એટલું જ નહિ, પણ

(૫) દેવદર્શનાદિ ધર્મ-ક્રિયા કરવામાં પણ રસ આનંદ નહિ આવે. કાં તો જતી કરશે, યા વિલંબે મૂકશે, અથવા ધર્મ ક્રિયા કરશે તે શુષ્ક દિલથી કરશે, અને વચમાં આસપાસનું જોવા માટે ડાફોળિયાં મારશે !

સાંજ પડ્યે પ્રતિક્રમણ કોણ નથી કરવા દેતું ? 'ચાલો ને જરા બજારમાં આંટો મારી આવીએ ઘડી પાડોશી સાથે બેસીએ,'-

**આવા આવા ફોગટિયા રસ લાખ રૂપિયાના પ્રતિક્રમણની માંડવાળ કરાવે છે.**

ત્યારે જો એ બહારનું જોવાનો રસ પડતો મૂક્યો હોય અને પ્રતિક્રમણ, યા

મંદિરમાં પ્રભુભક્તિ, કે પૂર્વ પુરુષના ચરિત્રનું વાંચન રાખ્યું હોય, તો જીવ એમાં કેટલી બધી સુખશાન્તિ અનુભવે ? ચક્ષુ-પ્રણિધાન યાને ચક્ષુના સત્પ્રયોગનું એટલે કે ચક્ષુને અસદ્ વિષયોમાંથી રોકીને સદ્વિષયમાં અગર અંતરાત્મામાં રોકી એકાગ્ર કરવાનું આ ઉત્તમ ફળ !

એમ શ્રોત્રેન્દ્રિય-કાનનું પ્રણિધાન યાને અસદ્ વિષયોનાં અ-શ્રવણ અને સદ્વિષયોનાં શ્રવણમાં કાનની એકાગ્રતા પણ કેટલાય અનર્થોથી બચાવે અને મહા સુખશાન્તિ અપાવે !

**શ્રોત્રેન્દ્રિયના દુરુપયોગનાં નુક્સાન :-**

'ચાલો બે ઘડી બીજા સાથે વાતચીત કરી એની પાસેથી નવું સાંભળીએ એમ કરી સાંભળવા બેસે એમાં સારું શું પામે ? પેલાની વાતો પર મફતિયા રાગ-દ્વેષના કચરા પોતાના દિલમાં ઘાલવાનું થાય. જરૂર પડ્યે એ સાંભળીને પોતાના જીવનમાં નવી પાપ યોજનાઓ ઘડવાનું થાય. મફતિયા વાતોમાં બીજાની નિંદા સાંભળવાનું બહુ આવે. કવિ કહે છે ને કે

**'કરત પ્રશંસા સબ મિલ અપની પરનિંદા અધિકેરી'.....** એવી નિંદા સાંભળીને ગુણિયલ પર પણ દ્વેષ કરવાનું થાય. એમાં વળી પોતાના કુટુંબી કે સ્નેહીની નિંદા સાંભળવા મળે તો એ કુટુંબી વગેરે પ્રત્યે દિલમાં અભાવ દુર્ભાવ-વૈમનસ્ય ઊભું થવાનું, તેથી પછીથી એની પ્રત્યે વ્યવહાર પણ એવો અનુચિત થવાનો; અને એમાં જરૂર પડ્યે જીવનભર માટે સ્નેહ સદ્ભાવના સંબંધ તૂટે ! વધારામાં મન સદાને માટે એમના પ્રત્યે દ્વેષિલું રહ્યા કરશે ! કેવાં કેવાં નુક્સાન !

શ્રોત્રેન્દ્રિયનું પ્રણિધાન નહિ, સદ્વિષયોમાં જ એકાગ્રતા નહિ. અને અસદ્ વિષયોમાં જોડવાનું રહે, એની કેટલી મોંકાણ ?

શ્રોત્રેન્દ્રિયના અસત્ પ્રયોગમાં આટલેથી ય બસ નથી, કિન્તુ

**કૂથલીના રસમાં કેવા ભયંકર નુક્સાન ? :-**

(૧) **'કૂથલી** અર્થાત્ ફજુલ ટોળટપ્પા' સાંભળવામાં બાહ્યભાવ અને ક્ષુદ્ર તુચ્છ વસ્તુના રસ પોષાવાથી શાસ્ત્રની ઉમદા વસ્તુ સાંભળવાના રસ મરી જાય. ને નર્યો બાહ્યભાવ-બહિરાત્મ દશા પોષાય, એથી આધ્યાત્મિક ધાર્મિક વસ્તુમાં હૈયું ગદ્ગદ અને તલ્લેશ્ય ન બને. પછી એ કૂથલીના રસમાં વ્યાખ્યાન કે પ્રતિક્રમણમાં બેઠો ય કૂથલી કરશે ! અને એમાંથી ઊઠ્યા પછી કૂથલી કરશે ! અને એમાંથી ઊઠ્યા પછી કૂથલી કરવા સાંભળવામાં એટલો બધો રસ લેશે કે વ્યાખ્યાન પ્રતિક્રમણની કશી ! વસ્તુનું સંભારણું જ નહિ કરે ! આ કેવાં મહા નુક્સાન ! ત્યારે,

(૨) **'વિકથા'** એટલે કે ભોજનકથા, રાજ્યકથા, દેશકથા, અને સ્ત્રીકથા સાંભળવામાં વગર જોઈતા રાગદ્વેષનાં અને કષાયના કચરા મગજમાં ઘાલવાનું



થાય, પાપની ઠમઠોક અનુમોદના થાય, સ્ત્રીકથામાં વળી વાસના-વિકારોની વિહ્વળતા થાય, ભોજનકથામાં ભોજનનો રસ ઊભો થઈ ધરાયેલા પેટે પણ ભોજનના વિકલ્પો ચાલે, અને ભજનનો રસ યાને ત્યાગ-તપ-પ્રભુભક્તિ વગેરેનો રસ માર્યો જાય. કહો, **ભોજનકથા ભજનકથાને ભુલાવે.**

(૩) **પાપકથા** સાંભળવામાં કાન ધર્યા, અને સાંભળવામાં જો દર્શન-ભેદિની કથા આવી, તો સમ્યગ્દર્શનનો જ નાશ કરી નાખે, યા એને અતિચાર લગાડી દે. શો સાર કાઢ્યો ? કેટલા જન્મોની તપસ્યા પછી અને અહીં સદ્ગુરુના મહા ઉપકારથી મોંઘેરું સમકિત પામ્યા હતા ! એમાં કાનના અસદ્ વિષય સાંભળવાના રસમાં સહેજમાં સમકિતનો નાશ ! શ્રદ્ધા ગુમાવવાનું થાય.

**નંદમણિયાર** પાર્શ્વનાથ ભગવાનના શાસનનો સારો શ્રાવક, પણ પાછળથી સત્સંગ ગુમાવી જેવા તેવા મિથ્યાદષ્ટિઓના સંગમાં એવી એવી વાતો સાંભળીને સમકિત ગુમાવનારો બની ગયો, તો વાવડી બંધાવવાના રસમાં ચડ્યો, બંધાવી, ને અંતે મરીને એ જ વાવડીમાં દેડકા તરીકે જનમ્યો !

**મરીચિએ** ચારિત્ર મૂક્યું હતું, સંન્યાસી બનેલો, છતાં સમ્યક્ત્વ ટકાવી રાખ્યું હતું. માટે તો એના ઉપદેશથી જે બૂઝતા, એમને એ પ્રભુ પાસે અને પ્રભુના મોક્ષ પછી પ્રભુના સાધુ પાસે દીક્ષા લેવા મોકલતો પરંતુ કપિલ રાજકુમાર એવો મળ્યો કે મરીચિના ઉપદેશથી એ વૈરાગ્ય તો પામ્યો, પણ મરીચિ પાસે જ દીક્ષા લઈ એનો જ શિષ્ય થવા આગ્રહ કરતા પૂછે છે શું ધર્મ ત્યાં સાધુ પાસે જ છે ? તમારી પાસે નથી ?' આ લલચાવનારું સમકિત ભેદક પાપવચન હતું સમકિતભેદિની પાપકથા હતી. મરીચીએ એ વચન કાન પર લીધું અને સમકિત ગુમાવી જવાબ દીધો. કપિલ ! **ધર્મ ત્યાં પણ છે અને અહીં પણ છે.**

આ પરથી આજે એવા કુમિત્રોની વાતો કેવી ખતરનાક નીવડે ને કેવી શ્રદ્ધા ને ખત્મ કરી દે એ વિચારવા જેવું છે,-

**એમ, ચારિત્ર-ભેદિની કથામાં** જો કાન જોડ્યા, તો એ ચારિત્રનો નાશ કરી નાખે. આમાં ભગવાનનો ભક્તિઉત્સવ-ઉપધાનાદિ અનુષ્ઠાન ત્યાગ, તપસ્યા, સાધુ-વૈયાવચ્ચ.....વગેરેની હલકાઈ ગાનાર ને એની નિંદા કરનારનાં વચન એ પણ ચારિત્રભેદિની પાપકથારૂપ બને,- એને સાંભળનારો કાં તો એ ચારિત્ર વગેરે ગુમાવે, અથવા એમાં શિથિલ પડે, એમાં ઉલ્લાસ આલ્હાદ આદરભાવ ગુમાવે, એમ ગુરુની, સાધુ મહારાજની યા શ્રાવકની હલકાઈ સાંભળવામાં કાન જોડે તો પોતે ગુરુ પરનો સાધુ પરનો, યા શ્રાવક પરનો સદ્ભાવ ગુમાવનારો બને. આ પણ પાપકથા છે.

આજે જેને જેમ ફાવે તેમ બોલવાનું ચાલ્યું છે પરંતુ બોલનારને ભાન નથી કે **ફાવે તેમ બોલીને સાંભળનારનો કોઈ ચારિત્રનો ભાવ, કોઈ ધર્મક્રિયાનો**

**ભાવ, યા તપનો ભાવ, કે કોઈ ત્યાગનો ભાવ, કે સદ્ગુરુ પરનો શ્રદ્ધાનો ભાવ તોડી રહ્યો છે.** એ તોડવો એટલે જે બિચારાનો ભાવ તૂટ્યો, એ હવે ચારિત્ર તો તોડશે, ધર્મક્રિયા તો મૂકશે, ત્યાગ તો છોડી દેશે. પરંતુ વિશેષમાં એ ચારિત્રાદિ પર અભાવવાળો થશે. એથી બીજાઓને પણ એવી જ સલાહ આપશે! આનું પરિણામ ? પોતે ય દુર્લભબોધિ બની દુર્ગતિઓમાં રખડતો થવાનો. અને બીજાઓને પણ દુર્લભબોધિ બનાવી દુર્ગતિના પંથે ચડાવી દેશે !

**એકાંત નિશ્ચયનયના શ્રવણથી દુરાચારના પંથે :-**

વર્ષો પહેલાં એક ભાઈ સોનગઢ પંથના રવાડે ચડી ગયા, તે એવા જડસુસ થઈ ગયા કે ખાનપાનમાં કેમ ? તો કે ભલે આફૂસના ચીરિયા ઉડાવે પણ પુદ્ગલ પુદ્ગલને ખાય છે, આત્માને કશું લાગે વળગે નહિ,- એમ માની હૈયાએ અલિપ્ત રહેવાનું એમ દુરાચારમાં ચામડું ચામડાને ઘસે છે, આત્માને લેવા દેવા નહિ એમ માની માત્ર જ્ઞાતાદ્રષ્ટા રહેવાનું. તે ભાઈ વિધુર હતા તે પોતાના ઘરમાં પોતાની વિધવા છોકરી રસોઈ સંભાળતી. પછી તો આ નવો મોક્ષમાર્ગ (!) મળ્યો એટલે છોકરી સાથે પત્ની જેવો વ્યવહાર ચાલુ થઈ ગયો ! કેમ આમ ? **સોનગઢ પંથે દર્શનભેદિની અને ચારિત્રભેદિની પાપકથા પ્રસરાવી એટલે. આવું મહા અજુગતું બને એ સહેજ છે.**

એમને તો નિશ્ચય એ જ ધર્મ, અને નિશ્ચય ન માનવો એ અધર્મ કિન્તુ આચાર વ્યવહાર એ ધર્મ નહિ, આચારભંગ એ અધર્મ નહિ; પછી દુરાચારમાં અધર્મ શાના માને ? આવાની પાપકથા સાંભળનારા કેટલું બધું ગુમાવે ?

**ભાવની જ પ્રધાનતાનું વ્યાખ્યાન એ પાપકથા :-**

એમ ભાવ ઉપર વધારે પડતું જોર અપાય, એની જ પ્રધાનતા બતાવાય, અને ભાવ વિનાની ક્રિયાથી દુર્ગતિ બતાવાય, તો એ પણ ચારિત્રભેદિની પાપકથા થાય.''હજી તમને સંસારના સુખ ગમે છે ? સુખ સારાં લાગે છે ? તો તમારા ભાવ ભગડેલા છે. એવા બગડેલા ભાવ રાખીને તમે ભગવાનની પૂજા પણ કરો, તો તેથી તમારા ભવ વધી જાય, દુર્ગતિમાં રખડતા થવું પડે.''- આવું સાંભળીને એક યુવાને દર્શન-પૂજા કરવાનું યાવત્ મંદિરે જવાનું બંધ કરી દીધું ! કેમ એમ ? એ કહે, આ હિસાબે તો મને સંસાર સુખ ગમે છે, સુખ સારું લાગે છે એટલે મારા ભાવ તો બગડેલા ગણાય. તો એવા બગડેલા ભાવથી મંદિરે જવું દર્શન પૂજા કરવી એનાથી તો મારો સંસાર વધી જાય. દુર્ગતિ ભ્રમણ ચાલુ થઈ જાય. એવું મારે હાથે કરીને શા માટે કરવું ? એના કરતાં દર્શન પૂજા ન કરું તો ભવ તો વધે નહિ. દર્શન પૂજાનો આચાર છોડ્યો, હવે એ સમય કેવી પ્રવૃત્તિમાં કાઢશે ? દુન્યવી આરંભ-સમારંભની કે વિષયોની જ ને ?



આ શાનું પરિણામ ? પાપકથારૂપ વ્યાખ્યાનનાં શ્રવણનું પરિણામ ! કાંઈ પણ બોલતાં વિવેક રાખવો જોઈએ.

**સામાનો બુદ્ધિભેદ થાય એવું ન બોલાય;** નહિતર એ પાપવચન થાય. દા.ત.

**સુદર્શનશેઠ** પૂર્વભવે એ જ ઘરમાં ઢોર ચારનાર નોકર હતા. એણે નદી-કાંઠે વિદ્યાધર-મુનિને કડકડતી ઠંડીમાં ખુલ્લા જેવા બદને રાતભર કાઉસ્સગ્ગ ધ્યાને ઊભેલા જોયા. સવારે સૂર્યોદય થવાની તૈયારી હતી ત્યારે મુનિને પૂછે છે આટલી બધી ઠંડી શી રીતે સહન કરી શક્યા ? મુનિને ધ્યાનનો અભિગ્રહ હતો તે બરાબર એ જ વખતે સૂર્યોદય પૂર્ણ થવાથી 'નમો અરિહંતાણં' બોલી પારીને આકાશમાં ઊડી ગયા. નોકર સમજ્યો મહાત્માએ મને ઠંડી રોકવાનો મંતર આપ્યો તે રટતો રટતો બેઠો ઘરે ગયો ત્યાં પણ રટે છે. તેથી અર્હદ્દાસ શેઠે શું રટે છે ? પૂછતાં ઠંડી રોકવાનો મંતર રટું છું કહી બધી હકીકત કહી.

શ્રાવક શેઠ અર્હદ્દાસ સમજી ગયા કે મુનિ તો પોતાનો કાઉસ્સગ્ગ પારવા માટે આ પદ બોલેલા. પરંતુ નોકરને પોતાના સવાલ પછી તરત જ આ પદ સાંભળવા મળવાથી, એ આ પદને જવાબરૂપે ઠંડી રોકવાના મંત્ર તરીકે સમજ્યો છે. હવે શેઠ જો ખુલાસો કરવા જાય કે મુનિ તો પોતાનો કાઉસ્સગ્ગ પારવાનું પદ બોલેલા તો અલબત ખુલાસો સાચો, પણ એથી નોકરનો બુદ્ધિભેદ થાય કે ઓય ! એમ છે ? તો તો હું ખોટું સમજેલો કે આ મંતર છે,'- એમ એને નમો અરિહંતાણં પદ પર મંત્ર તરીકેની શ્રદ્ધા ઊઠી જાય ! અને એ બુદ્ધિભેદ ન થાય તેથી શેઠે કહ્યું,

'ઓહો ! તો તો તું બડો ભાગ્યશાળી ! પણ તું એટલું સમજી રાખ કે આવા આકાશમાં ઊડી શકે એવા મહાત્મા દયા કરીને આપવા બેસે ત્યારે આવું મામૂલી આપતા હશે ? એ તો તું સમજી લે કે એમણે જે આ મંત્ર આપ્યો, એતો તારા જનમ-મરણના અનંત દુઃખનો અંત લાવનારો મંત્ર આપ્યો છે. એને મામૂલી સમજતો નહિ. નોકરને સાંભળીને શ્રદ્ધા વધી ગઈ, તે પહેલાં માથું ધુણાવી નમો અરિહંતાણં નમો અરિહંતાણં રટતો હતો, તે હવે શરીર ધુણાવીને રટવા લાગ્યો, આ હિસાબે જોઈએ તો સમજાય કે જો શેઠ સાચો ખુલાસો કરવા ગયા હોત તો એનું જે પરિણામ આવત, એ દૃષ્ટિ એ વચન પાપવચન થાત.

તપ કરનારને એમ કહેવામાં આવે કે તમે કાંઈ ભણતા નથી તેથી તમારો તપ તપ નહી લાંઘણ છે. એનાથી કશું કલ્યાણ થાય નહિ. જ્ઞાન ભણો તો કલ્યાણ થાય. આ સાંભળીને સંભવ છે એને તપનો ઉત્સાહ મરી જઈને એ તપ કરવો મૂકી દે ! માટે પેલાનું વચન તપોભેદિની પાપકથાનું વચન થયું.

માટે શું બોલવું કે શું સાંભળવું એની બહુ સાવધાની રાખવા જેવી છે.

**બોલવામાંથી બોળવાનું થાય :-**

ઈતરના મહાભારતમાં આવે છે કે એકવાર દુર્યોધન વગેરેને નોતરવામાં આવેલા તે મહેલમાં પેસતાં, તે પહેલાં પાણીના જેવા દેખાતા કાચના હોજમાંથી પસાર થવાનું હતું તેથી પાણી સમજી કપડા ઊંચા કરી હોજ પસાર થવા ગયા પણ કાચ હતો તેથી ભોંઠા પડ્યા. પછી આગળ પાણીનો હોજ આવ્યો, તે એ કાચ જેવો દેખાવાથી કપડાં ઊંચા કર્યા વિના ચાલવા ગયા, તો કપડાં ભીંજાયા ! એ જો દ્રૌપદી હસતાં બોલી આંધળાના દીકરા આંધળા જ હોય.' દુર્યોધનના પિતા ધૃતરાષ્ટ્ર અંધ હતા દુર્યોધને એની મશ્કરી પર ગાંઠ વાળી કે આની હવે પૂરી મશ્કરી કરું, ને એના પર કેટલા ભયંકર અનર્થ સર્જાયા ! પાંડવો સાથે જુગાર, પાંડવોની હાર, દ્રૌપદીના ભરી સભામાં ચીર ખેંચાય.....યાવત્ કુરુક્ષેત્ર પર ભીષણ યુદ્ધ ખેલાયું ! આ બધાનું મૂળ દ્રૌપદીના મશ્કરીના બોલ. આ સૂચવે છે કે બોલતાં બહુ વિચાર કરવો.

**એમ સાંભળતાં પણ બહુ વિચાર કરવો.**

પાપકથા સાંભળવામાં શ્રોત્રેન્દ્રિયનો અસત્ પ્રયોગ છે, દુષ્પ્રણિધાન છે. માંડ માંડ મળેલ શ્રદ્ધા આચાર વગેરે એમાં ગુમાવવાનું થાય. તેથી અહીં કહ્યું મુનિ ઇન્દ્રિયો અર્થાત્ જીભ-કાન-આંખ વગેરનાં સુપ્રણિધાનવાળા અર્થાત સમ્યક્ પ્રયોગવાળા જ હોય, અર્થાત સદ્ વિષયોમાં જ એને એકાગ્ર કરનારા ને અસદ્ વિષયોથી રોકનારા હોય, એ જ હિસાબે એ મિથ્યાદૃષ્ટિની અનુમોદના ન કરે. એમાં અનુમતિ ન આપે.

**મિથ્યાદૃષ્ટિની અનુમોદના ન થાય :-**

દા.ત. મિથ્યાદૃષ્ટિનો મોટો યાત્રાવરઘોડો નીકળે કે કથાસપ્તાહનો જલસો હોય, તો દેખાવમાં મિથ્યાદૃષ્ટિની કાર્યવાહી ભલે ભપકાદાર હોય છતાં મુનિ મન-વચનથી કે કાયાથી એમાં અનુમતિ-સંમતિ ન દાખવે. માટે તો

સુલસા શ્રાવિકાનું પારખું કરવા અંબડ પરિવ્રાજકે બ્રહ્મા-શંકર-વિષ્ણુના જાણે સાક્ષાત્ જીવંતરૂપ ધરતી પર ઉતાર્યા, તો સુલસા એ જોવા સરખીય ન ગઈ.

**પ્ર.**- કેમ વારું ? જોવામાં શું જાય ?

**ઉ.- મિથ્યાદેવ, મિથ્યાગુરુ, મિથ્યાત્વીનું મંદિર વગેરે જોવા જવામાં ય મિથ્યાત્વમાં અનુમતિ લાગે.**

કેમકે મનમાં સહેજ પણ માન્યું કે આ જોવા જેવું છે, તો જ જોવા જવાય છે. ત્યારે એટલું માનવામાં ય સમકિત ઘવાય. સુશીલ સ્ત્રીને કદી પરપુરુષ જોવા જેવો છે એવું લાગે ? ના, તો અરિહંતના ભક્તને મિથ્યા દેવ ગુરુ જોવા જેવા ય ન લાગે, પછી હાથ જોડવા જેવા પરિચય કરવા જેવા....વગેરે તો લાગે જ શાના ?

**મિથ્યાત્વમોહનીયની જુગુપ્સા :-**



અહીં સૂત્રના ટીકાકાર મહર્ષિ તો ત્યાં સુધી કહે છે કે 'કેવલં તદાવરણજાુગુપ્સાં ત્રિવિધેનાપિ કરણેન વિધત્તે,' અર્થાત્ **મન-વચન-કાયા ત્રણે કરણથી મિથ્યાત્વ મોહનીય કર્મ આવરણની જુગુપ્સા ઘૃણા ખીંસા કરનાર મુનિ હોય.** મુનિ મિથ્યાદૃષ્ટિમાં અનુમતિ શાંતિ ધરતા નથી કેમકે જો વીતરાગ સર્વજ્ઞ ભગવાનનાં કોહિનૂર હીરા જેવા તત્ત્વ મળ્યા છે, એમ કોહિનૂર હીરા જેવી સમ્યગ દૃષ્ટિ સમ્યક્ પ્રકાશ મળ્યો છે, તો કાચ કાંકરાતુલ્ય મિથ્યાતત્ત્વ મિથ્યાદૃષ્ટિએ શાના રાચે ? એવા મિથ્યાદૃષ્ટિવાળા તરફ શાના આકર્ષાય ? સમ્યગ્ દૃષ્ટિવાળા મુનિને તો એવાની દયા આવે, અને એને નડી રહેલા મિથ્યાત્વ-આવરણ કેવા ઉકરડા જેવા કે એ જીવમાં અસત્ માન્યતાની દુર્ગંધ ફેલાવે ! અને આચરણનો ગંદવાડ જ એકત્રિત કરે !'

અહીં ધ્યાન રાખવાનું છે કે,-

(૧) **મનથી ઘૃણા** આમ ઘૃણા મિથ્યાદૃષ્ટિવાળા જીવ પર નહિ, કિન્તુ એના પર ચડેલા મિથ્યાદૃષ્ટિના મિથ્યાત્વ આવરણનાં કાર્યો જેવાં કે મિથ્યાત્વી દેવ-ગુરુની પૂજા-ઉત્સવ વરઘોડો યાત્રા કથાસપ્તાહ વગેરે પ્રત્યે ઘૃણા હોય, પણ એને સહેજ પણ મન પર ન લે, મન એના તરફ આકર્ષાય નહિ. મન એની જાહોજલાલીની અનુમોદના ન કરે, મનમાં એમાં જોડવામાં કોઈ વિચાર મનોરથ વગેરે જાગે જ નહિ. એટલી બધી મિથ્યાત્વનાં આવરણ ને એમનાં કાર્યો પર ઘૃણા હોય. એમ,

(૨) **વચનથી ઘૃણા** એટલે જ્યાં બોલવાનો અવસર દેખે એના માટે ઘૃણાયુક્ત બોલે, નાક મચકોડીને બોલે, દા.ત. અંબડ પરિવ્રાજકે બ્રહ્મા વગેરેનાં જીવંત રૂપ આકાશમાંથી ઉતાર્યા ત્યારે પાડોશણ બાઈઓ સુલસાને કહેવા ગઈ હશે ચાલ ને બાઈ ! જોવા સાક્ષાત્ બ્રહ્માજી આવ્યા છે, ત્યારે સુલસાએ નાક મચકોડીને કહ્યું હશે એમાં શું જોવાનું છે ? મારે એ કાંઈ નથી જોવું. એમ,

(૩) **કાયાથી મિથ્યાત્વ-આવરણની ઘૃણા** એટલે મિથ્યાત્વનાં કાર્ય પ્રત્યે કાયાથી સૂગ બતાવાય. દા.ત. ઉપરોક્તમાં મોં ચડાવીને બોલાય એમાં મોં ચડાવ્યું એ કાયિક ઘૃણા થઈ. સુલસાના આંગણે અંબડ સંન્યાસીના વેશમાં ચડ્યો ત્યારે સુલસાએ એને જોતાં જ તરત મોં બગાડીને ફેરવી નાખ્યું. પરિવ્રાજકવેશ મિથ્યાત્વનો વેશ, એના પર કાયાથી ઘૃણા-સૂગ-જુગુપ્સા.

**પ્ર.**- મિથ્યાત્વનાં કાર્ય પર કેમ આટલી બધી ઘૃણા ?

ઉ.- સમ્યકત્વની રક્ષા માટે એ જરૂરી છે કે મિથ્યાત્વનાં કાર્ય પ્રત્યે એવી ત્રિવિધા ઘૃણા યાને સૂગ રાખી હોય તો દિલમાં એનું લેશ પણ આકર્ષણ ન રહે. તેથી ક્યારેક મિથ્યાત્વીનો ચમત્કાર ભપકો કે આકર્ષક વાણી જોવા મળે તો મન એમાં લલચાઈ આકર્ષાઈ ન જાય.

**સુદર્શનની મિથ્યાત્વઘૃણા :-**

નેમનાથ ભગવાનના વખતમાં થાવચ્ચાપુત્ર આચાર્યથી સુદર્શન એક અગ્રણી નાગરિક બોધ પામી જૈન બન્યા છે, અને અત્યાર સુધી માનેલા ગુરુ શૂક પરિવ્રાજક અને એમના ધર્મને મૂકી દીધો છે. હવે એને મિથ્યાત્વ આવરણ પ્રત્યે એટલી બધી ઘૃણા થઈ છે કે જ્યા ંબહારગામ રહેલા ૧૦૦૦ શિષ્યોવાળા પરિવ્રાજકે જાણ્યું કે 'આપણો ભગત ગયો ! ત્યાં એ તરત ભગતને ઠેકાણે લાવવા અહીં આવે છે, કહેવરાવે છે, પણ પહેલાં ગુરુને સામૈયાથી લાવનાર આ સુદર્શન હવે સામે જતાં નથી, ઊલટું પરિવ્રાજક ઠેઠ સુદર્શનના ઘેર આવે છે ! ત્યારે સુદર્શને દિલમાં મિથ્યાત્વના આવરણ પ્રત્યે એવી ઘૃણા સૂગ રાખી છે કે એમને આ પ્રભાવશાળી પૂર્વ ગુરુ પ્રત્યે જરાય આકર્ષણ નથી તેથી એનો લેશ માત્ર સત્કાર કરતા નથી. અરે ! આંખમાં આંખ ન મિલાવતાં નીચું જોઈ રહે છે એ ભયથી કે રખેને મારું સમકિત રત્ન મેલું થાય તો ?

**મુનિ 'તાયી' હોય.**

આવા ત્રિવિધે વીતરાગના માર્ગરૂપી સંયમમાં મુનિ સુસ્થિર બની શું કરે ? કેવા બનેલા હોય ? તો કે 'તાયી' બનેલા હોય, તાયીના બે અર્થ,-

**(૧) 'તાયી' એટલે રક્ષણહાર**

**(૨) 'તાયી' એટલે મોક્ષ પ્રત્યે ગમનશીલ.**

(૧) મુનિ જીવોના રક્ષણહાર છે એ એમના અહિંસા મહાવ્રતથી, પૃથ્વીકાયાદિ ષટ્કાય જીવોની હિંસા, મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદનરૂપે, એમ ૯ કોટીએ ટાળનારા હોય છે એના ઉપરથી સમજાય છે.

મુનિ જીવની બલિહારી છે. મુનિને ષટ્કાય જીવોની હિંસાનો, ત્રિવિધ ત્રિવિધે, પ્રતિજ્ઞાબદ્ધ બનીને ત્યાગ છે. માટે તો એ વાહનમાં બેસતા નથી, પગે ચાલે છે. એક નયા પૈસાનો પરિગ્રહ રાખતા નથી. એ પણ સૂક્ષ્મ હિંસાના પણ ત્યાગ અર્થે રસોઈ વગેરે કરતાં નથી, યાવત્ મધુકરી ભિક્ષાથી જીવનનિર્વાહ કરે છે. એમાં પણ સાધુ માટે બનાવેલું નહિ લેવાનું,...વગેરે દોષત્યાગવાળી જ ભિક્ષા લે છે.

આવા સાધુ-જીવનનો ઈતરો ઉપર પણ કેવોક પ્રભાવ પડે છે એ જુઓ,-

**સાધુચર્યા પર જૈનેતરને ચમકારો :-**

કલકત્તા તરફના વિહારમાં એક ઠેકાણે અમે પૂછ્યું અમુક ગામ કેટલું દુર ? એક ભાઈ કહે બહુ દૂર નથી પાંચેક માઈલ, હમણાં અહીં બસ આવશે એમાં બેસી જજો ૧૦ મિનિમાં પહોંચાડી દેશે !'

અમે કહ્યું અમે સાધુ છીએ. વાહનમાં ન બેસીએ. જીવનભર અમારે તો પગે જ ચાલવાનું.



પેલો પૂછે ક્યાંથી આવો છો ?'

અમે કહ્યું 'ગુજરાતથી'

એ સાંભળતાં તો એ ચમકી જઈ કહે છે ઓહો ગુજરાતથી ? ૧૦૦૦ માઈલ પૈદલ ચાલ્યા ? બાપ રે !'

સાધુ બધી રીતે 'તાયી' યાને જીવોના રક્ષણહાર, જાતે તો હિંસા ન કરે, પણ હિંસામાં નિમિત્ત થવાનું હોય એવું બોલે પણ નહિ. કોઈ પૂછે કૂવો ક્યાં છે ? તો મુનિ ન બતાવે; કેમકે જો બતાવે તો પછી પેલો ત્યાં કૂવે જાય, પાણી અંગે આરંભ સમારંભ કરે, એમાં ભરચક જીવ હિંસા થાય આમાં નિમિત્ત થયું સાધુનું કૂવો બતાવનારું વચન. સાધુ અહિંસક એટલે હિંસામાં મન-વચન-કાયાથી નિમિત્ત પણ ન બને.

જૈન ચારિત્ર આથી જ સાચો વિશ્વધર્મ છે; સકલ વિશ્વનું હિત ચિંતવનાર ધર્મ તે વિશ્વધર્મ. સકલ વિશ્વમાં એકેન્દ્રિથી માંડી પંચેન્દ્રિય સુધીના જીવો છે, એ સમસ્તનું હિત ચિંતવનાર એક માત્ર જિનશાસન છે, બીજા ધર્મો નહિ; કેમકે ઈતર ધર્મોમાં જ્યાં એકેન્દ્રિય જીવોની જીવ તરીકેની ઓળખ જ ન હોય, એ એમનું હિત શું વિચારી શકે ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૩,અંક-૩,તા.૨૨-૯-૧૯૮૪

સૂયગડાંગ સૂત્રના ટીકાકાર આ 'બુદ્ધસ્સ આણાએ ઈમં સમાહિં' વાળી છેલ્લી ગાથાની ટીકામાં સૂત્રે પૂર્વે કહેલ વસ્તુના ઉપસંહારરૂપે અહીં કહે છે કે સર્વજ્ઞની આજ્ઞાથી કથિત ધર્મમાં ત્રિવિધે સ્થિર થયેલો અને તાયી ત્રાયી ભવ્યાત્મા મિથ્યામાર્ગની ઘૃણા-ખિંસા કરનારો હોય, તેમજ જગતના જીવોનો તાયી રક્ષણહાર હોય. તાયી શબ્દનો ત્રાયી સંસ્કૃત શબ્દ લઈ એનો આ એક અર્થ કર્યો રક્ષણહાર'

**તાયી નો બીજો અર્થ : મોક્ષ તરફ ગમનશીલ :-**

ટીકાકાર શીલાંકાચાર્ય મહર્ષિએ સૂત્રના તાયી શબ્દોના આ એક અર્થ ત્રાયી બતાવ્યા પછી બીજો અર્થ બતાવે છે કે તાયી એટલે મોક્ષ તરફ ગમનશીલ. સર્વજ્ઞ ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ સાધનાર સાધુ વળી કેવા હોય ? તો કે મોક્ષ પ્રત્યે ગમનશીલ હોય. અર્થાત્ જીવ અત્યારસુધી સંસાર પ્રત્યે ગમનશીલ એટલે કે સંસારમાં જનમ મરણના ફેરા વધારનારો, ફેરા વધે એવી જ પ્રવૃત્તિમાં Progressive યાને વિકાસ કરનારો હતો.

**હિંસાદિ પાંચ આશ્રવ અને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં પૂરા રાગદ્વેષાદિ કષાયો સાથે પ્રવૃત્તિ કરનારા સંસારીઓ ભવપરંપરા તરફ પ્રયાણ કરી રહ્યા છે, ત્યારે,**

**મુનિઓ અહિંસાદિ પાંચ મહાવ્રતો પાંચ ઈન્દ્રિયોના સંવર અને ક્ષમાદિ દશ**

**પ્રકારના યતિધર્મ સાથે જ્ઞાન-ધ્યાનમાં પ્રવર્તમાન રહી મોક્ષ તરફ આગેકૂચ કરી રહ્યા હોય છે.**

**ભવવૃદ્ધિ એટલે અશુભાનુબંધોની વૃદ્ધિ.**

**ભવહ્રાસ એટલે અશુભાનુબંધોનો નાશ.**

મોક્ષ તરફ આગેકૂચ કરી રહેલા અર્થાત્ મોક્ષ તરફ ગમનશીલ છે, એટલે કે આત્મા પરના પાપબુદ્ધિ કરાવનારા અશુભ અનુબંધો છેદાઈ રહ્યા છે, તેથી પાપબુદ્ધિ ઓછી થવાને લીધે નવાં અશુભ કર્મ ઓછા ઊભા થાય છે, એટલે ભવની પરંપરા લાંબી ચાલતી નથી.

જીવને સંસારમાં કોણ ભટકાવે છે ? કહો પાપબુદ્ધિ, પાપલેશ્યા, પાપબુદ્ધિના લીધે પાપલેશ્યાવશ જીવ મન-વચન-કાયાથી પાપાચરણ કરે છે. ને તેથી પાપકર્મોના ઢેર ઊભા થાય છે, જેને ભોગવી પૂરા કરવા માટે અનેક દુર્ગતિ ભવો કરવા પડે છે. આ પાપબુદ્ધિ પાપલેશ્યા થવાનું કારણ શું ? તો કે જીવમાં ભરચક ભરેલા અશુભ અનુબંધો, અશુભ સંસ્કારો. એટલે કહેવાય કે,

**ભરચક અશુભ અનુબંધો પાપલેશ્યા કરાવી કરાવી ભવોની પરંપરા સરજે છે.**

આ અશુભ અનુબંધો ઊભા કરનાર છે અસંયમ મહામિથ્યાત્વ સાથેનાં હિસાદી પાપાચરણ. ઠમઠોક અસંયમની પ્રવૃત્તિ સાથે મહામિથ્યાત્વ છે એટલે આ અસંયમના પાપી વિચાર પાપવાણી પાપી વર્તાવરૂપી પાપાચરણોમાં જીવને કશો જ સંકોચ નથી, ક્ષોભ નથી, લેશ પણ દિલમાં અરેરાટી નથી ઊલટું એમાં લયલીનતા છે, એ રાચીમાંચીને પાપાચરણો સેવે છે, એમાં હોંશિયારી માને છે, એથી અશુભ પાપકર્મો તો બંધાય જ છે, કિન્તુ સાથે સાથે અશુભાનુબંધો પણ ઊભા થાય છે, જે આગળ પર જીવને પાપબુદ્ધિ પાપલેશ્યા જ કરાવ્યા કરશે, અને એથી પાપાચરણો ચાલી ભવોની પરંપરા ચાલવાની; જીવ સંસાર પ્રત્યે ગમનશીલ બનવાનો.

એથી ઊલટું જીવ જો સારા સંયમનું પાલન કરે છે, તો એથી અશુભ અનુબંધો તૂટતા આવે છે, ને શુભ અનુબંધો ઊભા થાય છે; તેથી સંયમપાલનની પૂર્વે જે અશુભ અનુબંધોનો સ્ટોક જથ્થો હતો અને એના પર જેટલા ભવોની પરંપરા ચાલે એવી હતી, એમાં હવે કાપ પડવાથી ભવોની પરંપરા કપાઈ, એટલે કે જીવ મોક્ષની નિકટ થયો. મોટી લાંબી ભવપરંપરામાં જીવને મોક્ષનું આંતરું મોટું એ ભવપરંપરા કપાઈને ઓછી થતાં મોક્ષનું અંતર ઘટ્યું એનું જ નામ મોક્ષ-ગમનશીલતા.

ટૂંકા હિસાબ આ છે,-

(૧) પાપબુદ્ધિ-પાપલેશ્યા ઓછી કરો;

(૨) એ માટે અશુભ અનુબંધો તોડો;



(૩) એ માટે સંયમ અને ઈન્દ્રિયોનું તથા મનનું સુપ્રણિધાન સત્પ્રયોગ જ આદરતા રહો.

અહીં પાપબુદ્ધિ-પાપલેશ્યામાં શું શું આવે તે સમજી રાખવા જેવું છે.

**પાપબુદ્ધિ-પાપલેશ્યામાં**

(૧) ક્રોધ-અભિમાન-માયા-લોભ એ કષાયો આવે;

(૨) રાગ અને દ્વેષ તથા એનાં રૂપકો ઈષ્ટ વિષયોની આસક્તિ મમતા અનિષ્ટની અરુચિ-નફરત વગેરે આવે;

(૩) રતિ-અરતિ, હર્ષ-ઉદ્વેગ, હાસ્ય, શોક, ભય, જુગુપ્સા આવે;

(૪) કામવાસનાના અનેક રંગ રૂપક આવે;

દિલમાં આ બધું ઉઠે એ પાપબુદ્ધિ છે.

મુનિ મોક્ષગમનશીલ છે એટલે આવી પાપબુદ્ધિને ઊઠતી અટકાવે છે, તેમજ અશુભ અનુબંધોને સંયમપાલનથી છેદે છે.

(૫) શબ્દાદિ વિષયોનાં આકર્ષણ તથા એના ભોગવટાની બુદ્ધિ આવે;

(૬) હિંસા-જુઠ વગેરે પાપોના ભાવ આવે.

(૭) મિથ્યાત્વ મિથ્યાદષ્ટિ મિથ્યા માન્યતા આવે.

આ બધું ય પાપબુદ્ધિ પાપલેશ્યા-પાપવૃત્તિ છે એને કરાવનાર અશુભ અનુબંધો છે એને છેદો એટલે ભવપરંપરાનો છેદ થતો જાય, અને મોક્ષની નિકટતા મોક્ષ પ્રત્યે ગમનશીલતા થતી જાય;

મુખ્ય વાત સંયમપાલનની છે. એનાથી અશુભ અનુબંધો તૂટતા આવીને ભવપરંપરા કપાતી જાય અને મોક્ષનું આંતરું ઘટતું આવે, મોક્ષની નિકટતા થતી જાય. ત્યારે અહીં પ્રશ્ન થાય.

**પ્ર.-** જેની સંયમની તાકાત ન હોય એને અશુભ અનુબંધો તોડવાનો કોઈ રસ્તો નહિ ?

**ઉ.-** રસ્તો છે, પંચસૂત્ર પહેલું સૂત્ર કહે છે, રોજ ત્રિકાળ અને રાગદ્વેષના સંકલેશ થાય ત્યારે વારંવાર અરિહંતાદિ ચાર શરણનો સ્વીકાર, જન્મ જન્માન્તરના દુષ્કૃતોની ગર્હા-નિંદા-સંતાપ તથા સ્વ-પરના ઠેઠ અરિહંતથી માંડી માર્ગાનુસારીના સુકૃતોની અનુમોદના આસેવન કરતા રહેવાથી અશુભ અનુબંધો છેદાય છે. શુભાનુબંધો ઊભા થતા જાય છે. એમ આમાં બીજા સુકૃતો સેવનમાં જિનભક્તિ સાધુભક્તિ જીવદયા દાનાદિ વગેરે સમકિત અને શ્રાવકપણાની કરણી આચાર અનુષ્ઠાનો પણ આવે. એથી પણ અશુભાનુબંધો છેદાતા જાય છે ફક્ત એ નિરાંશસ ભાવે સેવાવા જોઈએ.

આવો મુનિ શું કરે ? એ સૂત્રકાર ગણધર ભગવાન સુધર્મા-સ્વામીજી મહારાજ

કહે છે,-

**तरिउं समुद्दं व महाभवोहं, आयाणवं धम्ममुदाहरिज्ज ॥**

અર્થાત્ સમુદ્ર જેવા મોટા ભવ સમૂહને ઓળંઘી જવા માટે યા ઓળંઘી જઈને આદાનવાન બનેલો હોય; અને એથી હવે સંસાર તરી ગયા જેવું જ છે, એટલે બધો એ આદાનવાન અર્થાત સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રમાં સુસ્થિર બની ગયો છે; તેથી એ ધમ્મમુદાહરેજ્જા અર્થાત બીજાઓને સમ્યગ્ ધર્મ બતાવે.

આ ઉપરથી એ સૂચવ્યું કે, બીજાઓને ધર્મ ઉપદેશતા પહેલાં પોતે કેવા બનવાનું છે ?

હવે ગણધર ભગવાન કહે છે કે ''આવા મુનિ જાણે સંસાર સમુદ્ર તરી ગયા તે આદાનવાન યાને સમ્યગ્દર્શનાદિ-રત્નત્રયીવાન બનેલા ધર્મનો ઉપદેશ કરે છે.'' આમાં ઉપદેશ આપવાની વાત ક્યારે આવી ? સંયમધર્મમાં સુસ્થિર અને રત્નત્રયીના નિર્મળ આરાધક બન્યા પછી. આ સૂચવે છે કે-

જૈન શાસનમાં મુનિએ ઉપદેશ આપવાનું કામ સહેલું નથી, પહેલાં પોતે સંયમનું શુદ્ધ પાલન તથા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધ આરાધના કરનારા બનવું જોઈએ, એ આ સૂત્ર કહી રહ્યું છે.

**જેમ શ્રોતા પર વાણીની છાયા પડે છે, એમ વક્તાના જીવનની પણ છાયા પડે છે.**

અભવીના બુઝવેલા અનંત મોક્ષે જાય છે, તેમાં અભવીની વાણીથી શ્રોતાને બોધ-વૈરાગ્ય ક્યારે થાય છે ? એકલી વાણીનો પ્રભાવ નથી, કિન્તુ એ અભવી વાણીની સાથે સાથે કષ્ટવાળું મુનિજીવન જીવતો હોય છે એટલે શ્રોતા પર એની અસર પડે છે. ભલે એને અંદરમાં સાવ કોરુંધાકોર છે, કશી મોક્ષ-શ્રદ્ધા જ નથી, એટલે સમકિત પણ નહિ, તો સંયમ પરિણતિ શાની હોય ? છતાં એ અભવી બાહ્યથી સાધુજીવન ઊંચું પાળે છે, બહુ ચોકસાઈવાળું પાળે છે; કેમકે સમજે છે કે જો વૈમાનિક દેવલોકમાં જન્મ જોઈતો હોય તો તે શુદ્ધ સંયમ-આરાધનાથી મળે. એમાં જો વિરાધના થાય તો નીચેના વ્યંતરાદિ દેવલોકમાં જવું પડે. આમ એનું બાહ્ય મુનિજીવન ઊંચું હોય છે; તેથી જ એની વાણીની છાયા પડવાથી કેઈ જીવો બોધ પામી એની પાસે ચારિત્ર-સંયમ લે છે.

**પ્ર.**- અભવીનું આટલું શુદ્ધ ચારિત્રપાલન છે, અને અનેકને મુનિમાર્ગમાં લાવવાની દેશના દે છે, તો પછી પોતે કેમ સંસારમાં ભટકે છે ?

**ઉ.**- અભવીમાં બધું છે, પણ ખાટલે મોટી ખોડ પાયો જ નથી, પાયામાં સમ્યક્ત્વ જ નથી, અરે ! સમ્યક્ત્વ પૂર્વની અપુનર્બંધક દશા ય નથી; કેમકે અપુનર્બંધકનો મુખ્ય એક ગુણ **'न बहुमन्नई भवं घोरं'** ઘોરસંસાર પર બહુમાન



નહિ, એ જ એનામાં નથી, એટલે કે પાયામાં વૈરાગ્ય જ નથી. તેથી સંસારમાં જ ભટકે ને ? માટે તો જય વીયરાય સૂત્રમાં પહેલી માગણીમાં ભવનિર્વેદ સંસાર પર વૈરાગ્ય માગ્યો. અભવી ચારિત્ર લે ખરો, ચારિત્ર કડક ને શુદ્ધ પાળે પણ ખરો, કિન્તુ તે દેવતાઈ વગેરે પૌદ્ગલિક સુખની લાલસાથી, પણ નહિ કે વૈરાગ્યથી; છતાં ચારિત્રપાલન એવું નમુનેદાર કે એના પર લોકોને ઉપદેશ આપે તે અસરકારક બને છે. અહીં પણ વાત આ જ છે કે ધમ્મમુદાહરેજ્જા ધર્મનો ઉપદેશ આપે પણ ક્યારે ? સર્વજ્ઞના આગમથી સદ્ધર્મ પ્રાપ્ત કર્યા પછી અને એમાં સુસ્થિર બન્યા પછી. 'તરીઉં સમુદ્દંવ મહાભવોહં' અર્થાત્ સમુદ્રના જેવો મોટો ભવરાશિ ઓળંગી જઈને ધર્મ ઉપદેશ કરે.

**'આદાનવાન = રત્નત્રયીવાળો.**

આ ઉપદેશ દેવા પૂર્વે સાધુ આદાનવાન બનેલ હોય. આદાન એટલે મોક્ષનું આદાન અર્થાત ગ્રહણ મોક્ષ-પ્રાપ્તિ જેનાથી થાય છે તે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણવાળા મુનિ હોય. આમાં સમ્યગ્દર્શન આદિ કેવુંક હોય એ ટીકાકાર સુંદર બતાવે છે.

**(૧) મુનિનું સમ્યગ્દર્શન કેવું ? :-**

મુનિ સમ્યગ્દર્શન યાને સમ્યકત્વ એવું દૃઢ ધરે કે જિનેન્દ્રદેવનું શાસન, જિનશાસનમાં કહેલી વસ્તુઓ સર્વેસર્વા માને;

**જિનશાસને શું શું કહ્યું છે ?**

- (૧) જીવ-અજીવાદિ તત્ત્વ;
- (૨) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપનો મોક્ષમાર્ગ.
- (૩) સમ્યકત્વ-દેશવિરતિ-સર્વવિરતિના વ્રત નિયમો-આચારો;
- (૪) દાન-શીલ-તપ-ભાવનારૂપ ધર્મ,
- (૫) કલ્યાણક પર્વ, ૧૨ પર્વ, ચોમાસી પર્વ, પર્યુષણ પર્વ વગેરે પર્વો ને એનાં કૃત્ય;
- (૬) અષ્ટ પ્રકારી આદિ પૂજા, જિનેન્દ્રભક્તિ મહોત્સવ, તીર્થયાત્રા...વગેરે દ્રવ્ય-પૂજા, જિનાજ્ઞા-સ્વીકાર, જિનાજ્ઞા-પાલન, જિનગુણગાન, જિન-સન્માન,...વગેરે ભાવપૂજા;
- (૭) જિનાગમ પંચાંગી શાસ્ત્રો;
- (૮) પંચયોગાત્મક માર્ગ;
- (૯) વિશ્વ સ્વરૂપ.....

ઈત્યાદિ-ઈત્યાદિ એવા સર્વેસર્વા અને એકમાત્ર ભવોદ્ધારક તથા મોક્ષપ્રાપક તરીકે માન્યા હોય કે જૈનેતર ધર્મના તપ-ઉત્સવ વરઘોડા-ઠાઠમાઠ કે ચમત્કાર વગેરે

જોઈને જિનેન્દ્ર ભગવાનના દર્શનથી જરાય ચલિત ન થાય,. જિનદર્શન-જિનશાસન પરની શ્રદ્ધામાં સહેજ પણ ડગમગ ન થાય.

**સુલસા શ્રાવિકાએ** આવી રીતે સમ્યગ્દર્શનની દઢતા ધરી હશે ત્યારે જ અંબડ પરિવ્રાજકના ચમત્કાર લેશ પણ મન પર લીધા નહિ ને ? જેને જિનશાસન અને ઈતરદર્શન વચ્ચે મેરુ-સરસવ જેટલું અંતર દેખાય, એ ઈતર દર્શનના યોગ-ધ્યાન-સમાધિના આડંબરથી યા મહાત્યાગ-તપસ્યાના કાયકષ્ટ કે ભૌતિક ચમત્કારથી શી રીતે અંજાય ?

ઈન્દ્રભૂતિ શય્યંભવ ભદ્રબાહુ શય્યંભવ વગેરે વિદ્વાન બ્રાહ્મણો હતા, વૈદિક ધર્મ પર પૂરા આકર્ષિત હતા, પરંતુ જ્યાં એમને જિનશાસનની પારમાર્થિક જાહોજલાલી જોવા મળી, પછી એ મિથ્યા ધર્મનાં આકર્ષણા એવા ઓસરી ગયા કે જિનશાસન જૈનદર્શનમાં ચોંટી પડ્યા, અને ઈતર ધર્મોને જૈનધર્મરૂપી સૂર્યની આગળ ખજવા જેવા લેખવા લાગ્યા. ત્યારે,

**(૨) મુનિનું સમ્યગ્જ્ઞાન કેવું ?**

મુનિ એવા સમ્યગ્જ્ઞાનવાળા હોય કે સમ્યક્ શાસ્ત્રાગમ બોધથી યથાવસ્થિત વસ્તુની પ્રરૂપણા કરીને સમસ્ત વાચાળ વાદીઓની મિથ્યા માન્યતાઓનું નિરાકારણ કરી નાખે. વળી એ વાદીઓ જો મતાગ્રહી ન હોય તો એને તથા બીજા ભદ્રક જીવોને યથાવસ્થિત મોક્ષમાર્ગ બતાવી દે, પકડાવી દે.

અંધારી રાતે જંગલ વટાવતાં પોતાની પાસે દીવો હોય એનો ઉપયોગ શો ? એનાથી શું કરવાનું ? (૧) પોતે કાંટા કાંકરા ખાડા-ટેકરા વગેરેથી બચી ખરા માર્ગે ચાલ્યા જવાનું. અને (૨) બીજા ભૂલા પડેલાને પણ માર્ગ બતાવવાનો, તેમજ (૩) કોઈ અનાડીઓ જાતે અંધારામાં અટવાઈને બીજાઓને પણ ઉન્માર્ગે દોરતા હોય, તો એમનો શક્ય પ્રતિકાર કરવાનો. અહીં એક પ્રશ્ન થાય,-

**મુનિને વાદમાં રાગદ્વેષ કેમ નહિ ? :-**

**પ્ર.-** સમ્યગ્જ્ઞાનથી વાદીઓની માન્યતાઓનું નિરાકરણ કરી એને હરાવવામાં રાગદ્વેષ ન થાય ?

ઉ.- ન થાય, કેમકે મુનિના હૈયે સદા મૈત્રી આદિ ભાવ જાગતા હોય છે, તેથી કોઈ ઈર્ષ્યાદિ ભાવ હોતા નથી. હરાવવાની બુદ્ધિ ઈર્ષ્યામાંથી જન્મે છે. અહીં એ છે નહિ. અહીં તો સામા પર જીવ તરીકે સ્નેહભાવ છે, અને એ ભૂલતો હોય તો એના પર કરુણાભાવ હોય છે. એમ તો ભગવાન પણ ધર્મશાસન સ્થાપે છે એમાં મિથ્યામતની અસત્યતા અને સત્ તત્ત્વોની સત્યતા બતાવે છે, તો તેથી શું ભગવાનને રાગદ્વેષ થાય છે ? અસત્યનું નિરાકરણ કરવામાં સામા જીવ પર અને એમાં અસત્ય માર્ગથી ભૂલા પડતા જીવો પર ભાવદયાનો ભાવ રહે છે.



અહીં આર્દ્રકુમાર-મહામુનિના જીવનમાં અનેક વાદમાં એ સ્પષ્ટ દેખાયું. ગોશાળે, વૈદિકબ્રાહ્મણો, બૌદ્ધભિખ્ખુઓ, વગેરે એમની સાથે વાદ કરવા આવ્યા, અને સત્યમાર્ગ સામે ગમે તેવું અજુગતું બોલ્યા હતા, છતાં મહામુનિએ જરાય ઉકળાટ નહિ કરેલો ! પણ શાંતિથી એનું નિરાકરણ કરેલું, અને સત્યધર્મ સત્યતત્ત્વનું પ્રતિપાદન કરેલ. એમાં સ્પષ્ટ દેખાય છે કે એમને ઈર્ષ્યા નહિ થયેલી, કેમકે હૈયે મૈત્રી અને કરુણાભાવ વસી ગયેલા હતા.

**સમ્યગ્જ્ઞાન નક્કર મેળવો :-**

અહીં સમ્યગ્જ્ઞાનથી મિથ્યાવાદીઓનું નિરાકરણ કરવાનું લખ્યું એ સૂચવે છે કે સમ્યગ્જ્ઞાન મેળવવાનું એ નક્કર જ્ઞાન મેળવવાનું. વેપારી દુન્યવી ધંધા વ્યવસાયમાં ક્મીના નથી રાખતો, તો સાધુએ જ્ઞાનના વ્યવસાયમાં શા માટે કમીના રાખવી જોઈએ ?

અતિ મહાન શ્રીમંત થાવચ્ચાકુમારે શ્રીમંતાઈભર્યો અને બત્રીશ દેવાંગનાશી પત્નીઓ વગેરેના સુખથી લચબચતો સંસાર છોડી ચારિત્ર લીધેલું ! તો પછી સમ્યગ્જ્ઞાનનો વ્યવસાય કેટલો બધો કર્યો કે એ ૧૪ પૂર્વધર મહાજ્ઞાની બન્યા. જ્ઞાનનો ઉપયોગ પણ એ લોકોને મોક્ષમાર્ગ પમાડવાનો જબરદસ્ત કરતા ગયા. શુકપરિવ્રાજકના શ્રીમંત ભક્ત સુદર્શનશેઠને મિથ્યાધર્મ મુકાવી જૈનધર્મ એવો સચોટ પમાડી દીધો, કે એને પહેલાનો ગમે તેવો માન્ય ગુરુ શુકપરિવ્રાજક હવે એને પાછો લાવવા ઠેઠ એના ઘરે આવ્યો તો ય સુદર્શને નજર ઊંચી ન કરીને એના સામું પણ જોયું નહિ,

ત્યારે શુકપરિવ્રાજક કહે તને કોણે ભોળવ્યો ? ચાલ મને લઈ જા એમની પાસે, એ મને સમજાવે તો હું પણ એનો શિષ્ય થઈ જાઉં.

**એક જ સવાલમાં શૂક નિરુત્તર ! :-**

સુદર્શન એને લઈ ગયો થાવચ્ચાકુમાર આચાર્ય મહારાજ પાસે. એણે આચાર્યદેવને આક્ષેપ કર્યો "તમારી પાસે ધર્મ જ ક્યાં છે તે ધર્મગુરુ તરીકે જગતમાં ફરો છો ? ધર્મમાં પહેલું તો શૌચ-પવિત્રતા જોઈએ, ને તમે લોકો સ્નાન જ કરતા નથી, એટલે તમારે શૌચ નહિ, તો ધર્મ નહિ."

આચાર્ય મહારાજે સમ્યગ્જ્ઞાનથી એનું એવું સુંદર નિરાકરણ કર્યું કે બોલો ભાઈ !

**લોહીથી ખરડાયેલું કપડું લોહીથી સાફ થાય ?**

કે પાણીથી સાફ થાય ? તું કહે છે,- 'જલ- સ્નાનથી શૌચ કરે, આત્મા નિર્મળ થશે, પરંતુ તને ખબર છે ખરી કે આ જીવ પહેલા નંબરમાં જીવહિંસાના પાપથી કર્મમલિન બન્યો રહી સંસારમાં ભટકી રહ્યો છે ? તો હવે એ જીવહિંસાથી નિર્મળ થાય ? કે અહિંસાથી ? પાણીના એકેક ટીંપે અસંખ્ય જીવો છે. જલસ્નાન

કરવામાં એવા કેઈ અસંખ્ય જીવોની થતી હિંસાથી તું આત્માને શૌચ પવિત્ર નિર્મળ થવાનું કહી રહ્યો છે, એ કેટલું યુક્તિયુક્ત છે ?'

શુકપરિવ્રાજકની માન્યતાનું ખંડન થઈ ગયું. શુકે કબૂલ કર્યું કે જળસ્નાનથી શૌચ ન થાય, શૌચ અહિંસાથી જ થાય; અને સંકલ્પ મુજબ ચારિત્ર લઈ આચાર્ય મહારાજનો શિષ્ય શુકમુનિ થઈ ગયો.

આચાર્ય મહારાજે સમ્યગ્જ્ઞાનથી એના મિથ્યામતનું નિરાકરણ કરી મોક્ષમાર્ગ સમજાવી દીધો, ને પમાડી દીધો.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''** **વર્ષ-૩૩,અંક-૪,તા.૨૯-૯-૧૯૮૪**

મુનિજીવનમાં આ કરવા જેવું છે કે,

**જેટલા આરાધનાના પ્રકારો છે, એનું અંતરમાં મનોમંથન જોઈએ કે એ કેવી કેવી રીતે મિથ્યામાર્ગો કરતાં લાખલાખ દરજ્જે ઉંચ્ચે છે ?** તેમ જિનશાસનમાં જેટલા દોષ અતિચારનાં સ્થાન બતાવ્યા છે, એની ઈતર ધર્મોમાં ગંધ સરખી નથી ! તો એના પ્રાયશ્ચિત્તથી સાફસુફી ય એ શી રીતે બતાવી શકે ?

**(૩) મુનિનું સમ્યક્ ચારિત્ર કેવું ?**

**સમ્યક્ ચારિત્રથી મુનિ વિશ્વના સમસ્ત જીવોનો હિતૈષી બને છે.**

તેથી આશ્રવદ્વારોને બંધ કરે છે, આશ્રવ એટલે જેનાથી આત્મામાં કર્મ વહી આવે તે, અર્થાત કર્મબંધના કારણો. એ આશ્રવદ્વારોમાં મોટા પાંચ આશ્રવો હિંસા-જૂઠ-ચોરી-મૈથુન-પરિગ્રહ એનાથી આત્મામાં કર્મપ્રવાહ ચાલ્યો આવે. મુનિ ચારિત્ર મહાવ્રત પ્રતિજ્ઞા દ્વારા આ બંધ કરે, એટલે હવે જીવોની હિંસા વગેરે કરવાનું રહ્યું નહિ; તેથી જીવો પ્રત્યે હિતૈષી બન્યો રહેવાનું મળ્યું. અથવા કહો, મુનિ પોતાના નિમિત્તે જીવોનું ક્યાંય પણ અહિત ન થાય, જીવોને દુઃખ ન થાય, એ હિતૈષીપણાથી ખાસ જુએ, તેથી એ હિંસા-જૂઠ વગેરે આશ્રવો ન સેવે એ સહજ છે.

**જીવોના હિતૈષી થવું હોય તો આશ્રવો બંધ કરો.**

આશ્રવ સેવવાથી બીજા જીવોનું અહિત થાય છે, એમને દુઃખ થાય છે. આમ, વિવિધ આશ્રવદ્વારો બંધ કરી લેવાથી બે લાભ,-

(૧) બીજા જીવોને લેશ પણ આપણા હાથે અહિત ન થાય, અને એના હિતની ભાવના હિતૈષીપણું બન્યું રહે; તેમજ

(૨) જ્ઞાનાવરણીયાદિ અનેક પ્રકારના નવાં કર્મ બંધાતા અટકે, અહીં પ્રશ્ન થાય,-

**પ્ર.**- નવાં કર્મ તો અટકાવ્યા, પરંતુ આત્મામાં જુના કર્મ એવી લાંબી સ્થિતિનાં પડ્યા છે, કે જલ્દી મોક્ષ શે થાય ?



**ઉ.**- મુનિજીવનમાં ચારિત્રપાલન સાથે તપની પણ આરાધના છે, ને તેથી આત્મા પર બંધાઈ ચૂકેલા જુના કર્મનો ક્ષય થાય છે, કર્મોની નિર્જરા થાય છે, નિકાલ થાય છે, તેથી મોક્ષ જલદી થઈ શકે છે.

તાત્પર્ય, જીવ જાણે એક સરોવર, એમાં નગરમાંથી વહી આવતા મેલા પાણીની નીકના દરવાજા બંધ કર્યા. એટલે સરોવરમાં નવો કચરો આવતો અટક્યો વળી કનક ચૂર્ણ જેવું નાખ્યું એટલે પૂર્વનું પડેલું મેલું પાણી સ્વચ્છ થઈ ગયું. બસ, આત્મામાં આવું જ છે. આશ્રવ બંધ કર્યાથી નવાં નવાં કર્મ બંધાતા અટકે, અને સમ્યક્ તપરૂપી ચૂર્ણથી જુનાં કર્મ સાફ થઈ જાય. અહીં પહેલાં સમ્યક્ ચારિત્રનો વિચાર કરીએ,-

**જિનશાસનના સમ્યક્ ચારિત્ર ધર્મની બલિહારી છે.**

પહેલું તો એમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ અનંતકાય એકેન્દ્રિય સુધીના વિશ્વના સમસ્ત જીવોના હિતૈષી બની જવાય છે. કેટલું બધું વિશાળ દિલ ! દિલમાં સ્નેહભાવથી અનંતાનંત જીવો સમાય છે. હું જીવન જીવું એ કાયાથી યા વાણીથી કે મનથી યા ઈન્દ્રિયોથી એક પણ જીવને દુભામણ કરનારું ન બનો, આ નિર્ધાર છે. આમાં નિરપરાધી તો સમાય, પણ અપરાધી ય સમાય. માથાવાઢ દુશ્મન સામે આવ્યો હોય, એના પર પણ મનથી આ ખરાબ માણસ એટલું ય નહિ ચિંતવવું, પછી આને મારું એ વિચાર તો આવે જ શાનો ? એમ, રોષથી સહેજ આંખ પણ ઊંચી કરવાની વાત નહિ. પછી વાણીથી એને ધમકાવવાની કે ઠપકો આપવાની વાતે ય શી ? ત્યારે હાથેથી કે લાકડી વગેરેથી મારવાનો તો અવકાશ જ ક્યાં ? મુનિ તો એટલા બધા ઉચ્ચ ઉમદા દિલના હોય છે કે એવા અપરાધી દુશ્મનને લેશ પણ દુભવવાની તો વાતે ય ક્યાં ? મનથી એને ખરાબ માનવાની ય વાત શી ? ઊલટું પોતાના કર્મક્ષયમાં સહાયક તરીકે એને સગા ભાઈ કરતાં વધુ સારો માની એના પર હેત આનંદ ઉભરાવે છે !

**ખંધક મુનિને** જ્યારે રાજાના મારા આવી કહે છે, અમારા મહારાજા સાહેબના હુક્મથી અમે તમારી આખા શરીરની ચામડી ઉઝરડી લેવાના છીએ; ત્યારે એમણે શું કર્યું ?

કેટલી ઊંચ વિચારધારા છે ! આ તો જીવતાં ચામડી ઉઝરડી લેવાની વાત કરે છે, ત્યારે આ મહાત્મા મનમાં ખુશી અનુભવે છે કે

''વાહ ! ચાલો કર્મક્ષય કરવાનો આવો અવસર ન મળે તે મળી ગયો ! સારું થયું.

**આમે ય મોક્ષ અર્થાત્ સર્વ કર્મક્ષય માટે તો ચારિત્ર લીધું છે, તો આ કર્મક્ષયના પ્રસંગમાં વ્યાકુળ કેમ થવાય ?** એમાં એવાં જટિલ કર્મ એવી તીવ્ર

વેદના ભોગવ્યા વિના જાય જ નહિ. અને એવી તીવ્ર વેદના ભોગવી લઈએ એટલે એ કર્મો ઊભા રહે નહિ, રવાના જ થાય. માટે એનાં નિકાલ માટે આ સોનેરી અવસર છે.'' તેથી પોતાના જીવને સમજાવે છે કે કર્મ ખપાવાનો અવસર એહવો ફરી નહી મળશે પ્રાણી રે ! ત્યારે આમ જ્યાં આ ભયંકર સહવાના અવસરને દિવાળીનો અવસર માનવો હોય ત્યાં એ અવસર લાવી દેનાર રાજાને સગા ભાઈ કરતાં વધુ ભલો માને એમાં શી નવાઈ ? છતાં આપણે એમના ભયંકર સહવા પર કેમ નવાઈ અનુભવી એમના પર ઓવારી જઈએ છીએ ? કહો, થિયરી કરતાં પ્રેક્ટીસ મોટી ચીજ છે; સિદ્ધાંત કરતાં અમલ મુશ્કેલીવાળો છે. છતાં ફિકર નહિ, આવા મહાપુરુષનાં દિલથી ગુણગાન કરતાં આપણને એવું સત્ત્વ ઊભું થશે. કેમકે એ વિચાર છે, કે ખંધક મુનિ પણ આ ધરતીના જ માનવી હતા. એમણે સત્ત્વ વિકસાવી વિકસાવી આત્મોન્નતિ સાધતાં સાધતાં જો એ આ કક્ષાએ પહોંચ્યા તો આપણે પણ એ લક્ષ્યથી થોડો થોડો અમલી પુરુષાર્થ કરતાં કરતાં કેમ એ ઉચ્ચ કક્ષાએ નહિ પહોંચીએ ? આ વિશ્વાસ પર આગળ ધપાય છે. એટલું જરૂરી છે કે,

**એવા મહાપુરુષોએ આવા ઉપસર્ગ વખતે જે વિચારણાના આલંબન રાખ્યા, તે વિચારણાઓનો આપણે ભલે નાના પ્રસંગોમાં પણ ખૂબ મહાવરો પાડવો પડે.**

**ઉપસર્ગોમાં કોણે શું વિચાર્યું :-**

**ખંધક મુનિએ** આ વિચાર્યું કે કર્મ ખપાવાનો આવો અવસર ફરીથી નહિ મળે, એ આપણે દરેક આપત્તિ-અગવડમાં વિચારતા રહેવાનું દા.ત. પડી ગયા, વાગ્યું, વેદના થાય છે, ત્યાં આ જ વિચારવાનું કે કર્મ ખપાવવાનો અવસર.... એમ પૈસા ખોયા, તકલીફ છે, છતાં આ જ વિચારવાનું કર્મ ખપાવાનો....એમ આજે ભયાનક અસહ્ય મોંઘવારી છે, જીવનજરૂરી વસ્તુની પણ ભારે તંગી પડે છે, ત્યાં પણ આ જ વિચાર, કે કર્મ ખપાવાનો અવસર એહવો ફરી નહી મળશે પ્રાણી રે.'

**ગુજસુકુમાર** મહાત્માને માથે સગડી મુકાઈ છે. તો એ વિચારે છે કે જે મારું છે તે બળતું નથી, અને જે બળે છે કે જે મારું આત્મસુવર્ણ આ ઉપસર્ગની અગ્નિમાં કચરો બળી જઈને કંચનની જેમ શુદ્ધ થઈ રહ્યું છે !'

**ધર્મરુચિ અણગાર** માસખણ પારણે વહોરી લાવેલી જીવલેણ કડવી તૂંબડીનું શાક ગુરુના આદેશથી પરઠવવા ગયા, ત્યાં એના એક ટીંપા પર કીડીઓ ચોંટી મરવા જેવી થઈ જોઈને જીવદયાના પરિણામથી પોતે જ બધું વાપરી ગયા ! શરીરમાં રોમે રોમે ભયંકર અગ્નિના તણખા જેવી લહાયો ઉઠી; ત્યાં આ વિચારે છે, ધન્ય અવસર ! બિચારી સેંકડો હજારો કીડીઓને અભયદાન દેવાની તક મળી !'

**અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજને** નાવડામાંથી પ્રવાસીઓએ ઊંચકી ઊંચે ગંગા



પર ઉછાળ્યા અને વૈરી દેવતાએ એમને આકાશમાંથી પડતા ભાલાની અણી પર લીધા. અણી સોંસરી પેટ કે છાતીની આરપાર નીકળી ! ત્યાં આચાર્ય મહારાજ વિચારે છે કે ધન્ય છે તે સિદ્ધ ભગવંતોને કે જેમણે શરીર જ રહેવા ન દીધું તો કોઈ જીવને પાપમાં કે દુઃખમાં નિમિત્ત થતા નથી ! કમનસીબ હું કે હજી શરીરધારી રહ્યો છું તો મારું શરીર બિચારા પ્રણીઓને અને ભાલાથી વીંધનારને પાપમાં નિમિત્ત થઈ રહ્યું છે, તેમજ શરીરમાંથી પડતા લોહી દ્વારા નીચે પાણીના અપકાય જીવોને તથા જલાશ્રિત ત્રસ જીવોને મરણાન્ત દુઃખ આપી રહ્યા છે. આમ વિચાર ધારામાં પોતાના શરીર પર અને યાવત્ અહંત્વ પર નિરાસક્ત ભાવમાં આગળ વધતાં, સર્વથા અનાસક્ત યોગમાં ચડી વીતરાગ સર્વજ્ઞ બની ગયા ! આપણે પણ દુઃખ-આપત્તિ-અગવડ વખતે આપણા શરીર અને આપણી સામગ્રીને બીજાનાં પાપ કે દુઃખમાં નિમિત્ત બનતી જોઈ એની માયા મમતા મૂર્ચ્છા ઘટાડનારા બનીએ.

વાત આ હતી આદાનવાન મુનિઓ 'આદાન' અર્થાત મોક્ષાર્થ ગૃહ્યમાણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભરેલા, તે સમ્યક્ ચારિત્રથી વિશ્વના સમસ્ત જીવોના હિતૈષી બને છે. એમનામાં સકલસત્ત્વ-હિતાશય ભરેલો હોય છે, ક્યારેય કોઈના અહિતનો, ને કોઈને ય દુભવવાનો વિચાર સરખો નહિ. એટલું જ નહિ. પણ પાકી સાવધાની કે પોતાનો બોલ કે પોતાની આંખ મુખમુદ્રા ય કોઈને દુઃખમાં કે પાપમાં યા કષાયમાં નિમિત્ત ન બની જાય. ત્યારે અહીં એક પ્રશ્ન થશે, કે-

**ગોશાળાને કષાયવૃદ્ધિમાં પ્રભુએ કેમ નિમિત્ત આપ્યું ? :-**

**પ્ર.-** જ્યારે ગોશાળો ધમધમતો અને મહાવીર પ્રભુને કહેતો આવ્યો કે ''હું તારો શિષ્ય ગોશાળો નથી, પરંતુ સિદ્ધ યોગી પુરુષ છું અને મેં તો મરેલા ગોશાળાનું સશક્ત શરીર યોગશક્તિથી ધારણ કરેલું છે.'' ત્યારે પ્રભુએ કેમ એને સાચાનું સાચું કહ્યું કે ''તું જ ગોશાળો છે. શા માટે જાતને છુપાવે છે ?'' પ્રભુએ એવું કહેવાથી તો એને તેજો લેશ્યા મૂકવા સુધીનો કષાય થઈ ગયો ! પ્રભુનું વચન ગોશાળાને કષાયવૃદ્ધિમાં નિમિત્ત ન બન્યું ?

**ઉ.-** ના, ગોશાળો પહેલેથી એવો દુર્જન જ હતો કે એ કષાયથી ધમધમતો રહેતો જ હતો, એની આંતર પરિણતિ જ કષાયમય હતી, એટલે પ્રભુએ એને નવા કષાયનું નિમિત્ત આપ્યું એવું નથી.

એ તો ત્યારે કહેવાય કે સામો શાંત હતો, યા અલ્પ કષાયવાળો હતો, ને આપણા શબ્દથી એને કષાય જાગ્યો, યા વધી ગયો હોય. ત્યાં આપણા શબ્દ સામાના કષાયમાં નિમિત્ત બન્યા કહેવાય. અહીં એવું નથી. ત્યારે ભારે કર્મી ગોશાળો તો કષાયનો ભરેલો જ હતો. છતાં.

**પ્ર.-** પ્રભુને સાચાનું સાચું કહેવાની જરૂર કેમ પડી ?

ઉ.- જરૂર એટલા માટે પડી કે ભોળી જનતા ગોશાળાના અસત્ય અને ઉન્માર્ગ ભાષણમાં તણાઈ જતી હતી; એવી બહોળી જનતાને બચાવી લેવા માટે પ્રભુએ સત્યનું પ્રકાશન કરવાની જરૂર હતી. આ જરૂરિયાત જો ન માનીએ તો તો પછી ક્યારેય પણ સત્યનું પ્રકાશન કરવામાં દુર્જનોને દુઃખ થશે,'- એમ માનીને સત્યનું સત્યતત્ત્વનું પ્રકાશન જ ન થઈ શકે ! અલબત સત્યનું સત્યતત્ત્વ-સત્યમાર્ગનું પ્રકાશન કરતી વખતે દુર્જનોને દુઃખ ઉપજાવાનો મુનિને લેશ પણ આશય નથી હોતો; તેથી મુનિમાં ત્યાં પણ સકલસત્ત્વ હિતાશય અખંડ પ્રવર્તતો રહે છે. દુર્જનો પ્રત્યે પણ દ્વેષ નહિ, દયા જ હોય છે, મહાવીર પ્રભુને ગોશાળા પ્રત્યે લેશમાત્ર દ્વેષ નહોતો. જો દ્વેષ થયો હોત તો પ્રભુ પોતાની અનંત શક્તિથી, યા ભક્ત ક્રોડ દેવો પૈકી કોઈ દેવ દ્વારા, ગોશાળાને લકવો ન લગાડી દેત ? પ્રભુએ કેમ એવું ન કર્યું ? કહો, દ્વેષ નહોતો. છતાં ગોશાળાને રોકડું સત્ય પરખાવ્યું તે બહોળા જનસમુદાયના હિતાર્થે.

આમ સમ્યક્ ચારિત્રથી મુનિ સર્વના હિતૈષી બનવા ઉપરાંત એમણે હિંસાદિ પાપાશ્રવ-દ્વારો બંધ કરી દીધા હોય છે. એક પણ હિંસાદિ કે કષાયાદિ પાપાશ્રવ સેવવાનો નહિ. પાપાશ્રવ જાતે કરવા રૂપે ય નહિ, બીજા પાસે કરાવા રૂપે ય નહિ, ને બીજા પાપાશ્રવ કરતા હોય એને સારા માનવા અનુમોદવારૂપે પણ સેવવાનો નહિ. તે પણ કાયાથી ય નહિ, વાણીથી ય નહિ, ને મનથી પણ સેવવાનો નહિ. એટલે,

દા.ત. મુનિને પરિગ્રહ-પાપાશ્રવનો ત્યાગ છે, હવે કોઈ આવીને બોલ્યું સાહેબ ! તમારો ફલાણો ભક્ત એક જ સોદામાં દસ લાખ રૂપિયા કમાઈ પડ્યો !, તો ત્યાં મુનિ મનથી ખુશી ન થાય કે એ સારું કમાયો ! ઠીક થયું તેમ વચનથી પણ અનુમોદના ન કરે કે વાહ, બડો ભાગ્યશાળી ! એકી કલમે આટલું બધું કમાઈ પડ્યો ? એમ કાયાથી ય અનુમોદના નહિ, દા.ત. આંખમાં ખુશીનો ચમકારો ન લાવે, કે મુખમુદ્રાનો યા હાથનો ખુશીનો ઈસારો ન બતાવે.

જેવું મુનિ પરિગ્રહત્યાગ ત્રિવિધ ત્રિવિધે પાળવામાં સાવધાનપણું રાખે એમ બ્રહ્મચર્ય પાળવામાં પણ સાવધાની રાખે. એટલે

દા.ત. મુનિ આગળ કોઈ આવીને માંડે સાહેબ ! આપના કુટુંબી યા ફલાણા ભક્તના દીકરાને કરોડપતિની કન્યા મળી ગઈ ! તો એ સાંભળીને પણ મુનિ વિચાર વાણી વર્તાવ કશામાં ય ખુશી ન લાવે. જો આંખ મલકાવે તો કાયાથી, યા એટલું બોલે કે એમ ? અથવા જો બોલે છોકરો પુણ્યશાળી, તો એમાં કાયાથી યા વાણીથી અબ્રહ્મમાં મૈથુનમાં અનુમોદના થઈ. તેથી એ કશામાં મુનિ પડે નહિ. મુનિને પાપાશ્રવોનો આ રીતે મન-વચન-કાયાથી ન કરવા, ન કરાવવા, ન



અનુમોદવા, એમ ત્રિવિધ ત્રિવિધે ત્યાગ હોય છે.

**પ્ર.**- તો શું મુનિને આટલો માત્ર નિવૃત્તિ-ધર્મ જ હોય છે ?

**ઉ.**- અહીં ટીકાકાર મહર્ષિ કહે છે કે '**तपो विशेषाच्चानेकभवोपार्जितं कर्म निर्जरयति ।**' અર્થાત્ તપવિશેષથી અનેક ભવોના ઉપાર્જેલા કર્મનો ક્ષય કરે છે. આમાં આ તપ વિશેષનો પ્રવૃત્તિ ધર્મ બતાવ્યો. મુનિ તપ વિશેષમાં પ્રવૃત્તિ કરનારા હોય છે.

આ તપમાં બાહ્ય-આભ્યન્તર બંને પ્રકારનો તપ આવે. તીર્થંકર ભગવાનના દૃષ્ટાન્તથી મુનિ બાહ્યતપમાં પણ કોઈ કમીના કોઈ સંકોચ નથી રાખતા પૂછો,

**પ્ર.**- તો પછી શાસ્ત્રે કેમ કહ્યું,-

**'तदेव हि तपः कार्यं, दुर्ध्यानं येन नो भवेत् ।**
**येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणी वा ॥'**

અર્થાત એવો જ તપ કરવો જેથી (૧) દુર્ધ્યાન ન થાય, (૨) સંયમયોગોમાં હાનિ ન પહોંચે, ને (૩) ઈન્દ્રિયો (ચક્ષુ વગેરે) ક્ષીણ ન થાય.'- આવું કેમ કહ્યું ? આમાં તો તપમાં સંકોચ રાખવાનું નથી કહેતા ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૫,તા.૬-૧૦-૧૯૮૪**

ઉ.- શાસ્ત્રનું આવું ઓઠું લઈ લઈને જ જીવ ભુલાવામાં પડે છે, ને મુડદાલ બની શક્ય એવા પણ એકાશન-આયંબિલ-ઉપવાસ વગેરે તપ, દ્રવ્યસંક્ષેપ ને રસત્યાગ તપ, કાયકષ્ટ અને કાયોત્સર્ગ તપ મૌન આદિ સંલીનતા તપ વગેરે તપ ગુમાવે છે ! બૌદ્ધ ધર્મીની જેમ જાણે એમ જ સમજે છે કે "નવકારશી ન કરીએ તો મનને દુર્ધ્યાન થાય, દ્રવ્યસંક્ષેપ રસત્યાગ કરીએ તો શરીરને વિટામિન્સ પ્રોટીન વગેરે પોષક તત્ત્વ ન મળે, કાયકષ્ટમાં તો આઘા જઈને પાછા પડવાનું થાય. મૌન રાખી બીજા સામે વાતચીત જ ન કરીએ તો જાણકારી ન મળે, ને મનને વીસામો ન મળે, તો પછી બીજા યોગોમાં મન સ્ફુર્તિથી ન જોડાય." આ બધા પોતાના મનના સ્વચ્છંદ ઉઠાવા છે. ખબર નથી કે,

**મનગમતાં યથેચ્છ ખાનપાન આરામી સુખશીલતા વગેરે એ મોટી અસમાધિ છે. મહાન દુર્ધ્યાન છે.**

આહાર અને શરીરની બહુ ગુલામી પોષવામાં ચિત્ત નિઃસત્ત્વ અને પુદ્ગલપ્રેમી તથા દેહાધ્યાસી દેહમમતાળુ બની જવાથી, એ આભ્યન્તર તપ સ્વાધ્યાય-ધ્યાનમાં એકાગ્રતા ને તન્મયતાથી જોડાઈ શકતું નથી. મન વચમાં વચમાં પુદ્ગલના વિચારમાં તણાઈ જાય છે. આ સમજીને જ ભગવાન પોતાના સાધકજીવનમાં પહેલો અંકુશ

આહાર-રસ-આરામી વગેરે પર મૂકે છે. કાયોત્સર્ગ પણ બેઠા બેઠા નહિ. કિન્તુ કષ્ટમય રીતે ઊભા ઊભા જ કરે છે.

**ઈન્દ્રિયો તથા શરીર અને મનની ખણજો પોષ્યે જવામાં દેહમમતા દેહાધ્યાસ વધે છે, ને આત્માનું સત્ત્વ હણાય છે.**

આત્મા નિઃસત્ત્વ મુડદાલ બને છે. તેથી જ્ઞાન-ક્રિયા આદિના સાત્વિક તન્મય આરાધના કરી શકતો નથી; કેમકે પોષેલી અને તગડી બનેલી પુદ્‌ગલની ખણજો જ્ઞાન-ક્રિયાદિની સાધનાની વચ્ચ વચ્ચે ઊઠ્યા કરવાની, ને ત્યાં સાધનામાં તન્મયતા આવવા જ ન દે.

**જડ પુદ્‌ગલની પલેવણની ગુલામીમાંથી મુક્તિ મેળવવા દ્વારા જ મન પરમાત્મામાં આત્મામાં ને આત્મિક સાધનામાં પ્રવેશ પામી શકે, ને ઠરીને જોડાયેલું રહી શકે.**

શાલિભદ્ર, ધન્નો, મેઘકુમાર વગેરે મૂર્ખ નહોતા, અક્કલહીન નહોતા, કે એ સુકુમાર છતાં લચબચ વૈભવ વિલાસમાં ઉછરેલા છતાં, એમણે કઠોર બાહ્ય તપ આચર્યો ! સાથે વિનય સ્વાધ્યાય ધ્યાનાદિ આભ્યન્તર તપ પણ ખરો જ. બાહ્ય તપ પર જોર એટલા માટે છે, કે એથી દેહાધ્યાસ-દેહમમતા ઘટતી આવે તો પોતાના આત્માની મમતા જામતી જાય, ને આભ્યન્તર તપમાં આત્મા ઠરે. આભ્યન્તર તપ, પ્રાયશ્ચિત્ત વિનય વૈયાવચ્ચ સ્વાધ્યાય ધ્યાન કાયોત્સર્ગ, એ બધાય આત્માની વસ્તુ છે, આત્મહિતની વસ્તુ છે, ને એમાં તન મનને ઘસાવું પડે છે, એટલે એ તન મનના અહિતની વાત છે. ત્યાં જો શરીરની મમતા પૂરી હોય કે મારી કાયાને જરાય અવગડ ન આપું કષ્ટ ન આપું, તો આત્માને આ આભ્યન્તર તપમાં હોંશથી ઠરવાનું ક્યાંથી બને ? માટે એ દેહમમતા યાને દેહાધ્યાસ કાપવા માટે બાહ્ય તપની અતિશય આવશ્યકતા છે.

મુનિ બાહ્ય તપથી દેહાધ્યાસ અત્યંત ઘટાડી નાખે છે, એટલે આત્મામાં ઠરે છે, આત્માને હિતકારી આભ્યન્તર તપને પોતાની વસ્તુ માની એમાં ઠરે છે.

### આલોચના-પ્રાયશ્ચિત્ત તપનું મહત્ત્વ

પ્રાયશ્ચિત્ત તપમાં પોતાની સાધનામાં પાકું લક્ષ રાખનારા હોય કે ક્યાંય દોષ સ્ખલના અતિચાર તો નથી લાગતો ને ? લાગે ત્યાં ઝટ ગુરુની આગળ માયા-રહિત એનું આલોચન પ્રકાશન કરી દે, અને એનું ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત સહર્ષ ને આભાર માનવાપૂર્વક સ્વીકારી લે ને એનું વહન કરે.

**પ્ર.**- એમ તો શાસ્ત્રમાં સૂક્ષ્મ વિધાન જોતાં તો દિવસમાં કેટલીય સ્ખલના દેખાય એ બધાનું ગુરુ આગળ આલોચન કરી પ્રાયશ્ચિત લેતાં તો એકજ દિવસના પણ કેટલા બધા પ્રાયશ્ચિત્ત આવે ? એ વહન કરવા બેસે એમાં તો દિવસો પસાર



થતાં એ દિવસોમાં વળી કેટલી બધી સ્ખલનાઓ થાય, ને કેટલા બધાં પ્રાયશ્ચિત્ત ચડે ? એ શે પૂરા વહી શકાય ?

**ઉ.**- મુંઝવણ કરવાની જરૂર નથી, આવી સમસ્ત નાની મોટી સ્ખલનાઓનાં માયારહિત આલોચના કરનાર અને પ્રાયશ્ચિત્ત લેનાર માટે શાસ્ત્રે ઝોસ કરવાની પ્રાયશ્ચિત્તદાતા ગુરુને છુટ આપી છે. ઝોસની વિધિ નિશીથ વ્યવહારાદિ છેદ ગ્રંથોમાં વર્ણવેલી છે. એ વિધિથી ઝોસ કરતાં પ્રાયશ્ચિત્ત લેનારને પ્રાયશ્ચિત્ત વહી પૂરું કરવાની સગવડ રહે છે.

બીજી વાત એ છે કે જે મુનિ સતત પાપનો ભય હોવાથી સૂક્ષ્મ ક્ષતિઓની પણ આલોચના કરી પ્રાયશ્ચિત્ત લે છે, ને પાપનું નિરાકરણ ઈચ્છે છે. એ મુનિ ફરીથી કાંઈ એટલી બધી ક્ષતિઓ સ્ખલનાઓ અતિચારો સેવે નહિ. એટલે એમને રોજને રોજ એવા પ્રાયશ્ચિત્ત ચડે નહિ.

આ આલોચનામાં કદાચ મોહવશ મનથી આંખથી કે કાયાથી એવા ગુપ્ત પાપ સેવાઈ ગયા હોય તો એની પણ ગુરુ આગળ આલોચના કરતાં શરમાય નહિ, સંકોચાય નહિ કેમકે સમજે છે કે

**ગુપ્ત પાપોની આલોચનાર્થે કયી વિચારણા ? :-**

(૧) જો ગુપ્ત પાપોની આલોચના-પ્રાયશ્ચિત્ત શુદ્ધિ ન કરી તો એ પાપનાં શલ્ય અંતરાત્મામાં એવા રહી જશે, એના એવા ચીકણા અશુભાનુબંધ પડી જશે કે પછીથી જનમ જનમ એના ઉદયમાં ભયંકર દુષ્ટ બુદ્ધિ દુષ્ટ વિચારણા અને દુષ્ટ લેશ્યા જ જીવતી જાગતી રહેવાની, ને એથી બેસુમાર દુષ્ટ પાપાચરણ થયા કરવાનાં ! માટે આટલી જબરદસ્ત મોટી આપત્તિ માથે વહોરવા કરતાં અહીં ગુરુ પાસે આલોચના કરી લેવી સારી.

**મેલાં કપડાં જેવું મેલું સંયમ :-**

(૨) વળી મુનિ સમજે છે કે જેને કપડાં ધોઈ કરીને ચોકખા પહેરવા ચોકખા રાખવાની પરવા-તમન્ના હોય, એને મન કપડાં પહેરવાની કિંમત હોય. બાકી મેલાઘેલાં કપડાં પહેરનારો તો લોકમાં નાગા સારા ન લાગીએ માટે કપડાં પહેરે એટલું જ, બાકી કપડાંની એને મન બહુ કિંમત નહિ; એમ જેને સંયમ અતિચારોના આલોચના પ્રાયશ્ચિત્તથી ચોક્ખું નિર્મળ રાખવાની પરવા-તમન્ના હોય એને મન સંયમ ધારણ કર્યાની કિંમત હોય. બાકી દોષોની કશી આલોચના પ્રાયશ્ચિત્ત કરી સંયમશુદ્ધિ કરવાની પરવા ન હોય, સંયમ મૂકી ઘરે જવામાં શોભા નહિ. એટલે મેલું-ઘેલું-દોષગ્રસ્ત સંયમ પાળે એટલું જ, તો સંયમની એને મન બહુ કિંમત નહિ, અણમોલ સંયમદાતા તીર્થંકર ભગવાનની પણ એને મન બહુ કિંમત નહિ. એને કિંમત સાધુજીવનમાં મળતી ગોચરી પાણી આદિની સારી સગવડોની ! બાકી

આવી સ્થિતિમાં હું ન મુકાઉં, સંયમની અને સંયમદાતા, ભગવાનની કિંમત ઊંચી રાખું, માટે જ મારે આલોચના-પ્રાયશ્ચિત કરતા જ રહેવું જોઈએ. એ કરતો રહી સંયમ ચોક્ખું નિર્મળ રાખ્યા જ કરવું જોઈએ; તો એમને સંયમની કિંમત છે એમ ગણાય,'- આ સમજવાળો સાધુ આલોચનામાં સદા તત્પર રહે.

(૩) ગુરુ આગળ પાપોની આલોચના કરવામાં મહાન લાભ આ, કે જો આલોચના ન કરાય તો (૧) હિંમતના અભાવે સત્ત્વ હણાય છે, (૨) ગુરુ આગળ હલકા પડવાના ભયે અભિમાન પોષાય છે, અને (૩) ગુરુ આગળ સારા આરાધકનો દેખાવ રાખવામાં માયા પોષાય, તથા (૪) પાપાનુબંધી પાપ બંધાય; જ્યારે આલોચના કરવાથી સત્ત્વ વૃદ્ધિ થાય છે, અભિમાન કપાય છે, દિલમાં સરળતા પોષાય છે, અશુભ અનુબંધો તૂટી જાય છે.

(૪) આ પણ એક મહાન લાભ છે કે આલોચના કરવા પર સાચો તીવ્ર પાપ પશ્ચાત્તાપ ઊભો થયો હોય છે, ને ગુરુ આગળ પાપો કહેતાં કહેતાં તો વળી એ પશ્ચાત્તાપ ઔર વધે છે. એમાં દુષ્કૃત-સંતાપના એવા પ્રબળ શુભ અધ્યવસાય ઊછળે છે કે એથી લખલૂટ કર્મ નિર્જરા થાય. ઝાંઝરીયા મુનિનો ઘાતક રાજા, ખંધક મુનિની ચામડી ઉતરાવનાર રાજા, અને સાધ્વીજી મૃગાવતીશ્રીજી એમજ દુષ્કૃતના પ્રબળ સંતાપમાં ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયેલા ! એ પરથી સમજાય એવું છે કે પ્રબળ દુષ્કૃત-સંતાપના શુભ અધ્યવસાય કેટલા જોરદાર હોતા હશે કે એમાંથી ઉચ્ચ ધર્મધ્યાન અનાસક્ત યોગ, શુક્લધ્યાન અને વીતરાગતા પ્રગટ થઈ જાય ? આના શુભ અધ્યવસાયનો લાભ પાપોની આલોચના કરીએ તો મળે છે. મહાનિશીથ શાસ્ત્ર કહે છે ગુપ્ત પાપ સેવાઈ ગયાની આલોચના કરવા માટે આચાર્ય પાસે જતાં જતાં કેટલીક સાધ્વીઓ, ત્યારે બીજી વળી આલોચના કરતા કરતાં, તો કેટલીક આલોચના કરી રહ્યા પછી, એવા શુભ અધ્યવસાયમાં ચડી કે ત્યાં જ કેવળજ્ઞાન પામી ગઈ !

આ વિચારણાઓ મન પર લેવાથી આલોચના કરવામાં ચોકસતા આવે, ગુપ્ત પણ દોષ સેવ્યાની આલોચના કરવામાં ક્ષોભ સંકોચ ન રહે. ત્યારે,

## વિનયનું મહત્ત્વ

(૨) વિનય નામનો આભ્યન્તર તપ આરાધવામાં મુનિ એક્કા હોય છે. માટે તો શાસ્ત્ર દૃષ્ટાન્ત બતાવે કે જેમાં એક રાજકુમાર બાપ રાજાનો વિનય ન જાળવી શક્યો એવો વિનય સાધુએ આચાર્યનો જાળવ્યો. જૈન શાસનમાં વિનય ધર્મ અજોડ બતાવ્યો છે. દા.ત. ગુરુનો તો વિનય સાચવાનો પણ પુસ્તકનો પણ વિનય સાચવવાનો, જેમકે પુસ્તકને આપણી બેઠકથી નીચે ન મુકાય, બગલમાં ન લેવાય,



માથા નીચે ન મુકાય, વગેરે. કારણ જેમ ગુરુ જ્ઞાનદાતા છે એમ શાસ્ત્ર પણ જ્ઞાનદાતા છે, એટલે વિદ્યા ગુરુ જ છે.

એમ અરિહંત ભગવાનનો વિનય એટલે અરિહંત ભગવાનની પ્રતિમાનો પણ વિનય સાચવવાનો. પ્રતિમા એટલે જાણે સાક્ષાત્ ભગવાન અરિહંતદેવ બેઠા છે એમ મન પર ભાર રાખીને આ થઈ શકે. આ અરિહંત વિનયના કેવા કેવા અદ્ભુત પ્રકાર બતાવ્યા ! દા.ત. અરિહંતના દરબારમાં જવું હોય તો ત્યાં આપણે ખાવાપીવાની વસ્તુ ન લઈ જવાય. ઉત્તરાસંગ ખેસ વિના ન જવાય. ચૈત્યવંદનમાં પ્રભુ સિવાયની ત્રણે દિશા જોવાની બંધ જ હોય.....

ત્યારે ગુરુવિનયમાં બૃહદ્વાંદણા સૂત્રમાં જે વિધિ બતાવી છે, ને ભાષ્યમાં જે ૩૩ ગુરુ-આશાતના ટાળવાની કહી છે, એનો વિચાર કરતાં લાગે કે ખરેખર આ પણ જૈન શાસનની અનેરી વિશિષ્ટતા છે. દા.ત. ગુરુને વંદન કરવું છે, તો પહેલાં ગુરુની ઈચ્છા પૂછવી જોઈએ કે હું વંદન કરું ? કેમ એમ ? તો કે એટલા માટે કે ગુરુ નવરા નથી બેઠા કે ગમે તે ગમે તે માણસ ગમે ત્યારે ગમે ત્યારે વંદન કરવા આવે એને જવાબ આપ્યા જ કરે. ગુરુને આપણા કરતાં શાસન ચિંતા સમુદાય ચિંતા વગેરે ઘણા મહત્ત્વના અનેક કાર્યો હોય છે. એ હિસાબ પર જિનશાસન વંદન કરવા માટે ગુરુની ઈચ્છા પૂછવાનું કહે છે, વળી વંદન કરવા માટે ગુરુના અવગ્રહમાં પેસવા ''અણુજાણહ મેં મિઉગ્ગહં' અર્થાત્ મને પરિમિત અવગ્રહમાં આવવાની રજા આપો'' એમ બોલી ગુરુની રજા માગવાનું કહે છે, ગુરુની આસપાસ સામાન્યથી ૩ા હાથની જગાને ગુરુનો અવગ્રહ કહેવાય. શિષ્યોનો વિનય એ છે કે કામ વિના એ અવગ્રહમાં ન જવાય, તાત્પર્ય, ગુરુથી ઓછામાં ઓછું ૩ા હાથ દૂર રહેવું જોઈએ. માટે અહીં વંદનનું કાર્ય ઉપસ્થિત થયું તો ગુરુની અવગ્રહમાં પેસવા રજા માગવી જોઈએ. જિનશાસનની વડાઈ તો જુઓ કે પહેલાં વંદનની ઈચ્છા પૂછવાની તે સહેજ માથું નમાવી હાથની અંજલિ જોડીને પૂછાય; પરંતુ હવે અવગ્રહમાં પેસવાની રજા માગવાની તે શરીર નમાવીને મંગાય. પહેલામાં 'યથાજાત અને અંજલિબદ્ધ' મુદ્રા, ત્યારે રજા માગવામાં અવનત મુદ્રા કહી.....આપણે વંદન કરવું છે તો ય આ ગુરુની ઈચ્છા પૂછવાની, અવગ્રહમાં પેસવા રજા માગવાની, તે પણ બે હાથ જોડી શરીર નમાવીને માગવાની,....વગેરે વગેરે વિનયવિધિ પરથી જિનશાસનમાં વિનયધર્મ બજાવવા અંગે પણ કેટકેટલી ઝીણવટ અને વિસ્તાર છે ! અને એ માટે કેટકેટલી નિપુણતા ચકોરતા રાખવી જોઈએ ! એ સમજી શકાય એવું છે.

**(૩) વૈયાવચ્ચ તપ**

વૈયાવચ્ચ એટલે સાધુસેવા, એમાં આચાર્યથી માંડીને નાના સાધુ સુધીની

સેવા આવે. મુનિ આ વૈયાવચ્ચ નામના આભ્યન્તર તપમાં પણ તત્પર રહે. કારણ કે જીવને અનંત અનંત કાળથી વળગેલો

**હરામ હાડકાપણાના અને સ્વાર્થાંધતાના ગુના પર દુર્ગતિઓની જેલોની સજા થાય છે.**

**એ ગુનામાં ન ફસાવા માટે સાધુસેવા મહાન બચાવનામું છે.**

**વૈયાવચ્ચના બીજા કેવા મહાન લાભ !**

દા.ત. (૧) જેમની સેવા વૈયાવચ્ચ કરાય એમના વિશિષ્ટ સદ્ગુણો-સુકૃતોની અનુમોદનાનો લાભ મળે. (૨) વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે ! વિદ્વાનની બધે પૂજા સન્માન સત્કાર થાય છે. એમ જે કહેવાય છે, એનો અર્થ એ કે જ્ઞાનોપાસનામાં આગળ સત્કાર સન્માન મળે એની આશંસા રહેવા સંભવ, તથા એ મળે એથી અભિમાન આવવાનો સંભવ છે. જ્યારે વૈયાવચ્ચમાં આવી આશંસા અભિમાનને અવકાશ નથી, કેવળ જિનાજ્ઞાપાલન, સેવાના સુસંસ્કાર, વિપુલ કર્મક્ષય, અને પુણ્યાનુબંધી પુણ્યના લાભનો ઉદ્દેશ રહે. ભરત બાહુબલિ ભક્તિ વૈયાવચ્ચથી અદ્ભૂત લાભ પામી ગયેલ !

## સ્વાધ્યાય

ચોથો આભ્યન્તર તપ સ્વાધ્યાય મુનિ એમાં તો એવા વ્યગ્ર અને એકાગ્ર રહે છે કે મનમાં અસત્ વિકલ્પો ને આડા અવળા વિચારો વગેરેને સ્થાન મળતું નથી; તેથી આત્મા ઘણા ઘણા આર્તધ્યાનથી બચે છે. વળી શાસ્ત્રોના સ્વાધ્યાય અધ્યયનથી અધિકાધિક તત્ત્વ બોધ, ને હેયોપાદેયનો બોધ મળવાથી સમ્યક્ત્વ નિર્મળ થવા સાથે ચારિત્રમાં વિશેષ ઉદ્યમ થાય છે.

સ્વાધ્યાય પરમં મંગલં આ માનવભવમાં મહાન અહોભાગ્ય હોય એને જિનાગમનો દિવસ-રાત સ્વાધ્યાય મળે. ચારિત્રમાં બજાવવાની રોજની ક્રિયાઓ ઘડી, તેથી બચનારો વિપુલ સમય શાસ્ત્ર-સ્વાધ્યાયથી જ લેખે લાગે, પૂછો,-

**પ્ર.**- નવકાર જાપથી લેખે ન લાગે ?

**ઉ.**- એકલા જાપમાં સ્વાધ્યાયના પૂર્વ કહેલ જિનાજ્ઞાપાલન અધિકાધિક તત્ત્વબોધ સમ્યક્ત્વશુદ્ધિ વગેરે મહાન લાભો ન મળે. વળી માણસનું મન વિવિધતાપ્રિય છે, તેથી એકસરખા જાપમાં સ્થિર ન રહે, કંટાળે, કેઈ અસત્ વિકલ્પો કરે, ત્યારે સ્વાધ્યાયમાં વિવિધ અક્ષરો આવે. એના વિવિધ અર્થ હોય તેથી એમાં ચિત્ત પકડાયેલું રહે, કંટાળે નહિ, એટલે બીજા ત્રીજા વિચાર ન આવે. માટે જ સ્વાધ્યાયની બહુ ઊંચી કિંમત છે. અનંતા ભવ ભટક્યા એમાં આ જ કામ કરેલાં કે મનને અસત્ વિષયોમાં ભટકતું રાખી આ વિચાર, બીજો વિચાર, ત્રીજો વિચાર,....એમ



ખોટા વિચારો પાપ વિચારો કરી કરી હૈયાના ભાવ કલુષિત કરી કરીને અનંતા ભવ ભટક્યા ! ત્યારે જો **હૈયું ન બગડવા દેવું હોય તો જિનાગમશાસ્ત્ર સ્વાધ્યાય એક અનુપમ ઉપાય છે.**

એમાં સ્વાધ્યાયથી ખોટા વિચારો અટકે, એથી અશુભ ભાવ જાગે નહિ. એટલે હૈયું બગડે નહિ.

## ધ્યાન

ધ્યાન એ પાંચમો આભ્યન્તર તપ સાધવામાં મુનિ ખબરદાર રહે છે. એનું કારણ એ છે કે અનંત અનંત કાળનું રખડતું મન ધ્યાનમાં સ્થિર થાય છે. અને સ્થિર મન ઉપર જ ગુણસ્થાનકની પાયરીએ ઉપર ઉપર ચડાય છે. યાવત્ અંતે મન શુક્લધ્યાનમાં લીન બનતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

આ ધ્યાન એટલે ખાલી 'ૐ' કે 'અર્હં'નું ધ્યાન નથી લેવાનું, મુનિ કાંઈ આ લઈને બેસતા નથી, કિંતુ અશુભ આર્ત-રૌદ્ર ધ્યાનની અટકાયતપૂર્વક ધર્મધ્યાનમાં જોડાયેલા રહે છે. ધર્મધ્યાન ચાર પ્રકારે આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, અને સંસ્થાનવિચય, એનો બહુ ખપ કરે છે, ને એના ગાઢ અભ્યાસ ઉપર જ શુક્લ ધ્યાન લાગે છે, જેના ઉપર જ કેવળજ્ઞાન સધાય છે.....

બીજી મહત્ત્વની વાત એ છે કે મુનિઓ પોતાના આચાર અનુષ્ઠાનમાં જે તન્મય બની જાય છે એ પણ એક પ્રકારનું ધ્યાન જ છે, એટલે જ **'જ્ઞાન ધ્યાનમાં ઉજમાળ રહેજો'** એ હિતશિક્ષામાં 'ધ્યાન' પદથી આરાધનાની ક્રિયાઓ લીધી છે; કેમકે 'જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ;' એ સૂત્ર મોક્ષના બે ઉપાય બતાવે છે, એક જ્ઞાનોપાસના, ને બીજી ક્રિયાની ઉપાસના, પૂછો,-

**પ્ર.**- તો શું જ્ઞાન ને ક્રિયા સાથે ધ્યાનની જરૂર નથી ?

**ઉ.**- ધ્યાનની જરૂર આવશ્યકતા છે, પરંતુ તે ક્રિયામાં સમાવિષ્ટ થઈ જાય છે. ક્રિયા એવા સચોટ પ્રણિધાન અને એકાગ્રતા સાથે કરવાની છે કે એ ધ્યાનરૂપ બની જાય છે. પૂર્વ કહ્યું તેમ સામાન્ય જનને એકલા 'ૐ' કે 'અર્હં' નાં જાપ યા ધ્યાનમાં મન સ્થિર રહી શકે. નહિ; કેમકે મન વિવિધતાપ્રિય છે. તેથી એ સ્વાધ્યાયાદિ ક્રિયામાં સારી રીતે એકાગ્ર રહી શકે. એવી એકાગ્રતાથી ષડ્ આવશ્યક ક્રિયા કરનાર ધ્યાનનો સ્વાદ જે માણી શકે છે, તે એકલું 'ૐ' કારાદિનું ધ્યાન કરનાર નહિ અનુભવી શકે. મોટા જિનકલ્પી મુનિઓ પણ ક્રિયા અને સૂત્ર-અર્થના એકાગ્ર ચિંતનરૂપ ધ્યાનમાં લીન રહે છે. તો પૂછો.

**પ્ર.**- જો ક્રિયા અને સ્વાધ્યાયમાં જ લીન રહેવાનું હોય, તો પછી આજ્ઞાવિચય આદિ ધર્મધ્યાનને જગા કયાં ? એનો ઉપયોગ કયાં ?

ઉ.- તે તે પ્રસંગમાં આજ્ઞાવિચય-અપાયવિચય વગેરેનો ઉપયોગ થાય જ છે. દા.ત. **(૧) આજ્ઞાવિચય :-** કોઈ ક્રિયા શરૂ કરવી છે, ત્યાં વિચાર આવે કે ‘અહો ! કેવી ઉત્તમ જિનાજ્ઞા કે એણે આ કલ્યાણ-ક્રિયાની આપણને ભેટ કરી !’ આજ્ઞાનો આ એકાગ્ર વિચાર એ આજ્ઞાવિચય ધર્મધ્યાન જ છે. ધર્મબિંદુ શાસ્ત્ર કહે છે. ‘આજ્ઞાનુ-સ્મૃતિઃ’ અર્થાત્ સાધના-સાધનામાં જિનાજ્ઞાનું અનુસંધાન કરવું, જિનાજ્ઞાને આગળ કરીને સાધના કરવી. ‘જિનાજ્ઞા આ ફરમાવે છે માટે મારે આ કરવાનું, જેથી અનંત કલ્યાણકર જિનાજ્ઞાની ઉપાસનાનો ભવ્ય લાભ મળે.’ આ આજ્ઞાનું અનુસંધાન કરતાં મનમાં આવી જાય કે ‘અહો જિનાજ્ઞા (૧) કેવી સદ્‌ભૂતાર્થને કહેનારી ! (૨) કેવી જીવહિતની જ દેશક ! (૩) કેવી ત્રિકાળ-વ્યાપિની !...’ વગેરે, આમાં આજ્ઞાવિચય ધર્મધ્યાન આવ્યું...

**(૨) અપાયવિચય :-** એમ જીવનમાં અનાદિ સંસ્કારવશ રાગ-દ્વેષ, રતિ-અરતિ, વગેરે ઊઠવા જાય ત્યાં ‘અરે ! ક્યાં અમારી મૂઢતા અજ્ઞાનતા કે આવા પાપસ્થાનક સેવવાં પડે છે ! પાપસ્થાનકો કેવા ખતરનાક કે મોક્ષમાર્ગને રૂંધે છે ! જીવને દુર્ગતિમાં ઘસડી જાય છે ! જ્ઞાની ભગવંતો શું કહે છે ? આ જ,-’

**“दुग्गइ-निबंधणाइं अट्ठारस पावठाणाइं ॥”**

અર્થાત્ ૧૮ પાપસ્થાનક એ દુર્ગતિનાં કારણ છે. ‘અહો ! આ રાગ દ્વેષાદિ આત્મામાં રહી કેવા કેવા જાલિમ અનેક અનર્થ સરજે છે !’ એ ચિંતન અપાયવિચય નામનું ધર્મધ્યાન બને.

**(૩) વિપાકવિચય :-** એમ કોઈ બિમારી આવી, પીડા થઈ, અપમાન થયું, વગેરેમાં ‘આ મારા જ કર્મના વિપાક છે, સમભાવે વેઠી લેવાના;’ એમ વિપાકવિચય ધર્મધ્યાન થાય. ત્યારે,

**(૪) સંસ્થાનવિચય :-** કાંઈ ને કાંઈ દેખીને મન ખોટા વિચારમાં ચડવા જતું હોય એને સંસ્થાનવિચય ધર્મધ્યાનમાં જોડાય. એમાં આવું ચિંતન રહે કે ‘જગતમાં કેવા કેવા શાશ્વતા ભાવો છે ! કેવા કેવા અશાશ્વતા ભાવો કામ કર્યે જાય છે !...’ આમ શુભ ધ્યાનમાં મુનિ લીન રહે છે.

### કાયોત્સર્ગ



-આભ્યન્તરતપ મુનિ એટલા માટે કરે કે સ્થિર કાયાએ ખડાખડા રહેવામાં ભલે થાક લાગે તોય બેસવાનું નહિ, એટલું જ કષ્ટ નહિ, પરંતુ શરીર પર માંખી ડાંસ મચ્છર બેસી કરડ્યા કરે તો પણ એને ઉડાડવા કાયા કે હાથ હલાવવાનો ય નહિ, એવા કાયોત્સર્ગનાં કષ્ટ સહતાં શરીરરાગ, દેહાધ્યાસ, કાયાની મમતા ઓછી થતી આવે. આ અને બીજા તપમાં કાયકષ્ટ ઉપાડાય એટલી કાયમમતા ઓછી થાય...

**પ્ર.**- તો પછી વેપારાદિ ખાતર કાયાનાં કષ્ટ ઉપાડે એમાં કેમ કાય-મમતા ઓછી નથી થતી ?

ઉ.- કારણ કે દુન્યવી વસ્તુ ખાતર કષ્ટ ઉપાડાય એમાં ઉદ્દેશ દુન્યવી વસ્તુ મેળવવાનો છે, કાયમમતા ઓછી કરવાનો નહિ; ઊલટું વેપારથી ધન લાવી કાયાની તુષ્ટિ-પુષ્ટિ કરવાનો ઉદ્દેશ હોય છે. ત્યાં કાયમમતા કયાંથી ઓછી થાય ? ત્યારે અહીં કાયોત્સર્ગ વગેરેના કષ્ટ ઉપાડવામાં સીધો કાયમમતા ઉતારવાનો ઉદ્દેશ છે. એક પ્રશ્ન થાય, -

**પ્ર.**- જો કષ્ટથી કાયમમતા ઉતારવાનો જ ઉદ્દેશ હોય તો તો તે કાયકલેશ-કાયકષ્ટ સહન કરવારૂપ બાહ્ય તપથી તે ઉતરી શકે છે, પછી ‘તાવ કાયં ઠાણેણં... વોસિરામિ’ એમ પ્રતિજ્ઞાબદ્ધ બનીને કાયોત્સર્ગ કરવાની શી જરૂર ?

ઉ.- જરૂર એટલા માટે છે કે કાયકષ્ટ નામના તપથી અલબત કાયમમતા ઓછી થાય, પરંતુ કાયોત્સર્ગમાં પ્રતિજ્ઞાબદ્ધ મનથી જે સ્થિર ધ્યાન કરવામાં આવે છે એમાં, અસત્ વિકલ્પોથી મુડદાલ બનેલા મનને સશકત બનવાનું થાય છે; પછી અતિશય સશક્ત બનેલું મન વધી ગયેલી શક્તિ અને સ્થિરતાના પ્રભાવે શુકલધ્યાન સુધી પહોંચી શકે છે કે જેના ઉપર કેવલજ્ઞાન થાય છે ! પ્રતિજ્ઞા વિનાના ખાલી કાયકષ્ટથી આ ન બની શકે; જ્યારે કાયોત્સર્ગ ધ્યાનથી આ બની શકે છે. વળી ધ્યાન પણ એવા શુભ વિષયનું છે કે એનાથી મન પ્રભાવિત બની અંતરના રાગ-દ્વેષ પોષવામાં જતું નથી. ઊલટું કાયોત્સર્ગના સ્થિર ધ્યાનથી રાગ-દ્વેષના બંધન ઢીલા પડે છે, એનો હ્રાસ થતો આવે છે, આ મોટો લાભ છે.

આમ મુનિ ૬-૬ પ્રકારના બાહ્ય-આભ્યન્તર તપમાં રહેવાથી શો લાભ પામે છે ? તો ટીકાકાર મહર્ષિ લખે છે કે તપ વિશેષથી અનેક ભવોપાર્જિત કર્મની નિર્જરા કરે છે.

અહીં માત્ર તપસ્યા એટલું જ ન લખતાં **‘તપોવિશેષાત્’** લખ્યું એથી સૂચવ્યું કે તપ પણ જો બાર પ્રકારનો વિશિષ્ટ તપ કરો તો જ અનેક ભવોનાં ઉપાર્જિત કર્મોનો ક્ષય થતો આવે. તપ ‘વિશિષ્ટ’ એટલે ? તન-મન સુંવાળા રાખી રાખીને નહિ, કિન્તુ તન તોડાય અને મન મોડાય એ રીતનાં તપ કરો. તનમાં ઈન્દ્રિયો પણ આવે, એના પર પણ પાકો અંકુશ મૂકી એની સ્વચ્છંદતા અટકે એ રીતના

તપ કરો. દા.ત. **વૃત્તિ સંક્ષેપ તપ કરવો છે તો ઈન્દ્રિયોની ઈષ્ટ વિષયોમાં દોડી જવાની વૃત્તિ પર પાકો અંકુશ મૂકવાનો.** મોટી અપ્સરા ઈન્દ્રાણી સામે આવે પણ આંખનું પોપચું ઊંચું ન થાય. એમ સંલીનતા તપમાં વાણીની સંલીનતા-સંગોપન એવું કે અત્યંત જરૂરી સિવાય એક પણ વચન નહિ બોલવાનું; એમ કાયાની સંલીનતા એવી કે એક હાથ કે પગ હલાવવા જેવી પણ બિનજરૂરી પ્રવૃત્તિ નહિ કરવાની. એમ આભ્યન્તર તપમાં આલોચના એટલે એકાદ પણ કુ-વિચાર આવ્યો તો તે ગુરુને જણાવી પ્રાયશ્ચિત્ત લેવાનું. વિનયમાં ગુરુનું પોતાના હૈયામાં બહુમાન ઊછળે તેમજ બહારમાં ગુરુનું ગૌરવ સન્માન વધે એવો વિનય; એમ ગુરુની ૩૩ માંથી એક પણ આશાતના ન થાય એવો વિનય...

સારાંશ, બારે પ્રકારના તપમાં વિશિષ્ટતા હોય. **વિશિષ્ટ તપ આરાધાય ત્યારે અનેક ભવોનાં અંતરાયાદિ કર્મો તુટતાં આવે, ને આત્મામાં લબ્ધિઓ પ્રગટ થાય.**

સામાન્ય સમજ (Common Sense)થી સમજાય એવું છે કે અનેક ભવોમાં પાપવિચાર-વાણી-વર્તાવના લખલૂટ દુષ્કૃત્યો આચરી આચરી કર્મના ગંજાવર સ્ટોક-થોક ઊભા કર્યા, એ કાંઈ કાયાને પાલિસ-માલિસ રાખી ને મનને સગવડ પ્રિય બન્યું રાખી સામાન્ય સામાન્ય તપના પ્રકારથી નષ્ટ થાય નહિ. એ તો તન અને મન પર માર્શલ લો ચલાવવો પડે. તન-મન-કસાય એવા તપના પ્રકારોથી આચરાય ત્યારે પેલા ભારે કર્મોના થોક નષ્ટ થતા આવે.

ધનાજી શાલિભદ્રમુનિ ધન્નો અણગાર સનતકુમાર ચક્રવર્તીમુનિ, મેઘકુમારમુનિ મેતારજમુનિ વગેરેએ શું કરેલું ? આ જ, કે બારે પ્રકારના તપમાં તન-મન પર કાળો કેર વર્તાવ્યો ? કદાચ તપના સમસ્ત પ્રકારોમાં એવી ઊંચી વિશિષ્ટતા ન લાવી શકાય તો પણ અમુક પ્રકારમાં ય જો એ લવાય તો પણ બૃહત્ કર્મનિર્જરા થાય.

અહીં એટલું ધ્યાન રાખવાનું છે કે મુનિ વિશિષ્ટ તપથી કર્મનિર્જરા કરે છે, પરંતુ તે સમ્યક્ ચારિત્રથી સર્વજીવ હિતૈષી બની પાપના આશ્રવદ્વારો બંધ કરીને વિશિષ્ટ તપની આરાધનાથી અનેક ભવના સંચિત કર્મોની નિર્જરા કરે છે. તપની સાથે એ સમ્યક્ ચારિત્ર હોય, એમાં સર્વજીવ હિતાશય હોય, અને એ આશ્રવ નિરોધરૂપ મહાવ્રતાદિ હોય, ત્યારે તપનું મર્મ હાથમાં આવે છે.

**તપ કરીને બાહ્યમાંથી ખસી અંતરાત્મામાં ઠરવાનું છે.**

બધો તપ જોઈએ તો એમાં આ જ દેખાશે કે બહારમાંથી ખસી અંદરમાં આવો, દા.ત. અશન કરો એટલે બહાર ખોરાકમાં જાઓ, અને અનશન કરો એટલે બહારનું એટલું બંધ થયું તેથી અંદરમાં ઠરવાનું મળે, એવું ઉનોદરીમાં ચાર કોળિયા પૂરતું પણ બહારમાં જતા અટક્યા, તો એટલું અંદરમાં અવાય, અંદરમાં ઠરાય.



**તપથી અંદરમાં ઠરવું એટલે મનને સંતોષ થાય કે 'ચાલો તપ દ્વારા આટલી ખાનપાનની કે આટલા દ્રવ્યની ને રસની ગુલામીથી બચ્યા.'**

એમ કાયકલેશ-કાયકષ્ટ તપમાં ય શું છે ?

કાયાને ધર્મ ખાતર શ્રમ આપવાનો છે. એ આપવામાં ય આત્માને ઉલ્લાસ રહે છે કે 'ચાલો સાધનભૂત મળેલી કાયા શ્રમિત થઈને પણ ધર્મની આરાધનામાં કામે લાગી !' એમ સંલીનતામાં તો સહેજે મન-વચન-કાયા-ઈન્દ્રિયોને સંગોપ્યા, અર્થાત્ બહારમાં જતા અટકાવ્યા, એટલે સહેજે અંદરમાં ઠરી શકે. અર્થાત્ બહારની વિચારણા વાણી તથા વર્તાવમાં મન ન લઈ જતાં મન હવે આત્મા-પરમાત્માના સ્વરૂપ, ગુણો... વગેરેમાં જોડી શકાય.

**બાહ્ય તપનો મર્મ : બાહ્યમાંથી મનને તપાવો - નિગૃહીત કરો.**

આ હિસાબે બાહ્ય તપનો ભાવ એ લઈ શકાય કે જે બાહ્યમાં જોડાતા મનને તપાવે, મન પર નિગ્રહ કરે, જેથી બાહ્યમાં મન જાય નહિ, એનું નામ તપ.

જિનશાસનની કેવી સુંદર વ્યવસ્થા છે !

**જીવ જ્યાં સુધી બહારમાં ઠરતો છે, ત્યાં સુધી સંસાર છે;**

**બાહ્યને છોડી અંતરમાં ઠરતો થાય તેમ તેમ આંતર ઉદયની જે વીતરાગ અવસ્થા એની નજીક નજીક થતો જાય.**

**આભ્યન્તર તપ : અંદરમાં ઠારનારો તપ :-**

એ બાહ્ય તપ કરીને શું કરવું છે ? તો કે અભ્યન્તરમાં ઠરવું છે, એ માટે અભ્યન્તર તપ, અભ્યન્તરમાં ઠારનારો તપ, આલોચના કરો, વિનય કરો, વૈયાવચ્ચ કરો, એટલે સુંદરમાં ઠરવાનું થાય, દા.ત.

(૧) આલોચનાથી મનને તોષ થાય કે 'હાશ ! આત્મસુવર્ણને લાગેલ અતિચારનો કચરો આલોચના-પ્રાયશ્ચિત્તથી દુર થયો !' આ અંતરનો આનંદ એ અંદરમાં ઠર્યા. એમ

(૨) વિનય કરીને મન પ્રસન્ન થાય કે 'હાશ ! અનાદિથી આત્માની જામેલી અક્કડતા વડિલના વિનયથી કાંઈક દબાઈ !'

**અંદરમાં ઠરવું એટલે ?** જેમ બાહ્યના લાભ જોઈ મન બાહ્યમાં પ્રસન્ન થાય છે, એમ આત્માના લાભ જોઈ મન એમાં પ્રસન્ન થાય, મનને હાશ થાય, એનું નામ અંદરમાં ઠર્યા.

(૩) વેયાવચ્ચમાં પણ એવું છે કે આત્માના હરામહાડકાપણાનો અને સ્વાર્થમાયાનો રસ દબાવી મનને આનંદ થાય કે 'હાશ ! આ સેવા-વેયાવચ્ચનો સુંદર આત્મલાભ થયો !' ત્યારે

(૪) સ્વાધ્યાયમાં તો સ્વનો એટલે કે પોતાના આત્માનો અધ્યાય યાને નિકટ

આગમન થાય છે, તેથી મન ખુશી અનુભવે છે કે 'સારું થયું શાસ્ત્ર-સ્વાધ્યાય મળ્યો તો બાહ્યમાંથી છૂટી મારા આત્માને જ્ઞાનીઓના વચનોમાં ઠરવાનું મળ્યું !' ત્યારે

(૫) ધ્યાનમાં તો વળી મનને શુભમાં એકાગ્ર કરવાનું થાય જ છે, તેથી મન બાહ્યમાંથી સહેજે છૂટી અંદરમાં ઠરે. તો

(૬) કાયોત્સર્ગમાં એ ધ્યાન ઉપરાંત વચન-કાયા-ઈન્દ્રિયોની પ્રવૃત્તિ બંધ કરવાથી એ દ્વારા બહારમાં જવાનું થતું હતું તે સાવ અટકી ગયું, તેથી અંદરમાં વિશેષ ઠરાય. મન તાજગી અનુભવે કે 'હાશ ! અરિહંતાદિ મહાતત્ત્વમાં ઠરવા મળ્યું !'

વાત આ છે,- મુનિ સર્વ જીવ હિતૈષી બની અવિરતિ યાને ઈન્દ્રિયોની આસક્તિરૂપ આશ્રવ બંધ કરીને વિશિષ્ટ તપથી અંદરમાં ઠરે છે, તેથી અનેક ભવોનાં કર્મ વિખેરી નાખે છે.

સારાંશ, મુનિ 'આદાનવાન્' અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપનો જ ખપ કરનારા એટલે એની આરાધનામાં પક્વ થયેલા હોય છે. એમને હવે ભવોની લાંબી પરંપરા અર્થાત્ સમુદ્ર સમાન અથાગ ભવરાશિમાં ભટકવાનું રહેતું નથી. હવે તો એ ભવરાશિ-સમુદ્રને તરી ગયા. એમ તરી જઈને શું કરે ? તો કહ્યું, "**धम्ममुदाहरेज्ज**" અર્થાત્ ધર્મને ઉપદેશે. મુનિને 'સ્વતઃ' એટલે કે પોતાને તો કર્મનિર્જરાનો લાભ થઈ રહ્યો છે, પરંતુ બીજાઓને ધર્મ ઉપદેશે એથી બીજાઓને પણ લાભ થાય છે. સ્વતઃ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપમાં એવા લયલીન છે, અને એનાથી એમનો અંતરાત્મા એવો ભાવિત થયેલો છે, કે સંપર્કમાં આવતી ભવી જીવોને એવા પ્રકારનો અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપનો ધર્મ ઉપદેશે છે.

દુનિયામાં દેખાય છે કે જે જેનાથી ભાવિત થઈ ગયો હોય રંગાઈ ગયો હોય, એ એને માથે લઈને ફરે છે, એના ગુણ ગાય છે. દા.ત. કોઈ ધંધામાં પુણ્યની યારીથી ફાવટ આવતી હોય, તો એનાથી એવો રંગાઈ જાય છે કે પછી બીજા આળસુને કે હતાશ થયેલાને પ્રેરણા-ઉત્તેજના કરે છે, 'બેસી શું રહ્યા છો ? જુઓ આ ધંધામાં કેટલી બધી ફાવટ છે ! ઝુકાવો આમાં.' એમ મુનિ સમ્યગ્દર્શનાદિથી ભાવિત એવા કે પછી સહેજે સહેજે એવી ભવી જીવોને સમજાવે છે કે

"આટલી ઊંચી જિનશાસન સાથે માનવજન્મની ખરેખરી દુકાન મળી ગઈ છે, તો એનાથી સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ ઝવેરાતનો વેપાર કરી લો. આવતા જનમમાં આવી દુકાન જ નહિ હોય, તો ક્યાંથી આ ઝવેરાતનો વેપાર કરી શકવાના હતા ? અને આ માલની કિંમત જરાય ઓછી ન માનતા, કેમકે મોટા તીર્થંકર ભગવાન અને ચક્રવર્તી જેવાઓએ પણ આ જ વેપાર કર્યો છે."

"દુનિયાના વેપલામાં તો મેળવેલાનું જીવનના અંતે શૂન્ય દેખાય છે, ત્યારે આ સાચા ઝવેરાતનો વેપાર જનમ જનમ ઉન્નતિ કરાવી અંતે મોક્ષ પમાડે છે ! દુન્યવી



વેપાર કરો એમાં નવું શું કરો છો ? નવું કશું કરતાં નથી, ભૂતકાળમાં અનંતીવાર જે કરી આવ્યા, ઘૂંટી આવ્યા, તે જ કરવાનું - ઘૂંટવાનું હોય છે. ત્યારે સમ્યગ્દર્શનાદિની આરાધના નવી છે. એ કરવાથી અહીં પણ મનને ભારે શાંતિ સ્ફૂર્તિ મળે છે, ને પરલોકમાં એનો વારસો મળે છે. એટલે પરલોકમાં સદ્‌ગતિ અને ધર્મ મળવાથી જનમ જનમ સુધરી જાય છે, દુર્ગતિઓમાં ભટકવાનું બંધ થઈ જાય છે."

આવું આવું સમજાવવાથી ભવી જીવોને પ્રતિબોધ લાગે છે.

નંદીષેણમુનિ પતિત થઈ વેશ્યાને ત્યાં રહેલા છતાં રોજ ૧૦ જણને પ્રતિબોધ કરીને ઊભા કરી દેતા, ને સીધા ભગવાન પાસે દીક્ષા લેવા મોકલતા, શી રીતે પ્રતિબોધ કરતા હશે ? આવું જ કાંઈક સમજાવીને કે

"મહાનુભાવ ! તું કેવા ઊંચા માનવભવમાં આવ્યો છે, એની તને કિંમત છે ? પશુ પંખીના અવતાર જો. પંચેન્દ્રિય અને મનવાળા જીવો છતાં એમને છે કશી શુદ્ધબુદ્ધ ? બસ, ખાવું-ફરવું વિષય વિલાસ અને ઊંઘવું એટલું જ જાણે. 'આત્મા શું ? પરમાત્મા શું ?' કશી જ ગમ નહિ. ત્યારે આપણે આ ઉચ્ચ જનમમાં શું કરવા આવ્યા ? પરમાત્માને ભજીને આપણા આત્માને જનમ-મરણના ફાંસલામાંથી છોડાવવા આવ્યા છીએ. એ માટે જનાવરના જેવી મોહમાયાની રમત મૂકી પરમાત્માને શરણે જા, સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર-તપની આરાધના કરીને આ જનમ પાવન કરી લે..." આવું આવું સમજાવતા હશે તે રોજ ૧૦-૧૦ જણને ચારિત્રપંથે ચડાવી દેતા.

મુનિ સ્વયં સમ્યગ્દર્શનાદિની આરાધનામય બનેલા આ જ કરતા હોય છે. અલબત એટલે ચડવાની સામાની તાકાત ન હોય, તો ભવિષ્યમાં ય તાકાત વધવાથી ચડી શકે, એ માટે સમ્યગ્દર્શન જ્ઞાન અને દેશચારિત્ર યાને શ્રાવકપણાના બાર વ્રતમાં ચડાવે છે. છેવટે માર્ગાનુસારી માર્ગ પર ચડાવે છે.

પ્રભાવક પૂર્વજોની યશોગાથા ગાતાં આર્દ્રકુમાર મહામુનિના જીવન પર વિસ્તારથી વિચાર કર્યો જેમાં શ્રી સુધર્માગણધર મહારાજે શ્રી સૂત્રકૃતાંગ આગમમાં આર્દ્રકુમાર અધ્યયનમાં છેલ્લે આ ગાથા કહી,-

**"बुद्धस्स आणाए इमं समाहिं अस्सिं सुठिच्चा तिविहेण ताई ।**
**तरिउं समुद्दं व महाभवोहं आयाणवं धम्मभुदाहरेज्ज ॥"**

આ ગાથા ગોખી લઈ અહીં વિસ્તારથી કહેલાં એના ભાવ વારંવાર મનન કરવા યોગ્ય છે, ને શક્ય અમલમાં મૂકવા યોગ્ય છે.

**(સમાપ્ત)**